

॥ હરિઃૐ ॥

# જીવનપોકાર

(પૂજ્ય શ્રીમોટાના સાધકોને પત્રો)

- પૂજ્ય શ્રીમોટા

પૂજ્ય શ્રીમોટા
હરિઃૐ
હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# જીવનપોકાર

પૂજ્ય શ્રીમોટા

: સંપાદક :
શ્રી હેમંતકુમાર નીલકંઠ
શ્રી નંદુભાઈ શાહ

હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત

❑ પ્રકાશક : **ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સ્થાપના વર્ષ ૧૯૫૬
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

© હરિઃૐ આશ્રમ, સુરત, નડિયાદ.

❑

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** | **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|---|---|---|
| પ્રથમ | ૧૯૫૪ | ૧૦૦૦ | ચોથી | ૧૯૮૫ | ૧૦૦૦ |
| બીજી | ૧૯૭૧ | ૧૦૦૦ | પાંચમી | ૧૯૯૫ | ૨૦૦૦ |
| ત્રીજી | ૧૯૭૯ | ૧૦૦૦ | છઠ્ઠી | ૨૦૧૦ | ૨૦૦૦ |

❑ પૃષ્ઠ : ૧૦ + ૪૬૨ = ૪૭૨

❑ કિંમત : **રૂ. ૨૫**/-

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫ ૦૦૫
હરિઃૐ આશ્રમ, નડિયાદ-૩૮૭ ૦૦૧

❑ મુદ્રણશુદ્ધિ : **જયંતીભાઈ જાની,** ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ ડિઝાઇનર : **મયૂર જાની**
બી/૮, રીપલ એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટેક્સ, અમદાવાદ-૧૪, ફોન : (૦૭૯) ૨૭૫૪૩૬૯૯

❑ મુદ્રક : **સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
ફોન : (૦૭૯) ૨૫૪૬૯૧૦૧

॥ હરિઃૐ ॥

# સમર્પણાંજલિ

**(છઠ્ઠી આવૃત્તિ)**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન અમદાવાદ નિવાસી
શ્રી જયંતીલાલ ડી. પટેલ (મારબલવાળા)નાં
ભગિની અને સુરત આશ્રમનાં કાર્યોમાં
ઉમંગભેર સહયોગ આપનાર એવાં સુરત નિવાસી
**શ્રી સરસ્વતીબહેન શાંતિલાલ પટેલને**
**'જીવનપોકાર'**ની આ છઠ્ઠી આવૃત્તિ
સમર્પિત કરતાં અમો આનંદની લાગણી
અનુભવીએ છીએ.

ગુરુપૂર્ણિમા
તા. ૨૫-૭-૨૦૧૦

ટ્રસ્ટીમંડળ,
હરિઃૐ આશ્રમ, સુરત

॥ હરિ:ૐ ॥

# લેખકના બે બોલ

## (પ્રથમ આવૃત્તિ)

આ પુસ્તકમાં જે કાગળો છપાયેલા છે, તેની પ્રસ્તાવના મેળવવા કાજે નારેશ્વરના પૂજ્ય શ્રીરંગ અવધૂત મહારાજશ્રીને લખેલું. તેમના તરફથી લખાઈ આવ્યું કે 'આ લેખકના લખાણને કોઈની પ્રસ્તાવનાની જરૂર ન હોય. લેખકના જીવનના જુદા જુદા તબક્કાના તે પોતે પૂરા સાચી રીતે જાણકાર છે.' તે કારણથી આ પુસ્તકમાં કોઈનીયે પ્રસ્તાવના ન લેવાનું ઉચિત માન્યું છે. વળી તે ઉપરાંત, આ લખાણમાં આધ્યાત્મિક જીવનની કેટલીક એવી હકીકતો છે કે જેનો કોઈ અનુભવી યોગ્ય જાણકાર હોય, તે જ તેની પ્રસ્તાવના લખવાનો અધિકારી હોઈ શકે.

આ ચોપડીમાંના કાગળો એક જ વ્યક્તિને સંબોધીને લખાયેલા છે, તેમ છતાં તે માત્ર એકલી તે જ વ્યક્તિને ઉદ્દેશીને છે, તેવું કશું નથી. લેખકના જીવનની સાથે સાધનાભાવે સંકળાયેલા જીવોને સંબોધીને તે કાગળો લખેલા છે, કેટલીક વાર પરોક્ષ રીતે કહેવાયેલું આપણને વધારે અસરકારક પણ નીવડતું હોય છે. જે જે એવા જીવો જ્યારે તે લખાણ વાંચશે ને એમાંનું અમુક અમુક મુદ્દાવાળું લખાણ પોતાને જ ઉદ્દેશીને છે એમ જ્યારે તેને સમજાશે ત્યારે તેને તે વાંચીને ગતિમાં પ્રગટવા કાજે આનંદ ઊપજવાનો.

આ કાગળોમાં જે કેટલીક અદ્‌ભુત ઘટનાઓનો ઉલ્લેખ છે, તે હકીકત સાચી હોવા છતાં તેવું ગમે ત્યારે ફરી ફરી તેમ બની શકવું જોઈએ એવું એનું કશું ધારાધોરણ નથી હોતું. જોકે એવું બધું કંઈ યદ્વાતદ્વાપણે હેતુ વિના બનતું હોતું નથી. એની પણ કોઈ ગૂઢ સૂક્ષ્મકાર્ય કારણપરંપરા તો હોવી ઘટે. એની કાર્ય કારણપરંપરા જાણનારા કોઈ વિરલા હોય છે. આવી અદ્‌ભુત પણ સત્ય ઘટનાઓ જીવનમાં જ્યારે બનતી હોય છે ત્યારે જે

જીવને તે તે પળે તે તે હકીકતોને તેના સત્ય સ્વરૂપમાં સમજવાનું બને છે, ને તે યોગ્ય જ્ઞાનભાવે હૃદયમાં હૃદયથી પૂરું યથાર્થ સ્વીકારવાનું જો બની શકતું હોય છે, તો તેવા જીવનું ઊંચે આવવાપણું સરળ બની જતું હોય છે. જે જીવથી જીવનમાં મળતી આવી ઉત્તમ કૃપાતકોને ઓળખવાનું, સમજવાનું એના યથાર્થ ગૂઢ ભાવાર્થથી સ્વીકાર કરવાનું બની શકતું નથી, તે જીવને હજી અંતરની આંખ ઊઘડી નથી એમ નક્કી સમજવું. ચોપડીમાં જણાવેલા છે એવા ચમત્કારિક પ્રસંગો પોતાના જીવનમાં પ્રત્યક્ષપણે થયેલા અનુભવવા તે પણ કંઈ નાનીસૂની વાત નથી. કૃપા હોવા છતાં કૃપાને તેના તેવા યોગ્ય ભાવાર્થમાં જ્યારે હૃદયથી સ્વીકારાતી નથી, ત્યારે કૃપાને વ્યક્ત થવાનાં કારણોને તે પોતાની મેળે થઈને તે પોતે (તેવો જીવ) અફળ બનાવી દેતો હોય છે, તે પણ એક તદ્દન સત્ય હકીકત છે, ભલેને પછી તેવું તે તે જીવોથી તેના વાસ્તવિકપણામાં સ્વીકારાતું ન હોય !

આ ચોપડીનું નામ **'જીવનપોકાર'** રાખ્યું છે, તે તદ્દન યથાર્થ છે. કારણ કે, જીવનવિકાસની ભાવનાર્થે જે જે સ્વજનો મળેલાં છે, તેમને તેમને ચેતાવવા કાજે હૃદયના સાલતા ઊંડા દર્દથી જે વાણી ઉચ્ચારેલી છે, તેને તે તે સ્વજન પૂરેપૂરા ભાવથી વિચારે, સમજે ને તેને યથાર્થ વર્તનપાલનમાં મૂકવાને પ્રભુકૃપાથી કરી જ્ઞાનભક્તિ-ભાવે જાગ્રત પૂરો તનતોડ પ્રયત્ન કરે, એવો આ પત્રોના લખવાપણાનો હેતુ છે. સત્ય, સત્ય હોવા છતાં એનો જ્યારે હૃદયમાં હૃદયથી એના યોગ્ય ભાવાર્થમાં જ્ઞાનપૂર્વક જીવથી પૂરો સ્વીકાર થતો હોતો નથી, ત્યારે તે તેના જીવનમાં કશો ભાગ ભજવી શકતું નથી. આ હકીકતને પ્રત્યેક સાધક-સ્વજન હૃદયમાં હૃદયથી સમજે એવી પ્રાર્થના છે.

વસંતપંચમી **-મોટા**

હરિજન આશ્રમ,

અમદાવાદ-૧૩. તા. ૮-૨-૧૯૫૪

॥ હરિઃૐ ॥

# લેખકના બે બોલ

## (બીજી આવૃત્તિ)

તા. ૮-૨-૧૯૫૪ના સમયમાં આ **'જીવનપોકાર'** બહાર પ્રકાશમાં આવી, ત્યારે મારે છતા થવું ન હતુ.

આ ચોપડીમાં કોઈક એક મહાત્માની હકીકત લખેલી છે, તે મહાત્મા તે બીજો કોઈ નહિ, પરંતુ આ જીવ જ છે. હવે જીવનના છેલ્લે આરે છું, ત્યારે મારે શ્રીપ્રભુકૃપાથી છતા થવું, એમ હૃદયમાં હૃદયથી લાગવાથી આટલો યોગ્ય ખુલાસો કર્યો છે.

આ ચોપડીમાં તે મહાત્માની જે જે બનેલી હકીકતો લખેલી છે, તે તે પ્રત્યક્ષ અનુભવનાર હજી બધાં જ જીવતાં છે. તે હકીકત તેના સંપૂર્ણ યથાર્થપણાએ લખાઈ છે. ક્યાંયે મુદ્દલે અતિશયોક્તિ નથી.

બીજું એ વિષય પરત્વે પ્રથમ પ્રકાશનના લેખકના બે બોલમાં જે તે બધું લખાયેલું છે.

હરિઃૐ આશ્રમ, **-મોટા**
કુરુક્ષેત્ર,
પો. રાંદેર,
તા. ૨૮-૧૦-૧૯૭૧

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (પાંચમી આવૃત્તિ)

**'જીવનપોકાર'** પુસ્તકની એક આગવી અસર છે, એ કારણે પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોમાં અને જનતામાં એ ઠીક ઠીક ચાહના પામ્યું છે. આજ સુધી એની ચાર આવૃત્તિ પ્રગટ થઈ, બધી નકલો ખપી ગઈ હતી. આ પુસ્તકની માગ ઘણા સમયથી રહેતી હતી, તેથી આ પાંચમી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં ઘણો હર્ષ થાય છે.

પૂજ્ય શ્રીમોટાના જીવનની અલૌકિક ઘટનાઓની નિર્દેશ કરતી આ પાંચમી આવૃત્તિ ટૂંક સમયમાં ખપી જશે. એની અમને ખાતરી છે. આ આવૃતિના પ્રકાશનમાં અમને શ્રી જયંતીભાઈ પટેલ તથા એમનાં પત્ની શ્રીમતી ઈન્દુમતીબહેન એસ. ગાંધીનો સહયોગ મળ્યો છે. એ બદલ અમે એમનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આ આવૃત્તિની સૂચિ-સ્નેહીશ્રી ખીમજીભાઈ પટેલે સહર્ષ સુધારા-વધારા સાથે સરખી ગોઠવી આપી. તેવા તેમના આશ્રમ પ્રત્યેના ભાવની કદર કરીએ છીએ અને ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

હરિઃૐ આશ્રમ, નડિયાદ — **સી. ડી. શાહ**
એપ્રિલ, ૧૯૯૫ — મૅનેજિંગ ટ્રસ્ટી

॥ હરિઃૐ ॥

# નિવેદન

## (છઠ્ઠી આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટા દ્વારા સ્વજનો સાથે જે વિપુલ પ્રમાણમાં પત્રવ્યવહાર થયેલ, તે પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થયો છે. આ પ્રકારનાં પ્રકાશનોમાં **'જીવનપોકાર'**ની પ્રથમ આવૃત્તિ સને ૧૯૫૪માં પ્રકાશિત થઈ હતી. તે બાદ સને ૧૯૭૧, ૧૯૭૯, ૧૯૮૫ અને ૧૯૯૫માં એમ પાંચ આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે, અનેક સ્વજનોને આ પત્રસાહિત્યમાંથી જીવનવિકાસ અંગે તેમ જ કૌટુંબિક બાબતમાં હકારાત્મક બળ મળી રહેલ છે. આ **'જીવનપોકાર'**ની છઠ્ઠી આવૃત્તિનું પ્રકાશન સ્વજનોને ઉપલબ્ધ કરાવતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવપૂર્વક શ્રી જયંતીભાઈ જાનીએ કરી આપ્યું છે. ટાઈટલ ડિઝાઈનનું કાર્ય શ્રી મયૂરભાઈ જાનીએ કરી આપ્યું છે. આ પુસ્તકને પૂરા સદ્‌ભાવથી છાપી આપવાનું કાર્ય સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુભાઈ પંડ્યાએ કરી આપ્યું છે. પૂજ્ય શ્રીમોટા પરત્વેના ભક્તિભાવથી પ્રેરાઈને આ સર્વેએ આ પ્રકાશનમાં આપેલા સહકાર બદલ, તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે સ્વજનો આ પ્રકાશનને આવકારશે.

ગુરુપૂર્ણિમા<br>
તા. ૨૫-૭-૨૦૧૦

**ટ્રસ્ટીમંડળ,**<br>
હરિઃૐ આશ્રમ, સુરત

# જીવનપોકાર

❑

પૂજ્ય શ્રીમોટા

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૦મી આ., પૃ. ૩૮૨

સુરત હરિઃૐ તા. ૧૬-૩-૧૯૫૩

## વિદાયવ્યથાનો સદુપયોગ

ઉપયોગ એ જ જ્ઞાન છે. જેમાં ને તેમાં ઉપયોગના હેતુનું જ્ઞાન હૃદયસ્થ દઢાવીને વર્તીએ, તો જ તેમાંથી નવું બળ જીવનમાં પ્રકટે છે. ઉત્તમમાં ઉત્તમ હોય પરંતુ જો ઘરેડ પ્રમાણે બન્યા કરે તો તેમાંથી કશું ચેતન મેળવી શકાતું નથી અથવા તો મળી શકતું નથી. પ્રિયજનની વિદાય શેની ? વિદાયની ભાવનાથી તો અંતરની ભાવના વિશેષ જાગૃત બને અને તેને વિશેષ જાગ્રતપણામાં પ્રકટાવવા તથા વધારે તેજસ્વિત અને શક્તિવંત થવા કાજેનો તો તે ધન્ય પ્રસંગ છે. વિદાયવેળાએ આંસુ ન આણવા દીધાં તે તો પ્રભુકૃપાથી ઘણું ઘણું ઉત્તમ લાગ્યું. વૃત્તિ, લાગણી, વિચાર, ભાવના વગેરેનો સમતા, તટસ્થતા, શાંતિ વગેરે રાખીને જીવનના વિકાસ કાજે તેમનો તેમનો જ્ઞાનપૂર્વક ઉપયોગ કરતા રહીએ, તો જ શ્રીપ્રભુકૃપાથી જીવનમાં યોગ્યપણું પ્રકટે.

## પ્રભુકૃપાનો અદ્‌ભુત પ્રસંગ

એક સાધુપુરુષ હતા. એક આશ્રમમાં રહેતા. મહેમાન આવવાના હોવાથી એક બહેનને રસોઈ કરવાને તેમણે કહ્યું. તેની શરીરની સ્થિતિ તે કર્મ કરવાને ત્યારે યોગ્ય ન હતી. વૈષ્ણવ આચારવિચારને કારણે તેને તે દશામાં રસોઈ વગેરે કરવાનું ન ગોઠે તે સૌ કોઈ સમજી શકે એમ છે, પરંતુ પ્રભુકૃપાથી તરત તેની શરીરની સ્થિતિ પહેલાંના જેવી યથાવત્ સંપૂર્ણ શુદ્ધ બની ગઈ. તે હકીકત બનતાં તેને આશ્ચર્ય થાય તે પણ સ્વાભાવિક છે. કેટલીક વેળા ભાવનાની ઉત્કટતાને

અંગે એવું બની પણ જાય. જો હૃદયમાં પ્રેમભક્તિ પ્રકટી હોય છે, તો અદ્‌ભુત, આશ્ચર્ય પમાડે એવા પ્રસંગમાં શ્રીભગવાનનો સૂક્ષ્મ કૃપાહાથ પ્રત્યક્ષ તે જોઈ શકે છે.

આવા કંઈ એકલદોકલ પ્રસંગ નથી. હિમાલયની યાત્રામાં શ્રીબદરીનાથનાં દર્શને જવાનું હતું ને...બહેન તો માસિકમાં હતાં. હવે દર્શને કેમ કરી જવાય ? વૈષ્ણવ આચારવિચારવાળાં મોટીબા સાથે હતાં અને આટલે સુધી આવ્યાં અને દર્શન ન કરી શકાય તે પણ ઠીક લાગતું ન હતું. શ્રીભગવાને કૃપા કરીને, બહેનની એવી દશા ટાળી દીધેલી, તે સાવ સ્વચ્છ તથા શુદ્ધ બનેલી અને દર્શન કરી શકેલી, તેવા જ બીજા બે પ્રસંગ તે હિમાલયની યાત્રામાં બનેલા. આવી હકીકત તે માત્ર કંઈ કલ્પના છે એમ તો કંઈ થોડું જ કહી શકાય એમ છે ? માટે આપણે તો જીવનના વિકાસને અર્થે જીવવાનું છે, માટે કૃપા કરીને નામસ્મરણમાં મસ્ત બનજે.

## સંતનું જ્ઞાન

‘જીવનના પ્રસંગોને તે જીવ જાણતો હોય છે, એવો પણ અનુભવ આપણને થતો હોય છે,’ એમ તું લખે છે. તેવું તે તે જીવની પ્રકૃતિથી તેને સમજાઈ જતું હોય છે. આપણને એવા પોતાના પ્રત્યક્ષ થતા રહેતા અનુભવથી તે તેના શરીરપણામાં હોવા છતાં, તેનાથી પર પણ વર્તેલો રહ્યા કરે છે, તે આપણને પૂરેપૂરું સમજાતું ગયું છે, તો હવે તેવો જીવ બીજી કઈ રીતે આપણને તેની આત્મનિષ્ઠાની ખાતરી કરાવી શકે ? માટે હવે તો હૃદયમાં ગરજ પ્રકટાવી, જીવતી શ્રદ્ધાભક્તિ પ્રકટાવી, એના ભાવમાં મસ્ત બની રહીએ, તો જ જીવનમાં ધન્યતા પ્રકટે. આનંદમાં રહીને એના નામસ્મરણમાં મસ્ત બની આ જીવને શોભાવે તો તું ખરી.

સુરત હરિઃૐ તા. ૧૮-૩-૧૯૫૩

## અગમ્ય વર્તન

ગઈ કાલે સવારે બરાબર સાડાસાત વાગ્યે મારો નાનો ભાઈ, ભીખુભાઈ ને આ જીવ એમ ત્રણ જણ રાંદેર બાજુ જતા હતા. ત્યાં રસ્તામાં કોઈક તારા જેવું જતું હતું. હૃદયની સ્મૃતિ જાગતાં સ્થળકાળ તો કોને યાદ રહે છે ? આ જીવે મોટેથી તારું નામ દઈને બૂમો મારેલી. સાથે જે હોય તેમને નવાઈ તો ઘણી લાગી, પણ મૂર્ખને તે કંઈ થોડું જ ભાન રહેતું હોય છે ?

કૃપા કરીને મનને શાંતિ અને સ્વસ્થતામાં જ પ્રેરાવ્યા કરવું. નામસ્મરણમાં જ ને તેના ભાવમાં ને તે ભાવને જ્ઞાનપૂર્વકના હેતુથી ઉપયોગમાં લેવા કાજે મનને ટકોરી ટકોરી, સંકેલી સંકેલી, સંકોરી સંકોરી, એના યોગ્યપણામાં લગાડ્યા કરવાનું છે.

સુરત હરિઃૐ તા. ૨૦-૩-૧૯૫૩

## સદ્‌ગુરુની આજ્ઞાપાલનના લાભ

જેને પોતે જીવનનો ઘડવૈયો માનતા હોઈએ, એના તરફથી જે સૂચનો મળે, એને જેમ જેમ આપણે જીવનવિકાસના હેતુનો ખ્યાલ રાખીને તેવી સમજણથી વર્તનમાં મૂકતા જઈશું, તેમ તેમ ભાવના આકાર લેતી આપણે અનુભવી શકવાના છીએ.

સૂચનોને ઉત્સાહ, ખંત, ધીરજ, શાંતિ, પ્રસન્નચિત્તતા વગેરેથી વર્તનમાં મુકાતાં આપણાં માની લીધેલાં વલણો, મતાગ્રહો, મડાગાંઠો આદિ ઓગળવા માંડે છે. જીવનમાં સાચી નમ્રતા પ્રકટ્યા કરે છે. તે જે તે કંઈ આપણને સૂચન કરતો હોય છે, તે કંઈ અમથું અમથું તો હોતું નથી. એની પાછળ કંઈક રહસ્ય ને હેતુ હોય છે. તેના સૂચનની પાછળ તેના

હૃદયનો ભાવ પણ હોય છે. આમ, તે સૂચનનું પ્રેમપૂર્વક જ્ઞાનપૂર્વક પાલન થતાં, તેના હૃદયના ભાવનો પણ સ્પર્શ આધારમાં (જીવકોષમાં) થયા કરતો રહે છે, ને સૂચનનો અમલ થયા કરતો રહેવાથી એની જ્ઞાનભક્તિપૂર્વકની સ્મરણભાવના પણ દિલમાં પ્રગટ્યા કરે છે.

## વડીલોની આજ્ઞાનું પાલન

વળી, વડીલ સ્વજનોનાં સૂચનોનું પણ દિલથી પાલન કરવાની ઉત્કંઠા બન્યા કરે, તો તે પણ હિતાવહ છે, કારણ કે તેથી કરી તેમનો તેમનો હૃદયનો સદ્‌ભાવ આપણા પરત્વે વહ્યા કરે. આપણા પરત્વે ભલી લાગણી ને સહાનુભૂતિ તેથી કરીને પ્રગટતી રહે છે. તેમનાં સૂચનોનું જ્ઞાનપૂર્વક હૃદયની ઉત્કંઠાથી પાલન કરવાથી એમની આપણા પરત્વે શુભેચ્છા પ્રકટે છે ને એમ આપણે આપણી આગળપાછળ આપણને સરળતા, પ્રસન્નતા, શાંતિ વગેરે મળ્યા કરે એવું એક વાતાવરણ પ્રભુકૃપાથી પ્રકટાવ્યા કરતાં હોઈએ છીએ.

જે કંઈ કર્યા કરીએ તે તે તેવી તેવી રીતે કરવાપણા માટે નથી, પણ એથી કરી ભાવશક્તિ પ્રકટાવવા કાજે તે તે (કરવાપણું) છે, એવી જ્ઞાનપૂર્વકની ભાવના તે તે કર્મ કરતી પળે હૃદયમાં હૃદયથી હૃદયની જાગ્યા કરતી હોય, તો જ જીવન યથાર્થ રીતે ઘડાયા કરતું હોય છે.

## બીજાઓ સાથે વાણી-વર્તન-વહેવાર

કંઈ પણ કશાનું મૂલ્યાંકન તેના તેના સ્થૂળપણાથી કે ઉપરના દેખાવથી કે બહારના વર્તનવહેવારથી આપણે કરવાનું નથી. વહેવારમાં બીજા જીવો સાથે મળવા કરવાનું થતાં જેટલું સમજણપૂર્વક મૌન પળાય તેટલું ઉત્તમ. વાત કરવી જ પડે તો એવી રીતે વાત કરવી કે જેથી રાગદ્વેષાદિ વૃત્તિ આપણામાં કે

કોઈનામાં વધે નહિ, બલકે ઘટ્યા કરે. જેથી કરી દિલમાં પણ શાંતિ-પ્રસન્નતાનું ઘવાવાપણું ન બને, જેથી કરી આપણી જીવનવિકાસ કાજેની ભાવના વધારે જાગ્રત ને સતેજ બન્યા કરે, એવા પ્રકારનું આપણું સમજણપૂર્વકનું જીવનધોરણ સહજપણે રોજિંદા વહેવારવર્તનમાં પ્રકટ્યા કરવું ઘટે.

## સદ્‌ગુરુનું ભંગીકાર્ય

પરમ કૃપાળુએ અપરંપાર કૃપા કરી અમને ભંગીનું કામ સોંપ્યું છે. એના જેવો બીજો કોઈ ઉત્તમ યજ્ઞ નથી ને બીજું કોઈ ઉત્તમ કર્મ નથી, તે યજ્ઞ હજી સંપૂર્ણ તો થઈ શકતો નથી. જેટલું થયું ને થાય છે, તે પાછું હતું તેમનું તેમ થયા કરે છે. પ્રભુ કરે ને મળેલાં બધાં જાગતાં ચેતતાં રહે ને સર્વ રીતે સર્વ ભાવે તેમનાં સર્વ કરણોમાંથી મળ, વિક્ષેપ, આવરણ હઠતાં જાય તો જ પ્રભુકૃપાથી જંપ વળે. બાકી તો હૈયામાં સતત ઉજાગરો જ પ્રવર્ત્યા કરતો રહે છે, એવી છે અમારી હેરાનગતિની કથની. અમારાં સુખ, શાંતિ, આરામ આદિનો વિચાર-ને તે પણ પોતપોતાના જીવનવિકાસના હેતુ અર્થે-કોઈ પણ હજી સુધી કર્યા કરતું અનુભવાતું નથી. એ અમારું દુઃખ અમે કોને કથવા જઈએ ? માટે કૃપા કરી અમને તારાથી કરી પરમ શાંતિ, સુખ મળ્યા કરે તેમ સંસારવહેવારમાં જીવનને ઉપયોગીપણાના હેતુથી ફળાવવાને વર્તજે.

## નિઃસંગપણાની અને મૌનની અગત્ય

આજકાલ જીવોની વૃત્તિઓ, વિચાર, ભાવના, જીવન-વિકાસને પ્રેરે એવા પ્રકારનાં પ્રવર્તતાં જણાતાં નથી. ચાર બહેનો ભેગી મળતાં કેવી કેવી વાતો કરે છે, તે જો જાણવાનું બને તો સમજુ ને વિવેકીને આનંદ પ્રકટી જ ન શકે. પુરુષ જીવો ઉત્તમ છે એવું તો કશું જ નથી, તે લોક પણ તેવા જ

છે. જીવોને જે નવરાશ મળે છે, તેનો યોગ્ય ઉપયોગ કરવાની આવડત ઘણા જ ઓછા જીવોમાં પ્રકટેલી અનુભવાતી હોય છે. આથી, સંસારવહેવારવર્તનમાં જેટલું નિઃસંગપણે વર્તવાનું બને તેટલું ઉત્તમ, જેટલું વિશેષ સમજણથી મૌન પળાય તો તે તો ઘણું જરૂરનું છે, પરંતુ મનમાં સમસમી રહીને, મનની દ્વિધા સ્થિતિને કારણે, અસંતોષને કારણે, બીજા સાથે ન બોલવાનું બને તો તે મૌન નથી, તે તો જીવનના મૃત્યુની પળો છે. જીવનનો સાધક જે જીવ છે, તે તો પોતાનું મન તેવું તંગ થતાં જરૂર ચેતીને તેમાંથી હઠી જવાપણું જ કરે.

## સાચું સ્વજન

જે તે સર્વ પરત્વે સમજી સમજીને દિલમાં સદ્‌ભાવ આપણે તો પ્રેરાવ્યા કરવાનો છે.

આશ્રમમાં જાય ત્યારે બધાંને બોલાવજે. તારી યાદ ને મળેલાં સ્વજનની યાદ પ્રભુકૃપાથી અમને કેવી ને કેટલી રહે છે, તે કહેવામાં ને લખવામાં સાર પણ શો ! સ્વજનની યાદ વિશે એક કવિતા **'પ્રણામ પ્રલાપ'**માં છે. તારે કૃપા કરવી. સદાય આનંદમંગળમાં જાગૃતિપૂર્વક જીવનની પળેપળ જીવન-વિકાસના ધ્યેયના હેતુ અર્થે વપરાયા કરાય તો તેવું સ્વજન અમારું સાચું સ્વજન છે.

*ઘાટકોપર* *હરિઃૐ* *તા. ૨૧-૩-૧૯૫૩*

## જીવભાવે દયા એટલે અહંકાર

જ્યાં સુધી આપણે જીવકક્ષામાં છીએ એટલે કે દ્વંદ્વની સ્થિતિમાં છીએ ત્યાં સુધી આપણે કદી પણ દયા, કરુણા, ક્ષમા, દાન ઇત્યાદિ ગુણોની વાત મોઢેથી બોલવી જ નહિ, એ આપણને શોભતી નથી. જીવનમાં સાત્ત્વિક ગુણ પ્રત્યક્ષપણે જીવતોજાગતો વર્તનમાં પ્રકટેલો રહ્યા કરે છે, તે કાળે જ ને

તેવી જીવની સાત્ત્વિક કક્ષામાં જ દયા, કરુણા, ક્ષમા વગેરે ગુણો જીવનમાં પ્રકટપણે તેમની શક્તિના સ્વરૂપમાં સહજમેળે વિકસ્યા ને પ્રકટ્યા કરે છે. જીવકક્ષામાં હોઈએ તે વેળાએ આપણાથી એમ બોલાય કે 'અમુક જીવ પરત્વે દયાથી પ્રેરાઈને તેની સાથે પ્રેમભાવ કેળવીશ કે રાખીશ' તો તે આપણી નરી એક પ્રકારની સૂક્ષ્મ અહંતા સૂચવે છે. તેવી જીવપ્રકારની કક્ષામાં દયાથી પ્રેરાઈને અમુક પ્રમાણેનું વર્તવાનું બને એમ ધારવું એટલે આપણે જાણે કંઈક ઊંચા અને જેના પરત્વે તેમ પ્રેરાઈને વર્તવાનું છે, તે કંઈક નીચું છે એવી મતલબની તેવા ઉચ્ચારવાપણામાંથી કંઈક સમજણ પ્રકટતી હોય છે. માટે આપણે જે કંઈ બોલીએ, વિચારીએ, લખીએ તે તે વેળા તેની યથાર્થતાનું જ્ઞાન પ્રકટાવીને લખીએ તો શોભીએ.

## આનંદથી ત્યાગ કરો

જો આપણે જીવનનું ધ્યેય નક્કી કરીએ, અમુક દિશામાં અમુક રીતે જ વર્તવું છે એમ દૃઢતાથી નક્કી કરીએ, તો તે પરત્વેનું જે જે કંઈ નકારાત્મક આપણામાં હોય કે બીજાથી કરીને ઊભું થયું હોય, તેને ત્યજવાનું બનતાં જો તે પરત્વે કઠણાશ લાગે, તેમ કરવા જતાં તે અઘરું અને મુશ્કેલ લાગતું હોય, તો તેવું કઠણ લાગવું, મુશ્કેલ લાગવું એ યોગ્ય પ્રકારનું નથી, તે સમજવા જેવી હકીકત છે.

આપણે જે માર્ગે જવું નથી ને જે માર્ગના રાગમોહથી વિમુક્ત થવું છે, તે માર્ગના મોહાદિકપણાના લક્ષણથી વિમુક્ત થવાનો પ્રસંગ સાંપડતાં તો જીવને દિલમાં ઘણો આનંદ પ્રકટવો ઘટે. આપણે જે કરવું છે તે તો મક્કમપણાથી, દિલના સાચા દૃઢ નિર્ધારથી ને નેક દાનતથી કરવું છે. આપણી પ્રમાણિકતા ને વફાદારી પારદર્શક બની જવી જોઈશે. આપણે જે આદર્શને

વરવો છે, તે તો માગી લે છે સંપૂર્ણ હૃદયના ભાવની એકધારી જીવનની તે પ્રકારની વર્તનધારા. એટલે જે જે જીવનના આદર્શને જીવનમાંના પ્રસંગોમાં પ્રકટાવવા જતાં જો હજી મુશ્કેલપણું લાગે, મન પાછું પડતું અનુભવાય, તો જાણવું કે હજી આપણને ક્યાંક રૂંધામણ, ગૂંગળામણ છે, હજી તે પરત્વેનો આપણો જીવપ્રકારનો રાગ તેમાંથી પૂરો હઠ્યો નથી. આપણને હજી સાચી દિશાનું પૂરેપૂરું ઝંખનાત્મક ઉત્કટ ભાન પ્રકટેલું નથી. ભલા જીવ ! 'મુશ્કેલ ને કઠણ' શેને લાગવું જોઈએ ? શરીર પર વીંછી ચઢતો હોય તો ફટાક દેતાંકને ખંખેરીને આપણે તેનાથી વિખૂટા થઈ જઈ છીએ, પળવાર પણ તેને ટકવા દેતા નથી, એવી જ રીતે જીવપણાના નકારાત્મક વલણને આપણે કદી પણ ટકવા દેવું ન ઘટે. આ બધું સમજી સમજીને આપણે કરવાનું છે. જ્યાં જ્યાં સંઘર્ષણ છે, અશાંતિ છે, મૂંઝવણ છે, ડહોળામણ છે, ત્યાં ત્યાં જાણી જ લેવું કે પરસ્પર અંતરની સાફદિલી, એકનિષ્ઠા, શુદ્ધતા, એકરાગ, પ્રેમભાવ, નેક દાનત વગેરે વગેરે એના સાચા અર્થમાં ને યોગ્ય પ્રમાણમાં પ્રકટેલા નથી.

## મળ્યાં છીએ તો મળી જાણીએ

બધાં સ્વજનોમાં અમારું દિલ રહે છે, એ હકીકત છાપરે ચઢીને પોકારતાં અમને સંકોચ થવાનો નથી. તેથી કરી તો તારી ને તે તે સ્વજનોની જવાબદારી હજારગણી વધી પડે છે. સર્વ પ્રકારે ઉત્તમમાં ઉત્તમ સ્થિતિમાં સંસારવહેવારમાં તું વર્ત્યા કરે, તારી સંસ્કારછાપ સર્વ જે તે બધાંના પર અનોખાપણાની પ્રકટે, તું બધાંમાં સહૃદયતાથી એકમાત્ર વિકાસના હેતુના જ્ઞાનથી ભળેલી ને મળેલી રહીને બધાંનામાં એકભાવે પ્રવર્તે, તેમના તેમના દિલને સ્પર્શીને સંસારવહેવારના સર્વ પ્રસંગોમાં

ઊંચે તરતી આવી શકે, તો તેવી તું મારે જીવનમાં ઘણી ઘણી ખપની છે. આ જીવનમાં પ્રભુકૃપાથી જ્યારે મળવાનું બન્યું છે ત્યારે આપણે મળી જાણીએ. જીવનમાંનાં આપણાં બીજાં મિત્રોને ને સ્વજનોને આપણે પ્રેરણાત્મક બનીએ એ રીતે જીવનને તેના યથાર્થપણામાં પ્રકટાવતા રહીએ, તો બીજા જીવોને શ્રીપ્રભુકૃપાથી પ્રેરણાત્મક બની શકવાના હોઈએ તો બની શકીએ. એ પણ એક મોટી સેવા છે.

## કેટલાંક સૂચનો

ભાવનાને ટકાવી રાખવાને માટે, તેને વધુ તેજસ્વિત અને શક્તિશાળી બનાવવાને માટે, વધારે એકાગ્ર અને કેંદ્રિત કરવાને માટે **નામસ્મરણ એ જબરજસ્ત સાધન છે,** તેથી પ્રભુના નામમાં તું મસ્ત રહેજે, ભગવાનનું નામ મોટેથી લીધા કરજે, એમાં હવે મીનમેખ ફરક ન પડે તે કૃપા કરીને લક્ષમાં રાખજે. જેના સંગથી કરીને આપણી જીવવૃત્તિ વધારે જીવપણામાં પ્રકટે તેના સંગનો મક્કમપણાથી જ્ઞાનપૂર્વક ઈનકાર કર્યા કરવામાં જ્યારે ઘણો આનંદ પ્રકટે, ત્યારે આપણી સ્થિતિ તે દશામાં પાકતી જતી બને છે એ માનવું ને પ્રમાણવું. બહુ જ ઓછામાં ઓછું બોલવું અને શ્રીભગવાનનું નામ મોટેથી લીધા કરવું. મળેલાં કર્મને સંપૂર્ણ રીતે, ઉત્તમમાં ઉત્તમપણાથી, આપણા પોતાના વિકાસની ભાવના માટે, જીવનને વિકસાવવા પ્રભુપ્રીત્યર્થે કરવાનાં છે, તે ખાસ લક્ષમાં રાખવું. કામથી ડરવું નહિ કે ભાગવું પણ નહિ. મનમાં નિરાશાને પેસવા ન દેવી.

## સાધનાને દીપાવો

સ્વજનના હૃદયનો ભાવ દિલને તેની ઉત્તમતામાં પ્રકટાવે છે ને બહેલાવે છે. તને જે પત્રો લખેલા છે ને જે છપાયેલા છે, તે જે જે જીવો વાંચે છે તેને તેને પ્રેરણાદાયી નીવડેલા છે, એવું

જે જે વાંચનારા જીવો મળે છે તેઓ કહે છે. તેથી તારી જવાબદારી ઘણી વધે છે. માટે તારે પોતે તારા પોતાના સતત જાગૃત ચોકીદાર બનવાનું છે. બીજા કશાનો અંતરાય નથી, અંતરાય માત્ર જો કંઈ કશો હોય, તો તે સાચા પ્રકારનો દઢ, મક્કમ નિશ્ચય પ્રકટેલો હોતો નથી તે છે. માટે આપણે તો મરણિયો નિર્ધાર પ્રકટાવીને વર્તવાનું છે, આપણે કંઈ કશાનો સામનો કરવાનો નથી, સામનો જે કરવાનો છે તે તો અંતરમાં આંતરિક વૃત્તિઓનો કરવાનો છે. સંસારવહેવારમાં જે જે બધાં મળેલાં હોય, તેમનું તેમનું સહાનુભૂતિવાળું અને શુભેચ્છાવાળું દિલ આપણા પરત્વે પ્રવર્ત્યા કરે એવી રીતે આપણે તેમની તેમની સાથે જ્ઞાનપૂર્વકનું વર્તવાનું છે. આંતરિક મથામણો જ્યારે તેના ખરેખરા યથાર્થ સ્વરૂપમાં પ્રકટે છે ત્યારે મનાદિકરણોનાં સ્વસ્થતા, શાંતિ, સમતા, પ્રસન્નતા આદિ જીવતાં રહેવાં શક્ય નથી. આંતરિક મથામણોનું ઘર્ષણ આપણા ચહેરા પર અને આપણાં કર્મોમાં ન ઊતરે તેની કાળજી ઘણી ઘણી રાખવાની હોય. **'મનને'**માં આ અંગેનો ઉલ્લેખ પણ છે. આ જીવે તેના જીવનમાં આ પ્રમાણે જ્ઞાનપૂર્વક વર્તવાનું પ્રભુકૃપાથી કરેલું છે, તેથી તને તેમ લખેલું છે. તારા પ્રત્યક્ષ વર્તન વડે કરીને તું બધાંનાં દિલ જીતી શકે અને સદ્ભાવમાં પ્રવર્તે તો જ અમારી શોભા છે. માટે તારા જીવન વડે કરીને દીપીએ એનું તું ઘણું ઘણું ભાન રાખજે. વધારે તો શું કહીએ ને શું લખીએ?

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૨૫-૩-૧૯૫૩*

## ઉપયોગની દૃષ્ટિથી જ સદા વર્તો

કથામાં દુઃખ વિશેનું જે સાંભળ્યું અને તે જાણે આ જીવના જ ઉદ્ગારો છે એમ તને જે લાગ્યું તે તદ્દન સાચી હકીકત

છે. તે શાસ્ત્રીજી વિદ્વાન હોય અને સુંદર, આકર્ષક પ્રવચન કરતા હોય ને તેમની પાસે જીવનની દૃષ્ટિ છે એવું લાગે, છતાં તે અનુભવી આત્મા નથી એટલું પણ સાથે સાથે જણાય છે. આપણે તો જ્યાં ત્યાં જે તે બધું ઉપયોગ કાજે છે. જીવનમાં જે આપણને ખપમાં લાગે તે આપણા કાજે યથાર્થ છે. એટલે કોઈ પણ જીવનું વચન જો આપણને જીવનવિકાસની યથાર્થતામાં ને તેની સમજણમાં પ્રેરાવે તો તે આપણે મન સોનાનું છે. તેને પ્રભુકૃપા સમજીને આપણે જીવનમાં ભાવથી સ્વીકારવું. વિચાર, વૃત્તિ, ભાવના, વર્તન, વહેવાર, સંપર્ક, સંબંધ વગેરે વગેરેમાં આપણને જીવનવિકાસના હેતુનો જીવતો-જાગતો દૃઢ ખ્યાલ રહેલો હોવો જોઈશે ને જો તેમ બની શકે તો જ જીવન યથાર્થપણામાં પ્રકટી શકે.

## ગુરુને કસી જોવાનાં ધોરણો ને શરતો

પૂજ્ય...અંગેની હકીકત વાંચી. તેમણે કહેલી હકીકત પૂરેપૂરી સાચી લાગે છે. સાધકના યોગ્ય વિકાસ કાજે જે જે યથાર્થ પગલાં લેવાં પડે તે તે લેવાપણામાં સમાજનો કોઈ પણ પ્રકારનો ભય કે ડર જે ગુરુને લાગ્યા કરે, તે ગુરુ તેના સાચા અર્થમાં ગુરુ થવાને યોગ્ય નથી. તેમ છતાં ગુરુ પણ સાધન હોવાથી એ પણ ઉપયોગને જ માટે છે. ઉપયોગ એટલે માત્ર કાંઈ સ્વાર્થ જ નહિ. જોકે બહુ જ ઊંચા, ઉદાર અને વિસ્તૃત અર્થમાં એને એક રીતે સ્વાર્થ પણ જરૂર કહી શકાય. સ્વ +अर्थ એટલે કે જીવનવિકાસનો હેતુ જે રીતે સધાતો રહે તે. જો ગુરુથી તેવા જીવનનો હેતુ સધાયા ન જતો હોય તો આપણે જરૂર જાગવું, ચેતવું ને આપણે પોતે પોતાને સ્પષ્ટતાથી, સમતાથી, તટસ્થતાથી પૂરેપૂરું વિચારવું. જીવનવિકાસની સાધનાને કાજે જે કોઈ જીવ તેમાં પડેલો છે, તે તે જીવે તેમાં

પડવા કાજેનાં લક્ષણો પોતાનામાં પ્રકટાવવાં ઘટે કે તેનામાં હોવાં ઘટે અથવા તો તે પ્રકટાવવાને કાજે જ્ઞાનભક્તિપૂર્વક જે જહેમત ઉઠાવ્યા કરવાની હોય તેમાં તેનાં ઉત્સાહ, ઉલ્લાસ, ધીરજ, ખંત, સાહસ, હિંમત વગેરે ગુણો પ્રકટેલા રહ્યા કરેલા છે કે કેમ તે હકીકતને તેણે પોતે જાગીને તપાસી લેવી. વળી, તેમાં પોતાની ખામી કે દોષ છે કે કેમ તેની પણ ખાતરી કરી લેવાની રહે છે. તે ઉપરાંત વળી આપણને જીવનવિકાસના કામમાં ગુરુ ઉપયોગમાં નીવડે, એ કાજે તેના હૃદયની સાથેનો અથવા તો તેના જીવનના મૂળ ભાવની સાથેનો આપણા હૃદયનો ખરેખરો સંબંધ જાગી ગયેલો છે કે કેમ, યા તો જો જાગી ન ગયો હોય, તો તે જગાડવાનો જાગૃતિપૂર્વકનો તે પરત્વેનો પૂરેપૂરો અભ્યાસ કેળવાતો યા તો કેળવાતો જતો રહે છે કે કેમ, તે બધું આપણે પોતે પૂરેપૂરું સમજી લેવાનું રહે છે. ઉપલી આટલી હકીકત વિશે આપણા પોતાના વિશે જો આપણે ખાતરીપૂર્વક હૃદયે હાથ મૂકીને કહી શકતા હોઈએ તો તો તે પછી ગુરુનાં પાસાંને આપણે તપાસવાં જોઈએ. સદ્‌ગુરુનું ચેતનપણું, તેનું વ્યક્તપણું અને તેના જીવનપરિચયના પરિણામથી આપણને તે યથાર્થતામાં લાગેલા હોય અથવા તો ગમે તે કોઈ કારણોને અંગે જીવનવિકાસને મુખ્યત્વે નજરમાં રાખીને ગુરુનું સાધન આપણને ઉપયોગમાં આવે ને તેવો જ્ઞાનપૂર્વકનો હેતુ જીવનમાં ફળાવી ફળાવીને, જેમાં ને તેમાં જો આપણે ચેતનાપૂર્વક પ્રવર્તતાં રહ્યા કરતાં હોઈએ, તો ગુરુનું યદ્વાતદ્વાપણું હોય તો તે પણ ગયા વિના રહી શકતું નથી.

**તોપણ આદરભાવ જ હોય**

જીવનમાં જીવનવિકાસ કાજેનો પ્રકટેલો ઉત્સાહ ને તે કાજેની જહેમત કરવાની આપણી નેક દાનત જો તેની પૂરેપૂરી

યથાર્થતામાં પ્રકટેલા હોય છે, તો તે કંઈ ઓસરી જતાં નથી. ગુરુના તરફથી સાધકને મળતાં ઉત્સાહ, સહાનુભૂતિ, આનંદ, શાંતિ, હૃદયનો ભાવ, એ બધું સાધકને જરૂર પ્રેરણાત્મક બને છે, પરંતુ તેનો પણ ઉપયોગ જીવનવિકાસની સાધનામાં ચેતના, પ્રાણ પ્રકટાવવા કાજે છે. પૂજ્ય...બાનું માનવું કદાચ યથાર્થતાવાળું પણ હોય તેમ છતાં સદ્ગુરુ માટેનો હૃદયનો ભક્તિભાવ કંઈ કશાથી ઓસરી જવો ન ઘટે. કોઈ ગુરુ આપણે કર્યા ને તેમાંથી જે કંઈ લાભ મળ્યો અને માનો કે આપણી એનાથી પણ સ્થિતિ ઊંચી થઈ તો તેવી સ્થિતિમાં પણ તે ગુરુ પરત્વેનો આપણો આદરભાવ બિલકુલ ઘટી જતો નથી, બલકે ઊલટપક્ષે વધુ સતેજ જ્ઞાનપૂર્વકની દશામાં તે આદરભાવ જીવતો બને છે.

## જીવનવિકાસની ગરજ જગાડો

ગુરુ પરત્વેના હૃદયના સદ્ભાવનો રણકાર સાધકના જીવનમાં મહત્ત્વપણે ગાજતો બની ગયેલો હોવો જોઈએ. જીવસ્વભાવની કક્ષાની વૃત્તિ જીવનમાં કામ કરતી આપણે જો અનુભવી શકતાં હોઈએ છીએ, તો સદ્ભાવથી પ્રકટ થયેલી ભાવના જીવનમાં કામ કરતી કેમ ન અનુભવી શકાય ? પરંતુ આપણે એટલું ખાસ યાદ રાખવાનું છે કે ગુરુ સર્વસ્વ નથી, જીવન જ સર્વસ્વ છે. જીવનને પળેપળ જો આપણે જ્ઞાન-ભક્તિપૂર્વક ખ્યાલમાં રાખ્યા કરીશું તો તો કંઈ કશું કોઈનાથી આપણું બગડવાનું નથી. જેને જે દિશામાં જવું છે તે દિશામાં જવાય છે કે કેમ, તે તેણે જોતાં રહેવું પડશે. જીવનમાં જે બાબતની જેને ગરજ જાગે છે, તે દિશામાં તે ગતિ અને પ્રયાણ કરે છે અને જે બાબતમાં ગરજ છે ને જેનાથી તે પૂરી સરે એવું પણ લાગે છે, તેને તે વળગી રહે છે, પરંતુ આ બધી ક્રિયાવિધિમાં પોતાની ગરજ શી છે અને તે ફળે છે કે નહિ

તે આપોઆપ તેનાથી જોવાતું જતું હોય છે અને ગરજ ફળવાની આશા ચોક્કસપણે ન લાગતાં તે તેમાંથી મુક્ત પણ થઈ શકે છે. તેવી રીતે જીવનવિકાસ કાજેની આપણી ભાવના ગુરુ વિશેના સાધનમાં જો જ્ઞાનભાવે પ્રવર્ત્યા કરે તો આપણે સદાસર્વદા નિશ્ચિંત રહી શકીએ. મારી તો તને વિનંતી છે કે જીવનવિકાસની પાકી ગરજ જગાડીને જે કોઈનો સંગાથ તે કાજે કરવો હોય તો કરવો, બાકી તો સદાય આનંદમાં રહેવું.

સંસારનો ક્લેશાદિક પવન આપણા જીવનને ન સ્પર્શે તેની તો પળેપળ જીવતીજાગતી જાગૃતિ રાખવી. એમાં જરાક સરખા પણ જો બેધ્યાન રહ્યા, તો બધું જ રળેલું કરેલું ધૂળમાં મળી જવાનું, પ્રભુ તને સદાય જાગ્રત રાખે તેવી પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૬-૩-૧૯૫૩*

## સદ્‌ગુરુનો સબળ આધાર

નિરાધારપણામાં નર્યું પાંગળાપણું પ્રવર્તે છે. જીવનમાં જેને સાચો સમર્થ આધાર પ્રકટે છે, તે તો જબરજસ્ત ખુમારી અનુભવે છે. એના જીવનમાં, પ્રસંગમાં પ્રકટતી ટટારી પ્રત્યેક કર્મમાં એને લાગ્યા કરે છે. પોતે એકલો તો કદી છે જ નહિ એવું નક્કરપણે તેને લાગ્યા કરે છે. હૃદયના તેવા ભાવમાં ક્યાંયે શોક, ખેદ, દિલગીરી નથી હોતાં. ત્યાં તેવા ભાવમાં નિરાશા ઊગી શકતી જ નથી. ભાવ તો ભાવને ખેંચે છે ને ભાવને પ્રકટાવે છે. **હૃદયનો ભાવ એ કંઈ જેવું તેવું બળ નથી.** એ તો જીવ જીવને પરસ્પર હૃદયમાં હૃદયથી સંકળાવે છે.

## સદ્‌ભાવનું મહત્ત્વ

હૃદયનો સદ્‌ભાવ જો કોઈ પરત્વે પ્રકટે, તો તેવો ભાવ જીવનમાં આપણને તરતાં રખાવી શકે છે. હૃદયનો જીવન પરત્વેનો સદ્‌ભાવ આપણને જીવદશાથી પ્રવર્તવાનું બનતાં રોકી

પણ શકે છે. એવું જીવતું બળ સદ્ભાવની જ્ઞાનભક્તિપૂર્વકની કેળવણીમાંથી પ્રકટતું હોય છે. માટે, સર્વ પરત્વે સદ્ભાવ કેળવતા રહેવામાં જીવનની શોભા છે ને તેમાંથી જીવનની શક્તિ પ્રગટે છે. જ્ઞાનપૂર્વકના સદ્ભાવનો જીવનનો તેવો અભ્યાસ તો જીવનમાં ઉમદા ખમીર પ્રકટાવે છે. એવાના જીવનમાં લાચારીને તો સ્થાન રહી જ શકતું નથી. ગમે તેવા પ્રસંગોમાં તે નામર્દ નથી બની શકતો. ગમે તેવા બનાવમાં કે ગમે તેવી અથડામણ, ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ વગેરેમાં તેવાના જીવનની ટટારી કદી પણ લૂલી બની શકતી નથી. તેની દૃઢતા ને મક્કમતા ક્યાંયે પણ ઢીલી પડી જતી અનુભવી શકાતી જ નથી. ધ્યેયને પામવાપણાનાં તેનાં ઉત્સાહ, ઉલ્લાસ, ખંત, તપ, હિંમત, સાહસ, બળ ઇત્યાદિમાં મોળાપણું કદી પ્રકટતું નથી. **જીવનમાં સદ્ભાવ પ્રકટતાં એવા જીવને કશા પરત્વે ઓછું આણવાપણું રહેતું નથી.**

## ખરા દિલના પ્રયત્નની બોલબાલા

જે જીવને જાગૃતિ રહેતી ન હોય, તેણે ત્યાં સુધી તેનું બધું કાચું સમજવું, કારણ કે તે ગમે ત્યારે બેસાવધ બની જ જવાનો ને ગમે તેમ તણાઈને ફંટાઈ પણ જવાનો. એ પોતાને રોકી શકવા જેટલું આંતરિક બળ તો પેદા કરી શકેલ નથી, તેથી તેવા જીવે નામસ્મરણ કરી કરી, પોતાની નબળાઈઓથી મુક્ત બનવાને, એની અસરથી જીવનમાં લેવાઈ ન જવા કાજે, તેવી વેળા શ્રીભગવાનની કૃપામદદ માટે પ્રાર્થના કરી કરી, પોતે ઉત્કટપણે સજાગ થવાનો પ્રમાણિક પ્રયત્ન કરવાનો રહે છે. જે જીવ એવો હૃદયથી પ્રમાણિક પ્રયત્ન નેક દાનતથી કર્યા કરતો હોય છે, તેવા જીવને નાહિંમત થવાપણું ક્યાંયે રહેતું નથી. તે તો પડે, પડે ને પાછો ઊઠે, એમ અનેક વાર

જીવનમાં બન્યા કરતું હોય છે. એવી ચઢઊતરમાંથી જીવને સાચા જીવનની ઝાંખી સાંપડે છે. એવો જીવ પોતાના જીવનસંગ્રામના મરણિયા પ્રયત્નોમાંથી ઊભો ને ટટાર થયા કરવાનું પ્રભુકૃપાથી શીખે છે. **માટે પ્રયત્ન કરતા રહેવામાંથી જ જીવનની ઉષા પ્રકટવાની છે,** તે નિશ્ચય કરીને જાણજે.

## ગુરુસ્મરણની ચમત્કારિક શક્તિ

જેનામાં હૃદયનો ભાવ જાગેલો છે, તેનું સ્મરણ જીવનમાં નવી તાજગી, નવું જોમ, નવી પ્રેરણા, નવું સાહસ, હિંમત, ધીરજ વગેરે પ્રેર્યા કરે છે. સદ્‌ગુરુની ચેતનપૂર્વકની સ્મરણ-ભાવના તેટલા કાજે છે. મને તો તેવી રીતે પ્રભુકૃપાથી તે ખપમાં લાગતી હતી, સ્મરણની ભાવનાની સાધના કંઈ આજકાલની નથી. એ તો જુગજુગ જૂની ચાલતી આવ્યા કરેલી છે. એનો કાયાપલટો કાળે કાળે કરીને થતો રહે છે. જીવનનો પલટો જેની કૃપામદદ વડે થઈ શકવાનો છે, તેનામાં આપણું હૃદય લાગેલું રહ્યા કરે, ને તે જીવનવિકાસની ભાવનાની બાબતમાં ઉપયોગમાં આવી શકે, તે કાજે તેવું પુણ્યસ્મરણ જીવનને તારનારું બની શકતું હોય છે. આ જીવને ઘણીયે વેળા એવા સ્મરણે ઊંચે આણીને તાર્યા કરેલો છે. કેટલીક વેળા ચેતવીને જગાડ્યો છે. કેટલીક વેળા ઉઠાડીને ચાલતો કરેલો છે. કેટલીક વેળા એવાના સ્મરણના પુણ્યપ્રકોપે જીવનને મઠારવાનું યજ્ઞકર્મ પણ કરેલું છે. કેટલીક વેળા ભૂલા પડાતાં ને પતનની વેળાનું જાગ્રત જ્ઞાનભાન પણ જતું રહેતાં, તેનું ભાવભર્યું પુણ્યસ્મરણ તો પ્રત્યક્ષ સંજીવની રૂપે નીવડેલું છે. એવા એ સ્મરણના કંઈ કંઈ અનુભવો સ્મૃતિપટમાં પડેલા છે, એવા એના સ્મરણથી જ જીવનનું કામ થયું છે, ને પડતાં-આખડતાં, ઊંચે આવવાનું બની શક્યું છે, એવી એ

પુણ્યસ્મરણની ન્યારી ન્યારી ખૂબી છે. જે સ્મરણ આપણને મર્દાનગી પ્રેરે, હિંમત, સાહસ, બળ, ઉલ્લાસ, ખંત, ધીરજ, સહનશીલતા વગેરે પ્રેર્યા કરે, તેવું સ્મરણ ખપનું છે. હૃદયના ભાવથી થયેલું સ્મરણ તે તો એવું કામ આપે છે કે જેની સરખામણી શેની સાથે કરવી તે સમજાતું નથી. એવું પુણ્યસ્મરણ એ તો ભૂલા પડેલાને રસ્તો બતાવનાર સાચો સથવારો છે. એની હૂંફ, ઓથ, એની સમર્થતાની અસર એ બધું ન્યારું ન્યારું છે. એની બલિહારી તે શી કથું ? તે સ્મરણ માત્ર ભાવમાં ડુબાડી રાખતું નથી અથવા ઘેલછા ઉત્પન્ન નથી કરતું કે નથી જન્માવતું ધૂન. એનું કામ તો છે જીવનનો યોગ્ય ઉઠાવ કરવાનું. જેના જીવનમાં એવા સ્મરણની જ્ઞાનભક્તિ-પૂર્વકની કેળવણી થતી રહે છે, તે તો નિર્ભય અને નિર્ભર રહ્યા કરે છે. એને કંઈક થતાં, કરતાં એનાથી ઊગરવાની દવા એની કને તૈયાર જ હોય છે. કંઈક થતાં બાળક જેમ માને પોકારે કે માની કને દોડી જાય, તેમ તેવા પ્રકારના સ્મરણવાળા જીવનું બન્યા કરતું હોય છે. એવા સ્મરણનું સાધન જે જીવને મળે છે, તે જીવ તો કૃતાર્થ થવાનો જ છે, તે નિશ્ચે કરીને જાણવું. માટે આનંદથી મસ્ત બનવું, રહેવું ને તેવા ભાવે જીવવું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૭-૩-૧૯૫૩*

## અધીરી ધીરજ

હૃદયને શાતા વળે એવા વિગતવાર કાગળ લખે તો મારા જેવા અધીરિયા જીવને કંઈક સારું લાગે. આ જીવની અધીરાઈને પણ કોઈ એના યોગ્ય સ્વરૂપમાં સમજી શકવાનું નથી, તેમ જ એની ધીરજને પણ કોઈ એના યોગ્ય સ્વરૂપમાં સમજી શકવાનું નથી. આ હકીકત તેવા તેવા પ્રસંગના અનુભવથી કહું છું.

## સદ્ભાવવાળું જ પ્રતિવર્તન

...બહેન સાથે હૃદયનો સદ્ભાવ કેળવવાની તારી સમજણ તદ્દન યથાર્થ પ્રકારની છે. જેટલું જેટલું બીજા જીવનું નકારાત્મક હોય ને આપણી આંખે, મને કે એમ જે ચઢે, તેને વાણીથી બીજા કોઈ આગળ વ્યક્ત કરવાનું સમજણપૂર્વક ન બને તે તદ્દન યથાર્થ છે, ને તેવી રીતે આપણે સંસારવહેવારમાં વર્તવાનું હોય. બીજા જીવો પરત્વે ખરેખરા હૃદયના સદ્ભાવના માપથી આપણે વિચારવાનું હોય ને વર્તવાનું હોય. બીજા જીવોનાં આપણી સાથેનાં વાણી, વર્તન, વહેવાર કે આઘાત-પ્રત્યાઘાત એ બધાંની રીતે, એટલે તેવી તેવી હકીકતોની ને તેવા તેવા પ્રસંગોની જે જે છાપ મનમાં પડી હોય ને તેનાથી કરી જે આઘાત પ્રત્યાઘાત આપણા દિલમાં પડ્યા કરે તેનાથી ઊઠતાં વલણ પ્રમાણે આપણે તેમની તેમની સાથે વર્તવાનું ન હોય, પણ આપણા હૃદયનો તેમના પરનો સદ્ભાવ વધારે જીવતો બને તેવી રીતથી અને તેવા ભાવથી આપણે તેમની તેમની સાથે વર્તવાનું છે, તે ખાસ કરીને આપણે જાગૃતિ સેવી સેવીને, ચેતી ચેતીને ખૂબ ખૂબ લક્ષમાં રાખવાનું છે.

## ઉત્તમ સેવા

માટે મારા પર કૃપા કરજે. તારા વર્તનથી જ આ જીવની જગતમાં કિંમત અંકાવાની છે. સંસારવહેવારમાંના બનતા પ્રસંગોમાં તારું વર્તન જેવું જ્ઞાનભક્તિયુક્ત યોગ્ય બન્યા જશે, તો તેવા તારા યોગ્ય વર્તનથી તું આ જીવની ઉત્તમ સેવા કરી શકવાની છે, તે નક્કી માનજે.

## સદ્ભાવની કેળવણી

સંસારવહેવારના વર્તનમાં ઘણા ઘણા ઉત્તમ ગુણોની કેળવણી મળ્યા કરે છે, માત્ર આપણું મુખ ને દૃષ્ટિ-વૃત્તિ તે

પરત્વે જ્ઞાનપૂર્વકનાં વળી ગયેલાં હોવાં જોઈશે. જો ઉપલી હકીકત આપણા દિલમાં ઠસી હોય તો તો પછી આપણાથી કોઈ પણ જીવ વિશે બીજા કોઈ પણ જીવ આગળ કશું પણ નકારાત્મક ઉચ્ચારી જ કેમ શકાય ? જો ઉચ્ચારાયું તો સમજવું કે હજી બધાં પરત્વે જ્ઞાનપૂર્વક આચરવાની સદ્‌ભાવની કેળવણી વિશેનો આપણો ખ્યાલ તે માત્ર તરંગની દશાનો છે એમ સમજવું. જો સદ્‌ભાવની કેળવણીની શરૂઆત થઈ ગઈ હોય, તો તો તે તે રીતે થોડું થોડું આચરવાનું જેમ જેમ બનતું જાય, તેમ તેમ તે અભ્યાસ પરત્વેનો મહત્ત્વનો ઝોક તે જીવનો જરૂર વધતો જાય, કારણ કે તેવો જ્ઞાનાત્મક સદ્‌ભાવ રાખવાથી કરીને આપણને મનમાં શાંતિ, સમતા, પ્રસન્નતા, સરળતા આદિની ભૂમિકા જીવતી રહ્યા કરે છે. મનને આમથી તેમ પછડાવાપણું થતું નથી. એવા અભ્યાસથી મનને કદી ઉચાટ, ચિંતા, અથડામણ, અકળામણ, ગૂંગળામણ, ક્લેશ, સંતાપ વગેરે તો ઊપજતાં જ નથી, ને એમ થતું જેમ જેમ તે જીવ અનુભવે છે, તેમ તેમ એને તેવી સ્થિતિમાં પ્રવર્તવાનું યોગ્ય જ લાગ્યા કરે છે.

## સાધકનું મંથન

તેવી દશામાંથી તેને કદીક કદીક હઠવાપણું થતાં તેને ગ્લાનિ થાય છે. કદી પણ ફરીથી તેમ ન બને એવો કૃતનિશ્ચયી તે બનતો હોય છે. તે જેટલી વાર ભૂલ કરે છે તેટલી તેટલી વાર તે તેમાંથી ફરી વાર વધારે તેજસ્વી ને વધારે જાગ્રત દશાનો થવાને, બેઠો થઈને ઉદ્યત થવાને ચેતનવંતો બને છે. પોતાની જીવકક્ષાથી કરીને પોતાનું ઊંધું વેતરાઈ જતાં તે સવેળા ચેતી જાય છે, ને પોતાની ભૂલને તે તુરતાતુરત ભૂલ તરીકે સ્વીકારીને તેને સુધારી લેવાને પણ તે મથે છે. જે જીવ

પરત્વે તેનાથી અજાણતાં દોષ થયો હોય, તેનું દિલ જીતી લેવામાં તે કશું બાકી રાખતો નથી.

### સદ્ભાવના લાભ

તેમાં લાભ તો આપણને થતો હોય છે. જે જે બધા જીવોનાં શુભેચ્છા, સહાનુભૂતિ, પ્રેમભાવ આપણા પરત્વે સહજમેળે વહ્યા કરતાં રહે છે ને એવા જ્ઞાનપૂર્વકના જીવતા અભ્યાસથી કરી આપણે એવું એક સજીવન ચેતનવંતું સર્જનાત્મક વાતાવરણ પ્રકટાવતાં રહીએ છીએ કે જે વાતાવરણ આપણા આધારનું કવચ બની જતું હોય છે ને તે ઢાલ પણ બને છે, તે આપણું સાચું મદદગાર ને રક્ષણ પણ બની જતું હોય છે. તેથી જે તે બધાં મળેલાં સાથે આપણા જીવનવિકાસનો સાચો પૂરો સ્વાર્થ તો તેવા જ્ઞાનપૂર્વકનો સદ્ભાવ કેળવવામાં રહેલો છે.

### સાવધાન !

વળી, બીજી એક મુખ્ય હકીકત આપણે ખ્યાલમાં તો એ રાખવાની છે કે જે જે રીતે, જેવું જેવું આપણે સાંભળ્યું, વિચાર્યું, વર્ત્યા, બોલ્યાં ને જેવી જેવી વૃત્તિ તે તે પળે આપણી રહી, તે તે રીતનું તેવું તેવું, તેવી તેવી વૃત્તિનું જીવન આપણે નિર્માણ કરી ચૂક્યાં એમ નિશ્ચે જાણવું, સમજવું ને માનવું. આ હકીકત સાચી છે. તેમાં કલ્પનાનો મુદ્દલે અંશ નથી. તેથી આપણે સાંભળતાં, વિચારતાં, બોલતાં, વર્તતાં, વહેવાર કરતાં, સંપર્ક સાધતાં આ બધું થતું રહેવાની પળ હોય તે પહેલાં અને તે વેળા આપણે ઘણાં ઘણાં સાવધ અને સાવધાન રહેવાની જરૂર છે. જીવકક્ષાનું નકારાત્મક જે હોય, તેવું જીવનમાં નિર્માણ નથી જ થવા દેવું એવો મક્કમ નિર્ધાર જે જીવે કરેલો છે, તેવો જીવ કંઈ પણ કશો નકારાત્મકપણાનો અંતરમાં કે બહારથી અનુભવ થતાં અંતરથી સાબદો બની પૂરો જાગ્રત

બને છે. એમ જાગ્રત થયા જવાનો અભ્યાસ જેમ જેમ જીવતો થતો જાય છે, તેમ તેમ જીવનવિકાસ પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ સાધકના અંતરમાં અંતરથી એના યોગ્યપણામાં પ્રકટતાં બની જતાં હોય છે. એવી વેળાથી જ સાધકનું જીવનવિકાસને યોગ્ય રીતે જિવાવાનું શરૂ થતું હોય છે.

## અનેરી ગુરુદક્ષિણા અને તેનાં સુફળ

સાધકના તેવા કાળના જીવનની શરૂઆત તે તો હજી સાધનાનું પ્રથમ પગથિયું ગણાય છે. માટે, આપણે વાત કરતાં કે વાત સાંભળતાં સદાય ચેતતાં રહેવાનું છે. કોઈ કોઈને વિશે આડીતેડી વાત કરતું આવે, તો ઘણા પ્રેમથી તેને પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવાનું કરવું. **ગમે તે થાય, તેમ છતાં જીવનના નકારાત્મક પાસાંને તો કાન, મોં, આંખ ન ધરવાં તે ન જ ધરવાં.** તારાથી પ્રભુકૃપાબળે એટલું પણ જો બની શક્યું તો તે તારા જીવનના હાલના તબક્કે મોટું પગલું ભર્યું ગણાશે. માટે આ બાબતમાં તારે હંમેશાં ઘણા ઘણા ચેતેલા રહ્યા જ કરવું. તારી કને આવી આવી જાતની ગુરુદક્ષિણા માગ્યા કરું છું. એવું એવું આપ્યા કરે તો પ્રભુકૃપાથી આ જીવને ઘણાં આરામ, શાંતિ, આનંદ વગેરે મળ્યા કરે. વધારામાં તારે માટે હૃદયમાં એક એવી જાતનો ભાવ પ્રકટ્યા કરે કે જેની સહાનુભૂતિનો સ્પર્શ તને અનુભવમાં પણ પ્રકટવાનો હોય તો પ્રકટે પણ ખરો ને તે તેમ પ્રવર્તી પણ શકે ખરો.

## યજ્ઞાર્થે જીવન

એવી એવી રીતે જ્ઞાનભક્તિપૂર્વક જીવનવિકાસનાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રકટાવી પ્રકટાવી વર્તવું, વિચારવું, બોલવું, માનવું, સમજવું, કલ્પવું વગેરે વગેરે કરવું તે જ જીવનની સાચી કમાણી છે. માટે, જેમાં ને તેમાં જીવનવિકાસનાં દૃષ્ટિ,

વૃત્તિ ને વલણ સભાનપણે સમજણપૂર્વક પ્રકટાવી પ્રકટાવી જીવવાનું છે. આ યજ્ઞ કંઈ જેવો તેવો યજ્ઞ નથી. એવા જીવનવિકાસ કાજે આદરેલા યજ્ઞમાં આપણે સતત આહુતિ આપ્યા કરવી. જે તે બધું હોમવા જેવું હોય તે હોમ્યે જ જવું. તારાથી મને સદાય સાચાં નિરાંત, શાંતિ, આરામ, આનંદ, સંતોષ મળ્યા કરે ને અંતરની ભૂખ ભાંગે એવું તને જીવનમાં યજ્ઞભાવે યોગ્યપણે વર્તવાનું અંતરનું જ્ઞાન પ્રકટ્યા કરો, એ જ પ્રભુને પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૮-૩-૧૯૫૩*

## સદ્‌ભાવનું આકર્ષણ

બીજા બધાં જીવો જે તારા સંસર્ગમાં છે, તેમનો આ જીવ પર ભાવ વધવામાં તું પોતે નિમિત્તરૂપ થવાની છે. જેમ જેમ તારો જીવનનો ભાવ નિર્મળ થતો જવાનો, સર્વ પરત્વેનો સદ્‌ભાવ જીવતો બનતો જવાનો ને જીવનવિકાસના આદર્શમાં તારી નિષ્ઠા જેમ જેમ પ્રકટતી જવાની, તેમ તેમ સહુ કોઈનું તારા તરફનું આકર્ષણ પ્રકટવાનું. આપણાથી જાણેઅજાણે આપણાં વર્તનથી, શબ્દથી, વહેવારથી કોઈનો પણ વિરોધ વહોરી લેવાનું ન બને, તેની તો પૂરેપૂરી જાગ્રત કાળજી આપણે રાખવાની છે.

## વાણીનો સંયમ

કોઈને શિખામણ કે બોધનાં વચનો કથવાં જ નહિ. વણઇચ્છ્યું ક્યાંય કશામાં માથું મારવું નહિ. વણમાગ્યું વચન ઉચ્ચારવું નહિ. **વચનમાં તો દરિદ્રતા જ શોભે**. વાણીના બોલવાપણામાં તો જ્ઞાનપૂર્વક કંજૂસ બનવાનું છે. **નામસ્મરણમાં જેટલી વાણી ખર્ચાય તેટલું ઉત્તમ છે.** જ્ઞાનભક્તિપૂર્વક જેમ જેમ મૌન પળાતું જાય છે તેમ તેમ વાણી કે વચનની પણ

શક્તિ પ્રકટતી જ હોય છે. મૌનનું જ્ઞાનભક્તિપૂર્વક યથાર્થતાથી પાલન થતાં અંતરની શક્તિનું વેડફાઈ જવાનું બનતું નથી. તે શક્તિ નામસ્મરણમાં વપરાય છે, ને એવા થતા રહેતા નામસ્મરણથી હૃદયમાં ભાવના-પ્રેમ વિશેષ પ્રગટતાં જતાં અનુભવાય છે. માટે જે જીવને જીવનનો વિકાસ સાધવો છે, તેવા જીવને તો યોગ્ય પ્રકારનું મૌન પાળ્યા વિના છૂટકો થતો હોતો નથી. ઓછામાં ઓછું બોલવામાં ઘણા લાભ છે. હેતુપૂર્વકની મધુર વાણી ને તે પણ જ્ઞાનપૂર્વકની સદ્ભાવયુક્ત જ્યારે ઉચ્ચારાય છે ત્યારે તેવી વાણીમાં જે પ્રાણ પ્રકટેલો હોય છે, તેવું ચેતન વેડફાતી રહેતી વાણીમાં કદી પણ હોતું નથી. વાણીથી વેડફાઈ જતી શક્તિને આપણે વધારે જાગૃતિ સેવી સેવીને નામસ્મરણમાં એકાગ્ર ને કેંદ્રિત કરવાની છે તે જાણજે. સાધકને કાજે વાણીનો સંયમ એ ઘણો ઘણો જરૂરનો છે. એ સંયમ સ્થૂળ, સૂક્ષ્મ ને કારણ, એમ ત્રણ પ્રકારનો હોય છે. એવા સંયમના હાર્દમાં જો જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ પ્રકટેલો હોય છે, તો તેવો સંયમ યોગની ભાષાના ‘સંયમ’ની કળામાં આપણને પ્રકટાવે છે. સંયમમાં ક્યાંયે શુષ્કતા નથી, કઠોરતા પણ નથી. જેને સંયમ શુષ્ક ને કઠોર લાગે છે, તેઓ સંયમના હેતુને ને તેની ભાવનાને તેના યથાર્થપણામાં સમજેલા નથી. વાણીનો સંયમ અંતરની શક્તિને પ્રગટ કરવામાં ઘણો મોટો ભાગ ભજવે છે. વાણી તો જીવનમાં આમ કે તેમ ઘણો મોટો ભાગ ભજવે છે. વાણી કંઈક કંઈકને જન્માવે છે, કંઈક કંઈકને મૃત્યુ પમાડે છે, કંઈક કંઈકનું રક્ષણ કરે છે ને કરાવે છે. વાણી એ જેટલી સમર્થ શક્તિરૂપે છે, તેવી રીતે તેનું-વાણીનું-અવ્યક્ત સ્વરૂપ અંતર્મુખપણું-મૌન છે. મૌનનું આંતરિક વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ પ્રકટયાં વિના મન નિઃસ્તબ્ધ-નીરવ દશાને

કદી પણ પામી શકતું નથી. મન નિસ્તરંગ દશાને જ્યાં સુધી ન પામે ત્યાં સુધી મનની મૂળ શક્તિ વ્યક્ત થતી અનુભવાઈ શકાતી નથી. એવી નિસ્તરંગ દશા જ્યારે પૂર્ણપણે ગાઢતાને પામે છે, ત્યારે કોઈ પણ વૃત્તિ, વિચાર, લાગણી-કશું પણ મનમાં ફરકતું સરખું અનુભવી શકાતું નથી. તેવી ગાઢ નીરવતામાં કંઈક થોડી હળવાશ આવતાં વિચાર કદી તૂટક તૂટક આવે, પણ તે ટકે નહિ, પસાર થઈ જાય. તેમાં (તે વિચારમાં) આનુષંગિક વિચાર તો કદી જોડાય જ નહિ. એટલે જન્મેલા વિચારને અનુસરતી બીજી વિચારપરંપરા જાગી શકતી નથી. એવી નિરંતર નીરવતા મનની પ્રકટ્યા કેડે ને તેવો અનુભવ લાંબા ગાળા સુધી જીવતો ટક્યા કરે, ત્યારે તેવી દશામાં રાગદ્વેષથી એટલે કે દ્વંદ્વથી જીવ પોતાને મુક્ત થતો અનુભવે છે. આમ, જીવે જો જીવનવિકાસની સાધના કરવાની જ હોય તો તેણે સમજી સમજીને મૌન પાળવાની ઘણી ઘણી જરૂર રહે છે, કિંતુ તે જડપણે તો નહિ જ. જીવે જે કંઈ કરવાનું હોય તે તે જ્ઞાનપૂર્વક કરવાનું છે, કે જેથી તેમાંથી હેતુનું ફલિતાર્થ થવાપણું પ્રકટ્યા કરે.

## નમ્રતાભરી વાણી

કોઈ ગમે તે આ જીવ વિશે કહે, તેથી કોઈએ કશું તે અંગે માનવાપણું ન હોય. તે તો સહુ કોઈને પોતપોતાના અનુભવથી જે સમજાય તે ખરું, તેટલુંયે (માત્ર સમજણ) યોગ્ય નથી, પરંતુ જ્યારે તે (ગુરુરૂપી સાધન) ખરેખરું આપણા જીવનમાં કામ કરતું બની જાય ને જીવનમાં નિષ્ઠારૂપે જીવતું પ્રગટી જાય-કે જેમાંથી પછી કંઈ પણ કશાથી પાછા હઠવાપણું ન બને-તો જ તે આપણને સાચેસાચું ખપનું નીવડી શકે. વળી, આ જીવથી કોઈનુંયે કશું નીપજી શકતું નથી. જેને જેને જે કંઈક એવું લાગે છે, તે તે જીવની આ

જીવ પરત્વેની સદ્‌ભાવનાને આધારે તેને તેમ લાગતું હોય છે. માટે ખરો યશ તો માનનારનો ને જે તે પ્રમાણે હૃદયથી વર્તે તેનો છે, તે જાણજે ને માનજે.

*કુંભકોણમ્‌* *હરિઃૐ* *તા. ૩૦-૩-૧૯૫૩*

## ભગવાનના ભાવનો અવર્ણનીય અનુભવ

ગઈ કાલે સવારે ભાઈ મૌનમાં બેસી ગયા. અહીં પ્રભુકૃપાથી હરિ મળી ગયો, હરિનું અંગ મળી ગયું, 'હરિઃૐ આશ્રમ' મળી ગયો, કેટકેટલી શાંતિ ને નીરવતાયુક્ત પરમ કલ્યાણકારી સ્થળ મળી ગયું ! તેમાંયે વહાલાં સ્વજનનું જાહ્‌નવીસલિલ જેવું પુણ્યસ્મરણ જીવનમાં જે આહ્‌લાદજનક ભાવ પ્રકટાવી જીવનને બહેલાવે છે, મહેકાવે છે ને જીવનને જે કૃતકૃત્યતાનો અનુભવ કરાવે છે, તે શ્રીભગવાનનો ભાવ જે અનંત સ્વરૂપે વિલસી રહેલો છે ને તેમ છતાં પાછો એક જ છે, એનો પ્રત્યક્ષ જ્ઞાનભાવે અનુભવ થતાં હૃદય જે અનુભવે, તે તો એકમાત્ર તે કક્ષાનો અનુભવી હોય તે જ સમજી શકે. બાકીનાંનું તો કશું ગજું નથી.

## જીવકક્ષાનું પુણ્ય પણ બંધનકારક

જીવની ઈચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ, લાલસાઓ, લોલુપતાઓ, દ્વંદ્વની અનેક પ્રકારની વૃત્તિઓ વગેરે વગેરે તેના સ્વભાવ પ્રમાણે તેને ઊંચે કે નીચે લઈ જતાં હોય છે. અહીં 'ઊંચે' લખ્યું છે તે પણ સમજવા જેવું છે. જીવ જીવના સ્વભાવ ને પ્રકૃતિમાં પણ ફરક રહ્યા કરે છે. કોઈ કોઈ જીવની ઈચ્છાઓ, કામનાઓ, આશાઓ વગેરે તદ્દન ક્ષુલ્લક અને કનિષ્ઠ પ્રકારની હોય છે, તો વળી કોઈક કોઈક જીવ તેના કરતાં કંઈક ઊંચી જાતની વૃત્તિની કક્ષાવાળો હોય છે, તો તે પેલા પહેલા જીવ કરતાં જરાક ઊંચી જાતનો ગણાય ખરો,

પણ તે પ્રકૃતિના ગુણમાં જ. જ્યાં સુધી આપણે બધાં જીવદશામાં છીએ, ત્યાં સુધી જીવકક્ષામાં થયેલું ઉત્તમ કર્મ પણ જીવને બંધનકારક છે, તે નિશ્ચે કરીને જાણવું. જીવદશામાં થયેલું કે કરેલું પુણ્ય પણ બંધન છે. તેથી પુણ્ય, ઉત્તમ કર્મ ન જ કરવાં એવું લખવાનો કે કથવાનો હેતુ નથી, પણ ચેતનના ભાવની અપેક્ષાએ ખરું શું છે, તે સમજાવવાને લખવું પડેલું છે, તે જાણજે.

## સદ્‌ગુરુનું ભાવસ્મરણ

તને જે જે લખેલું છે, તેનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક પાલન કરતાં રહેવામાં સાર છે. હૃદયમાં ભાવના પ્રકટાવતાં રહીએ ને તેવી ભાવનાની ભૂમિકામાં નામસ્મરણ કર્યા જ કરીએ, નામસ્મરણ તો એકધારું, સતત, 'તૈલધારાવત્' કર્યા જ કરીએ. ભાવનાથી કોરાં થયેલાં લાગીએ, તો શું સદ્‌ગુરુ મૂઓ પડેલો છે ? તો પછી આપણે સદ્‌ગુરુ કર્યો શેને કાજે ? એનું હૃદયમાં હૃદયથી ભાવસ્મરણ પ્રકટતાં હૃદયમાં જો ભાવ ન પ્રકટી શક્યો તો આપણું દિલ સદ્‌ગુરુનામાં લાગેલું નથી તે નક્કી પ્રમાણવું. આ જીવ એના સદ્‌ગુરુનું પુણ્યસ્મરણ પ્રકટાવી પ્રકટાવીને, હૃદયમાં ભાવનાનો ઓઘ જન્માવીને, તેના વડે કરીને જીવનની સાધનાનું કામ એની કૃપાથી કર્યા કરતો હતો. મનાદિકરણોને જરા પણ શુષ્ક તો થવા દેવાં જ નહિ. ભાવનાથી તે જ્યારે તરબોળ રહ્યા કરે છે, ત્યારે બીજી કોઈ જાતના વિચારો પ્રવેશી શકતા પણ નથી ને ઊઠી પણ શકતા નથી. તેવી દશામાં નામસ્મરણ આદિ સાધન, ભાવની એકતાનતાથી, એકાગ્રતાથી સારી રીતે થયા કરે છે, એવો આ જીવનો અનુભવ છે. ભાવની એકાગ્રતા જામતાં જામતાં તેમાંથી કેંદ્રિતતા પ્રકટે છે. ભાવની કેંદ્રિતતા થતાં અને તે તેની સંપૂર્ણતાની ટોચે પ્રકટતાં ને તે દશામાં લાંબા ગાળા સુધી ટકતાં-જીવતી રહ્યા કરતાં-તે પછી

તેનો વિસ્તાર પણ થવા માંડે છે. સદ્ગુરુનું ચેતનવંતું પવિત્ર સ્મરણ હૃદયમાં હૃદયથી પ્રકટાવી પ્રકટાવી તેના હૃદય સાથે આપણા હૃદયનું ભાવભક્તિથી એકતાનતાભર્યું અનુસંધાન કર્યા કરીને તેવું જ્ઞાનયુક્ત તાદાત્મ્ય સાધી સાધીને, હૃદય હૃદયની એકતા જ્યારે ઉદ્ભવે છે, તેવી વેળા જ જીવંત ચેતનાયુક્ત કેંદ્રિતતા પ્રકટે છે, તે જ સ્થિતિ જ્ઞાનદશાના અનુભવની ભૂમિકારૂપે હોય છે.

## ઝડપી પ્રગતિ

ગુરુ બિચારો ભણાવે તો ઘણું, પણ ઘણું કરવાની પ્રબળ, ઉત્કટ, હૃદયની મુરાદ કયા જીવમાં જાગેલી છે ? કોક એવું શ્રીપ્રભુકૃપાથી થાય ને આ જીવને તેના વડે કરીને કંઈક હૃદયમાં શાંતિ મળે તો ઉત્તમ. પ્રયોગો કર્યા વિના કોઈ પણ બાબતનું જ્ઞાન મળી શકતું નથી. જ્ઞાનભક્તિપૂર્વક પ્રયોગ કર્યા કરવાથી ઘણી ઘણી શાંતિ, પ્રસન્નતા આદિ નીપજ્યાં કરવાનાં છે, તું પ્રભુકૃપાથી તેમ કરતી રહેશે તો જ તારાથી સંસાર-વહેવાર-વર્તનમાં અટવાઈ જવાશે નહિ. સકળ કંઈ કર્યા કરતા હોઈએ, તેમાં તેમાંથી જીવનને ઊંચે તારવતા રહીએ, તો જ ઉચ્ચ ભાવનાના ક્ષેત્રમાં આપણાથી હૃદયથી રમ્યા કરવાનું એની કૃપાથી બની શકે. સદ્ગુરુના હૃદયના ભાવને જ્યારે સાધક જીવ પ્રેમભક્તિ વડે કરીને હૃદયમાં હૃદયથી પકડતો બની શકે છે, તે વેળાથી સાધકના જીવનનો વિકાસ ઘણો ઝડપી બની જતો હોય છે. સમર્થ દોરનાર મળી ગયો છે, એવો જ્ઞાનાત્મક ને નિર્ણયાત્મક અનુભવ જ્યારે જીવને થાય છે, ત્યારે જ સાચી નિષ્ઠા એના હૃદયમાં જીવતીજાગતી પ્રકટ્યા કરી, એને કદી પણ પોતે એકલો છે એવું મનાવા દેતી નથી. પોતાના જીવનના પ્રાણપ્યારા રાહબરની હાજરી તે સદાય અનુભવતો જ રહે છે, ને એનાથી કરી તે પોતાનું કામ સાધ્યે જ જતો હોય છે.

## હૃદયની ભાવના

હૃદયની ભાવના કંઈ એમની એમ તો પ્રકટતી હોતી નથી, ભાવના પ્રકટવા કાજે ભૂમિકાની જરૂર રહે છે. હૃદયમાંનો પ્રકટેલો પ્રેમભાવ હોય તો ભાવના પ્રકટે, પણ જો એનો જ્ઞાનાત્મકપણે ઉપયોગ થતો રહે, તો તેવી ભાવનામાં વધારે ને વધારે ચેતનવંતા પ્રાણ પ્રકટી શકે છે. ભાવના તે પછી માત્ર ભાવના નથી રહી શકતી. ભાવનાની પણ જુદી જુદી કક્ષાઓ હોય છે. ભાવના નક્કર વાસ્તવિકતાના પ્રદેશમાં ફેરવાઈ જતી હોય છે. તેમાં જ્ઞાનપ્રદેશની અનેક પ્રકારની વાસ્તવિકતાઓનાં દર્શન સાધકને થતાં રહે છે. તે વેળા ઘણું ખરું તો તે દશામાં સાધક મદમસ્ત આનંદનો ઉપભોગ કર્યા કરવામાં બસ પડ્યો જ રહે છે.

## ઉપભોગ નહિ, પણ ઉપયોગ

પણ પ્રત્યેક ઊંચી કે નીચી કક્ષામાં ઉપભોગ એ તો મૃત્યુ છે ને ઉપયોગ એ જ્ઞાન છે, તે નક્કી સમજવું. ઉપભોગમાં તો જીવદશાનાં જ લક્ષણો પ્રવર્તે છે. ઉપભોગમાં યજ્ઞ કરી લીધા પછીની બાકી રહેલી પ્રસાદી તરીકેનો જ ભાવ છે, તે ભાવ તો જ્ઞાનાત્મક છે. તેવો ભાવ કંઈ મારા તારા જેવા જીવદશાવાળામાં ન હોઈ શકે. ઉપભોગમાં જેવું આત્યંતિક જ્ઞાનના અનુભવનું પ્રત્યક્ષ જીવતુંજાગતું ભાન-હૃદયમાં હૃદયથી જ્ઞાન-પ્રવર્ત્યા કરતું રહે છે, તેવાને તો કશો વાંધો હોતો નથી, પરંતુ આપણે ક્યાં ને તેવો આત્મા ક્યાં ! માટે આપણે તો જે તે કંઈનો ભાવના પ્રકટાવવા કાજે ઉપયોગ કર્યા કરવાનું હૃદયમાં જ્ઞાન પ્રકટાવ્યા કરીએ તો કદી પણ કોરાં કોરાં ન રહી શકીએ. માટે, કૃપા કરીને જાગતી રહેજે. વધારે તો શું લખું ?

## સદ્‌ગુરુને ઉપયોગમાં લો

જીવનમાં બળ-પ્રેરણા મેળવ્યા વિના જીવન અકારું અકારું લાગે છે. મને પ્રભુકૃપાથી જીવનના સદ્‌ગુરુ તો મળેલા ને એની ભાવના વડે જીવનવિકાસની સાધનાનું કામ કરવાનું હતું, પરંતુ શરૂશરૂમાં તો વારે વારે ભૂલી જવાતું. એવું થતાં એના પરત્વેનો હૃદયનો પ્રેમભાવ જગવવાનું પ્રભુકૃપાથી કરતો. એવો હૃદયનો ભાવ મને એનામાં જાગ્રત બનાવતો, ને એવા એના ભાવભર્યા સ્મરણ વડે ભાવના પ્રકટાવી પ્રકટાવી-એ ભાવનાના આધારથી-નામસ્મરણ, ભજન, ધ્યાનાદિકના સાધનમાં એકાગ્ર ને કેંદ્રિત થવાને શ્રીપ્રભુકૃપાથી મથ્યા કરતો. માટે, સદ્‌ગુરુને જે જીવ ઉપયોગમાં લીધા કરે છે, તેવા જીવને જ સદ્‌ગુરુ કર્યાનો કંઈક અર્થ છે. બાકી તો કંજૂસના ધનના ઢગલાની પેઠે એને એક કોરાણે, ઉપયોગમાં લીધા વિના, તિજોરીમાં પૂરી રાખવાનો કશો જ અર્થ નથી. ઊલટું એથી તો જે ખરો સદ્‌ગુરુ છે એને અપરંપાર ત્રાસ થતો હોય છે. એ જ્યારે જુએ છે કે એનો કોઈ પણ રીતનો કશો ઉપયોગ થતો જ નથી, તે વેળા એ એવાના જીવનમાં રહેતો હોવા છતાં નથી રહી શકતો એવું બને છે. આ કંઈ કોઈને ગભરાવવા લખ્યું નથી પણ જે સાચી હકીકત છે તે લખી છે. માટે તું ઉપયોગનો ભાવનાત્મક, જ્ઞાનાત્મક પ્રયોગ કરતી રહેજે. તો જ એની કૃપાથી મળ્યાનો અર્થ છે.

## સાધકનો ગુરુને ખપ

જીવન કંઈ રગદોળાઈ જવા કાજે નથી. જીવનમાં ત્રાસ, કંટાળો, મુશ્કેલી, ઉપાધિ વગેરેને ક્યાંયે સ્થાન નથી. તેવું તેવું ઊપજતાં જીવે જીવનને વિચારવું ઘટે. તે તે બધું મળે છે તેનો પણ હેતુ છે. શાંતિ, તટસ્થતા, સમતા, ધીરજ, સહનશીલતા,

વિવેક આદિ ગુણો કેળવવાને તે તે બધું મળતું હોય છે. એટલે તે તો આપણા જીવનની પાઠશાળા છે. એમાંથી જો શીખવાનો જ ખ્યાલ ન રાખીએ અને જીવદશામાં તણાયા જ કરીએ, તો એવાંને તો કોણ સમજાવી શકવાનું ? એવાંની મડાગાંઠો કદી તૂટતી જ નથી. શું આપણે નરકમાં રગદોળાયા જ કરવું ? જોકે અસલ સ્વરૂપમાં તો જેમાં હોઈએ તેમાં તેના તેના અંતરગત મૂળ ભાવમાં જ આપણે પ્રવર્તતા હોઈએ છીએ. જ્યાં સુધી જીવદશામાં છીએ ત્યાં સુધી તો વારંવાર મનને સંકોરી સંકોરીને, સંકેલી સંકેલીને, ટકોરી ટકોરીને, એને સંસારવહેવારવર્તનના જીવપ્રકૃતિના અમલમાં ડૂબતાં ડૂબતાં, તણાઈ જતાં તણાઈ જતાં, બચાવી બચાવીને, ઊંચે તારવી તારવીને એને શ્રીભગવાનનાં ચરણકમળની પ્રેમભક્તિમાં સતત પરોવ્યા કરવાનો જ્ઞાનાત્મક આંતરિક પ્રયોગ હૃદયમાં હૃદયથી કર્યા જ કરવાનો છે. તેથી તે કર્યા કરશે તો જ તું ખપની છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૩૧-૩-૧૯૫૩*

## પ્રાણના પ્રકારો

જીવનવિકાસના સાધકે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ના વિકારોને સ્પષ્ટપણે તેમના તેમનાથી નોખા તારવીને પૂરેપૂરા સમજી લેવા ઘટે છે, ને તે પ્રમાણે દોરવાઈ જવાનો પોતે જ્ઞાનપૂર્વક ઈનકાર કર્યા કરવાનો રહે છે. આવો અભ્યાસ જીવતો થયા વિના સાધના થવી શક્ય જ નથી, કારણ કે સ્થૂળ પ્રાણ પોતાની અસર મનાદિ ઉપર પહોંચાડે છે, બુદ્ધિને ભમાવી દે છે, ચિત્તમાં પણ દોષ ઉત્પન્ન કરે છે ને મનને ભ્રમિત બનાવી દે છે. એટલે વિચારની પૂરેપૂરી શુદ્ધતા આપણામાં હોવા કે રહેવાનો ભાગ્યે જ સંભવ રહેતો હોય છે. એટલે જીવનવિકાસ સાધનાર જીવે પ્રાણશક્તિને એના અસલ સ્વરૂપમાં

(પ્રકૃતિના સ્વરૂપમાં) પૂરેપૂરી સમજી લેવાની રહે છે. આપણા આધારમાં રહેલી પ્રાણશક્તિનો પ્રાકૃતિક ધર્મ શો છે, એનો કોણ વિચાર કરે છે ? પ્રાણની હડફટે જે જે પદાર્થ ચડે, તેમાંથી તેમાંથી રસનો સ્વાદ ગ્રહણ કરી પ્રાણના અંતર્ગતપણામાં જે મૂળ શક્તિ રહેલી છે, તેને સ્થૂળ પ્રાણની ભૂમિકાથી પરની દશામાં તેનો ભોગ કરાવવો. સાધના કરતાં કરતાં પ્રભુકૃપાથી એક એવી અવસ્થા પ્રાપ્ત થતી હોય છે કે જેમાં પ્રાકૃતિક ઈચ્છા, આશા, કામના વગેરેને ઉત્પન્ન થવા દીધા વિના, પોતે એકાગ્ર ને કેંદ્રિતપણે પ્રભુભાવમાં સતત એકધારો રમી રહેલો હોય છે. તેવાને શ્રીપરમ કૃપાળુ ભગવાન જે કંઈ અનુભવ કરાવે તે સ્વીકારી તેનો રસ ભોગવવાની આંતરિક કળા તેના હૃદયમાં જાગેલી હોય છે, એમાં સ્થૂળ પ્રાણ કશો પણ ભાગ ભજવતો હોતો નથી. સ્થૂળ પ્રાણ, સૂક્ષ્મ પ્રાણ ને કારણ પ્રાણ કરતાંયે સાધના થતાં થતાં એ ત્રણે પ્રકારના કરતાં- એક એવા પ્રકારના પ્રાણનું જન્મવું પ્રાપ્ત થતું હોય છે, કે જેને તે વેળા સર્વ જે તે કંઈના ભોગના સામર્થ્યની સંપૂર્ણ શક્તિ ને સર્વ પ્રકારના મૂળનો રસ ગ્રહણ કરી, સ્વીકારી એનો ભોગ કરવાની શક્તિ તેનામાં પ્રકટતી જતી તે અનુભવી શકે છે.

**પ્રાણશુદ્ધિ માટે મૂળને શોધો**

ઉપલી બધી હકીકત આપણે જ્યાં સુધી જીવદશામાં છીએ ત્યાં સુધી તે દશામાં યોગ્ય રીતે સમજાઈ શકાવાની નથી, તો તે યોગ્ય પ્રકારમાં પ્રકટવી કેટકેટલું દુર્લભ હોય ! એના અર્થનો અનર્થ પણ થાય. આવી હકીકતો ન કહેવામાં જ સાર હોય, પરંતુ આ તો લખતાં લખતાં જે લખાયું તે લખાયું. જીવદશામાં તેથી આપણે પ્રાણની ભૂમિકાને સંપૂર્ણપણે શુદ્ધ કરવા કાજે, નિત્યમુક્ત સ્થિતિ અનુભવવા કાજે તૈયારી કરવાની રહે છે.

આધારમાં એવી જ્ઞાનપૂર્વકની જાગૃતિની ઘણી ઘણી જરૂર રહે છે. તેવો જીવ જ તેમ કરી શકતો હોય છે. જ્યારે જ્યારે સંસારવહેવારવર્તનમાં આપણને કોઈ પણ સુખદ કે દુઃખદ અનુભવ થાય તે તે વેળા જ્ઞાનયુક્ત જાગૃતિ સેવી સેવીને, તેને ઉપયોગમાં તે સમયે પ્રવર્તાવીને, તે તે સુખદ કે દુઃખદ અનુભવના રસનું અસલ મૂળ ક્યાં છે, તેને આપણે તટસ્થતા, સમતા, શાંતિના ગુણોની દશાથી પૂરેપૂરું સમજવું ઘટે છે. આપણને તે ક્યાંથી ને શેનાથી ઉદ્‌ભવ્યું ? એનું મૂળ શેમાં છે ? મૂળ કેવું છે ? જો સચેતન હોય તો તેનો ધર્મ શો હોય ? આપણને તે કોણે આપ્યો ? તેવી પ્રકૃતિના હાર્દમાં તેને વેગ-ગતિ આપી તેને ધક્કેલનાર કોણ ? જો તે અહમ્‌ની શક્તિ હોય તો તે અહમ્‌ની મૂળ શક્તિ શી ને કઈ ? તે સર્વ પ્રકારની શક્તિના મૂળમાં તો શ્રીભગવાનની ચેતનશક્તિ જ રહેલી છે. શ્રીભગવાનની ચેતનશક્તિ તો જેવા આધારમાં પ્રકટે તે તે પ્રમાણે તેનું સ્વરૂપ પ્રકટતું હોય છે, તો તેમાં તેમાં તેનો શો હેતુ હોઈ શકે તે આપણે વિચારવું ઘટે. એટલે આપણા સ્થૂળ પ્રકારના પ્રાણમાં જે જે કંઈ ઊઠે, ઊગે, તે તે વેળા એકદમ તે પ્રાણના કાર્ય કે પ્રગતિકાર્યમાં, તેના આઘાત કે પ્રત્યાઘાતમાં, એના વમળમાં અટવાઈ જઈને, તેનામાં એકરાગ થઈને, તેની તેવી તેવી આશા, કામના, ઈચ્છા, આસક્તિ, રાગ, મોહ ઈત્યાદિ રાગદ્વેષના વિષયમાં પડી જવાનું ન હોય. સર્વ કંઈ જેમાં ને તેમાં શ્રીભગવાનનો સર્વથી પર, આનંદદાયક મૂળ રસ વસેલો છે, તેથી આપણે તેના સ્થૂળ સ્વરૂપને મનાદિ-કરણોમાંથી ત્યાગીને, કાઢીને, તેમાંથી મુક્તિ મેળવીને, એને ધક્કેલનાર જે રસ મૂળનો છે, તેના પરત્વે જ આપણું અંતર થયા ને રહ્યા કરવું ઘટે, એવી સાધકની જીવનની નિષ્ઠા, તે

પરત્વે જીવતી જ્યારે હૃદયમાં પ્રકટે છે, તે વેળા સ્થૂળ પ્રાણના આકારો પ્રકારોથી કદી પણ તે અટવાઈ જતો નથી.

## ઊંચી સાધક અવસ્થામાં મનની દશા

ફૂલમાં જે મધુરી મધુરી સુવાસ છે, તેમ રસગ્રહણશક્તિ દ્વારા શ્રીભગવાનના ભાવનો જ સાધકે અનુભવ કર્યા કરવાનો હોય છે. એવી એવી વેળા તે તે પ્રકારની સ્થૂળ ઇંદ્રિયોને તૃપ્તિ પમાડવાનો જાગ્રત ખ્યાલ સાધકને કદી પણ ઊપજી શકતો નથી. જેમ કે ઉપર વર્ણવેલી સાધકદશાનો જીવ તેવી તેવી સુવાસ દ્વારા તેના નાકની ઇંદ્રિયને તૃપ્ત કરવાનો વિચાર પણ કરતો હોતો નથી, બલકે એને એવો વિચાર સુધ્ધાં પણ ઊપજતો હોતો નથી. આવી બધી સૂક્ષ્મ ને કારણ પ્રકારની આંતરિક વિધિક્રિયામાં મનનો અસલ-મૂળ-ધર્મ પણ ભાગ ભજવી રહેલો હોય છે. તે વેળાનું એટલે તેવી ઉચ્ચ દશામાં આપણામાં-જીવદશામાં જેવું મન હોય છે, તેવા પ્રકારનું તે મન નથી હોતું. તેવી દશામાં એટલે કે સાધનાનો ઉચ્ચતમ વિકાસ થતાં થતાં એક એવી દશા પ્રકટે છે કે જે વેળા મનનો મૂળ ધર્મ મુદ્દલ જીવપ્રકારનો રહેતો નથી. સર્વ ઇંદ્રિયો ને કરણોની ગમે તેવી અસર, છાપ કે ગમે તેવા સંસ્કારોમાં તે સ્થિર અચળ રહે છે અને એટલું જ નહિ પણ એની અસર, છાપ, સંસ્કારોને-તે તે જેવી રીતે પડતાં હોય છે, તેવા ને તેવા સ્વરૂપમાં જરા પણ વિકારનો સ્પર્શ થવા દીધા વિના-તે તે બધું પોતાની ગળાઈ જઈને શુદ્ધ થયેલી બુદ્ધિને તેવું મન તે વેળા તે મોકલી આપે છે, ને જે તે બધાંના સ્પર્શ પરત્વે પોતે (મન) સંપૂર્ણ ઉઘાડા થઈને, સાવ ખુલ્લા થઈને તે પ્રમાણે વર્તીને, નિષ્ક્રિયતાથી એ બધી રીતે તે મન વર્તવાનું અનુભવી શકે છે.

## ત્યારે પણ પ્રાણની અશુદ્ધિ સાથે મનનો ઝઘડો

એવી મનની દશા થયેલી હોય છે, તેવી વેળા પણ પ્રાણની શુદ્ધિ પૂરેપૂરી થઈ ગયેલી હોતી નથી, તે નક્કી જાણવું ને સમજવું. મનની આટલી ઉચ્ચ કક્ષા પ્રવર્તતી હોય છે, તેવી વેળા પણ પ્રાણ તેમાં ભળીને ઈચ્છા, કામના, આશા આદિ ઉત્પન્ન કરાવી શકે છે. આવું થતું હોય છે તે વેળા આપણું મન જેવું જીવદશામાં હોય તેવા પ્રકારનું તે વેળા તો તે હોતું નથી. તેથી ઇંદ્રિયોના તેવા સંસ્કારો તે દશાનું મન તટસ્થતાપૂર્વક સમતાશાંતિથી અનુભવી શકતું હોય છે, તે પળે જ્ઞાનયુક્ત જાગૃતિ સેવી સેવીને- તે જીવ કંઈ નમાલો બની ગયો હોતો નથી-તેવી વેળા મન પોતાની શુદ્ધ સાત્ત્વિક બનેલી પરાબુદ્ધિની મદદ માગી લે છે. તેની પ્રેરણાથી તે પોતે સમતાથી પ્રત્યક્ષપણે નીરખી લેતું હોય છે કે તે તે મૂળ અસર-છાપ-સંસ્કારોમાં પોતે (મન) પ્રાણની પ્રકૃતિથી ચલાયમાન થઈને કેટલું આઘુંપાછું થતું હોય છે.

## જાગેલી વિવેકશક્તિનું કામ

આવું થતાં થતાં સાધનાની એક એવી ઉચ્ચતમ કક્ષા પ્રકટે છે કે જેમાં સાધકની વિવેકશક્તિ ઘણી ઘણી સૂક્ષ્મ બનીને જાગ્રત થયેલી દશામાં પ્રવર્તતી હોય છે. તેથી આવું ઘણું ઘણું સૂક્ષ્મ કાર્ય તે સરળતાથી કરી શકે છે. સામાન્ય જીવકક્ષાનાં મનબુદ્ધિથી, આવું કદી પણ શક્ય નથી. પ્રત્યેક ખેંચનાર, આકર્ષણ પમાડનાર, રસ ઉત્પન્ન કરનાર, કામના ઉત્પન્ન કરનાર કે એવા એવા પ્રકારના સંસ્કાર જન્મતાં તેનું તટસ્થતાથી, સમતાથી, જાગ્રત મનબુદ્ધિથી, પૃથક્કરણ કરી કરી તેના આકર્ષણનું સાચું મૂળ શેમાં રહેલું છે, તે પોતે અનુભવી લે છે, તેથી તે કાળે તે તે અસર, છાપ કે સંસ્કારોના સ્થૂળપણામાં કદી પણ રાચી શકતો નથી.

## વિવેકશક્તિ દ્વારા અનુભવદર્શન

મનુષ્યની બુદ્ધિએ જે જે બધું ઉપજાવ્યું છે, તેમ જ કુદરતે જે જે બધું સર્જન કર્યું છે, તે તે બધું જ શ્રીભગવાનની શક્તિનો જ આવિર્ભાવ છે, એવો પ્રત્યક્ષ અનુભવ કરતો કરતો તે તેમાંથી સાર ગ્રહણ કરતો રહે છે, ને તેવાં તેવાં અસર, છાપ, સંસ્કારોમાં તે બંધાતો નથી, એટલું જ નહિ, પણ તેમાંના જીવંતપણાને તે જાગ્રત સ્વરૂપે પિછાને છે, તેનો મર્મ પણ સમજે છે, તેનો હેતુ પોતે અનુભવે છે ને એના જ્ઞાનયુક્ત ઉપયોગના પ્રમાણમાં તે કાળે શ્રીપ્રભુકૃપાથી પ્રવર્તવાનું કર્યા કરતો હોય છે.

## તે દશાની બુદ્ધિનું કાર્ય

આવી વેળા શુદ્ધ સાત્ત્વિક થયેલી બુદ્ધિ સંપૂર્ણપણે પક્ષપાત વિનાની થઈ ગયેલી હોય છે. તે પૂરી નિરાગ્રહી બનીને સંપૂર્ણ નિરાસક્તપણામાં પ્રકટેલી હોય છે, એનામાં ઘણો ઘણો સૂક્ષ્મ ક્રિયાત્મક વિવેક પ્રકટેલો હોય છે, જે પૂરેપૂરો નિષ્પક્ષપાતપણાનો હોય છે ને સંપૂર્ણ સમત્વયુક્ત હોય છે. શાંતિની દશા તે વેળા જીવતી થયેલી બુદ્ધિમાં પ્રવર્ત્યા કરતી હોય છે. પોતાનાથી પર દશામાં જે પ્રેરણાત્મક સમજણો પ્રકટ્યા કરે છે, તેને તે અસલ મૂળ ધર્મના સ્વરૂપમાં સ્વીકારી શકતી હોય છે, એટલે આવા પ્રકારની બુદ્ધિ મન દ્વારા પ્રાણને સંપૂર્ણ શુદ્ધ કરાવવાને શક્તિમાન બની શકતી હોય છે.

## પ્રેમમય અને આનંદમય ચિત્તદશા

આવી દશા જ્યારે મનની, બુદ્ધિની પ્રકટેલી હોય છે, તે વેળા જેને આપણે યોગની ભાષામાં ચિત્ત કહેતાં હોઈએ છીએ, તે ચિત્ત પણ ઉચ્ચતમ કક્ષાનું બની ગયેલું હોય છે. એવી દશામાં ચિત્તનો અસલ મૂળ ધર્મ તો શુદ્ધ સાત્ત્વિક પ્રેમભાવનો

ને સહજ એકધારો જેમાં તેમાંથી જે જે પ્રાપ્ત થયા કરે છે, તેમાં તેમાંથી સહજ નૈસર્ગિક આનંદ અનુભવ્યા કરવાનો પ્રાપ્ત થતો હોય છે. તે વેળા તેવા ચિત્તનો ભાવ સર્વગ્રાહી ને સર્વલક્ષી પ્રકટેલો હોય છે, જેને જેને તે સ્પર્શે, અલબત્ત, તે સ્પર્શવા આપમેળે તો કદી પ્રેરાતું જ નથી, એવા એવા નિમિત્ત સંજોગે તેમ તેમ બનતાં તે સ્પર્શે છે, એનો પ્રેમભાવ પણ સર્વગ્રાહી ને સર્વશક્તિમાન બની ગયેલો હોય છે. વળી, જેમાં ને તેમાં, કણેકણમાં, રોમેરોમમાં, સચરાચરપણે વ્યાપી રહેલો જે સહજ આનંદ છે, એ બે ભાવો (પ્રેમ ને આનંદ) ચિત્તમાં પ્રકટપણે પ્રવર્તી રહેલા હોય છે. ને વારે વારે ચિત્તમાં જે જે ભાવ જાગે છે, તે તે વેળા ઉપરના બે touchstoneથી-કસોટીના પથરાથી એને જુએ છે ને તપાસે છે અને અનંત શાંતિ, અનંત પ્રેમ, અનંત ભાવ ને સહજ આનંદની સ્થિતિમાં તેનાથી લવલેશ પણ ભંગ ન પડી શકતો હોય, તેવી જ રીતે ત્યારે ત્યારે પોતાને પ્રવર્તતું તે અનુભવી શકે છે.

## આગળની હકીકતો

તેથી કરીને પ્રાણની જીવપ્રકારની શક્તિ શુદ્ધ થતી જતી હોય છે, કારણ કે તે જે જે રીતે ઊઠે છે તે તે રીતે તો એનો ઉપભોગ થતો હોતો નથી, એથી કરી એને ત્યાં ત્યાં ભોંઠા પડવું પડે છે, ને તેવા તેના ઊઠવાપણામાં તે સ્વરૂપે તે ત્યાં ટકી શકતું નથી. તેને તે દશાનાં મન, બુદ્ધિ, ચિત્ત પોતપોતાની ભૂમિકા પ્રમાણે સ્વીકારીને એને પણ ઊંચે પ્રકટાવવાને પ્રેર્યા કરતાં હોય છે. આવી છે ઉચ્ચતમ સાધનાના વિકાસની ઘણી ઘણી આગળની દશામાં પ્રગટેલાં મન, બુદ્ધિ, ચિત્તની હકીકતો.

## સમજનાર સમજશે

આને કોણ સમજી શકે ? એ તો કોઈ ઘણો ઘણો આગળ

વધેલો હોય તે સમજી શકે. તો પછી તારી પાસે આ બધું ખાલી ખાલી પીંજણ કર્યું શા કાજે ? એક અનંતમાં છે ને એકમાં અનંત છે, એટલે કોઈને લક્ષમાં રાખ્યું છે. તે કારણથી જ્યારે આ લખાણ વ્યક્ત થશે ને તેવા જીવના વાંચવામાં આવશે ત્યારે તે સમજવાનો હશે તો તેના યોગ્ય અર્થમાં સમજશે તો તે પ્રભુકૃપા છે. એટલી તે જીવની સેવા એટલે કે પ્રભુભક્તિ થઈ એમ સમજી પ્રભુકૃપાથી કૃતાર્થ બનીશ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૩૧-૩-૧૯૫૩*

## વૈરાગ્યનો સાચો અર્થ

વૈરાગ્ય એટલે સંસારવહેવાર પરત્વેની ઉદાસીનતા અથવા બેપરવાપણું એવો કંઈક એનો પ્રચલિત અર્થ છે. ઉદાસીનતાનો સાચો અર્થ શો હોઈ શકે તે પણ હજી આપણને ખ્યાલમાં યોગ્યપણે ઊગી શકેલું નથી. જે જે કાળે, જે જે પ્રાપ્ત ધર્મ્ય કર્તવ્ય હોય, તેનો યોગ્ય રચનાત્મક ભાવે સ્વીકાર કરી, તેનું પાલન કરવામાં સાચા વૈરાગ્યનો કદી પણ વિરોધ હોતો નથી. જીવનવિકાસની ભાવના જ્યાં ત્યાંથી ઉદ્દીપન થયા કરે, તેમાં તેમાં રસ પ્રગટ્યા કરે છે, ને જે જે એવી અંતરની રસવૃત્તિને હાનિ પહોંચાડી શકે તેવું હોય, તે પરત્વે જ્ઞાનપૂર્વકની જાગ્રત ઉદાસીનતા સહજમેળે પ્રકટ્યા કરે, તે ઉદાસીનતા રચનાત્મક પ્રકારની ગણાય. આજકાલ તો વૈરાગ્યને નામે બેજવાબદાર સ્વચ્છંદ જ પ્રવર્તે છે. મોટા ભાગના સાધુસંન્યાસી થઈ જનારા જીવો આવા પ્રકારના હોય છે અને ખૂબી તો વળી તે છે કે તેવા જીવો પોતાના તેવા વલણને વૈરાગ્યનું પાસું ગણતા હોય છે. ધ્યેયમાં વિશિષ્ટ, એકાગ્ર ને કેંદ્રિત રાગ પ્રકટી જવામાં જે પ્રેરણાત્મક દોરવણી કર્યા કરે છે તે વૈરાગ્ય. **સાચો વૈરાગ્ય કદી પણ કર્તવ્યભ્રષ્ટ થઈ શકતો નથી.**

## સાચા વૈરાગ્યનાં લક્ષણો-મુક્તનાં લક્ષણો

સાચા વૈરાગ્યની ભાવનાનાં જ્ઞાનપૂર્વકનાં અનુશીલન, પરિશીલનમાંથી તો ઉત્તમ પ્રકારનું ઉચ્ચ, સૂક્ષ્મતમ, વિવેકનું ત્રીજું નયન પ્રકટી જતું હોય છે. કોઈ પણ દશાને તે સમતાથી શાંતિથી નિહાળી શકે છે. તે કંઈ કશા માટે બાવરો, ઉતાવળો કે અધીરો બની શકતો નથી. પરિગ્રહ કે અપરિગ્રહ બંનેમાં તે અટવાઈ મરતો નથી. જેને તેને તેની યથાર્થતામાં સ્વીકારવાને તે સદાય તત્પર રહે છે. જ્યાં પરિગ્રહની યોગ્ય જરૂર હોય ત્યાં તેને ઉપયોગભાવે જ્ઞાનપૂર્વક સ્વીકારતાં એને જરા સરખો પણ આંચકો આવતો નથી. ઉપયોગના અર્થમાં જરૂર ન હોય તો એનો ખાલી ખાલી પરિગ્રહ કરવાનો શોખ પણ એને હોતો નથી. અપરિગ્રહની બાબતમાં પણ ઉપર પ્રમાણેનું વૈરાગ્યનું આંતરિક વલણ હોય છે. જ્યાં જ્યાં આત્મસમર્પણની પ્રકટપણે જરૂરિયાત ઊભી થતાં ત્યાં ત્યાં તેમ કરવાને તે ઉદ્યત રહેતો હોય છે ને જરૂર વિના અમથો અમથો ત્યાગ કરવાને તે ઉતાવળિયો પણ બનતો હોતો નથી. વૈરાગ્યની સાચી ભાવનામાં તો જેમાં તેમાં સહજપણું પ્રકટેલું રહે છે. એમાં જ્ઞાનપૂર્વકની સંપૂર્ણ યોગ્યતા પ્રકટતાં રસને ભોગવે પણ ખરો, પણ તેમાં અર્થ તો ઉપયોગનો જ હોય છે. તે વેળા તેની મૂળ ભૂમિકા તો જ્ઞાનપૂર્વકના ઉપયોગની હોય છે. ઉપયોગને અર્થે જ એવા પ્રકારની જ્ઞાનભાનયુક્ત ભૂમિકાની સાથે તેનો સંજોગ હૃદયમાં સધાતો રહે છે. એને એટલે સાચા વૈરાગ્યને કંઈ કશા અમથા અમથા વિધિનિષેધ નથી હોતાં. ત્યાગ કરવાને તે અધીરિયો નથી બનતો, તેમ વિયોગ થાય તો તેની ઝંખનામાં ને ઝંખનામાં તે મરી પણ જતો નથી. જરૂર પડતાં જ્ઞાનભાવે ઝંખનાના ક્ષેત્રમાં પણ તે

ઊતરી શકે છે, પણ તેવી ઝંખના ઉપયોગના ભાવે જ ટકતી હોય છે. આપત્તિવિપત્તિનો તે યોગ્ય સામનો સમતા, તટસ્થતા, શાંતિથી કરતો હોય છે. કંઈ કશાથી એને હાલી ઊઠવાપણું થતું નથી, કંઈ કશાથી એને ડોલવાપણું હોતું નથી ને હોય છે તો માત્ર રસથી. કંઈ કશાથી કાયરતાથી ભાગી છૂટવાનું તો તે સમજતો જ નથી. તેની ધીરજ અપાર હોય છે, તેમ જ તેનો નિર્ધાર પણ તેવો જ હોય છે. જે જે મળેલું છે, તેનો તેનો તેના તેના યથાર્થપણામાં સ્વીકાર પણ કરતો હોય છે અને ઈનકાર પણ તેવો યોગ્ય ધર્મ સાંપડતાં કરતો હોય છે.

## વૈરાગ્યયુક્તને માટે સંસાર તો ગુરુ છે

વૈરાગ્યની પ્રણાલિકાના સંસ્કારમાં સંસાર મિથ્યા છે એવી ભાવના સંસારમાં પ્રવર્તે છે, પણ તે યોગ્ય પ્રકારની નથી. સંસાર મિથ્યા કેમ હોઈ શકે ? સંસાર તો જેને શીખવું છે તેને તો પ્રત્યક્ષ ગુરુ છે. એનાથી તો કેટકેટલું શિખાતું હોય છે ! સંસારમાં સંસારી બની જવાનું થતાં વૈરાગ્ય આપણને યોગ્ય પંથે દોરવતો હોય છે. સંસાર એ તો શીખવા કાજેની પાઠશાળા છે. પાઠશાળામાં જેમ ભણી કરી એવા ભણતરની સમજણનો જીવનમાં આપણે ઉપયોગ કરતાં હોઈએ છીએ, તેમ સંસારમાંથી વૈરાગ્યની ભાવના વડે મેળવાતી સમજણનો આપણે ઉપયોગ કર્યા કરવાનો હોય છે ને જીવનમાં તેવી કળા પ્રકટે છે, વૈરાગ્યની ભાવનાનો પ્રસંગે પ્રસંગે ઉપયોગ કરવાથી.

## વિવેક પણ ઊગે

વિપત્તિ, મુશ્કેલી, ગૂંચ, ઉપાધિ, ત્રાસ, સંતાપ, ક્લેશ આદિ જીવનમાં પ્રકટે છે, તે વેળા વૈરાગ્યની ભાવનાથી (જો તે જ્ઞાનપૂર્વક કેળવાયેલી હોય તો) ધીરજ, સમતા, તટસ્થતા, શાંતિ, પ્રસન્નતા આદિ જીવતાં રહી શકે છે ને દઢતા, મક્કમતાનું

યથાયોગ્યપણે પાલન થઈ શકે છે. વૈરાગ્યની જ્ઞાનપૂર્વકની ભાવનાના યથાર્થ સંચાલન અંગેનો સૂક્ષ્મ વિવેક વાપરવાની કળા પણ તેના અનુશીલન, પરિશીલનમાંથી પ્રકટ્યા કરે છે.

## જાગ્રત રહો

એક ઠેકાણે જો જાગૃતિ રાખી શકાય તો બીજે ઠેકાણે તે ઉપયોગમાં જરૂર જન્મી શકે. ખંત, કાળજી ને ઉપયોગની ધારણા આપણે ખરા હૃદયથી ઉપજાવતા રહેવું ઘટે. માટે જેમાં ને તેમાં જાગૃતિ પ્રકટાવતાં રહી શક્યાં તો સહુ કંઈ સુતરું સુતરું વહ્યા કરવાનું છે. નામસ્મરણની અખંડ ધારા વહાવ્યા કરવાની છે, એનાથી પળેપળ સ્નાન કર્યા કરવાનું છે.

## પ્રભુકૃપાનો અનુભવ

તારા કાગળમાં જે જ્યાં ત્યાં બોલી ન પડવા વિશેની હકીકત છે, તેવી હકીકતનો તારો કાગળ તો આજે મળ્યો, પણ તે પહેલાં તને મૌન વિશે લખવાનું પ્રભુકૃપાથી બન્યું છે ને તારા કાગળમાં તેં જે હકીકતો જણાવી છે એ પરત્વે કેમ વર્તવું ઘટે, તે અંગે વૈરાગ્યની ભાવના કેવી પ્રકટેલી હોય તો તેમ વર્તી શકાય, તે શીખવા કાજે તેવું પણ તને અગાઉથી લખવાનું પ્રભુકૃપાથી બની શકેલું છે.

## નિરાગ્રહી રહી ઉપયોગ કરો

સર્વ કોઈ પરિસ્થિતિમાં સંપૂર્ણપણે જ્ઞાનાત્મક દશામાં પ્રકટવા કાજે, ઉપયોગના જ્ઞાનભાન સાથે નિરાગ્રહીપણું પ્રકટાવતા રહીએ તો સદાય નિરાંત, નિશ્ચિંતતા, પ્રસન્નચિત્તતા, સમતા, શાંતિ આદિ ઝળહળતાં પ્રકટ્યાં કરતાં રહે ને તેમ બન્યા કરે તો જ જીવનનો વિકાસ સહજપણે સધાયા જાય. કોઈ બાબતમાં કંઈ કશાનો આગ્રહ ન રહે તે સાધના કાજે ઉત્તમ છે. અંતે તો સારા કે ઉત્તમના આગ્રહથી પણ પર જવાનું છે ને થવાનું છે.

સમજણની પણ મડાગાંઠો હોય છે ને તેમાંથી પણ મુક્ત થવાનું હોય છે, ને તે પણ નિરાગ્રહપણાનું યોગ્ય વર્તન યથાકાળે સમજી સમજીને, જેમાં ને તેમાં પ્રકટાવતા રહીશું, તો તો જેમ થવાપણું છે કે પ્રકટવાપણું છે, તેમ થવાયા જવાનું છે અથવા તેમ પ્રકટ્યા જવાનું બન્યા કરવાનું છે તે નક્કી માનવું. માટે સમજી સમજીને નિરાગ્રહી જ રહેવું, પરંતુ તે તે વેળા તેવા તેના જ્ઞાનપૂર્વકના ઉપયોગનું જ્ઞાન દિલમાં જીવતુંજાગતું પ્રવર્તેલું રાખ્યા કરવાનું ઘણું જરૂરનું છે. તે વિના તેનો યોગ્ય ઉઠાવ જીવનમાં પ્રકટી શકનાર નથી તેનો ખ્યાલ રાખજે.

## સ્વજનોના જીવનવિકાસમાં જ આનંદ

તારા જીવનવિકાસ કાજેની જ્ઞાનપૂર્વકની ઉપયોગની દશા પ્રવર્તાવવા કાજે જે જે યોગ્ય પ્રકારનાં કેવાં વર્તનવહેવાર હોવાં કે બનવાં ઘટે ને તે પરત્વે થોડુંઘણું પણ તું વર્તવાનું કરે છે, તે જાણીને કોને આનંદ ન થાય ? પોતાના બાળકને એક ડગલું ભરતું જોઈને માનો આનંદ હૃદયમાં સમાઈ પણ શકતો નથી, તેવી રીતે જે ગુરૂ છે તેને પણ થતું હોય છે. માટે, તું જીવતું જ્ઞાનભાન રાખીને મૌન પાળી પાળી (પણ પાછું તેથી કરીને કોઈને ઓછું ન લાગે તેમ વર્તીને) સર્વ મળેલા જીવોની સાથે સુમેળભાવે વર્તે ને શાંતિ અનુભવે ત્યારે આનંદ થાય ને આ જીવને શાતા ઊપજે. તું તારા યોગ્ય વર્તનથી આ જીવને શોભાવજે ને તારા સૂક્ષ્મ જ્ઞાનાત્મક વિવેકવૈરાગ્યની જીવનમાં પ્રકટેલી ભાવનાથી આ જીવની કીર્તિની ધજાને ફરકાવતી રહેજે. **મારો યશ તારી જીવનગાથાથી પ્રકટવાનો હોય તો પ્રકટી શકે.**

## સગાંવહાલાંનો પ્રેમ મેળવો

મૌનયજ્ઞ લઈ શકવાનો મૂળ આધાર તું કેવી રીતે તને પોતાને શોભાવી શકે છે, તેના પર અવલંબીને રહેલો છે.

શ્રીભગવાનની, એટલે સંસારમાં જે જે મળેલાં છે તે તે બધાં તે વહાલાનાં સ્વરૂપ છે. એટલે તેમની સેવાભક્તિથી તે વહાલાનું જ્ઞાનભાવે આપણે રંજન કરવાનું છે ને જો એમ આપણે સાચા દિલથી-ને તે પણ આપણા પોતાના જીવન-વિકાસની જ્ઞાનપૂર્વક ભાવના પ્રકટાવવાના યજ્ઞકર્મ તરીકે-તે કરવાનું રાખીશું, તો તેથી કરી જયવારો જ થવાનો છે.

## અમને ખરું ખપનું

યજ્ઞ કરનારને જ તેનું ફળ મળે છે. યજ્ઞ કરાવનારને યજ્ઞનું ફળ મળતું હોતું નથી. તું લખે છે કે 'કરનાર કરતાં કરાવનારને યશ છે, કારણ કે કરાવનાર ન હોય ત્યાં સુધીનું બધું નકામું છે' તે તારે કાજે યથાર્થપણે છે, કિંતુ મારે તો જે ખરું ખપનું હોય તે જ ખપે, બાકીનાનું કશું કામ ન હોય. અમને તો પ્રભુકૃપાથી તારું જે તે બધું ખપે, પણ તે તારામાં તે તે સ્વરૂપનું યથાર્થપણું પ્રકટાવવાના ઉપયોગ અર્થે જે તે બધું અમને ખપનું હોય છે, તે જાણજે.

જે તે કંઈ આપણે કરવાનું હોય છે, તે તે બધું જો પ્રભુપ્રીત્યર્થે જ કર્યા કરવાનું હોય, તો તો પછી કોણ પરાયું ને કોણ પોતીકું ? એમાં પછી એવા ભેદ રહે જ ક્યાં ?

નાનામાં નાની જીવન પરત્વેની હકીકતમાં જે જીવ સજાગ રહી, પોતાનું યોગ્ય વર્તન શું છે તે જાણી, વિવેક વાપરી, કર્તવ્ય ને ધર્મ સમજીને પ્રભુપ્રીત્યર્થે એને સાંગોપાંગ પાર ઉતારે છે, તેવો જીવ કદી ક્યાંય પણ અટવાઈ શકતો નથી.

## આપવામાં જ રાચો

**જેને આપવાના કરતાં લેવાનું જ ગમે છે, તેવા જીવ પતનને જ પામવાના.** તેથી આપણે તો આપવાના યજ્ઞમાં જ રાચતાં રહેવું. કોઈ કનેથી મનમાં ખૂણેખાંચરે કંઈ પણ કશું લેવાની

વૃત્તિ ન જાગે, તેના સજાગ ચોકીદાર આપણે પૂરેપૂરા બનવું. આપવામાં જે આનંદ છે, તે લેવામાં નથી. તેથી જેના વડે જીવનનું ઘડતર થતું હોય છે, તેને ચરણકમળે, સમર્પણયજ્ઞભાવે એકેએક પ્રકારનું જે તે બધું આપ્યા કરવાનો યજ્ઞ પળવાર પણ અટક્યા કરવો ન ઘટે. પોતાનું સારું ને નરસું-એ બધું જ આપ્યા કરે છે, તેને વળી, પોતાનું પોતાની કને રહે પણ શું ?

## ફનાગીરીની અગત્ય

મનના કોઈક એકાદ જીવસ્વભાવના આવેગને સંતોષવા કાજે પણ માનવી પોતાનું જીવન હોડમાં મૂકતો જાણેલો છે. જે જીવને કંઈ કશાનો છંદ લાગે છે, તેવો જીવ તે છંદની મનોકામના પરિપૂર્ણ કરવાને કાજે ફના પણ થઈ જતો હોય છે, તો શું જે જીવને સદ્‌ગુરુ કાજે ભાવના પ્રકટેલી હોય તો તેવી ભાવના એમની એમ ઠેર પડી રહી શકે ખરી ? સદ્‌ગુરુ પરત્વે હૃદયની જાગેલી ભાવના તેવા જીવ કને શું શું ન કરાવી શકે ? જો તેવો સાધક જીવ કંઈ જ કશું ન કરી શકતો અનુભવાયો, તો જાણી જ લેવું કે તેની ભાવના યદ્વાતદ્વા છે. જગતના કોઈ એક પ્રકારના છંદને પોષવા માનવી ગમે તેવાં કષ્ટો ને મોટાં મોટાં જોખમો પણ રાજીખુશીથી સહન કરે છે, આ તો જાણીતી હકીકત છે. માટે આપણે તો જેનાં તેનાં લક્ષણોથી પારખવાનું રાખવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧-૪-૧૯૫૩*

## શ્રદ્ધા બઢાવો

તું ત્યાં કાગળ લખે ને તે મને અહીં મળે તેના પહેલાં તને જે કાગળ અહીંના મળે તેમાં જે જે લખાયેલું હોય, તેનું મનનપૂર્વક ચિંતવન કરવું. તેનો પ્રત્યુત્તર તેમાં વળી મળી ગયેલો હોય, તો તેનો અભ્યાસ કરવો ને એવા નક્કર, યોગ્ય,

ખરા દાખલાઓથી કરી પોતાની શ્રદ્ધાને જીવતી કર્યા કરવી. વળી, સાધકે પોતાની શ્રદ્ધાને જીવતી કર્યા કરવાને શું શું કર્યું, શું શું વિચાર્યું, ને કેવી રીતે તેને પ્રાણસિંચન કર્યું, તેવી બધી હકીકત પણ કાગળમાં નિખાલસ દિલે જણાવતા રહેવું. જે જે કારણથી દિલની શ્રદ્ધા બઢતી રહેતી હોય, તેને હૃદયમાં પ્રેમભાવે ફરી ફરી વિચારવું ને ચિંતવતા રહેવું.

## નામસ્મરણથી મનઃશુદ્ધિ

મનની અંદર જાગેલા સારા કે નરસાની પ્રેરણાથી જ આપણે બધાં, બધાં કામ કરતાં હોઈએ છીએ. એવાં થયેલાં કર્મ તો દ્વંદ્વ જ જન્માવ્યાં કરવાનાં. એટલે આપણે તો મનની અંદર શ્રીહરિની ભક્તિ ને એનું પ્રેમમાધુર્યયુક્ત સ્મરણ એટલું જ માત્ર જીવતુંજાગતું ગજર્યા કરે, ને એવા મનની દશામાં જે તે કંઈ કર્મ મળ્યા કરે, તો તેવાં કર્મ દ્વંદ્વ ઉપજાવી શકનાર નથી. રાગાદિને તેથી મોળા પડી જવા પૂરતો સંભવ રહે છે. માટે જેમાં ને તેમાં, જ્યાં ને ત્યાં, એના મધુરા મધુરા નામને હૃદયસ્થ રાખ્યા જ કરવું, **આપણા જીવ રોગને મટાડનારું એ જ સાચું તાવીજ છે.**

## સબૂરી રાખી આપણું કામ કર્યા કરો

દહીંમાં માખણ તો હોય જ છે, પણ તે કંઈ એકદમ મળી જતું નથી. પહેલાં તો દૂધમાં જરાક દહીંનું મેળવણ કરવું પડે છે તેમ કર્યા વિના તો દહીં જામી જ ન શકે–ને તે પછી દૂધને એકાંતમાં તે હાલેચાલે નહિ તેમ મૂકવું પડે છે, ને થોડોક કાળ ગયા બાદ તેનું દહીં થતું હોય છે, ને તે પછી ઘણું ઘણું વલોવવું પડે છે. તે વલોવવાની ક્રિયામાં પણ ધીરજની ઘણી જરૂર રહે છે. વારે વારે ઉઘાડી ઉઘાડી જોયા કરે તો આખું વલોણું બગડે. માટે એ તો જેમ જે યોગ્ય રીતે કરવાનું હોય

તેને તેમ કરવામાં જ મચ્યા મથેલા રહ્યા કરીએ તો જ જે પાકવાનું હોય તે પાકે.

## બેવડો આનંદ

જે જીવ હૃદયની ખરેખરી સંપૂર્ણ ભાવનાથી સાધના કરતો હોય છે, તેને પરમ આનંદ અને તેનાથી બનતા જતા પ્રભુપ્રીત્યર્થે કર્મોથી થતા રહેતા આંતરવિકાસને કારણે જે આત્મસંતોષ ને આત્મવિશ્વાસ પ્રકટ્યા કરે છે, તેના વડે કરીને પણ તેને જે આનંદ, ઉત્સાહ દિલમાં જન્મ્યા કરે છે, એમ બેવડા પ્રકારમાં તે તેમાં બસ મસ્ત રહ્યા કરે છે.

## ઉત્તમ સાધકની દૃષ્ટિ ને વર્તન

એમ કરતાં કરતાં જેમ જેમ સાધક જીવ સાધનામાં હૃદયના પ્રેમભક્તિના ઉત્કટ જોમથી ને જોશથી ઝંપલાવે છે, જેમ જેમ તે આગળ પ્રગતિ કરતો જાય છે, તેમ તેમ તેને અંતરમાં અંતરથી જાગ્રતપણે જ્ઞાનભાવથી ખબર પડતી જાય છે કે તે પોતે પોતાનાથી થતાં કર્મોનો કર્તા નથી. આ હકીકત તે કંઈ કલ્પના નથી. તેને સાચેસાચ તેવો અનુભવ થાય છે ને એવો અનુભવ થતાં એનું અહમ્ તે પછી કંઈ કશામાં ઊભું જ રહી શકતું નથી અથવા એવા કાળે તેમાં અહમ્ ટકી શકતું નથી. તે પોતે તેવી વેળા અંતરમાં અંતરથી અનુભવ કરે છે કે તે પોતે તે તે થતાં રહેતાં કર્મોનો કર્તા નથી, પણ માત્ર કરણ છે ને સાચો કર્તા તો અંતર્યામી પ્રભુ પોતે જ છે.

## ભગવાનનું યંત્ર થનારની શક્તિ

એમ અનુભવ થતાં થતાં તેના હૃદયની પ્રાણનિષ્ઠા ચેતનાયુક્ત બને છે, શ્રીભગવાનમાં જ તે સતત એકધારો રમ્યા કરે છે. શ્રીભગવાન વિના બીજું કશું જ એને સૂઝતું નથી. એવી પરમ ભક્તિને કારણે શ્રીભગવાનની સાથેનો

એનો આંતરિક સંબંધ એટલો જીવતોજાગતો સ્નિગ્ધ બની જતો હોય છે કે જ્યારે ને ત્યારે તે મહાપ્રભુની પ્રેરણાનુસાર વર્ત્યા કરતો હોય છે. કંઈક સમજણ ન પડતાં તે તેની સાથે પ્રાર્થના ભાવે પોતાના હૃદયનો તાર જોડી દે છે અને તે તે કાળનું જે તે બધું પ્રેમભક્તિજ્ઞાનભાવે એનાં ચરણકમળમાં સર્વભાવે સમર્પણ કર્યા કરે છે ને એને જોઈતી મદદ, સલાહ, દોરવણી મળ્યા કરતી રહે છે. એવા અનુભવ થતાં થતાં તેને પોતાના જીવનનો રાહબર પાસે ને પાસે જ છે એમ દૃઢ પ્રતીતિ થતાં એવાનાં નિરાંત, નિશ્ચિંતતા, શાંતિ, આનંદ વગેરેને કંઈ અવધિ હોઈ શકે ખરી ? એને માથે કેવી સમર્થ ઓથ છે ! એવો પછી કદી પણ નામર્દ બની શકે ખરો કે ? કે કંઈ કશામાં ડૂબી જાય ખરો કે ? એવાને કંઈ કશું વળગી શકે ખરું કે ?

## કર્મ કરવાની રીત

જે જીવે જીવનવિકાસ કરવાનો આદર્શ હૃદયથી નક્કી કર્યો છે. એવા જીવે આળસપ્રમાદ સેવ્યે જરા પણ ચાલવાનું નથી. પળેપળનો જ્ઞાનભક્તિપૂર્વક સદુપયોગ એણે કરવાનો રહે છે. કાળ તેનો નથી, પણ શ્રીભગવાનનો છે. જેમ પારકી ચીજ આપણે ઉછીની લાવ્યા હોઈએ છીએ તો તેની કેટલી સંભાળ રાખતા હોઈએ છીએ ! તેમ કાળની પણ આપણે યોગ્ય સંભાળ રાખવાની છે. તેની અવગણના કર્યે ચાલવાનું નથી. **જો કંઈ કશું ધિક્કારવાનું હોય તો તે આળસ, પ્રમાદ, બેદરકારી વગેરે જીવ પ્રકારની વૃત્તિઓને ધિક્કારવાની છે.** બળેબળે, ત્રાસીને, કંટાળીને, નછૂટકે કર્મો કરવાની કુટેવને આપણે ફગાવી દેવી પડશે. એથી કરીને આપણો વહાલો પ્રભુ આપણા પર નારાજ થાય છે. એવી રીતે કર્મો કરવાથી મનની અશાંતિ, સંતાપ, ક્લેશ, રાગદ્વેષ આદિ ઘણાં ઘણાં વધે છે.

વેઠ પેઠે અથવા ઉતાવળમાં યદ્વાતદ્વા કે ગમે તેમ આડાંઅવળાં, અવ્યવસ્થિત ને ભાવ વિના કર્મો કર્યે પણ ઊલટો બોજો વધે છે. એવી રીતે કર્મ કરવાથી તેવો જીવ સાધનાની ભાવનાને મુદ્દલે સમજ્યો નથી એમ સમજવું ને પ્રમાણવું. **જે કર્મ આવી પડ્યું હોય તે કર્મને વ્યવસ્થિત રીતે, ઉત્તમમાં ઉત્તમ રીતે કેમ થાય કે જેથી કરી વહાલા પ્રભુનાં ચરણકમળમાં તેની ભેટ ધરતાં તે આપણા પર ઘણો પ્રસન્ન થાય, એમ વિચારી વિચારી, હૃદયમાં ઊલટભેરનો પ્રેમભાવ પ્રકટાવી પ્રકટાવી, એકમાત્ર એને રીઝવવાને કાજે કર્મને ઉત્તમમાં ઉત્તમ ભાવે ને ઉત્તમ રીતે કરવાનાં છે.** આવી પડેલાં કર્મમાં 'થાય છે, હોતી હૈ ચલતી હૈ, થાય છે, કરીએ છીએ, એમાં શું વહી જાય છે ?' આવી બધી વૃત્તિને પોષણ આપવાનું જે જીવ કરે છે તેવા જીવે સાધનાનું નામ જ મૂકી દેવું. એવો જીવ સાધનાને નિમિત્તે પોતાની જાતને છેતરતો હોય છે. **સાધનામાં બીજું બધું કદાચ ચાલી શકે પણ દંભ તો નહિ જ ચાલી શકે.**

### કેટલાક ભારે હાનિકારક દોષો

વળી, જે કર્મ મળે છે, તેને આનંદપૂર્વક સ્વીકારવાની નેક દાનત સાધકના હૃદયમાં પ્રકટેલી હોવી જોઈશે. કર્મોને જેમ તેમ કરી અડધાંપડધાં ઊડઝૂડિયા રીતે કરવાં એ તો આપણા વહાલાનાં ચરણકમળને અપવિત્ર કરવા બરાબર છે. વળી, કાર્યો પૂરાં કરતાં સુધીની ધીરજ ખૂટી જતાં એને તેમ ને તેમ મૂકી દેવાની દાનત પણ ઘણી ખરાબ ગણાય. કર્મ કરવામાં કેટલાક જીવને ઘણી શિથિલતા પ્રવર્ત્યા કરતી રહી છે ને જે કર્મ જીવનવિકાસ કાજે જેવા ભાવે થવું ઘટે તેનો યથાયોગ્ય કાળે આરંભ ને તે પૂરું કરી દેવાની ખાંખત આ ભધું જે જીવમાં જાગેલું હોતું નથી, તેવો જીવ સાધના શું કરી શકવાનો છે ?

જે જીવ પોતાને મળેલા સમયનો આળસ, પ્રમાદ, બેદરકારી, અવગણના, અવ્યવસ્થિતપણું, ‘હોતી હૈ, ચલતી હૈ, થાય છે, શી ઉતાવળ છે ?’ વગેરેથી દુરુપયોગ કરે છે, વળી, પોતાની વૃત્તિનું યદ્વાતદ્વાપણે કર્મમાં ન જોડાતાં વિહરવાનું થવા દેવું, પોતાની શક્તિનું સંચાલન કર્મના કેંદ્રમાં એકાગ્રપણે ન થવા દેતાં એને આડેઅવળે ભટકાવ્યા કે અથડાવ્યા કરવામાંથી જાગૃતિ સેવીને એને તેમ કરતાં અટકાવવાનું જેને દિલ જ થતું નથી- આવા આવા અવગુણોને અવગુણો સમજીને એવા એના દુર્ગુણપણાથી ને તેની અસરથી બચવાને જે જીવને ઉત્સાહથી, ખંતથી મહેનત કરવાનું રુચતું પણ નથી, તે જીવને અમારે તે શું કહેવું ? કર્મમાં તેવા તેવા અવગુણોથી આપણે બચવાનું છે. માટે તેની કૃપા કરી જાગૃતિ સેવવાની છે.

## કર્મ પાછળની યજ્ઞભાવના

સંચામાં એક ઠેકાણેનો સ્ક્રૂ બીજે ઠેકાણે મૂકતાં આખો સંચો ખોટવાઈ જાય અથવા મશીનનો કોઈ એક ભાગ બીજે ઠેકાણે મૂકતાં પણ એમ જ થાય, તેમ ઉપરના અવગુણોની અસરથી થતાં કર્મો સાધકના હૃદયની નવીસવી ઊગતી ભાવનાનું પણ મારીમચડીને ખૂન કરી નાખતા હોય છે. માટે કર્મોને તો કેટકેટલી પ્રેમભક્તિયુક્ત સાવધાનીથી, સાવચેતીથી, જાગૃતિથી ને યોગ્ય સમજણ પેદા કરવાને તે કર્મો ઉત્તમમાં ઉત્તમ રીતે પ્રભુપ્રીત્યર્થે કરી શ્રીભગવાનને ચરણકમળે પ્રસાદીરૂપે ધરી, એને રીઝવવા કાજે તે કરવાનાં છે ! માટે કર્મ એ તો આપણા વહાલા પ્રભુને રીઝવવાનો ભાવનાનો યજ્ઞ છે. એ ભાવનાથી આવી મળેલાં કર્મમાં આધારનાં કરણોને આપણે જોડવાનાં છે, તેનું કૃપા કરીને ઘણું ઘણું લક્ષ રાખજે. કર્મમાં લક્ષ્યનું યોગ્ય, એકાગ્ર ને કેંદ્રિત વિધાન પણ અચૂક હોવું ઘટે છે.

જે જે કાગળ આશ્રમમાં વંચાવવા જેવા લાગે, તે ત્યાં વંચાવવા પણ ખરા.

*કુંભકોણમ્,* *હરિઃૐ* *તા. ૧-૪-૧૯૫૩*

## મુક્ત હૃદયે આપો

ખચકાતાં ખચકાતાં કંઈક કશું આપ્યું કે અપાયું, તો તેવા આપવાપણાથી કશું એની યોગ્યતામાં ફળી શકતું નથી. આપવામાં જો કંઈ કશી ગણતરી, માન્યતા કે આડીઅવળી સમજણ પ્રકટેલી રહી શકી, તો તેવું અપાયેલું મિથ્યા નીવડી શકે છે. જે કંઈ આપવાનું હોય છે, તે તો એક યજ્ઞભાવના તરીકે પોતે પોતાના વિકાસની શુદ્ધ, નિર્મળ ભાવના પ્રકટાવવા કાજે જે તે બધું તેમ કરવાનું હોય છે. જ્યારે તેવા આપવાપણામાં હૃદયનો ધોધના જેવો ઉમળકો, ઉત્સાહ ને પ્રેમભાવ પ્રકટ્યા કરતો ને તે છલકાયા જતો તે તે વેળા અનુભવાયા જતો હોય, તો જ તે આપવાપણાનો યજ્ઞ તેની યથાર્થતામાં છે એમ પ્રમાણવું. જો એવો યજ્ઞ એવી રીતે ને એવી ભાવનાથી થતો રહેતો હોય, તો એનું પરિણામ પણ તેવું તેની યોગ્યતામાં પ્રકટવું જ ઘટે.

## ફેરફારની જરૂર

જે જેમ છે, તેમનું તેમ તે રહે છે, એવું તો કશું જ નથી. **જગત એટલે જ ફેરફાર.** તો એવા ફેરફારને આપણા જીવનમાં જ્ઞાનપૂર્વક આપણે સ્વીકારીને સ્વેચ્છાએ આપણા જીવનને સમૂળગો ફેરફાર એની કૃપાથી પમાડતાં રહીએ તો કેટકેટલું ઉત્તમ ! જીવનની પ્રાકૃતિક દશામાં પણ ફેરફાર છે જ, એ તો કુદરતનો અટલ કાયદો છે, એમાંથી કોઈ પણ છટકી કે બચી શકે એમ નથી. તેવી રીતે જીવનના આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ફેરફારને તેટલું જ મહત્ત્વનું સ્થાન રહેલું છે. ફેરફાર જો ન

થાય તો કશું જ નવું સર્જન ન થઈ શકે. ફેરફાર એ તો કુદરતની સર્જનકળાની પ્રથમ આવશ્યક ભૂમિકા છે. કંઈ પણ થવાવાને કાજે ફેરફાર એ ખાસ જરૂરનો છે.

અફસોસ !

હૃદયનું દાન દેવાની ઉમળકાભેર તૈયારી
-જીવનવિકાસને અર્થે, અરે ! ના કોઈની દીઠી.

○ ○ ○

સભર આનંદ

ખીલે પુષ્પો, ખીલે વૃક્ષો, ખીલે કુદરતતણી સૃષ્ટિ,
બધે આનંદની વ્યાપ્તિ અહા ! ભરપૂર છલાછલ શી !

○ ○ ○

## સાધક દ્વારા ગુરુનું સેવાકાર્ય

તું શહેરમાંથી સાબરમતી આશ્રમમાં બબ્બે બસ બદલીને આવવાનું કરે છે, તેમાં તપની જીવતીજાગતી ભાવના તે તે સમયે જ્ઞાનાત્મક ભાવે હૃદયમાં જગાડતી રહેતી હોય, તો તેવો શ્રમ પણ એક પ્રકારના તપ તરીકે જીવનવિકાસના યજ્ઞમાં ખપનો નીવડ્યા કરે. મને તો એટલાથી સંતોષ નથી થતો, પરંતુ તારા સંસારવહેવારના વર્તનમાં જીવનની ભાવના પ્રત્યક્ષ ઊતરેલી, જન્મ પામેલી, આકાર લેતી અનુભવાય ત્યારે મને તો આનંદ આનંદ થાય. તારા લીધે તારા સંપર્કમાં આવેલા બીજા જીવોની સેવાભક્તિ કરવાનો લહાવો પ્રભુકૃપાથી આ જીવને મળવાનો હોય તો મળે. એ બધું ખરેખર તારા પર અવલંબી રહેલું છે, તે સદાય ધ્યાનમાં રાખજે.

## સ્વાનુભવનું જ કથન

પૂજ્ય...એ દેખાદેખી સાધે જોગ, મર્યા નહિ ને વાધે

રોગ' એવી જે કડી કહી હતી, તે આપણને પણ લાગુ પડે, તો તેવી વેળા તારે ને મારે મરવા જ વારો આવેને ? **જગતમાં ભૂંડામાં ખપીને જીવવું એના જેવી નામોશી ને નાલેશી બીજી કોઈ નથી. જીવનનું મૃત્યુ એ નાલેશી ને નામોશી છે.** માટે કૃપા કરીને ચેતતી રહેજે. સતત ભાવનાપૂર્વકનું નામસ્મરણ કરતી રહેજે. બને તેટલું સમજણપૂર્વકનું હેતુના ભાવાર્થવાળું મૌન પાળતી રહેજે. મૌન વિશે **'જીવનપ્રવેશ'**માં લખેલું છે. તે વાંચ્યું ? **'જીવનપ્રવેશ'** વાંચી ગઈ ? જીવનમાં જે પ્રમાણે શ્રીપ્રભુકૃપાથી પાળી બતાવેલું છે, તે પ્રમાણે અનુભવથી તને કહું છું. કોઈને પણ, જે કરેલું નથી કે પાળેલું નથી એવું કશું પણ કહેવાનું કરતો નથી. કેટકેટલાં વર્ષો સંઘમાં કામ કર્યું ! કેટકેટલા જીવોને રસથી ચર્ચા કરતા ત્યારે સાંભળવા, પણ મોઢેથી એક હરફ પણ ન ઉચ્ચારવો, એટલું જ નહિ પણ તે પરત્વેનો રસ જ ન ઉદ્ભવે, એવી રહેણીકરણી શ્રીપ્રભુકૃપાથી આ જીવની રહ્યા કરેલી હતી. તેમ છતાં આ જીવનો મસ્તીભર્યો છલકાતો આનંદ તો જેણે જોયો હોય તે જ જાણે. પ્રત્યેક વૃત્તિ ગતિ કરી આકાર લેતી હોય છે. તો જીવનવિકાસ કાજે, જે ભાવના પ્રકટેલી હોય, તે આપણા વહેવારવર્તનમાં વ્યક્ત થયા વિના કેમ રહી શકે ? એટલે આપણા રોજિંદા વહેવારવર્તનમાં તેવી ભાવના પ્રકટતી રહેલી અનુભવીએ, ત્યારે જ આપણને સંતોષ પ્રકટવો ઘટે. એમ પ્રત્યક્ષ લક્ષણથી આપણે જીવનને સમજવું અને માનવું ઘટે. આપણને પોતાને માપવાનો ને સમજવાનો ગજ જીવનમાં આપણે પ્રકટાવવો જ પડશે ને તેવો ગજ પણ જીવનની જુદી જુદી કક્ષા પલટાતી જતાં ફેરવાતો જવાનો. આવી જીવનની કળા અનુભવની પરંપરાઓથી આપણે પામતાં રહેવાનું છે, તે જાણજે.

## લાલસાઓ જીતવાના ઉપાયો

ઇંદ્રિયોની લાલસાઓને જીતવાનો ઉપાય જો કોઈ પણ હોય તો તે તે વેળા ગદ્‌ગદભાવે ને તેની વેદનાથી ડંખતા અને સાલતા હૃદયે આર્ત અને આર્દ્રભાવે શ્રીહરિને પ્રાર્થના કરવી જોઈએ. સતત ભાવનાપૂર્વકનું નામસ્મરણનું એકધારું રટણ થયા કરવું જોઈએ. એના જેવો બીજો કોઈ સરળ ઉપાય નથી. **માનવી બીજાં બધાં માટે મરી મથે છે, પણ ભગવાનને ખાતર મરી જવાનું એને વહાલું વહાલું લાગતું નથી,** ત્યાં સુધી એનું બધું કાચું જ છે એમ સમજવાનું છે.

## છેવટે તો જયજયકાર જ

શ્રીહરિની એકદિલથી ભક્તિ ને એનું ભાવમસ્તીભર્યું સ્મરણ, એ કરતાં કરતાં સંસારનાં સકળ કર્મ પ્રભુપ્રીત્યર્થે કર્યા કરીશું, તો આપણને કશું પણ ચોંટવાનું નથી. સદાય શાંતિ, પ્રસન્નતા આદિ અનુભવીશું. સકળ સંસાર જ આપણો થઈ રહેવાનો છે, તે નિશ્ચે કરી જાણજે. કદાચ શરૂઆતમાં સંસારનો વિરોધ જાગે છે ખરો, પણ જો આપણાં મનહૃદય સાચાં હોય છે ને આપણો તેના પરત્વેનો સદ્‌ભાવ ખરેખરો નૈસર્ગિકપણે જાગેલો રહ્યા કરે છે, તો તેમનો વિરોધ ગળી જતો હોય છે.

## નિષ્કામ ભક્તિ જ ઉત્તમ

'આપણો શ્રીહરિ હજાર આંખવાળો છે, હજાર હાથપગવાળો છે,' એમ જે કહેવાયું છે, તે તેવા તેવા પ્રકારના અનુભવ કોઈ કોઈ ભક્તહૃદયને થયેલ હશે. જોકે શ્રીહરિની એવા પ્રકારની વાસ્તવિકતા સ્વીકારવાને આપણું દિલ તૈયાર હોય છે, કારણ કે એની પાછળ માનવીના દિલની કામનાઓને સંતોષાવાની લાલસા ભરી પડેલી છે. કિંતુ આપણે તો શ્રીહરિને જે ભજવાનો

છે, તે શ્રીહરિના પ્રેમની જ ખાતર. હૃદયનો પ્રેમ થાય એટલે તેના વિના બીજું કંઈ આપણને ખપતું જ હોતું નથી ને ગમતું પણ હોતું નથી. જ્યાં ને ત્યાં એ જ આપણી દૃષ્ટિ સમક્ષ આવીને ઊભો રહે છે, એનામાં ને એનામાં મનચિત્ત રોકાયેલાં રહે છે. એવી દશા થાય છે તેવી વેળાનું પ્રભુસ્મરણ કોઈ ઑર પ્રકારનું બન્યા કરે છે. માટે એના સ્મરણમાં મસ્ત બનીને જીવે તો જ ખરી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧-૪-૧૯૫૩*

ગઝલ

સ્વજનને યાદ કરી કરીને જીરવવું શી રીતે જીવન !
અહા ! શા આંચકા લાગે સ્વજનને ના કંઈ સમજણ.
સ્વજનને યાદ કરતાં તે સમૂળગુંયે સ્મૃતિપટમાં
-ન જાગે, તે ખરે સૂચવે સ્વજનનો ભાવ ના અમમાં.
કદીક જો જાગતું દિલમાં, અરે ! કહીં ભાગમાં ખટકે
-અને વીખરાયેલા વેશે, ન તે છે ઠામઠેકાણે.

## વાણીથી ઊંધું સાધકનું વર્તન

શ્રીભગવાન કૃપા કરીને આપણે જ્યાં ચોંટી ગયેલા છીએ, ત્યાં ત્યાં ઊતરીને આપણો હાથ પકડીને આપણને ઊંચે આણવા મથતો હોય છે. એની ચેતનતાનો અનુભવ કરાવીને તે તેમ કરતો હોય છે. પણ હા ! આપણી કેવી પામરતા ને કેવી લાચારી તે વેળા પ્રકટેલી હોય છે ! તેના કૃપાસ્પર્શથી ઘડાવાને બદલે તે બુદ્ધિની સાઠમારીના અનેક પ્રશ્નો ઉઠાવે છે, અનેક શંકાઓ ઉઠાવે છે ને પોતે પોતાનો એ રીતે વિરોધી બને છે ને સૂક્ષ્મ રીતે, અણજાણતાં, કેવા કેવા વિરોધ પોતે ઉઠાવ્યા કરે છે ! ને તેની કેવી કેવી અવગણના ને અવહેલના કર્યા કરતો રહે છે ! તેમ છતાં

તે આપણો હાથ મૂકી દેતો નથી, એવી એની કેવી કરુણાળુ કૃપા છે ! પોતાને એને હાથે ઘડાવું છે એવો વિચાર તે પોતે જાહેર કરે છે, પરંતુ ઘડાવાને કાજે જેવી જેવી ભૂમિકા પોતાનામાં પ્રકટવી જોઈએ, તેમ કરવાને તે પૂરી પ્રેમભક્તિજ્ઞાનભાવે તૈયારી તો કરતો જ નથી, તો એની સાધનાનું જ્ઞાનભાન દિવસના એની રોજિંદી કાર્યવાહીમાં જીવંતપણે કેટલું રાખતો હશે તે તો તે જાણે.

### સાધકે આટલું તો કરવું ઘટે

પોતે જેના હાથે ઘડાવાનું છે, તેની તેવી ભાવના ને તેવું જ્ઞાનભાન પોતાના રોજિંદા વહેવારવર્તનમાં સાધક જીવે રાખવું ને પરોવવું પડશે. તેવા જ્ઞાનભાનમાં એના હૃદયની જીવતી ભાવના ને ધારણા પ્રકટેલી ને પ્રેરાયેલી પણ હોવી જોઈશે. આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્ અનેક પ્રકારના દુરાગ્રહો સેવતાં હોય છે. અનેક પ્રકારની માગણીઓ, આશાઓ, ઈચ્છાઓ, તૃષ્ણાઓ વગેરે વગેરે સેવતાં હોય છે. આપણે આવાં બધાંથી જ્ઞાનપૂર્વક સમૂળગા વેગળા બનવાનું છે. અનેક પ્રકારની નિર્બળતાઓને આપણે ટાળવી પડશે. કેવું કેવું ક્ષુદ્રપણું છે, તેનું ભાન પ્રેરાવવું પડશે. કેટકેટલી, કેવી કેવી, અનેક પ્રકારની ને અનેક ક્ષેત્રમાંની સંકુચિતતાઓ ભરી પડેલી છે, એને નીંદી નીંદી આપણે એની કૃપાથી સમૂળગા મુક્ત થવું જ પડશે. વળી, આપણામાં કેટકેટલું ઘોર અજ્ઞાન ભર્યું પડ્યું છે, ને આપણી અહંતાથી ‘આપણે કંઈક સમજણમાં છીએ, આપણામાં આવડત છે, આપણે આમ છીએ ને તેમ છીએ’ એવા કંઈ કંઈ પ્રકારના તુક્કા મન, બુદ્ધિ, પ્રાણ, અહમ્ ઉઠાવતાં હોય છે. તે તે પળે એનું પ્રત્યક્ષ જ્ઞાન આપણને જાગી જવું જોઈશે. **જાગી જવું જોઈશે એટલું બસ નથી, પણ**

**તેને નકારી નકારીને એનાથી મુક્તિ મેળવવા આપણે એની કૃપામદદ મેળવવાની રહેશે** ને એ કાજે એની હૃદયથી પ્રાર્થના કર્યા કરવાની રહેશે. આપણે માની લીધેલાં સુખદુઃખની સમજણમાં જો પડ્યા જ રહેવાનું કરવું હોય, તો આ માર્ગે વળવાનું નામ જ મૂકી દેવું. પોતાની બદલાવાની ઉમળકાભેરની જ્ઞાનયુક્ત તૈયારી ન હોય તો તો જીવનવિકાસને માર્ગે જવું કદી પણ શક્ય નથી. કેટલાંય સ્વજનોના નિકટના પરિચયમાં આવીને ઉપલી હકીકત તને લખું છું.

## સદ્ગુરુની વ્યથા ને લાચારી

કંઈ કંઈ સ્વજનને પ્રભુકૃપાનિમિત્તથી જે જે સમજાવવા જેવું હતું તે તેમ કરી ચૂકેલ છું, પણ એક તસુ પણ સ્વજન ચસવાને ઉમળકાથી તૈયાર થતું નથી ને અમને મનમાં ગોદા માર્યા કરે છે તે ઉપરથી જુદું. હવે જો જેને ચાલવું જ ન હોય, તેને કોણ ચલાવી શકનાર છે ? માનવીનાં આળસ, પ્રમાદ, બીજા અનેક અવગુણો ને જીવસ્વભાવનાં વલણોને જો તે રહેવા જ દેવાનું કર્યા કરે, તો તેને પ્રભુ પણ કેવી રીતે મદદ કરી શકે ? જીવે જે જે ટાળવા જેવું છે, તે ટાળવાને કાજે પહેલાં તો તેને તે તે બધું ઘણું ઘણું સાલવું જોઈએ, એ સાલે ને ડંખે, તો તે તેમાંથી મુક્ત થવાને ગતિમાન થઈ શકે. ધારો કે કોઈ જીવથી પોતાનાથી તેમ ન બનતું હોય, તો તેનાથી મુક્ત થવાવા કાજે તે હૃદયમાં હૃદયથી શ્રીભગવાનની કૃપામદદ માગવાને કાજે વારંવાર એની પ્રાર્થના કર્યા કરતો હોવો જોઈએ, આવું જ્ઞાનભક્તિપૂર્વકની નિષ્ઠાથી થતું અને તેમાં તેના હેતુના જ્ઞાનભાન સાથે, કોઈનામાં જાગતું બનતું આ જીવ અનુભવી શકતો નથી. જે હેતુ કાજે આપણે મળ્યાં છીએ, તે હેતુને ફળાવવા જો જાગ્રત ન રહી શકાતું હોય અથવા જેને જે અર્થે ગ્રહ્યો હોય, તેનામાં તે અર્થે દિલ ન પરોવાઈ શકાતું હોય અથવા આપણા

દિલની જ્ઞાનપૂર્વકની ભાવના તેનામાં આપણા રોજિંદા વહેવારવર્તનમાં જગાડ્યા કરવાનું આપણાથી ન બની શકતું હોય, તો પછી પેલો બિચારો પણ શું કરી શકે ?

## સહકાર તો આપો

બાળકને ચલાવવાનું શીખવવા કાજે માબાપ નીચાં નમીને એને આંગળી આપી ચલાવવાનું કરે છે, તેવી વેળા બાળકની જેવી આંતરિક ભૂમિકા પ્રવર્તતી હોય છે, તેવી ભૂમિકા આપણી રહેવી કે હોવી ઘટે. બાળક પણ જો રમતમાં કે એવી એની મોજની ગડમથલમાં હશે, તો માબાપને પણ સહકાર આપવાનો ઈનકાર કરવાનું જ. જ્યારે આપણે તો જ્યાં ને ત્યાં એનો ઈનકાર કર્યા જ કરતાં હોઈએ છીએ, એવો તો નિત્યનો અનુભવ છે. સંસારવહેવારવર્તનની રોજની નિર્જીવ ઘટમાળમાં જ જો પરોવાઈ રહેવાનું હોય, તો પછી થઈ રહ્યું. એ સંસારની એવી ઘટમાળ ભલે રહી, કિંતુ આપણે તેમાં યાંત્રિક ઘટમાળરૂપે થઈ જવાનું નથી. આપણે તો જાગતા રહેવાનું છે. જાગીને ચેતતા રહ્યા કરવાનું છે. ચેતતા રહ્યા કરીને હૃદયની સમગ્ર ભાવનાને શ્રીભગવાનની ધારણા પરોવ્યા કરવાની છે. એવી જ્ઞાન-ભક્તિયુક્ત હૃદયની ધારણા શ્રીભગવાનનાં ચરણકમળમાં આપણે એકતારથી લગાડ્યા કરવાની છે ને જે તે બધું એને જ સંભારી સંભારી, પ્રેમથી બસ આપ્યા જ કરવાનું છે. એને પળવાર પણ આપણાથી વીલો મૂકી જ કેમ શકાય, એવી હૃદયની દશા પ્રકટવી જોઈશે. અરે ! એટલું બધું તો ભલે ન હોય, પણ પોતાના રોજિંદા વહેવારવર્તનમાં એની ચેતનાસ્મૃતિ આપણાં મનાદિકરણમાં રમ્યા કરે, તેમ થવાવા કાજે આપણાં મનાદિકરણોની ભાવના તેવી રીતે તેનામાં જીવતી પ્રકટેલી હોવી જોઈશે, તો જ તેમ તે બની શકશે.

એનું સૂચવેલું કરવામાં જો હૈયા ઊકલત ન પ્રકટી શકી કે તે તે કહ્યું કરવામાં ન તો તેનું ચેતનયુક્ત સ્મરણ પ્રકટી શક્યું અથવા ન તો તે ઉત્તમમાં ઉત્તમ રીતે થઈ શક્યું, તો તેવું કરેલું-કારવેલું પૂરું કારગત ફાવી શકનાર નથી તે નિશ્ચે કરીને જાણજે. પોતે જેવા છીએ તેવા ને તેવા જ રહ્યા કરવાનું હોય, ડગલે ને પગલે વિરોધ કર્યા કરવાનો હોય, અવિશ્વાસ ને શંકાઓ ઉઠાવ્યા કરવાની હોય, એના હેતુઓમાં હજીયે આપણને પ્રમાણિકપણાની સુવાસ ન પ્રકટ્યા કરતી હોય, એનું મનાવેલું હજી તો આપણે ગળે પૂરું ઊતરતું પણ ન હોય, એનું કહેલું કે સૂચવેલું કરી બતાવવાનો હૃદયનો પૂરો ઉત્સાહ, ખંત, કાળજી આદિ આપણામાં ન પ્રકટતાં હોય, આપણે જેવા થવાનું છે તેનું જ્ઞાનભાન આપણા રોજિંદા વહેવારવર્તનમાં જો આપણને ન પ્રકટતું હોય, તો તો પછી આ માર્ગને રામરામ કરવા એ બહેતર છે. માટે કૃપા કરીને જાગી, ચેતી, બેઠા થઈ, એની કૃપાથી લીધેલા સાધનના અભ્યાસમાં એકધારું વળગેલું રહેવામાં સાર છે, માટે તું તો તેવી થજે. બાકીનાનું તો જેમ થવું હોય તેમ ભલે બન્યા કરે, પરંતુ તેં તો મને વચન આપ્યું છે, તે યાદ છેને ? કે ભૂલી ગઈ ?

## અંતરને ઊંડું તપાસો

આપણે આપણી જાતને પ્રથમ તો પૂરેપૂરી તપાસવી પડશે. આપણે જેને વળગેલા છીએ, તેને પૂરેપૂરાં પ્રમાણિક છીએ ખરાં ? એને પૂરેપૂરાં વફાદાર છીએ ખરાં ? એને વળગવાની હૃદયની નેક દાનત આપણી છે ખરી ? કે પછી ખાલી ખાલી તેમ બોલવાનું છે ? તે આપણામાં છે ખરો ? આપણે એને આપણામાં જીવતો પ્રકટાવવા કાજે, આધારનાં કરણોમાં એને કાજે ભાવના-ભક્તિ છે ખરી ? આપણને

જીવનવિકાસની સાચેસાચ પડી છે ? કે પછી ખાલી ખાલી ઉધામા જ કર્યા કરવાના છે ? આવી અનેક રીતે આપણે આપણી જાતને પૂછી પૂછી એને તાવી જોવાનું રહે છે. હૃદયના ભાવની પ્રેમલગની લગાડ્યા વિના કે લાગ્યા વિના કંઈ કશાને પણ વળગી શકાતું નથી, તે નક્કી જાણવું. જેમ છીએ તેમના તેમ પડી રહીને કંઈ કશું બની શકવાનું નથી.

**પ્રાર્થના દ્વારા પ્રભુપ્રાકટ્ય**

જે જીવથી પોતાની સાથે રહેલા જીવની સાથે હૃદયના ભાવથી સુમેળ જો ન સાધી શકાતો હોય, તો તેવો જીવ સાધના શું કરી શકનાર હતો ? સાધના કરનાર જીવનાં કશાંક તો લક્ષણ હોવાં જોઈશેને ? કે પછી એમ ને એમ આપણે લઈ મંડેલા છીએ ? સૂંઠને ગાંગડે કંઈ ગાંધી થોડું થઈ શકાવાનું છે ? **જગત કે સંસારી જીવનના કોઈ પણ ક્ષેત્રમાં આડુંઆવળું ચાલી શકે, પણ સાધનાક્ષેત્રમાં કોઈ પોતાને છેતરીને આગળ જઈ શકનાર જ નથી.** જો સાધક પોતાના પંથે પ્રમાણિકપણે, હૃદયની નેક દાનતથી, વફાદારીથી મથનાર હશે, તો તેનાથી થયેલું કંઈક પણ જે બૂરું કે ભૂંડું હશે, તે તેને તુરત ડંખ્યા જ કરવાનું ને તે શ્રીભગવાનને ચરણકમળે નિવેદન કરી ફરીથી તેવું ન બની જાય, તે કાજે દૃઢ નિર્ધાર એની કૃપાથી દિલમાં તે દૃઢાવશે ને પોતે પાછો હળવો હળવો બન્યો જશે. એમ અનેક વાર ભૂલ-દોષ થતાં થતાં શ્રીભગવાનને પ્રાર્થનાભાવે એની કૃપા યાચી યાચી ક્ષમાયાચના કર્યા જ કરતો રહેશે. એમ તે શ્રીપ્રભુને તેના રોજિંદા વહેવારવર્તનમાં કેટકેટલીવાર જીવતો કર્યા કરતો રહેશે !

કણી જેમ પગ વિશે ખટકે, સ્વજન-જીવન હૃદય ખટકે,
અરે ! તે સાંભળે કોણ ? કયાને તે હૃદય ખટકે ?

## સ્વજનને દર્દભરી પ્રાર્થના

અરે, વહાલાં સ્વજનો ? જે નેમથી વળગવાનું કર્યું તે નેમ જો હૃદયથી ન જાળવી શક્યાં ને ન પાળી શક્યાં ને તેવો જીવતોજાગતો હૃદયથી પ્રયાસ ન થઈ શક્યો, તો પછી ભલા જીવ પ્રેમ ક્યાં રહ્યો ? આપણો મિત્રભાવ ક્યાં રહ્યો ? વળગવાનું હોય તો સાચી રીતે હૃદયમાં હૃદયથી વળગો, બાકી તો કોણ કોને તેડું આપવા ગયું હતું ? માટે કૃપા કરો, ઊંડું વિચારો.

સ્વજનમાંનું જીવન જોઈ દિવસ શા કારમા સહેવા !
છતાં ફરિયાદ કરવાની અમારે ક્યાંય તે છે ના.
સ્વજન કલ્યાણ-વાંછાની જીવનના પ્રેમની ભૂખ
-બરાડા શા પડાવે તે ? શું સાંભળશે નહિ કોક ?

## એના જેવું સ્વજન કોણ ?

તેના અંતરમાં બધાં જ તમે સહીસલામત, નિશ્ચિતતાથી નિરાંતથી રહી શકશો. એનાથી વધારે શું કહું ? એના જેવું આરામનું સ્થળ જગતના-સંસારના-જીવનમાં તમને ક્યાંય પણ મળી શકનાર નથી. એ તમારું જેવું છે, તેવું જગતમાં કોઈ થઈ શકનાર નથી. એવા એક બે નહિ, પણ ઘણા અનુભવો સ્વજનને થઈ ચૂકેલા છે, છતાં હજી મનાદિકરણો ગળી જતાં નથી તે કેવી નવાઈની હકીકત છે ! તેનામાં સંપૂર્ણપણે સર્વવ્યાપ્તતાથી, પરિપક્વપણે, જ્ઞાનભક્તિભાવે ભળીને મળી જઈશું, ત્યારે આપણે આનંદસ્વરૂપે પ્રત્યક્ષ જેમાં ને તેમાં જીવતાં પ્રકટી શકનારાં છીએ તે નિશ્ચિત હકીકત છે. એવો અનુભવ પછી સહજપણે પ્રવર્ત્યા કરવાનો છે.

## પણ એની શરતે પ્રેમ કરો

આ બધું જો આપણે આપણામાં પ્રકટાવવું હોય, તો

આપણે એની શરતો પ્રમાણેનું જીવન જીવવાની ઉમળકાભેર જ્ઞાન-ભક્તિપૂર્વકની હૃદયની તૈયારી પ્રકટાવીને, તે પ્રમાણે યોગ્ય વર્તવાની ખાએશ ધરાવવી પડશે. એવું જીવન જેમ જેમ જિવાતું જશે, તેમ તેમ આપણને તેમ જ તેને ખબર પડતી જ જવાની છે, તે પણ નક્કી છે.

અમોને છેહ દેવામાં સ્વજન દિલ શી મજા પ્રકટે !
સ્વજન શેનાં ! સ્વજન શેનાં ! હૃદય કા રંગ ના પ્રકટે ?

## જ્ઞાનની સર્વશક્તિ

જ્યારે જીવાત્માને જ્ઞાનનો અનુભવ થાય છે, ત્યારે તે જ્ઞાન કંઈ એકલું હોતું નથી, જ્ઞાનની સાથે તેની શક્તિ આપોઆપ સહજપણે સંકળાયેલી છે જ. જ્યાં જ્ઞાન છે ત્યાં શક્તિ છે. જ્યાં જ્ઞાનશક્તિ છે, ત્યાં સર્વવ્યાપી સર્વગ્રાહી ભાવ પણ છે. જ્યાં ભાવ છે ત્યાં પ્રેમ હોય જ. સર્વને મુગ્ધ કરી દે એવા આત્માની નૈસર્ગિક સૌંદર્યકળા પણ એના જીવનમાં પ્રકટેલી અનુભવાય છે. સૌંદર્યની કળામાં સુમેળભાવ, સુસંવાદિતા આદિ ચેતનની ભૂમિકાની કળાઓ તેમાં સર્જન પામેલી હોય છે જ. એક કળા જન્મે એટલે તેની સાથે પરસ્પર સંકળાયેલી એવી શક્તિનાં અનેક પાસાંના ભાવો આપોઆપ સાથોસાથ પ્રકટ્યા કરતા હોય છે.

## તેમ છતાં સદ્‌ગુરુની લાચારી

જેમ કરોડાધિપતિ હોય, તેમ છતાં જેમ જેમ જેટલી જરૂર પડે તેમ તે ધનશક્તિ ખરચતો હોય છે, તેમ તેવાનું (ઉપરના આત્માના જીવનનું) બન્યા જતું હોય છે. સકળ આકર્ષણનું મૂળ તેનામાં હોય છે. નિમિત્તસંજોગે જે તે કોઈને તે પોતાની પાસે આકર્ષાવી શકે છે. જુદી જુદી પ્રકૃતિના જીવને-તેઓ પરસ્પર

વિરોધી ભલેને હોય, એવાને પણ-પોતાની સાથે ભેળા રાખી શકે છે તથા આગળ જતાં તેમનો તેમનો આંતરિક સુમેળ પ્રકટાવવાનું જ્ઞાનભાન પણ તેમનામાં તે પ્રકટાવતો હોય છે. તેમ કરીને તેમનામાં હૈયાનો સુમેળભાવ પણ જીવતો કરાવી શકે છે. અત્યારે પણ તે તેવું આપણામાં કરી રહેલો છે. આપણામાં તેવું તેવું દિલમાં સ્ફુરતું તે પિછાની શકે છે, પણ તેની દરકાર કોણ કરે છે ? એટલે પછી તે પણ શું કરે ? એને ખસી જવાપણું ન હોવા છતાં તે ત્યાં કામ કરી શકતો નથી, એવી એની લાચારી પ્રકટાવનાર આપણે જ બધાં છીએને ?

### એના જ સંપૂર્ણપણે થઈ જાઓ ને પછી જુઓ

સાચા આત્માની આપણા હૃદયમાં પ્રેમભક્તિજ્ઞાનભાવે પ્રાણપ્રતિષ્ઠા જો આપણે કરી શક્યા હોઈએ, તો તો સારાયે જીવનને કોઈ અવર્ણનીય પરમ આનંદની અવધિરૂપ પ્રકટી ગયેલું આપણે અનુભવી શકીશું. જ્યારે આપણું ને તેનું હૃદય એકભાવે ભળીને મળી ગયેલાં બને છે, તેવી વેળા એના હૃદયની પ્રેમભાવયુક્ત કોઈ ઑર પ્રકારની મુગ્ધતાથી આપણે તદાકાર બની ગયેલા હોઈએ છીએ, એવો પ્રત્યક્ષ જીવંત અનુભવ આપણને થતો રહે છે. એના એક આછા આછા પ્રેમભાવમાધુર્યયુક્ત નયનઈશારે આપણે આપણને એના પર વારી વારી જતાં અનુભવીએ છીએ. એવી વેળાથી જ આપણા જીવનનું ચેતનાત્મક પ્રકારનું સાચા જીવનનું ઘડતર થવા માંડે છે ને તે સહજપણે બન્યા કરતું રહે છે.

### સદ્‌ગુરુની દુઃખદ કથા

પરંતુ આ બધું થતું રહે તે પહેલાં તો સાધકે પોતે મથી મથીને એની કૃપામદદ મેળવી મેળવી, હૃદયમાં હૃદયથી એને પ્રાર્થના કરી કરીને, સાધક જીવે ઊંચે પ્રકટવાનું બન્યા કરવું

પડશે. **આપણા આધારમાં શરૂ શરૂમાં તો તે પોતે નીચામાં નીચી હદે ઊતરી ઊતરી, તે આપણને આંગળી આપી આપીને ઊંચે લેવાને પ્રેમભાવે મથતો હોય છે.** કિંતુ તેવી વેળા આપણા હૃદયનો સાથ એને હૃદયના ઉમળકાના સત્કારના સ્વીકારપણામાં યોગ્ય ભાવે ન મળતો હોવાથી તે પાછો ફરી જઈ ઠરી જતો હોય છે, આ પણ નિશ્ચિત હકીકત છે, કારણ કે આપણામાં જે જે બધું હલકું, સ્વાર્થયુક્ત, મલિનતા, અનેક પ્રકારનું અનેક ક્ષેત્રનું કુરૂપપણું, અનેક પ્રકારની નીચતા, અનેક પ્રકારનું દરિદ્રપણું, ઘાતકીપણું, દિલને ખૂંચે એવું આપણું કર્કશપણું, અનેક પ્રકારની આપણી પ્રકૃતિની પ્રચંડ ને ઘમશોર ને તોફાન મચાવી મૂકે એવી ઈચ્છા-કામનાઓ જ્યાં ત્યાં પ્રવર્ત્યા કરે છે,ત્યાં કેમ કરીને આપણામાં અવતરણ પામી શકે ? એને આપણામાં જીવતો રહ્યા કરવાની દશા-જગા આપણે કરી આપવાની રહે છે. તે કોણ કરી દે છે ? એવાને તો પોતાનું જીવન રેડવાની ઘણી ઘણી મરજી છે, પણ જ્યાં હજી આપણામાં નર્યો સ્વાર્થ, ઘૃણા, નિંદા, તુચ્છકાર, અદેખાઈ, દ્વેષ, ક્લેશ, કંકાસ, અપકારવૃત્તિ, લોભ, કામ, ક્રોધ, મદ, મોહ, વિશ્વાસનું દ્રોહ કરવાપણું, કૃતઘ્નીપણું, પ્રકૃતિના અનેક પ્રકારના આવેશો ને આવેગો આવું આવું બધું ભર્યું પડ્યું હોય છે, તે આપણને ખરેખરું સાલતું પણ નથી, એને વેગળું કરવાની ખરેખર પ્રમાણિક હૃદયની દાનત પણ પ્રકટતી નથી. ત્યાં પેલો બિચારો તો આપણામાં એવો તો ગૂંગળાઈ મરે છે કે ન પૂછો વાત ! એની સામું ત્યારે કોણ જુએ છે ? એને આપણાથી થતા ત્રાસ-સંતાપની કોને પડી છે ? એટલે જ હું તો કહું છું કે હજી આપણામાં સાચા પ્રેમનો જરા સરખો પણ અંશ પ્રકટ્યો જ નથી. 'જીવન' 'જીવન' બૂમ ખાલી ખાલી પાડીએ છીએ એટલું જ, પરંતુ એની ખરેખરી રીતે કશી કોઈને પડી જ નથી.

## હૃદયપૂર્વક સર્વ સમર્પણ કરો

આપણે પોતે આપણું કશું પણ ન રહે, એવી દશા થતાં સુધી જ્ઞાનભક્તિભાવે શ્રીભગવાનને આપણે આત્મસમર્પણ કર્યા જ કરવાનું રહે છે. પહેલાં તો જે સ્થૂળ હોય તે તે બધું, તે પછી જે જે બધું સૂક્ષ્મ હોય તે તે બધું, એમ કરી કરી ઊંચેથી તે નીચે સુધી–આંતરિક બધી ભૂમિકાઓનું પણ - તેને જે તે બધું આત્મસમર્પણ કર્યા જ કરવાનું રહે છે. આમાં જ્યારે હૃદયની સાચી વાસ્તવિકતા પ્રકટતી હોય છે, ત્યારે આપ્યા કરવાના યજ્ઞનો અંત પણ આવતો જતો આપણે અનુભવી શકીએ છીએ. ને એવું જ્ઞાનભક્તિપૂર્વકનું છેક છેડા સુધીનું પૂરેપૂરું આત્મસમર્પણ થયું ન હોય, ત્યાં સુધી આપણા પોતાના અંગત પુરુષાર્થની ઘણી ઘણી જરૂર રહે છે. આ હકીકત સામે આંખમીંચામણાં કર્યે કશું પણ નીપજી શકવાનું નથી. તે મારે પ્રભુકૃપાથી સર્વ સ્વજનોને પોકારી પોકારી દાંડી પિટાવી જણાવવાનું રહે છે, તે જાણશોજી. આમાં તો થોડું લખ્યું ઘણું ઘણું કરીને માનવાનું છે.

## શરૂમાં કૃપા, પછી પુરુષાર્થ

આ જીવ તમારે બધાંને પાલવે પડેલો છે. એને સાચી રીતે નિભાવવો તમારા બધાંના હાથમાં છે. કાઢી મૂકશો તો તે તો જતો રહેશે. આવકારશો ને એને આવકારવાલાયક ભૂમિકા પ્રકટાવતાં રહેશો, તો તે આવીને રહેશે પણ ખરો. જે તે બધો આધાર આપણા પોતાના પર રહે છે. શરૂ શરૂમાં તે આપણામાં કૃપા કરીને પ્રકટે છે ખરો, પણ તે પછી એને તે દશામાં વધારે ને વધારે છતો, જીવતો કરવો તે આપણા હાથની વાત છે. આ હકીકતને સાચેસાચી જાણવા વિનંતી ને પ્રાર્થના છે. એની સાથે અડપલાં કર્યે કે આંખમીંચામણાં કર્યે

ચાલવાનું નથી. ચેતવું હોય તો ચેતવાનું છે. ત્યાં પડી રહ્યે પાલવી શકે તેવું નથી. રાહ જોવરાવ્યા કર્યે આપણે જ અનંતકાળ સુધી અજ્ઞાનમાં રાહ જોયા કરવાનો વારો પ્રકટવાનો છે, તે પણ નક્કી. માટે સર્વ કોઈ સ્વજન કૃપા કરતાં રહેજો. આવી કૃપા માગનાર ભાગ્યે જ કોઈ વિરલ વીર હોય છે. એનું સાચું હૃદયસ્થ ભાન પ્રકટાવજો. બાકી તો શું લખું ?

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨-૪-૧૯૫૩*

## અવતાર નહિ પ્રાકટ્ય

એને આપણામાં અવતારવાને કાજે આપણા હૃદયમાં ઘણો ઘણો ઉમંગ, ઉત્સાહ, પ્રેમભાવ, તીવ્રમાં તીવ્ર જાગૃતિયુક્ત તમન્ના વગેરે વગેરે પ્રકટાવ્યા કરીએ ને એ હકીકતનું જ્ઞાનભાન આપણા રોજિંદા સર્વ વહેવારવર્તનમાં ચેતનપૂર્વક જગાડતાં રહીએ, તો એ વહાલાને વળી અવતરવાપણું જ ક્યાં રહેલું છે ? એ તો પ્રકટ પુરુષોત્તમ જ્યાં ને ત્યાં છે જ. એને અપ્રકટ બનાવતા હોઈએ, તો તે આપણે તેને તેમ બનાવતા હોઈએ છીએ.

## આપણો જ વાંક

એ આપણી સાથે હોવા છતાં તે આપણને તેમ લાગતો નથી, એનું કારણ પણ આપણે પોતે જ છીએ. આપણને શ્રીભગવાનની ખરેખરી પૂરી ગરજ ક્યાં પ્રકટી છે ! આપણા શરીરે ક્યાંક જો જરાક જેટલી ખંજવાળની લાગણી પ્રકટે છે, તો આપણને તે અસર જણાયા વિના થોડી જ રહે છે કે ? તેમ જો શ્રીભગવાન કાજે આપણને ખરી ગરજની ભાવના પ્રકટે, તો તેનું કામ કર્યા વિના કેમ રહી શકે ? માટે બધાં જાગો, ઊઠો, બેઠા થઈને સાધન કરવામાં સારી રીતે મંડ્યા રહો, તો તો મળેલાં સ્વજનો સાચાં. આ તો કરવું-કારવવું

કાંઈ નહિ, માનવાપણું પણ નથી અને મનાવવાપણું પણ નથી. ઓળખાવવાનું કરેલું હોવા છતાં એને સાચું ઓળખવાનું ધારતાં જ નથી, એવી એવી તો આપણી ખૂબી છે !

## એક મહાત્માની શક્તિનો અનુભવ

અમે બધાં હિમાલયની જાત્રાએ જતાં હતાં.... બહેન હંમેશાં મારી સાથે વહેલી સવારથી પગપાળા મુસાફરીમાં નીકળી પડતી. ભાઈ, બધો સામાન ઠીકઠાક કરી પછીથી મોડા નીકળતા. અમે બંને તો વહેલાં વહેલાં નીકળી જતાં. રસ્તામાં સાથે એક મહાત્મા હતા. કેટકેટલી વાર માથે વરસાદ પડતો હોય ને તે મહાત્મા, મોટેથી આપણાથી સાંભળી શકાય એવી રીતે ને એવા સાદે, અમે સ્થળે પહોંચીએ ત્યાં સુધી વરસાદ અટકી જવાની પ્રાર્થના કરતા હતા. કાનોકાન પ્રત્યક્ષ સાંભળેલી આ હકીકત છે. આવું કંઈ એક બે વાર થયું નથી. એક બે વાર થાય તો તો આપણા લોક એને **'કાગનું બેસવું અને ડાળનું પડવું'** એવો પ્રસંગ પણ ગણી કાઢે. આ તો કેટકેટલી વાર તે બનેલું હતું. આશરે છ-સાત વાર તો ખરું. તેમની તેવી પ્રાર્થનાથી વરસાદ પડતો અટકી જતો અમે જાતે અનુભવ્યો છે. આ હકીકત...બહેન કનેથી પૂછીને ખાતરી કરી શકાય એમ છે.

## એના એવા બીજા અનુભવો

એ જ મહાત્મા અમારી સાથે હતા. રસ્તામાં ચાલતાં ચાલતાં ....બહેનને શરીરમાં ચૂંક આવતી હશે અને ચૂંક તે કેવી ! તે તો જરા પાછળ હતી ને આ જીવ આગળ ચાલતો હતો. મોઢાથી તેણે તે હકીકત જણાવેલી નહિ. એને શેકની ઘણી જરૂર હતી. અમારી સાથે રસોઈયો હતો. તેણે ને આ

જીવે થઈને સળગી શકે એવાં લાકડાં એકઠાં કર્યાં. તેની કને દીવાસળી હતી, તે બધી તેણે પેટાવી જોઈ, પરંતુ કર્મસંજોગે બધી જ ખલાસ થઈ ગઈ. દેવતા ન સળગ્યો તે ન જ સળગ્યો. હવે દીવાસળી તો રહી જ નહિ, દેવતા સળગાવવાની તો ઘણી ઘણી જરૂર હતી. ત્યાં ઘાસ ને એવું એવું જે બધું એકઠું કરેલું હતું, ને તેના પર નાનાં નાનાં ઝટ સળગી શકે એવાં સળેકડાં ગોઠવીને મૂક્યાં હતાં, **ત્યાં આગળ તે મહાત્મા મોંથી ધમણની પેઠે મંડ્યા ફૂંકવા. ઘણી વાર સુધી એમ તેમણે ફૂંક્યા જ કર્યું, ને પ્રભુકૃપાથી દેવતા સળગ્યો. આને ચમત્કાર કહેવો કે શું કહેવું,** તે તો જાણતો નથી, પણ તે અમારી સગી આંખે જોયેલી હકીકત છે. આમાં મીનમેખ ફરક નથી... બહેનને પૂછી પૂછીને ગમે તે કોઈ એની તપાસ ઊલટપાલટ ફેરવી ફેરવીને તે અંગે જુબાની લઈ ખાતરી કરી શકે છે. આવી બાબતના કંઈ એક બે બનાવ નથી. એવા બનાવની હારમાળા પણ છે. એમ હોવા છતાં તેનાથી ચેતવાપણું કોણ કરી શકે છે ? એવી તો જીવની પારાવાર જડતા હોય છે ! ને પછી આપણે એને આપણને સાથ ન આપવા કાજે ખાલી ખાલી બૂમો પાડ્યા કરવી છે, તે ક્યાંની વાત ભલા ! કૃપા કરીને પહેલાં તો તે આપણને જગાડે છે. એમ જગાડ્યા કેડે આપણે જો જાગતા રહેતા નથી ને ઊંઘવાનું જ કર્યા કરીએ છીએ, તો પછી પેલો બિચારો શું કરે ! આપણે જાગતા રહ્યા કરીએ તો જ તે પોતાનું કામ આપણામાં કરી શકતો હોય છે, તે નક્કી જાણજે.

## માનવમાં અતિમાનવ શક્તિ

અરે, તને શી વાત લખું ! વળી તે જ સાધુપુરુષ અમારી સાથે હિમાલયમાં હતા. જે સ્થળે અમારે પહોંચવાનું હતું તે સ્થળ હજી અઢી માઈલ દૂર હશે. થોડો થોડો વરસાદ પડ્યા જ કરતો

હતો. આપણા અહીંના વરસાદમાં ને ત્યાંના હિમાલયમાં પડતા વરસાદના પ્રકારમાં ફરક હોય છે. **પડતા વરસાદમાં અમે એટલું ચાલ્યા કર્યું. માથે પડતો વરસાદ અનુભવી રહેલાં છીએ, ને ચાલતાં ચાલતાં સ્થળે પહોંચ્યાં ત્યાં સુધી માથે તેવો વરસાદ પડ્યા કરતો હતો તેમ છતાં તે સ્થળે અમે પહોંચ્યાં ત્યારે અમારાં કપડાં કોરાં હતાં !** પડતા વરસાદમાં એટલું બધું ચાલવાનું થતાં પણ કપડાં પાણીથી તરબોળ ન થઈ ગયાં, એ ભારે નવાઈ નહિ તો બીજું શું ? અમે કંઈ માથે છત્રી જેવું ઓઢ્યું કર્યું ન હતું, તે નક્કી વાત છે. આ હકીકતમાં પણ મીનમેખ ફરક નથી ને ....બહેન ને આ જીવ બંને તે હકીકતના જીવતા સાક્ષીઓ છીએ. આ હકીકત હવે જ્યારે આ કાગળો છપાવવાનું બનશે, ત્યારે છપાવા દેવાનો છું. એટલે બીજા જીવોને પણ સમજણ પડે કે હજી ચમત્કારનો જમાનો ચાલી ગયેલો નથી. જેને જેને ખાતરી કરી લેવી હોય તે તેમને મળી તેમ કરી લઈ શકે છે, પણ એની એક શરત રાખવાનો છું. નકામા નકામા કોઈ આવીને પૂછ્યા ન કરે તે કાજે એવી શરત આ હકીકત મેળવવાને કાજે છે કે જે કોઈ આપણાં પ્રકટ કરેલાં પુસ્તકોના બે સેટ વેચાતા લે, તેને જ તે હકીકતની માહિતી મળી શકે.

### બીજાની આપદા પોતાના પર ખેંચી લે

હજી અમારી સાથે તે સાધુપુરુષ હિમાલયમાં હતા. એક-વાર પૂજ્ય મોટીબાની પાલખી ગબડેલી. તે પોતે પણ (જોકે તે તો પાલખીના સ્થળેથી ઘણે દૂર દૂર આગળ હતા) ગબડ્યા ને બોલ્યા કે 'આજે તો બાની પાલખી પડી, ને બા ને બધાં બચી ગયાં.' તે મહાત્માએ પોતાના પર તેવું લઈ ન લીધું હોત, તો કદાચ વધારે મોટો અકસ્માત થયો હોત. આ પ્રસંગના પણ અમે સાક્ષીઓ છીએ.

## કોઈનું આકસ્મિક પ્રાકટ્ય ને વિલોપન

એકવાર હિમાલયમાં રસ્તે ચઢતાં ચઢતાં.... બહેનને ભારે થાક લાગ્યો. એવી તો ભારે તરસ લાગી ! ને તે તરસ તે કેવી ! કંઠમાં જાણે કાંટા ભોંકાતા હોય તેવું લાગ્યા કરે. હવે તો એક ડગલું પણ આગળ ચાલી શકાય એવી સ્થિતિ ન રહી. તરસ તો કહે મારું કામ ! એક ઠેકાણે ભેખડની છેક નીચે ઊંડે પાણીનો મોટો વેકળો વહેતો હતો. ઊતરવું ઘણું ઘણું કઠણ ને જોખમકારક હતું ખરું, પણ હવે કરવું શું ? તરસ છીપ્યા વિના તેનાથી તો ચલાય એવું હતું જ નહિ. **તે સાધુપુરુષે તો શ્રીભગવાનની તે વેળા અંતઃકરણથી પ્રાર્થના કરી. અંતે પોતે પાણી લેવા કાજે નીચે ઊતરવાની તૈયારી કરી. જેવા પોતે ડગલાં ભરવા માંડતા હતા, ત્યાં અચાનક એક છોકરો એકદમ બહુ જ પાસે પાણી લઈને ઊભેલો દેખાયો ને....બહેનને આપ્યું. તે બહેને પેટ ભરીને પાણી પીધું, પોતે તૃષાથી તૃપ્ત થઈને પાછું વળીને જુએ છે, તો તે છોકરો દેખાયો જ નહિ !** રસ્તો સીધો હતો. દૂર સુધી જતાં પણ દેખી શકાય એવો રસ્તો હતો. નીચે ખીણમાં ઊતરે કરે તો તે પણ જોઈ શકાય તેવું હતું. ગમે તેમ થયું, પણ પાણી પ્રભુકૃપાથી મળ્યું તે હકીકત કંઈ જેવી તેવી હકીકત નથી. છોકરો કદાચ ઝપાટાભેર ક્યાંક જતો રહ્યો હોય ને દેખ્યામાં ન આવ્યો હોય એમ પણ બને. આ બધું ગમે તેમ હો, પણ એ સાધુપુરુષે પોતે અંતઃકરણથી પ્રાર્થના કરી ને પોતે પાણી લેવા ઘણી જોખમકારક જગામાં નીચે ઊંડી ખીણમાં પાણી લેવાને કાજે ઊતરવા તૈયાર થયેલા તે તો હકીકત છે. એના પરિણામે તે બહેનને પ્રત્યક્ષ કોઈએ આવીને પાણી આપ્યું, તે પણ હકીકત છે.

## આવા પ્રસંગો લખવાનો હેતુ

આવું બધું લખવાનું કારણ તો એ છે કે હજી પણ આવા લોકો પડેલા છે. આ કાળમાં આવી હકીકતોનું સાચાપણું લોક માનતા નથી, તો તે વિશે શ્રીપ્રભુકૃપાથી જો કોઈક જીવને લાગવાપણું બની શકે તો તેમ બની શકે, એવા સમજપૂર્વકના હેતુથી આવી બધી હકીકત લખી છે ને છપાવા પણ દીધી છે.

આ બધું છપાવવા દેવાની ગંભીરતા ને તેનું મહત્ત્વ પણ ખ્યાલમાં રાખીને તેમ થવા દીધું છે, તે પણ તું નક્કી જાણજે.

હિમાલયમાં તે મહાત્માના કંઈ કંઈ અનુભવો થયેલા છે. તેની અમારી સાથે જે કોઈ હતાં તેનાથી ના પાડી શકાય તેમ નથી. તેની હૂંફ ને ઓથ અમે અનુભવેલી છે. એનાં સાહસ, હિંમત, મર્દાનગી, ધીરજ, સહનશક્તિ વગેરે ગુણો ને તેના જીવનની તેવી હકીકતની બીના ભાઈ...એ ત્યાંથી લખેલા કાગળમાં બધી લખેલી પણ છે.

* * *

'....બહેન જો આટલા બાકીના માઈલ રુદ્રપ્રયાગ સુધી ચાલીને બીજે દિવસે વહેલી સવારમાં ત્યાં પહોંચી જાય તો તો તે ઘણો મોટો ચમત્કાર થયો ગણાય.'

અમારા છેલ્લા ઉતારાની રાત રહેવાની જગા ઘણી જ રળિયામણી હતી અને ત્યાં મોટી વેલ વગેરે ચઢેલી હતી, તેથી તે યાદ રહી જાય તેવી હતી. રાત્રે સામાન વગેરે પૅક કરીને દસેક વાગ્યે પરવાર્યા હોઈશું ને મધરાતે બે અઢી વાગ્યે તો ત્યાંથી નીકળ્યા હોઈશું અને રુદ્રપ્રયાગ આઠેક વાગ્યે પહોંચી ગયેલાં, કે કદાચ તે પહેલાં પહોંચ્યાં હોઈએ. અમને શરીરે કોઈને થાક કશો જ લાગેલો નહિ અને બહેનને તો રસોઈ વગેરે કરવાનું પણ ત્યાં કામ હતું. ઘી વગેરે ન હતું, એટલે તે

બહેનને ભિક્ષા માગી લાવીને લઈ આવવાનું સૂચવેલું. આટલા બધા માઈલ એકધારું ચાલવું અને તે પણ રાતે માત્ર થોડાક કલાક સૂવાનું મળ્યું હોય તેવી સ્થિતિમાં ચાલવાનું બનવું, અને તે પાછો શરીરે થાક ન લાગવો અને તેટલું ચાલીને આવીને પાછું કામે વળગી જવાનું બનવું-ને તે વળી જેને જીવનમાં ચાલવાનો જરા પણ મહાવરો ન હોય તેવા માટે-આ બધી ઘટના તારા મારા જેવા સામાન્ય માનવીથી બની શકે તેવી નથી. સામાન્ય સ્થિતિમાં માનવી જરૂર આટલું ચાલી ન શકે, ખાસ કરીને જે કોઈ જીવને ચાલવાની મુદ્દલે ટેવ નથી ને આજે પણ તે જીવ બે માઈલ તો ભાગ્યે જ ચાલી શકે-મતલબ કે ચાલી જ ન શકે, તેવો જીવ આટલા બધા માઈલ ચાલે અને શરીરે અવક્રિયાનાં કોઈ પણ લક્ષણ વિના તેવું પણ બની શકે એ ઘણી અજાયબ ઘટના છે. ૨૮ કલાકમાં અમે લગભગ ૩૨ માઈલ ચાલ્યા હોઈશું. ત્રણ કટકે તેટલો પંથ કપાયો હતો. ૧૩ કલાક ચાલવામાં ગયેલા. ભાઈ, તેમની હિમાલયની નોંધમાં લખે છે કે '૨૮ કલાકમાં (જેમાં ચાલવાના કલાક તો ૧૩ હતા) અમે સૌ ૩૨ માઈલ ચાલ્યાં. આ એક હેરત પમાડે એવી ઘટના મને લાગી. અને જ્યારે ચમોલીમાં તો શરીર દુઃખથી થાકીને હારી ગયેલો જ્ઞાનસિંગ પણ (જે માંદો હતો ને જેને ચમોલીથી છૂટો જ કરી દેવાનો હતો ને કરી પણ દીધો હતો, તેને બદલે બીજો માણસ પણ રાખી લીધેલો ને તેને પાલખી ઊંચકનારા માણસ સાથે રાતે સુવાડેલો, પણ વહેલી સવારે પેલો નક્કી કરેલો માણસ ક્યાંય ભાગી ગયો હતો. જ્ઞાનસિંગે ચાલતી તો પકડેલી, પણ તેને બીજો માણસ દોડતો જઈને આઘેથી પાછો બોલાવી લાવ્યો ત્યારે માંદગીને કારણે ને તે હવે પાલખી નહિ ઊંચકી શકે તેવું ખાસ લાગવાથી તેને ન છૂટકે

છૂટો કરવો પડેલો, એવો જ્ઞાનસિંગ પણ) ૨૮ કલાકમાં ૩૨ માઈલ પાલખી સાથે ચાલ્યો. આ જ્ઞાનસિંગની ચાલવાની ઘટના, અમારા બધાંની ચાલવાની ઘટના, સિદ્ધુભૈયાની ને....બહેનની ચાલવાની ઘટના-એ બધું આશ્ચર્યકારક ગણાય.'

હિમાલયની યાત્રાએ નીકળ્યાં ત્યારે અમે હૃષીકેશ સીધા જઈને શ્રી કાળીકમળીવાળા બાવાની ધર્મશાળામાં ઉતારો કરેલો. ત્યાંથી અમે હરદ્વાર આવેલાં. હરદ્વારમાં ભાઈ સિદ્ધાર્થનું શરીર સારું ન હોવાથી ત્યાં દાક્તરને પણ બતાવેલું ને દવા લીધેલી. તેના શરીરને ઘણા ઝાડા થયા કરતા. અમદાવાદ હતો ત્યારથી દવા તો શરૂ કરેલી અને નીકળતી વખતે પણ ઝાડા હતા. હરદ્વારમાં હૃષીકેશથી આવીને પણ દવા તો શરૂ કરેલી, પણ કંઈ મટતા ન હતા. અમે તેની દવા લઈને સાંજે પાછા હૃષીકેશ જતાં હતાં, ત્યારે આપોઆપ એમ ઉચ્ચારાયું કે 'આવતી કાલે તો આપણી હિમાલયની પગપાળા યાત્રા શરૂ થવાની ને સિદ્ધાર્થને હજી ઝાડા બંધ થયા નહિ ! તેનું શરીર સાજું હોત તો ઘણો આનંદ પડત.' ત્યારે ભાઈએ કહ્યું કે 'ત્યારે એને સાજો કરી દોને ?' કોણ જાણે શી ઘટના બની તે તો એકલો શ્રીપ્રભુ જાણે. **તે જ વખતથી તેના શરીરને સારું થયું, પરંતુ તેને જે પીડા હતી અને રોગ હતો તે તો કોક ભોગવતું હતું.** ઉપર જણાવેલા સાધુપુરુષ અમારી સાથે હતા. રસ્તામાં તેને ઘણી વાર ઝાડા થાય. વારે ઘડીએ લેંઘો છોડવો ન પડે એટલા માટે તે લેંઘાની સિલાઈ એવી રીતે કરાવેલી કે પાછળથી બટન છોડી દે એટલે તે ભાગ ખુલ્લો થઈ જાય. એમ કેટલીયે વાર તેમનું દિશાએ જવાનું થતું અને તેઓને તે કામથી પરવારતાં બિલકુલ વાર લાગતી નહિ. **તેથી...બહેનને વહેમ ગયો કે કદાચ આ ખાલી ખાલી તો ન હોય !** પણ તે

બોલેલાં નહિ, મનમાં ને મનમાં એવી વૃત્તિ તેમને થયેલી. **તેથી તેમણે બહેનને બોલાવીને તેમનો મળ બતાવ્યો. આટલું શરીરે ભોગવતા હોવા છતાં તેની અશક્તિ શરીરને ન હતી અને હિમાલયમાં તેમનાથી ચઢવાનું નિરાંતે બની શકતું.**

## પ્રાર્થનાની શ્રેષ્ઠ અગત્ય

આવું બધું લખવાની પાછળ બીજો એક એવો પણ હેતુ છે કે જેથી સાચી રીતે હૃદયની ભાવનાથી મથનાર જીવ જીવન પ્રકટાવવામાં પ્રાર્થનાના રહસ્યનું કેટકેટલું ઉપયોગીપણું છે, તે પોતે સમજે ને પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વક અંતરમાં અંતરથી આશ્રય લે. **પ્રાર્થના જેવું ચેતનવંતું ને બળવાળું બીજું કોઈ સાધન નથી. હૃદયમાં હૃદયના સાચા ભાવથી, આર્તનાદ ને આર્દ્રભાવે, જે જીવ એનો આશરો લે છે, એને તેવી પ્રાર્થના કદી નિરાશ કરી શકતી નથી. એવી છે પ્રાર્થનાની અંતરતમ શક્તિ.** જીવનવિકાસની સાધનામાં હૃદયથી કરાયેલી પ્રાર્થના ઘણો ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. કિંતુ જીવની કેવી પરમ લાચારી છે કે એને પ્રાર્થનાનું શરણું લેવાનું કદી પણ સૂઝતું નથી ! કોઈક જીવ કરે છે, તો તે પણ કેવી લૂલી લૂલી ! કંઈ પણ કશા પ્રાણ વિનાની. જ્યારે કંઈક સાચી પૂરી ગરજ જાગે, કંઈક ઊંડું ઊંડું દર્દ થાય ને ઘણું ઘણું સાલવા માંડે, ત્યારે જે પ્રાર્થના થાય છે, તેમાં પણ દર્દથી જે પ્રાર્થના થાય છે, એટલે કે જે પ્રાર્થનાના ભાવમાં અંતરનું દર્દ વ્યક્ત થાય છે, તેવી પ્રાર્થનાનો ભાવ કંઈ ઑર હોય છે. માટે આપણે તો જેમાં ને તેમાં એ વહાલાને હૃદયમાં પ્રાર્થનાથી પોકાર્યા જ કરવાનો છે. પ્રાર્થનાથી જેને જે બળ પ્રકટે છે, જે આત્મવિશ્વાસ પ્રકટે છે ને જીવનના સાચા આધારની જે ખબર પડે છે, તે પ્રાર્થનાનું સાચું શરણું સાચી રીતે સમજી શકે છે. આ જીવે તો પ્રાર્થના કરી કરી જીવનમાં રચનાત્મકપણું એની

કૃપાથી પ્રકટાવવાનું કરેલું છે. માટે કદી પણ લાચાર બનવું નહિ. સંસારી **જીવ આગળ કદી પણ લાચારી દર્શાવવી નહિ. લાચારી દર્શાવવાની હોય તો તે એકલા આપણા વહાલા પ્રભુ પાસે જ હોય.** કંઈક કશું થતાં પ્રાર્થના કરવી. પ્રાર્થના તો કામ કરતાં કરતાં પણ થઈ શકે છે. મનને કદી પણ ગ્લાનિમાં ગરકાવ થઈ જવા ન દેવું. મનની શાંતિ, પ્રસન્નતા, સમતા, ધીરજ વગેરે તો જેમ અખંડ જીવતાં રહે તેમ પ્રભુકૃપાથી મથવાનું છે.

## પ્રાર્થનાથી સનાથતા

પ્રાર્થનાથી કેવી કેવી ગેબી મદદ મળે છે, તેનો અનુભવ જ્યારે જીવનમાં પ્રકટે છે, ત્યારે તે પોતે કંઈ કશાથી કદી પણ ગભરાઈ જતો નથી. ગૂંચ, મુશ્કેલી, ઉપાધિ, ક્લેશ, સંતાપ વગેરે વગેરે પ્રકટતાં તે મૂંઝાઈ જતો નથી. તે તેવી વેળા પ્રાર્થનાનું શરણું ગ્રહણ કરે છે ને પોતે પાછો સનાથ બને છે. સંસારવહેવારવર્તનમાં આપણાથી ઘણી ઘણી વેળાએ અનાથ બની જવાવાના પ્રસંગો પડ્યા જ કરે છે, પણ તેવી વેળા સનાથ છીએ તેનું જ્ઞાનભાન તેવા તેવા પ્રસંગમાં પ્રકટ્યા કરે, તો જે જે પ્રસંગો આપણને અનાથ કરાવવા મથતા હોય, એને આપણા હૃદયની સનાથપણાની હૂંફ, ઓથ ને સહાનુભૂતિથી એને, એટલે કે તેવા તેવા પ્રસંગના હેતુને, તે એળે બનાવી દે છે. ફરી પાછાં આપણે તેનાથી વધારે તેજસ્વીપણાવાળા પ્રકટ્યા કરીએ છીએ. એવી છે પ્રાર્થનાની અદ્ભુત શક્તિ.

## દુઃખમય પ્રસંગોને પ્રભુકૃપા જાણો

આપણા અહમ્‌ને તો ઘણા ફટકા પડે, તે તો ઘણું ઘણું જરૂરનું છે. **અહમ્‌નો લય થયા વિના હૃદય ખુલ્લું થઈ શકવાનું નથી** અને તે વિના હૃદયની શક્તિનો અનુભવ પણ ક્યાંથી

થાય ? જ્ઞાનભાવે શીખવા, અનુભવ મેળવવા કાજે અહમ્ જેટલું વધારેમાં વધારે નમ્ર બને તેટલું ઘણું જરૂરનું છે. વળી, શૂન્ય થાય તે તો કેટકેટલું જરૂરનું છે ! માટે એવા પ્રસંગો સંસારવહેવારમાં જે મળ્યા કરે એને તો જીવનના વિકાસ માટેના હેતુથી ને તેવા જ્ઞાનભાવથી ઘણા ઘણા હર્ષથી સ્વીકારવા. એની પાછળના હેતુનું જ્ઞાન અંતરમાં તે વેળા પ્રકટાવ્યા કરવાથી તેવા દુઃખદ પ્રસંગોથી કદી શોક થતો નથી કે માઠું લગાડવાપણું જાગતું નથી, કે ઓછું આણવાનું બનતું નથી, કે નથી કોઈના પર રોષ પ્રકટતો. સંસારવહેવારવર્તનમાં તેવા તેવા પ્રસંગો તો પ્રભુએ કૃપા કરીને આપણને ઘડવાને ઊભા કરેલા છે. એટલે તો તેમાં ઘણો ઘણો ઊલટો અંતરનો ભાવ પ્રકટવો ઘટે છે. તેવી રીતે પ્રસંગને જોવાનું, સમજવાનું, અનુભવવાનું જે જીવ કરી શકે છે, તેવો જીવ જ પ્રસંગથી ઘડાતો હોય છે. માટે પ્રસંગને સાચો ગુરુ સમજવો.

## આગળથી જ જવાબ

પ્રાર્થના કરવાનું સૂઝે છે, એ તો ઘણી ઉત્તમ વાત છે. તારો કાગળ મળતાં પહેલાં જ પ્રાર્થના વિશેની હકીકત લખી રહેલો હતો. જીવનવિકાસના માર્ગમાં પ્રાર્થના ઘણો ઘણો મોટો ભાગ ભજવે છે. પ્રાર્થના જેવું કોઈ સબળ સાધન નથી. અંતરતમ સાચી પ્રાર્થનાનો પોકાર ખાલી ગયેલો જાણ્યો નથી.

આ જીવના અનુભવને તું યાદ કરી કરી શીખવાનું ને જાગ્રત રહેવાનું કરે છે, તે તારો આ જીવ પરત્વેનો પ્રેમભાવ સૂચવે છે.

## સાચી નમ્રતા

જો આપણે ભગવાનને માર્ગે સાચેસાચ જવું હોય તો આપણે નમ્રમાંયે નમ્ર બનવાનું છે. રસ્તાનું જનારું પણ આપણને

હડધૂત કરે તોયે આપણે પ્રેમભાવથી નમ્ર રહી શકીએ અને શાંત રહી શકીએ, મનમાં કંઈ કશું ઊગે નહિ એવી સ્થિતિ થાય તો તે ઉત્તમ છે. જીવનવિકાસમાં આગળ જતાં જતાં એક એવા પ્રકારની નમ્રતા પ્રકટે છે કે, તેવી નમ્રતામાં, નમ્રતા પૂરેપૂરી હોવા છતાં તે નમ્રતા પોતે જ શક્તિસ્વરૂપ બનેલી હોય છે.

આ જીવે નમ્રતાની કેળવણી જાણીબૂજીને સમજણપૂર્વક ખીલવેલી હતી. સેવાના ક્ષેત્રમાં જ્યાં જ્યાં હક્ક હતો, ત્યાં પણ તેને છોડી દઈને એનાથી નીચી પાયરીની જગા સ્વીકારવાનું જ તે કર્યા કરતો. સરખેસરખાપણાની સ્થિતિમાં હોવા છતાં કંઈ કશા કાજે હક્ક દાવા કરેલ નથી. નડિયાદની શાળામાં આ જીવ મુખ્ય પદે હતો ને આશ્રમમાં પણ, પરંતુ મારાથી નીચેના પદના શિક્ષકને આચાર્યપદે મૂકીને તેના હાથ નીચે જ કામ કરવાનું રાખતો. તેથી પેલા શિક્ષકને પણ ઉત્તમ કેળવણી મળતી, શીખવાનું મળતું. વળી, તે જીવને ઘણું સારું લાગતું. બોદાલ આશ્રમમાં મુખ્ય વ્યવસ્થાપક તરીકે બદલી થયેલી, પણ તે ઠેકાણે હેમંતભાઈને જ મુખ્ય વ્યવસ્થાપક નીમવા, એમ મેં મારી જાતે અમારા સંઘની વ્યવસ્થાપક સભાને વીનવેલું, હેમંતભાઈને મારા ઉપરી મેં પોતે બનાવેલા તે પણ મારી જ માગણીથી. **એટલે મળેલા હક્કને પણ જતો કરવાનું આપણે પ્રેમથી શીખીશું ને બીજાને આગળ આણ્યા કરવાનું આપણે પ્રેમભાવે કરીશું તો તેમાં આપણું કશું જ બગડી જવાનું નથી.** સંસારવહેવારવર્તનમાં કંઈ કશામાં અહમ્ ન પ્રકટે એવી તો પૂરેપૂરી સોએ સો ટકા જાગૃતિ રાખવાની છે. જેનામાંથી અહમ્ ન જાય તે કદી ચેતનના પ્રકારમાં પ્રકટી ન શકે. અહમ્ એ તો ચેતનનો, પ્રકૃતિ દ્વારા પ્રકૃતિમાં કામ કરતો રેલો છે. **ચેતન જેમાં જેમાં પ્રવેશે તેના તેના રૂપે જ પ્રવર્તે છે.**

## સ્થૂળ યુદ્ધ કરતાં સૂક્ષ્મ યુદ્ધ ચઢે

કોઈનાયે પરત્વે નકારાત્મક વલણ ઊપજે, એટલે કે તેનું નરસું જો આપણું મન વિચારવાનું કરે કે, તુરતાતુરત તે જીવનાં ઉત્તમ પાસાંને યાદ કરવાનું. તેણે આપણું સારું વાંચ્છ્યું હોય, ઉત્તમ કહેલું હોય, ઉત્તમ કરેલું હોય તે તે યાદ કરવું. કંઈ કશું નકારાત્મક વલણ પ્રકટે કે સફાળા ચેતવું જાગવું, ચેતી જવાય કે જાગી જવાય તો જાણવું કે હવે આપણા મનને તેવા તેવામાં પડી રહેવાની લતમાંથી છૂટવાની ઇચ્છા થયેલી છે. એમ વારે વારે ચેતી જવાનું બને તો તેવો જીવ જરૂર ભગવાનનો થવાનો છે, તે નિશ્ચે જાણવું. **'ચેતતા નર સદા સુખી'** એવી એક કહેવત છે. તેના જુદી જુદી કક્ષાના જુદા જુદા અર્થ થાય. જીવ પ્રકારનું વલણ જાગે તેવી વેળા આપણે પ્રભુને, તેમાંથી મુક્ત કરવા કાજે પ્રાર્થના કરવી. પ્રાર્થનાના ભાવથી આંતરિક બળ પ્રકટે છે, કોઈ પણ નકારાત્મક વૃત્તિ ઉદ્‌ભવે તેવી વેળા ચેતનયુક્ત અંતરની જાગૃતિ સેવી સેવીને તેનો પૂરો સામનો કરવો ને તેવી વૃત્તિને ટાળવી એ કંઈ જેવું તેવું કામ નથી. સ્થૂળ પ્રકારની મર્દાનગી તેવું કર્મ માગી લે છે. તારાથી સદાય તેવી રીતે વર્તાયા જવાય તેવી હૃદયની અભિલાષા તારા પરત્વે આ જીવની પ્રકટ્યા કરે છે. માટે સદાય જાગ્રત થઈને શ્રીપ્રભુમાં મનાદિકરણોને પ્રેમભક્તિથી પરોવી પરોવીને તું એની કૃપાથી મરદ બનતી રહેજે એવી પ્રાર્થના છે.

## અંતરને તપાસવાના લાભ

તારો અંતર્યામી જાગ્રત બની જાય ને તું ચેતનપુરુષનું પાસું જ્ઞાનભક્તિભાવે હૃદયમાં હૃદયથી સેવતી બની જાય, તો નકારાત્મક વલણ ઊપજવાનાં કારણો આપણને જડી જતાં

વાર ન લાગે. **આપણે સમતાથી, તટસ્થતાથી, શાંતિથી આપણે પોતે પોતાને તપાસ્યા કરવું પડશે.** મનમાં જે જે વલણો ઊઠે તેનું પૃથક્કરણ કરવું પડશે અને જે જે વૃત્તિઓ, વિચારો, લાગણીઓ ને ભાવના જાગે તેના તેનાથી આપણી જાતને નોખી પાડતા રહેવું પડશે. એવી રીતે વિશેષ ઊંડા ઊતરતા રહેવાય તો પોતે પોતાને યોગ્ય રીતે સમજી શકે. પ્રસંગથી મનને કદી પણ અશાંત બનવા ન દેવું. સંતાપ, ત્રાસ, ક્લેશ વગેરે થાય અથવા મનને પ્રસંગથી કરી એવું બનવા દીધું, તો તેવું મન પ્રસંગને ઊંધી રીતે જ જોવરાવશે ને ઊંધી જ રીતનું મૂલ્યાંકન આપણી કને કરાવશે. તે આપણને તેવી રીતે પછાડ ખવડાવશે. માટે જીવનવિકાસના સાધકથી તો મનને પાંશરું, પ્રસન્નચિત્તપણામાં, શાંતિમાં, સમતામાં જો પ્રભુકૃપાથી રાખી શકવાનું બની શક્યું તો જ પ્રસંગને યોગ્ય રીતે સમજી શકવાની શક્તિ આપણામાં ઊગી શકવાની છે, તે નિશ્ચે કરીને જાણજે. ને તો જ આપણે જાગ્રત પણ રહી શકવાના છીએ, તે નક્કી પ્રમાણવું.

### પોતાનો દાખલો

આ જીવને સંઘમાં કંઈ અન્યાય થયા જ નથી એમ તો નથી, પરંતુ આ જગતમાં ને સંસારવહેવારમાં ન્યાય અન્યાયનાં પાસાં રહેલાં હોવાથી ન્યાય પણ થાય ને અન્યાય પણ થાય, એવું તો બનતું જ રહ્યા કરવાનું. અન્યાય કોઈ તરફથી થયા કર્યો હોય, પણ તેમ છતાં તેમના પરત્વે સદ્ભાવ જ સેવ્યા કરવો, એ આપણા વિકાસ થવા કાજે ઉત્તમ હકીકત છે. વળી, આપણને જે અન્યાય થતો દેખાય છે, તેવો સાચેસાચ અન્યાય કરવાનો હેતુ કદાચ ન પણ હોય. પ્રભુકૃપાથી આ જીવે તો જે તે પરત્વે સદ્ભાવ જ સેવ્યા કરેલો છે. જાણી જોઈને માગીને

નીચલું પદ જ સ્વીકારતો, ત્યાં પણ ઉપલા પદનું અધિકારપણું ક્યાંય ડોકિયું ન કરી જાય તેનું તો પ્રભુકૃપાથી પૂરતું જ્ઞાનભાન રહેતું. આજે પણ મારા જીવનના તે કાળના કર્મસાથી મિત્રો આ હકીકતના સાક્ષી છે. સાથે સાથે કામ કરવા છતાં અને એક જ સંસ્થાના કામમાં લાગેલા હોવાથી, કોઈ પણ દિવસ ડહાપણ ડહોળવાનું તો કરેલું જ નથી. મુખ્ય પદવાળાને સૂચના, સલાહ દેવાનું પણ ભાગ્યે જ બનતું. કદી પણ આગળ પડીને કશું વહોરી લેવાનું બનતું જ નહિ. બને તેટલું તે વેળા પણ પ્રભુકૃપાથી મૌન સેવાતું. કામ કરવાપણામાં સહુની સાથે બરાબરીમાં પૂરેપૂરું રહી શકાતું. આવી બધી હકીકત લખવાનું કારણ તો એ છે કે જેથી તું તથા બીજાં સ્વજનો તેથી સમજે ને તેમ વર્તવાનું કરી શકે. જે કરતું હોય તેને જ કહી શકાય છે. જીવનને વેડફી દેવાનું નથી. એને જરા પણ કંઈ કશામાં વેડફી દેવાનું થઈ જતાં આપણે કાળજે અરેરાટી-ચિરાડો-પડવો જોઈશે. આપણે કાળજે તો તેવી વેળા એનો ઊંડો, કારમો ધ્રાસકો પડવો ઘટે. જો એવું બને તો જ આપણે ચેતેલા રહી શકીએ. જીવનની એવી વેળાએ અંતરમાં ધ્રાસકો પડતો અનુભવાય, તો જ સમજવું ને માનવું કે આપણાથી જીવન-વિકાસને માર્ગે જરૂર જઈ શકાવાનું છે. કોઈનો પણ આપણા પરથી ભાવ ઘટે નહિ એમ વર્તવાનું હોય.

*કુંભકોણમ્,* *હરિઃૐ* *તા. ૩-૪-૧૯૫૩*

જિગરનું જોમ જ્યાં પ્રકટે, અકલ્પેલું કરી શકશે,
જીવનનિષ્ઠા પ્રકટતાં તો બધામાં ભાવ નીતરશે.

## જો હૃદયથી જીવનઆદર્શ સ્વીકારાય તો-

આપણે ગમે તેવા ભલેને નબળા હોઈએ, પણ જીવન-વિકાસનો આદર્શ સાચી, પૂરી રીતે જો આપણાથી હૃદયથી

સ્વીકારાઈ શકાયો હોય, તો જીવનમાં નવા પ્રાણ સ્ફુરંતા આપણે અનુભવી શકીશું. નવી દૃષ્ટિ, નવી સમજણ પ્રકટતી જતી આપણે અનુભવતા રહીશું. જૂની-પુરાણી આપણી મનોદશા પલટાતી જતી આપણે નરી આંખે જોઈ શકીશું. પછી તો એના એ જ પ્રસંગોને, હકીકતોને, એના એ જ જીવની મનોદશા તેની તે જ હોવા છતાં આપણે તેમાં તેમાં તેવી રીતે કદી પણ ભેરવાઈ પડતા નથી. આપણે પ્રભુકૃપાથી જુદા તરી આવતા આપણને અનુભવી શકીએ છીએ. જીવનઆદર્શના માર્ગમાં ખૂંપતાં જતાં, જીવનમાં પ્રકટતાં આવાં લક્ષણ આપણે જ્યારે અનુભવીએ, ત્યારે આપણે ખરા માર્ગ પર છીએ એમ પ્રમાણવું. જે તે બધું લક્ષણથી સ્વીકારવાનું કરવું.

## જ્યાં ત્યાંથી ઊંચી સમજણ મેળવો

જીવનનાં ઊલટાંસૂલટાં પાસાંઓમાં સાચી રીતે શું શું છે, તેનો જ્ઞાનપૂર્વકનો હૃદયમાં હૃદયથી અનુભવ મેળવવો ને તે રીતે જે ગ્રહણ કરવાનું બને તે રીતે તેને જીવનમાં સ્વીકારતા રહેવાનું છે. જીવનને જે તે પ્રસંગોથી કરી ઊંચે તારવતા રહીને જેમાં તેમાંથી આપણે જીવનવિકાસને યોગ્ય સમજણ પ્રકટાવ્યા કરવાની છે. તેવી સમજણ સહજમેળે જો આપણને પ્રકટ્યા કરે, તો જાણવું ને માનવું કે આપણું કામ પાકવા માંડવાની અણી પર છે. પ્રસંગો, બનાવો, હકીકતોમાંથી એની-મેળે ન સમજાતું હોય તોપણ બુદ્ધિને સજાગ, સતેજ કરી કરીને, જે તે કંઈનું હાર્દ હૃદયથી પકડ્યા કરવાનું છે. વસ્તુ, પ્રસંગ, હકીકત વગેરે કંઈ પોતે તો સમજાવવા આવવાના નથી, આપણે પોતે થઈને તેમને યથાયોગ્યપણે સમજવાનું કરીશું તો તે જીવનમાં સહેતુ, પ્રભુકૃપાથી પ્રકટેલા છે એમ જરૂર સમજી શકીશું. સમજવાનું કામ આપણા હાથમાં છે.

## જીવન ઉષાનાં લક્ષણો

સંસારવહેવારવર્તનમાં કંઈક કંઈક એવું બન્યા કરશે કે જેથી આપણું માથું ઊંચું થયા વિના રહી જ ન શકે. એવી આકરી વેળાએ જો શાંત, તટસ્થ રહી શકવાનું પ્રભુકૃપાથી બની શક્યું તો જાણવું ને સમજવું કે મન જરૂર શાંત પડી જ શકવાનું છે ને આપણામાં જીવનવિકાસ અંગેની જાગૃતિ સહજ બની શકવાની છે. આવાં બધાં લક્ષણો જીવનની પ્રકટતી ઉષાનાં છે. જો હૃદયની ચેતનયુક્ત જાગૃતિ પ્રકટતી રહી શકી, તો તો સકળ કંઈ એની યથાર્થતામાં કરી શકવાને આપણે સમર્થ થઈ જ શકવાના છીએ, એમ નિશ્ચયથી જાણવું ને માનવું. માટે જેમ તેમ કરીને કૃપા કરી જાગૃતિ સેવવામાં જ હૃદયથી જ્ઞાનભાન લગાડ્યા કરવું.

## જાગૃતિનાં મંડાણ

કોઈના વિશે કંઈ પણ મનમાં લાગી ન જાય તેની પૂરતી કાળજી રાખવી. કંઈ કશા વિશે મન મત બાંધી ન લે, તેની ખંત-કાળજી રાખીને જાગૃતિ સેવ્યા કરવાની છે. **આંતરિકપણે ઊઠતા વિચારો, વૃત્તિઓને પૂરેપૂરી રીતે સમતા, તટસ્થતાથી તપાસતાં રહેવું, એમને પસાર થવા દીધાં કરવાં,** એમની સાથે આનુષંગિક સાંકળ જોડાઈ જતાં અટક્યા કરવું. આવું આવું યોગ્યપણે થયા કરતું અનુભવાય તો જાગૃતિનાં મંડાણ થઈ ચૂક્યાં છે એમ પ્રમાણવું.

## બધું જ પ્રભુપ્રસાદી

સર્વ કોઈ મળેલાં છે તે આપણને મઠારવા કાજે, એવાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ પ્રભુકૃપાથી જીવનનિષ્ઠા પ્રકટાવવા કાજે જ્ઞાનપૂર્વક જો આપણે રાખી શક્યા, તો તો કોઈ પણ પરત્વે અન્યથાભાવ પ્રકટવાનો સંભવ પછીથી તો રહી શકતો નથી.

સાચું પણ એ જ છે કે જે તે કોઈ જીવનમાં પાંશરાપણું પ્રકટાવવા, આપણને ઈશારો કરવા, ચેતાવવા જે જે કંઈ એની કૃપાથી મળેલું હોય છે, તે તે કંઈ એની પ્રસાદી છે. આપણે જેને તેને તે ભાવે જીવનમાં પ્રેમથી સ્વીકારવાનું છે. આનું નામ છે જીવનની યથાર્થ સાધના.

## જ્ઞાનપૂર્વક ખૂંપી જાઓ

તું આ જીવને જીવનમાં જીવનથી દીપાવી શકે તો સારી આલમમાં પ્રભુની હું તો બાંગ પોકારું. તારી તેવી સમર્પણની ગાથામાં હૃદયના ભાવથી આભારવશ થઈ થઈને એને સદાય ઓશિંગણભાવે સંભાર્યા જ કરું. સાધનામાં સ્થૂળ રીતે સંપૂર્ણ દટાઈ જવાપણું રહેલું છે. જો સમજણપૂર્વક તેમ થયેલું હશે, તો તેવા થવાપણામાંથી આનંદ, શાંતિ, સમતા વગેરે પ્રકટ્યા કરવાનાં. ત્યાગ, બલિદાન અને સમર્પણની ભાવનામાંથી જો આનંદ ન પ્રકટી શક્યો, તો જરૂર સમજવું કે તેવાં તેવાં ત્યાગ, બલિદાન ને સમર્પણમાં હૃદયનો સાચો ભાવ હજી પ્રકટેલો નથી. બેળે બેળે થયેલાં ત્યાગ, બલિદાન ને સમર્પણ તે ત્યાગ, બલિદાન ને સમર્પણ નથી, એમાં તો ઊલટું જીવનને કચરાવાપણું રહેલું છે. બેળે બેળે જે કંઈ થાય, એમાંથી અશાંતિ, સંતાપ, ત્રાસ વગેરે જ બધું નીપજ્યા કરે. એથી કરીને તો જીવન ભારે બોજારૂપ જ લાગે. જીવનને અમથું અમથું કચરાવા દેવાનું નથી. જીવનને નીચે છેક તળિયે દટાઈ જવાનું થતાં, જમીનમાં ત્યાં એને પૂરેપૂરું મળી જવાનું થતાં ને પૂરેપૂરું મરી જવાનું થતાં, ત્યાં પ્રભુકૃપાથી વર્ષા થતાં એમાંથી નવાં બીજાંકુર ફૂટી શકવાનાં છે, તે ખ્યાલમાં રાખજે. એટલે સંસારવહેવાર-વર્તનમાં આપણે જે જ્ઞાનભક્તિપૂર્વક દટાઈ જવાનું છે, તે તો એવા જીવંત યજ્ઞની ભાવના પ્રકટાવવાને અર્થે છે.

## સંસારમાં જીવવાનો હેતુ

તને કામ હોવા છતાં લાંબા લાંબા કાગળો લખી રહ્યો છું, તેનું આ જીવને જ્ઞાન છે ને આ કાગળો તને એકલીને ઉદ્દેશીને કંઈ લખેલા નથી. એ કાગળો લખવાની પાછળ તો પ્રભુકૃપાથી જીવનવિકાસના હેતુ અર્થે જેમણે જેમણે પોતે કરીને આ જીવને સ્વીકારેલો છે, તેમને તેમને આ પત્ર દ્વારા અને તે લખતી વખતે તેમાં હૃદયની ભાવના રેડી રેડીને, તેમને જગાડવાનો હેતુ રહેલો છે. જ્યારે ભાવ પ્રકટે છે ત્યારે તે કંઈ વિચારવા કરવા બેસતો નથી. ભાવપ્રેરિત જ્ઞાનમાંથી જે વિચાર પ્રકટે છે, ને આપણે બધાં જીવદશામાં હોઈએ છીએ તેવી વેળાએ જે વિચાર પ્રકટે છે, એ બંને પ્રકારના વિચારમાં ઘણો ઘણો ફરક રહે છે. ભાવમાંથી જો યોગ્ય પ્રકારનું જ્ઞાન ન પ્રકટે તો તો તે ભાવનું યથાર્થપણું કેમ કરીને સ્વીકારી શકાય ? તેથી આવા લાંબા લાંબા કાગળો લખવામાં પણ સહેતુકપણું પ્રભુ-કૃપાથી પ્રવર્તે છે, તે તું અંતરથી સમજવાને મથજે. તે રીતે આવા પત્રોના હાર્દને અને તેના મર્મને સ્વીકારજે લાંબા લાંબા પત્રોને ઉતારવાની ધમાલમાં ને તેની ધાંધલમાં ન પડી જતી. કર્મ જે કરવાનું છે, તેના હેતુનું જ્ઞાન દિલમાં જીવતું રાખવું. કામમાં જો ત્રાસ અનુભવાયો, તો મારું તેટલું કામ બગડ્યું એમ ગણજે. કર્મ ગમે તે હોય, તે પૂરેપૂરું સ્વસ્થતાથી ઉકેલ્યા કરવાનું છે તે જાણજે. કંઈ જ કશામાં અકળામણ, ઉકળાટ, ગભરાટ, અશાંતિ, બેળે બેળેપણું, ત્રાસ વગેરે ન ઊપજે તેની તો પૂરેપૂરી કાળજી રાખવી. તેવું થયું તો સંસારવહેવારવર્તનમાં વારંવાર જીવનને સજીવન કર્યા કરવાનું છે, જીવનને છતું કર્યા કરવાનું છે. એ કાજે જ આપણે તો જીવવાનું હોય તો જીવવાનું છે. સંસાર કાજે આપણે જીવવાનું નથી. આપણે તો જે જીવવાનું

છે, તે એની કૃપાથી કરી સંસારમાંથી તરી પાર થવા કાજે જીવવાનું છે. સંસારની ઘટમાળમાં ઘટમાળરૂપે જડ યંત્રવત્ બની જવાનું નથી. સંસાર તો યંત્રવત્ ચાલ્યા જ કરવાનો છે. આપણે જડ યંત્રવત્ જીવવાનું નથી. જે જે કંઈ કશું યંત્રવત્ બન્યું, કે એમાંથી પ્રાણ ગયા સમજવા. માટે જેને તેને ઘરેડરૂપ બની જવા ન દેવું. વ્યવસ્થા એક વસ્તુ છે ને ઘરેડ બીજી હકીકત છે. બંનેમાં ઘણો ફરક છે. વ્યવસ્થા પ્રકટાવીને પણ તેને માનવી પાછો ઘરેડરૂપ બનાવી દેતો હોય છે. જેને તેને વ્યવસ્થાના આકારમાં મૂકી તે તે પછી પાછું ઘરેડ પ્રમાણે જ તે કર્યા કરતો હોય છે. આપણે તેમ કરવાનું નથી. જે કંઈ થયા કરે, તેમાં આપણા જીવનની ભાવના થનગનતી, નૃત્ય કરતી હોવી જોઈશે. જેમાં ને તેમાં જીવનની જ્ઞાનપૂર્વકની સમજણ તરવરતી પ્રકટેલી રહ્યા કરે, તે ઘણું ઘણું જરૂરનું છે. સંસારનું કામકાજ તો સવારથી ઊઠ્યા કે રાતે સૂતા સુધી એક પછી એક રોજની જેમ ચાલ્યા કરતું હોય છે. તેમાં આપણે બીજા સંસારી જીવોની જેમ પરોવવાનું ન હોય. તે કર્મથી આપણે તો આપણા વહાલા પ્રભુને રીઝવવાના છે ને તે કર્મ ઉત્તમમાં ઉત્તમ રીતે કરી શ્રીભગવાનને ચરણકમળે પ્રસાદી તરીકે ભેટ મૂક્યા કરવાનું છે. જે પ્રસાદી તરીકે ભેટ મૂકવાનું હોય તે શું યદ્વાતદ્વાપણે આપણે કરીશું ?

## વાતચીતની કળા

સંસાર કચરાઈ જવા માટે મળેલો નથી. સંસાર બિડાઈ-સિડાઈ જવા કાજે મળેલો નથી. સંસાર લાચાર ને પરાધીન થઈ જવા કાજે મળેલો નથી. સંસાર કંઈ ગુલામી કરવા મળેલ નથી. સંસાર કંઈ બધાંની આળપંપાળ કરવા મળેલ નથી.

સંસાર કંઈ કૂથલી-નિંદા કરવા મળેલ નથી. સંસારમાં ઉપલું જણાવેલું પાસું આપણે તો જાગી જાગીને ત્યજવાનું છે, એમાં મુદ્દલે ભળવાનું નથી. તેથી કરી કદાચ કોઈને ખોટું લાગે, તો તેની ક્ષમા માગવી, પરંતુ આપણે સંસારની તે તે હકીકતોથી જ્ઞાનપૂર્વક વેગળા જ રહેવાનું છે, તે નક્કી સમજવું. એટલું તું પાળવાનું કરી શકે, તો તને જીવન-વિકાસની સાચી ભાવના જાગી છે એમ ગણી શકાય. બે જીવો ભેગા મળે ને વાતે વળગવાનું થાય, એવો પ્રસંગ ઊપજે, તેવી વેળા જાગૃતિ સેવી સેવીને કેવી કેવી વાતો ઊપજે છે, **તે ધ્યાનમાં રાખી વાતોના નકારાત્મક પ્રકારમાં કદી પણ પડવું નહિ.** તેમ છતાં પાછું સામા જીવને કદી તરછોડી દેવાનો તો ન જ હોય, તેમ જ એને આપણે અવગણવાનો પણ ન હોય. તેમ આપણે એનાથી સારી સમજણના છીએ એવી વૃત્તિ પણ મનમાં ઊપજે, તો તે આપણા પતનનું કારણ બને છે. આમ, તેવી વેળા આપણે ઘણી ઘણી કાળજી રાખવાની હોય છે. તેવી વેળાએ આપણે કળા વાપરીને ચાલતી વાતને કોઈ રીતે પલટો અપાવીને કોઈ બીજા કોઈ ઊંચા પ્રસંગના વલણમાં તેને ફેરવી નંખાવવાનું કરવું. સામા જીવને કંઈક લાગણી પ્રકટાવીને એની ભાવનાને પણ તેજસ્વિત બનાવવાનું થાય, એવી રીતે વાતનો પ્રકાર ઉપજાવવાની કળા આપણામાં પ્રકટેલી હોવી જોઈશે. તેવી વાતમાં સામાને પરોવીને એની ભાવના ને એની સમજણને ઊંચા પ્રકારમાં પરોવવાનાં છે, તેનો જાગ્રત ખ્યાલ રાખવો. એવો જીવતો ખ્યાલ જેને વાતચીતમાં રહી શકે છે, તેવો જીવ કશામાં પરોવાઈ શકતો નથી. એવા જીવને પોતાનો ખ્યાલ સર્વ કંઈમાં રહી શકે છે.

## સાંભળો, પણ ન સાંભળો

સંસારી વાતચીતોમાં સંસારની રીતે કદી પણ ભાગ લેવાનું ન બની જાય, તેની તો પૂરેપૂરી સંભાળ રાખવાની છે. સામા જીવની વાતોથી અળગા થવાનું ધારો કે એકદમ ન થઈ શકે એવું હોય, સામો જીવ વડીલ હોય ને પોતે એવી વાતો કરતો હોય, તેવી વેળા શું કરવું એવો પ્રશ્ન ઊઠે ખરો ને એવા પણ પ્રસંગ સંસારમાં બને છે. તેવી વેળા આપણે જો પૂરેપૂરાં જાગેલાં ને ચેતેલાં, સાવધાન, સાવચેતીવાળાં રહી શકેલાં હોઈએ તો તો તે વાત સાંભળવા છતાં સાંભળવાનું ન બને. તે એવી રીતે કે મનને તો સ્મરણધારણામાં બુડાડી દેવાનું પ્રભુકૃપાથી થયા કરતું હોય ને પોતે તેમની સાથેની વાતોમાં કોઈ પણ પ્રકારનો રસ લીધા કરવાનું ન કરતો હોય, તેમ જ તેમાં આમની કે તેમની ટાપસી પણ ન પૂરતો હોય. વડીલની તેવી સાંસારિક વાતોમાં પોતે સહાનુભૂતિ દેતો હોય, એવું તેને તે લાગવા દેતો નથી. એવી વાતોને તો ભૂલેચૂકે પણ ઉત્તેજન ન અપાઈ જાય, તેની સોએ સો ટકા કાળજી પ્રભુકૃપાથી રાખી શકતો હોય છે. જીવ વડીલ ભલેને હોય, પણ એને આપણા રોજિંદા વર્તનવહેવારથી ખબર તો પડી જવી ઘટે કે હવે તેને સંસારની આવી આડીતેડી વાતોમાં કશો રસ નથી. આપણી એવા પ્રકારની છાપ-અસર આપણા ચાલતા રહેતા સતત નામસ્મરણના યજ્ઞથી તેમના તેમનામાં જન્માવવાની છે, તે જાણજે. કદાચ કોઈ એવા વડીલ જીવો બે ચાર મહેણાં સંભળાવી દે તો તે પ્રેમભક્તિભાવે સાંભળી લેવું. **સંસારની એવી વાતોમાં આપણે જો રસ લેવાનું સમજણપૂર્વક મૂકી દેવાનું કરીશું ને એની પૂરેપૂરી ખાતરી આપણી આગળ પાછળના જીવોને જો થઈ ગઈ, તો તો કોઈ પણ આપણી આગળ એવી વાત કરવાને**

**પ્રેરાશે નહિ.** સહુ કોઈના મનમાં એમ જ થયા કરવાનું કે 'જવા દોને એને ! એ તો હવે ભગત થઈ ગઈ છે !' એમ કહી તે લોક આપણો કક્કો જ કાઢી નાખશે. સંસારવહેવારમાં જીવનવિકાસની ભાવનાની રીતે યોગ્યપણે મથનાર અને જીવનાર જીવને સંસાર વલોવી તો જરૂર નાખશે, **પરંતુ આપણે તો એમાંથી માખણને અનુભવવું છે.**

## સંસારીપણું ટાળવાની રીતો

એટલે સંસારી વાતોની લપછપમાંથી ઉત્તમ રીતે ટળી જવાનો સાચો ઉપાય તો શ્રીભગવાનનું નામસ્મરણ છે. એને સતત એકધારું ચલાવ્યા જ કરવું. એની અસર આપોઆપ જેની તેની ઉપર પ્રકટવાની હશે તો પ્રકટશે. આપણે કાંઈ થોડું જ બીજાની પર અસર ઉપજાવવાને નામ લેતાં હોઈએ છીએ ! જેમ ધૂની માનવીની સાથે કોઈ ઝાઝી લપ્પનછપ્પન કરતું હોતું નથી, જે તે કોઈ એને જોઈ કહેતું હોય છે કે 'જવા દોને ભાઈ ! એ તો ધૂની છે,' એમ આપણે નામસ્મરણમાં જ્ઞાનભક્તિપૂર્વકના ધૂની થઈ જવાનું છે, બની જવાનું છે. સંસારના જીવો ભલે આપણો કાંકરો કાઢી નાખે, પણ આપણે તો કોઈનો કાંકરો કાઢી નાખવાનો નથી. આપણે તો પ્રસંગ પડતાં જેનું તેનું કામ પ્રભુસેવાભાવે કરવાનું છે. કામથી કંઈ ઘસાઈ જવાના નથી. આપણે તો સર્વને હૃદયથી ઘણાં ઘણાં ચાહવાના છે, પણ તે શ્રીભગવાનની ભાવનાના સ્વરૂપે જ. વળી વળીને આપણે તો જેમાં ને તેમાં એવો જ ભાવ જ્ઞાનભક્તિપૂર્વક પ્રકટાવવાનો રહે છે. એ જ આપણું દૈવત ને જીવન. એનું જ નામ છે સાચી સાધના. આવા સતત એકધારા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસની અસર આપણામાં ને બહાર પડ્યા વિના રહી શકતી નથી. આપણે

તો બધાં જ પર સદ્‌ભાવ રાખ્યા કરવાનો હોવાથી ને એવી રીતે એ ભાવે બીજા સાથે વર્તતા હોવાથી, બીજા જીવોને આપણે બેપરવાળા લાગી શકવાના નથી. આપણાથી કોઈ કનિષ્ઠ પ્રકારનું છે એમ તો કદી સમજવાનું નથી. જેમ જે કોઈ હોય તે તેને તેને સ્થાને ભલે હોય. તેમાં આપણે શું ? આપણે તો આપણામાં રમ્યા કરવાનું છે. **સંસાર તો મળેલો છે જીવનું જીવપણું ટાળવાને કાજે.** જેમ કાંટાથી કાંટો નીકળી શકે છે, જેમ ઝેર ઝેરની માત્રાથી ટળી શકે છે, તેમ જીવનું સંસારીપણું જીવનવિકાસની ભાવનાને સંસારમાં તેની યથાર્થતા વડે કરીને જીવવાથી ટળી શકે છે, તે નક્કી જાણવું.

આપણે તો જે તે બધું શ્રીહરિની સાથે છે, સંસાર પણ એની સાથે છે. એને જ જેમાં ને તેમાં સંઘરવાનો છે. જેમાં ને તેમાં એ જ સર્વથી મોખરે હોય. આદિ, મધ્ય ને અંતમાં તે જ હોય. તેની પછવાડે ભલેને બીજા અનંત હોય તેની પરવા નથી.

## કોઈ માનતું નથી

સંસારવહેવારમાં તું ઉપર કહ્યા પ્રમાણે વર્તવાનું કરી શકે, તો તો તું ખરી. તે વિના બાકી તો તડાકા ઠોકનારી ગણાય. આ જીવને તું તારા સદ્‌ગુરુ સમજતી હોય તો તો ઉપર મુજબ સંસારમાં વર્તવાની આજ્ઞા છે, તે તું પાળી બતાવજે. અમારું કથેલું કોઈ બીજા સ્ત્રી જીવે કે પુરુષ જીવે હજી પૂરું પાળી બતાવેલું નથી, તેનું દુઃખ અમે કદી ભૂલી શકતા નથી. એવા જીવોએ અમને માનીને અમને ત્રાસ, હેરાનગતિ ને દુઃખ આપેલાં છે. અમને બેવફા પણ થયેલા છે, તો શું તારે પણ તેવા થવું છે ? એના કરતાં તો બહેતર છે કે અમારો સાથ કોઈ મૂકી દે, તો તે ઉત્તમ ગણાય. જે જે જીવોએ પછી તે

સ્ત્રી હોય કે પુરુષ હોય-જીવનવિકાસની ભાવના અર્થે અમારો સંગ ન કર્યો હોય, તે તે જીવોની હકીકત વળી જુદી ગણાય, પરંતુ જેમણે જે જીવને સદ્‌ગુરુ તરીકે સ્વીકાર્યા અને ગણ્યા, છતાં સંસારમાં સંસારીના સંસારી જ જો રહ્યા કર્યા છે ને તેવાપણામાંથી હઠવાનું દિલ થતું નથી ને તેમાં તેને રંજ લાગતો નથી, તો તેવા જીવને હજારો વાર અમારા નમસ્કાર છે !

## સદ્‌ગુરુને ત્રાસ દેવાનાં ત્રાસદાયક પરિણામ

જેમણે સદ્‌ગુરુ કર્યા, પણ તેને તે વફાદાર, પ્રમાણિક, નેક દાનતવાળા તે તે જીવો ન રહી શક્યા હોય તે સર્વનું પ્રભુ કલ્યાણ કરો ! એવી અમારી તો તે તે જીવના કલ્યાણ અર્થે તેવી ભાવના હૃદયમાં પ્રવર્ત્યા કરે છે. કિંતુ કર્મનો બદલો, કર્મનો અટલ ન્યાય જગતમાં રહેલો છે, તે ફીટી શકતો નથી. **કોઈ જીવને જો આપણે ઠગ્યો હશે, કોઈ જીવ સાથે જો આપણે પ્રમાણિકપણું નહિ દાખવ્યું હોય, કોઈ જીવ સાથે વફાદારી નહિ દાખવી હોય, તો તેના કર્મનું પરિણામ જે વેઠવાનું આવશે, તેના કરતાં કોઈ ચેતનપણામાં જાગેલા જીવાત્માને બેવફા નીવડવાના કર્મનું પરિણામ એવું તો ભોગવવું પડશે કે તે ભોગવતાં ભોગવતાં તે જીવને ત્રાહિ ત્રાહિ પોકારવા પડશે.** આ હકીકત ભય પમાડવાને લખેલી નથી, પરંતુ મારે મન તે તદ્દન સાચી છે. એના કરતાં તો જીવનવિકાસ અર્થેના સદ્‌ગુરુની ભાવનાથી મુક્ત થવું એ મારા તારા જેવા જીવ કાજે ઉત્તમ છે. સદ્‌ગુરુ કરવા ને એને છેતરવા ને એને લાયક ભાવના પ્રમાણે વર્તવાનું ન કરી શક્યા, એણે અનેક વાર આપણને ચેતવ્યા, આપણને યોગ્ય સમજણો પ્રકટાવ્યા કરી, તેમ છતાં પાછા હતા તેવા ને તેવા જ રહ્યા કરીએ, તો એથી કરીને એવા સદ્‌ગુરુને જે સંતાપ, ત્રાસ, દુઃખ થયા કરે છે,

તે શું જતું રહેવાનું છે ? એવાને તો તે કશું લાગતું નથી, તો પછી એવું બધું ક્યાં જઈને ઠરવાનું ? એવી એવી પાછી પડેલી ભાવના કે વૃત્તિ વાતાવરણમાં જ રહ્યા કરવાની. ને જે જીવને નિમિત્તે તેમ થયેલું હશે તેને જ તે પ્રેમપ્રસાદીરૂપે મળ્યા કરવાનું છે, તે હકીકત ધ્યાનમાં લેવા જેવી છે. માટે તારે અમારી બાબતમાં ચેતી ચેતીને ચાલવાનું ને જીવવાનું છે. જેવી કરણી તેવી પાર ઊતરણી. જેવી ભાવના તેવો તેનો વિસ્તાર. જેવી વૃત્તિ તેવું જ વળતર થવાનું છે. આ બધી હકીકત આપણે સમજણમાં ઉતારવાની ઘણી જરૂર છે.

## ગુરુભક્તિનો ડોળ તો કદી ન કરવો

લાકડાના ઠૂંઠાને અડકીશું તો દાઝવાના નથી, પણ સળગતા લાકડાને અડકીશું અને તેને પાસે જઈને અડકીશું એટલે કે સળગતું હશે ત્યાં અડકીશું તો તો દાઝવાના જ. તેવી જ રીતે સંસારી જીવકક્ષાના જીવને છેતરવાનું બન્યું. તેના કરતાં ચેતનમાં જાગેલા જીવાત્માને છેતરવાનું બન્યું, તો તેવા કર્મનો બદલો કેવો મળશે તે આપણે વિચારવાનું છે. એ કશું જતું કરી દઈ શકે તેવો નથી, કારણ કે કર્મના અટલ કાયદાને એ ટોલ્લે મૂકી શકતો નથી, તે નિશ્ચે કરીને પ્રમાણવું. માટે પ્રભુકૃપાથી કરી અમારો સંગ કરીને અમને છેતરવાનું બન્યું, અમને બેવફા નીવડવાનું બન્યું, અમારી સાથે પ્રમાણિકપણે વર્તવાનું ન બન્યું, અમારી સાથે નેક દાનત ન રખાઈ, અમારી સાથે જ્ઞાનભાવ ન રખાયો, તો એવા કર્મનું કશું પરિણામ નથી જ આવવાનું એમ માનવાનું નથી. પ્રત્યેક કર્મનું જેમ પરિણામ છે તેમ આનું પણ પરિણામ છે. આ જીવ કોઈ પણ જીવને કહેવા ગયો ન હતો, કે તમે આ જીવને ગુરુ માનો. તે તે જીવોએ પોતાની મેળે તેમ કર્યું છે. ને તેમ કર્યું હોય તો પછી

તેમનો તે પ્રમાણે વર્તવાનો ધર્મ પણ છે.

કોઈ જીવ સંસારી હોય, પણ જો કોઈ બીજો જીવ તેની મા હોય, તો તે જીવ પેલા બીજા જીવ સાથે મા જેવો જ વર્તાવ કરશેને ? કોઈ ત્રીજો જીવ પેલા સંસારી જીવની પત્નીભાવે હશે તો તેની જોડે તે કંઈ પોતાની દીકરી હોય તેવો વર્તાવ શું કંઈ થોડો કરવાનો છે ? તે પ્રમાણે સાધક સંસારી જીવ છે એ કંઈ તેનો ગુરુ સાથેના વર્તાવ માટેનો બચાવ નથી. **સંસારી જીવે સદ્‌ગુરુ કર્યા તે સંસારી મટવા કાજે.** એણે જો સદ્‌ગુરુ કર્યા તો એણે સદ્‌ગુરુની ભાવના પ્રમાણે વર્તવાનું, જીવવાનું જાગતું રહીને કરવું ઘટે જ. જીવે સદ્‌ગુરુને હૃદયમાં હૃદયથી વફાદાર, પ્રમાણિક ને નેક દિલવાળા રહેવું ઘટે, નહિતર એ બિચારો કયે દિવસે આપણને કહેવા ગયો હતો કે 'ભાઈ ! અમને ગુરુ કરો !' **રોજ એની આગળ ધૂપ, દીવા, અગરબત્તી પ્રકટાવવાં ને એને કશામાં તો ગણકારવો નહિ એનો ભલા શું અર્થ ?** શું આપણે બધાં એમ માનીએ છીએ કે એવું બધું આપણું વર્તેલું મિથ્યા થઈ શકવાનું છે ? જો આપણે જીવ થઈને બીજા કોઈ સામા જીવથી આપણી અવગણના થતી હોય, તેનાથી આપણું પાછું પડવાપણું બને, તેનાથી કરી આપણી અવહેલના થવાપણું બનવું, તેનાથી કશું પણ આપણને ન ગણકારવાપણું બનવું, તે શું આપણાથી સહન થઈ શકતું હોય છે કે ? આપણને છોકરો હોય, દીકરી હોય તે જો આપણને વફાદાર ન હોય, પ્રમાણિક ન રહેતાં હોય, આપણી સાથે સ્વચ્છંદી રીતે વર્તતાં હોય, તો શું આપણે તેના પર વારી જતાં હોઈએ છીએ કે ? આ બધું સમજવાની ઘણી જરૂર છે.

જીવનની સાથે ખેલ કે રમત કર્યે ચાલી શકનાર નથી.

તેવી જ રીતે સદ્‌ગુરુ સાથે ખાલી ખાલી ખેલ કે ડોળ કે રમત કરવાનું જીવે મૂકી દેવું પડશે. સદ્‌ગુરુ કરવા હોય તો એના જીવનની ભાવના પરમાણવી પડશે. તે શું શું માગે છે, તે પ્રમાણે વર્તવાનું જ્ઞાનભાન જગાડી જગાડી તે પ્રમાણે યોગ્યતાથી ને ભાવનાથી વર્તવાનું કર્યા કરવું પડશે. જો તેમ ન બની શકતું હોય, તો પછી એને કૃપા કરી નેવે મૂકવો તે વધારે શ્રેયસ્કર છે. 'ગુરુ' 'ગુરુ' ગણવા ને ગુરુ તો કશામાં લેખે જ ગણાતા ન હોય એવી તો આપણી રહેણીકરણી હોય એ તો એના જેવું થયું કે મહેમાનને નોતરું આપી જમવાને નોતર્યા ને એને ઘેર બોલાવીને જમાડીએ નહિ ને આપણે તો ભર્યે ભાણે જમીએ, જો એવું થાય તો પેલા બિચારા નોતરેલા જીવને કેવું લાગે ! તેવું જ આપણે સદ્‌ગુરુની બાબતમાં કરતાં ને વર્તતાં હોઈએ છીએ. આપણી આ પ્રકારની વર્તણૂક તે બેવફાપણાની છે. એને છેતરપિંડી કરવાથી આપણને જ ગેરલાભ છે, એનું આપણને સાચું જ્ઞાન નથી, નહિતર આપણે તે પ્રમાણે વર્તતાં ન હોત. ગુરુ ન કરવા તે બહેતર છે, પણ જો કર્યા હોય તો તેને જીવનવિકાસની ભાવનાના હેતુ અર્થે યથાયોગ્યપણે સંભાળવાની જરૂર છે.

## દર્દભરી અપીલ

આપણે પત્ની હોઈએ ને આપણો ધણી સમૂળગુંયે આપણને ન જોતો હોય, બીજે બધે તેનાં વૃત્તિ, પ્રાણ, ચિત્ત ફર્યા કરતાં હોય, બીજાનામાં તેનું મન રમણ કર્યા કરતું હોય, ત્યારે આપણું કાળજું કેવું કેવું કોરાઈ જતું હોય છે ! પોતાનો પતિ પોતાને જો કંઈ જ કશું કશામાં ગણતો ન હોય, માનતો ન હોય, તો પોતાને કેવું થાય છે ? તો શું અમે સાવ ઢોર છીએ ? ઢોરને પણ લાગણી હોય છે. જે જે જીવોએ અમને

ગુરુ માન્યા છે, તેવા તેવા જીવોની અમારા તરફની વર્તણૂકથી શું અમને કશું જ નહિ લાગતું હોય કે ? શું અમારામાં હૃદય નથી ? અમારી લાગણી કે ભાવનાની કથની સાંભળવાની પણ કોને પડી છે? અમને યોગ્યપણે સમજવાની કોને પડી છે ? તો કૃપા કરીને તારે જેટલું સમજવું હોય તેટલું સમજીને યોગ્યપણે વર્તજે. અમારું કાળજું વલોવાઈને, ભારે દર્દની વેદનાથી, લોહીના અક્ષરે આ લખ્યું છે કે જેથી જે જીવોને હજી પણ સમજવું હોય તે સમજે. ભગવાન તે સર્વનું કલ્યાણ કરે એવી અમારી પ્રાર્થના છે. એ બધાં ગમે તેમ વર્તે પણ પ્રભુકૃપાથી તે અમારે દિલ તો તે જે છે તે છે.

## હરકોઈ સાધનથી ભાવના પ્રકટાવો

હૃદયની ભાવનાને પ્રકટાવવાને કાજે કોઈ સાધનના એકધારા અભ્યાસની જરૂર હોય છે. સાધનના જ્ઞાનભક્તિ-પૂર્વક જીવતા અભ્યાસ વિના તેવી ભાવના પ્રકટે પણ કેવી રીતે ? તેવી ભાવના જ્ઞાનની ભૂમિકા વિના અથવા એના હેતુની ચેતનાપ્રેરક નિષ્ઠા પ્રકટ્યા વિના ટકી પણ શકતી નથી. તેથી ઘણાખરા સાધકના જીવનમાં ભાવના પ્રકટે છે તો ખરી, પણ તે પાછી દૂધના ઊભરાની પેઠે શમી જતી હોય છે. દૂધના ઊભરાની નીચે જો સતત ગરમી જીવતી રહ્યા કરે, તો તો દૂધમાં ઊભરો જીવતો રહ્યા કરે. તેવી રીતે ભાવનાને ટકવા કાજે, સજીવન થવા કાજે, શક્તિસ્વરૂપ બનવા કાજે, જ્ઞાનપૂર્વકના સાધનાના જીવતા અભ્યાસની પ્રાણપ્રતિષ્ઠા થવી ઘણી ઘણી જરૂરની છે. તેથી જે જે કર્મ થયા કરે તેમાં કોઈ ને કોઈ પ્રકારના સાધનના અભ્યાસની ભાવના જીવતી પ્રકટ્યા કરે, તે સાધનાના વિકાસ કાજે ઘણું ઘણું જરૂરનું છે.

## કર્મનો હેતુ ને તે કરવાની રીત

કર્મ દ્વારા જ ભાવનાનો સુમેળ જ્ઞાન સાથે પ્રકટ્યા કરે છે. કર્મમાં જો જીવનના યજ્ઞની સમર્પણભાવના (ને સંપૂર્ણપણે તે અનુભવની પેલી પાર જવાતાં ચૈતન્યના જ્ઞાનની પ્રતિષ્ઠા) જો જીવતી ન રહ્યા કરે, તો કર્મ પણ જડ જ ગણાય. તેવાં કર્મથી કશોય દહાડો ન વળે. કર્મ માત્ર છે જીવનને પ્રેરકપણે ઉઠાડવા કાજે, ચેતવવા કાજે. પછી તે કર્મ નાનામાં નાનું હોય કે મોટામાં મોટું હોય, કર્મનો પ્રકાર જોવાની જરૂર નથી. જે જે કર્મો સંસારવહેવારવર્તનમાં મળ્યા કરે છે, તે તે કર્મ જીવનવિકાસની સાધનાની ભાવના બઢાવવા કાજે તે તે કરવાનાં છે. કર્મ એવી રીતે કરવાનાં હોય, જેથી કરી જીવનની દ્વંદ્વાદિક વૃત્તિ મોળી પડ્યા કરે. કર્મનાં પ્રેરક બળો પ્રાણ, અહમ્ આદિની વૃત્તિ કે વલણ ન હોય પણ જીવનવિકાસનો પ્રેમભાવ પ્રકટ્યા કરતો હોય, ને તે કર્મ દ્વારા જીવનવિકાસનો પ્રેમભાવ પ્રકટ્યા કરતો હોય, તો તેવાં કર્મો યજ્ઞસ્વરૂપ છે ને તે જીવનને ઘડી શકે છે. એવાં યજ્ઞભાવે કરેલાં કર્મો શક્તિસ્વરૂપે બને છે અને તે આપણા આધારની કાયાપલટ કરી શકે છે. કર્મમાં શક્તિ નથી, પણ કર્મ કરતી પળે એ કર્મના હેતુનું પ્રાકટ્ય તેમાં પ્રકટાવીને તેમાં જે ભાવના રેડાય છે, તે ભાવનામાં શક્તિ રહેલી છે.

## પ્રેમભાવની મહાશક્તિ

જીવનમાં આપણે જેને જેમ મહત્ત્વ આપ્યા કરવાનું દિલ જાગ્યા કરેલું હશે, તે પ્રમાણે આપણાથી વર્ત્યા કરવાનું બનવાનું. મનને છેતરામણની દશામાં કદી પણ ન રહેવા દેવું. એને તો એનું જે તે સ્પષ્ટ દર્શન કરાવતા રહેવું. એને તેવાં તેવાં દર્શનનો સ્વીકાર કરાવવાપણું બને, તે પ્રકારની ભાવના

પ્રકટે અને મનને તેવાં તેવાં દર્શનના સ્વીકારનો ભાવ હૃદયમાં પ્રકટે, તો મન તેનાથી નોખું વર્તી શકે છે. જે જેમ છે તેમ તેનો યોગ્ય સ્વીકાર થવો એ સાધનાના માર્ગમાં ઘણું ઘણું જરૂરનું છે. જીવન પરત્વેનો એવો પ્રેમ પ્રકટ્યા વિના તેવું થવું કદી પણ શક્ય બનતું નથી. પ્રેમ પ્રકટતાં તેમાં શક્તિ પણ પ્રકટે છે.

જ્યારે દિલ જાગે છે ત્યારે જે તે બધું જ ભર્યું ભર્યું લાગે છે. પાર વિનાની શાંતિ અનુભવાય છે. ત્યારે કંઈ કશું કોઈ વિશે દિલમાં અન્યથાપણું જાગી શકતું નથી. દિલમાં દિલ જાગવાનું જે બને છે, તે પ્રેમભાવના આકર્ષણ વડે તેમ બની શકે છે. હૃદયનો પ્રેમભાવ એ કંઈ જેવી તેવી શક્તિ નથી. એ તો નિર્માણ કરે છે નવજીવનની પ્રાણચેતનાત્મક ભાવના અને તેમાંથી જાગતી શક્તિ. હૃદયમાં તે પ્રકટે છે, તે વેળા તે બીજા કશાને જાણતું પણ નથી. પરસ્પર હૃદયને એકતાર કરવાની કળા તેવા ભાવમાં એકાગ્ર ને કેંદ્રિતપણે પ્રકટેલી હોય છે. એવા હૈયાના ભાવને વારંવાર સ્મરણભાવનાથી જાગ્રત કરી કરી, મુગ્ધ ને મુગ્ધ રહ્યા કરી, એ ભાવનાને કર્મમાં ઉતારી ઉતારી, એના જ્ઞાનાત્મક પાસાંના હેતુને લક્ષમાં રાખી રાખી, પ્રભુકૃપાથી એને ફળાવતાં રહેવાનું છે. જીવનના સદ્‌ગુરુ પણ સાધનરૂપે છે, એ સાધનનો ઉપયોગ હૈયાના ભાવ વડે કરીને ભાવના પ્રકટાવવા કાજે, જ્ઞાનપ્રદીપ જગાડવા કાજે, જીવે સતત એકધારો પુરુષાર્થ કર્યા કરવાનો રહે છે, તે જાણજે.

## આવી ભેટ આપો

અનેક પ્રકારની અહંતામય ને સ્વાર્થપરાયણ પ્રવૃત્તિમાં પડ્યા રહેવાનું કૃપા કરીને ન બની જાય તેની પૂરતી જાગૃતિ રાખવાની છે. આ વખતે તું અમને તારા હૃદયમાં જીવતો કર્યા કરે તે જરૂરનું છે. તારું વર્તન જ અમારી જગા પ્રભુકૃપાથી

અમને કરી આપે એવી તારે ભેટ અમને ધરવાની છે, તે જાણજે.

## ભાવના સ્વકર્મમાં ને બીજી વ્યક્તિઓમાં પ્રકટાવો

જીવનમાં જેમ જેમ ભાવના બઢતી જાય છે, તેમ તેમ ભાવનાનો વિસ્તાર સમગ્રપણે કર્મમાં પ્રતિષ્ઠા પામે તે જેમ ઘણું જરૂરનું છે, તેમ પાછું તે કર્મના સંપર્કની સાથે ભળતી ને મળતી વ્યક્તિના જીવનની સાથે પણ જ્ઞાનપૂર્વક વિસ્તાર પામી, તેમાં તેમાં પ્રસરીને ઐક્ય પ્રકટાવવાની ભૂમિકા જીવતી કરવાનું જો પ્રભુકૃપાથી બન્યા કરતું અનુભવાય, તો જાણવું કે આપણે જે સાધન લીધું છે, તે ફળ્યા કરે છે, એવું એવું એનું લક્ષણ ને માપ છે, તે જાણવું.

## સ્મરણ-ભજન જ પોતાનું અમૂલું સાધન

આવાં આવાં માપ-લક્ષણો વડેથી પ્રભુકૃપાથી આ જીવ જે તે માપ્યા કરી અનુભવતો હતો. તે રીતે ને તે ભાવે જીવનને અનુભવી સ્વીકારવાનું કરતો હતો. આથી કરી ક્યાંય પ્રભુકૃપાથી ભુલાવામાં પડી જવાનો સંભવ રહેતો ન હતો. રસ્તે જતાં આવતાં જરાકે સંકોચ-શરમ વિના નડિયાદમાં હરતાં ફરતાં મોટેથી ભજનો પ્રાર્થનાભાવે ગાતાં ગાતાં જ ફર્યા કરવામાં તલ્લીન રહ્યા કરતો હતો. તે ભજનો પણ સવારમાં ઊઠી, જીવનવિકાસ કાજે જે જે નડતરરૂપ લાગ્યા કરતું હતું, તેને હઠાવવામાં તેનાથી મુક્ત બનવા જે જે પ્રભુકૃપાથી પ્રયત્નો થતા રહેતા, જે જે નિર્બળતા તે કાળે દિલમાં પ્રકટતી, તેનું આબેહૂબ વર્ણન રોજની તે પ્રાર્થનાઓમાં ટપક્યા કરતું. તેની કૃપામદદથી પ્રાર્થનાભાવે એની શક્તિનું આવાહન કર્યા કરવાનું જે દિલ ઊઠતું તે ભાવનો રણકાર તે ભજનમાં નીતરતો. તેમાં ભજનનો ભાવ એના ચેતનપૂર્વકના સ્મરણ સાથે હૃદયમાં

જીવતો રહ્યા જ કરતો. સ્મરણ ને ભજન (પ્રાર્થનાભાવ) એ જ એનો નિત્યનો સતત એકધારો કાર્યક્રમ રહ્યા કરતો. આજે પણ, ત્યાં જતાં આવતાં ગાયા કરતો હતો. એના સાંભળનાર સાક્ષી ત્યાં મળી આવે ખરા. હૃદયમાં લગની લાગ્યા વિના કે લગાડ્યા વિના આપણો પત્તો ખાવાનો નથી. માટે તમે બધાં આ જીવ પર કૃપા કરો. આ જીવને ગુરુ માનવાનું જો તમે બધાંએ કર્યું છે, તો તે હવે સાર્થક કરી બતાવવાનું તમારાં બધાંના હાથમાં છે, તે જાણશોજી.

## માંહેલા પુરુષના જાગવાનાં લક્ષણો

આપણે ને આપણી પ્રકૃતિથી થતાં રહેતાં સકળ કર્મ, એ બંને જુદાં જ છીએ એવો જ્ઞાનપૂર્વકનો પ્રત્યક્ષ જીવંત અનુભવ થયા વિના પ્રકૃતિથી સ્વતંત્રપણે પુરુષનું અલગપણું છે, એ કેમ કરીને સમજાવાનું ? માટે આપણે શરૂ શરૂમાં મનની વૃત્તિઓ, વિચારો ને પ્રાણના આવેશ, આવેગ, એના હુમલાઓ, કામના, આશા, ઈચ્છા ઈત્યાદિનું તથા અહંતા આદિનું જુદાં જુદાં રૂપે ઊઠવું, એ બધું તટસ્થતાથી, સમતાથી જાણે તેના આપણે સાક્ષી હોઈએ, તેમ તે બધું જોતા રહેતા હોઈએ, એવો તે તે પળે જીવતો અભ્યાસ કેળવવાનો રહ્યા કરવો ઘટે. તેમ તેમ થતાં થતાં એવો જ્ઞાનભક્તિચેતનયુક્ત અભ્યાસ જીવતો થતાં આપણે પ્રકૃતિથી તદ્દન મુક્ત અવસ્થામાં તેને તેને નીરખી શકવાના ને એવાં સમતા, શાંતિ, સાક્ષિત્વ, તટસ્થતા, પ્રસન્નતા વગેરે વગેરે જીવતાં થયેલાં અનુભવાયાં, તો જાણવું કે આપણામાંનો પુરુષ હવે જાગ્રત થયેલો છે.

## સત્ત્વગુણના પ્રાધાન્યની દશા

એવી પળે આપણામાં સત્ત્વગુણ મહત્ત્વપણે પ્રાધાન્ય ભોગવતો બની ગયેલ હશે. એવા પ્રકટેલા સત્ત્વગુણનાં પણ

લક્ષણો છે. એવો સત્ત્વગુણ આપણા આધારમાં જીવતો મહત્ત્વપણે પ્રકટ્યા કરેલો હોય છે, **તે વેળા તે આપણાં શરીર, મતિ, મન, પ્રાણ એ ચારમાં મુખ્ય ભાગ ભજવ્યા કરે છે. એથી કરીને આપણાં કરણોમાં સમતા, શાંતિ, આનંદ, પ્રેમ બસ એમ થતાં થતાં તો ઊભરાયા જ કરે છે.** સત્ત્વગુણનું બળ જામતાં જામતાં એક એવી દશા આપણી પ્રકટતી હોય છે કે જેમાંથી જ્ઞાનની દશાનો અભ્યુદય થતો આપણે અનુભવી શકતાં હોઈએ છીએ. સત્ત્વગુણ જ્ઞાનપ્રધાન મહત્ત્વે કરીને હોય છે ખરો, પણ એનો અર્થ પાછો એવો નથી કે એમાં ભાવના ભક્તિ ન જ હોય કે યોગ પરત્વેનાં લક્ષણો પણ ન હોય. સાત્ત્વિક ગુણ પ્રકટતાં સાધનાના ભાવનો વિકાસ સહજપણે થયા કરતો રહે છે. અહંતાશૂન્ય દશાને પામતા જવાનો જ્ઞાનપૂર્વકનો અનુભવ આપણને થતો રહે છે.

## સત્ત્વ અને રજોગુણ

**રજોગુણ પણ ઉપર ગણાવેલાં શરીર, બુદ્ધિ, મન, પ્રાણ એ ચારે કરણોમાં આવેગ, આવેશ, અહંતા, કામના, આશા, ઈચ્છા એમ અનેક પ્રકારનાં દ્વંદ્વોનું તુમુલ ઘમસાણ જન્માવ્યા કરે છે.** સાધનામાં આગળ જવાતાં એક એવી સ્થિતિ પણ પ્રવર્તતી અનુભવાય છે કે **કોઈ કરણમાં સત્ત્વગુણ પ્રત્યક્ષ કામ કરતો હોય છે ને કેટલાંક કરણોમાં રજોગુણ પણ કામ કરતો હોય છે.** આવું ઝીણું સૂક્ષ્મ પૃથક્કરણ કરી શકાવું, જીવ દશાવાળા આપણે જ્યાં સુધી છીએ ત્યાં સુધી તે ઘણી ઘણી મુશ્કેલ હકીકત છે. પ્રભુકૃપાથી આ જીવમાં સદ્‌ગુરુની કૃપાઆશીર્વાદથી જ્યાં ને ત્યાં લક્ષણોથી પારખવાની આદત પડેલી, તેથી ક્યાં ક્યાં કયા કયા ગુણની અસર થયા કરે છે, તે એની કૃપાથી નીરખવાની આદત હતી. એમ કરતાં કરતાં

ઊંડું જવાનું બનેલું. જેમ જેમ સમજણ પડતી ગયેલી તેમ તેમ ત્યારે જણાવા લાગેલું કે કોઈ કરણમાં સત્ત્વગુણનું ઠરવાનું બનેલું છે ને કોઈ કરણમાં હજી રજસ છે. તેથી ગૂંચવાડો પણ થતો. ને તે રજસનો પ્રકાર પણ જુદો. થોડાંકમાં આવું હોય ને થોડાંકમાં તેવું હોય એમ તે કેમ બને, એમ પણ મનમાં ત્યારે થયેલું, કારણ કે મને આધ્યાત્મિક, વૈજ્ઞાનિકશાસ્ત્રની કશી સમજણ ન હતી, ને તે વિશે કશું જ જાણું કરું નહિ, પરંતુ શ્રીભગવાન છેને ? એણે અંતરમાં અંતરથી પ્રેરણા પ્રેરાવેલી, તેથી શાંતપણે એવી હકીકતની યથાર્થતા સમજાતી ગયેલી. એમ કરતાં કરતાં એ બાબતના પ્રખર સાધનમાં પૂરું મગ્ન થવાતાં તેવી સ્થિતિથી એની કૃપાથી પર જવાવાનું બનેલું. **રજોગુણમાં અહંતાનું જોર ઘણું ઘણું પ્રબળ રહ્યા કરે છે ને એમાં ઈચ્છા, કામના આદિ પણ પ્રધાનપણે પ્રવર્તતાં હોય છે.**

## તમોગુણ અને રજોગુણ

વળી, તમોગુણને લીધે આળસ, જડતા, પ્રમાદ, નિર્બળતા, અશ્રદ્ધા, શિથિલતા, અશક્તિ વગેરેમાં પડ્યા રહ્યા કરવું, કંઈ પણ કામમાં ઉમંગ ન હોવો, બેળે બેળે જે તે બધું થયા કરે, ગળિયા બળદના જેવી દશા હોય. આ પ્રકારનું તામસ નડતરરૂપ છે એમ ઘણા માને છે, પણ એના કરતાં રજસ વધારે અડચણ કરનાર હોય છે. એનો અર્થ એવો નથી કે તામસ ગુણવાળો જીવ રજસવાળા કરતાં ચઢી જાય છે. કહેવાનું **તાત્પર્ય એટલું જ છે કે રજસમાં જે અહમ્‌નો પ્રકાર છે, તે જબરજસ્ત વેગવાળો છે, અને તેથી એવા સાધકે વધારેમાં વધારે ચેતનયુક્ત જાગૃતિ રાખીને નમ્ર થવાને સજાગ રહ્યા કરવું.**

**કેટલીક વાર પુરુષ જાગ્રત થયો હોવા છતાં પ્રાણની સંપૂર્ણ શુદ્ધિ થયેલી હોઈ શકતી નથી,** જોકે પ્રાણના ક્ષેત્રની વૃત્તિ ઊઠતાં,

તે પુરુષ તેમાં ભાગ નથી લેતો હોતો, પોતે તેથી અળગો રહી શકે છે, એને સંમતિ નથી આપતો. તોપણ તેવી પ્રાણની સ્થિતિ સાધના કાજે ઈષ્ટ ન જ ગણાય. તેવી દશાથી પણ ઘણું ઊંચે જવાનું હોય છે.

## સાધકની ચઢઊતરમાં પ્રાર્થના

આવી દશાઓ એક પછી એક સીધી કંઈ માત્ર ચઢાણની જ આવે છે, એવું કશું નથી હોતું. એમાં ચઢઊતર થયા કરે છે. મંદતાના ગાળા પણ પ્રકટે છે. તે વેળા સાધકે વધારે જાગૃતિ રાખી રાખીને જીવતા બનવાનું રહ્યા કરવું તથા શ્રીભગવાનને પોતાના જીવનના તેવા ગાળામાંથી જીવનને મુક્ત કર્યા જ કરવાની પ્રાર્થના કરવાની રહે છે. શ્રીપ્રભુની કૃપામદદ કાજે અવારનવાર હૃદયથી પ્રાર્થના કર્યા જ કરવાની રહે છે. **એવી વેળા ખરેખરા જિગરથી જે જીવે જો સદ્‌ગુરુ કર્યા હોય ને તેનામાં તેના હૃદયની ખરેખરી શ્રદ્ધાભક્તિ જો પ્રકટેલી હોય છે, તો તેની ચેતનાપૂર્વકની સ્મરણપ્રાર્થનાથી તેને મદદ મળતી અનુભવી શકાય છે.** જેમ બાળક, મા કને રડતાં રડતાં માગે ને મા જો રાજીપામાં હોય, તો બાળકને તેનું માગ્યું આપી દે છે, તેમ આપણને પણ બનતું હોય છે.

## ખરા દિલની પ્રાર્થના માટેની દશા

શ્રીભગવાનને માની જેમ રાજીપાની મનોદશામાં રહેવાપણું કે ન રહેવાપણું તો કશું જ નથી, પરંતુ આપણી એને સાદ પાડવામાં ઘણી ઘણી કચાશ હોય છે. **આપણાં કરણોમાં એટલો બધો મેલ કચરો ભર્યો પડ્યો હોય છે કે તેવા આધારનાં કરણોમાં એને પ્રકટાવવાની એવી પ્રમાણિક તાકાત ક્યાંથી હોય ?** વળી, આપણને જ્યારે આપણી તેવી સ્થિતિ

ઘણી ઘણી સાલતી હોય, ડંખ્યા જ કરતી હોય, તેવી દશામાં રહેવાયા કરવામાં ક્યાંયે જરા પણ ચેન ન પડ્યા કરતું હોય, તેવું જો સાચેસાચ આપણું થયા કરતું હોય, તેવી વેળા આપણે જો એને પ્રાર્થના હૃદયથી કરતાં હોઈએ, તો એ પોતે હાજરાહજૂર છે.

## સ્વાનુભવ થકી પોકાર

આ જીવની તેવી તેવી દશા કેટલીયે વાર પ્રકટ્યા કરેલી ને ઉપર જણાવેલી તેવી દશા થતાં તેણે હૃદયમાં હૃદયથી તેની પ્રાર્થનાઓ કરેલી છે. તે વેળા તેની કૃપામદદ મળેલી તેણે અનુભવેલી છે. તેથી કરી આજે પ્રભુકૃપામદદથી તમને, બધાં મળેલાં સ્વજનોને તથા જગતને, ખુલ્લો જાહેર પડકાર કરી જણાવું છું કે, અળસિયાંની પેઠે જીવવાનું છોડીને મરદની જેમ જીવવાનું કરી જોઈ, જીવનવિકાસની સાધનાનાં ભાવમાં બેધડકપણે પ્રભુકૃપાથી બસ ઝંપલાવો. સાધનાનાં કર્મમાં એવાં તો એકાગ્ર ને કેંદ્રિત બની જાઓ, કે તે પછી ઉપર જણાવી છે તેવી દશા થતાં એને પોકારી જુઓ. એ તો પોતે હાજર બેઠેલો જ છે. માત્ર આપણે હાજર થઈને બેઠા થવાનું છે. આપણને હજી કશાની પડેલી જ નથી. **સાધનાના ભાવમાં પ્રબળપણું પ્રકટ્યા વિના અંતરનાં કરણોની શુદ્ધિ કેમ કરીને થઈ શકવાની ?** જીવનમાં જે બાબતનું સાચેસાચું ઘણું મહત્ત્વ પ્રકટી જાય છે, તે તરફનું મોં થઈ જતું આપણે જાણેલું છે.

## જીવ્યું પ્રમાણ કરો

અંતરમાં જ્યાં રામ પ્રકટે છે, ત્યારે આપણા રામ પણ જુદા હોય છે. એમ તો અત્યારે પણ આપણામાં રામ હોય છે, પણ રામ રામની જુદી જુદી દશામાં પણ ફરક હોય છે. માટે કૃપા કરીને જાગવાનું કરીને, વહાલા પ્રભુનું પ્રેમભક્તિપૂર્વક

સ્મરણ કરતાં કરતાં મળેલાં કર્મને ઉત્તમમાં ઉત્તમ રીતે કરીને, અને રીઝવવાને, જે તે આપણી નજીવી દક્ષિણા એને ચરણકમળે પ્રેમભક્તિભાવે સમર્પણ કરવાના યજ્ઞની અંજલિઓથી આપણા જીવનને શોભાવવા, આપણે જાગી જાગીને મરવાનું કરીશું ને તે પ્રમાણે પાછાં અનુભવથી તેમ સમજીશું,તો જ જીવ્યાનો અર્થ છે. નહિતર બાકી તો જીવ્યા ન જીવ્યા સરખું છે, તે નક્કી જાણશોજી.

## પ્રાર્થનામાંથી જ્ઞાનપ્રકાશ

આ જીવને સાધનાની કશી જ ગતાગમ ન હતી, પણ જો કોઈ કાર્યમાં પડ્યા, તો તેમાં પડતાં પડતાં ને તે કર્મ કરતાં કરતાં તેની સમજણ આપોઆપ ઊગી જાય છે. કામ કામને શીખવે છે, એ સૂત્ર જેમ વહેવારના ક્ષેત્રમાં જેટલું સાચું છે તેટલું આમાં પણ છે. આ સાધનાનું ક્ષેત્ર હોવાથી-વૃત્તિ, વિચાર ને ભાવનાનું ક્ષેત્ર હોવાથી-એમાં ઘણું ગૂંચવાઈ જવાનું બનવાનું ને ભેરવાઈ પડવાનું પણ બને છે, પણ જ્યાં જ્યાં ગૂંચવાઈ જવાનું બનતાં ત્યાં તેની ખબર પણ આપણને પડતી રહે છે, તે પણ નક્કર અનુભવની હકીકત છે. એની ખબર પડતાં પડતાં શ્રીભગવાનને હૃદયથી તે વેળા પ્રાર્થના કરવાનું સૂઝે છે. એનાથી ગૂંચવાડાનો ઉકેલ થતો અનુભવાય છે. એમ અનુભવ થતાં થતાં પ્રાર્થના પરનો આત્મવિશ્વાસ આપણને પ્રકટી જાય છે. એવો આત્મવિશ્વાસ પ્રકટ્યા પછીનું જે સાધન થાય છે, તે સાધનમાં ખબરદારી પ્રકટતી હોય છે, એમાં સાચો રણકાર જાગેલો હોય છે. પ્રભુકૃપાથી મને પણ એવી રીતે સમજણ પડતી ગયેલી. કરતાં કરતાં સમજણ પ્રકટે છે. માટે એ તો કરતાં જ રહેવાનું છે. હિંમત, સાહસ રાખીને બસ ઝંપલાવવાનું છે. ધીરજ તો અપરંપાર જોઈશે. શ્રીપ્રભુ

તો મદદ કરવા તૈયાર છે, પણ આપણને એની મદદ લેવાની ઊંડી ખરેખરી, સંપૂર્ણ ગરજયુક્ત તાલાવેલી ક્યાં પ્રકટેલી છે? માટે કૃપા કરો, માબાપ ! પડ્યા રહેવાનું તો ઘણું ઘણું કરેલું છે, ઘોર્યા કર્યું છે, હવે તો જાગીને કંઈક કરવા મંડીએ તો આપણે શોભીએ.

## પ્રકૃતિની શુદ્ધિ ને 'પ્રકૃતિનું રૂપાંતર'

જરાતરા સમજનારા જીવો જ્યારે રૂપાંતરની વાત કરે છે ત્યારે આ જીવને હસવું આવે છે. વાત એમ છે કે તેમને આવી હકીકતની જ કશી ગતાગમ તો પડેલી હોતી નથી. પ્રકૃતિમાંનાં કરણોનું રૂપાંતર ક્યારે ને કેમ થઈ શકે તેનું શાસ્ત્ર પણ ગણિતશાસ્ત્રની પેઠે નક્કી થયેલું હોય છે. સાધના કરતાં કરતાં જ્યારે જીવને પોતાનામાં વિરાજેલા અંતર્યામીત્વનો અનુભવ થઈ જાય છે, એટલે કે જેને વિજ્ઞાનનો અનુભવ થાય છે, તેવી દશા પ્રાપ્ત થયા કેડે જ પ્રકૃતિનું રૂપાંતર થવાની ક્રિયા સાચી રીતે આરંભાઈ જતી હોય છે. તે પહેલાં પ્રકૃતિનું સંપૂર્ણ રૂપાંતર થવાની શક્યતા નથી, એમ તો નથી. તેવી જીવસ્વભાવની કક્ષાના મેલ-કચરાથી જીવે મુક્ત બનવાનું રહે છે, પણ તેટલાથી કંઈ રૂપાંતરનો અર્થ ન સરે. **શુદ્ધિ એક હકીકત છે ને રૂપાંતર એ બીજી હકીકત છે.** પ્રકૃતિનું રૂપાંતર એટલે શું એની સમજણ આપણામાંનાં ઘણાંને નથી. તે સમજવી જેમ અઘરી હકીકત છે ને અનુભવ પ્રકટ્યા વિના સમજાઈ શકાવી પણ દુર્લભ છે, તેમ પાછું અનુભવ થવા માંડતાં, તે સમજણના પ્રદેશમાં સહજ પ્રાકટ્ય પામે છે.

## સો વાતની એક વાત

આપણે તો હાલમાં જ્યાં ત્યાંથી પ્રભુના નામસ્મરણથી સાધનાના ભાવને પ્રેમભક્તિભાવે મજબૂત પકડી પકડીને એના

ભાવમાં ને એના ભાવથી, સકળ કર્મ કર્યા કરીએ ને જીવની દ્વંદ્વાદિ પ્રવૃત્તિનાં ઘમસાણથી આમથી તેમ ફેંકાવાની ક્રિયામાંથી બચી જવાનું જ્ઞાનભાન એની કૃપાથી રાખ્યા કરીએ એટલું હાલની કક્ષામાં આપણે કાજે બસ છે. માટે કમર કસીને બસ મંડવા જ માંડવાનું છે. પ્રભુકૃપાથી કહું છું કે 'બસ, જાગો, જાગો ને જાગો જ. જાગ્યા વિનાનું કંઈ પણ કશું કરવાપણું બધું નકામું છે. પૂરેપૂરું અંતરથી જાગી ગયા કેડે ગોઠે તો ઊંઘવું હોય તો ઊંઘો પણ પહેલાં તો બધાં જાગો એટલી પ્રાર્થના છે.'

સદ્‌ગુરુનાં અમલ કરવાનાં વચનની જે જીવને કશી કિંમત નથી એવા જીવે ગુરુ કર્યા તે પણ સરખું છે ને ન કર્યા તે પણ સરખું છે. માટે બીજાની વાત જવા દો. તને પણ જો એના વચનની કિંમત હોય તો તું પણ કૃપા કરીને જાગી જા, એટલી તને પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૪-૪-૧૯૫૩*

આ જીવનું મનન ચિંતવન તારામાં સતત ચાલ્યા કરે, તે કાજે મારું ચાલે તો તને કામમાં બસ પરોવ્યા જ કરું. આવા લાંબા લાંબા પત્રલેખનના અનેક કારણોમાંનું તે પણ એક કારણ છે. કૃપા કરીને તું શાંતિથી વાંચજે ને ધીમે ધીમે ઉતારવાનું કરજે. તારા કામમાં ઉકળાટ, અકળામણ ન પ્રર્વતી જાય તેની કાળજી રાખજે.

### મરણને ભોગે પણ વચન પાળો

આ જીવને તેં શાંતિ આપવાનું વચન નથી આપ્યું કે ? આ જીવને તેં જે કૉલ આપ્યો છે, તે તારે પાળવાનો છે કે નહિ ? હૃદય પર હાથ મૂકીને તું કહી શકે એમ છે કે અત્યાર સુધીનાં તારાં વર્તનવહેવારથી (બાહ્ય તથા આંતરિક) આ જીવને

તેં શાંતિ આપી છે ? તારે તો તારાં સ્થૂળ કર્મો કરતી વખતે પણ એમ જ વિચારવું ઘટે કે 'આ બધું કેવી રીતે કરું કે જેથી કરી સદ્‌ગુરુને મારાથી શાંતિ વળે ?' આવો વિચાર તો તને તારાં મનાદિકરણોમાંના અનેક પ્રકારનાં વૃત્તિ, વિચાર, લાગણી, કામના, આશા, ઈચ્છા, રાગ, કામ, ક્રોધ, લોભ, મોહ, લોલુપતા, તૃષ્ણા વગેરે ઊઠતાં એકદમ શૂળ ભોંકાય, તેમ તને એમ વિચાર સૂઝવો ઘટે કે આથી જીવનના સદ્‌ગુરુને શાંતિ આપી શકાશે ખરી ? વચન જો આપેલું છે, તો તે કાં તો પાળવું ઘટે અથવા તેમાંથી હજી પાછાં ફરી શકવું હોય તો તેમ રાજીખુશીથી કરી શકે છે. મારી તેમાં સંપૂર્ણ સંમતિ છે, પરંતુ આપેલું વચન તો મરણ આવતું હોય તોપણ તેને પ્રેમથી સ્વીકારીને પાળવામાં યોગ્યતા રહેલી છે.

## ક્ષમાપ્રાર્થના

આ જીવને બીજા કોઈ પણ જીવે તારા જેવું એવું વચન આપેલું નથી. આપેલાં વચન પ્રમાણે કોઈ જીવ ન વર્તતો હોય તો તેને તેવું યાદ દેવરાવીને દુઃખી કાં કરવું ? એમ પણ આ લખતાં લખતાં દિલમાં થાય છે તો જરૂર. સ્વજનને જો સ્વજન માન્યું, તો તેને આપણાથી કરી સખ વળે તેમ વર્તવું જોઈએ, તે પણ નક્કર હકીકત છે, પરંતુ એવી સીધી સાદી સમજણની વાત પણ આપણે જીવો ક્યાં પાળીએ છીએ ?

## કેટલાક સદ્‌ભાવી સજ્જનો

મુંબઈમાં આ વખતે કેટલાક સદ્‌ભાવી જીવોનો ભેટો થયેલો. ઘાટકોપર આવી ઘણા સમય સુધી તે બધાં બેઠાં. ઘણી સત્સંગની વાતો સહજમેળે નીકળ્યા કરેલી. તેમણે પોતાને ત્યાં પાલણપુર આવવાનું ઘણા જ સદ્‌ભાવથી આમંત્રણ આપ્યું છે. શરત કરી છે કે છપાયેલી ચોપડીઓના સેટ ખપાવી આપવાનું

કરી શકો તો આવું. કશા કંઈની કિંમત આપ્યા વિના જગતમાં કશું બની શકતું નથી. તેમણે તે કબૂલ્યું પણ છે. જેમાં ને તેમાં સદ્‌ભાવની વાત કોઈ ઑર પ્રકારની હોય છે. સદ્‌ભાવને લીધે કરીને ગમે તેવું પણ મીઠું લાગે છે. જ્યાં મૂળમાં સદ્‌ભાવ ત્યાં બધું જ છે.

સુરતમાં **'જીવનગીતા'** છપાવવાનું બની જશે. ભાઈ ભીખુભાઈએ તે કાજેની રકમ એકઠી કરવાનું માથે લીધું છે.

અમારા પરથી હવે 'હરિ'નો ભાવ ઘટી ગયો છે. અમારો તો એવો ને એવો છે. એ તો જીવનું એમ જ ચાલેને ? તારું કેમનું થવાનું ?

## કેવળ ઉપયોગને અર્થે જ

તું મને ઘણી યાદ આવ્યા કરે, પણ એવી યાદને એમની એમ કેમ વહી જવા દેવાય ? તેથી તો તને આવા કાગળો લખ્યા કરવાનું બને છેને ? પ્રભુકૃપાથી અમે જે તે બધું ઉપયોગના અર્થે જ વાપરતા હોઈએ છીએ. એનો તને ખરેખરો સાચો અનુભવ હૃદયથી થાય, ત્યારે શાંતિ વળે.

## સંયમની અગત્ય

જો આપણે ખરેખરી સાધના કરવાની હોય, તો અનેક પ્રકારના જીવતા સંયમ જીવનમાં પ્રકટાવવાના રહે છે. **'જીવનપ્રવેશ'**માં છેક ૧૯૩૭ની સાલમાં એક કાગળ તે બાબતનો લખાયેલો છે, તેમાં તેની પૂરેપૂરી હકીકત ને વિગત આપી શકેલો ન હતો, કારણ કે જેને જેને સંબોધીને લખવાનું હોય, તે જીવ જેટલા જેટલા પ્રકારની સમજણની કક્ષામાં હોય ને તે વિષયમાં જેટલું સમજી શકે તેવું હોય એવી રીતે તે લખવાનું બનતું. એટલે તે કાગળમાં હજી ઘણું અધૂરાપણું છે. તોપણ તેમાં જે લખેલું છે, તેવું જીવન આ જીવે ગાળ્યા કરેલું હતું. તેના સાક્ષી આજે પણ

હજી હયાત છે. સંયમનાં પણ અનેક પ્રકારો ને કક્ષાઓ છે.

## સાધકની નિદ્રા

સંયમની જરૂર તો નિદ્રામાં પણ છે. સાધક જીવની નિદ્રા નરી જડતાવાળી ન હોવી ઘટે. ઘોર મડદાના જેવી ઊંઘ તેને કાજે યોગ્ય ન ગણાય. તેમાં સ્થૂળતા ઘટતી જવી ઘટે. નિદ્રામાં પણ જાગ્રત દશા પ્રગટી શકે છે. ઊંઘતો હોવા છતાં અંતરમાં તે જાગ્રત પણ હોય છે. ઊંઘતો હોવા છતાં જો તેનું ધ્યાન જાય તો તે બહાર થતી વાતચીત સાંભળી પણ શકે છે. એવો અનુભવ પણ આગળ જતાં જતાં સાધકને થતો રહે છે. આટલું પણ એને કાજે પૂરતું નથી. ઊંઘ પરનો સંપૂર્ણ જીવતો કાબૂ એને આવી જવો ઘટે છે. એનો અર્થ એમ નહિ કે એ ધારે ત્યારે ઊંઘી શકે ને ધારે ત્યારે ઊઠી શકે-જોકે એ પણ નિદ્રા પરના કાબૂનો એક પ્રકાર છે-પણ કેટલોક કાળ તો સાધનાના ગાળામાં એવો પણ પ્રવર્તે છે કે જ્યારે ઊંઘ સમૂળગી પણ જતી રહે છે, પણ તે રોગને કારણે નહિ.

## સંસારી લોક સાધકને નહિ સમજે

ન સમજનારા લોક તેને અમુક પ્રકારનો રોગ પણ ગણી લેતા હોય છે. સાધનામાં આગળ જતાં જતાં કંઈક કંઈક કક્ષાઓ એવી પ્રકટે છે કે તેવી કક્ષાની સમજણને આપણે કોઈ તેની સંપૂર્ણ અવસ્થામાં સમજી શકવાને લાયકાતવાળા જ હોઈ શકતા નથી. પ્રભુકૃપાથી અમારે તો એવું બધું કંઈ કંઈ જનોનું સાંભળી સાંભળી, વળી પાછું તેમ તેમ કબૂલ કરવામાં શાંતિ, આનંદ પ્રકટાવ્યા કરવાનાં રહેતાં.

## સાધક અને સ્વપ્નાં

વિવેક, સમતા, તટસ્થતા, શાંતિ, પ્રસન્નતા આદિ ગુણો હજી આપણા સંસારવહેવારનાં સ્થૂળ કર્મોમાં કદીક જીવતા

રહી શકે છે ખરા, પણ સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ક્ષેત્રોમાં તે ગુણોની કસોટી તો ભારેભારે થતી હોય છે, તે કામ તો જેવા તેવાનું નથી. તે તો માગી લે છે સંપૂર્ણ જ્ઞાનચેતનયુક્ત પ્રકટેલી અવસ્થાની પળે પળની જાગૃતિ. તે વિના ત્યાં જાગતા ચેતતા રહેવું ઘણું ઘણું મુશ્કેલ છે. આવા પ્રકારની જાગૃતિ ને સાવધાની- અંતરની જાગેલી સાવચેતી-આપણી કલ્પનામાં પણ પ્રકટવી મુશ્કેલ છે. આમાં એક હરફ પણ અતિશયોક્તિનો નથી. દાખલા તરીકે સ્વપ્નની દશામાં એવાં, જીવતા, ઉપયોગમાં પ્રવર્તી શકે એવાં, તટસ્થતા, વિવેક, શાંતિ, અક્ષુબ્ધતા વગેરે આપણામાં પ્રકટેલાં હોય, જીવતા રહ્યા કરે અને જોઈએ તેવી પળે યોગ્ય ખપમાં આવી યોગ્ય કામ આપી શકે, ત્યારે જ તેવા ગુણો શક્તિસ્વરૂપ બની આપણા આધારમાં જીવતા બની ગયેલા છે, એમ જાણવું. આવી સૂક્ષ્મ હકીકતોને કોણ સમજી શકે ? વળી સ્વપ્નમાં જે જે વૃત્તિઓ, વાસના, કામના, આશા, ઈચ્છા વગેરે વગેરે જીવ જે ભોગવે છે, (સ્વપ્નની દશામાં સ્થળ-કાળનો લય થઈ જતો હોવાથી) તે સ્વપ્નસંસ્કાર દિવસની તેની જાગતી દશામાંના કર્મના સંસ્કાર કરતાં ઘણા ઘણા વધુ બંધનકર્તા છે. આ અંગે વધારે વિગતવાર **'જીવનસંદેશ'**માં લખેલું છે, તે નિરાંત મળ્યે વાંચી જજે, સ્વપ્નની દશામાં તટસ્થતા, સમતા, શાંતિ, વિવેક, અક્ષુબ્ધતા આદિ ગુણો જ્યારે કામ કરતા પ્રકટી ગયેલા અનુભવાય, ત્યારે જ સાધના થતી રહે છે એમ નિશ્ચે જાણવું. સ્વપ્નની દશામાં ચેતનયુક્ત જાગૃતિ હોવી અને સ્વપ્નની સ્થિતિમાંથી પોતાને નોખો તારવી કાઢવો એ કંઈ મારા તારા જેવા જીવનું કામ નથી. કેટલાક જીવને સ્વપ્નની દશામાં પોતાને આ સ્વપ્નું આવ્યું છે, એવો ખ્યાલ જાગે છે ખરો,

પણ તેથી કરીને તેઓ સ્વપ્નની દશામાં ભળી ગયેલા નથી હોતા એવું નથી હોતું. સ્વપ્નમાં પ્રકટતાં વૃત્તિ, વિચાર, ભાવના આદિને તેઓ ભોગવે છે ને તેમાં પૂરા લય પામી જાય છે.

## સ્વપ્નાં અને સ્વપ્નની દશા

વળી, સ્વપ્ન અને સ્વપ્નની દશા-ભૂમિકા એ બંનેમાં તો જરૂર ફરક છે. આ હકીકતનો ભેદ બહુ ઓછા સમજી શકે. ભલભલા વિદ્વાનો, સાધુસંન્યાસીઓ ને ઉત્તમ પ્રકારની કથા કરનારા જીવોને પણ આની યથાયુક્તપણે પૂરી ખબર કદાચ નહિ હોય. સ્વપ્નમાં તો પૂરેપૂરી જે તે બધાંની ને બધી જાતની અનિયમિતતા ને સર્વ પ્રકારની અવ્યવસ્થિતતા પ્રકટેલી હોય છે, જ્યારે સ્વપ્નની દશામાં તો મન નિર્મળ, સ્પષ્ટ, સરળ હોઈ તે વેળા આપણાં પોતાનાં બધાં કરણોને ધારણ કરી શકે છે. મતિ, કલ્પનાશક્તિ એ બધાં પણ તેમાં જાગ્રતપણે રહેલાં હોય છે. સ્વપ્નમાં ઘણું ઘણું ભેળસેળ થયેલું હોય છે. સ્વપ્ન કેટલીક વાર સાંકેતિક પણ હોય છે. પ્રખરપણે જે જીવે ઉત્કટતાથી ને એકધારા પ્રચંડ વેગથી સાધનામાં ઝંપલાવ્યું છે, એવા જીવને સાધનામાં આગળ જતાં જતાં એના સ્વપ્નનો પ્રકાર પણ જીવદશાવાળા જીવ કરતાં તદ્દન જુદા પ્રકારનો બની જતો અનુભવાતો - અને જીવનની જુદી જુદી કક્ષાઓમાં ને સાધનાની પણ જુદી જુદી કક્ષાઓમાં સ્વપ્નનો પ્રકાર પણ અવનવી રીતે બદલાતો-રહે છે.

## સ્વપ્નમાં મળેલી સાધનાની રીતો

પ્રભુકૃપાથી આ જીવને સ્વપ્ન દ્વારા સાધનાની કેટલીક સૂક્ષ્મ રીતોની ખબર પડેલી. કેટલીક વખતે સ્વપ્ન દ્વારા કેટલુંક અનુભવવાનું ને જાણવાનું પણ મળેલું. સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ આ જીવને કંઈ કંઈ બતાવેલું હતું. મારા જીવનની તે નક્કર

હકીકત છે. બીજા સામાન્ય જીવોથી આવી હકીકતોમાંનું સાચું તથ્ય ન સ્વીકારી શકાય, તે પણ સમજી શકાય તેવું છે. આ જીવને અનેક પ્રકારના પ્રકૃતિમાં પડી રહેલા સૂક્ષ્મ દોષોનું તીવ્રતમ ભાન સ્વપ્નમાંથી જાગેલું હતું. અજાણતાં થયેલા કેટલાય દોષો સ્વપ્ન દ્વારા સમજણમાં આવેલા. વહેવારવર્તનમાં વિવેકથી વર્તવાની કળા ને તેની રીતભાત ને તે શીખવાની કળા વગેરે પણ શ્રીસદ્‌ગુરુએ સ્વપ્ન દ્વારા આ જીવમાં પ્રકટાવેલી, સ્વપ્નમાં સ્વપ્ન દ્વારા શ્રીસદ્‌ગુરુએ કેટલાય પ્રકારની સૂક્ષ્મ વિધિઓ આ જીવના આધાર પર કરેલી. આવી હકીકતોની તાદૃશતા અને તેની સચોટતા અને તેની નક્કર વાસ્તવિકતા વગેરેનું જ્ઞાન આ જીવને એમની કૃપાથી થયેલું. તેથી કરી આ જીવની સાથે મારા સદ્‌ગુરુ જીવતાજાગતા, દોરવતા ને પ્રેરવતા જ્યાં ને ત્યાં રહ્યા કરેલા છે, એવો આત્મવિશ્વાસ પ્રકટપણે જીવનમાં અનુભવાયેલો. આ બધી હકીકત ચસકી ગયેલા ભેજાની નથી. ઘણાખરા આને એક પ્રકારનું માનસિક તૂત પણ માને, તો તેમાં તેમનો દોષ લગાર પણ ન ગણાય. અનુભવે જેને જે સમજાય તે ખરું, અમારી ઉપલી હકીકતો સૌ કોઈ સ્વીકારે જ એવો કશો દાવો નથી. અમારે મન જે સાચું હોય, તે બીજાને તેમ લાગવું જોઈએ એવું પણ કશું નથી. જોકે સાધનાની અમુક કક્ષામાં ઉપર પ્રમાણે જણાવેલી હકીકતો બનવાની શક્યતા છે, એવું તે પ્રકારના અનુભવીઓનું કથન ઉપલી હકીકતોના સમર્થનમાં કદાચ મળી શકે તો મળી શકે. જોકે અમારે કોઈના એવા સમર્થનની જરૂર નથી. લૂલાદૂબળાને સમર્થનની જરૂર. જીવનમાં જેમણે મહત્ત્વાકાંક્ષા સેવી સેવીને ઉચ્ચ આદર્શને

પ્રકટાવવાનો નિર્ધાર કર્યો છે, તેમને પણ આલંબનના સમર્થનની જરૂર છે. સમર્થનના આકારપ્રકારમાં પણ ભેદ છે.

## ધર્મો રક્ષતિ રક્ષિતઃ

પ્રાર્થનાના ઉપયોગ વિશે તને આગળથી, તારો કાગળ મળે તે પહેલાં જ લખી ચૂકેલ છું. એવી કેટલીય હકીકત તારા કાગળ મળતાં પહેલાં પ્રભુની પરમ કૃપાથી લખાઈ ચૂકેલી હોય છે. તારા સ્વપ્નની હકીકત જાણી. આપણે વફાદાર, પ્રમાણિક ને નેક દાનતવાળા જેની પરત્વે રહેવાનું છે, તે કામ ને તેનો ધર્મ આપણે પ્રેમભક્તિથી બજાવતાં રહીશું, તો તે ધર્મ ને તે ધર્મની ભાવના આપણું રક્ષણ કરનાર છે. જે પોતાના મળેલા ધર્મનું યથાયોગ્યપણે જ્ઞાનભક્તિપૂર્વક પાલન કરે છે, તેનું પાલન ધર્મ પોતે કરે છે, એવું અનુભવનું શ્રુતિવચન છે. માટે બીજી બધી ચિંતા મૂકી દઈને આપણને મળેલ જે યોગ્ય ધર્મ હોય, તેનું સમગ્રપણે તેનાં સર્વ પાસાંથી યથાયોગ્યપણે જીવનવિકાસની ભાવનાને તેમાં પૂરેપૂરી પરોવીને પાલન કરતાં રહીશું, તો કશું જ બીજું અન્યથાપણે પ્રકટવાનું નથી, તે નક્કી જાણજે.'

## ભાવનાયુક્ત કર્મ બીજાને પણ લાભકારક

શ્રદ્ધા વિનાના-તપ વિનાના-આનંદનું ફળ પણ શું ? સદ્‌ભાવની જ્ઞાનપૂર્વકની કેળવણીનો જે જીવને અભ્યાસ પડવા માંડે છે, તે કંઈ છાનો રહી શકતો નથી. તેનો અભ્યાસ પાકતો જાય તેમ તેમ તે આપમેળે છતો થાય છે. તેથી આપણે આપણાં વૃત્તિ, વિચારો, લાગણી આદિનું તટસ્થતાથી, સમતાથી, શાંતિથી, નિર્દયતાપૂર્વક પૃથક્કરણ કરતાં જ રહેવું. ને એમ કરી કરી જીવનવિકાસમાં પ્રેરણાત્મક મદદ મળ્યા કરે, તેવી રીતે યોગ્ય સમજણમાં પ્રવર્તવા કાજે નિર્ણય પર આવ્યા

કરવાનું છે. તારી ને તારા જીવનની અસર જે તે બધા જીવો ત્યાં છે, તેમના પર ઉત્તમ પ્રકારની પડે, તેવું તેવું આ જીવ વાંછી રહેલ છે. માત્ર તેવી અસર પાડવા ખાતર કંઈ આપણે વર્તવાનું ન હોય, પણ આપણા જીવનવિકાસની ભાવનાનાં કર્મ દ્વારા, અનુશીલન પરિશીલન કરતાં કરતાં, તે તેમ થવાનું હોય તો તેમ થાય, તે ઈષ્ટ ને યોગ્ય પણ છે.

## સાધક જીવોના હાથમાં

મારી લાજ જેમ બધાં સ્વજનોનાં જીવનના યોગ્ય વર્તનમાં રહેલી છે, તેમ તારા પર પણ છે. અમને તારા જીવન દ્વારા ચઢાવશે તો ચઢાવી પણ શકશે. અમને તારા દ્વારા એટલી પ્રભુસેવાભક્તિ કરવાના સુયોગ્ય પ્રસંગ સાંપડવાના હશે તો સાંપડ્યા કરશે. જેવી તારી હૃદયની અભિલાષા ને મહેચ્છા ને જેવી પ્રભુકૃપા.

માટે નામસ્મરણમાં ને પ્રાર્થનામાં પ્રાણચેતન પ્રકટાવી પ્રકટાવી જીવતી થયા કરજે, એ જ તને-તારા અંતર્યામી, પ્રભુને પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૫-૪-૧૯૫૩*

તને વધારે શું લખું ? શું કહું ? તને જે કહેવા જેવું હતું તે બધું કહેવાઈ ચૂક્યું છે. હવે તો વર્તવાપણામાં બાકી રહેલું છે, તે પ્રમાણે સમજણથી વર્તવાનું બન્યું તો બધું સુતરું સુતરું વહ્યા કરવાનું છે, તે નક્કી જાણજે.

## સાધક એટલે સૂક્ષ્મ સંગ્રામવીર

જે જીવને સ્વપ્નમાં તટસ્થતા, સમતા, શાંતિ, પ્રસન્નતા, વિવેક, ધીરજ આદિ ગુણો જો જીવતા થયેલા પ્રત્યક્ષ અનુભવાયા, તો પછી તેવો જીવ જીવનના બીજા દિવસમાં બનતા, ગમે તેવા પ્રસંગોમાં કદી પણ લેવાઈ શકતો નથી.

આગળ જતાં જતાં તો કંઈક કંઈક સૂક્ષ્મ સંગ્રામના સામસામે જાણે મોરચા ન મંડાયા હોય એવી રીતે રચાતા હોય છે. એની કોને એવી સમજણ પડે છે ? ઘણી વાર તો આપણી બુદ્ધિની સામે પ્રાણ ને ચિત્તના મોરચા મંડાયેલા સાધક અનુભવે છે ને એવા બે જુદા જુદા ભાગો પડેલા તે પોતે અનુભવે છે. આ બધાંની વચ્ચે-બધાંની સાથે-ચેતનાયુક્ત સુમેળ સંધાઈ જવો કે સાધી શકાવો એ તો ઘણો ઘણો મુશ્કેલ પ્રશ્ન હોય છે, પરંતુ સાધક કંઈ તે વેળા હાથ જોડીને બેસી રહેતો નથી. એ જે જુએ છે, તેને તેમ ને તેમ સ્વીકારીને એને ઊંચે તારવવાને પ્રભુકૃપાબળમદદથી જ્ઞાનભાવે સતત મથ્યા જ કરતો રહે છે. એ કદી પણ માથે હાથ મૂકીને નિરાશ થવાનું તો જાણતો જ નથી. એવી આકરી કસોટીમાં જ એના સાચા બળની, એની વિવેકશક્તિ, સમતા, શાંતિ, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ, સહિષ્ણુતા આદિ ગુણોની પરીક્ષા થઈ જતી હોય છે. તે બધું કંઈ કુંભારે ઘડેલાં કાચાં માટલાનું બનેલું હોતું નથી કે પાણી પડે ને તે બધું ફસકાઈ જાય.

## પ્રાર્થનાપોકાર કરો

આપણા પોતાનામાં ચેતનની એક એવી સમગ્ર શક્તિ જાગ્રત થઈને, તેવી સાધનાની એક પછી એક ભાવનાના વિકાસના ઉન્નત ક્ષેત્રમાં પ્રકટેલી જ હોય છે, તેને માત્ર પ્રાર્થનાભાવે જ્ઞાનયુકત જાગૃતિથી તેવા મહાન કોયડાના ઉકેલમાં કામે લગાડી દેવાનું કામ આપણું છે. એ તો કામધેનુ છે. એની કને જેવી ઇચ્છા પ્રકટાવીને જે કામ લઈશું, તેવું તે આપણને કામ આપ્યા જ કરવાની છે, તે જાણજે, પરંતુ આવી બધી હકીકત તે તો ઘણી ઘણી આગળની હકીકત છે. શરૂશરૂનો સાધક આ વાંચી તેમ કરવા જાય તો પગ ભાંગી બેસે. આ

હકીકત લખવાનું કારણ તો એ છે કે આગળ વધેલ સાધક તેવો કશોક કોયડો જન્મતાં બેસી રહી શકતો નથી, એવા પ્રશ્નના ઉકેલમાં અંતરમાંની જાગ્રત થયેલી ચેતનશક્તિને, એને પ્રાર્થનાભાવે પોકારીને, મદદ લેવાને કાજે એને પોતાને જ્ઞાનપૂર્વક આવાહન કરવું પડે છે. કશું જ એનીમેળે તો બનતું હોતું નથી, તેમ જાણી, આપણે એની કૃપાબળમદદથી જીવનને એની પ્રકટતી જતી સર્વ દશામાંથી ઊંચે તારવવાને કાજે, સતત તે વહાલા પ્રભુની કૃપાશક્તિને પોકાર્યા કરવાની રહે છે. **'એ બધું જ જાણે છે, એ અંતર્યામી છે, એને શું કહેવાની જરૂર છે ?' એવા એવા જે ખ્યાલો છે, તે અજ્ઞાનમૂલક ભ્રમણાત્મક છે.**

## પોતાનો રામબાણ ઈલાજ-પ્રાર્થના

આ જીવને તો કંઈક કંઈક દશામાં ભરાઈ પડવાનું બનતું, પણ જેમ સંસારવહેવારવર્તનમાં ક્યાંક ભેરવાઈ પડવાનું બને છે, તેની આપણને જેમ ખબર પડ્યા કરે છે, તેમ પેલામાં પણ પ્રભુકૃપાથી ખબર પડ્યા કરે છે. જો આપણે ખોવાયા હોઈએ છીએ કે આડફંટે અથડાઈ પડેલા હોઈએ છીએ, તો ચિત્તની શાંતિ, પ્રસન્નતા, સમતા આદિ ઘણા છવાઈ ગયેલાં લાગે છે ને મનમાં એક પ્રકારની ખિન્નતા, ગ્લાનિ પ્રવર્તેલી આપણને લાગ્યા વિના રહી શકતી નથી. એવી દશા થતાં આપણે સવેળા ચેતવું ઘટે. વિચારોની પરંપરા થતાં પણ એકદમ ચોંકીને સફાળા જાગી જવું. મતલબ કે કંઈ કશામાં ભેરવાઈ પડાયું તો તેનાથી મુક્ત થવું. આપણે પળેપળ સજાગ બનવું ઘટે. આપણે જો સાચેસાચ ચેતવું હોય છે, તો ચેતી જવાનું બને છે જ. જ્યારે જ્યારે ભરાઈ પડવાનું, ભેરવાઈ જવાનું એટલે કે એવા સાધનાના વિષય કરતાં બીજા અન્ય પ્રકારમાં અથડાઈ જવાનું બનતું હોય, તેવી તેવી પળે પ્રભુની કૃપામદદ પ્રાર્થનાભાવે

યાચવાનું કદી પણ ચૂક્યો નથી. પ્રાર્થના એ તો આ જીવનો રામબાણ ઉપાય છે. એને નિષ્ફળ ગયેલો જાણ્યો નથી.

## સ્વજન વિષયે એ પ્રાર્થનાભાવનું કામ

હવે જ્યારે જ્યારે સ્વજન મિત્રોનાં સ્મરણ પ્રકટતાં તેમનાં સ્મરણને પ્રાર્થનાભક્તિભાવે શ્રીભગવાનનાં ચરણકમળમાં સમર્પણયજ્ઞની ભાવનાથી મૂકવાનું કરું છું, તો તેમને કાજે કરેલો તેવો પ્રાર્થનાભાવ જ્યારે ફળવાનો હોય ત્યારે ભલે ફળો, એમાં તે સ્વજન મિત્રો તરફના હૃદયના તેવા પ્રકારના પ્રકટ જીવતા ભાવના સાથની તેટલી જ જરૂર રહે છે. તેવો તેમનામાં હૃદયનો ભાવ જાગેલો ને ટકેલો ન હોવાથી તેને (પ્રાર્થનાભાવને) ફળવાનું બનતું નથી. **બાકી, શુદ્ધ, પ્રમાણિક, વફાદાર ને નેક દાનતના દિલના આર્દ્ર ને આર્તભાવથી પોકારેલો પ્રાર્થનાનાદ મિથ્યા કેમ થઈ શકે ?** જીવનવિકાસના શુદ્ધ પરિણામનો હેતુ સાચો હોય, એનું સાધન જ્યાં પ્રાર્થનાભાવ હોય, એટલે એમાં ભાવ પવિત્ર જ હોય, ને તેમાં હૃદયની આર્દ્રતા ને આર્તતા હોય, ને ત્રણેનો જ્યાં તાદાત્મ્યયુક્ત ચેતનપણે સુમેળ પ્રકટેલો હોય તો તે કેમ ન ફળી શકે ? **જો ન ફળી શકતું હોય, તો જરૂર સમજી લેવું કે આપણામાં ક્યાંક કવાણું છે.**

## પોતાની પ્રાર્થના ન ફળતાં આત્મપરીક્ષા

જ્યારે જ્યારે આ જીવને કોઈ સ્વાર્થ પ્રકારની નહિ, પણ જીવનવિકાસના માર્ગ પરત્વેની ગાંઠ પડેલી અનુભવાતી, ને તે જ્યારે ઘણી ઘણી સાલતી, ને એને ઉકેલ્યા વિના ચેન કે જરા પણ જંપ ન વળે એવી ઉત્કટ દશા રહેતી, તેવી વેળા હૃદયમાં હૃદયથી જે પ્રાર્થના થતી, તેમ છતાં તે ન ફળતી, તો આ જીવ પોતાની જાત-મનને, પ્રાણને, ચિત્તને, બુદ્ધિને, અહમ્‌ને તેનાં અનેક પાસાંઓમાં વળી વળીને તપાસી

લેતો. ક્યાંક કવાણું હોવું જ ઘટે, કાં તો પ્રાર્થનાના ભાવમાં તે તે (મનાદિકરણો) પૂરેપૂરાં યોગ્ય રીતે ભળેલાં ન હોય અથવા એવી એકાગ્રતા ને કેંદ્રિતતા ન જામી હોય, એવું અનેક પ્રકારની જાતનું બધી બાજુનું ઊંડું ઊંડું પૃથક્કરણ કરી કરી, પ્રભુના ભાવમાં એકાગ્ર ને કેંદ્રિત થવાને એની કૃપાથી મથ્યા કરવાનું બન્યું જતું. તેમ થતાં થતાં હૃદયનો ઊંડો તેવો પ્રાર્થનાભાવ પણ ફળેલો અનુભવાતો.

### પછીથી ફલેચ્છા વગરની પ્રાર્થના

એમ જ્યારે ને ત્યારે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો. પછીથી તો પ્રાર્થનાથી પરિણામ નીપજવાની ઝંખનાને પણ ટાળી દીધેલી. તેવું હોવું તે પણ યોગ્ય ન હતું. **આપણે આપણા ભાગનું આવેલું કર્તવ્ય યોગ્ય રીતે પૂરા ભાવથી એના સંપૂર્ણ યથાયોગ્યપણામાં કર્યા કરવામાં જો પ્રભુકૃપાથી રત રહ્યા કર્યા હોઈશું, તો તે તેના ભાગનું જરૂર કરવાનો જ છે,** એવાં આત્મ-વિશ્વાસ અને જ્ઞાનમૂલક શ્રદ્ધા આ જીવમાં પ્રકટી ગયાં હતાં.

### પ્રાર્થનાથી કરણોની શુદ્ધિ

તેથી આપણે તો એની પ્રાર્થના ઉપર જણાવી છે, તે ભાવે ને તે રીતે કર્યા કરવી. એમાં ક્યાંય જરાતરા પણ ચૂક ન પડે, તેનું પૂરેપૂરું ધ્યાન રાખવાનું હોય. પ્રાર્થનાભાવની એકાગ્રતા ને કેંદ્રિતપણું જામવામાં કે જમાવવામાં મન, બુદ્ધિ કદીક કદીક તર્ક પણ ઉઠાવે છે. પ્રાર્થનાનો એવો ભાવ જામવાનું થતાં મન, બુદ્ધિ આદિ કરણ તર્ક ઉઠાવતાં તો તેમને કહેતો કે :

**'જિગર સોંપી દીધા કેડે નકામા તર્ક શા ખપના ?'**

ને હૃદયની ભાવના મોળી પડતાં એને પ્રેમભાવે સંબોધતો કે :-

**'ચરણમાં ખાખ થઈ મરવું, પ્રણયની એ નિશાની છે.'**

એવી કંઈ કંઈ રીતોથી કરણોને જાગ્રત કરી કરી એની કૃપાથી કરી એમને સાધનાભાવમાં પ્રેરાવવાનું કર્યા જ કરતો. તારે પણ તેવી રીતો, ઉપાયો ને પ્રયોગો અજમાવતાં જ રહેવાનું છે.

### 'ઊગેલું' જ્ઞાન જ શ્રેષ્ઠ

આ જીવની કથની કોઈને તેણે કહી નથી, લખી નથી, તને લખું છું તેનું પણ કારણ છે. એનું મહત્ત્વ હૃદયથી તું શોધજે ને સમજજે. કેટલીક હકીકત ન કહેવામાં સાર છે. પોતાની મેળે જે અનુભવથી મેળવાયું છે, જેમાં જ્ઞાનભક્તિપૂર્વકનો શ્રમ છે, તપ છે, પુરુષાર્થ છે, તે તે રીતે મેળવાયેલું જે હોય છે, તે હૃદયમાં સોંસરવું ઊતરી જતું હોય છે, તે પોતાનું થઈને વહાલું વહાલું લાગે છે.

### એ જ ને એનું જ આપણું બધું

જેમાં ને તેમાં આપણા વહાલા પ્રભુનું હૃદયનું સગપણ આપણને મોખરે તરી આવવું ઘટે છે. તેમ થયા કરતું અનુભવાય તો જ જાણવું કે આપણાં મનાદિકરણોમાં તેનો ભાવ મહત્ત્વપણે છે. આપણો સાચો માલિક કહો, ધણી કહો, પિતા, માતા, પુત્ર, સખા, બહેન, સદ્‌ગુરુ, ત્રાતા, રક્ષક, પોષણ કરનાર, પ્રેમ કરનાર, પ્રણય કરાવનાર વગેરે વગેરે બધું તે જ છે. એવાનું આજ્ઞાપાલન તો કેટકેટલા હર્ષથી થયા કરે ! એનું કંઈ પણ કરતાં કરતાં તો આપણને આઠે કોઠે દીવા પ્રગટે. માટે જેમાં ને તેમાં એને જ ઓળખવામાં જીવનની શક્તિ આપણે ખર્ચવાની છે. એને લીધે જ મળેલો સંસાર છે, એને કારણે જ મળેલાં સગાંવહાલાં, માતાપિતા, ધણી, સાસુ, સસરા આદિ સ્વજનો છે. એને કાજે જ જે તે બધી પ્રવૃત્તિ અને કર્મ, વહેવારવર્તન, સંપર્ક, સંબંધ આદિ છે.

## સગાંને પણ પ્રભુને રીઝવવા જ વળગવું

તે તે બધાંમાં જો એનું ભાનજ્ઞાન ચૂક્યા, તો તો તે તે બધું જ ચોંટ્યું સમજવું. એ વહાલો તો રહેલો છે તે તે સ્વજનોના અંતરમાં. એટલે તેમને વળગવાનું છે તે, તે સ્વજનોનાં સ્થૂળ શારીરિક સગપણના સંબંધે વળગવાનું નથી. એવું વળગવું એ તો પતન છે. કિંતુ આપણે તો ત્યાં જે વળગવાનું છે, તે તો એમનામાં જે પ્રાણપ્રિય આપણા અંતરનો મિત્ર, સખા, આપણો જે કહો તે, તેમનામાં જીવતો બેઠેલો છે એટલે. તેથી તેને રીઝવવાનું ને વળગવાનું છે. એ ભાવ વિના તેમને તેમને વળગવાનો બીજો કશો જ અર્થ નથી.

## પ્રભુની લીલા

સંસાર, વહેવાર, વર્તન, સંબંધ, સંપર્ક, હળવું, મળવું વગેરે પ્રકારનાં કર્મોમાંથી આપણો જીવસ્વભાવ ટળતો જાય, હૃદયનો પ્રેમભક્તિભર્યો પ્રભુપ્રીત્યર્થનો જીવતો ભાવ તેમાં તેમાં પ્રકટ્યા કરે, એવો પ્રકટ હેતુ આપણે એની કૃપાથી સભાનપણે રાખ્યા કરવાનો છે. એવો જીવતો અભ્યાસ પ્રકટતાં ને પાકો થતાં ને જીવતો બનતાં, આ સંસાર આપણને કોઈ અજાયબ, નવા પ્રકારનો, એ વહાલા ભગવાનની લીલાનો વિસ્તાર છે, એવો અનુભવ થતો રહેવાનો છે. એમાં હળતાં, ભળતાં, મળતાં કોઈ અનેરો આનંદ પ્રવર્ત્યા કરવાનો છે.

## 'મિથ્યા' સંસારનો અર્થ

આ સંસારને 'મિથ્યા' જે કહેનારા છે, તેવાના અર્થના હેતુને આપણે સમજવાનો છે. આપણે માત્ર સંસારી જીવો તરીકે સંસારને સંસાર તરીકે જાણીને વળગીશું, તો આપણને સંસાર જ મળવાનો છે, ને સંસારમાં બળ્યું પણ શું છે ? જો એમાંથી પ્રભુની પરખ-ચેતનલીલાનો અનુભવ- હૃદયથી પરખવાનું

હૃદયનું મુગ્ધતાભર્યું આકર્ષણ ન પ્રકટ્યા કરતું હોય તો ?

## સંસારના રંગઢંગ

સંસારમાં તો જ્યાં સુધી ખપમાં લાગીએ ત્યાં સુધી ખપનાં. બાકી તો પાંજરાપોળના ખોડાં ઢોરનાં જેવાં જ લાગવાનાં. કોઈ મોઢે તેમ નથી બોલતું. વળી, સંસારમાં કોઈ મોટેરું, વડીલ કે એવું હોય અથવા કમાતું-ધમાતું સારી સ્થિતિવાળું હોય, તો વળી બધાં વળગતાં આવે છે, એવો અનુભવ સંસારમાં બધે પ્રવર્તે છે. નોધારાંની મદદે કોઈ ઊભું રહેતું નથી. સંસારમાં શું ગરીબનાં કોઈ સગાંવહાલાં નહિ હોય કે ? પણ તેમના સંકટમાં મદદે કેટલાં પ્રેરાય છે ? તેમની માંદગીમાં કોણ, કેટલું વહારે ધાય છે ? કરવું પડે તે પણ જાણે કે ન છૂટકે. તેમાં પ્રેમ-હૃદયનો ઉમળકો-સાધારણપણે તો કોઈનો પણ વારી ગયેલો અનુભવાતો નથી. આવા છે સંસારના રંગઢંગ.

## સંસારને વળગવાનો આપણો હેતુ

પણ આપણે સંસારના એવા રંગઢંગનાં પાસાંને વળગવાથી શું વળવાનું હોય ? આપણે તો સંસારને જે વળગવાનું છે, તે તેમના તેમના હૃદયમાં આપણો વહાલો જે બિરાજેલો છે, આપણા હૃદયની પ્રેમભક્તિની સેવાથી તેમને તેમને રાજી કરી આપણે તો તેને ખુશ ખુશ કરવાને માગીએ છીએ. એવા જીવતાજાગતા હેતુની ભાવનાથી શ્રીપ્રભુની પ્રેમભક્તિથી જે કંઈ થાય તે બધું જ કર્યા કરવાનું છે. એમને એટલે કોઈને પણ સંસારવહેવારવર્તનમાં આપણા વિશે ઓછું આવે, તે આપણા વહાલાને આપણા વિશે ઓછું આવ્યું છે એમ માનીને, આપણે તો વારી વારી જઈને એમના હૃદયને સંતોષ આપવાનો છે.

## પોતે બધાંયને પ્રભુકૃપાથી રીઝવ્યા હતા

કોઈ કહેશે કે 'એમ કરવા જતાં તો કોઈને કદી સંતોષ થવાનો જ નથી.' તો તેમ માનવાની આ જીવ ના પાડે છે. આ જીવે એની ગરીબાઈની દશામાં પારકાંને ઘેર રહી બધાંનાં મન રાજી કરેલાં છે. એ સાચું છે કે કેમ તે જ્યાં જ્યાં આ જીવ એ રીતે રહેલો છે, ત્યાં જઈને સહુ કોઈ પૂછી આવી શકે છે. તેમાં આ જીવની કશી મહત્તા હતી તેવું તો કશું નથી, પણ તે તે જીવોની સાચી મહત્તા હતી. આપણે હૃદયના કેવા ભાવથી વર્તીએ છીએ, તે ભાવના પ્રકારથી આપણામાં આપણને સંતોષ પ્રકટી જવો ઘટે. આપણાથી કંઈક કશું ઘણું ઉત્તમ પ્રકારનું થતાં કે બનતાં, એક પ્રકારનો સંતોષનો ભાવ હૃદયમાં પ્રકટે છે. બીજાની વાત સાધકે છોડી દેવી. આપણને પોતાને જે તે કંઈ કરતાં કરતાં કેટકેટલો સંતોષ પ્રકટે છે, તેને નિહાળ્યા કરો.

## આજે તો પૈસાની બોલબાલા

આજકાલના જગતમાં ધનની એની હોવી ઘટે તેના કરતાં ઘણી વધારે મહત્તા પ્રકટી ગયેલી છે. જ્યાં ધન ત્યાં પ્રતિષ્ઠા, જશ, આબરૂ ને એની જ્યાં ત્યાં બોલબાલા સંભળાય છે. એના એવા ઝળકાટથી આપણે કદી પણ અંજાઈ જવાનું નથી. એના ઝાકઝમાળ આગળ આપણું શિર એના લાલચ સંજોગે કે કાંઈક એવા સાંસારિક હેતુથી ઝૂકી ન પડે, એની તો લાખગણી તકેદારી સેવવાની છે.

## 'ગિરધર વિના માથું નહિ નમે'

આપણે શિર તો સદાય ઝુકાવ્યા કરવાનું છે આપણા બાંકે બિહારીલાલને ચરણકમળે. એના વિના અન્ય સ્થળે તેમ કદી પણ કરવાનું નથી. **આપણને એના ભાવસ્પર્શ વિનાનું સર્વસ્વ કંઈ વર્જ્ય હોવું ઘટે છે. એવો આપણો તો મરજાદ ધર્મ છે.**

આપણે મન ગમે તેવું કોઈ મોટું હોય, ગમે તેટલી મહત્તાવાળું હોય, ગમે તેવું સંસારી આંખને અંજાવી દે તેવું હોય, ગમે તેવી પ્રતિભા-પ્રતિષ્ઠાવાળું હોય, પણ આપણા વહાલા પ્રભુની મોટપ, મહત્તા, પ્રતિષ્ઠા આગળ તો તે સઘળુંયે તુચ્છ છે. આપણે તો જેમાં ને તેમાં એ જ સાચો અને વહાલો અને ખરો છે, એવું જીવતું જ્ઞાનભાન પ્રેરાવ્યા કરવાનું છે.

## એવાને 'અન્યાય' સાલતો નથી

આવું જ્ઞાનભક્તિપૂર્વક જીવતાંજાગતાં કર્યા કરતાં હોઈશું, તો આપણને ઓછું આવવાપણું કદી પણ થવાનું નથી. જેને પોતાને પોતાના જીવનના આદર્શની લહે લાગેલી છે, એવા જીવનું મન તો એવું આડુંતેડું જે ઊગતું હોય છે, તેમાં જતું પણ હોતું નથી. એને એવી પડી પણ હોતી નથી. એ તો મચ્યું જ રહે છે એના પોતાના જ વિષયમાં. એને આડુંતેડું જોવામાં શોખ કે રસ કદી જાગતો જ નથી. એ તો રાચ્યા કરે છે માત્ર પોતાના જ અધ્યયનમાં. એવાને જગત-સંસારવહેવારથી થતા રહેતા ઊંડા અન્યાય પણ સાલતા હોતા નથી. આ જીવે એવી અન્યાયપરંપરા સેવેલી છે. તેવો થતો રહેલો અન્યાય સમજાતો તો હતો, પણ તેમાં મનને પરોવવાપણું પ્રભુકૃપાથી બની શકેલું નથી. જ્યાં સુધી જગત-સંસારવહેવારમાં છીએ ને અન્ય જીવોના સંબંધમાં છીએ ત્યાં સુધી એવું થવાનું જ.

## અન્યાયથી લાભ

**વળી, આપણે પોતે હજી તો જીવ છીએ. એટલે આપણાથી પણ જાણેઅજાણે કોઈ જીવને કોઈ ને કોઈ રીતે અન્યાય થયા કરવાનો. એટલે કોઈનાથી થતા અન્યાય પરત્વે આપણને ઓછું લગાડવાનો હક્ક રહેતો નથી.** એમ જ્ઞાનપૂર્વક સમજી સમજી એવા પ્રસંગે આપણે ભૂલેચૂકે પણ

કોઈ જીવને દોષ ન દઈએ, એવી જાગૃતિ રાખવાની છે, તે જાણજે. વળી, સંસારવહેવારના થતા રહેતા અન્યાયથી આપણને લાભ થતો રહેવાનો હોય છે, એવું આપણને ભાન હોતું નથી. તેથી તેવા થતા અન્યાયના અજ્ઞાનની ભૂલથી આપણે ભેરવાઈ પડીએ છીએ. માટે, એવી પળે ચેતતા રહેવું.

## પોતાની વીતક કથા તથા થયેલો અન્યાય

આ જીવ ગૂજરાત વિદ્યાપીઠમાંથી ગૂજરાત હરિજન સેવક સંઘમાં જોડાનાર સૌથી પ્રથમ વિદ્યાર્થી હતો. તેણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિક સાથે તેના મંત્રી તરીકે કામ કરેલું. વળી, આશ્રમ તથા શાળા ને તે ઉપરાંત સંઘનું હિસાબીકામ ને પત્રવહેવારનું કામ (આ ત્રીજું કામ તો થોડાક સમય માટે જ મળેલું) વગેરે વગેરે તો કરવાનાં હતાં. કોઈક સંજોગોને કારણે શ્રી ઇંદુલાલ યાજ્ઞિકે હરિજન સેવક સંઘનું કામ મૂકી દેવાનું કર્યું. તે કામનું કેંદ્ર નડિયાદથી ગોધરામાં પલટાયું. એક વખત એવો હતો કે જ્યારે ઉપરની બે સંસ્થા એકીસાથે એક જીવ ચલાવી શકે તે અજુગતું મનાતું હતું. નડિયાદનો હરિજન આશ્રમ તે શ્રી ઇંદુલાલની સંસ્થાઓમાંનો એક હતો અને નડિયાદની હરિજન શાળા તે ગૂજરાત વિદ્યાપીઠના વહીવટ તળે હતી. આ જીવ તે વેળા તે બંનેમાં મુખ્યપદે કામ કરતો હતો. શ્રી ઇંદુલાલે આશ્રમના વ્યવસ્થાપક તરીકે રૂ. ૬૫/-નું માસિક વેતન આપવાનું નક્કી કરેલું, પરંતુ તેમને આર્થિક ભીડ સદાય રહેતી. દર માસે રોકડ રકમ મળે જ એવું તો કશું ન હતું, જોકે ગામડામાં કામ કરતા શિક્ષકોને ઘણુંખરું તો દર માસે રકમ મળી જતી. વિદ્યાપીઠની શાળાના કામને માટે માસિક રૂ. ૫૦/-નું વેતન મળતું, 'હરિજન સેવકને આટલું બધું મોટું વેતન !' એવી ફરિયાદ પૂજ્ય બાપુજી

(ગાંધીજી) પાસે ગયેલી. તેમણે આ જીવને તેમની કને બોલાવેલો અને મને પૂછેલું કે 'આપણા ગરીબ દેશમાં ગરીબોની સેવાનું વ્રત જેણે લીધું છે, તેને આટલો મોટો પગાર પોષાય ખરો કે ?' મેં ત્યારે જણાવ્યું કે 'મારે કોઈ જીવનનિર્વાહનો કશો બીજો આધાર નથી. મારા મોટા ભાઈ કેટલાય સમયથી હરિજનનું ને જાહેર રાજકીય પ્રવૃત્તિનું કર્મ કરતાં કરતાં ક્ષયના રોગથી પીડાતા, આણંદની ડૉ. કુકની મિશન હૉસ્પિટલમાં પડેલા છે. તે ઉપરાંત, આ જીવ સાથે બીજા છ જીવોનું પાલનપોષણ કરવાનું છે. મારાં મા, ભાભી વગેરે પણ જાતે ઘણી મહેનત કરે છે.' તે બધી હકીકત પૂજ્ય બાપુજીને જણાવી ત્યારે તેમણે પૂછેલું કે 'બે સંસ્થાનું કામ તમે એકલા આટલી નાની ઉંમરે કેવી રીતે કરી શકો ?' પ્રભુકૃપાથી તે વેળાએ તેમને સ્પષ્ટપણે જવાબ દેવાનું બની શકેલું કે 'William Pitt, the younger, was Prime Minister of England at the age of 24.'- વિલિયમ પિટ (નાનો) ઇંગ્લૅંડના વડાપ્રધાનપદે ૨૪ વર્ષની ઉંમરે હતો. એ જવાબથી તેઓ ઘણા હસ્યા. ત્યાર પછી તેમણે મને કશું પૂછેલું નહિ, પરંતુ થોડા જ સમયમાં ગૂજરાત વિદ્યાપીઠ તરફથી મને હુકમ મળ્યો કે 'તમારે બે સંસ્થામાંથી ગમે તે એકમાં કામ કરવાનું નક્કી કરી લેવું.' કારણ એમ જણાવાયું કે 'તમારા એકલાથી બંને સંસ્થા પૂરેપૂરી યોગ્ય રીતે ન સંભાળી શકાય.'

આ પ્રસંગના બનાવ પછી માત્ર ત્રણેક માસ બાદ તે જ ઉપરની બંને સંસ્થા પાછી આ જીવને જ કામ કરવાને સોંપાયેલી હતી. વળી, તે વેળા આશ્રમમાં રાંધવા કરવાનું, પાણી ભરવાનું ને ભરાવવાનું પણ જાતે કરવાનું આવતું. શરૂ શરૂનો ગૂજરાતમાં તે સૌથી પહેલો આશ્રમ હોવાથી છોકરાંને

નાહવું કેમ, પહેરવું કેમ, ઊઠવું કેમ, ધોવું કેમ, વર્તવું કેમ, પથારી કેમ કરવી, જમવું કેમ-મતલબ કે તેમના એકેએક કામમાં આપણે જાતે હાજરી આપી ઊભા રહેવાનું હોય જ. આજની પેઠે તે વેળા વધારે માણસો પણ કામ કરનારાં ન હતાં. આશ્રમમાં પણ આ જીવ એકલો હતો. શરૂ શરૂના સમયમાં એક હરિજન ભાઈ મદદગાર તરીકે હતા અને વચ્ચે બીજા એક સવર્ણ ભાઈ હતા. તેમના ગયા બાદ તો આશ્રમનો કારભાર આ જીવને જ ચલાવ્યા કરવાનો હતો ને શાળાનો પણ. જે સ્થિતિ ત્રણચાર માસ પહેલાં અયોગ્ય હતી તે જ સ્થિતિ હવે શક્ય ને યોગ્ય કેવી રીતે થઈ ગઈ હશે ! વળી, તે વેળા આ જીવને શરીરે હિસ્ટીરિયાનો રોગ લાગુ પડેલો. તે હકીકત સંઘના બીજા ઉપરી જવાબદાર ભાઈઓ જાણતા હોય, તેમ છતાં કોઈના દિલમાં એમ નથી થતું કે આ ભાઈને બે સંસ્થાનો કારભાર સોંપેલો છે ને તેના શરીરની સ્થિતિ તેને પહોંચી વળવાને યોગ્ય પ્રકારની નથી, તો તેને બેમાંથી એક સંસ્થાનો કારભાર સોંપીએ તો ઉત્તમ, પરંતુ તેવું કોઈને પણ સૂઝેલું ન હતું. અંતે ખેંચાય ત્યાં સુધી ખેંચેલું, ને આ જીવથી જ્યારે થઈ જ ન શકે એવી દશા શરીરની બની, તે વેળા તેણે જાતે અરજી કરેલી કે હવે બે સંસ્થામાંથી એકનો કારભાર સોંપાય તો ઉત્તમ. પછી તેથી આશ્રમને કાઢી નાખી માત્ર એકલી શાળાનો કારભાર આ જીવને સોંપાયો.

## અન્યાય પરત્વે પોતાનું વલણ

આવી હકીકત બની તેવી વેળા મારા એક ગત પામેલા સ્નેહી રોજ મને ટકોરતા. ‘સાલા ! તું તો બાયલો છે. તું તો મોટા મોટાની શેહમાં તણાયેલો ફરે છે. તારી જૂની કારકિર્દી જોતાં તને એકમાત્ર નાની નિશાળના માસ્તર તરીકે નીમ્યો

છે. તેની તને શું નાનમ નથી લાગતી ? તારું આવું થયેલું અપમાન તું કેમ સાંખી શકે છે ? તારા પછીથી નવા નવા આવેલા આશ્રમના વ્યવસ્થાપક થઈ બેઠેલા છે, ને તું તો તેનો તે બાબતમાં વિરોધ પણ ઉઠાવતો નથી, તે તારું કેવું નમાલાપણું છે ?'

પણ એને હું જવાબ દેતો કે 'ભાઈ ! આપણે તો જ્યાં ત્યાંથી કામ કરવાનું છેને ? પછી આપણે ગમે ત્યાં હોઈએ, ને ગમે તે પદે હોઈએ તેનું કશું જ મહત્ત્વ નથી. આપણે મહત્ત્વ તો કામ કરવા સાથે છેને ?'

તેમ છતાં તે ભાઈનું મન સંતોષાતું ન હતું.

## અન્યાયમાં પ્રભુકૃપા

પણ મને જે ૬ વર્ષ શાળાનાં કામનાં મળ્યાં, તે તો પ્રભુની અનહદ કૃપા હતી. જો તેમ ન બનેલું હોત, ને આશ્રમનું કામ મળ્યું હોત તો આ જીવથી સાધનાના ભાવમાં પૂરેપૂરી રીતે પડી શકાયું ન હોત. આશ્રમમાં રહેવાપણું બન્યું હોત તો તો રાતે પણ કામમાં ત્યાં રહેવાપણું બનત. આ તો નિશાળનું કામ હોવાથી, રાતે છુટ્ટો. તેથી રોજ રાતે તો નડિયાદના સ્મશાનાદિ એકાંત શાંત જગ્યાઓમાં જ ગાળવાનું પ્રભુકૃપાથી બનતું. જોકે રોજ સાંજે જમીને રાતે હરિજનવાસમાં જતો, ત્યાં રામાયણ, મહાભારતની વાતો કરતો, વિદ્યાર્થીઓ પાસે ધૂન, ભજનો આદિ કાર્યક્રમ ચલાવતો, પણ કહેવાનું તાત્પર્ય તો એ છે કે મારા સ્નેહી મને થયેલા ભારે અન્યાયની વાત કહેતા હતા, પણ તે અન્યાયના હાર્દમાં તો આ જીવના કલ્યાણનો જ શ્રીપ્રભુનો એકમાત્ર હેતુ હતો. નડિયાદનાં રહેઠાણનાં ૬ કે ૭ વર્ષ એકલી સાધનાના ભાવથી પ્રભુકૃપાથી વીત્યાં તે કંઈ નાનોસૂનો લાભ નથી. તેવા દેખાતા કે જણાતા અન્યાયમાં સામાવાળાઓનો કશો જ એવો બૂરો હેતુ ન

હતો. મારે માટે તો ન હતો જ. કદાચ જો મેં પ્રકટ વિરોધ તે માટે કર્યો હોત, તો તેમણે તે અંગે જરૂર વિચાર્યું હોત. તેના વિશે આજે પણ મને સંદેહ નથી, પણ મને એવું લાગેલું જ ન હતું, એટલે પછી તે સંબંધમાં લખું કેવી રીતે ? વળી, સંઘમાં જેમ જેમ નવા નવા ઉત્સાહી કાર્યકર્તાઓ મળતા ગયા તેમ તેમ નવી સંસ્થાઓ પણ ઊભી થતી ગઈ. જેમ જેમ જે જે જેમાં રોકાયા, તેમાં તે રહ્યા. કામની ઉત્તમતાનો સૌથી પ્રથમ ખ્યાલ રહ્યા કરવો ઘટે, તે રીતે જે જે થયા કર્યું તે ઉત્તમ હતું. તે ગાળાના દિવસો જીવનના અતિ ઉત્સાહના પ્રેરણાત્મક ભાવનાવાળા હતા. સહુ કોઈને ઉત્સાહથી કર્મમાં મચ્યા રહેવાનું જ સૂઝ્યા કરતું હતું. ત્યાં કોઈને પણ બીજાને અન્યાય કરવાનું સૂઝી શકે એવી કોઈની મનોદશા ન હતી.

## અન્યાયના પ્રસંગ પરત્વે યોગ્ય વિચારણા

તેથી મારી તને સલાહ છે કે **સંસારવહેવારવર્તનમાં જ્યાં જ્યાં અન્યાય થતા લાગે, ત્યાં ત્યાં અન્યાયને અન્યાય તરીકે તો આપણે કદી પણ ન સ્વીકારવા. એની પાછળ આપણને ઘડવાનો હેતુ રહેલો હોય છે.** તે હેતુને સમજવાને ઘણું ઘણું મથ્યા કરવું. અન્યાય થયો છે, એવું લાગે છે તો આપણાં મન, બુદ્ધિ, પ્રાણ ને અહમ્‌ને. તેઓ હજી પૂરી સમતામાં, તટસ્થતામાં, શાંતિયુક્ત દશામાં ક્યાં પ્રકટેલાં હોય છે, કે તેમનો તેવો તોળેલો તે અંગેનો ન્યાય યોગ્યતાવાળો હોય ? તેમણે (મનાદિએ) જે વિચાર્યું હોય તે તદ્દન ખરું જ છે એમ કેમ કરીને ગણી શકાય ? દરેક પ્રસંગને અનેક બાજુઓ હોય છે. એટલે તેને તેની સમગ્રતાથી અવલોકન કરવાનું આપણાથી કેવી રીતે બની શકે ? **માટે દેખીતા અન્યાયને અન્યાય તરીકે સ્વીકારવાનું થતાં તો આપણે કદાચ બીજા કોઈ જીવને અન્યાય કરી બેસીશું.**

આપણે ભલે કદાચ અન્યાયના ભોગ બની જતાં હોઈએ, પણ આપણાથી કોઈને પણ અન્યાયી ન માની લેવાય તેની તો સોએ સો ટકા કાળજી રાખવાની છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૬-૪-૧૯૫૩*

## હુંપણું તો ટળવું જ જોઈશે

આપણા અહંપણાને આપણે વારંવાર જોયા કરવાનું છે. એવા 'હુંપણા'ને પરિણામે જીવ કંઈક ને કંઈક કેવું કેવું મનમાં માની લેતો હોય છે ! અમથું અમથું જરાક પણ ઘવાતાં તે છાનું બેસી રહેતું નથી. એની ક્રિયા તો શરૂ થઈ જતી હોય છે. અહંતા પણ પ્રકૃતિનું કાર્ય છે, એની પાછળ પ્રકૃતિની પ્રેરણા છે. આપણી એવી અહંતા ટળે એ સાધનામાર્ગ માટે ઘણું મોટામાં મોટું ને જીવ કાજે ભારેમાં ભારે મુશ્કેલ કાર્ય છે. પણ જે જીવને તે બાબતમાં ખરેખરાં ખાંખત ને કાળજી જાગ્યાં છે, તે કર્યા વિના છૂટકો જ નથી એમ જેને લાગ્યા કરેલું છે, એવા જીવને કાજે તે બાબતમાં તે સતત જાગતો રહેતો હોય, તો તેવાને તે દુર્લભ પણ નથી, મતલબ કે કરી શકાય એવું છે. એવા જીવ પ્રકારના 'હુંપણા'થી આપણે મુક્ત થવાનું જ છે. એવું મનમાં વારંવાર સતત દૃઢાવ્યા કરવાનું રાખો. એને સાંગોપાંગ આપણા સમજણના એકેએક અંગમાં ઉતાર્યા કરો. એનું માથું જરાક ઊંચું થતાં, પારખી કાઢવાનું કરો. તેમ થતાં એટલે કે ઊંચું માથું થતાં તેની અસર ટળી શકે કે ટાળી શકાય તેમ વર્તવાનું કરો.

## અહમ્ નરમ પડ્યાનાં લક્ષણો

**જ્યારે આશાઓ, ઈચ્છાઓ, કામનાઓ, તૃષ્ણાઓ આદિનું સ્ફુરણ થતું ભલે દેખાય, પણ ગતિમાન થતું ન અનુભવાય ત્યારે જાણવું કે આપણા અહમ્ દાદા નરમ પડી ગયેલા છે.**

**જ્યારે અનેક પ્રકારની, અનેક ક્ષેત્રની, કામનાઓનો મનહૃદયથી સંપૂર્ણ ત્યાગ સહજમેળે થયા કરતો અનુભવાય, તો જાણવું, સમજવું ને માનવું કે હવે આપણા જીવનમાં યજ્ઞભાવના પૂરેપૂરી જામી ગયેલી છે. જીવનયજ્ઞની ભાવનામાં કોઈ પણ પ્રકારનાં આશા, ઈચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા વગેરે વગેરેને સ્થાન જ હોતું નથી.**

## અહમ્‌ને મિટાડવાના પ્રયોગો

આવા જીવપણાના અહમ્‌ને મિટાડવા ને તેને ફટકો આપવા ને તેમાં અવનવાં જન્મતાં માથાંઓને કાપવા, કંઈ કંઈ અખતરા પ્રભુકૃપાથીઆ જીવે કરેલા છે. કોઈ કંઈક પણ કહે તો તે સહજભાવે સ્વીકારી લેવાની યોગ્ય ટેવ જ્ઞાનપૂર્વક પહેલાંથી પાડ્યા કરવાને એની કૃપાથી મથવાનું બનેલું. નાના છોકરાનું પણ માની લઉં. માત્ર તે વેળા કેટલાક અપવાદને મનમાં પૂરી જાગ્રત સમજણથી મક્કમતાના સ્વરૂપમાં તે વેળા રાખેલા હતા, તેની વાત જુદી હતી. ઉપરની મારી જે તે સ્વીકારી લેવાની ટેવની ખબર સાબરમતી આશ્રમમાં છાત્રાલયનાં છોકરાંઓને પણ પડી ગયેલી. તેથી જ્યારે આ જીવ મળત્યાગ કરવા માટે જતો હોય તેવી વેળા કોઈ ટીખળખોર હોય તે આવીને કહેતું કે, '....! હમણાં જાજરૂ જશો નહિ,' તો એમ સાંભળી આ જીવ પાછો વળી જતો. ઘણી વાર સુધી કામ કરતો કરતો તેમ કર્યા સિવાય તે બેસી રહેતો, આથી, કશું બગડ્યું નથી. ઊલટો એક પ્રકારનો સંયમ કેળવાતો, એવું જ્ઞાનભાન તે વેળા પ્રકટતું.

## સાધનાના યોગ્ય અભ્યાસથી ગુણવિકાસ

અનેક પ્રકારનાં અહમ્‌થી ઊઠતાં આંદોલનો પ્રભુકૃપાથી સમજવાને મથ્યા કરતો. આવા જ્ઞાનપૂર્વકના અભ્યાસનું પરિણામ તો એ થવા માંડ્યું કે સમતા, તટસ્થતા, શાંતિ,

વિવેક, પ્રસન્નતા, સહિષ્ણુતા આદિ ગુણો એનીમેળે પ્રકટતા અનુભવાયા હતા. આમ, જ્ઞાનભક્તિપૂર્વકની જાગૃતિથી ને તેના હેતુ અર્થે પળાતા જતા સાધનાના અભ્યાસથી, ગુણો તો આપોઆપ કેળવાતા જતા હોય છે, તે નિશ્ચિત હકીકત છે. એકલા ગુણો કેળવવાનો મહાવરો આ જીવને કદી ન હતો ને એવું આવડતું પણ ન હતું. એકલા ગુણ કેળવવા છે, એવો જાગ્રત ખ્યાલ પણ તે વેળા ન હતો, પરંતુ સાધનાના જ્ઞાનભક્તિયુક્ત યોગ્ય પ્રકારના એકધારા અભ્યાસમાંથી તેવા ગુણોનું કેળવવાપણું બનેલું ને તેવો તેવો અનુભવ થતાં કોઈ અનેરો આનંદ પ્રકટતો ને તેમાંથી યોગ્ય પ્રકારનો આત્મ-વિશ્વાસ પ્રકટ્યા કરેલો.

## સાધના-મૂડી વિશેની ગૂંચ ને ઉકેલ

શરૂ શરૂમાં આપણે કઈ શક્તિના સંચયથી કામ કરવું ? જેમ વેપાર કરવાને પ્રથમ મૂડી, તેની કળા, તેનો વિવેક, તે સંચાલન કરવાનું જ્ઞાન, તે ક્ષેત્રના વહેવારની સમજણ, તેનો કર્મ કરતાં કરતાં પ્રત્યક્ષ થતો જતો અનુભવ વગેરે વગેરે બધાંની જેમ જરૂર રહે છે, તેમ જીવનવિકાસની ભાવનાને વિકસાવવા કાજે પણ શક્તિરૂપી મૂડીની જરૂર રહે છે. આ મૂડી શરૂ શરૂમાં લાવવી ક્યાંથી ? આ પ્રશ્ને મને ઘણો ઘણો મૂંઝવેલો. જેમ વેપાર કાજે બીજાં બધાં જોઈતાં સાધન હોય, પણ ધનની મૂડી ન હોય, ને તે મેળવવા કાજે તેવી યોગ્ય ઓળખાણ કે સંબંધ ન હોય ને તેવા માણસનો વેપાર કરવાનો ઘણો વિચાર હોય, તોપણ તે લૂલો લૂલો થઈ જતો હોય છે. પોતાના વિચારને તે અમલમાં મૂકી શકતો નથી, તેવું આ જીવનું બની ગયેલું, પરંતુ જેમાં ને તેમાં નિરાશ થઈને લાચારી ભોગવીને કદી પણ બેસી તો ન જ રહેવું,

એવું મારા સદ્‌ગુરુનું  આ જીવને મળેલું આજ્ઞાવચન હતું. ગુરુના સદ્‌વચનને તો ગમે તેવો ભારેમાં ભારે ભોગ આપીને પણ યથાર્થપણે વર્તનમાં મૂકવું તે મૂકવું જ, એવી સમજણ શ્રીપ્રભુકૃપાથી દિલમાં ઊતરેલી. તેથી કરી તેવી ખોટી ખોટી રીતે ઊપજેલી લૂલી લૂલી દશામાંથી ઊગરી જવાનું પણ બની શકેલું. તેવી વેળા એવા સદ્‌ગુરુની ભાવનાની ધારણાને હૃદયસ્થ કર્યા કરતો. એને અત્યંત આર્ત ને આર્દ્રભાવે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરતો. સર્વ ધ્યાન એવા એવા પ્રશ્ન, ગૂંચ, મુશ્કેલી વગેરે જે ઊઠતાં, એના ઉકેલ કરવાપણામાં રોકી સમજણપૂર્વકનું વર્તવાનું કર્યા કરતો હતો. એમ હૃદયમાં પ્રેમભક્તિથી હૃદયથી એની પ્રાર્થના કરતાં કરતાં આ જીવને એનો ઉકેલ આપોઆપ જેમ જમીનમાંથી ઓચિંતો વાંસ ફૂટી નીકળે છે, તેમ ઊગી જતો. તેથી એવા થતા રહેલા પ્રાર્થનાના પ્રકારમાંથી આ જીવને સૂઝ્યું કે :-

'હે જીવ ! તારી જીવનવિકાસ કરવાની અદમ્ય ઉત્સાહ-યુક્ત ખંતપૂર્વકની ઝંખના, તે પરત્વેની દૃઢ શ્રદ્ધા, તેના પરત્વે પુરુષાર્થ કર્યા કરવાની તારી ખાંખત, કાળજી, શૌર્ય, હિંમત, સાહસ, અનંત ધીરજ આદિ ગુણથી પ્રેરાઈને એની કૃપાથી પુરુષાર્થ કરવાની તારી નેક દાનત, તે પરત્વેની તારી સંપૂર્ણ વફાદારી, તારી શુદ્ધ પ્રમાણિકતા, એવો પુરુષાર્થ મંદ પડતાં તું જાગી જઈને એને મંદાગ્નિમાંથી જ્વલંતપણે પેટાવવાનું કર્યા કરે છે, તે જાતનો એની કૃપાથી બનતો રહેલો પુરુષાર્થ, તારી ઉત્કટમાં ઉત્કટ ભાવનાના વિકાસ કાજેની ઝંખના, તે પરત્વેની પૂરી અંતરમાંની શ્રદ્ધા ને તે કાજેનો એની કૃપાથી થતો રહેતો પુરુષાર્થ-એ શક્તિઓ કંઈ જેવી તેવી નથી.'

## ઉકેલમાંથી ચોમેર શક્તિ ફૂટી નીકળી

આ ઉકેલ મળી ગયો, તેથી એક પ્રકારની જીવનમાં ટટારી ને ખુમારી પ્રગટી ગઈ. અનેકગણાં શૌર્ય ને હિંમત જાણે ફુવારાની પેઠે ફૂટી નીકળ્યાં. સદ્‌ગુરુની ભાવના ને એકાગ્ર ને કેંદ્રિત હૃદયમાં હૃદયથી થતી રહેતી એની એવી ધારણા, આવા આવા પ્રશ્ન આદિના કાળે ઘણા ઘણા ઉપયોગમાં આવતી અનુભવેલી છે.

## સદ્‌ગુરુની ભાવનાનો ઉપયોગ કરો

સદ્‌ગુરુ પણ સાધન કાજે છે. એને જે પ્રેમભક્તિ-જ્ઞાનપૂર્વક શ્રદ્ધાના જ્ઞાનભાનથી જીવનમાં પ્રત્યક્ષ ઉપયોગમાં લે છે, તેને તે ઉપયોગમાં પૂરેપૂરા આવે છે, પરંતુ જ્ઞાનભાન સાથેનો તેનો ઉપયોગ કેટલાં કરે છે ? તું કૃપા કરીને એનો ઉપયોગ કરતી રહેજે. તેવા પ્રયોગથી અનુભવ-જ્ઞાન પામતી રહેજે. સદ્‌ગુરુ જે હેતુ અર્થે કર્યા હોય, તે હેતુ અર્થે તેનો જ્ઞાનભક્તિપૂર્વક જો યોગ્ય ઉપયોગ ન થયા કરતો હોય, તો પછી તે કરેલા છે, તે શા ખપના ? શું ખાલી ખાલી, નામના, તે કરેલા છે ? માત્ર શોભા અર્થે શું તે છે ?

## અંતર તપાસવાનાં માપ લક્ષણો

વેપાર જો કરવો હોય તો જે મૂડી હોય, તેને એક તો સાચવી રાખવી પડે છે. તેની વૃદ્ધિ પણ થતી રહે છે કે કેમ તે પણ ચોક્કસ અનુભવથી જોતાં રહેવાનું હોય છે. તેમ આમાં પણ આપણી ઉત્કટ ઝંખના જીવતી બન્યા કરી, જીવનમાંના જે તે ઊઠતા પ્રશ્નોમાં, ગૂંચોમાં, ઉપાધિમાં, મુશ્કેલીમાં, અથડામણોમાં, ઘર્ષણમાં, અનેક પ્રકારના સંસારવહેવારવર્તનનાં ઊભાં થતાં આડાંઅવળાં વર્તુળોમાં ને આ ઉપરાંત તો મનાદિ-કરણોમાં ઊભાં થતાં અનેક વલણોમાં તે (ઉત્કટ ઝંખનાનો

ભાવ) આપણને ખપમાં લાગ્યા કરે ને શ્રદ્ધાના પ્રકારથી એ વેળા જીવનમાં અનુપમ શૌર્ય, હિંમત, સાહસ, ધીરજ, સહનશીલતા, ક્ષમતા, શાંતિ આદિ પ્રકારનાં બળ જીવતાં બન્યાં કરે છે કે કેમ, તે તે બધું જીવનની તેવી તેવી કારમી દશામાં પ્રત્યક્ષ ઉપયોગમાં આવતાં અનુભવાતાં હોય છે કે કેમ, ને જીવનના આદર્શ પરત્વેના થતા રહેતા પુરુષાર્થની ભાવનામાં ખંત, ખાંખત, કાળજી, ઉત્સાહ, ઉલ્લાસ વગેરે બધું પ્રકટ્યા કરે છે કે કેમ, તે બધું આપણે જોતાં રહેવાનું હોય છે. અને તે ઉપરથી આપણને આપણું માપ મળી રહેતું હોય છે.

### પતનની વેળાએ સદ્‌ગુરુનો જ સહારો

આવું બધું થતું રહે છે, તે આપણે આપણું પ્રત્યક્ષ જોતાં રહેતાં હોઈએ છીએ. કેટલીક વેળા પછાડ પણ ખાધા કરવાનો વારો આવે છે, કંઈક અવળું થઈ જતું પણ અનુભવાય છે, કંઈક પાપદોષની વૃત્તિમાં સપડાઈ જવાનો પ્રસંગ પણ ઊભો થઈ જતો હોય છે. તેવી વેળા જે જીવને જીવનના આદર્શની ખરેખરી પડેલી હોય છે, તેને શ્રીપ્રભુકૃપાથી તુરત ભાન પ્રકટી જતું હોય છે, તે સફાળો જાગી જાય છે. પ્રભુકૃપાથી એને સચ્ચાઈને રસ્તે વળી જતાં વાર લાગતી નથી. અજ્ઞાનથી કરી, અજાણતાં, ભૂલેચૂકે, આડે માર્ગે એનાથી જે ચઢી જવાયું હોય, તેનું યોગ્ય ભાન એના દિલમાં પ્રકટતાં એને પશ્ચાત્તાપનો જે અગ્નિ પ્રકટે છે, તેનાથી તો તેને ઑર પાછો પોરો ને પોરો ચઢે છે. એવી વેળા થયેલા દોષ ને ભૂલોનું માત્ર તે ચિંતવન કર્યા કરતો નથી, કે નથી પડી રહેતો નિરાશાના કૂંડાળાના વમળમાં. એ તો તેમાંથી જાગીને વધારે અદમ્ય ઉત્સાહથી ને ખંતથી ઊંચાણના માર્ગે જવાનો જીવતોજાગતો કડીતોડ પ્રયત્ન કર્યા કરતો રહે છે. જીવનમાં એને પતનવેળા આવે છે, તેમાં

પડી જવાતું હોય છે, તેવી વેળા તેવા જીવનો એકમાત્ર સહારો તેનો જીવતોજાગતો સદ્‌ગુરુ હોય છે. તેવી વેળા પ્રભુકૃપાથી તેને પોકારતો.

### ગુરુભક્તિ પરના આજના પ્રહારની યોગ્યતા

આવી બધી હકીકત તને એકલીને જ મેં લખી છે, ને તે લખી છે એટલા કાજે કે આજે સદ્‌ભાવી, વિવેકી, જ્ઞાનીથી ગુરુપણાની ભાવના પર પ્રહાર થયેલા છે, ને તે યોગ્ય પણ છે. **જે ભાવનાનો ઉપયોગ જીવનને ઘડાવાને કાજે હતો, તે ભાવનાને કાળે કરી નિરર્થકપણે, અજ્ઞાનપણામાં અથડાતી-કુટાતી જોઈને કયા જાગ્રત જ્ઞાનીને ગ્લાનિ ન થાય ?** તેથી તેના પર પ્રચંડ પ્રહાર થાય તે યથાર્થ છે. તેથી કરીને જેટલું શુદ્ધ થઈ શકાવાનું હશે તે થયા કરશે. એટલે એ તો યોગ્ય પ્રકારનો શુદ્ધિયજ્ઞ છે.

### તેમ છતાં સદ્‌ગુરુભક્તિ પણ યોગ્ય સાધન છે

પણ તે સાથે સાથે જીવનના વિકાસની ભાવનાના વિસ્તાર અર્થે એટલે કે જીવનમાં શુદ્ધ અનુભવનું જ્ઞાન પ્રકટાવવા કાજે પ્રેમભક્તિજ્ઞાનથી જે સદ્‌ગુરુનું સાધન સ્વીકારાયેલું છે, તે નકામું નથી, એ પણ ઉપરનું લખવામાં તેવો હેતુ રહેલો છે. તે સાધન છે, ને તેને તે રીતે વાપરવામાં ઉપયોગ છે, ને તે ઉપયોગથી જ જ્ઞાન મળે છે, તે પણ નક્કર અનુભવની હકીકત છે.જે કાંઈ હોવા છતાં, તેના હોવાપણાના હેતુ અર્થે જો ઉપયોગ થયા ન કરે, તો તે તો એમનું એમ પડ્યું રહે. તેવી રીતે ગુરુપણાની ભાવનાનો ઉપયોગ જીવનના વિકાસ અર્થે છે. ગુરુપણાની ભાવનાનો યોગ્ય ઉપયોગ જીવનમાં થતો જો ન અનુભવી

શકાય, તો આપણે વિચારવું રહ્યું. પહેલાં તો આપણે એનો યોગ્ય પૂરેપૂરો ઉપયોગ કરી શકીએ છીએ કે કેમ તે વિચારવું. જો ઉપયોગ ન કર્યા કરતાં હોઈએ તો પ્રથમ દોષ તો આપણો જ છે, ગુરુની પરંપરાથી સમાજનું જીવન તો પ્રમાદ ને આળસમાં જ રહ્યા કરેલું છે, જ્યારે સાચી રીતે તો એમ ન થવું ઘટે. જીવનની અનેક પ્રકારની સમજણો ને મડાગાંઠો એમની એમ રહેલી છે. એટલે એના પર પ્રહારો થાય તે તદ્દન યોગ્ય છે.

## મૂર્તિપૂજાના વિરોધનું દૃષ્ટાંત

તેમ છતાં આપણે એમ પણ વિચારવું ઘટે છે કે શ્રી દયાનંદ સરસ્વતીએ સારા હિંદુસ્તાનમાં મૂર્તિપૂજાના ખંડન સારુ ભારેમાં ભારે ઝુંબેશ ઉઠાવેલી ને તે કાળે તે યોગ્ય હતી. તેથી કરી મૂર્તિપૂજા કંઈ અદૃશ્ય થોડી જ થઈ ગઈ છે ? એવી ઝુંબેશથી તે પરત્વેની શુદ્ધિ જેટલી યોગ્ય હોય તેટલી ભલે થઈ શકે. તેવી રીતે ગુરુભાવનાના જીવનઆદર્શની ઉપર તેવા સદ્ભાવી, વિવેકી અને જ્ઞાની પુરુષના પ્રહારો પડે તે તેટલા જ યોગ્ય છે. આપણે તો તે પરત્વે સદ્ભાવની દૃષ્ટિથી જ જોવાનું હોય.

## કાળપુરુષની એકાંતિક દૃષ્ટિ

**આવા આવા મહાપુરુષો કાળે કાળે કરી ઘરેડના ચીલામાં પડી ગયેલા સમાજના અંતરના પ્રાણને જગાડવા, ચેતાવવા, આગળ ધકેલવા પાક્યા જ કરવાના.** તેઓ તેમના ધ્યેયનું કાર્ય કરવામાં એટલા બધા ઉત્કટ ધગશવાળા હોય છે કે તે વિનાના અન્ય યોગ્ય બાબતના ક્ષેત્રને તેઓ પૂરું ધ્યાનમાં પણ લેતા હોતા નથી. તેમાં તેમનો દોષ પણ નથી, કારણ કે તે તેમનું કાર્ય નથી. એમને તો તે કાળ પૂરતું જીવનમાં પ્રાપ્ત થયેલું તે કાળનું યોગ્ય ધર્મ્ય કર્તવ્ય કરવાનું હોય છે. તેમાં તેઓ ડૂબેલા રહે છે, કિંતુ

તેથી કરી એવા આત્માની કિંમત કોઈ રખે ઓછી આંકે ! સત્યના સમગ્રપણાને તો કોણ તોળી શકે એમ હોય છે ?

## એવાઓ પ્રતિ સાધકની દૃષ્ટિ

જે કોઈ જેવો પ્રચાર કરતા હોય, પરંતુ તેમનામાં હૃદયનો સંપૂર્ણ સદ્ભાવ જાગેલો છે કે કેમ એટલું જ આપણે જોવાનું હોય. જો તેમનાં કર્મ પરત્વે તેમનો એવો એવો સદ્ભાવ હોય, તો આપણે પણ તેમની કનેથી આપણા કર્મ પરત્વેનો એવો સદ્ભાવ જ નમ્રતાથી શીખવાનો રહે છે. એ લોક જેવાં ખંતથી, ઉત્સાહથી, ધીરજથી, અનેક પ્રકારનો અનેક તરફનો પ્રચંડ વિરોધ હોવા છતાં, પોતાનાં કર્મને કેવા ઉત્સાહ-ઉલ્લાસથી વળગેલા રહ્યા કર્યા છે, એવું જીવતુંજાગતું એમનું ઉદાહરણ જીવનમાં પ્રેરણા પ્રકટાવવા કાજે આપણને જગતમાં બીજે ક્યાં મળવાનું હતું ? એટલે એવા પુરુષનું આપણા જીવનના કાળમાં અસ્તિત્વમાં હોવું એ તો પ્રભુકૃપાથી કેવું ચેતનવંતું પ્રેરક સાધન છે ! એટલે એવા આત્માને તો આપણા જ્ઞાનભક્તિપૂર્વકના અનેકાનેક તેમનાં ચરણકમળમાં પ્રણામો હો !

## ગુરુભાવનાના વહેવારમાં પ્રત્યક્ષ ઉપયોગથી જ તેની સહાય પરખાય

સંસારવહેવારવર્તનના અડીઓપટીના સમયમાં જો કોઈ અનુભવી કને આપણું જવાનું બને, તો તેના ઉકેલ કાજે તેની સલાહ-સૂચના માગતાં આપણને તે મળે છે, તેવી રીતે આપણા જીવનની તેવી તેવી વેળાએ આપણે પણ સભાન, હેતુના જ્ઞાન સાથે, એની કને દોડી જવું જોઈએ. એનો સહારો પ્રાર્થનાભાવે આપણે લેવાનો રહે છે. ખરેખરા પ્રયોગ કરી જોવાથી જ આપણને સમજાતું હોય છે. તને કેટલીયે વાર કહેલું છે કે જે તે તેના ઉપયોગમાં જ જ્ઞાન રહેલું છે, પણ એવું બધું કોને યાદ રહે છે ?

## સ્વજનો માટે પ્રાર્થના

હું તો મારા વહાલા પ્રભુને ઘણી વેળા પ્રાર્થના કરું છું કે 'આ બધાં સ્વજનો જે અર્થે મળેલાં છે, તેમને તેમને કૃપા કરીને તેમનું તેમનું સાચું ભાન પ્રકટાવ કે જેથી તેમને તેમના યથાર્થપણાનું સાચું નગ્ન જ્ઞાન પ્રકટે ને તે પ્રમાણે એમનાથી તે અંતઃકરણથી સાચી રીતે ને પૂરી રીતે સ્વીકારાય, તો જ તેઓ પોતે પોતાના યોગ્ય જીવનમાં પ્રકટી શકે.'

## પછીથી વ્યર્થ પસ્તાશો

એક કાળ એવો પણ આવશે કે જે વેળા આવાં બધાં સ્વજનો પસ્તાશે કે, 'મળેલા પુરુષને આપણે અવગણ્યો. એનો યોગ્ય સાથ ન રાખી શક્યાં. આપણે જે અર્થે એને સ્વીકારવાનું કરેલું, તે અર્થે યોગ્ય ઉપયોગ કરવાનું આપણને સૂઝ્યું જ નહિ ! હાય ! હાય ! કેવાં હતભાગી ! એને પૂરું આપણે સમજી પણ શક્યાં નહિ ! એ હતો તો પાસે ને પાસે પણ એને સાચો ને પૂરો જોયો પણ નહિ, તો અનુભવી તો ક્યાંથી જ શકાય ?' આવું કંઈક કંઈક સ્વજનોને જરૂર થવાનું છે, તે નક્કી માનજો. તે વેળા જે પસ્તાવો થશે તેનાથી કશું જ વળવાનું નથી. જે કોઈ જીવતાને માનતાં નથી કે માની શકેલાં નથી, તે તેના ગયા પછી તેને શું માની શકવાનાં છે ? રામ રામ કરો. માટે જેને માનવાનું આપણે કરેલું હોય, તેને તેની જીવતી હયાતી સુધીમાં યોગ્યપણે સમજી લેવાય, ને તે પણ તેના પૂરેપૂરા યથાર્થપણામાં સાચી રીતે સમજાય, પાછું સમજીને તેનો જીવનવિકાસના સાધન તરીકે જ્ઞાનભક્તિપૂર્વક જેટલો ઉપયોગ કરી લેવાય તેટલું ઉત્તમ છે.

## માનવીની શબપૂજા

જગતમાં જ્યાં ત્યાં જોઉં છું કે માનવી તો એના ગયા કેડે એના શબને માત્ર પૂજે છે. આઘે ક્યાં જવું ? મહાત્મા ગાંધીનો પ્રત્યક્ષ જીવતો દાખલો લ્યોને ? એણે તો પોકારી પોકારીને કહેલું કે 'ભાઈ ! કોઈ મારાં પૂતળાં કે મંદિરો ચણશો નહિ.' પણ આજે સમાજ એના શબને પૂજી રહેલો છે. એના જીવનની મૂળ પ્રાણચેતનાને કોણ સ્વીકારે છે ? એના આદર્શને-એની સંસ્કૃતિને - કોણ વરવા ચાહે છે ?

## સદ્‌ગુરુ કર્યાની કસોટી

જે છે તે તો છે જ, પણ તે તો જે છે, તે પોતાના અંતરના તેવા જાગેલા પરિબળના પ્રતાપે છે. આપણે જીવવાનું છે, પોતાની આંતરિક પ્રકટતી જતી શક્તિના આધાર પર. સદ્‌ગુરુનું સાધન લૂલાં બનાવવા કાજે નથી. એ તો જીવનમાં પ્રચંડ શક્તિની પ્રત્યક્ષ અનુભવમાં વર્તાઈ શકે એવી ભાવના પ્રકટાવવા કાજેનું યોગ્ય ઉત્તમ સાધન છે. સદ્‌ગુરુનું એવું સાધન મળ્યું હોય, ને તેવી રીતનો તેનો જો અનુભવ કરી લેવાનું ન બન્યું, તો આપણે પણ મિથ્યા ને તે પણ સાવ મુડદાલ જેવો. એટલા માટે જો સદ્‌ગુરુ જીવનમાં જીવનથી સ્વીકારાઈ શકાયા હોય, તો એનું પ્રત્યક્ષ લક્ષણ એ છે કે તે ઉપયોગમાં પ્રવર્ત્યા કરતા હોય. સ્વીકારવામાં તો હૃદયની આપણી સંમતિ આવી જતી હોય છે.

## તું તો ચેતનમય થા.

કૃપા કરીને કોઈ પણ રીતે જાગીને તું વર્તવાનું કરી, બેઠી થઈ સાધનના યોગ્ય પ્રકારના અભ્યાસમાં કેળવાતી રહે, એટલી જ આ જીવની તારી પરત્વેની હૃદયમાં ઘણી ઘણી આશા રહ્યા કરે છે. તને જે લખું છું તે બીજાને પણ લખવા બરાબર

છે. તારી મારફતે બીજાં મળેલાં સ્વજનોને સંબોધતો હોઉં છું. માટે આ જીવનું એવું બનેલું યોગ્ય સાધન-તું-યોગ્ય પ્રકારનું યોગ્ય પ્રકારમાં ન પ્રવર્તી શક્યું, તો પછી શું કહેવું ને શું લખવું ? સંસારવહેવારવર્તનમાં તારા જીવનની યોગ્ય પ્રતિષ્ઠા, શોભા, જીવંત કળા-એવું બધું પ્રકટેલું જોવા દિલમાં હોંશ છે. મારે માત્ર તારી નામના વધે એવું તો મુદ્દલે નથી જોઈતું. જગતની મળેલી નામના એ તો આળપંપાળ છે. જગત તો જેને પૂજે ને આદર કરે તેને નિંદી પણ શકે છે, એવો અનુભવ તો જગજૂનો છે. એટલે નામનામાં તો કશું બળ્યું નથી. તું સર્વ વાતે ને સર્વ રીતે યોગ્ય બન્યા કરી જીવનવિકાસની તેવી ભાવનાથી જેમાં ને તેમાં જીવતી રહ્યા કરે એવી મારી તારી કને માગણી છે. તારે આંગણે આ જીવને બોલાવીને હવે એને ધક્કા જ માર્યા કરશે કે ? એનું અપમાન કરવાનું ને એને અવમાનવાનું તું કર્યા કરશે કે ? તો પછી તારા ભાવનું મૂલ્ય પણ શું ? માટે કૃપા કરી, સવેળા ચેતી ચેતી, સાધનમાં એકધારું રહેવાયા કરાય તેમ વર્તીને જ્યાં કંઈ આડુંઅવળું થતાં કે થવાતાં પ્રાર્થનાનો સહારો લેવો. રોજિંદા વહેવારવર્તનમાં હૃદયના એવા ભાવની ધારણા જેમાં ને તેમાં જીવતી, એકાગ્ર ને કેંદ્રિત પ્રવર્ત્યા કરે તે ઘણું ઘણું જરૂરનું છે.

## સાધક જીવો ગુરુની દુર્દશા કરે છે

તમારાં બધાંના યોગ્ય જીવનને વિકસાવનારા સથવારાની મને કેટકેટલી જરૂર છે ? મારી તે પ્રકારની ભૂખ કેવી ને કેટલી છે ? એને કોણ સંતોષે છે ? એને બિચારાને તો ભૂખ્યો ને ભૂખ્યો જ સહુ કોઈ રાખે છે. એની દયા કોઈને પણ આવતી નથી. કોઈને એમ પણ વિચાર થતો નથી કે આપણી અનેક પ્રકારની આડીઅવળી કરણીથી, વિચાર-

સરણીથી, અનેક પ્રકારનાં ઊઠતાં વૃત્તિ-વિચારથી, જાગતાં પ્રકરણોથી એને શું શું થતું હશે ? એનો એવો યોગ્ય વિચાર પણ આપણા રોજિંદા વહેવારવર્તનમાં કોણ કરે છે ? ઘણાંખરાં તો એનું ખૂન કરતાં હોય છે. કોક કોક તો વળી એનું ગળું દબાવીને એને ગૂંગળાવી મારે છે. આ હકીકત કપોલકલ્પિત નથી તેમ કલ્પનાની પણ નથી, કિંતુ અનુભવની સાચી હકીકત છે, પણ એને કોણ માને ?

## એને તો ભગવાનનો જ આધાર

હું તો એમ કહું છું કે હે વહાલાં સ્વજનો ! તમે બધાં પ્રેમ પ્રેમની વાત કરો છો, તો તમારો તે પ્રેમ ગયો ક્યાં ? શું તે ઊડી ગયો ? જો જીવનનું જ્ઞાનભાન રાખી શકવાનું ન જ કરવાનું હોય, તેમાં મંડાણ ન જ માંડવાનું હોય, તો આ જીવને ખાલી ખાલી બકરીના ગળાના આંચળની પેઠે વળગવાથી શું વળવાનું છે ? મારે તો પ્રભુકૃપાથી કોઈનાય આશ્રયની જરૂર નથી. એકલો, સમર્થમાં સમર્થ સાચા ધણીનો આશ્રય બસ છે. એ જ જેમાં ને તેમાં પૂરતો છે.

## પ્રાર્થનાની ટેવ તો પાડી જુઓ

આપણે બધાં નીકળ્યાં છીએ જીવનવિકાસ કરવાની સાધના કરવા. પણ શી અહાહા, આપણી ખૂબી છે ! ગુરુએ સાધનને તો ઘણું ઘણું સમજાવ્યું, એનો કેમ ઉપયોગ કર્યા કરાય તે નજર સમક્ષ દોરવ્યા કરી પ્રેરવ્યા કર્યું, પ્રાર્થનાનો ઉપયોગ કરવાનું સૂચવ્યા કર્યું. પણ ખરેખરી હૃદયની ભાવનાથી કેટલાં એનો સાચો પૂરો ઉપયોગ કરી શકે છે ? અરે, ભાઈ ! ખરી અણીની વેળા પ્રકટતાં, પ્રાર્થનાનો ઉપયોગ તો કરી જુઓ ! **પ્રાર્થના કરવાથી જે બાબતમાં પ્રાર્થના કરતાં હોઈએ તે ફળે કે ન ફળે તે ઘણા મહત્ત્વની હકીકત નથી,** પરંતુ જેમ

જેમ પ્રાર્થનાનો ભાવ આપણા હૃદયમાં પ્રત્યક્ષપણે જીવતો બન્યા કરતો હોય છે, તેમ તેમ **શ્રીભગવાનના ભાવ સાથેનો આપણા અંતરનો સંબંધ બંધાતો જતો હોય છે.** હૃદયમાં હૃદયથી પ્રાર્થનાનો ભાવ જગવી જગવીને આપણે કોઈ અદૃશ્ય એવા એને પોકારતા હોઈએ છીએ. એ રીતે હૃદયની ભાવનાનો એની સાથે સંબંધ સંધાતો રહ્યા કરે છે, એવું અનુભવનું જ્ઞાન આ જીવને પ્રાર્થનાના ઉપયોગમાં લેવાતા સાધનમાંથી, એની કૃપાથી પ્રકટી ગયેલું છે. તેવા અનુભવની ભેટ સ્વજન, પ્રભુને ચરણકમળે અંતઃકરણના ભાવથી મૂકું છું. એને જે કોઈ ઉપયોગના યોગ્ય ભાવે સ્વીકારીને એનો સાધન તરીકે વપરાશ કરશે, તેવા જીવને પ્રાર્થનાનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી સમજાઈ જવાનાં છે. અનેક સંતભક્તજ્ઞાની આત્માઓએ જીવનવિકાસની સાધનામાં પ્રાર્થનાનો સહારો લીધા જ કરેલો છે. તેઓએ તો કંઈક થતાં શ્રીભગવાનને પોકાર પાડ્યા જ કરેલા છે. તેમને તેમનો પોકાર ફળે કે ન ફળે તેના તરફ તો ધ્યાન હોતું જ નથી. એવા પોકારથી આપણે કેવાં કેવાં હળવાં, શાંતિવાળાં બની જતાં હોઈએ છીએ ! સાધનાના માર્ગમાં પોતાના તેવા જ્ઞાનયુક્ત ભાવનાથી થતા રહેતા પ્રચંડ પ્રકારના પુરુષાર્થથી ને હૃદયની પ્રાર્થનાની એવી પ્રેરણાત્મક, ચેતનાત્મક મદદથી, આપણે કલ્પી પણ ન શક્યાં હોઈએ, ધારી ન શક્યાં હોઈએ એવી આધ્યાત્મિક પ્રગતિ તેનાથી પામી શકતાં હોઈએ છીએ. આવી એક ને એક બે જેવી ખરેખરા સાચા અનુભવની હકીકત સ્વજનનાં ચરણમાં પ્રત્યક્ષ મૂકવા છતાં એને તેવી રીતે ને તેવા ભાવથી કેટલાં સ્વીકારે છે ? હૃદયના જ્ઞાનપૂર્વકના હેતુના ઉપયોગીપણાના સાધન તરીકે વપરાતા પ્રાર્થનાના ભાવથી શ્રીભગવાન કે ચેતન પરત્વેની આપણા હૃદયમાં ખરી ભક્તિ

પ્રકટતી જતી હોય, એવા પણ અનુભવ આપણને જીવનમાં આગળ જતાં થયા કરતા હોય છે.

## પ્રાર્થનાની કક્ષા પછીની દશા

જીવનમાં પ્રાર્થનાના આવા ઉપયોગીપણાના અનુશીલન-પરિશીલનથી અંતરમાં ભક્તિનો ભાવ પ્રકટે છે. એવો એનો ભાવ ઉદયવર્તમાન થતાં કે થયા કેડે પછીથી આપણને પ્રાર્થનાના સાધનની જરૂર ઊભી રહેતી નથી. ત્યારે જાણવું કે જીવનમાં પ્રાર્થનાનું સાધન પાકી ગયેલું છે. હૃદયમાં હૃદયથી શ્રીચેતન સાથેનો ભક્તિનો સંબંધ જ્ઞાનપૂર્વક અનુભવથી બંધાઈ જતાં આપણને અનેક પ્રકારના તેના સંબંધોનો પણ અનુભવ થવા માંડતો હોય છે. તેની સાથે પિતાભાવે, માતાભાવે, મિત્ર-સખાભાવે, દાસ્યભાવે, પ્રણયી-પ્રિયાના મધુર ભાવે-એવા અનેક જુદા જુદા પ્રકારના સંબંધના અનુભવ પ્રકટ્યા કરે છે. આવા સંબંધ મનુષ્ય જીવની કક્ષાના સંબંધો કરતાં ઘણી ઘણી ઉચ્ચતમ, દિવ્ય, રમ્ય, ભવ્ય કક્ષાના સંબંધ છે. જીવકક્ષાના તેવા સંબંધોની સાથે ઉપરના સંબંધોની કદી પણ તુલના થઈ શકે એમ નથી. આ તો માત્ર ઉપરની યોગ્ય હકીકત સમજાવવાને તે કારણે તેવું તેવું લખવાનું બનેલું છે. આવી અંતરમાં અંતરની દશા પ્રભુકૃપાથી જીવતી પ્રાપ્ત થતાં **'પુનિત પ્રેમગાથા'**માં અનેક લક્ષણોથી યુક્ત ને અનેક ભૂમિકા પરનો પ્રેમભાવ કેવો કેવો હોય છે તે, ને જે દશાઓ બતાવી છે, એનો પણ આપણને અનુભવ થતો રહે છે.

## એનાથી પણ ઊંચી દશા

એવી નિર્મળ, દિવ્ય, ભવ્ય, રમ્ય, પ્રેમભાવના-એ તો જીવનને જ્ઞાનપૂર્વક ઉપયોગીપણામાં પ્રવર્તાવવાને કાજે છે. એ ભૂમિકાની દૃઢ ચેતનપૂર્વકની સ્થિતિ પ્રકટતાં પ્રકટતાં એક કક્ષા

એવી પ્રકટે છે, જ્યાં તે હોવા છતાં પણ જાણે હોય નહિ તેમ સહજપણે પ્રવર્ત્યા કરે છે. આવા હૃદયના ચેતનપૂર્વકના જાગેલા પ્રેમભાવનાં અનેકાનેક પાસાં ને લક્ષણો હોય છે. માનવીનો જે શુદ્ધમાં શુદ્ધ ને દિવ્યમાં પણ દિવ્ય, રમ્યમાં પણ રમ્ય, ભવ્યમાં પણ ભવ્ય (જીવકક્ષામાં જેની કલ્પના પણ જીવને પ્રકટી શકતી નથી, તેને તે અગમ્ય જ છે) પ્રેમભાવ છે-ને માનવપ્રેમ જેનું સૂચક લક્ષણ છે-તે પરમ સત્ય, ઉપર જણાવેલા પ્રભુપ્રેમમાં અનુભવાતું હોય છે. એમાં જીવનની કૃતકૃત્યતા ને ધન્યતા અનુભવાતી હોય છે. એનું આપણને સર્વને આપણા જીવનમાં ધગધગતું જ્ઞાનભાન પ્રકટ્યા કરો એ જ પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૬-૪-૧૯૫૩*

## સચ્ચિદાનંદ ને તેનાં બે તત્ત્વો

એક પરમ, દિવ્ય, ગૂઢ ચેતન-એની અવસ્થાને કઈ રીતે નિર્દેશ કરવી ! અનુભવીઓએ એને સચ્ચિદાનંદરૂપે વર્ણવેલો છે. સત્+ચિત્+આનંદ. સત્=હોવાપણું, ચિત્=Consiciousness ચેતના. આનંદ=આનંદ. જેમ જે છે, તેમ તે નામ યોગ્ય અનુભવથી પડેલું છે, એનો આવિર્ભાવ જ્યાં ત્યાં થયા કરેલો છે જ. એના આવિર્ભાવથી પર ને તેની અંદર પ્રકટી રહેલ **ચેતનનાં બે સ્વરૂપોનાં તત્ત્વોને સમજવાં જરૂરનાં છે. તે છે પુરુષ ને પ્રકૃતિ.** આ બે તત્ત્વને જુદા જુદા દર્શનવાદીઓ જુદી જુદી રીતે સમજે છે, જુદાં જુદાં નામ પણ આપે છે. એને વળી કોઈ કોઈ તો આત્મા ને માયા પણ કહે છે, તો વળી કોઈ ઈશ્વર ને શક્તિસ્વરૂપ કહે છે.

આ બધું ગમે તેમ હો, પરંતુ પુરુષ ને પ્રકૃતિ એવી બે સ્થિતિઓ-બે કક્ષા-આપણે કાજે હોઈ શકે છે. એવો સંભવ પણ છે, ને તે શક્ય છે, એવું જો આપણને આ માર્ગનું કંઈક

દિશાસૂચન થયેલું હોય, તો તે સમજમાં ઊતરી શકે તેવું છે. **જીવપણાની આપણી કક્ષામાં પ્રકૃતિ અજ્ઞાનમય છે, તે તો જાણીતું છે. પુરુષ સુષુપ્તદશામાં છે. પુરુષ ને પ્રકૃતિ વચ્ચેનો ભેદ જાણીતો છે. સાધનાની ઉત્તરોત્તર ઊંચી કક્ષામાં વિહરવાનું આપણું જ્યારે પ્રભુકૃપાથી બની શકે છે, ત્યારે ચેતનાની એવી મંગળમય કોઈ દિવ્ય ભૂમિકામાં પુરુષ ને પ્રકૃતિ એ બંને તત્ત્વનું સભાનપણે આપણે પોતે ઐક્ય અનુભવી શકતાં હોઈએ છીએ. તેથી કરીને આપણે પોતે પ્રકૃતિના ભર્તા, સાક્ષી, એને સંમતિ દેનારા, એના પર પ્રભુત્વ ધરાવનારા ને એના ભોક્તા પણ બની શકતાં હોઈએ છીએ.**

### પુરુષની સ્વામિત્વની દશા

**જ્યારે પુરુષતત્ત્વ પ્રકૃતિનાં તત્ત્વો પર સ્વામિત્વ મેળવી લે છે, ત્યારે જ તે ચેતનાના સમગ્રત્વનો અનુભવ લેવાને શક્તિમાન થઈ શકે છે. આવી દશામાં પુરુષ પોતે પ્રકૃતિનો ઉપર જણાવ્યું છે તેમ ભર્તા, ભોક્તા, જાણનાર, સંપૂર્ણ સ્વામિત્વ ને પ્રભુત્વ પ્રકૃતિ પર જેનું પ્રકટેલું છે એવો બની શકેલો હોય છે.** એટલું જ નહિ પણ તે પોતે સાક્ષીપણે તટસ્થ, મન, પ્રાણ અને શરીરથી જુદો થઈ શકે છે. એટલું જ નહિ બલકે પોતે છૂટો રહીને કે થઈને પ્રકૃતિને પોતાનાથી જુદી જોઈ પણ શકે છે. આવી દશામાં પ્રકૃતિથી થતાં કર્મ એને બંધનરૂપ મુદ્દલે હોતાં નથી. **આવી દશામાં પુરુષ ગમે તેવા ગુણની ભૂમિકાની મુદ્દલે સ્પૃહા વિનાની દશા ભોગવી શકે છે.** એટલે કે સત્ત્વ, રજસ ને તમસની મુદ્દલે સ્પૃહા વિનાની દશા તેનામાં એક કાળે પ્રકટતી તે અનુભવી શકે છે. **પ્રકૃતિથી સાવ નિર્લેપ દશા ને એનાથી સંપૂર્ણ મુક્ત દશા એ સ્વામિત્વની ઊંચામાં ઊંચી કક્ષા છે.**

**પ્રકૃતિનાં કાર્યોને રજા આપનાર પણ પુરુષ હોઈ શકે, એનો ભર્તા પણ હોઈ શકે, એને ટકાવી રાખે છે પણ એ જ. આમાં પણ એક સૂક્ષ્મ ભેદ સમજવા જેવો છે. સંમતિ બે કક્ષાની હોય છે. સાક્ષિત્વ કક્ષાની, એવા પ્રકારની અનુમતિ નિષ્ક્રિય ગણાય, ને પુરુષની ભર્તાની કક્ષાની, સંમતિ તે સક્રિય સંમતિ ગણાય.** આટલું થયા છતાં હજી પુરુષ પોતે પૂર્ણ બની શકતો નથી. અહીં પૂર્ણ એટલે પોતે જાણનાર, સંપૂર્ણ સ્વામિત્વ ને પ્રભુત્વ ધરાવનાર ને ચેતન સ્વરૂપે ભોક્તા બનેલો હોતો નથી. એ એવો થાય છે, તેવી વેળાએ જ પ્રકૃતિ પર એનો કાબૂ પણ જામતો જતો પોતે અનુભવી શકે છે.

**બંને તત્ત્વોનું મૂળ તો સચ્ચિદાનંદમાં જ છે. એમાં પુરુષ છે સાક્ષીરૂપ ને પ્રકૃતિ છે ચિત્ સ્વરૂપ.** એ બંનેના ચૈતન્યમાં આનંદ પ્રકટતો અનુભવાય છે. એટલે હવે એવો જે દિવ્ય, રમ્ય, નૈસર્ગિક સહજ આનંદ છે, તે પ્રકૃતિમાં સંપૂર્ણપણે પ્રકટાવવો ને એનો અનુભવ કરવો, તેવી પરમ સત્ય અવસ્થા પ્રકટાવવા કાજે પુરુષ-પ્રકૃતિના સંબંધની સર્વોત્કૃષ્ટ કક્ષા જીવનમાં પ્રકટાવવાની રહે છે.

**ઉપર જણાવી તેવી પુરુષની કક્ષા પ્રકટાવવા, એટલે કે છતી થવા, સાધનાની અનિવાર્ય જરૂર હોય છે.** એ કંઈ એનીમેળે બની જતું હોતું નથી. એ સ્થિતિએ પહોંચવા, તે કાજે તો શરીર, પ્રાણ, મન આદિની ભૂમિકાની શક્યતાઓની પેલે પાર પહોંચવાનું રહે છે.

### જીવદશાનાં શુદ્ધ, સાત્ત્વિક દેખાતાં કર્મો પણ બંધનકારક

આ બધું તને લખવાનું કારણ તો એ છે કે આપણે જે જીવદશામાં કરતાં હોઈએ, તેવા જ પ્રકારનું કર્મ જુદી જુદી કક્ષામાં જુદી જુદી રીતે મૂલ્યાંકનને પામી શકતું હોય છે.

આપણી **જીવદશામાંનાં કર્મ ગમે તેવાં હોય, એનો હેતુ શુદ્ધમાં શુદ્ધ હોય, પરંતુ તે કર્મ કરવાપણામાં ઇંદ્રિયો, મનાદિકરણો જે વપરાતાં હોય છે અથવા જે દ્વારા કર્મ થતાં હોય છે, તે ક્યાં શુદ્ધ થયેલ છે ?** અથવા તે શુદ્ધિને સ્વીકારવાને ને શુદ્ધ થવાની ભાવનાની ખાતર એવાં કર્મ ક્યાં તેનાથી થતાં હોય છે ? તે તો બિચારો જેમ તેમ કર્મ કર્યે જાય છે. એને મનાદિ- કરણોનું જોવાની ક્યાં પડી છે ? કર્મ કરતી વેળાએ તે કર્મના જ્ઞાનનો હેતુ તે બિચારાને ક્યાં જીવતોજાગતો રહે છે ? કર્મ ઉત્તમ સાત્ત્વિક પ્રકારનું ભલે હોય, પણ તેનાં ઇંદ્રિયો ને કરણો તેવાં ક્યાં બનેલાં છે ? તેથી બિચારો જીવ તો કર્મમાં અટવાઈ પડવાનો છે, તે નક્કર હકીકત છે તે જાણજે. તેથી કરીને ઉત્તમ કર્મ ન કરવાં એવું તો કશું નથી. તે તો જરૂર કરવાં. એટલે ઉત્તમ કર્મની સાથે અથવા **તો ગમે તે કર્મ કરતાં હોઈએ તે વેળા, તે કર્મ કરવાનાં સાધનો એટલે કે આપણી ઇંદ્રિયો, મનાદિકરણો વગેરે ઉત્તમ પ્રકારનાં સંપૂર્ણ શુદ્ધ, સાત્ત્વિક અને દિવ્ય બની ગયેલાં હોય, તો તે ઘણું ઉત્તમ છે.** એટલે કર્મની યોગ્યતા જોવા કરતાં ઇંદ્રિયો ને મનાદિકરણોની પાત્રતા ને શ્રેષ્ઠતા યોગ્ય પ્રકારની થાય, તે પરત્વેનો આપણો જીવતોજાગતો ઝોક હેતુપૂર્વકનો વધે તે ઘણું જરૂરનું છે.

### જ્ઞાન, ભક્તિ, કર્મનો સમન્વય કરો

જીવનની સાધના જો કરવાની હોય તો કૃપા કરીને જાગૃતિપૂર્વક, સાવચેત, સાવધાન બન્યા વિના કદી પણ આરો આવી શકનાર નથી. તને બતાવ્યું છે તેમ વારંવાર પ્રાર્થના ને પ્રાર્થનાનો ભાવ અંતરનાં કરણોમાં જીવતો બની જતાં ખરેખરી ભક્તિનું સ્વરૂપ આપણામાં પ્રકટવાનું છે. તેમાં પ્રેમભાવનું સાચું સ્વરૂપ ને એની કળા-એ બધું પણ ખીલતું જતું આપણે

અનુભવીશું. આવા પ્રેમની સાથોસાથ સહજમેળે જ્ઞાનનું વ્યક્તત્વ ને તે સાથે સાથે પાછો શક્તિનો અનુભવ-આ બધું એકસાથે આપણે જીવનમાં અનુભવતાં થઈ શકીએ છીએ. આમ કંઈ જ કશું છૂટું છૂટું નથી. જે તે કંઈ પરસ્પર એકબીજાનામાં ભળેલું જ છે. એટલે જેમ હેતુના જ્ઞાન વિનાનાં કર્મ ને ભક્તિ નિષ્પ્રાણ નીવડે છે, તેમ ભક્તિ વિનાનાં જ્ઞાન ને કર્મ પણ નિષ્ફળ નીવડે છે. તેમ યજ્ઞકર્મ વિનાનાં જ્ઞાન ને ભક્તિ પણ સંપૂર્ણ અવતાર લઈ શકતાં નથી, એટલે આપણે તો જ્ઞાન દ્વારા કર્મ ને ભક્તિ, ભક્તિ દ્વારા જ્ઞાન ને કર્મ, યજ્ઞકર્મ દ્વારા જ્ઞાન ને ભક્તિ-એમ આપણી જીવનવિકાસની સાધનામાં એવો પૂર્ણ સમન્વય કરી કરી આગળ વધવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૭-૪-૧૯૫૩*

## સાધના કાજે જરૂરી સાધનો

તને કેટલીયે વાર કહેલું છે કે **આ માર્ગ પરત્વેના એકલા વાંચનથી કશું ન વળી શકે.** એકલા તેવા વાંચનથી જીવનવિકાસની ભાવનાની નક્કર સાધના થવી કદી પણ શક્ય નથી. હા, એથી કંઈક સમજણ વધે છે, તે એક લાભ જરૂર ગણાય. **સાધના કાજેની મહત્ત્વની ને મુખ્ય હકીકત તો સાધકની તે કાજેની ખરેખરી ધગશ ને ઉત્કંઠા પ્રાણવાળી જાગી ગયેલી હોવી જોઈશે. આ ઉપરાંત, સદ્ગુરુની મદદની પણ એટલી જ આવશ્યકતા રહેલી છે. સદ્ગુરુની પ્રત્યક્ષ જીવતીજાગતી દોરવણી વિના, એની કાળજી વિના, એની કૃપામદદ વિના, જીવનવિકાસની સાધનામાં સફળતા મેળવવાનું શક્ય નથી.**

## ખેતીના પાકનું દૃષ્ટાંત

આ ઉપલી હકીકતમાં ક્યાંયે અતિશયોક્તિ નથી. જેમ અનાજ પાકવા કાજે ખેતરનું ખેડવાપણું બનવું, તેમાં ખાતર

નાખવાપણું થવું, તેમાંથી જે તે બધું સાફ થવાપણું બનવું, એમાં યોગ્ય વરસાદ થતાં વાવણી થવી, પછી યોગ્ય સમય થતાં તેમાંથી જે જે ઘટારત ન હોય તેનું નીંદામણ થવું, એને લગતી એકેએક યોગ્ય ક્રિયાઓ થવી, એ જેમ જરૂરનાં ને તેમના તેમના હકીકતપણામાં વાસ્તવિક છે, એને કોઈ નકારી શકે તેમ નથી, તેવી જ રીતે સદ્‌ગુરુની સહાય, કાળજી, કૃપામદદ, દોરવણી-એ પણ એટલાં જ સાધનાના ક્ષેત્રમાં વાસ્તવિક છે. તેમાં મીનમેખ ફરક હોઈ જ ન શકે. સદ્‌ગુરુની સ્થૂળ કે સૂક્ષ્મ દોરવણી વિના યોગના ક્ષેત્રનું કોઈ પણ કર્મ થઈ શકે તેવું હોતું નથી.

## સદ્‌ગુરુકૃપાની સમજૂતીનો દાખલો

શેઠનો દીકરો શેઠની પેઢી પર વેપારનું શીખવા બેસે છે, તો તેને કોઈનું કોઈ શીખવનાર જોઈતું હોય છે. એવું પ્રત્યેક ક્ષેત્રની સમજણ પ્રકટાવવા કાજે તે તે ક્ષેત્રના જાણકારની જરૂર હોય છે જ. એવા જાણકારની જરૂરિયાત સાધનાના ક્ષેત્રમાં તો બધા સ્વીકારી શકે તેમ છે. એમાં એની દોરવણી, સહાય, મદદ આદિની પણ વાસ્તવિકતા સ્વીકારી શકાય તેવી હોય છે, પણ બધાંથી તેમની કૃપાની વાત સ્વીકારી શકાતી નથી. કેટલાકને એમ કહેતા સાંભળ્યા છે કે એમાં વળી કૃપાની વાત શા માટે ? મા, દીકરીને ઘરસંસારની કેળવણીને કાજે જે ભાવે, જે રીતે તૈયાર કરે છે ને ઘરમાં આવેલી વહુને જે રીતે તે નવાજે છે, એ બંનેની રીતમાં ઘણો ઘણો ફરક માલૂમ પડે છે. કોઈક જ સાસુ એવી હશે કે જે વહુ-દીકરીમાં ફરક નહિ ગણતી હોય. બોલવા બોલવામાં તો દરેક સાસુ એમ જ કહેવાની કે, 'ના રે બા ! મારે તો દીકરી ને વહુ બંનેયે સરખાં !' પરંતુ એવું તેમનું બોલવું તે સાવ મિથ્યા બકવાદ છે. **જ્યાં જ્યાં સંસાર-**

**વહેવારમાં નજર જાય છે, ત્યાં ત્યાં દીકરી-વહુ વચ્ચેનાં વર્તનમાં નર્યો તફાવત જણાયા કરે છે.** પ્રભુકૃપાથી એવો ભેદ જ ટળી જાય એમ આ જીવ તો પ્રભુને પ્રાર્થના કરે છે. આ હકીકત જો એના વાસ્તવિકપણાથી કબૂલવામાં આવે તો દીકરીને કેળવવામાં જે હૈયાનો ભાવ છે, તેને કૃપાને ઠેકાણે મૂકી શકાય, ને વહુને કેળવવાપણામાં તો સાસુની માત્ર ઉપરછલ્લી વૃત્તિ જ રહે છે. ભાવથી જે શીખવવામાં આવે છે, ને જેણે શીખવું છે એવા જીવને જેના તરફથી શીખવાનું છે એના પરત્વે વિરોધ જરા પણ નહિ હોય, પણ જો પરસ્પર હૃદયનો પ્રેમભાવયુક્ત સુમેળ પ્રકટેલો હશે, ને સદ્‌ભાવ, આદર પેલા શીખનાર જીવમાં શીખવનાર પરત્વે જાગેલા હશે, તો તેને જે શીખવાનું છે, તે પેલા જીવને ગળે એકદમ ઊતરી જતું હોય છે. આ હકીકત જેમ સમજાય તેવી છે અને બુદ્ધિથી કબૂલ થઈ શકે તેવી છે, તેવો જ તે હૃદયનો ભાવસંબંધ ગુરુશિષ્યમાં પરસ્પરમાં પ્રકટેલો હોય તો ઉત્તમ ગણાય. કોઈ પરત્વે જાગેલી સદ્‌ભાવ-આદરયુક્ત ભાવના આપણને ઘણું ઘણું સાંત્વન, ધીરજ, આશ્વાસન, સંતોષ, સુમેળભાવ વગેરે વગેરે પ્રેર્યા કરે છે. ગૂંચ, મુશ્કેલી, અકળામણ, અશાંતિ, ઉપાધિ, જીવનના અનેકવિધ કોયડાઓમાં કે એવા સંજોગોમાં અથવા તો જીવનના ઘર્ષણના કાળમાં, એવા કોઈ પરત્વે પ્રકટેલી હૂંફ ને ઓથ આપણને જીવનમાં તેવી વેળાએ કોઈ ઑર પ્રકારનાં પ્રેરણાત્મક સહાનુભૂતિ, ધીરજ, શાંતિ આદિ પ્રેર્યા કરે છે, એ તો જાતમાહિતીની હકીકત છે. આવી હકીકત તે અનુભવના પ્રદેશની છે, એમાં જરા પણ કલ્પના નથી. આપણા હૃદયમાં એવા કોઈ પરત્વે જીવતો ચેતનવંતો સદ્‌ભાવ-આદર પ્રકટેલો હોય છે,

તેનો સહારો કોઈ અવર્ણનીય હોય છે. એ સહારો જેણે અનુભવ્યો છે, તેને કેટલો બધો જીવનમાં આત્મવિશ્વાસ પ્રકટી જાય છે ! જેને સમર્થની ઓથ મળે તે કેટલો બધો નિરાંતવાળો બની જાય છે ! માટે આપણે જો જીવનવિકાસની સાધના કાજે સદ્‌ગુરુ કર્યા હોય, તો મનાદિકરણોને જ્ઞાનભાવ પ્રકટાવવાના હેતુ અર્થે તેમાં પરોવ્યા કરવાનો જીવતો અભ્યાસ જીવનમાં રાખ્યા કરવાનો છે, તે જાણજે.

## સદ્‌ગુરુ સ્વીકાર પરત્વે આજની દૃષ્ટિ

આજકાલ તો જેમાં ને તેમાં સ્વતંત્રતાનો વાદ ચોમાસામાં જેમ અળસિયાં ફૂટી નીકળે છે તેમ ફૂટી નીકળેલો છે. વળી, વ્યક્તિસ્વાતંત્ર્યને બદલે વ્યક્તિસ્વચ્છંદતાનો જમાનો પ્રકટેલો છે, એમ કહેવું વધારે યોગ્યતાવાળું છે. વળી, દરેક જણ પોતે દરેક બાબતમાં સાચો નિર્ણય ને સાચો ઉકેલ પ્રકટાવી શકે છે અને તેમ કરવાને તે યોગ્ય શક્તિવંત છે, એમ જે તે બધાં માન્યા કરે છે. એવું માનવાની ધૃષ્ટતા જે છે, તેને ધૃષ્ટતા તરીકે કોણ સમજે છે ? એને તો લોક ઉપરથી ડહાપણ માને છે ને પોતાને યોગ્યતાવાળા માને છે, પણ એ નર્યું તેમનું અજ્ઞાન છે. જીવનવિકાસની સાધનામાં સદ્‌ગુરુની હકીકતને આજકાલ તો ભણેલા લોકમાં એક વહેમ તરીકે ગણાવાઈ જવાની શક્યતા ઊભી થયેલી છે.

## સદ્‌ગુરુની ભાવનાને પોતાનું અનુભવયુક્ત સમર્થન

આમ હોવા છતાં શ્રીપ્રભુની પરમ કૃપાથી આ જીવને સાધનાના માર્ગમાં સદ્‌ગુરુના સાધનના આશ્રયનું અનુભવથી જે હકીકતપણું સમજાયું છે, તે બેધડકપણે આજે આ કાગળ દ્વારા સમાજને ચરણકમળે અને સદ્‌ભાવયુક્ત ને વિવેકવાળા સજ્જનોને ચરણે મૂકું છું. જે જીવને સાધના કરવી છે, એવો જીવ સદ્‌ગુરુની

ભાવનાને એક વહેમ તરીકે કદી ગણી શકનાર જ નથી. જીવનનો જે કોઈ સમજનાર અને જીવનને પ્રકટાવનાર સદ્‌ગુરુ છે, તે તો સર્વ કોઈને તેના યથાસ્થાને યોગ્ય ભાવે સ્વીકારી શકે છે. જીવનના યોગ્યપણાનો જે વિચારક છે, તે જીવનમાં પ્રેરણા, સહાનુભૂતિ, ઓથ, હૂંફ ઇત્યાદિ પ્રેરનાર એવી સદ્‌ગુરુની ભાવનાને નકારી શકે એમ નથી. જીવનના યોગ્યપણાના એવા વિચારકના તેવા તેવા કથનના મૂળ હેતુને કોઈ યોગ્ય રીતે પિછાનતું હોતું નથી.

## ગુરુની પ્રથા પર પ્રહારનાં કારણો

જીવનવિકાસની ખરેખરી યોગ્ય સાધના કરવાવાળા જીવ તો બહુ જ વિરલ, નજીવા પ્રમાણમાં હોવાના. ચેતનની અપેક્ષાએ ચેતનને પ્રકટાવીને પ્રેરાવી શકે એવા સદ્‌ગુરુ પણ વિરલ જ હોવાના. એટલા કાજે સમાજમાં ગુરુની પ્રથાની જે ઘરેડ થઈ ગઈ છે ને એવી ઘરેડની પાછળ જે ભ્રમણાઓ ઊભી થયેલી છે, એથી કરી, નથી પ્રત્યક્ષ લાભ સમાજને કે નથી યોગ્ય લાભ તેવા ગુરુઓને. સમાજમાં પણ પોતપોતાની અજ્ઞાન ને સ્વાર્થયુક્ત ઇચ્છા, કામના, તૃષ્ણા, લોલુપતા વગેરે પોષવાને સહુ કોઈ તેવા તેવા પ્રકારના ગુરુમાં ભેરવાઈ પડતાં હોય છે. એમાં નથી કોઈને જ્ઞાન પ્રકટાવવાની ધગશ કે નથી તેવા ગુરુઓની તેવી કશી તે પ્રકારની જ્ઞાનની નક્કરતાની વાસ્તવિકતા. આવા ગુરુશિષ્યના પ્રકારમાં તો બંનેનું નુકસાન જ પ્રવર્તતું હોય છે. એટલે યોગ્ય વિવેક જેમનામાં પ્રકટેલો છે, એવા સદ્‌ભાવયુક્ત વિચારકોનો આવી પ્રથા પરનો જ્ઞાનયુક્ત પ્રહાર જે આવી ગુરુપ્રથાની જડ ઘટમાળ પર પડ્યા કરે છે, તેમાં તદ્દન યથાર્થતા છે. એવા ગુરુઓથી કોઈ પણ જાતની મડાગાંઠ નથી તૂટતી. નથી તૂટતી તેમના જીવનની કે નથી તૂટતી સમાજના ઘરેડયુક્ત જીવનની. જીવનના રચનાત્મક-

પણામાં ચેતનવંતો પ્રવેશ જેનાથી કરી થવો ઘટે, તેમાં તો સાવ મીંડું વળેલું હોય છે. નથી સ્ફુરતા ગુરુથી કરી કોઈ પ્રકારના નવા પ્રાણ કે નવી સ્ફૂર્તિ. એથી આપણે તો એવા યોગ્ય પ્રહારો જે થયા કરે છે, તેમાંથી ઘણું ઘણું સમજવા જેવું છે. એટલે આપણે પણ ક્યાંય ફસાઈ ન પડીએ એટલી તકેદારી તેવા પ્રકારના ઘોષમાંથી આપણે જ્ઞાનપૂર્વક રાખીએ, તો તેમાંથી આપણને લાભ પ્રકટવાનો છે, તે જાણજે.

## ગુરુના વચનના આજ્ઞાપાલનના લાભ

સદ્ગુરુની આજ્ઞાનું યોગ્ય આદરભાવથી, આમ કે તેમ મનથી થયા વિના, જ્ઞાનભક્તિપૂર્વક યોગ્ય પાલનવર્તન કરવાનું આપણાથી એકદમ બન્યા કરે તે કેટકેટલું યોગ્ય છે, તે તો તેવા ઉચ્ચ પ્રકારના જીવનને પ્રત્યક્ષ જીવનાર કનેથી જ શીખવાનું મળી શકે. પૂજ્યશ્રી વિનોબાજીને જઈને પૂછી જુઓ. એમણે પૂજ્યશ્રી બાપુજીના વચનને કેવી રીતે ભક્તિની ઉત્કટ ભાવનાથી ને ઉત્કંઠતાથી સેવેલું ને પાળેલું છે ! સદ્ગુરુના વચનનું યોગ્ય આદરભાવથી, એના યોગ્ય સત્કારના સ્વીકારયુક્ત વલણથી, યોગ્ય પાલન થવાપણું આપણાથી બને તે આપણા જીવનવિકાસ કાજે ઉત્તમ છે. વચનની યોગ્યતા, ઉત્તમતા આદિના વિવેકને ઉગાડનાર તો સદ્ગુરુ પોતે જ હોય છે.

## પણ યોગ્ય લાગે તો જ પાળો

આ બધું લખીને તને મારું ગમે તેવું વચન પાળવાને ઉદ્દેશી રહેલો છું, એમ તારે માનવાનું નથી. મારું કહેલું વચન તારા જીવનવિકાસમાં મદદ કરતું લાગે, તારી વિવેકની સમજણને યોગ્ય પ્રકારનું લાગે તો જ તે આચરવાનું છે, તે નક્કી જાણજે.

આ જીવ ગુરુપદ માથે લઈને તો બેઠો જ નથી. સર્વ રીતના યોગ્ય પ્રકારના ગુરુ હોવાનો એણે કદી પણ દાવો તો

કરેલો જ નથી. એ કોઈને પણ કહેવા ગયો નથી કે, 'આ જીવને તમે ગુરુ કરો.' વળી, આ જીવ સર્વજ્ઞ ને સંપૂર્ણ છે, એમ તેણે પોતાના તે કાજે મળેલાં સ્વજનોને કદી માનવા તો દીધું જ નથી. આ જીવથી સાધનાના માર્ગે શ્રીપ્રભુકૃપાથી ને શ્રીસદ્‌ગુરુના આશીર્વાદથી જવાનું બનેલું છે, તે તો નક્કર હકીકત છે. આજના બુદ્ધિના જમાનામાં, જે તે બધું પુરવાર થવા કાજે જે પુરાવા હોવા ઘટે, તેવા તે હકીકતના પૂરતા પુરાવા તે કાજે મળી શકે તેવા છે. આ જીવે તેના સાધનાકાળમાં કેવી કેવી પ્રાર્થનાઓ કરેલી છે ! (જેમાંનો ઘણો મોટો ભાગ તો ખોવાઈ ગયેલો છે ને તેમાંનો થોડો ભાગ જ બાકી રહેલો છે.) ને ભજનો હૃદયથી કરેલાં છે ને ગાયેલાં છે, તેના તેવા નમૂના પરથી એવા જીવની આક્રંદયુક્ત ભાવના તે તે વેળા કેવા કેવા પ્રકારની બનેલી હતી, તેનું બ્યાન તેમાંથી વાંચનારને મળી શકે તેવું છે. એટલે સાધનાના માર્ગમાં શ્રીપ્રભુકૃપાથી શ્રીસદ્‌ગુરુના આશીર્વાદથી એને જે સમજાયું છે, તે સમજણ ને તે માર્ગની પ્રેરણા તેની કને કોઈ આવનારને જો તે આપતો હોય તો તેમાં કશું પણ અજુગતું નથી. તેમાં નાનમ કે મોટપનો કશો જ સવાલ ઊભો થતો નથી.

## પોતાનું ફેરવાયેલું વર્તન

આ જીવ એના સાધનાના કાળમાં કેટકેટલું મૂગો રહ્યા કરતો ! ઝાઝું કશું જ બોલતો ચાલતો નહિ, કંઈ જ કશા ઉપર ચર્ચાબર્ચા કરતો નહિ. વડીલો પરત્વે તો જીવતોજાગતો સદ્‌ભાવયુક્ત આદર જ તેનામાં પ્રવર્ત્યા કરતો હતો. તેવો જીવ આજે જેમની સાથે જે જે પ્રકારનો પ્રસંગનો પ્રસંગ સાંપડતાં તેમને તેમને તે તે પ્રસંગને યોગ્ય, જે તે કંઈ હોય, તે તે તેમને કહે, લખે કે સંભળાવે છે.

## પણ અભિમાનથી નહિ

તેવી તેવી રીતનું તે જીવનું વ્યક્ત થવું બીજા જીવોને કદાચ ન ગમે તો તે પણ સમજાય તેવું છે. આ જીવના તેવા વર્તાવથી આ જીવ હવે તો 'બદલાઈ ગયો છે. (એવું એના યોગ્ય જ્ઞાનના હેતુમાં બોલાતું હોતું નથી) અભિમાની થઈ ગયેલો છે,' એમ કેટલાક માન્યા કરતા હોય છે. પણ જે જીવો આ જીવના પૂરેપૂરા યોગ્ય નિકટના પરિચયમાં આવેલા છે, ને જે જીવો ઘણા કાળથી જીવનસાથીઓ તરીકે પ્રભુકૃપાથી મળેલા છે ને જેમનો સંસર્ગ આ જીવને ઘણો ઘણો નિકટનો છે, જેમને આ જીવના જીવનનાં ઘણાં ઘણાં પાસાંઓનો અનુભવ પૂરો પાકો થયેલો છે, તેવા જીવો, આ જીવમાં તેવું 'અભિમાન' છે કે તેવું 'હુંપણું' છે, તેનું યોગ્ય તારતમ્ય તે લોક જોઈ શકેલા છે.

## આવામાં અભિમાન ન હોય

વર્ષોનાં વર્ષો સુધી પ્રિય મિત્રો સાથે હરિજન સેવક સંઘના કામમાં લગોલગ રોજના કલાકોના કલાકો સુધી એકધારું કામ જેણે કરેલું છે, જો એનામાં 'હુંપણું' કે 'અભિમાન' હોય, તો તેવા મિત્રની જાણમાં આવ્યા વિના કેમ રહી શક્યું હોય ? હુંપણું તો અનેક રીતે વ્યક્ત થતું હોય છે. રોજબરોજના કામમાં વર્ષોનાં વર્ષો સુધી સતત રહેવાનું બન્યા કરતું હોય તેમ છતાં ત્યાં કદી પણ કશું ઘર્ષણ થયું ન હોય કે અથડામણ ઊભી થઈ ન હોય, કે ક્લેશસંતાપ ન થયા હોય, માત્ર સહકાર ને સહચાર જ જીવતાં પ્રવર્ત્યા કરેલા હોય તો તે શું સૂચવે છે ? પણ કોઈ ગમે તેમ માને કરે, તે સાથે આપણે કશી જ પરવા ન હોય. આપણે તો જેમ જે જે કાળે પ્રભુકૃપાથી યોગ્યપણે વર્તવાનું બન્યા કરે, તેમ વર્તવાનું છે. તેમ કરવાથી બીજાને શું લાગશે

એવો વિચાર કરવા જો બેસાયું, તો તો તેવા યોગ્ય પ્રકારના વર્તવાપણામાં મોળાશ પ્રકટી જતી અનુભવાય છે. જો આપણા હૃદયમાં સર્વ પરત્વે સદ્‌ભાવ જીવતોજાગતો પ્રકટી ગયેલ હશે, તો તેવો હૃદયનો પ્રકટી ગયેલ સદ્‌ભાવ આપણને જેની તેની સાથે તેના તેના યોગ્યપણામાં જ એની કૃપાથી વર્તવાનું કરાવશે, એવો આત્મવિશ્વાસ આ હૃદયમાં તો પ્રકટી ગયેલ છે.

### અંતરમાં નિરાંત ને નિશ્ચિંતતા

તેથી તે સદાય નિરાંતવાળો ને નિશ્ચિંતતાની ભૂમિકાવાળો એની કૃપાથી રહ્યા કરે છે, જે કંઈ કશાથી ઘવાઈ શકાતાં નથી. જેને તેને કંઈક લખવાની કે કહેવાની શક્યતા કે પ્રસંગ ઊભો થાય છે, ત્યારે આ જીવનો જ્યારે સાધનાકાળ હતો, ત્યારે તેનાથી જેમ બોલાતું હતું, તેવી રીતે આજે તેનાથી વર્તાતું નથી. તે આ જીવ કબૂલ કરે છે, પરંતુ તેમ કરવાપણામાં અભિમાનથી તેમ વર્તવાપણું બને છે તેમ માનવાની આ જીવ પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વક ના પાડે છે. આ જીવ આવી બાબતમાં જેમ માને છે, તેમ જ બધા જીવ માને, એવું કહેવાનો પણ હેતુ નથી. અમુક વડીલો આ જીવને જેમ માને છે, તેમ તેમની તેવા માનવાપણાની દશામાં, યોગ્ય સમજણ હોય, એમ પણ સંભવી શકે છે. માત્ર મેં તો મારું આ અંગે સ્પષ્ટીકરણ કરેલ છે, તેને એ રીતે માનવું કે ન માનવું તે તો તેમનું કામ છે. પ્રભુકૃપાથી મને તો હૈયે પૂરી નિરાંત છે.

### વર્ષો જૂનો અભ્યાસ નકામો ન જાય

**માનવી માત્ર પહેલાં જેવો હતો તેવો ને તેવો તે સદાય કાળ રહી શકતો નથી. જીવ બદલાયા કરતો હોય છે.** આ જીવ પણ બદલાયા કરેલો હોય તેવું પણ બને. આ જીવને એના સાધનાકાળમાં એનું પોતાનું નિર્દયમાં નિર્દય રીતે તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ

કર્યા કરવાનો જ્ઞાનપૂર્વકનો જીવતો અભ્યાસ હતો, તે તો તેણે કરેલી પ્રાર્થનાઓ ને ભજનોથી આજે પણ સમજી શકાય તેવું છે. તો શું એવા લાંબા કાળના જ્ઞાનપૂર્વકના અભ્યાસની અસર જીવનમાં પ્રકટ્યા વિનાની રહી શકે ખરી ? જો જીવકક્ષામાં જે જીવને કોઈ પ્રકારની લઢણ પડેલી હોય છે, તો તેવા લઢણના પ્રકારની અસર એના જીવનમાં પ્રકટેલી સહુ કોઈ અનુભવી શકે છે, તો આ જીવે વર્ષોનાં વર્ષો સુધી જે અભ્યાસ પ્રભુકૃપાથી પાડેલો છે, તેની અસર શું ઊડી ગયેલી બની જાય ખરી કે ?

## પૂર્વજીવનનો કાયાપલટો

પણ આજે આ કઠણ કાળમાં સહુ કોઈને તેમની તેમની રીતે રહીએ, જીવીએ, વર્તીએ તો તે રુચતું હોય છે. હવે આ જીવથી તેવી રીતે સદાકાળ ન વર્તવાનું બની શકતાં જીવને તે રુચતું ન આવી શકે, તે પણ સમજાય તેવું છે. સાધનાની અમુક કક્ષાઓ વિતાવ્યા બાદ એક ગાળો એવો પણ પ્રકટે છે કે **જીવાત્મા તે વેળા પરવાવાળો ને બેપરવાવાળો સાથે સાથે બનેલો હોય એવા એના રંગઢંગ હોય છે. પરવાવાળાના રંગઢંગ સહુ કોઈને ગમે ને બેપરવાવાળાના રંગઢંગ તો કોને ગમે ?** હવે શ્રીપ્રભુકૃપાથી અમારે માત્ર કોઈને ગમાડવાને કારણે જીવવાનું રહેલું નથી. પૂર્વના જીવનનો તો પ્રભુકૃપાથી કાયાપલટો થઈ ગયેલો છે.

## વાંધો લાગે તે ખુશીથી સંબંધ છોડે

એને નીરખવાને, સમજવાને, અનુભવવાને જે જે જીવને જેમ જેમ લાગે તેમ ખરું. અમારે હવે એની કૃપાથી કોઈને સારું માઠું લગાડવા પણ જવાનું દિલ નથી. સમજણથી ઘણો સમય એવો વેશ એની કૃપાથી પહેર્યો હતો. સહુ કોઈ જીવ જો પોતપોતાની રીતે, મરજીએ, ઈચ્છાએ ચાલે છે, તો પછી તેવી

રીતે આ જીવથી તેમ વર્તવાનું બને તેમાં વાંધોવચકો શેને ? હું ક્યાં કોઈને કહેવા જાઉં છું કે આ જીવ કને આવો ? જો તમે પોતે તમારી જ મરજીથી આવવાનું કરો, તો જે હેતુ કાજે આવવાનું બન્યું હોય, તે હેતુના ઘડતર કાજે જેમ કહેવા-કથવાનું પ્રકટે, તેને યોગ્ય રીતે સ્વીકારવાની તૈયારી ન હોય, તો તે જરૂરથી ખસી જાય. તેનો હર્ષશોક પ્રભુકૃપાથી અમને નથી. અમે તો શ્રીપ્રભુકૃપાથી અમારા રંગમાં જેમ છીએ તેમ છીએ. અમારે અમારું કશું જ ઢાંકવું નથી. જેમ જેવા જણાઈશું, લાગીશું તે વરતાઈશું તેનો વાંધો નથી. વાંધો જો કંઈ કશો હોય તો તે અમને હોવો જોઈએ. જેને વાંધો લાગે તે પળવાર પણ ઊભો ન રહે એવી અમારી એને લળી લળીને વિનંતી છે ને પ્રાર્થના પણ છે. જીવનમાં અમને લાગેલા વાંધાવચકા કેવા કેવા દિલમાં લાગેલા હતા, તે વેળા તે કાજે શ્રીપ્રભુકૃપાથી જે પ્રાર્થનાઓ થયેલી છે તે જોઈ કરી કોઈ જીવ તે અંગે યોગ્ય વિચારે, તો તેવી પણ અમારી તો તેવા તેવા જીવને વિનંતી છે.

## નિરાગ્રહી ને નિરાસક્ત

આ કાળમાં સહુ કોઈ જીવ પોતપોતાના મત ને પોતે કરેલ નિર્ણય તદ્દન યથાર્થપણે છે એવી જ માન્યતામાં તે ગળાબૂડ રહે છે. એવા જીવ પછી નિરાગ્રહી કેમ કરીને થઈ શકે ? આ જીવ કેટલો ને કેવો નિરાગ્રહી ને નિરાસક્ત છે, એવું પોતાને વિશે કથવું એ યથાયુક્ત ન હોય તેમ છતાં જે જીવો એના પળેપળના પરિચયમાં ઘણા નિકટપણે આવેલા છે, તે જીવ તે કેવો છે તે જાણે છે. કેટલાક તો એમ પણ કહે છે કે તેવું કહેનારા જીવ તો આ જીવના અંધ અનુયાયી છે, પણ તે તો મિથ્યા અજ્ઞાનમૂલક ભ્રમણા છે. તેવા જીવો આ જીવને જેટલા ગોદા મારે છે ને જેટલું વિચાર કરી કરી

વિચારે છે, તેટલું ને તેવું બીજા નહિ વિચારતા હોય. તે બધું ગમે તેમ હો, પણ આ જીવના નિરાગ્રહીપણાના ને નિરાસક્તપણાના તેવા જ્ઞાનપૂર્વકના યોગ્ય વર્તાવમાં તે લોકને મુદ્દલે અવિશ્વાસ નથી, તેથી તેટલી હકીકત તો સ્પષ્ટ તેમના દિલમાં ઊતરેલી છે. અનેક પ્રસંગોમાં ને રોજબરોજના વહેવારમાં તેનું નિરાગ્રહીપણું ને તેનું નિરાસક્તપણું વર્તાયા કરતું અનુભવમાં આવ્યા કરેલું છે. તેવી નક્કર સ્પષ્ટ હકીકતનો ઈનકાર પણ કોઈથી કેવી રીતે થઈ શકે એમ છે ?

**જ્યાં અહંતા છે, ત્યાં નિરાગ્રહીપણું ને નિરાસક્તપણું જીવતાં પ્રકટીને વર્તનમાં આકાર લઈ જ નથી શકતાં, એ તો નિર્વિવાદપણે હકીકત છે,** એવો તો સ્પૃહાવાળો અને નિઃસ્પૃહી પણ હોય છે. આ જીવે તો પ્રભુકૃપાથી અનુભવ્યું છે કે જેમ જેમ જ્ઞાનભક્તિપૂર્વકના સમર્પણયજ્ઞની ભાવનાનો વિકાસ થતો જતો હોય છે, તેમ તેમ શ્રીપ્રભુપ્રીત્યર્થે જ કર્મ કરવાની ખરી તત્પરાયણતા જીવનમાં પ્રકટે છે, ને તેવું જીવનમાં બનતાં, ભક્તિનો સાચો ભાવ અંતરમાં પ્રકટ્યા કરતો હોય છે. અંતર્બાહ્ય, તે પછી તે સરખો જીવતો બન્યા કરતો રહે છે. એવો ભાવ પ્રકટ્યા વિના જીવનવિકાસ પૂરો સધાઈ શકાવાનો પણ નથી, તે પણ નક્કર હકીકત છે.

## આ કંઈ બાળકના ખેલ નથી

જીવનને જો જ્ઞાનપૂર્વક યોગ્ય રીતે જીવવું હોય, તો એની સાથે ચેનચાળા કર્યે પાલવે તેવું નથી. મન ફાવ્યું ત્યારે તેમ કર્યું ને મન ન ફાવ્યું ત્યારે આમ કર્યું, એવી રીતે આ માર્ગમાં નભી શકે તેમ નથી. આ માર્ગમાં પોતાની પરત્વે સંપૂર્ણ નેકદિલી, સંપૂર્ણ સચ્ચાઈ, સંપૂર્ણ વફાદારી ને સંપૂર્ણ પ્રમાણિકતા પ્રકટાવી દેવાનાં રહે છે, તે જાણશોજી. આમાં

જરા પણ ઓછું હશે કે ઓછું રહેશે તો તે ચાલી શકવાનું નથી, તે પણ નક્કી વાત છે.

## ફનાગીરીની તૈયારીવાળાં જ આવે

માટે વહાલાં સ્વજનો ! હજી ચેતાય તો ચેતજો. **જીવનના બીજા બધા મોહ, રાગ વગેરે બધું ન છૂટી શકતું હોય તો મિથ્યા મોહ આ માર્ગે જવાનો મૂકી દેજો,** એમાં ડહાપણ છે. જીવનની ભાવનામાં જો રાગ લગાડવાનું કરવું હોય, તો બીજાં બધાંમાંના રાગને સમજી સમજીને એમાંથી પરાઙ્મુખ બનીને જીવનના સર્વ રાગ-મોહ જીવનવિકાસની ભાવનામાં લગાડી દેવા પડશે. લગાર પણ ખચકાયા વિનાની, જ્ઞાનભક્તિપૂર્વકની, ઊલટભેર ઉલ્લાસવાળી તૈયારી ને તેવું બધું કરવાની પૂરેપૂરી તત્પરતા હોય તો જ આ માર્ગે વળવાનું કરશોજી. પૂરેપૂરી વધેરાવાની ને તે પણ હૃદયના ઉમળકાથી વધેરાવાની તૈયારી હોય તો જ શ્રીપ્રભુનાં ચરણકમળમાં શિર ઝુકાવશોજી ને ઝંપલાવશોજી. આ માર્ગ તો ફના થઈ જવા કાજેનો છે ને ઝંપલાવવાપણાનો છે, તે જાણશોજી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૭-૪-૧૯૫૩*

હૃદયમાં ભાવ ઊભરાતાં થવું, શી રીત તે વ્યક્ત !
થવાતાં તે રીતે વ્યક્ત ફળે ના તેટલો અર્થ.

## સંસારની મર્યાદાની મર્યાદા

સંસારની મર્યાદા એ તો અંતરમાંના ઉગાડેલા અનાજની રક્ષા કાજે તૈયાર કરેલી મજબૂત વાડરૂપે છે. એવી મર્યાદા તે કેદ નથી. આપણા જીવનવિકાસની ભાવના જ્યારે જ્ઞાનભક્તિભાવે સંપૂર્ણતાને પામે છે, ત્યારે મર્યાદાના પ્રકાર ને ક્ષેત્ર પણ બદલાતાં જાય છે. હૃદયનો ભાવ માત્ર સંબોધનોમાં થોડો જ સમાઈ જતો હોય છે !

## સાચી વેદનાનાં માપલક્ષણ

વૃત્તિ બહિર્મુખપણાની થતાં તું ચેતે છે, પણ તે વાળી શકાતી નથી તેનું તને વેદના-દુઃખ થાય છે, પણ વેદના ને દુઃખ લાગે તો તેથી જરૂર પાછું તો વળાય. દુઃખ કે વેદના ખાલી ખાલી થાય તો કશું ન થઈ શકે. વેદના ને દુઃખ સાચે જ જો પ્રકટે તો તે વિષયને દિલમાં તે જાગ્રત કરાવે છે, ને તેમાં તે ગતિ કરાવે છે. એવું થતું અનુભવાય તો તે કાજે વેદના કે થયેલું દુઃખ યથાર્થ ગણાય.

## સાચો પસ્તાવો તો ગતિપ્રેરક હોય

સંસારવહેવારમાં સુમેળ ને સદ્‌ભાવની ભાવનાની ભૂમિકાને દૃઢવવાને, જીવતી કરવાને, સંસારવહેવારના ક્ષુલ્લકપણાથી ઊંચે તરવાને, સભાનપણે વર્તવાને દિલમાં જાગ્રતપણે જો પ્રભુકૃપાથી મથવાનું બની શકતું હશે, તો આપણા વર્તનથી જેને તેને આત્મસંતોષ પ્રકટવાનો છે. જે તે કંઈ બોલાઈ ગયા બાદ તે બોલવાપણાનું અયોગ્યપણું ખૂંચતું લાગે છે. જો તે ખરેખરું દિલથી ડંખ્યા કરતું લાગે તો તેવું ડંખવાપણું તે જીવને યોગ્ય વર્તનમાં પ્રેરાવવાને જ મથાવે એવું તે યથાર્થ ડંખવાપણાનું લક્ષણ છે. જો તેમ ન બનતું અનુભવાય, તો જાણવું કે તેવું ડંખવું જે લાગે છે, તેમાં સાચાં પ્રાણ, શક્તિ, ભાવ વગેરે પૂરાં જાગેલાં નથી એમ જાણવું ને માનવું.

આશ્રમમાં કાગળો વંચાવવા કાજે તેં પુછાવ્યું છે, પણ તે વિશે આગળથી તને લખેલું છે. સદાય જાગ્રત થજે, રહેજે ને તેમ જીવતી થજે. તને શું શું લખું ને શું શું ન લખું ? લખ્યાથી તો શું વળે ? તો તું તેમ વર્તતી થઈ જજે. એ જ હૃદયની વાંછના છે.

## અનુભવો યોગ્ય રીતે સ્વીકારાતા નથી

આપણે જીવનમાં જે ચેતનાત્મક જીવાત્મા સાથે જોડાયેલા છીએ, એના જે ચેતનાત્મક અનુભવો જે જે જીવોને થયેલા છે, તે અનુભવોને તેવા ને તેવા મૂળ સ્વરૂપમાં કોણ કોણ કેટલા ઝીલી શકે છે ? વળી, કેટલા તેને તે જ સ્વરૂપમાં સાચવી શકતા હશે ? જીવનમાં અનુભવો તો મળતા હોય છે, પણ તેને તે સ્વરૂપે જ અનુભવવાની તો વાત જવા દો, કિંતુ તેને તે સ્વરૂપે ઓળખવાની સમજણ પણ કયો જીવ રાખતો હોય છે ?

જીવને અનુભવ તો મળે છે, પણ તે પોતે પોતાની પરિમિતતાને પરિણામે એને તે પરિમિત બનાવી દે છે અથવા એને તે તે સ્વરૂપે જ પારખી શકાતું હોય છે.

### એક દાખલો

એકના એક જ તેવા જીવાત્માને એક જીવ વ્યવસ્થિત, કાળજીવાળો, ખંતવાળો, ચોકસાઈવાળો-એવા એવા પ્રકારનો દેખાય. વળી, બીજો જીવ એને બીજી રીતના અનુભવવાળો નિશ્ચયપૂર્વક તેમ જાણતો હોય છે. વળી, ત્રીજા પ્રકારના જીવ સાથે તે ત્રીજા પ્રકારનો માલૂમ પડતો હોય છે. એના હૃદયની કોમળતાનો મુગ્ધ સ્પર્શ ફૂલની કોમળ કોમળ પાંદડીઓથી પણ વધુ મૃદુ છે ને આપણાં મન, પ્રાણ આદિને ભર્યા ભર્યા બનાવી તે આપણને તેના મય બનાવી દે છે ને તેનામાં પ્રેમભાવથી સાવ ડુબાડી દેતો હોય છે, પરંતુ આપણે બધાં જીવપ્રકૃતિનાં હોવાથી અસલ મૂળપણાનો તેવો જ્ઞાનાત્મક લાભ પૂરતો મેળવી શકતાં નથી.

### આપસઆપસમાં ઝઘડાનું કારણ

એમ તે અનેકની સાથે જુદો જુદો દેખાતો હોય છે ને તેવો

તેમને અનુભવ થતો હોય છે, તેથી કોઈએ પણ તેવી કોઈની જણાવેલી હકીકતમાં ભેદ માનવાપણું નથી. પોતપોતાને તેવાનો થયેલો અનુભવ તેને તેને સ્થાને યથાર્થ હોવાનો પૂરતો સંભવ રહે છે. તેથી કેટલેક સ્થળે તેવા આત્માનાં સ્વજનો માંહોમાંહે ઝઘડતાં જોયાં છે કે, 'તેમનાં જીવનનો ઘડવૈયો આવો આવો હતો.' બીજાં વળી તેને બીજાં રૂપે કહે, એમ પરસ્પર માંહોમાંહે તેવા અંગે કરીને ઝઘડતાં પણ જાણેલાં છે. આવી આપણા બધા પ્રકૃતિવશ પ્રેરાયેલા જીવોની બલિહારી હોય છે.

## આપણે તો બસ પ્રેમથી બધાંમાં ભળો

માટે જગતમાં સંસારવહેવારવર્તનમાં જેને તેને, તેના પ્રકૃતિના સ્વરૂપે તે તેમ હોવા છતાં જીવનની સમગ્રતામાં તેવા તેવાને આપણે તો જીવનવિકાસની ભાવનાની સમગ્રતામાં સુમેળભાવે સ્વીકાર્યા કરવાનું હોય છે. તેથી આપણે નથી કોઈ સાથે દ્વેષ, ઈર્ષા અદેખાઈ કે નથી કોઈ સાથે રાગ, મોહ, મદ, મત્સર આદિ વૃત્તિઓ. આપણે તો જેમાં તેમાં બધાંમાં પ્રેમસ્વરૂપે જ જ્ઞાનાત્મકપણે એની કૃપાથી ભળ્યા કરવાનું છે. કશાથી પણ ક્યાં અળગાં છીએ ? બધાંથી અલગ છીએ, એમ સમજવામાં, ગણવામાં દોષ રહેલો છે. જે તે બધું સમગ્રપણે એક છે, એવા एकથી છૂટું પડાયું તેટલું પતન થયેલું સમજવું.

## તેમ છતાં પાછી એકભક્તિ જ

તેથી આપણે તો એકભાવે જેનામાં ને તેનામાં, જીવનવિકાસની ભાવના જીવતી કર્યા કરવાને કાજે, એવા હેતુનું જ્ઞાનભાન પ્રકટાવી પ્રકટાવીને, ભળવાનું-મળવાનું હોવા છતાં, સાથે સાથે પાછું આપણી જાતને એકમાં જ સતત પરોવી રાખવાની જ્ઞાનભક્તિયુક્ત ધૂન જીવનમાં પ્રકટેલી હોવી જોઈશે

જ. જો તેમ નહિ બન્યું હોય, તો તો તે તે બધાંની સાથે કાદવમાં જ રગદોળાઈ જવાનાં, તે પણ નક્કી, પરંતુ માત્ર તેવા ડરને કારણે કોઈ સાથે ન ભળવું ન મળવું એ તો આપણાં પારાવાર અજ્ઞાન ને મૂર્ખામી ગણાય.

## તોપણ પ્રેમભાવ તો જરૂરી જ

તો એમ સવાલ થાય કે ભળીભળીને કરવાનું શું ? આપણે હવે સાંસારિક વાતો તો કરવાની નથી. ઊંચી ઊંચી બીજી વાતો પણ શી કરવી ? પ્રેમભાવ હોય, પણ તે વ્યક્ત શી રીતે કરવો ? પણ અરે ! ભલા જીવ ! હૈયાની મીઠાશનો સ્પર્શ તો થયા વિના કેમ રહી શકે ? **હૃદયના પ્રેમભાવનો સ્પર્શ તો અણુએ અણુમાં પ્રકટતો હોય છે. હૃદયના ભાવનો સ્પર્શ, આપણા મળવાના રણકારમાં, આપણી બોલીમાં, આપણી આંખમાં, આપણી ચાલમાં, આપણા વર્તાવમાં પ્રકટી જતો હોય છે.** આપણે તો જીવનને નવો અવતાર આપવા કૃતનિશ્ચયી થયાં છીએને ? એવા પ્રકારના જીવાત્માનાં ઉત્સાહ, ઉલ્લાસ, ખંત, કાળજી, હિંમત, સાહસ, ધીરજ, જાગૃતિ તો કેવાં કેવાં હોવાં ઘટે ? જીવનની પુનર્રચના હૈયાનાં એવા થનગનતા પ્રેમભાવયુક્ત ઉલ્લાસ, ઉમંગ, ખંત, જાગૃતિ આદિ આદિ વિના થવી કદી શક્ય નથી.

## સાધનાના ભાવમાં જ હૃદયનો આગ્રહ રાખો

આપણે તો વાયુને કેદ કરવા ને આભને બાથ ભીડવા હામ ભીડી છે. તો પછી કંઈ કશાથી ડરવાનું કારણ શું હોય ? એવા કૃતનિશ્ચયી જીવાત્માનાં સાહસ, હિંમતને કોઈ પડકારી શકે તેમ નથી. કોઈની તેવી તાકાત પણ નથી. સહુ કોઈ તેનાથી પાછા પડવાના છે, તે નિશ્ચે કરીને માનવું ને અનુભવથી તેમ પ્રમાણવું. 'જે ધારેલું છે, તે જ કરવું, બીજા

કંઈ કશામાં માથું મારવું જ નથી.' એવો દૃઢ મરણિયો નિર્ધાર જેના જીવનમાં વર્તી રહેલો છે, તેવા જીવનાં શૌર્ય, પરાક્રમની કથા ન્યારી ન્યારી છે. તે તો સાચો ભડવીર છે. એને કોઈ એના નિશ્ચયમાંથી ડગાવી શકે એમ નથી. એનો નિશ્ચય માત્ર જીવનવિકાસની ભાવનામાં જ મક્કમપણે પ્રવર્ત્યા કરતો હોય છે. બીજાં બધાં ક્ષેત્રમાં તો તે સાવ માટીના લોંદા જેવો એટલે સંપૂર્ણ નિરાગ્રહી પ્રવર્ત્યા કરે છે. જે જીવથી જીવનવિકાસની ભાવના વિના અન્ય ક્ષેત્રમાં એવી નિરાગ્રહી-પણાની ભાવના વડે જિવાતું ન અનુભવાય, તો તેવા જીવે પોતે ઊંડા ઊતરીને નિહાળવું ઘટે, વિચારવું ઘટે ને સમજવું ઘટે કે હજી આપણે જીવનવિકાસની ભાવનાને જ માત્ર વળગી રહીને જીવવું છે, એવો નિશ્ચય પાકો થયેલો નથી, પણ એક હકીકત અહીં નોંધવા જેવી ને વિચારવાપણાની છે.

## નિરાગ્રહ એટલે ઢીલાપોચાપણું નહિ

કોઈક જીવની પ્રાકૃતિક એવા ગુણની દશાના કારણે એવી દશા હોય તો તો તેવો જીવ પોતે પોતાની પ્રકૃતિથી જ ઢીલોપોચો હોવાથી બીજા જીવોના આગ્રહોને વશ થઈ જતો હોય છે અથવા કોઈ જાતના દબાણને કારણે અથવા સંસારવહેવારની પોતપોતાની દશાને અંગે લેવાઈ જતો હોય છે, મતલબ કે પ્રકૃતિના સ્વભાવથી નિરાગ્રહીપણું પ્રવર્તતું જણાય, તો તેવા નિરાગ્રહીપણાથી તો જીવનવિકાસની ભાવનાને જીવતી કરાવવાને, પ્રકટાવવાને, પ્રેરાવવાને કશો જ લાભ થતો હોતો નથી, બલકે એવી પ્રકૃતિથી એવો ઢીલાપોચા સ્વભાવવાળો કદી પણ જીવનવિકાસની સાધના કરી નહિ શકે. **જગત, સંસાર, વહેવાર, વર્તનમાં આપણે સુમેળ દાખવવાનો છે, નમ્રતા પણ દાખવવાની છે, સદ્‌ભાવના પણ**

**રાખવાની છે, તેની ના નથી, પરંતુ એનો અર્થ એવો નથી કે તે પોતાના જીવનધ્યેયની ભાવનાને કચડીને તે તેમ કર્યા કરે, એમાં તો એના જીવનનું મૃત્યુ થતું હોય છે.**

### નકામા તર્કો છોડી પ્રચંડ ઉત્કટ ભાવના પ્રકટાવો

તો શું જીવનના સાધકે જ્યાં ત્યાં માથું જ ઊંચક્યા કરવું ને બંડખોર બની મનમાં, પ્રાણમાં આદિમાં વ્યગ્રતાને નોતર્યા કરી, જે તે મળેલા જીવોનો સથવારો, સહાનુભૂતિ, હૂંફ વગેરે ગુમાવવાં ? ભાઈસાહેબ ! આવા આવા તુક્કા ઊઠવા એ તો સાવ સરળ વાત છે. જેને જેમ વર્તવું છે, તેમ તે વર્તતો સંસારવહેવારવર્તનમાં અનુભવાતો હોય છે કે નહિ ? આનો મને તમે બધાં જવાબ આપો. જગતમાં જેને જેને જેમ વર્તવું હોય છે, તેમ તે તે બધાં વર્ત્યા કરતાં હોય છે જ. તેમાં તેઓ ક્યાં જેને તેને શીંગડાં માર્યા કરતાં હોય છે ? માટે એ તો જેને જેમ જેમ ચાલવાનું, જીવવાનું, વર્તવાનું સૂઝવાનું, વિચારવાનું હોય તેમ તેમ તે પ્રમાણે જ જીવથી બન્યા કરતું હોય છે, એવું તે પ્રત્યક્ષ પ્રમાણ છે. જ્યારે ધગધગતો જ્વાળામુખી ફૂટતો હોય છે ત્યારે ભલભલા કઠણ પર્વતના પથ્થરોને પણ તોડી ફોડીને ક્યાંય ઉરાડી દે છે, ક્યાંય એને ફેંકી દે છે, એટલું જ નહિ પણ એના ચૂરેચૂરા જ ઉરાડી દે છે. માટે એવા સવાલ મનબુદ્ધિ પૂછવાનું કરે તો તેને એક જ જવાબ દેવાનો હોય કે, 'ભલા જીવ ! આવી આવી આડીતેડી બાબતમાં ફંટાવાઈ જવાનું મૂકીને જીવનવિકાસની સાધના અંગેની એવી ધગધગતી ઉત્કટમાં ઉત્કટ ભાવના પ્રખર, પ્રચંડ રીતે નભાવવાના એકધારા અભ્યાસમાં જ લાગી જાઓ.'

### ભાવના ને અભ્યાસનું જીવતું ચક્ર બનાવો

એક કાળે તે એવી તો જ્વલંતપણે પ્રકટશે કે સર્વ કાંઈને

તે ઉરાડી દેશે. ત્યાં સુધી આપણે તો આપણા સાધનને હેતુના ભાવથી પકડી રહીને એમાં જ બસ સર્વ કંઈ પ્રભુપ્રીત્યર્થે ભાવનાથી કરતાં રહી, સાધનના જીવતા અભ્યાસમાંથી ભાવના પ્રકટાવતાં રહી, તે જ ભાવનાના બળથી પાછું તે સાધનને વધારે ને વધારે ચેતનવંતા સ્વરૂપમાં પ્રકટાવવા એની કૃપાથી મથ્યા કરીએ, એમાં જ જીવનની કૃતાર્થતા ને ધન્યતા છે. નથી આપણે કોઈની સામે થવું કે નથી આપણે કોઈને અવગણવા. આપણે તો જે તે બધાં એક જ છે. કોઈ કોઈથી જુદાં જુદાં નથી. પછી ક્યાં ભેદ રહે છે? માટે, બસ એ તો ઝુકાવ્યે જ રાખો. બસ મથ્યા જ કરો. જેમાં ને તેમાં, જ્યાં ને ત્યાં, જીવનને ન ભૂલી જવાય, તેની પૂરતી હૃદયથી કાળજી રાખ્યા કરો.

## હવે તો તમારા વડે જીવવું છે

કોઈને પણ તે તે વ્યક્તિ તરીકે ન અનુભવો, ને તે જીવને તેની પ્રકૃતિની રીતે આપણે જોવાની, સમજવાની ટેવ સમૂળગી ત્યજી દેવાની છે, એવી ટેવ રહી તો મનજીભાઈ આપણને અશાંતિ, ક્લેશ, સંતાપ વગેરેના સમુદ્રમાં ડુબાડી દેશે. ને તેમ થયું તો આપણે પછી ઊંચે આવી રહ્યાં. તારે આ જીવ પર સદાય કૃપા કર્યા કરવી. તને સદાય નમ્રમાં નમ્ર છતાં ઉન્નત મસ્તકે સર્વની ઉપર તર્યા કરતી અનુભવી શકાય એવું અમારું સદ્‌ભાગ્ય તું સંપડાવજે એવી તને અમારી હૃદયની વિનંતી છે. અમારે તો પ્રભુકૃપાથી મળેલાં સ્વજનનાં તેવાં તેવાં યોગ્ય વર્તનથી જીવનમાં શાતા પ્રકટાવવી છે. જીવરૂપે હતા, ત્યારે સાધનામાં ચેતનપ્રાણ પ્રકટાવવા કાજે જે ગુણોની જરૂર હતી તે તે બધા સાધનાનાં બળવત્તર સ્વરૂપ પ્રકટતાં પ્રકટતાં, ને તેમ તેમ ઉપયોગ ભાવે જીવવાનું થતાં, તે તે

બધા પ્રકટતા જતા અનુભવાયા છે. તે વેળા કેવી શાંતિ, સમતા, શાતા આદિ ભૂમિકા જીવતી રહ્યા કરતી ! (પણ તેનો હેતુ તો ચેતનને પ્રકટાવવા, અનુભવવા કાજેનો.) આજે સ્વજનના જીવનના તેવા જ્ઞાનભક્તિપૂર્વકના જીવનવિકાસની ભાવનાને યોગ્ય થતી રહેતી સાધનાને ફલિત કરી શકે એવા જીવનના વર્તનવહેવારથી કરી આ જીવ શાતા ભોગવવા એની કૃપાથી વાંછી રહેલો છે તે જાણજે. તમારાં બધાં વડે કરીને હવે જીવવું છે તો જીવવું છે. માટે તમે બધાં કૃપા કરીને જિવાડજો. વધારે શું કહું ? સ્વજનોની દુનિયામાં જો ન્યારા ન્યારા રહીને પ્રભુકૃપાથી સ્વજનોમાં જીવનકળા જો ન પ્રકટેલી હોય, તો તો તે તેમની સાથે મૂઓ જ પડ્યો સમજવો. જીવનવિકાસ કાજે જો તમે બધાં સાચે જ આ જીવનાં સ્વજન થયાં હો, તો ઉપર પ્રમાણે ભાવનાયુક્ત વર્તન કરી કરી એવી દક્ષિણા અમારે ચરણે આપો એવી અમારી ભિક્ષા છે, પણ તે પ્રેમજ્ઞાનપૂર્વક કોણ આપે છે ? અહીં તો કંઈ કાળના ભૂખ્યા ભૂખ્યા પડી રહેલા છીએ !

## સોંપેલાં કામ કરવા પાછળની ભાવના

જીવનવિકાસને કાજે આપણે તો સાચો ભેખ લેવાનો છે. ભેખ લીધા વિના સાચા, ખરા, પૂરા પ્રાણ સાધનામાં પ્રકટી શકવાના નથી. 'ગુરુકૃપાથી જે તે બધું થઈ જશે' એવી મિથ્યા ભ્રમણામાં કોઈ પડી રહેશો નહિ. આપણે આપણા ભાગે આવેલ સકળ કર્તવ્ય જીવનવિકાસના ભાવે પૂરેપૂરું કરી ચૂકવામાં જ સમસ્ત ને સમગ્ર જીવનને ફના કરી નાખીએ. પછી જુઓ, શું થાય છે તે ! આપણે આપણા ભાગે આવેલું હૃદયના ઉમળકાથી, ઉમંગથી જો કંઈ જ કશું કરી નહિ શકીએ, તો તો પછી પેલાનું લાખોગણું કામ કર્યા કરતાં હોઈશું, તો તે પણ

કશા ખપમાં આવી શકવાનું નથી તે નિશ્ચે જાણશો, કારણ કે તેનાં તેવાં બધાં કામ, આપણે બધાં જીવ હોવાથી પોતપોતાની પ્રકૃતિની રીતે જ ને સ્વભાવ પ્રમાણે જ કર્યા કરવાના છીએ, તેથી તેવાં કામોથી પણ આપણે ઊંચે આવી શકવાનાં નથી. કિંતુ તેનાં તેવાં તેવાં-મળેલાં-કર્મમાં સાધનાની ભાવના રાખી, 'સદ્‌ગુરુનાં છે' એમ જ્ઞાનપૂર્વક સમજી સમજી, તેવાં કર્મને ઉત્તમમાં ઉત્તમ રીતે બની શકે તેવી કળા પ્રકટાવી પ્રકટાવી, તે કર્મોને સાંગોપાંગ પાર ઉતારીને, તે તે બધું પ્રેમભાવે એને જ પાછું સમર્પણ કર્યા કરવાનું જીવતુંજાગતું જ્ઞાનભાન પ્રકટાવતા રહીએ, તો તેવાં સોંપાયેલાં કામ પણ યજ્ઞસ્વરૂપે જ પ્રકટ્યા કરે, ને એવી રીતે ને એવી ભાવનાથી કરાયેલાં યજ્ઞકર્મ જીવનની પ્રકૃતિને પલટાવવાને શક્તિરૂપે બની જતાં હોય છે.

## સાધકોની ગોદાટી

પણ એવાં કર્મમાં પણ જે જીવ મડદાલપણે વર્ત્યા કરતો હોય, ત્યારે અમને શું શું નહિ થતું હોય ? તોપણ પ્રભુકૃપાથી જે જીવે જાણે અજાણે અમારો સંગ કર્યો છે, તે તેની જીવદશાની કક્ષામાં પણ ઊંચો તરતો રહે, તેવા પ્રકારના સંસ્કાર તેને પડ્યા કરે, તેવાં કર્મમાં તેને પ્રવર્તાવ્યા કરવાનું બન્યા કરે છે. અમને દિલગીરી એટલી જ થાય છે કે તેવા જીવો તેવા કાળે તેમાં ઊંચા પ્રકારની ભાવના જીવતીજાગતી તરવરતી રાખી શકતા નથી. જે તે બધા અમારો દોષ કાઢે છે. 'કેમ તમે અમને કાદવમાં રગદોળાતાં રગદોળાતાં જોયા કરો છો, ને અમને ઊંચે કેમ નથી લેતા ?'

## પ્રેમભક્તિજ્ઞાનની ભૂમિકાની જરૂર

એમને શો જવાબ આપું ? સામા જીવમાં બીજા જીવનું માનવાપણું થવા કાજે, સંસારવહેવારમાં પણ જુઓ તો જણાશે

કે, જે કંઈ કહેલું કારવેલું આપણાથી નહિ મનાયું હોય, તેનું તે જ કથન આપણાં જેનામાં રાગ-મમતા, ભાવ, આસક્તિ અથવા એવી એવી ભાવના હશે તેવો જીવ આપણને જો તે જ કરવાનું કહેશે તો આપણે તે ઝટ કરવાના. એટલે કહ્યું થઈ શકવા માટે, તે માગી લે છે આપણી અમુક પ્રકારની ભૂમિકા, તે નિર્વિવાદપણે સત્ય હકીકત છે. સદ્‌ગુરુ કે એવા ઉચ્ચ આત્માઓ આપણી કને જે પ્રેમભક્તિજ્ઞાન માગી લે છે, તે કંઈ તેમને તેમને ભોગવી ભોગવી વૈભવવિલાસમાં રમ્યા કરવાને તો નથીને ? તેનો આપણા પરત્વેનો સતત પ્રયાસ કેવા પ્રકારનો છે, તે તો ભલા જુઓ ! જે જે જીવો જેવા જેવા પ્રકારના છે, તેમને તેમને તેમના તેમના સ્થાનેથી ઊંચકવા તેણે કેવા કેવા પ્રયત્નો કરેલા છે, તેનો કૃપા કરીને બધાં સ્વજનો ! તમે ઈતિહાસ જુઓ. તટસ્થતાથી, શાંતિથી એનો અભ્યાસ કરી જુઓ, તો તમને સાચી શી હકીકત છે તે જણાશે. તો પછી અમને ગોદાટી કરવા કરતાં તમે પોતે પોતાને જ ગોદાટી કર્યા કરોને ! તેમાં લાભ તમને અમને બંનેને છે.

**મનબુદ્ધિથી ન દોરવાતાં સાધનને જ જ્ઞાનભક્તિભાવે વળગો**

મન પ્રમાણે જોવા જતાં તો કદી આરો આવવાનો જ નથી, કારણ કે મન તો પરિમિત છે. તે સુખ, દુઃખ, આસક્તિ વગેરે દ્વંદ્વના પ્રકારને જ વશ હોય છે. મનને સંપૂર્ણ લય પમાડી શકાય તો તો જીવપ્રકૃતિમાં ઊઠતી સર્વ પ્રકારની દ્વંદ્વની વૃત્તિથી પર થઈ જ શકાય છે, તે નિર્વિવાદપણે અનુભવની હકીકત છે, એમ તને પ્રભુકૃપાથી છાતી ઠોકીને કહું છું. એટલે આપણી એવી દશા ન થઈ શકેલી હોય, ત્યાં સુધી મનબુદ્ધિનાં મૂલ્યાંકનોથી કદી પણ દોરવાઈ જવું નહિ. એની એવી બધી માથાકૂટમાં ન પડવું. તેમ છતાં

પાછું તેમને અવગણવા તો નહિ જ. આપણે તો બસ એકની એક વાતમાં-આપણે લીધેલા સાધનને જ્ઞાનભક્તિભાવે વળગ્યા કરવામાં જ-સાર છે. માટે, કૃપા કરીને તું તેમ વર્તીને શાંતિ આપે, તો તું સાચી. બધાં સ્વજનો એવાં બનશે એવી આશામાં પ્રભુકૃપાથી જીવ્યા કરું છું. બધાં સ્વજનનાં જીવન પર મદાર બાંધી બાંધી તેમનામાં દિલ પરોવતા મોટાના સપ્રેમ ઘણા ઘણા પ્રણામ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૮-૪-૧૯૫૩*

## નીચલા થરના જીવ સાથે પણ પ્રેમભાવ

સર્વ સાથે હૃદયનો પ્રેમભાવ તો જરૂર રાખવાનો હોય ને તેવો કોઈ જીવ હોય કે જેની સોબતથી આપણને જીવનમાં પ્રેરણા, સહાનુભૂતિ, ભાવના, જીવનવિચાર વગેરે ઊંચા પ્રકારનાં સ્ફુરતાં રહેતાં ન હોય. અરે ! એટલું તો નહિ, પણ **જીવનના નકારાત્મક પાસામાં ધારો કે તે જીવથી તણાવાનું થતું હોય, તોપણ આપણામાં સાચું પરિબળ હોય, સાચી ભાવના હોય, તેના પરત્વેનો ખરો હૃદયનો પ્રેમભાવ હોય, તો પરસ્પરનું દિલનું આકર્ષણ જે દિલમાં છે, તેને મરી તો ન જ જવા દેવું. એવું આકર્ષણ તો ચઢવા કાજેનું જીવનસોપાન છે.** એવા જીવને આપણે હૃદયના પ્રેમભાવથી ભીંજાવા દેવાનો છે. એની નકારાત્મક પ્રવૃત્તિમાં આપણે જો રસ લેતા સપૂચા અટકી ગયા ને તેમ છતાં તે ભાવ દાખવવાનું કર્યા કરે, તો તેનામાં આકર્ષણ છે ને એ આકર્ષણનો લાભ જીવનની સદ્ભાવના પ્રકટાવવામાં પ્રભુકૃપાથી ઘણો ઘણો મદદરૂપ થઈ પડતો હોય છે.

આપણે કોઈને ત્યાં ન જઈએ ને કોઈ આપણે ત્યાં આવ્યા કરે તો તેથી કોઈ આપણને અભિમાની વગેરે ગણે તો ગણવા,

ગણાવા દેવું. આપણામાં તેવી વૃત્તિ નથી, એ તો હકીકતે જોતાં રહેવું. વળી, આપણે જેને તેને ત્યાં જતાં નથી, તેનું કારણ હવે આપણાં દૃષ્ટિ, વૃત્તિ ને વલણ જીવન પરત્વેનાં જુદા પ્રકારનાં થવા મંડેલાં છે, તેને બહારના રખડામણના વાતાવરણથી તો ભ્રષ્ટતામાં ભટકવાનું ને રખડવાનું બને છે. તેથી એક પ્રકારની ગ્લાનિ ઊપજે છે. તેવો પ્રત્યક્ષ અનુભવ થતો હોવાથી આપણે બીજા કોઈને ત્યાં ખાસ કરીને પોતાની મેળે જવા-આવવાનું માંડી વાળેલું છે. આપણે આપણું દૃષ્ટિબિંદુ પ્રેમભાવથી આપણા તેવા સ્વજનને સમજાવવું. સર્વ કાંઈનો હેતુ છે. જે કંઈ મળે તેને નકારવાનું તો ન હોય. આપણે તો એને જીવનની ભાવનાને પ્રકટાવવામાં કામમાં લેવાનું હોય.

## જ્ઞાનભક્તિપૂર્વકની નમ્રતા રાખો

સર્વ પરત્વે સમભાવ, સદ્ભાવ, પ્રેમભાવનાં જ દૃષ્ટિ, વૃત્તિ ને વલણ રાખવાથી જીવનમાં આપણે કોરાં પડી જતાં નથી ને તદ્દન શુષ્ક બની જતાં નથી. આપણી જાતને કદી પણ આપણે એકલાં એકલાં છીએ એવું લાગી શકવાનું નથી, તે નિશ્ચે કરીને જાણજે. તેમ જ આપણે ઊંચા છીએ એવું જરા પણ મનમાં ન લેવાય, તેની તો ઘણી ઘણી સંભાળ રાખવાની જરૂર છે. આપણે પતિતમાં પતિત છીએ. 'મો સમ કૌન કુટિલ ખલ કામી' એવી જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના દઢાવી દઢાવી, આપણે સકળ કંઈ જે થતું રહેતું હોય તેમાં તેવા ભાવથી વર્તતાં વર્તતાં તેનાથી ઊંચે તરી આવ્યા કરતાં રહીએ, એવી જ્ઞાનાત્મક ભાવના આપણા સકળ વહેવાર, વર્તન, સંબંધ, સંપર્ક, વાતચીત વગેરે બધાંમાં પ્રકટાવતાં રહેવાનું છે, તે જાણજે. તેમ થયા કરે તો જ આપણી જીવન પરત્વેની ભાવના

પાકટ અને જીવતી બનતી જાય છે. આ હકીકત નિજ જીવનના અનુભવોમાંથી તેમ વર્તતાં વર્તતાં તારવેલી છે. તે સ્વજનના જીવનના ઉપયોગને અર્થે તેમનાં ચરણકમળે સમર્પણ કરેલી છે. એનો તે ભાવે જે ઉપયોગ કરી શકશે તે જરૂર તરી શકશે, એવો દૃઢ આત્મવિશ્વાસ અમને છે તે જાણજે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૮-૪-૧૯૫૩*

## સંપૂર્ણતાનો દાવો ન કરવો

આત્માના જ્ઞાનના અનુભવના પણ પ્રકાર ને કક્ષા જુદાં જુદાં હોય છે. તેમાં પણ ભેદ, કક્ષા ને સત્યના અનુભવની ખંડિતપણે પ્રકાશની પરિમિતતા હોવાની શક્યતા હોય છે, કેમ કે આપણને જ્ઞાનનો અનુભવ તો થયો હોય, તોપણ તે જ્ઞાનનો સ્પર્શ હજી ન થયો હોય, એમ પણ બનતું હોય છે. પ્રકૃતિ પોતે તો અજ્ઞાનને વળગેલી હોય છે, પણ પાછું તે સામાન્ય જીવકક્ષાના પ્રમાણમાં અજ્ઞાનના વર્તાવવાળી તો ત્યારે નથી જ હોઈ શકતી. **જ્યારે અંતર્બાહ્ય મનાદિ બધાં કરણોમાં જ્ઞાનનો અનુભવ સ્થિત થઈ ચેતનસ્વરૂપે એના પૂર્ણપણામાં આપણને પ્રકટે છે, ત્યારે જ પોતાની પ્રકૃતિથી અજ્ઞાનમય કાર્ય થતું અટકી જતું હોય છે.** એટલે, અમુક જ્ઞાનની કક્ષાનો અનુભવ થતાં, કેટલાક જીવ પોતપોતાને કૃતકૃત્ય થઈ ગયેલા અને સંપૂર્ણતાની મર્યાદામાં પ્રકટેલા સમજે છે, તેવું જે માને તે પ્રભુકૃપાથી તેમ હોવા દો. આપણે તો કદી પણ આ માર્ગમાં સંપૂર્ણપણાનો દાવો તો ભૂલેચૂકે પણ કરવાનો હોય નહિ. **દાવો કરવાનું લાગે તે જ અજ્ઞાનની ભૂમિકા ગણાય.**

## 'ચાર ચાર ગાઉ ચાલતાં...'

જ્ઞાનની કળાની પણ પરંપરાઓ હોય છે. એકથી પર એક એમ અનેક કક્ષાની તે હોય છે. એક જ કક્ષામાં અનેક

પ્રકારાંતર પણ હોયા કરે છે, પરંતુ આપણાં બધાં કાજે આવી સમજણ તો હજી ઘણી ઘણી આઘેની ગણાય. આપણે તો હજી એકડો પણ ક્યાં ઘૂંટ્યો છે ? એકડો જો પ્રભુકૃપાથી ઘૂંટાય, તો પછી આપોઆપ બગડો ઘૂંટાવાની દશામાં પ્રકટવાના જ છીએ તે પણ નિશ્ચે.

## ભૂલ કે દોષ અંતરથી ખરેખરાં ડંખવાં જોઈએ

અનેક અનેક પ્રકારનું ઊગે, ઊઠે તે વેળા તુરતાતુરત વિવેકની આંખ ખૂલતી રહી શકતી હોય, તો તો તે આપણને ન્યાય આપી શકે. તો પછી રાંડ્યા પછીના ડહાપણ જેવી હકીકત ન બની જાય. જે તે બની ગયા કેડે અમુક અમુક આમ બન્યું કે તેમ બની ગયું, એની અયોગ્યતા આપણને લાગે છે ને તે બુદ્ધિથી સમજાય છે, એમ જે તે બધાંને કહેતાં ને લખતાં જાણ્યાં છે, પરંતુ એનો ખરેખરો, પૂરો, સાચો ડંખ કોઈને દિલમાં લાગ્યો હોતો નથી અથવા તો લાગતો નથી. એની બુદ્ધિમાં તેવું તેવું લાગે છે, તે ખરું હોવાનો પણ સંભવ છે, તેની પણ ના નથી, પરંતુ તે તેને ખરેખરું લાગતું હોતું નથી. જો પ્રત્યેક પ્રસંગે તેવું તેવું થતાં, એટલે કે દોષ કે ભૂલ થતાં, આપણને તેની અયોગ્યતા વિશે લાગ્યા કરતું હોય, તો તો એવા લાગ્યા કરવાપણામાંથી લાગ્યા કરવાપણાનો ઘા ઊંડો જતો જાય ને પછી તો તેમાંથી જન્મતી ભાવના આપણને જગાડતી રહે. એવી ભૂલ કે દોષ થતાં પહેલવહેલું ઓછું ડંખે, પરંતુ જો સાચેસાચ ડંખવાપણું લાગતું હોય તો એવા ડંખવાપણાથી જો ચેતાવાનું ન બની શકતું હોય, તો તેવા ખાલી ખાલી ડંખવાપણાનો કશો અર્થ નથી. કોઈ પણ જાતની ભાવના જો આપણને ચેતાવે કે જગાડે, તો બુદ્ધિમાં આપોઆપ જાગૃતિ પ્રકટ્યા કરે છે. બુદ્ધિમાં જ્યારે જાગૃતિ પ્રકટી જાય છે

ત્યારે વિવેકની આંખ ખુલ્લી થઈ જાય છે. માટે, બની ગયા કેડે પણ જો લાગે કે તે અયોગ્ય રીતે બન્યું હતું ને તેમ વર્તવું કે બોલવું જોઈતું ન હતું, તો તેવા તેવા અયોગ્યપણા વિશેનું દિલમાં ભલે ચિંતવન ન થયા કરે, તે યોગ્ય પણ હોય, પરંતુ તેવી થઈ ગયેલી અયોગ્યતા આપણને દિલમાં ખરેખરી ડંખવી જ જોઈએ ને હૃદયમાં તો ખૂબ ખૂબ લાગવું ઘટે. તેથી, આપણે દિવેલ પીધા જેવું મોઢું રાખીને ભલે ન ફર્યા કરતાં હોઈએ, પણ એવું એવું લાગે તે ઊંડું ઊંડું લાગ્યા કરે ને તેમાંથી જાગીને જીવનના યોગ્યપણામાં પ્રવર્તીએ, તો જ લાગેલું યથાર્થ ને તો જ દહાડો વળે.

## બુદ્ધિમાં જાગૃતિ

બુદ્ધિમાં જ્ઞાનપૂર્વકની જાગૃતિ જ્યારે પ્રકટે છે ત્યારે જીવનમાં ઊપજતા અનેક જાતના પ્રશ્નોના ઉકેલને તે તુરત સુઝાડી દે છે. અગ્નિને અડકતાં જેમ ગરમી લાગ્યા કરે છે તેમ બુદ્ધિમાં પ્રકટેલી જાગૃતિ તેવી રીતે કામ આપતી હોય છે. એવી રીતે બુદ્ધિ કામ આપતી બની શકે, તે વેળાથી હવે તેવું તેવું લાગેલું સાચું છે એમ પ્રમાણવું. **બુદ્ધિમાં યોગ્ય જાગૃતિ જીવનવિકાસ પરત્વેની જ્યારથી પ્રાપ્ત થતી હોય છે ત્યારથી એની શુદ્ધિ થવાનાં પગરણ મંડાતાં હોય છે.**

## નામસ્મરણભાવનાને જ વળગો, વાગોળો

આપણે નકામું નકામું કંઈ કશાની ચણચણાટીમાં ન પડ્યા કરીએ, કંઈ કશાંને વલોવ્યા ન કરીએ, કંઈ કશાંને વાગોળ્યા ન કરીએ, કંઈ કશાંને વળગ્યા ન કરીએ, કંઈ કશામાં ગળાબૂડ પડ્યા રહેલા ન હોઈએ-આ બધું આપણે ચેતતા રહીને ટાળ્યા કરવાનું છે તે જાણજે. નામસ્મરણને જ વળગ્યા કરવું. વાગોળ્યા કરવાનું હોય તો તેને જ વાગોળવું. ગળાબૂડ ડૂબેલા રહ્યા

કરવાનું હોય તો નામસ્મરણ ને તેની ભાવનાની જીવતી હૃદયસ્થ ધારણામાં તેમ રહ્યા કરવું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૯-૪-૧૯૫૩*

**'જીવનસોપાન'**માંના કાગળો કેટકેટલા જીવોને કેવા કેવા ગમે છે !

## બુદ્ધિની સમતાથી પક્ષપાત ટળે

જેમ જેમ બુદ્ધિમાં જીવનવિકાસ પરત્વેની યોગ્ય પ્રકારની જાગૃતિની ભાવના વધારે ને વધારે સતેજ બનતી જતી હોય છે, તેમ તેમ બુદ્ધિમાં સમતા પણ પ્રકટતી અનુભવાય છે ને તેવું બને છે, તેવી વેળાથી સર્વ પ્રકારના પક્ષપાતને બુદ્ધિમાં પ્રકટેલી સમતાની મદદથી દૂર કરવાને આપણે ફાવી શકતા હોઈએ છીએ. કોઈ વિચારો ખરા લાગતા હોય ને કોઈ ખરા ન લાગતા હોય, તે બંનેમાં પણ સત્ય હોવાનો પૂરો સંભવ હોય છે. જ્યારે અમુક વિચાર જે ખરા લાગતા હોય, તેના ખરા લાગવાપણામાં આપણાં રાગ, મોહ, આસક્તિ, મમતા, કોઈક પ્રકારની કામના વગેરે વગેરે પણ ભળેલાં હોવા સંભવ રહે છે, એટલે કે તેવા વિચારોમાં પક્ષપાત ને પૂર્વગ્રહ પણ હોય છે. વિરોધી વિચારોમાં વળી બીજી જાતનો પક્ષપાત હોય છે. આમ, આપણે વૃત્તિ, વિચાર, લાગણી વગેરે વગેરેમાંથી ને પ્રાણના આવેશ, આવેગ વગેરેમાંથી બુદ્ધિમાં પ્રકટેલી જાગૃતિપૂર્વકની સમતાની મદદ વડે કરીને સકળ પ્રકારના પક્ષપાતોથી ને પૂર્વગ્રહોથી આપણે મુક્ત થયા કરવાનું છે. આવું થવું તે ઘણું ઘણું જરૂરનું છે.

## આગળ જતાં પક્ષપાતનો પ્રકાર ને તેની સૂક્ષ્મતા વધે

આપણા આધારના એકેએક કરણમાં તેના તેના ક્ષેત્રના એવા અનેક પ્રકારના પક્ષપાત ઊભા થયેલા હોય છે. તે તે

બધી જાતના પક્ષપાતોને આપણે જ્ઞાનપૂર્વક ટાળવાના છે. તે વિના ચાલી શકવાનું નથી. જેમ જેમ જીવનની સૂક્ષ્મતામાં પ્રવેશતાં જઈશું, તેમ તેમ તેવાં તેવાં કરણોનું પણ સૂક્ષ્મપણું થતું હોવાથી, તેવા પક્ષપાતોનું સ્વરૂપ પણ સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થતું જતું હોવાથી, તેને પારખવાને કેટકેટલી ચેતનયુક્ત જાગૃતિ જોઈતી હોય છે, તે તો એકમાત્ર તે વિષયનો પાકો અનુભવી જાણી શકે છે. એવા જીવાત્માને પછી સ્થૂળ બાબતના કોઈ પણ જાતના પક્ષપાતથી રાગ, મોહ, કામના, આશા, ઈચ્છા, વાસના આદિથી આવરાઈ જવાનું બની શકતું હોતું નથી, પરંતુ જ્યારે તે તે બધાં નવાં નવાં સૂક્ષ્મ રૂપો ધારણ કરતાં હોય છે, ને પોતાના જ હિતનો સ્વાંગ સજીને તેઓ જ્યારે જન્મતાં હોય છે, તે વેળા તેનું તે સ્વરૂપથી તેમને નોખા પાડી તેમનું યોગ્ય આકલન કરવાનું સાધકને કાજે ઘણું ઘણું આકરું હોય છે. પ્રભુકૃપાથી તેવો જીવાત્મા સદાય પળેપળ જીવતો રહેવાને જ હૃદયમાં હૃદયથી ઝંખતો હોય છે, એટલે એવાને પ્રભુકૃપાથી તેઓથી પણ ચેતવાનું ને જાગી શકવાનું બની જતું હોય છે. એમ, જેમ જેમ એને એવાં એવાં સૂક્ષ્મ સ્વરૂપોથી પર થવાવાનું સૂઝે છે ને તેમનાથી પર થઈ શકવાનું બનતું તેની કૃપાથી તે અનુભવતો જાય છે, તેમ તેમ તેનાં આંતરિક બળશક્તિ પણ વધતાં જતાં ને પ્રત્યક્ષ જીવનમાં કામ કરતાં તે અનુભવી શકે છે. કામ કામને શીખવે છે, એ સૂત્ર જીવનના આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ તેટલું જ સાચું છે.

## જીવસ્વભાવના પ્રેમની માગણીઓ

મને તો પ્રભુકૃપાથી જાતે જાતે જ આવું બધું શીખ્યા કરવાનું હતું ને એણે કૃપાથી શીખવ્યું તો શીખી શકેલો હતો. તમને બધાંને બતાવનારો તો મળેલો છે, પણ એનો એવો પૂરો યોગ્ય

લાભ કોણ ઉઠાવી શકે છે ? એ જ અમારું દુઃખ છે ને સંતાપ છે. અમને સ્વજનોથી અનેક પ્રકારનો ત્રાસ પણ પડ્યા કરે છે. અમારી દયા કોઈ ખાતું નથી ! સહુ કોઈ એમ પોકારે છે કે :-

'અમને પ્રેમ કરો, વહાલ કરો, અમને ચાહ્યા કરો, અમને એકલાને જ માત્ર મહત્ત્વ આપ્યા કરો, અમારે માટે જ જે તે કર્યા કરો, અમને જ જેમાં ને તેમાં ગણ્યા કરો, અમને જ પૂછીપૂછીને સૌ કંઈ કરો, જેમાં ને તેમાં અમને મોખરે રાખ્યા કરો, અમારું સારું સારું બોલ્યા કરો, અમને ગમે તેમ વર્ત્યા કરો, અમને ઉત્સાહ આપો.' આવું આવું કંઈક કંઈક તેઓ તો વાંછ્યા કરે છે.

## ચાહ આપો, પછી ચાહ લો

પણ તે બધાં સ્વજનોને એમ ખબર નથી કે **પૂરેપૂરો પ્રેમ આપ્યા વિના, હૃદયથી હૃદયનો યોગ્ય પ્રેમભાવ કર્યા વિના પ્રેમભાવ કદી પણ મળી શકતો નથી.** જે તે બધાં સંસારમાં અટવાયેલાં પડેલાં છે, કોઈને કંઈ કશાનું હજી જ્ઞાનભાન પ્રકટતું નથી. જીવનની તો જાણે કોઈને પડી જ નથી, એવું જીવન જે તે જીવ્યા કરે છે. કોઈને પણ આળસ મરડીને ઊંઘમાંથી ઊઠવાનું તો દિલ જ થતું નથી. ને ઊંઘમાં હોવા છતાં જાણે પોતે જાગતાં છે એવું પોતાને મનાવવામાં પાછું રાજી થવું છે. એવી અવળી દશા જોઈને અમને, કહો, શેં કળ વળે ? છતાં અમારી તો અનંત ધીરજ છે.

## સદ્ગુરુની બળતરાનો પ્રવાહ

એવી એવી અનેક સ્વજનોનાં જીવનની લાહ્ય ને બળતરા અંતરમાં બળ્યા કરતી હોય છે. અમને અંતરમાં લાળા બળતા હોય છે. **તેવા પ્રકારની કોઈ ઉત્કટ દશામાં તાત્કાલિક તે વેળા જે કોઈ સ્વજન હડફેટે નિમિત્ત ઊપજતાં આવી ચઢ્યું, એના**

**પર આ જીવથી તે તે બધાં સ્વજનો પરનો રોષ તેમને તેમને ચેતાવવા નિમિત્તે, જગાડવાને કારણે બધો ઢોળાઈ જતો હોય છે. બધાં જાણે કે 'આ એકને જ મોટા વઢે છે,' પણ તેમ તો કશું જ હોતું નથી. જો તે વેળા તે તે સ્વજનો એમ સમજતાં હોય કે તેમાં આપણો પણ ભાગ છે, તો તેઓ પણ પ્રભુકૃપાથી જાગ્રત બનવાનું શીખી શકે છે.**

## પોતાને છાવરવામાં પોતાને જ નુકસાન

જોકે પ્રભુકૃપાથી હવે તો એવું પણ સમજણપૂર્વક મૂકી દેવાનું ધારેલું છે. કાળ પણ બદલાતો રહ્યા કરે છે. જે સાધન જે હેતુ કાજે વાપરવાનું ઊભું થતું હોય છે, તેનામાં કોઈક જીવ પોતાપોતાની બુદ્ધિથી કરી આ જીવને માથે દોષનો ટોપલો ઓઢાડશે તો તે પણ કબૂલ મંજૂર છે. એમાં અમને તો કશું નુકસાન નથી. ભલે અમારા હેતુમાં ઉત્કટપણું કોઈને ન લાગે અને કોઈ જાગી ન શકતાં હોય, ને એવું તે તે સ્વજન માન્યા કરે, ને એમ કરીને ભલે તેઓ પોતાની જાતને છાવર્યા કરે. એમાં નથી થવાનો તેમનો વિકાસ કે નથી થવાનો તેમણે પોતે જ માનેલા ગુરુને યોગ્ય ન્યાય. જેમ તેમ કરીને પણ પોતે જાગી જવામાં જ ડહાપણ છે.

## સાધના કાજે દિલ તો પ્રકટાવો !

જેને પોતાના માનેલા ને સ્વીકારેલા સદ્‌ગુરુનાં વચનથી પણ પૂરા યોગ્યપણામાં ચાનક જો જાગી શકતી નથી, તો આપણે શું સમજવું ? તે તે બધું સમજવાનું પ્રભુકૃપાથી તે તે સ્વજનોને ચરણકમળે હું તો સોંપી દઉં છું. જીવનવિકાસની સાધના કાજે તેઓએ આ જીવને શોધ્યો હતો, તે કાજે સંઘર્યો હતો, તો તેવા જીવોએ સાધનામાર્ગે હજી કેમ પૂરું ઝંપલાવ્યું નથી ? શું આ જીવે તેમને રોકી રાખેલા છે ? તેમનાથી

રાગ, મોહ, દ્વંદ્વાદિક વૃત્તિમાંથી કેમ છુટાતું નથી ? ભલેને ધારો કે તેમનાથી તેમ ન છુટાતું હોય, તોપણ તેમનાથી છૂટા થવાનું તેમનું સાચેસાચું ને પૂરેપૂરું દિલ પ્રકટેલું હોય, તો એવાં પ્રત્યક્ષ લક્ષણો તેમના તેવા તેવા પ્રકારના વહેવારવર્તનમાં વ્યક્ત થયા વિના કેમ રહી શકે ? જે સાધકને પોતાનું જ સઘળું જોવાનો જીવતોજાગતો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ પડેલો જ ન હોય, તો તો પછી બિચારા બીજા જીવ આડફંટે બીજાનું જોયા કરવાનું કર્યા કરે, તેમાં તેમનો દોષ પણ શો ?

## પૂરેપૂરાં પ્રભુનાં થઈ જાઓ ને પછી જુઓ એની કૃપા !

પરંતુ આવી બધી અંતરની હાયવરાળ પાછળ તો આ જીવનું હૃદય રડી રહેલું છે તે હવે પણ, જે હેતુ કાજે સ્વજન મળેલાં છે તે સ્વજન ચેતવાનું કરી હજી પણ એમાં પૂરેપૂરાં ઝંપલાવે તો કારજ સરી શકે. યોગ્ય, જીવતાજાગતા પૂરા અભ્યાસ વિના કંઈ કશું બની શકવાનું નથી. સાધનમાં પણ ચેતન-પ્રાણ તેવા ઉપયોગના જ્ઞાનપણાના ભાન સિવાય કદી પ્રકટી શકતા નથી. માટે જેમાં ને તેમાં ઉપયોગનું જ્ઞાનભાન પ્રવર્તાવ્યા કરો એટલી પ્રાર્થના છે. હવે નથી રહેવાતું ને હૃદય વલોવાય છે, તેથી વારંવાર સ્વજનને સંબોધવાનું બની જાય છે, એવી અપરંપાર તો આ જીવની લાચારી છે, માટે તેને બિચારાને ક્ષમા આપશોજી. માત્ર તમને બધાંને એટલી વિનંતી છે કે જેમ તેમ કરીને જાગો, વિચારો, ઊઠો, બેઠા થાઓ ને કમર કસીને લીધેલ માર્ગમાં ઝંપલાવો. પ્રભુ કૃપાળુ છે, દયાળુ છે, પ્રભુ કરુણાસાગર છે. એ આપણું કશું પણ બાકી રાખવાનો નથી. પહેલાં તો આપણે એના સર્વ રીતે ને સર્વ ભાવે પૂરેપૂરાં બની જવાનું કરો ને પછી જુઓ કે એનાથી આપણું બધું સંભાળવાનું બન્યા કરે છે કે નહિ ! આ તો આપણે

કંઈ કશું કરવું કારવવું નથી ને પછી દોષનો ટોપલો એને માથે ઢોળ્યા કરવાનું કરીએ, એ ક્યાંનો ન્યાય ?

## સ્વજનોને પ્રાર્થના

સંસારવહેવારવર્તનમાં તો આપણે જેની સાથે જે કામ પડ્યું હોય છે, તે કામની રીતે તેની સાથે ભાવનામાં રહ્યા કરીએ છીએ ને તેની સાથે મળીને તે કામ પાર ઉતારવાનું કરીએ છીએ, પરંતુ અમારી સાથે તો તેવું પણ, તેવી રીતે, તેવા ભાવથી કોઈ સ્વજન પૂરું વર્તતાં નથી. પ્રભુ સર્વને સદ્‌બુદ્ધિ પ્રકટાવો ! અમારા હૃદયની અંતરની વરાળને તેમના દિલમાં આગની પેઠે પ્રકટાવો ! ને તે બધાં તેમના જીવનવિકાસની ભાવના પરત્વે પ્રમાણિક, વફાદાર, નેકદિલ બન્યા કરે, એ જ તેમને તેમને હૃદયની પ્રાર્થના છે.

## એ બધું જ સંભાળી લે છે

મારે તો જે તે બધો આધાર એ વહાલાની પર છે. એણે જ આ જીવનું જે તે બધું સંભાળ્યા કરેલું છે. જીવનમાં કેટલીયે અનેક પ્રકારની ભીડ પડ્યા કરેલી તે વેળા તો અંતરનું કોઈ સ્વજન એવું ન હતું કે જે એનીમેળે ઉમળકાથી આ જીવની વહારે ચઢી શકે. તેવી વેળાએ પણ શ્રીપ્રભુએ એની પરમ કૃપાથી આ જીવની પ્રેમસંભાળ રાખેલી છે, એવા કંઈ રડ્યાખડ્યા, માત્ર એક બે દાખલા નથી, પણ એની તો પરંપરા છે. તે કારણથી તો એના પર જેમાં ને તેમાં હૃદયથી હૃદયમાં આત્મવિશ્વાસ ને નિષ્ઠા પાકાં પૂરેપૂરાં પ્રકટી ગયેલાં હતાં.

## એનાં જ થઈ જાઓ

માટે કહું છું કે 'તમારું કશું પણ અટકી પડવાનું નથી. જે તે કરવાનું હશે કે થવાનું હશે. તે તે બધું એની કૃપાથી થયા કરશે, બન્યા કરશે, જો આપણે પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક એનાં

પૂરેપૂરાં સાચાં બની ગયેલાં હોઈશું તો.' માટે જેમ તેમ કરીને આપણે હવે એનાં જ બની જવામાં સર્વ પ્રકારનું જ્ઞાનભાન પ્રકટાવી પ્રકટાવી એને જ સકળ મહત્ત્વ આપ્યા કરી, એને જ વિચાર્યા કરીને, આપણો વહેવાર એની ભાવનાની ઉત્કટતા પ્રમાણે પ્રકટાવ્યા કરીએ તો તેવું જીવવામાં હવે સાર છે.

## ધનની જેમ સાધનનો ઉપયોગ કરો

જેમ પ્રભુકૃપાથી ધનરૂપી સાધન જે મળેલું હોય છે, તે પણ જેમ આપણા પોતાના જ ઉપયોગ કાજે હોય છે એમ આપણે માનીએ છીએ, ધારીએ છીએ, સમજીએ છીએ અને તે પ્રમાણે એનો તે તે કાળની સમજણ પ્રમાણે વ્યય કરતાં હોઈએ છીએ, તેમ આપણને મળેલાં સાધનો પણ ઉપયોગ કાજે છે. એનો યોગ્ય ઉપયોગ કર્યા કરીએ તો આપોઆપ શક્તિ વધે જ છે.

## સંસારી કામની જેમ આના અભ્યાસની શક્તિ

સંસારવહેવારવર્તનના ક્ષેત્રમાં, જે કામ માથે લીધું ને તે કામનો જેમ જેમ અભ્યાસ કરવાપણાથી તે કામની સમજણ પડ્યા કરતી રહે છે, તેમ આ માર્ગમાં પણ તેવા જ્ઞાનભક્તિપૂર્વકના અભ્યાસથી કરી તે ક્ષેત્રની સમજણ પણ પ્રકટવા મંડે છે, ને તે ક્ષેત્રની ઘણી ઉત્કટ સમજણ પ્રકટતાં તેની સાથે સાથે તે પ્રકારની શક્તિ પણ પ્રકટે છે. તે જ્ઞાનને કયા કયા પ્રસંગે ને કયા કયા જીવની સાથે, તેને કેમ કેમ વાપરવું તેની ગતાગમ આપણને આપોઆપ પડ્યા કરતી હોય છે. એવી સમજણ વર્તનમાં પ્રેરાવાને તે પ્રકારની શક્તિ પણ મોજૂદ રહ્યા કરેલી હોય છે. તે તે કાળે એવા પ્રકારની જાગૃતિ પણ આપોઆપ આપણને પ્રકટતી હોય છે, તેમ પેલા જીવાત્મામાં પણ તેના ક્ષેત્રનું તેમ બન્યા કરતું હોય છે, એમાં કશી જ નવાઈ જેવું નથી.

## માટે હવે તો જીવતાં થાઓ

જો સમજવાનું કરીએ તો સમજાઈ શકે તેવું હોય છે. માટે, આપણે જે માર્ગ લીધો છે, તેમાં માત્ર વળ્યા કરવાનું કરીએ ને બીજાં બધાં એવાં પરત્વે જે લક્ષ આપવાનું બન્યા કરે, તેના તેના તેવા અપાતા લક્ષમાં પણ પ્રધાનતઃ તો આપણા પ્રભુનું મનનચિંતવન જીવતું રાખ્યા કરીએ, તો આપણને જીવતાં થઈ જતાં વાર જ ન લાગે. માટે હવે તો કૃપા કરીને જીવતાં બન્યા કરો.

## સમતા સ્થાપવાનું સાધન

કોઈકે આ જીવને પૂછેલું, 'સમતા સ્થાપન કરવાનું ઉત્તમ સાધન કયું ? જીવથી જે આચરી શકાય એવું તે હોવું ઘટે.' જીવે સમતા પ્રાપ્ત કરવા માટે અથવા તો સિદ્ધ કરવા માટે અહંતા ને કામનાઓ આદિનો જાણી જાણીને, ચેતી ચેતીને, જ્ઞાનપૂર્વક ત્યાગ કરવાને કાજે મન, પ્રાણ ને બુદ્ધિથી ઘણા ખંતીલા રહ્યા કરવાનું છે. એવો ત્યાગ કરવાને કાજે ઘણું ઘણું જીવતું મહત્ત્વ પોતાના સંસારવહેવારવર્તન અને થતાં રહેતાં સકળ કર્મમાં જીવે પ્રકટાવવાનું રહે છે. સર્વ પ્રકારનાં થતાં રહેતાં કર્મનાં ફળની કામનાઓનો ને કર્તૃત્વબુદ્ધિનો જો સમજણપૂર્વક સહજમેળે સમૂળગો ત્યાગ થતો રહે, તો તો સમતા આપોઆપ આધારનાં કરણોમાં સ્થપાતી અનુભવી શકાય. એવી સમતા સ્થપાતાં જ શ્રીપ્રભુની ચેતના આપણા આધારમાં ઠામઠેકાણે પ્રકટવાની ને તે પોતે જ કાર્ય કરવાનો આરંભ કરી દેવાની. એવા આ તો અનુભવની નિશ્ચિત હકીકત છે. સાધનાની એવી કક્ષા પ્રકટતાં જીવનમાં 'અનારંભની સ્થિતિ' પ્રકટી જતી હોય છે. એવી દશામાં રાગદ્વેષ ઇત્યાદિને મુદલે સ્થાન નથી હોતું.

## સમતાની દશામાં

આપણે ત્યારે સર્વ પ્રકારની નિરાંત અને નિશ્ચિંતતા અનુભવતાં હોઈએ છીએ. જે જે કંઈ આવ્યું તે તે બધું એના પર સોંપતાં જ રહ્યા કરીએ છીએ. આપણે તો સર્વ રીતે ને સર્વ ભાવે જીવના સર્વપણામાં નગ્ન જ રહ્યા કરતાં હોઈએ છીએ. અહીં નગ્નનો અર્થ સમજવા જેવો છે.* અહીં એનો અર્થ જુગુપ્સા ઉપજાવે એવો નથી અથવા અશ્લીલપણે પણ વપરાયેલો નથી. જે ભાવને સમજાવવા જેમ જે શબ્દની યોગ્યતા હોય તેમ તે બને છે.

## સમજણને ઉપયોગમાં આણો

અનુભવથી કરી જે સમજમાં પ્રકટ્યું છે તેથી કરી અમને એની કૃપાથી જેના તેના ઉપાય તો બતાવતાં આવડે છે, ને ઉપાયો તો ઘણા બતાવ્યા છે, પણ એનો વર્તમાનમાં, જીવતાં જીવતાં, જો જ્ઞાનભાવે ઉપયોગ કર્યા કરીએ, તો જ વસ્તુને પામી શકીએ. જે તે કંઈ ઉપયોગને અર્થે જ હોય છે. માટે ઉપયોગને અર્થે જ જીવવાનું છે તે જાણજે અને એવી રીતે ને એવા ભાવે જીવનમાં ખરી ખપની તું નીવડતી રહેજે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૯-૪-૧૯૫૩*

## જીવસ્વભાવનો પ્રચંડ સામનો

જીવની પ્રકૃતિને જીવસ્વભાવની વૃત્તિ, વિચારો, લાગણી વગેરે વગેરે ઊઠે કે ઊગે, તે વેળા આપણામાં કેટકેટલી ઉત્કટતા તે સામે સામનો કરવા-યુદ્ધ કરવાને-જાગવી જોઈશે, તેનું આપણામાંથી કયા જીવને સાચું જ્ઞાન પ્રકટેલું છે ? આ જીવે તેના સાધનાના કાળમાં એવું એવું નકારાત્મક વલણ જાગતાં કેટકેટલો ને કેવો કેવો પ્રચંડ કારમો સામનો કરેલો

* દ્વંદ્વાદિથી મુક્ત.

છે, તેનો તે ઈતિહાસ છે. કોઈ કાળે પ્રભુ લખાવશે તો જરૂર દિલ છે.

## આજની દશા

આજે તમે લોક આ જીવને કંઈ જ કશું ન કરતો અનુભવો છો પણ તે જેવો દેખાય છે તેવો તે નથી. એના અંતરમાં તો જે ચાલે છે, તે ચાલે છે. એના અંતરનો ચરખો તો ચાલ્યા જ કરે છે. આવું થવાનું જે પ્રભુકૃપાથી બનેલું છે, તે કેમ, કેવી રીતે બન્યું છે, તેને કેવી રીતે ચીતરી બતાવું ?

## શ્રીવિવેકાનંદનો દાખલો

પણ આ લખતી વખતે શ્રીવિવેકાનંદનો આવી બાબતનો દાખલો તે વેળા સદાય મારી નજર સમક્ષ રાખવાને શ્રીગુરુમહારાજે મને હુકમ કરેલો. તેથી તેને તેવી તેવી વેળા મનહ્દયમાં જાગ્રત કરતો. તેવા દાખલાથી ચેતવાને એની કૃપાથી મથ્યા કરતો. તેવું તેવું તેવી તેવી વેળા જુદી જુદી રીતે યજ્ઞભાવે સહી લેવાનું પણ કરેલું. એ બધી હકીકત તો વળી કોઈક વેળા લખવાનું એની કૃપાથી બની શકે ત્યારની વાત. શ્રીવિવેકાનંદની હકીકત લખીને બધાં સ્વજનોને જો ચેતાવવાનું બની શકે, તો તે પણ પ્રભુભક્તિ જ છે. એકવાર શ્રીવિવેકાનંદને (તેમના સાધના ગાળામાં) કામવાસના પ્રકટી. પોતે ઘણો ઘણો પ્રયત્ન કર્યા કર્યો, પણ તે ન રોકાઈ તે ન જ રોકાઈ. પ્રભુને પ્રાર્થના પણ હ્દયથી કરી ચૂક્યા. છેવટે કંઈ જ કશાથી ન ફાવી શક્યા એટલે પોતાની ઈચ્છાશક્તિથી (Will Powerથી) તેને આંતરિકપણે રોકી તો ખરી, પણ શરીર તેને વશ ન થયું. આથી તો એ વધારે ચમક્યા ને પોતે આટલું પણ નથી કરી શકતા, તે જાણી એમને જે લાગ્યું, તેનું વર્ણન શબ્દમાં નથી થઈ શકતું, પરંતુ તે ટાળવા કાજેનો

એમનો અખંડ ઉત્સાહ ને અદમ્ય તે પરત્વેની જાગૃતિ કેટકેટલી પ્રચંડ હતી ! તેમનાથી શરીરની તેવી વિહ્‌વળતા જોઈ જ ન શકાઈ. પોતેપોતાને પ્રત્યક્ષ પદાર્થપાઠ આપવાને પ્રભુકૃપાથી સમજણ-પૂર્વક પ્રેરાયા, ને પોતે ઊઠતાંક ને બળતાં ચૂલા પર બેસી ગયા. એટલા તો દાઝ્યા કે ચાર માસ એમને ખાટલામાં જ પડી રહેવું પડ્યું !

### એમાંથી લેવાનો પાઠ

આ તો હઠનો એક પ્રકાર છે. આપણે તેવું કરવા જઈએ ને ધારો કે તેમ કદાચ કરી પણ શકીએ, તોપણ આપણને તેમાંથી યોગ્ય પ્રકારનો લાભ ન મળી શકે, તે જાણશોજી. કારણ કે એની પાછળનું અખંડ જાગૃતિપૂર્વકનું પરવાપણું, ને એથી કરી એનું એવું ઉત્કટ ચેતવાપણું, કંઈક કશું જીવ પ્રકારનું પ્રકટતાં તે રીતે દોરવાઈ જવાનું ન જ બનવું-એવા એવા પ્રકારના તેમના જેવા જીવતાજાગતાપણામાં જ્યાં સુધી આપણે તેમના જેટલા ઉત્કટ પ્રમાણમાં જીવતા ન થયા હોઈએ, ત્યાં સુધી આપણે તેવા ઉધામામાં ન પડવું જોઈએ. આ દાખલો તો એટલા માટે ટાંક્યો છે કે આપણને આવી બાબતોમાં કેવી ચાનક લાગવી ઘટે છે તે સમજાય.

### ઉત્તમ સદ્‌ગુરુ પણ શિષ્યોનું જે તે બધું પોતે ન કરે

ગમે તેવા સ્થળે, કોઈ આશ્રમમાં કે કોઈ મહાન હોય કે ગણાતા હોય એવા મહાન સદ્‌ગુરુને પોતે જીવનના સદ્‌ગુરુ માનેલા હોય, તેવા જીવો પણ જો જીવનની સાધનામાં એકધારા નહિ પડેલા હોય, તો આપમેળે એમનું જે તે બધું બન્યા કરવાનું છે તેવી હકીકત પણ અજ્ઞાનજનક ને ભ્રમણાત્મક છે. તેમના સદ્‌ગુરુ તેમનું બધું કર્યા જ કરશે એવી સમજણ તદ્દન ખોટી છે. જો તેવા જીવો પોતાના સદ્‌ગુરુની ભાવનાની

ધારણા પોતાના આધારનાં સર્વ કરણોમાં અખંડપણે જીવતી-જાગતી રાખી શકવાનું જ્ઞાનભક્તિપૂર્વક કરી શકતા હોય, એમના એમના તે તે સદ્‌ગુરુને આધારનાં સર્વ કરણોના પ્રાકૃતિક ધર્મો ત્યજી ત્યજીને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સર્વ રીતે ને સર્વ ભાવે શરણે રહ્યા કરવાનું બન્યા કરે, તો તો તેમનો જીવનવિકાસ આપોઆપ બન્યા કરે, તે સાચી હકીકત છે. પણ ગુરુ જ તેમનું તેમનું સર્વસ્વ જે તે બધું કરી દેશે એવું કોઈ પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં જ્ઞાન પામેલા જીવાત્મા કહેતા હોતા નથી. શ્રીઅરવિંદે પણ તેમ કહેલું નથી તે નક્કર હકીકત છે. મેં તો તેમનું કશું વાંચેલું નથી, પણ ભાઈએ મને તેમનું તેવું તેવું વાંચી સંભળાવેલું છે.

## સાધકો પાસેથી અપેક્ષા

તેમના આશ્રમમાં બધા સાધકો શું ને કેમ કરતા હશે તે જાણમાં નથી. અમારે તે જાણવાની જરૂર ન હોય. એવું મન પણ કદી થયું નથી. ભાઈ તથા હેમંતભાઈ કેટલીક વાર ત્યાં ગયેલા, ત્યાં આપણી સાધનાની રીત તથા તેની સમજણનો પ્રકાર ને ત્યાંની જીવનની સાધનાની રીત ને સમજણ એ બંનેમાં શો તફાવત હોઈ શકે, વગેરે બાબતમાં જાણવાનું મળી શકે તો તે જાણી લાવવાનું તેમને જરૂર કહેલું ખરું. સદ્‌ગુરુમાં પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક આપણાં સકળ રોજિંદાં થતાં રહેતાં કર્મોમાં આપણે જીવતાજાગતા રમ્યા કરેલા હોવા જોઈશું. પોતાનાં મળેલાં કર્મોને ઉત્તમમાં ઉત્તમ રીતે કરી કરી, તે દ્વારા તેમને પ્રસન્ન કરવાનો ને યજ્ઞભાવે સમર્પણ કર્યા કરી પોતે કૃતકૃત્ય થઈ એના પર વારીવારી જઈ એનામાં સતત પળેપળ જાગ્રતિપૂર્વક જીવ્યા કરવાનો યજ્ઞ તો અખંડપણે આપણામાં જ્ઞાનપૂર્વક જીવતો રહ્યા કરતો હોવો જ જોઈશે.

## આપણે તો સાધનામાં જ મસ્ત રહો

આ જીવથી પ્રભુકૃપાથી ને સદ્‌ગુરુના આશીર્વાદથી તેમ કર્યા કરવાનું બનતું હતું. શ્રીભગવાનના ભાવમાં સાચી રીતે પૂરેપૂરાં જીવ્યા કરીશું, તો જ જીવપ્રકારથી મર્યા કરવાનું બનવાનું છે તે જાણજે. શ્રીઅરવિંદ પણ એમ કહે છે કે 'હૃદયના ઉત્કટ ભાવથી સાધના કર્યા વિના ચેતનનો અનુભવ કદી થઈ શકવાનો નથી.' માટે આપણે તો તે કર્યા કરવામાં અલમસ્ત રહ્યા કરી વધારે ને વધારે ઉલ્લાસ, ઉમંગ આપણામાં મળેલાં કર્મોમાં પ્રકટાવી પ્રકટાવી, એમ એને જ અર્થે જીવવાનું છે. હવે આપણે કંઈ સંસારને માટે અથવા તો સંસારનાં સગાંવહાલાં કાજે જીવવાનું નથી. એનો અર્થ એવો નથી કે આપણે એમને ત્યાગીને ભાગી જવાનું છે. સંસારમાં સંસારી દૃષ્ટિ આપણે રાખવાની નથી. આપણે તેમાં વધારે ઊંચા પ્રકારનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જ્ઞાનાત્મકપણે પ્રકટેલાં રાખવાનાં છે. તો જ આપણે સંસારની ઘટમાળમાંથી ઊંચે તરી આવતાં બની શકીશું. માટે આપણે તો આપણાં મનાદિકરણો એનામાં જ જીવતાં પ્રવર્ત્યા કરે, તે કાજે જીવવાનું છે ને તે કાજે મરવાનું છે. પ્રભુની કૃપામદદ વારંવાર પ્રાર્થનાભાવે માગ્યા જ કરવી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૦-૪-૧૯૫૩*

## આજ્ઞાપાલનમાં સર્વસમર્પણનો દાખલો

આ જીવે સદ્‌ગુરુના વચનને કદી પણ મિથ્યા થવા દીધું નથી. નડિયાદમાં શ્રીબાળયોગી (મારી જાણના એક મહાત્મા) આ જીવને આ માર્ગમાં પ્રવેશ કરાવવાને કારણે પધારેલા. તેમણે એને કહેલું કે 'હું તો ધૂણીવાળા દાદાની આજ્ઞાથી આ બાજુ આવેલ છું. તારા ગુરુ તો તે છે. તો તું હવે એમની કને

જઈને તેમના આશીર્વાદ લઈ આવ. એવી તૈયારી કરીને જા.' 'એવી તૈયારી'ના અર્થમાં તે વેળાનો આ જીવ શું સમજે ? એણે તો મંત્રીને ૭-૮ દિવસની રજાની અરજી કરી દીધેલી, ને જવા આવવાના રેલના ભાડાની સગવડ કરી દીધેલી. એણે તો તેમને તે હકીકત જણાવી. ત્યારે તેઓ ઘણા જ નારાજ થયેલા ને કહે કે 'એનું નામ તૈયારી ન ગણાય. તેઓ તને ત્યાં જ રહી પડવાનો હુકમ કરે તો ? માટે તારે એવા પ્રકારની તૈયારી કરવી ઘટે. મનથી પણ એવી તૈયારી કર. ઉમળકાભેર તેવી તૈયારી ભજ્યા કર.' હવે એટલો સમય તો હતો નહિ. એની બા તો હતી વડોદરામાં. **'મનને'**માં જ 'મા'ને સંબોધન કરેલું એવાં એક મા, એ જીવનાં ખરાં મા પ્રભુકૃપાથી થયેલાં. તેમના વડે એ જીવમાં સાચા પ્રાણ પ્રકટેલા. એટલે તે વડોદરા ગયો. એની બાને તે મા દ્વારા જેમ તેમ કરી સમજાવીને આશીર્વાદ લીધા ને નડિયાદ આવી શ્રી પરીક્ષિતલાલને નવસારી તાર કરી એકદમ ત્યાં બોલાવ્યા. તેમને બધો ચાર્જ સોંપી દીધો. આવી ગાંડાઈ ન કાઢવા તેમણે તો ઘણું કહ્યું. મા, વિધવા ભાભી, તેનાં છોકરાં, બે નાના ભાઈઓ-એ બધાંને છેક નોધારાં મૂકીને જવાનું. એમનું આર્થિકપણે પોષણ થઈ શકે એટલી મૂડી પણ કશી જ ન હતી. એવા સંજોગોમાં ઓચિંતી આવા પ્રકારની તૈયારી કરવાની, ને તે પણ ઉમળકાભેર, તે તે કાળના આ જીવ કાજે ઘણું ઘણું દુર્ઘટ હતું, પણ જે કરવાનું જ છે, તે તો કર્યે જ છૂટકો છે, એમાં મીનમેખ ફરક ન પડી શકે, તેમ વર્તવાનો આપણો ધર્મ હોય, તેવો ભાવ શ્રીપ્રભુકૃપાથી ચેતાવી ચેતાવીને તે જીવ તો ત્યારે મથ્યા જ કરતો હતો. તે પછી તો તે જીવ સાંઈખેડા ગામે જ્યાં શ્રીદાદા પોતે બિરાજતા હતા ત્યાં ગયો. ત્યાંનો ઈતિહાસ વળી નોખો

છે. તે લખવાનું આ કાગળમાં ન હોઈ શકે. તેમણે તો કૃપા કરી જ્યાં હોઉં ત્યાં જ રહેવાનો હુકમ કરેલો. નડિયાદ પાછો ફર્યો. શ્રી પરીક્ષિતભાઈએ પ્રેમભાવથી ત્યાં ફરી પાછું કામ કરવાની મંજૂરી આપી ને પાછો કામે વળગી ગયો. શ્રીસદ્‌ગુરુના વચનના પાલનમાં વચનપાલનના હેતુનું જ્ઞાનભાન પ્રકટપણે જીવતું રહેવું ઘટે, તો જ તેમના તેવા વચનના પાલનની યથાર્થતા હોય તો હોય.

## પોતાના કાર્યસાથી તથા મુરબ્બીનો સદ્‌ભાવ

પહેલાં એ સંસ્થાના જે સભાસદ થતા હતા તેમને ત્રણ ત્રણ વર્ષનું વ્રત લેવાનું બનતું. તેમાં એમ હતું કે તેઓએ હરિજનોનું સતત મનનચિંતવન કરી કરી, તેમની ઉત્તમમાં ઉત્તમ રીતે સેવા કર્યા કરવાની શોધમાં ને તેના અમલવર્તનમાં જીવ્યા કરવું, પરંતુ તેના ગુરુમહારાજે સૂચવ્યું કે 'તારે આવા બધા સભાસદપણામાંથી મુક્ત થઈ જવું, પરંતુ કામ તો તે ક્ષેત્રમાં કરવું ખરું.' તેથી તેણે તો તુરતાતુરત સભાસદ તરીકેનું ને વ્યવસ્થાપક સભાના સભ્ય તરીકેનું એમ બંનેનું રાજીનામું મોકલી આપ્યું. એને સભાસદ તરીકે રહેવાનું ઘણુંયે સમજાવવામાં આવેલું, પણ એણે તો ના જ પાડી. તે વેળા ઉપલું કારણ જણાવેલું નહિ. એનો સદ્‌ભાવ સંસ્થાના કામ કરનાર બધાં જ પર રહ્યા કરતો, ને હજી પણ માનું છું કે એના કામકાજથી બધાંને સંતોષ પણ ઘણો રહેતો હશે. સંસ્થાની સભા નડિયાદમાં એને ઘેર જ રખાતી. મંત્રીશ્રીનો એના પરત્વેનો પ્રેમભાવ તો ખરો જ. તે વિના તેવું થવું કદી સંભવી ન શકે. પૂજ્ય શ્રી ઠક્કરબાપા પોતે નડિયાદ પધારતા તો એના નાનકડા બે ઓરડાવાળા ઘરમાં ઊતરતા, બાકી તેમને નડિયાદમાં ઘણા ઘણા પ્રેમભાવથી પોતાને ત્યાં ઉતારનારા

બીજા મોટા ગણાતા એવા ઘણાય સદ્‌ગૃહસ્થો હતા. બાપાની એવી ખૂબી હતી. એમણે એને **'કર્મગાથા'**માં પ્રેમભાવથી જે અંજલિ આપી છે, તે તેં વાંચી જ હશે. એવા જીવનો સદ્‌ભાવ મેળવી શકવાનું બન્યું છે, તે શ્રીપ્રભુની પરમ કૃપાની હકીકત છે. આ હકીકત લખવાનું કારણ તો એ છે કે જ્યાં આપણે કામ કરતાં હોઈએ, તે કર્મના ક્ષેત્રમાં જે જે જીવો છે, તેમની તેમની સાથેનો આપણા હૃદયનો સદ્‌ભાવ ને તેમનો તેમનો આપણા પરનો સદ્‌ભાવ જીવનમાં જો પ્રકટપણે જીવતો થઈ ગયેલો હશે, તો આપણને ઘણી ઘણી સરળતા મળ્યા કરવાની છે.

## ગુરુઆજ્ઞાપાલન

શ્રીસદ્‌ગુરુના વચનનું પાલન કરવામાં આપણે ઘણો વિવેક જાળવવાનો રહે છે. તેમના એવા વચનના પાલનમાં એવા પાલનનો જ્ઞાનપૂર્વકનો હેતુ તેનો અમલ કરતી વખતે પૂરેપૂરો જીવતોજાગતો રહેવો ઘટે. તે સાથે તે પાલનના હાર્દમાં આપણાં પ્રેમભક્તિ હૈયાના ઉમળકાભેર જીવતાં હોવાં ઘટે. વળી, તે સાથે સાથે તેમાં, મળેલા પટ્ટ·ધ્શ્વની સાથેનો સદ્‌ભાવ પણ એટલો જ જીવતો રહ્યા કરવો જોઈશે. એવા વચનના પાલનની દશામાં આપણને, તે પાલનના વર્તનકાળમાં કોઈનાય પરત્વે કંઈ જ કશો અન્યથાભાવ ન પ્રકટે, કોઈનાય પરત્વે અવગણના કે બીજી નકારાત્મક વૃત્તિ ન જન્મે, એની તો લાખ લાખગણી જીવતી સંભાળ-કાળજી આપણે રાખ્યા કરવાની હોય છે. જો એવું ન થયું તો યજ્ઞનો ભંગ થયો છે એમ સમજવું. વળી, વચનપાલનની યથાર્થતાનો જીવતોજાગતો જ્ઞાનપૂર્વકનો ભાવ હૃદયમાં આપણને જાગી ગયેલો હોવો જોઈશે. તે વચનના પાલનકાળે જો તેના વિશે શંકા જાગે તોપણ તેનું યથાર્થ પરિણામ નથી પ્રકટી શકતું. તેમના વચનના પાલનમાં આપણું

આંતરિક વલણ સમાધાનપૂર્વકનું હોય એટલું બસ નથી, પરંતુ તે વચન આપણા જીવનના કલ્યાણ કાજેનું જ છે, એવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની નિષ્ઠા પ્રકટી ગયેલી હોય, તો જ તેવા વચનના પાલનથી જીવનને વિશેષ લાભ થવાની શક્યતા પૂરેપૂરી સાંપડતી હોય છે તે જાણજે.

## સ્વાનુભવની વાત

આ તો આ જીવે એની કૃપાથી જેમ કરેલું છે, તેમ તને લખ્યું છે. આવા લખવાપણામાંથી કોઈક જીવ તો વળી એવો પણ અર્થ કાઢે તો નવાઈ નહિ કે 'લેખકે તેમનું વચન બધાં તેમને માનતા જીવો પાળવાનું કર્યા કરે તેથી, અથવા પોતાનું વચન પળાવવાનું કરવાના હેતુથી, તેમણે આવું બધું ઠઠાર્યું છે.' એ તો જેમને જેમ લાગે તેમ ખરું. મને તો તને જે કહેવા જેવું લાગ્યું, તે અંતરથી અને કૃપાથી કહેવાયું છે તે જાણજે. એમ તો કયા સ્વજને આ જીવના વચનનું યથાર્થપણે પાલન કરેલું છે ? તેમ છતાં આ જીવના હૈયાનો ભાવ તે તે બધાં તરફનો, તાપ આગળ મીણની પેઠે કંઈ ઓસરી ગયેલો બની ગયો નથી.

## ગુરુઆજ્ઞાપાલન જ્ઞાનપૂર્વક જ થવું ઘટે

સદ્‌ગુરુના વચનના પાલનમાં જ્ઞાનભક્તિપૂર્વકનું, જીવનવિકાસના હેતુનું જ્ઞાનભાન તો જીવતું રહેવું ઘટે. કયા હેતુને કારણે તેમનું તે વચન છે, એ તો આપણને તેના યોગ્ય પ્રમાણમાં ઊગી જ જવું જોઈશે, તો જ તેવું આજ્ઞાપાલન જીવનવિકાસના પરિણામમાં ફલિતાર્થ થઈ શકતું હોય છે. અણઘડ રીતે પાલન કરેલું વચન કંઈ કશું પરિણામ નિપજાવી શકતું નથી તે જાણજે. જે તે બધું હેતુ અર્થે જ થયા કરે, તેમાં હેતુનું જીવતુંજાગતું જ્ઞાનભાન રહ્યા કરે એવી

ચેતનયુક્ત જાગૃતિ સાધકના હૃદયમાં વર્ષાઋતુમાં જેમ વીજળીના કડાકા ગર્જ્યા કરે છે, તેમ ગર્જ્યા કરવી જોઈશે. જેને જીવનમાં જીવનના હેતુનો અર્થ, હેતુનું રહસ્ય, હેતુનું મહત્ત્વ વગેરે બધું સમજાયું છે, તે તો હેતુ વિનાના લક્ષમાં કેવી રીતે જીવી શકે ?

## ગુરુભક્તિનો અર્થ

સદ્‌ગુરુની ભક્તિ એટલે શું તે પણ સાધક જીવે ઘણી સમજવાની જરૂર છે. સદ્‌ગુરુના શરીરની સેવા કરવી તે માત્ર ભક્તિ છે, તેમ કદી ન જાણવું, પરંતુ એની ચેતનાત્મક ભાવનાની ધારણા આપણા હૃદયમાં પળેપળ જીવતી રહ્યા કરે, તેવી ધારણાથી આપણને જેમાં તેમાં ઊંચે તર્યા કરવાનું પ્રત્યક્ષ તે તે વેળા જ્ઞાન પ્રકટ્યા કરી તે તે કર્મ યજ્ઞભાવે થયા કરે, તે તે કર્મ પાછાં શ્રીપ્રભુચરણકમળે સમર્પણ થયા કરે, ને તેવાં કર્મો શ્રીપ્રભુપ્રીત્યર્થે થયા કરે-એવું એવું જ્ઞાન તે તે કર્મ કરતી પળે આપણામાં જીવતુંજાગતું રહ્યા કરે, તે જ સદ્‌ગુરુની સાચી પ્રેમભક્તિ છે, જેના વડે કરીને આપણા જીવનનું યોગ્ય સાચું ઘડતર થયા કરે, તે સદ્‌ગુરુની પ્રેમભક્તિ છે. જેથી કરી આપણે જાગતા ચેતતા રહ્યા કરીએ તે આપણી સદ્‌ગુરુની પ્રેમભક્તિ છે. એની સ્થૂળ સેવામાં આજકાલના લોકો (ને તે પણ કંઈ કશા હેતુના લક્ષ વિના) જે કરે છે, તેમાં નથી એમનું કલ્યાણ કે નથી અન્યનું પણ કલ્યાણ.

## સહજમેળે જીવનવિકાસનું ભાન

જેથી કરીને જીવનનો ઉઠાવ થયા કરે, એ જ સાધકનું જેમાં ને તેમાં જ્ઞાનપૂર્વકનું મહત્ત્વનું કર્તવ્ય હોવું ઘટે, એ જ એનું માપ-લક્ષણ જીવતું રહ્યા કરવું ઘટે. એ પોતે પોતાને તપાસતો રહેવામાં જ માત્ર પડ્યો ન રહે, તે તો પાછું તેણે

જાણવું જોઈશે. પોતે તે અંગે સાવચેત રહ્યા કરવાનું છે, નહિતર તો તેથી અડફંટે ચઢી જવાય. એવું બધું તો કર્મની સાધનાજીવનની સાધના - સધાતાં સધાતાં જ એનીમેળે સહજપણે તેવું તેવું તેમને સમજાયા જતું અનુભવાશે. તેમ થયા કરે ત્યારે જ તે યથાર્થ ગણાય.

## સંસારી જીવોને સંસારી ઘટના પ્રતિ વલણ

સંસારમાં તો અનેક પ્રકારની ઘટના બન્યા જ કરવાની. આપણે તેમાં ભેરવાઈ પડ્યા તો ખલાસ થઈ ગયા સમજવું. આપણે તેથી સંસારવહેવારમાં રહેવાનું છે તે જીવવા કાજે-નહિ કે અજ્ઞાનમય જીવનમાં ડૂબી મરવા કાજે. સંસારમાં સંસારી જીવોને કંઈ કશાનું જ્ઞાનભાન પ્રકટેલું હોતું નથી. એ તો ઘરેડની માફક જે તે બધું કર્યા કરે છે, તેથી તેમનો દોષ આપણે જોવાનો ન હોય. આપણાં જેવાં જીવનવિકાસ પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ તેમનામાં જાગેલાં તો નથી. તેવો જીવન પરત્વેનો તેમનો હેતુ પણ હોતો નથી. તેથી તે જીવો સંસારમાં પછી તો બીજી કઈ રીતે વર્તી શકે ? તેથી આપણે તેમને અવગણવાનાં પણ ન હોય અથવા એમ પણ ન ધારવાનું હોય, 'અરેરે ! આ બિચારાં કેવાં અજ્ઞાન પામર છે !' એવું વિચારવું તે આપણાં જ પામરતા ને અજ્ઞાન ગણાય. આપણે તો માત્ર આપણે કેમ જીવવાનું છે તેની પૂરી ખબરદારી રાખવાની છે. તેવા પળેપળ હેતુનું જ્ઞાનભાન ધરાવતાં રહીશું, તો જ કંઈક ઊંચે એની કૃપાથી જરૂર આવી શકવાના છીએ, તે નિશ્ચયપૂર્વકની અનુભવની હકીકત છે. માટે કૃપા કરી તું જીવતી બનજે.

## કેટલાક ગુણો

સાધકના પ્રયત્નોમાં ઉત્સાહ તો ઘણો ઘણો જરૂરનો છે. એવાં ઉત્સાહ, ઉમંગ, ઉમળકો, ઉલ્લાસ વગેરે વિના તેના

પ્રયત્નમાં પ્રાણ પણ કેવી રીતે પ્રકટી શકવાના છે ? વળી, એવી શક્તિ તો એવી પ્રચંડપણે જાગતી, ગર્જતી, પ્રકટેલી હોવી જોઈશે, ને તેની જાગૃતિ એવી હોવી જોઈશે કે ગમે તેવો ને ગમે તે પ્રકારનો અંતરાય તેની આડે આવે, તોયે એની શક્તિની પ્રચંડ જાગૃતિની આડે તે ટકી શકવા સમર્થ પણ ન થઈ શકે. અથવા ધારો કે યુદ્ધ આપવું પડે તો પરાક્રમી શૂરવીરની જેમ જીવનના સકળ પુરુષાર્થથી ત્યાં તે ઝઝૂમે છે. એ કંઈ કશાને ગણકારતો હોતો નથી. એકમાત્ર તે ગણકારે છે જીવનને. જીવનને ઊની આંચ સરખી પણ તે આવવા દેતો નથી. એવી તો એની ખબરદારી જીવનમાં પ્રકટેલી છે.

### વ્યાકુળતાની અગત્ય

જીવનના ધ્યેયને પામવા કાજેની વ્યાકુળતા પણ જેવી તેવી ન હોવી ઘટે. જેમ તાવડીમાં ધાણી ફૂટે તેના જેવી તાલાવેલીયુક્ત વ્યાકુળતા ધ્યેય પરત્વે પ્રકટ્યા વિના સાધક કદી કશી પ્રગતિ કરવાનો નથી. વ્યાકુળતાના પણ જુદા જુદા પ્રકાર હોઈ શકે છે. જેનામાં એવી સહજ વ્યાકુળતા પ્રકટેલી હોય તો તો તે ઉત્તમ છે. એવી કક્ષામાં પ્રયત્ન પણ આપમેળે આપણાથી બન્યા કરતો આપણે અનુભવી શકવાના. જ્યાં એવી સહજ ઉત્કટ વ્યાકુળતા પ્રકટેલી ન હોય, ત્યાં સાધકે કદી હાથ જોડીને બેસી રહેવાનું ન હોય. વળી, એવી સહજ પ્રચંડ વ્યાકુળતા તો ભાગ્યે જ થોડા વિરલ વીર જીવમાં પ્રકટેલી હોય છે. એનું પ્રમાણ તો તદ્દન નજીવું હોય છે.

### ન હોય તો બુદ્ધિની ઉત્કટ કલ્પનાથી જગાડો

બાકી મારા તારા જેવાએ તો, જ્યારે જીવનને ઊંચી કક્ષાએ જીવવાનું દિલ થયું તે વેળાથી બુદ્ધિનો યોગ્ય સહારો લઈ લઈ, માનવી જીવનનાં રહસ્ય, મહત્તા, ખૂબી આદિ આદિને

વિચારી વિચારી, તે પરત્વેનાં કલ્પના, સમજણ, ભાવના વગેરે વગેરે પ્રકટાવી પ્રકટાવી તેવી વ્યાકુળતા પ્રકટાવ્યા કરવાની હોય છે. એવી ઉપરચોટિયા પ્રકટાવેલી વ્યાકુળતા જોકે ઝાઝું કામ આપી તો શકતી નથી, તેમ છતાં કંઈક પ્રેરાયા કરવા કાજે તે જરૂરનું પણ છે. આદર્શ પરત્વેની ચણચણાટી, ઝંખના, ઉત્કટ ભાવના આપણને લાગ્યા વિના આપણું કામ થવાનું જ નથી.

## આપ્ત સ્વજનોને ચીમકી

માટે આગ લગાડો ! આગ લગાડો ! આગ લગાડ્યા જ કરો ! એવી આ હેતુ અર્થે મળેલાં સ્વજનોને હૃદયમાંની પ્રાર્થના છે. ક્યા સુધી પડ્યા રહ્યા કરશો ? ક્યાં સુધી રવડ્યા કરશો ? ક્યાં સુધી અટવાયેલા રહ્યા કરશો ? ક્યાં છો, કેવું જીવન જીવો છો એનું કૃપા કરીને દિલમાં જ્ઞાનભાન જગાડો તો સારું. ક્યાં જવું છે ને ક્યાં જઈ રહેલા છીએ, એનું જ્ઞાનભાન આપણામાં કેટલાને જીવતું છે ? જો જીવતું હોય તો તે કેટલાને સાલતું ને ડંખતું હોય છે ? આ બધું આપણે ઘણું ઘણું વિચારવાનું છે. શું કરવા નીકળેલા છીએ ને શું કરી રહેલાં છીએ ! તો ભલા ! તપાસો તો ખરા ! માટે હવે જેમ તેમ જો જીવ્યા જ કરવાનું હોય તો તો જીવનવિકાસનું નામ મૂકી જ દેવું યોગ્ય છે. એમાં આપણી સવિશેષ પ્રમાણિકતા ગણાશે. આ મોરચો તો સંગ્રામનો માંડેલો છે, ને આપણે કરવું તો કંઈ જ કશું નથી, ને ઊલટી પીછેહઠ કર્યા કરવી છે, એટલું જ નહિ પણ પડી જ રહ્યા કરવું છે ! ઊલટું જે કશું છે તેનાથી તો ઊલટી દિશામાં પગલાં માંડ્યા કરવાનું બન્યા કરે છે, તો બધું કેમ ચાલશે ?

## લાખ વાર સ્વજનોને ટકોરનું કારણ

શ્રીપ્રભુકૃપાથી આ હેતુ અર્થે મળેલાં સ્વજનો તે સાધનાકાળના શરૂ શરૂના ગાળાના મન જેવાં છે. એટલે તે મનને જેમ ટકોરતો, સંકોરતો, સંકેલતો તેમ તેમના પરત્વે આ જીવે કરવાપણું રહેલું છે. સાધકે મન, પ્રાણ, બુદ્ધિ આદિ કરણોને લાખ વાર ટકોરવા પડે છે. વારંવાર સતેજ કરવાં પડે છે. વારંવાર મનન, ચિંતવનાદિ સાધનથી, સાધનાના ભાવનાના અભ્યાસથી, જીવનનું મહત્ત્વ પ્રકટાવી પ્રકટાવીને, તેના હેતુનો ખ્યાલ જગાડીને, તેને સતેજ કરવાં પડે છે, તો જ તેઓ આ માર્ગનું યથાર્થ કામ આપી શકતાં બની શકતાં હોય છે. સ્વજનનાં જીવન પણ જીવપ્રકારના મનના જેવાં જ છે. મનનો જેમ કશો ઢંગધડો હોતો નથી, તેમ સ્વજનના જીવનના પણ ત્યારે શા ઢંગધડા છે ?

## ઉલ્લાસ, ઉત્સાહ શરૂઆતમાં ને પછી

કેટલાંકને એમ પૂછતાં પણ જાણ્યાં છે કે સાધનામાં ઉલ્લાસ, ઉત્સાહ, ઉમંગ, ઉત્કટતા આદિ પ્રકટે છે, તેનાથી કરી અહમ્ પ્રકટી જતું નહિ હોય કે ? પણ ભલા ! અભિમાન શેનું પ્રકટે ને ક્યાં પ્રકટે ? સકળ કંઈ જે થયા કરે છે, એવું જ્ઞાનભાન શું સાધકનામાં નથી ? શરૂ શરૂમાં તો ચેતી ચેતીને એમાં ઉત્સાહ, ઉલ્લાસ, ઉમંગ આદિને આપણે પુરુષાર્થમાં પ્રેરવાનાં રહે છે, ને અમુક કાળ પછી અમુક કક્ષામાં પ્રવર્તતાં શ્રીભગવાન-પ્રેરિત ઉત્સાહ ને પ્રેરણા વગેરેને જ્ઞાનપૂર્વક સ્વીકારતાં આપણે બની જતાં હોઈએ છીએ, એવો આ જીવનો તો અનુભવ છે.

## હુંપણાથી સાવધ રહો

શરૂ શરૂમાં તો સાધકનું જીવન જીવપ્રકારની કક્ષાનું હોવાથી

એનાથી બનતા રહેતા સકળ પ્રકારના કર્મમાં એવું ‘હુંપણું’ પ્રકટેલું રહ્યા કરે છે, પણ તેમાં તો શ્રીપ્રભુની કૃપાચેતનશક્તિથી જ જે તે બધું બન્યા કરે છે, ને મૂળમાં તો એની જ શક્તિ છે, એની શક્તિથી જ એના હુંપણાનું સ્ફુરિત થવાપણું બને છે, તેમ સમજી સમજી તે સમજણના પ્રદેશમાંથી એની આંતરિકતાના પ્રદેશમાં તે ઊતરતો હોય છે, ને પછીથી તો કંઈ કશામાં પણ ‘હુંપણું’ પ્રકટી જ ન શકે, એવાપણાની દશામાં પ્રકટી જતો હોય છે. એવા ચેતનમાં જાગેલા જીવાત્મામાં પછી જીવપ્રકારનું ‘હુંપણું’ હોઈ શકતું નથી. આ બધું લખવાનું કારણ તો એ છે કે આપણે અભિમાન, અહંકાર, હુંપણાથી કેટકેટલા સાવચેત રહ્યા કરવાનું છે ?

## અહમ્‌થી મુક્તિ માટે કૃપા અને પુરુષાર્થ

‘આપણે મુદલે અભિમાની નથી’ એમ કહેનારમાં પણ તેનું અહમ્ કામ કરતું હોય છે, એવી દશા આ જીવે અનુભવેલી હતી. તેનાથી મુક્ત થવાપણામાં આ જીવનો કારી ગજ ફાવી શકતો જ ન હતો. તેણે તો એની કૃપામદદને વારંવાર, એવા અહમ્‌નું સ્ફુરણ થતાં, તેવી વેળા પોકારી પોકારીને જ્ઞાનપૂર્વક એને મદદમાં નોતર્યા કરીને એની મદદ લીધા કરેલી. એની કૃપા જે તે વાતે સમર્થ છે, પણ એનો અર્થ પાછો એવો નથી કે આપણે કશો જ પુરુષાર્થ કરવાનો નથી. પુરુષાર્થ તો એટલો પ્રચંડ કર્યા કરવાનો છે કે જેની ન પૂછો વાત.

## જેમ અહમ્ સૂક્ષ્મ થતું જાય છે, તેમ જાગ્રતિ સૂક્ષ્મ થાય છે

પોતાની જાતનું, મનનું, પ્રાણનું, બુદ્ધિનું, અહમ્ વગેરે વગેરેનું તટસ્થતાથી, સમતાથી, શાંતિથી, નિર્દયપણે, સૂક્ષ્મમાં

સૂક્ષ્મ પૃથક્કરણ પૂરી જાગૃતિથી જે સાધક જીવ કર્યા કરતો રહે છે તેને અભિમાન જાગશે તો શું એની ખબર નહિ પડે કે ? અગળ જતાં અહંકારનો પ્રકાર સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ થયા જ કરવાનો, પણ તેવી વેળા સાધક જીવ પણ પ્રભુકૃપાથી સાધનાના સૂક્ષ્મપણામાં આગળ વધી જ ગયેલો હશેને ? એની જાગૃતિનો પ્રકાર પણ તે કાળે ઊંચી કક્ષાનો બની ગયેલો હશે. તેથી તેવો સાધક તો મનાદિકરણોની સકળ પ્રવૃત્તિમાં સંમતિ આપતાં આપતાં તો લાખ વાર વિચાર કરતો હોય છે. એની તે કાળની ચેતનયુક્ત તટસ્થતા, સમતા, શાંતિ, જાગૃતિ આદિને કોણ પિછાની શકે એમ છે ? માટે ખાલી ખાલી બુદ્ધિના તુક્કા ઉઠાવ્યા કરવાથી કશું જ વળવાનું નથી. જેને કરવું છે તેણે તો કરવા જ માંડવાનું છે.

## પુરુષાર્થના હાર્દમાં કૃપાશક્તિ

પરમ પ્રાપ્તિના પુરુષાર્થની તોલે જગતમાં બીજો કશો પણ પુરુષાર્થ આવી શકે એમ નથી. એવા પુરુષાર્થના હાર્દમાં એની કૃપાશક્તિ વસેલી છે, તે હકીકત વળી નોખી છે.

## આપણે બધાં જીવનસાથી

પ્રભુકૃપાથી અમારે તો ગુરુ તરીકે ઓળખાવું જ નથી. એવું એવું તો શરીરે જેમ અનંત કીડીઓની હારમાળા ચઢતી હોય ને ચામડીને કેમ થાય, તેવું તેવું અમને ઉપલી હકીકતથી તો લાગ્યા કરે છે. તેથી અમને કોઈએ કોઈ કને તેવી રીતે ઓળખાણ કરાવવાની જરૂર ન હોય. આપણે તો બધાં સહધર્મજીવનસંગાથી, જીવનસાથી છીએ. સદ્‌ગુરુ પરત્વેની કેવી ભાવના જીવનમાં પ્રકટેલી હોય તો તે જીવનવિકાસમાં યોગ્ય જીવતી સહાયક બની શકે, તે કાજે તેમ લખવાનું બન્યું છે. બાકી તે વિના બીજો કોઈ હેતુ નથી.

## સદ્‌ગુરુની પોતાની સાચી પિછાન

સદ્‌ગુરુની સાચી પિછાન તો કદી બાહ્ય રીતે થતી હોતી જ નથી. એ તો આગળ જતાં જતાં અંતરમાં અંતરથી થયા કરતી હોય છે. એવો પ્રકટેલો અનુભવ તે જ સાચો અનુભવ છે. શરૂ શરૂમાં સદ્‌ગુરુ પરત્વેની ભાવના આ જીવને પ્રકટપણે કદી કદી ઊભરાની પેઠે દિલમાં પ્રકટ્યા કરતી હતી, પણ અખંડપણે રહ્યા કરતી ન હતી. કર્મમાં તે જીવતીજાગતી જ્ઞાનપૂર્વક તો ટકતી જ ન હતી, પણ તે તે બધું તે પ્રકારના જ્ઞાનપૂર્વકના જીવનના ખંતભર્યા અભ્યાસથી કરી, જીવનમાંના રોજિંદા વર્તનવહેવારમાં એની ભાવના, ધારણા ધીરે ધીરે, ધીમે ધીમે ટકવા માંડતાં જે અનુભવ થવા લાગ્યા, તેથી આત્મવિશ્વાસ તો ગર્જતો કૂદકે ને ભૂસકે પ્રકટવા લાગ્યો. સદ્‌ગુરુ હૃદયથી જ સ્વીકારાઈ ગયેલા, કારણ કે જે કશાથી પણ માની ન શકાય એવી અદ્‌ભુત ઘટના એમનાથી અમારા જીવનમાં બની ગયેલી.

## શ્રીબાળયોગીની ચમત્કારિક શક્તિ

હાલ જ્યાં એલિસબ્રિજ-પુલ છે, તેનાથી ટાઉનહૉલ બાજુની દિશાએ જતાં પુલના શરૂઆતના ભાગમાં જ જમણી બાજુએ સાધુઓની એક નાનકડી જગા છે. ત્યાં ઘણાં વર્ષો પહેલાં એક બંગાળી શરીર ધારણ કરેલ મસ્તરામ સાધુ આવેલા. તેમને બધાં બાળયોગી કહેતાં. તેઓએ આ જીવને નડિયાદથી બોલાવેલો. ચાર દિવસની રજા મંગાવીને એમની કને ગયો હતો. એ ચારે દિવસ એટલું તો એમણે ખવડાવેલું કે ન પૂછો વાત. ખાધું તેનું વજન દસ શેર તો હશે. ઓછામાં ઓછું કરીને તે લખ્યું છે, કે જેથી કોઈ એને ગપ્પાં ન માની શકે. કલાકે કલાકે, કેટલીક વાર અરધા કલાકે જુદી જુદી ભોજનની

વાનગીઓના થાળ આવ્યા જ કરતા, ને અમને તે ખાઈ જવાનો હુકમ થતો. છેક ગળા સુધી તો આવી ગયેલું હોય ને હવે તો એક કોળિયો પણ ખાઈ શકાય એવી દશા નથી, એવું ચોખ્ખેચોખ્ખું લાગે છતાં ખાઈ જવાનો હુકમ થતાં તે ખાઈ જવાતું. એમ દિવસમાં કેટલીયે વાર બન્યા જતું. આથી કરી શરીરને કંઈ જ કશું થયેલું ન હતું. દસ્ત પણ સવારમાં એક વેળા જે જવાનું થતું તેમ જ બનેલું. આ એક મોટામાં મોટી અનુભવની હકીકત બનેલી. આ હકીકતના હજી બીજા એક જીવ જીવતા સાક્ષી પણ છે.

**પછી ક્રમે ક્રમે સદ્‌ગુરુનો હૃદયમાં અનુભવ**

એટલે બુદ્ધિથી તપાસીને જ સદ્‌ગુરુને સ્વીકારેલા, ને તેમના પરત્વે ક્રમે ક્રમે હૃદયનો પ્રેમભક્તિભાવ જાગતાં જાગતાં અને એમનો અનુભવ થતાં થતાં એમણે જે સદ્‌ગુરુનો પરિચય કરાવ્યો, તેમનું ગુરુત્વ હૃદયમાં શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપે કોઈ પરમ ચેતનની લક્ષણાત્મક દશામાં અનુભવાતું ગયેલું. એવા સદ્‌ગુરુની સેવાભાવના સર્વસ્વ પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ થઈ જઈ જીવતી થઈ શકે, એવાં આંતરિક શ્રદ્ધા-નિષ્ઠા જીવનમાં પછીથી તો પ્રકટી શકેલાં, તે નક્કર એવી એવી કસોટીઓમાંથી પસાર થતાં થતાં અનુભવમાં પ્રકટેલું.

**મરણિયા નિર્ધાર સાથે, અપાયેલું કામ જ કર્યા કર્યું**

પહેલેથી જ એમ તો મરણિયો નિર્ધાર કરેલો કે આપણે હવે એક જ જીવનનો મુદ્દો રહેલો છે કે પ્રભુને મેળવવા છે, કાં તો જીવનને એની ખાતર, એની પાછળ ફના કરી દેવું છે. સદ્‌ગુરુનાં કૃપા-આશીર્વાદથી સઘળું મળી શકે છે, એવી ભાવનાની વાસ્તવિકતા સ્વીકારવામાં તથ્ય હોવા છતાં (તેવી વાસ્તવિકતા આપણામાં એવા પ્રકારની પ્રેમભક્તિજ્ઞાનયુક્ત

ગ્રહણાત્મક દશા પ્રકટેલી હોય તો જ તેમાં તેવું તથ્ય હોવાની શક્યતા છે) એને વળગી રહેવાનું કદાપિ એની કૃપાથી અમથું અમથું કરેલું નથી-એટલે કે બતાવેલે માર્ગે ચાલી ચાલી, એણે ચીંધેલું એની કૃપાથી કરી કરી, હવે આગળ કયો માર્ગ છે તે એણે સમય પાક્યે કૃપાથી આગળ બતાવવાનું કર્યા કરેલ છે.

## કૃપા પર આધાર

પોતાનાં ખંત ને ધગશના પુરુષાર્થની સાથે સદ્ગુરુના આશીર્વાદ ને તેની કૃપા જરૂરનાં છે તે તો સાચી હકીકત છે, એની ના નથી, પરંતુ પોતે પણ કંઈ પણ કર્યા-કારવ્યા વિના એની કૃપા પર જો કોઈ આધાર રાખવાનું કરે, તો તેવી કૃપા મળવી શક્ય નથી. સર્વ કરણોનું પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકનું શરણ પામવાનું બનતાં સાધના સહજ-સાધનાની પ્રક્રિયામાં ફેરવાઈ શકે છે, તે અનુભવની હકીકત છે. જ્યારે આ તો જીવને ગુરુની જીવતી ચેતનયુક્ત ભાવનાની ધારણા પોતાના રોજિંદા વહેવારમાં માંડમાંડ જરાતરા પણ ભાગ્યે જ જીવતી ટકતી હશે, ને તે પણ રોજની રોજ તો નહિ જ, વળી, એવા જીવ પોતાના ગુરુનું આડુંઅવળું ઘણુંય વિચાર્યા કરતા હોય, ગુરુને પોતાના વિચારથી કરી કેટલાય ગોદા મારતા હોય, કેટલુંય અન્યથાપણે વિચારતા હોય, એવા જીવ કૃપાથી જે તે બધું થશે એમ માને તે સસલાનાં શીંગડાં સમાન અશક્ય છે એ જાણજે. તેનાથી પણ પર અને સ્વતંત્રપણે કૃપાનાં પ્રત્યક્ષ અસ્તિત્વ અને વાસ્તવિકતા છે. કૃપાને કોઈ પ્રકારનાં ચોકઠાં કે બંધન નથી હોતાં, કે કોઈ પ્રકારની શરતોથી તે બંધાયેલી નથી હોતી, પરંતુ આ હકીકતને શરૂ શરૂના સાધકે જરા પણ મહત્ત્વ આપવાનું નથી. એની કૃપાથી પોતાના સત્પ્રયત્નમાં જ અનંત પ્રકારનો જીવતોજાગતો ઝોક તે આપ્યા કરે, તે તેને કાજે શ્રેયસ્કર છે.

## સદ્‌ગુરુનાં પ્રત્યક્ષ દર્શન

પછી સદ્‌ગુરુ સાધનાની નક્કર અવસ્થા થતાં પ્રત્યક્ષ જાતોજાત અનુભવમાં દેખાયેલા હતા તે જાણજે. આ હકીકત કલ્પનાના ઉડ્ડયનની નથી પણ જીવતાજાગતા અનુભવની છે.

## પ્રભુની મદદનો પ્રત્યક્ષ અનુભવ

આવા આવા તારા જીવનમાં બનતા પ્રસંગોમાં આશા-નિરાશાના, ચઢઊતરના, સંગ્રામના ને હારજીતના, ગ્લાનિ અને શોકના એવા જે ગાળા પ્રકટે છે, તેનું આબેહૂબ વર્ણન ને હકીકત લખે છે તે વાંચી સમીપતા અનુભવું છું. એ પ્રસંગ વાંચી આ જીવને આંખમાં આંસુ આવી ગયાં. જે જીવ પોતાને મળતાં કર્મને પ્રભુનાં સમજીને કરે છે, ને તે રીતે ને તે ભાવે એને જે સ્વીકારે છે, તેના કર્મમાં આપણને એની મદદ મળતી અનુભવાય છે, એવો તને પ્રત્યક્ષ અનુભવ થયો એ તો ઘણા ઘણા આનંદની હકીકત છે.

## અનુભવોથી પ્રભુનો પ્રેમભાવ હૃદયમાં પ્રકટાવો

તો હવે એવા મળેલા અનુભવથી સકળ કંઈ મળતાં કર્મ એ આપણા વહાલા પ્રભુની પ્રસાદી છે, એમ જ્ઞાનપૂર્વક એને તે ભાવે સ્વીકારી શકવાનું જો હૃદયમાં પ્રકટ્યા કરે, ને જ્યારે જ્યારે કંઈ અણગમતું અજુગતું કરવાનું આવી પડે, તેવી વેળાએ પણ તેને પ્રભુનું કર્મ સમજી તેવા કર્મમાં તે કર્મનાં પાસાંને ન નિહાળતાં તેનાથી પ્રભુનો પ્રેમભાવ પ્રકટાવવાનું આપણાથી બન્યા કરે, તો તો એવા થયેલા અનુભવથી આપણને પ્રેરણાત્મક સમજણ પ્રકટ્યા કરે ખરી. અનુભવથી તો સાચી સમજણ પ્રકટે. તને મળેલા અનુભવથી જો તને એવી સાચી સમજણ ન પ્રકટી તો પછી મારે શું સમજવું ? 'કોઈની ટકોર એટલે શ્રીપ્રભુની ચેતવણી' એમ હૃદયમાં દૃઢાવી દૃઢાવી એને તે રીતે ને તે ભાવે સ્વીકારવી.

## કામનો થાક આનંદથી ઊતરે

ઘણું ઘણું કામ હોવા છતાં જો દિલમાં ભાવ પ્રકટેલો હોય, તો ઘણું કામ પણ સરળ રીતે પાર ઊતરી જાય છે, ઘણું કામ હોવા છતાં કામનો ભાર કે ચિંતા તો લાગતાં જ નથી. કામ વધારે હોવાથી શરીરને થાક તો લાગતો હોય છે, પણ પાછો આનંદ જો ઊલટભેરનો પ્રકટેલો હોય છે, તો તેવો હૃદયનો આનંદ થાકને પણ નિવારી શકે છે, એવો અનુભવ ઘણાને થયેલો છે. નોકર તરીકે તે કેટકેટલું કામ કરતો હતો ! તેનું વર્ણન નકામું શેને લખવું ? કામથી જે જીવ કંટાળે, ત્રાસે, બળાપો કરે, સંતાપ પામે, હાયવૉય કરે, તેવો જીવ શો શુક્કરવાર વાળી શકનાર છે ?

## નાના નાના અનુભવો પણ સ્વીકારવા

તપની ભાવના રાખી રાખીને એ હકીકત તેં અમુકને જણાવી, ને તે પછી તને કોઈકે અંતરમાંથી એમની સાથે વધુ બોલતાં રોકી જવાને જણાવ્યું, ને તને તેમ સ્પષ્ટ ચોક્કસ લાગેલું, તે જરૂર માનવા જેવી હકીકત છે, કારણ કે તેમાં સામાને પૂરું તથ્યાંશ ન પણ જણાયું હોય. આશ્રમ જવાના અનુભવની હકીકત જો આગળ લંબાવવાની થાય, તો સામે પક્ષે ઊલટું તેની યથાર્થતામાં ન પણ સ્વીકારાય. ગમે તે કારણ હોય પણ એવા અનુભવો થાય તો પ્રેમથી સ્વીકારવા. એને કલ્પનાના તુક્કા ન ગણી કાઢવા. એવા કંઈક નાના નાના અનુભવો શરૂ શરૂમાં થતાં, જો એને આપણે માત્ર તુક્કા કે કલ્પના ગણીને ફેંકી દેવાનું કરીશું, એને યોગ્ય ભાવમાં સ્વીકારવાનું જો આપણાથી ન થઈ શક્યું, તો પછી એવા અનુભવ થવાની શક્યતા કે ભૂમિકા આપણામાં કદી પણ પ્રકટી શકવાની નથી તે નક્કી જાણજે. અંતરમાં તને કોઈકનો

બોલવાનો અવાજ સ્પષ્ટ સંભળાયો, તે હકીકત જો સાચી જ હોય તો તને તે અનુભવ જરૂર થયો ગણાય.

## નમ્રતાપૂર્વક સ્પષ્ટ કહેવું

કુટુંબનાં વડીલોની સદ્‌ગુણ વિનાની, તેમની બીજી કોઈ અન્યથા પ્રકારની વાતોમાં ભૂલેચૂકે પણ કદી ન ભળવું. કુટુંબનાં બીજાં માણસો તેમ કરતાં હોય, તો આપણે તેમને માઠું ન લાગે તેમ સાચેસાચ કંઈક કામ હોય તે કામ કરવાને નિમિત્તે ત્યાંથી ઊઠી જવું. જો તેઓ મોઢે ચઢીને આપણને પૂછે, 'અમે જે વાતો કરીએ છીએ તે તને નથી ગમતી કે શું ?' તો આપણે જરૂર કહેવું, 'એવી નકારાત્મક વાતો કહેવાથી ને સાંભળવાથી આપણને મુદ્દલે લાભ નથી. મને તો એવી વાત કરવાનો અને સાંભળવાનો મનાઈહુકમ છે.' એમ તક મળતાં નમ્રતાથી પ્રેમભાવથી કહી દેવું.

## વડીલો પરત્વે સદ્‌ભાવ ને આદરભાવ

કુટુંબનાં વડીલો પણ આપણા જેવા જ છે, તે પણ જીવ છે. આપણામાં પણ અનેક પ્રકારનાં દુર્ગુણો, કુટેવો ભર્યા પડેલાં છે, તેમ તેમનામાં પણ હોય, પરંતુ જો કુટુંબમાં વડીલ પરત્વેનાં સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ વગેરે વગેરે જીવતા ન રહ્યા, તો તો પછી કુટુંબમાં પરસ્પર સંતાપ, અજંપો, ત્રાસ, અશાંતિ, ઘર્ષણ, અથડામણ, મૂંઝવણ વગેરે વગેરે એવું થયા જ કરવાનું. આજકાલ આપણાં કુટુંબોમાંથી વડીલો-મુરબ્બી પરત્વેનો સદ્‌ભાવ, આદર, પ્રેમભાવ, આપણાં જુવાન ભાઈબહેનોમાંથી ઓસરતો જતો અનુભવી રહેલો છું. એવા કાળે આપણા હૈયાનો તેમના પરત્વેનો સદ્‌ભાવ વિશેષપણે જીવતો બને તેમાં આપણા જીવનની શોભા છે. આપણા પરત્વે તેમના હૈયાનો ભાવ, સહાનુભૂતિ, હૂંફ, ઓથ સદાય તેથી ઢળ્યા જ કરવાનાં.

સદ્ભાવથી સદ્ભાવ મળે છે, ને તેવી ભાવનામાં વધારો થાય છે. તેથી કુટુંબની કોઈ પણ વ્યક્તિ કુટુંબના વડીલનું કંઈ પણ અન્યથાપણે બોલે કરે, તેમાં જાણે અજાણે આપણાથી સાદ પુરાઈ જવો ન ઘટે. એટલું આપણે કરવું જોઈએ, ન કરીએ તો તે આપણી નાનમ ગણાય.

## અંતર્યામી

'જે પ્રસંગો બને છે, તેની યોગ્ય સમજણ અંદરથી મળી રહે છે.' એ વાંચી કોને સારું ન લાગે ? પ્રસંગને અનુસાર સમજણ તાત્કાલિક અંતરમાં પ્રકટતી અનુભવાય તે તો ઘણી મોટી વાત કહેવાય. હવે તું એકલી છે, એમ કેમ કરીને ગણાય ? તારી સાથે અંતરમાં કોઈ શું બિરાજેલ નથી કે ?

## સદ્ગુરુને ઉપયોગમાં લીધા જ કરો

જે જીવ પોતાના સ્વીકારેલા સદ્ગુરુને હૃદયના ભાવથી સ્મરણ કરી પોતાને ઊપજેલા અન્યથા પ્રકારના વાતાવરણને બદલીને યોગ્ય પ્રકારનું વાતાવરણ ઉપજાવે છે, એવો જીવ પોતાની વૃત્તિઓને ઠેકાણે રાખવાને પણ, એના ચેતના સ્મરણની મદદ લઈ લઈને તે જરૂર જ્ઞાનપૂર્વક મથી શકે છે. સદ્ગુરુને તો ઉપયોગમાં જ લીધા કરવાનો હોય.

## મનને સંકેલવું ને સંકોરવું

મન જ્યારે બહાર જતું રહ્યું હોય, ત્યારે એને જાગૃતિથી સંકેલવાનું રહે છે. સંકલેવું એટલે કે જે બહાર ફેલાઈ ગયેલું હોય, વિસ્તાર પામીને વહેંચાઈ ગયેલું હોય, એને એક ઠેકાણે એકત્રિત કરવું તેનું નામ સંકેલવું. ચૂલામાંથી લાકડાં સળગતાં સળગતાં બહાર જ સળગતાં હોય છે, તે વેળા તે ચૂલાની અંદર જ બળ્યા કરે એટલા કાજે આપણે લાકડાંને સંકોરતાં હોઈએ છીએ, તેવી રીતે મનનું છે.

## કસોટીમાંથી લાભ આપનારી દૃષ્ટિ

કસોટીમાં જો જીવને જરા પણ કંટાળો ઊપજ્યો, ત્રાસ થયો, સંતાપ પ્રકટ્યો કે બેળેબેળેપણાની વૃત્તિ જન્મી, તો તેવી કસોટીનું પરિણામ તો જીવનના અજ્ઞાનમય મૃત્યુમાં પામવાનું. જો કસોટી થતી વેળા 'જીવનને ઘડવાની આ ઉત્તમ તક છે, ભાવનાને તેજસ્વી બનાવવાનો આ સુયોગ્ય પ્રસંગ છે, પ્રભુની કૃપાથી જીવનની શક્તિને મક્કમતામાં પ્રકટાવવા જીવનનું ખમીર બતાવવાનો આ અણમૂલો અવસર છે, ને જીવનને પલટાવવાને સદ્‌ભાગ્યેથી પ્રાપ્ત થયેલ કર્મ છે,' એવી એવી જ્ઞાનપૂર્વકની ભાવના કસોટી થતી વેળાએ જ જીવના દિલમાં જાગતી વાજતીગાજતી પ્રકટ્યા કરેલી હોય છે, તેવા જીવના જીવનને તેવી કસોટીનો કાળ ફળતો હોય છે. પ્રભુકૃપાથી તને પણ કસોટીનો કાળ જ્યારે પણ જન્મે કે પ્રગટે, ત્યારે એવી જ્ઞાનપૂર્વક સમજણ પ્રકટ્યા કરો, એવી હૃદયની પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૦-૪-૧૯૫૩*

જીવનવિકાસની ભાવનાની સમજણને દઢાવી દઢાવીને જીવનના મળતા પ્રસંગને અને તેના હેતુને સમજવાને મથજે. જે તે બધું સ્વીકારી સ્વીકારી જીવવાનું છે, આપણે આપણા કાજે તો દૃઢ મક્કમતાથી જીવવાનું છે. નામસ્મરણ અખંડપણે પ્રકટાવતી રહેજે. એના પર જ તારા જીવનનો સાચો આધાર છે. સદ્‌ગુરુની ભાવનાની ચેતનાત્મકપણે ધારણા સાધકના હૃદયમાં જ્યારે જાગ્યા કરે છે, ત્યારથી એના જીવનમાં કોઈ અનોખાપણું પ્રકટે છે.

શરૂ શરૂમાં ને પછીથી પણ, સાધકે પોતાને થતા રહેતા અનુભવો કોઈને પણ કહેવાના હોતા નથી. તે કારણે પણ

તને બોલવાનું બંધ કરવાનો સ્પષ્ટ અવાજ થતો હોય તેવો પૂરો સંભવ હોય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૪-૧૯૫૩*

## મનની અનિચ્છા

કરણોની શુદ્ધિ થતાં, ચેતનનો પ્રકાશ પોતાની મેળે તે ઝીલતા બની શકતાં હોય છે, પણ દરેક પોતપોતાના નિર્ધારિત થયેલા ચોકઠામાંથી નીકળવાને મન મૂકીને ઈચ્છતું હોતું નથી, એ જ મોટી ખાટલે ખોડ છે.

## કસોટીમાં શહૂર ને પ્રભુકૃપા

'જીવનવિકાસ' એટલે શું એની જ ગતાગમ કંઈ પણ આ જીવને હતી નહિ. વડોદરા કૉલેજ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાવાનું બનેલું. પાસે પૈસા તો મળે નહિ. ઘેરથી તે મળી શકે તેવી સ્થિતિ જ ન હતી. હવે ચલવવું કેમ ને ખાવું પણ શું ? **'નવજીવન'** વેચીને પેટિયું કાઢતો. રવિવારે તે નીકળતું. એક નકલે એક પૈસો મળતો. જેટલા વેચાય તેટલા પૈસા મળે. એટલે જેટલા વેચાય તેમાંથી સાત દિવસ ચલાવવાનું. કેટલાક દિવસ તો એક જ ટંક જમવાનું થતું. એમ કરતાં કરતાં એક 'ટ્યૂશન' પ્રભુકૃપાથી મળી ગયેલું. મહિને ૩૫ રૂપિયા ને તે, તે કાળમાં ! મારા જેવા માટે તો તે ભયોભયો થઈ રહે.

## કસોટી એટલે જ્ઞાન મળવાની ને મેળવવાની તક

આ હકીકત લખવાનું કારણ તો ગમે તેવી કફોડી દશા પ્રકટે ને ગમે તેવી કસોટી પ્રકટે, પણ તેમાં પ્રભુકૃપાથી શહૂર પ્રકટાવીને જીવવાનું ખમીર જો દાખવીએ, તો તેના પણ ઉપાય મળી જ રહેતા હોય છે. ખંતીલા, મથતા ને મચેલાને પ્રભુની કૃપા મળી રહેતી હોય છે. માટે કદી પણ ગમે તેવી દશામાં

કાયર ન બનવું, લાચાર ન થઈ જવું. હંમેશાં પ્રભુના પરમ કૃપાબળથી ટટારી અનુભવવી ને પોતાની જે તે દશામાં મસ્ત રહ્યા કરવું. જીવનને પેલે પાર લઈ જવું હોય તો એ કંઈ જેવા તેવા ઉત્સાહ, ખંતનું કામ નથી. એ કંઈ કાચાપોચાનું કામ ન હોય. કસોટીનો કાળ જ મર્દાનગી દાખવવાનો મહામૂલો પ્રસંગ છે. કસોટી તો પ્રભુકૃપાબળને નોતરવા કાજેની જીવનના પરમ સદ્‌ભાગ્યની સુયોગ્ય તક છે. એવી તકને તો, શ્રીપ્રભુની પરમ પ્રસાદી તરીકે અંતરના ઉમળકાથી સ્વીકારી લેવાની તે તે પળે આપણી પ્રેમભાવે તૈયારી પ્રકટેલી હોવી ઘટે. કસોટીના કાળમાં જ ખરું જ્ઞાન અનુભવવાની પળ જાગતી હોય છે. માટે તેવા કાળે તો પ્રભુકૃપાથી સદાય હૃદયમાં જાગેલું રહેવાય તેટલું ઘણું ઉત્તમ.

## ફકીરી-સાધનાની ગુરુચાવી

'મન લાગો મેરો યાર ફકીરી મેં' એવું એક ભજન છે. ફકીરી એટલે માત્ર ગરીબાઈ નહિ, ફકીરી એટલે ફનાગીરી જ નહિ, ફકીરી જેનામાં મન-દિલ લગાડી દેવાનાં છે, તેના વિના બીજા કશામાં તે ચોંટી જ ન શકે એવી દશા પ્રકટેલી હોય, તેટલું પણ પૂરતું નથી, પણ એનાથીયે આગળ ફકીરીનો ભાવ તો જીવનવિકાસમાં પ્રકટતો હોય છે. 'ફકીરી' એ ત્રણ અક્ષરના શબ્દમાં જીવનવિકાસની સાધનાની ભાવના પ્રકટાવવા કાજેનું તાળું ઉઘાડવાની ચાવી રહેલી છે. એવી ફકીરી સાધનાને કાજે જેના જીવનમાં પ્રકટેલી છે, એવો જીવ કંઈ થોડો જ મોં વકાસીને બેઠો રહેતો હોય છે !

## કસોટીનો મહિમા

કસોટીના કાળમાં પુરુષાતન દાખવી દાખવીને સાહસ, હિંમત, ધીરજ આદિ ગુણોથી પ્રેરાઈ જે ટકી રહેવાનું કરે છે,

તેવો જીવ કસોટીથી ગભરાતો નથી, મૂંઝાતો નથી. કસોટી પ્રકટે છે આપણને આપણા જીવનના સાચા ખમીરની પરીક્ષા કરાવવા. આપણે સાચેસાચ કેટલામાં છીએ એવું જ્ઞાન પ્રકટાવવા એ તો પ્રભુએ મોકલેલી કૃપાની તકરૂપી પરીક્ષાકાળ છે. કસોટીમાં જે જાગતો ને જીવતો રહ્યો તે જીવી ગયો જાણવું. કસોટીમાં ઊભા રહેવાનું જ્ઞાનપૂર્વકનું સામર્થ્ય જે પ્રકટાવી શક્યો, કસોટીમાં જે જીવ અકળાયા વિના શાંતિથી કસોટીનો ઉકેલ, ઉપાય શોધી શોધી, એવા ઉપાયનો આશરો લઈ લઈ આવેલી કસોટીને તરી પાર જવાને ખરેખરી ધગશથી જે જીવ મચ્યો રહે છે, તેવો જીવ કેમ કરીને ગૂંચવાઈ પડે ? ખરી રીતે તો કસોટીનો કાળ ઊલટો એને ચેતાવવા ને સતત જાગ્રત રહેવા કાજે મળેલો હોય છે. કસોટીમાં જે જીવ આનંદની ઉત્કટ માત્રા જાળવી શકે, તેવો જીવ દુઃખની અનંત હારમાળાથી પણ પછીથી કશા આંચકા અનુભવી શકનાર નથી. કસોટી તો જીવનને કસી જોવા કાજેની કસોટી છે. કસોટી પર કસાયા વિના એનું નૂર ને કેટલા ટચનું તે સોનું છે, તે જાણી શકાતું નથી. જેને તેને બધાંને કસોટી પર તો ચઢવું જ પડે છે.

## ખુદાનો બંદો

જે એમાંથી હસતાં હસતાં તરી પાર ઊતરવાને દિલમાં હોંશ, ઉલ્લાસ, ખંત, હિંમત, સાહસ, દૃઢતા, પાકું નિશ્ચયબળ વગેરે વગેરે પ્રકટાવી પ્રકટાવી, એને નવાજી નવાજી પોતે પ્રસન્નચિત્ત રહી શકે છે, એવા જીવને વહાલો પ્રભુ વારી વારી જઈને ભેટતો હોય છે, એવા જીવ એને ઘણા ઘણા વહાલા લાગે છે. સ્થૂળ પ્રકારનું પરાક્રમ તો કેટલાક જીવો બતાવી શકે, પરંતુ સૂક્ષ્મ પ્રકારનું પરાક્રમ ને તે પણ આંતરિક સૂક્ષ્મ વૃત્તિઓની સામેનું ને અહમ્‌ની સામેનું પરાક્રમ દાખવવા

કાજે તો મહા ભગીરથ પરાક્રમની જરૂર હોય છે. એવું સૂક્ષ્મ પરાક્રમ પણ સાધનાનો ભાવ પ્રકટતાં પ્રકટતાં જીવનમાં પ્રકટી જતું અનુભવી શકાતું હોય છે. અભ્યાસ અભ્યાસને વધારે છે, પણ જે અભ્યાસ કરતો હોય તેને ? અહીં તો મરજીવાનું કામ છે. કસોટીમાં જે મરજીવો બને છે, તે જ ઈશ્વરનો સાચો બંદો છે. આપણે તો એના જ બંદા બનવું છેને ?

## સાધકની અગ્નિપરીક્ષાનું દૃષ્ટાંત

જીવનને પકવવા કાજે તો આકરામાં આકરી ભઠ્ઠીની આવશ્યકતા છે. ઈંટને પકવવા, અનાજને પકવવા એમ જુદી જુદી જાતને પકવવા અગ્નિની ગરમીનું માપ પણ વત્તુંઓછું જરૂરનું હોવાનું. જીવનને જે અગ્નિની જરૂર હોય છે, તેનું વર્ણન તે વળી શું કરવું ? એ તો અનુભવે જ સમજાતું હોય છે. જીવનના સાધકને તો અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડે છે, તે સાચી હકીકત છે. **'નવજીવન'** રવિવારે વેચવાનું બનતું હતું, તેવા પ્રસંગની હારમાળામાં એક ફેરા એમ બન્યું કે રવિવારે માત્ર પચાસ પૈસા મળ્યા. સાત દિવસ ચલાવવાનું. તે વેળા કોચરબના ઢાળ પાસે શ્રી ડાહ્યાભાઈ ઈજતરામના બંગલામાં વિદ્યાપીઠના વર્ગો ચાલતા હતા, ને આ જીવ રહેતો હતો ગુજરાત કૉલેજની સામે જે ચાલ છે તે ચાલના સૌથી પહેલા જ ઓરડામાં. હવે સાત પૈસામાં એકેક દિવસ ચલાવવાનું ! વિદ્યાપીઠમાં ભણતો હતો ત્યારે જાતે હાથે પકવવાનું કરતો. તે દિવસોના ગાળામાં કદીક કદીક ચણામમરા ફાકીને દિવસો ગુજારેલા. શહેરમાં સગાંવહાલાંનાં ઘર તો હતાં. ગયો હોત તો પ્રેમથી જમવાનું મળ્યું હોત, પણ તેમાં શોભા ન હતી.

## ધન્ય છે કસોટીમાંથી તરીને પાર ઊતરનારને !

કસોટીને તો વધાવી લેવી ઘટે. જે પરિસ્થિતિ મળી તેનામાં

રહીને તેનાથી ઘડાવાનું સદ્‌ભાગ્ય જીવતું કર્યા કરીએ, તો જીવનના ખમીરની તેજસ્વિતા ને શક્તિ બઢતાં રહે છે. આવી આકરી કસોટી કંઈ અમસ્તી મળતી હોતી નથી. આપણા સંજોગો જ એવા હોય તો બીજું શું થાય ? એ તો કહે છે, 'જે મળે તેનાથી જે જીવ જીવનને ઘડતર આપવાનું કર્યા કરવાનું સ્વીકારે છે, તેમાં હૈયાનો ઉમળકો પ્રકટાવે છે. તેવા જીવને કસોટી જીવનમાં કસોટીરૂપ લાગતી નથી. પણ જીવરૂપી સોનાને શુદ્ધ કરનાર જીવનના સાધન તરીકે તે તેને લાગે છે.' માટે કસોટીમાં દટાઈ ન જતાં તેનાથી ઉપર તરતું રહી શકાય એવી રીતે કસોટીકાળમાં જીવવું અને એવી રીતે જીવવાની કળામાંથી અંતરની શક્તિ છતી થતી હોય છે.

## 'જૈસે કો તૈસા મિલે'

કસોટીમાં જે જીવ દીપે છે, એવા જીવને ધન્ય છે. એવા જીવને અમારા પ્રેમભક્તિપૂર્વકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામો છે. અમારા સાચા હૃદયનો પ્રાણ તો તેવો જીવ છે. ભલેને પછી તે અમારા પ્રત્યક્ષ જીવનસંપર્કમાં ન આવ્યો હોય તેથી શું ? કેટલાય એવા પ્રકારના આત્માના ઓજસભર્યા પરાક્રમથી ને તેમની તેવી તેજસ્વિતાથી અમારા હૈયામાં પ્રાણ પુરાયા કરતા હોય છે. તો વળી કોઈ જીવ પૂછશે કે 'એવા જીવ છે ક્યાં ?' જીવને જેવા પ્રકારની અંતરમાં અંતરથી ભાવના ખરેખરી જીવતી બન્યા કરે તેવા જીવને તેવા પ્રકારના જીવનાં દર્શન-અનુભવ થયાં કરે છે. એમને કંઈ ખોળવા જવા પડતા નથી.

## સદ્‌ગુરુની ઝંખના

માટે કૃપા કરીને કસોટીમાં તો સાબદાં બનીને મરદ સ્વરૂપે જ જીવવાનું કરવાનું હોય. જગતમાં કસોટી કોની નથી થઈ ? જેની કસોટી થઈ ન હોય તે પાક્યો પણ શેનો

ગણાય ? કસોટી તો ભલભલાની થયેલી હોય છે. તેનાથી કોણ બચ્યું છે ? કસોટીમાં તું એવી તરતી તરતી જીવનમાં શોભ્યા કરે, એવા અનુભવનું દશ્ય જોવાનું સદ્‌ભાગ્ય આ જીવને તું સંપડાવજે. એવી પ્રાર્થના છે.

## આપણી માલિકીનું કંઈ જ નહિ

આપણામાં જે જે કંઈ શક્તિ સ્વરૂપે છે, દાખલા તરીકે બુદ્ધિ, પણ તે શું આપણી પોતાની માલિકીની છે ખરી ? એને આપણે ધારીએ છીએ તેવી રીતે શું ચલાવી શકીએ છીએ ખરાં ? વિચારની શક્તિ, બુદ્ધિની શક્તિ, કર્મની આવડતની શક્તિ, સમજણની શક્તિ, કર્મકૌશલ્ય-આવી જાતના આવા બધા આપણી સમજણના ફાંકા આપણે તોડતા જ રહેવાનું છે. જે જે સમજણ જે જે પ્રકારની આપણામાં છે, તે તે બધું કંઈ આપણું નથી. તે તો સર્વવ્યાપક છે. ચેતન જ્યાં ત્યાં બધે જ ફેલાયેલું પડ્યું છે. તેમાં તેમાં તે બધું છે જ. વળી, જે જે સમજણો આપણી કને આવી છે, તે તે સમજણ આપણને કોઈકની કનેથી મળેલી છે. આપણામાં તેવી ભૂમિકા હોવાથી, તે આપણામાં તે રીતે સ્થિત થઈ, વળી બીજાનામાં તે બીજી રીતે સ્થિત થઈ. તેમ એકની એક શક્તિ, અનંત સ્વરૂપે અનેકમાં વહેંચાયેલી, વ્યક્ત થયા કરેલી છે. 'આ બધું કેમ થયું ને ક્યાંથી ઊપજ્યું ને એનું મૂળ શું ને એ શેના પર અવલંબિત છે, એનો સંબંધ આપણા એકલાની સાથે કે બધાંની સાથે,' એવા પ્રકારના 'આદિ-અનાદિ'ના કોયડામાં ઊતરવા કરતાં તેવા કાળમાં યોગ્ય રીતે કેમ વર્તવું એના પર જે જીવ વિશેષ જ્ઞાનભક્તિપૂર્વકનું મહત્ત્વ આપે છે, તેવા જીવને જીવનની સાચી જીવંત કળા પ્રકટાવવામાં પ્રત્યક્ષ લાભ મળતો રહે છે. તેથી તે જીવે જેમાં ને તેમાં તે તે પ્રકારનું અહમ્ સમજી સમજીને ત્યાગતા રહેવાનું છે.

જો જીવે કંઈ કશી આવડતનો જરા સરખો પણ ફાંકો રાખ્યો કે તે મૂઓ જ પડ્યો સમજવો. એટલે ફાંકો ન હોવો એનો અર્થ પાછો એવો તો નથી જ કે કર્મને ગમે તેમ યદ્વા તદ્વા કર્યા કરવાનું હોય. કર્મને તેની યોગ્ય યોગ્ય વ્યવસ્થામાં, ઉત્તમ કળામાં, ઉત્તમ કુશળતામાં, ઉત્તમ ભાવમાં-એનાં દરેક પાસાંમાં દરેક પ્રકારની ઉત્તમતાથી જ કર્યા કરવાનું હોય છે. કર્મનું કર્તાપણું, તેનું ઉત્તમપણું, તેનું કૌશલ્ય, એની શક્તિ, એની કળા-એ બધું જ, જીવનું નથી જ નથી. તે તો બધું વાતાવરણના ચેતનના વિસ્તારપણામાંથી પ્રકટેલું છે. માટે તે તે બધું શેમાંથી છે અને કોનું છે અને કેવી રીતે છે, તેને આપણે સાચી રીતે સમજવાનું છે. વળી, જેમાં ને તેમાં એનો ભાવ જ પ્રકટાવવામાં સાર છે.

## જાતની છેતરપિંડી ખોળી કાઢો

જરાક કંઈ કશું સારું થયું કે સારી સમજણ પ્રકટી અથવા કંઈક કશું ઉત્તમ રીતે બન્યું, કંઈક કશું ઉત્તમ રીતે ફાવી શકાયું, એવું સંસારવહેવારમાં થતાં મનજીભાઈ કેવા કેવા ફુલાયા કરે છે, તે શું આપણું અજાણ્યું છે ? આપણે આપણી જાતને અનેક રીતે છેતરતાં હોઈએ છીએ. ક્યાં ક્યાં તેમ થયા કરે છે તે શોધી કાઢી તે તે વેળા ચેતીને તેની કને આપણે કાનપટ્ટી પણ પકડાવવી જ પડવાની છે, તે લક્ષમાં રાખવાનું છે તે જાણજે.

## જાતને ઓળખીને પછી મથો

'અનંત પ્રકારના દોષનો ભાજન છું,' એમ પ્રત્યક્ષ આ જીવે જાણી જાણી એની અધમતાનાં દર્શન એને કરાવેલાં. એને પાછા એના ઠીક સ્વરૂપમાં પ્રકટાવવા કાજે, એને યોગ્ય ભાવે મઠારાવવા કાજે, પ્રાર્થનાનો જ્ઞાનભક્તિપૂર્વકનો ઉપયોગ પણ એની કૃપાથી લીધા કરેલો. તેથી આપણે જેવા હોઈએ

તેવા ને તેવા જો આપણને દેખાયા તોપણ આપણે કશું જ કરવાનું નથી કે આપણાથી કશું થઈ શકવાનું નથી એમ માનીને જો બેસી રહ્યા તો જાણવું કે હવે આપણું થઈ પરવાર્યું. આપણે એની કૃપાથી મથવું તો જોઈશે જ. એની કૃપામદદની પ્રાર્થના તે તે વેળા તો હૃદયમાં કર્યા કરતાં હોઈશું.

## કૃપા હોવા છતાં સાધનની જરૂર

શ્રીભગવાનની કૃપા સર્વ વાતે સમર્થ છે, તે સાચી હકીકત છે, પણ બાળકનામાં ચાલવાને કાજે જેવો નૈસર્ગિક urge(પ્રેરણાત્મક ધક્કેલતો આવેશયુક્ત એક પ્રકારનો આવેગ) પ્રકટે છે, તોપણ એને ચલવતું કરવાને કાજે સાધનની થોડી ઘણી પણ અપેક્ષા રહેતી હોય છે. જરાતરા કંઈ પણ કશા સાધનના અભ્યાસ વિના આધારમાં ચૈત્ય પુરુષ જાગી જતો હોય છે, એમ માનવામાં સાર નથી. અભ્યાસ વિના કંઈ કશું બનવું શક્ય નથી. જે બાબતમાં જેવો અભ્યાસ તે બાબતની તેવી સમજણ પ્રકટે છે એ તો અનુભવની હકીકત છે. જેથી જેમાં ને તેમાં અભ્યાસ મોટી વાત છે.

## આપણે તો ભાગે આવેલું કર્યા જ કરો

હા ! કૃપાની શક્યતા છે, પણ તેથી શક્યતા એટલે સર્વસાધારણતા કે સર્વસામાન્યપણું એમ માનવાનું કશું કારણ નથી. જે કરવાનું છે તે કરવાપણાની ભાવનાની ધારણા હૃદયસ્થ જીવતી રહ્યા કરતી હોય, તેવી આધારભૂમિકાથી જે તે કંઈ જો આપણાથી યથાયોગ્યપણે બન્યા કરતું હોય, તો પણ 'માંહેલો' જરૂર જાગી જવા પૂરો સંભવ રહેલો છે. આપણે તો સંપૂર્ણમાં સંપૂર્ણ અહંમુક્ત પ્રભુકૃપાથી બની, એના એવા ભાવની ધારણાશક્તિ હૃદયસ્થ કેળવી કેળવી જે તે બધું કર્યા કરવાનું છે.

## પ્રાર્થનાનો સજીવ આધાર

આ જીવને કોણ શીખવવા આવ્યું હતું ? તે જ આવ્યો હતો કે કોઈ બીજો ? સ્થૂળ સ્વરૂપે તો સદ્‌ગુરુ પાસે હતા જ નહિ, ત્યારે શું એને કંઈ કશું નડ્યું જ નહિ હોય ? જેમાં ને તેમાં પ્રાર્થનાનો સજીવ આધાર લેવાનું આપણે શીખવાનું છે.

આ જીવની નાનપણની આર્થિક દશા તો ઘણી ઘણી ગરીબાઈની. કાલોલની અંગ્રેજી નિશાળમાં ભણતો થયો, ત્યારથી અમારી તે શાળાના મુખ્ય શિક્ષકના સંપર્ક ને સંબંધને કારણે કાલોલના નાગરવાડામાં તેને જવા આવવાનું વધારે થયેલું. તે ગરીબ હોવાથી સહુ કોઈ દયા કરે ને કામ બતાવે. પહેરવાને કાજે જૂનાં પણ સારાં, ફાટી ન ગયાં હોય તેવાં જ કપડાં પણ પહેરવા આપે, જોકે આ જીવે તે પહેર્યાં નથી, તેમ પાછો નકાર પણ ભણ્યો નથી. પ્રેમભાવે તે લઈ લેતો ને તેમને તેમને સારું લાગે તેથી થોડીક વાર પહેરી તે ઘેર લઈ જતો, કાં તો કોઈ મારાથીયે વધારે ગરીબ હોય ને પહેરવાનું ન હોય તેને આપી દેતો, પણ તે પ્રેમભાવથી કરીને, દયા ખાઈને તો નહિ જ.

## ગરીબની સેવા તે ભગવાનનો કૃપાપ્રસંગ

ગરીબ પરત્વેના વર્તાવમાં આપણે ઘણી ઘણી હૃદયની સલુકાઈ રાખવાની છે. આ જીવે ગરીબાઈમાં જીવન ગાળેલું હોવાથી ગરીબના દિલની તેને ખબર છે. એને પણ આત્માની વેલ હોય છે. એને પણ ફૂલવાફાલવાની હોંશ અને પ્રેરણા હોય છે. એને પણ વધવાની સગવડ સમાજે આપવી ઘટે છે. એને પોતાનું જ અંગ, સગું, છૈયુંછોકરું જાણીને એને ઊંચે પ્રકટાવવા કાજે પોતે પોતાનો હાથ આપવો જ ઘટે. એટલે આપણા રોજિંદા જીવનવહેવારમાં જ્યારે જ્યારે એવા પ્રસંગ

મળે, તે તે પ્રસંગ શ્રીભગવાનની ભક્તિનો પરમ કૃપાપ્રસંગ છે એવી ચેતનપૂર્વકની ભાવના ત્યારે હૃદયમાં હૃદયથી દૃઢાવી દૃઢાવી (જેની ભાવના સહજ થઈ ગઈ હોય, તેને કાજે આ લખાણ નથી.) પોતે તેની પરત્વે પ્રેમભાવના રાખીને વર્તવાનું કરવું. આથી, આપણને કુટુંબમાં જે જે બધા જીવ મળેલા છે, તેમની પરત્વે પણ સદ્ભાવ રાખવાનો મહાવરો પડશે.

## નોકર પરત્વે માણસાઈ રાખો

ઘરમાં નોકર પરત્વે પણ માણસાઈનો પ્રેમભક્તિયુક્ત વર્તાવ આપણો હોવો ઘટે. આ જીવે નોકર તરીકે કામ કરેલું છે અને તે પણ સવારથી તે રાતના મોડા સુધી, એકધારું. ભલેને વધારે સમય એની કને કામ લેવાનું થયા કરે, પણ જો આપણા હૃદયનો ભાવ એના પરત્વે સલુકાઈભર્યો ને એની દશાની સાથે સહાનુભૂતિવાળો હોય, એને બે શબ્દ પ્રેમભાવના થાક્યેપાક્યે કહેવાનું બને, તો તેને તે કેટકેટલું સારું લાગતું હોય છે ! આ જીવની તેવી વેળા જે કોઈ કદર બૂજતું ત્યારે એવા જીવ પર આ જીવ તો વારી વારી જતો.

## હવે ગરીબનો વારો આવશે

ગરીબનું કોઈ ધણીધોરી નથી. ગરીબને સહુ કોઈ અવગણી શકે છે. ભૂલેચૂકે પણ આપણે તેવું કરવું નહિ. ગરીબની કોઈ ‘દયા’ ખાશો નહિ. દયા ખાનાર આપણે કોણ ? એ કોઈ કને દયા નથી માગતો, માગે છે ન્યાય. એ આપી શકાતો હોય તો આપજો. તમારી દયાબયાનો એને ખપ નથી. સમાજ આજે એની ગરદન પર ચઢી બેઠો છે. આવતી કાલે તે સમાજની ગરદન પર ચઢી બેસવાનો છે. સમાજ એને લૂંટીલૂંટીને આજ લગી નભ્યો તો આવતી કાલે તે સમાજને લૂંટીને નભવાનો છે. એવી આ અનંતકાળની રમત છે.

## ગરીબ-ધનિકની બાબતમાં આપણી દૃષ્ટિ

એમાં આપણે તો આપણા જીવનવિકાસના ભાવે જીવવાનું છે. કોઈનીયે અવગણના ન થઈ જાય, કે કોઈનેયે તુચ્છકારાય નહિ, તેમ કોઈનીય દયાબયા આપણે ખાવાની ન હોય, પણ સહાનુભૂતિ ધરાવી શકાય. હૃદયની ભાવનાનો યોગ્ય વર્તાવ થાય તો ઉત્તમ. ગરીબને લૂંટતા વાણિયાનો વેપાર મેં જાતોજાત નીરખેલો છે, તેમ છતાં તે વેળાએ પણ તેવા વેપારીની અવગણના કરેલી નથી.

## શેઠ અને ધનિકની દૃષ્ટિ

ગરીબથી આડુંઅવળું થઈ જવું કોઈથી સહન થઈ શકતું નથી. એને પ્રેમભાવથી સમભાવે, યોગ્યભાવે જોઈ શકવાનું કોઈથી બનતું નથી. એના પર શિરજોરી કરવા એના માથે સહુ કોઈ ચઢી બેસે છે. જ્યાં જ્યાં હોઉં છું, ત્યાં ત્યાં મને તેવાં તેવાં દર્શન થતાં રહે છે. તેવી વેળા હૃદયમાંનો આ જીવનો આત્મા જરૂર પોકારી ઊઠે છે. તેનો સાથ તો હોય છે પેલા અન્યાય થનારના પક્ષમાં જ. ગરીબની હાય જેવી તેવી હોતી નથી. આપણે ઉત્તમ રીતે સદ્‌ભાવથી વર્તતા હોઈએ, તોપણ કેટલાક ગરીબ અવળી રીતે વર્તતા પણ હોય, તો આપણે એની સાથે કામ ન પાડીએ. એની સાથે આપણને ફાવટ નહિ આવે એમ સમજીને એને પ્રેમભાવથી ફારેગ કરી શકીએ, કિંતુ હોય ત્યાં સુધી એની સાથે પૂરેપૂરી માણસાઈથી વર્તીએ તે આપણા કાજે ઉત્તમ છે. ગરીબ થયો કે નોકર થયો એટલે જાણે બસ ! તેનામાં જાણે સમજણ ન હોય, અક્કલ ન હોય, આપણું ગમે તેવું સાંભળવાને તેણે તૈયાર જ રહેવું જોઈએ, સામો એક અક્ષર પણ તેનાથી ન નીકળવો ઘટે, આપણે તેને ગમે તે કહીએ તે બધું તેણે મૂંગે મોઢે સાંભળ્યા

જ કરવું ઘટે, આપણને રુચે તેટલી ઝડપે ને તે રીતે જ તેણે કામ કર્યા કરવું જોઈએ, એવી સમજણની ધારણા નોકરને વિશે આપણાં બધાંની છે. એવા જીવો કાજે તો હવે નોકરોને પણ કામ કરવાના કલાકોનો કાયદો ઘડાય તો ઘણું ઉત્તમ. પ્રભુકૃપાથી તેવો કાયદો થાય, તો આ જીવ વિશેષ રાજી થાય. કેટલાક લોક તો, મોડા મોડા જમે, મોડા સૂવે, ને તે પછી નોકરને સૂવાનું હોય, ને પોતે જાગે તે પહેલાં પાછું તેને ઊઠવાનું હોય. આ રીત ઘણી અઘટિત ગણાય. મારે પ્રભુકૃપાથી તેવું સહેવાનું આવેલું, પરંતુ તેવું સહેવું આ જીવને કઠેલું નહિ. હું તો જાણે પ્રભુકૃપાથી આનંદથી તે કાળે વર્તતો હતો ને તેવું સહેવામાં તપશ્ચર્યાનો ભાવ રાખતો હતો. વડીલોના ગુણની અને જે જે જીવો મળેલા છે તેમના ગુણની પૂરી સાચી તું ભક્ત બનજે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૨-૪-૧૯૫૩*

## ગુરુભક્તિ તથા આજ્ઞાપાલનના લાભ

મળેલું ધન ઉપયોગને અર્થે જ હોય છે. એને વેડફી દેવાનું હોતું નથી. જોકે કેટલાક જીવો તેમ કરતા હોય છે, તે વળી જુદી હકીકત છે. તેવી રીતે સદ્‌ગુરુનું સાધન પણ ઉપયોગ અર્થે છે. એનો જે જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગ કરે છે, તેવો જીવ એનો યોગ્ય લાભ ઉઠાવી શકતો હોય છે. જીવનવિકાસની સાધનામાં ભાવનાના ઉદ્દીપન અંગે સદ્‌ગુરુ પરત્વેનાં હૃદયમાંથી પ્રકટેલાં પ્રેમભક્તિ જરૂરનાં છે. સદ્‌ગુરુની સ્થૂળ સેવા કરવી એ તો તદ્દન સહેલી છે. તે કરવા કરવાની કળામાં પણ ઘણો ફરક રહેલો છે. એવી કળા દરેકનામાં કંઈ હોતી પણ નથી. જીવનવિકાસ કાજે જો સાચેસાચો લાભ લેવો હોય તો તેના વચનનું યથાયોગ્યપણે પાલન કરવાનો હેતપૂર્વકનો જ્ઞાનયુક્ત

અભ્યાસ હૈયાના ઉમળકાથી આપણે રાખ્યા કરવાનો છે. આપણે જાણતા હોઈએ છીએ કે એમના પરત્વે આપણાં માન, આદર, પ્રેમ, ભક્તિ વગેરે વગેરે છે, પણ તેનાથી કરી આપણી જીવન પરત્વેની ભાવના ઉચ્ચતર બનતી અનુભવાય તો જ તેના પરત્વેની આપણી તેવી તેવી ઉપરની ભાવના ઉપયોગની નીવડેલી ગણી શકાય, સદ્‌ગુરુ પરત્વેની હૃદયની પ્રેમભક્તિ જો યથાયોગ્યપણે જીવનમાં પ્રકટેલી હોય, તો તે જીવનવિકાસ અંગે આપણને જેમ વર્તવાને કહે-કરે, સૂચના કરે તો તે જ પ્રમાણે વર્તાય. સદ્‌ગુરુના વચનનું યથાયોગ્યપણે હૃદયના ઉમળકાથી પાલન થવાથી, સદ્‌ગુરુનો અંતરનો ભાવ આપણા હૃદયમાં ઊતરી શકવાની વાસ્તવિકતા પ્રકટતી હોય છે. વચનનું જ્ઞાનભક્તિપૂર્વક તેના હેતુના ભાવાર્થ સાથે યથાયોગ્ય પાલન થયા વિના નિર્ભરપણું, નિર્વૈરપણું આદિ ગુણો સંપૂર્ણ પ્રમાણમાં જીવતા ઉપયોગમાં પ્રવર્તી શકે એવા અર્થમાં ને એટલા પ્રમાણમાં તે પ્રકટી શકતા નથી.

## ગુરુ પરત્વેનો યોગ્ય ભાવ

ગુરુના આંધળા અનુકરણથી કશો શુક્કરવાર વળી શકતો નથી. તે તો જીવનનું અજ્ઞાનતામાં મૃત્યુ છે. ગુરુ કરવા ખાતર ગુરુ કરવા એ તો મુદ્દલે ખપનું નથી, પરંતુ જીવનવિકાસની ભાવનાને જીવનમાં ઉપયોગમાં પ્રવર્તાવવા કાજે સદ્‌ગુરુનું જ્ઞાનભક્તિપૂર્વકનું સેવન કરવાના ભાવે જીવનવિકાસની ભાવનાના આધારના સાધનરૂપે સદ્‌ગુરુ કરેલા હોય, તો તે ગુરુ ખપના છે. એવું જો સાચેસાચ એના યોગ્ય ભાવાર્થમાં આપણા જીવનમાં હૃદયથી પ્રકટેલું હોય, તો એનું લક્ષણમાપ એ છે કે એની ગરજ આપણામાં જાગી ગયેલી જીવનમાં અનુભવાશે. જો એવી પૂરેપૂરી સાચી ગરજ જાગી

ગયેલી હોય તો મન ફરી ફરી, વળી વળી એના તરફ જ વળ્યા કરે. એમ હોય તો એ વારંવાર હૃદયમાં યાદ આવ્યા કરે. જેની ગરજ વધારે, તેને જ આપણે જરૂર ખોળતા જતા હોઈએ છીએ. ગુરુ કર્યા તે જીવવાને કાજે. એનો ઉપયોગ જો તેના હેતુ અર્થે, જ્ઞાનપૂર્વક, યોગ્યપણે ન કરી શક્યાં તો મૂઆં આપણે ને મૂઆ તે ગુરુ.

## સદ્‌ગુરુનું કાર્ય

ગુરુ આપણને સૂવા કેમ દે ? કંઈ નહિ તો વચનનાં બાણ મારી મારી આપણને જગાડે. બાણ સાંભળી સાંભળીને પણ જ્યાં આપણે જ બુઠ્ઠાં બની જતાં હોઈએ તો તો પછી થઈ ચૂક્યું. તેવું અનુભવાતું હોય ને જીવનવિકાસની સાચી ભાવના અર્થે એને જ્ઞાનપૂર્વક વળગવાનું ન થતું હોય, તો ગુરુ કર્યાનો કશો જ અર્થ નથી. ગુરુ એની મેળે તો કશું જ કરશે કરાવશે નહિ. આપણામાં ઉત્કટમાં ઉત્કટ તમન્ના જીવનની ભાવના પરત્વે જાગેલી હોવી જોઈશે. બાકી તો આપણી જેવી ભૂમિકા હશે, તે તે પ્રમાણે તે આપણામાં રમ્યા કરશે. તે એટલે ગુરુ, પણ જો ખરેખર સાચો હશે તો તો તેવો ગુરુ આપણામાં એના પરત્વે રાગ પ્રકટાવીને, એના આકર્ષણ વડે સમજાવી ઊંચે લેવાને આપણને મથાવ્યા કરશે. અપરંપાર તામસ હોય, પ્રમાદ હોય, ને તે કારણને લીધે સમયનો સદુપયોગ ન થઈ શકે એવું અનુભવથી ગુરુને લાગ્યું હોય તેવા જીવને જીવનવિકાસના ઉત્તમ સંસ્કાર પ્રકટે તેવા હેતુના જ્ઞાનથી એને તે એવાં કર્મ સોંપ્યા કરશે.

## આપણું કાર્ય

એવાં સોંપાયેલાં કર્મને જો પેલો જીવ તે કર્મ પ્રેમભક્તિભાવના પ્રકટાવવા કાજે મળેલાં છે, એમ તે વેળા

સમજી સમજી, તે કર્મનાં મહત્ત્વ, રહસ્ય, ખૂબી જો તે અંતરમાં અંતરથી સમજ્યા કરવાનું કરે, તેવાં મળેલાં કર્મને તે પોતાને જીવનમાં ઘડાવાને ઉત્તમ કરામત સમજી, એને એનાં સકળ પાસાંઓથી કરી ઉત્તમમાં ઉત્તમ રીતે આચરે, તે કરવામાં હૃદયના સકળ આનંદને પ્રકટાવી, તે આનંદને કર્મના પ્રેરકબળ તરીકે ઉપયોગમાં પ્રવર્તાવે, તો તો તેવાં તેને સોંપાયેલાં કર્મ એને જીવનમાં પ્રકટાવ્યા કરે. ગમે તેમ હોય તેમ છતાં ગુરુ પોતાને મળેલાં સ્વજનોને એકની એક દશામાં પડી રહેવા તો દેતો નથી. એ તો ઊલટપૂલટ કરાવ્યા કરે છે. કિંતુ એનો યોગ્ય જ્ઞાનપૂર્વકનો જીવનમાં લાભ ઉઠાવવાનું કામ પાછું આપણા બધા જીવોનું છે તે જાણજે.

**એક શંકા ને તેનો જવાબ**

'આપણે જોકે ખરેખર હૃદયથી એમ માનતા હોઈએ કે આપણો સદ્‌ગુરુ સમર્થ છે, તોપણ એનો ભાવ પ્રેરણા તરીકે આપણામાં કામ કેમ નથી કરી શકતો ? તે આપણામાં ઊર્મિ કેમ નથી પ્રકટાવી શકતો ? તે આપણને ખેંચીને ઉપર કેમ નથી લઈ જતો ?' આવા આવા પ્રશ્નો પૂછનાર જીવોને પણ જાણેલા છે. શાળામાં શિક્ષક તો એકનો એક હોય છે. તે શિખવાડતો હોય છે તો બધાંને, પણ જે હોશિયાર હોય છે તે વધારે શીખી લે છે. કોઈ વિદ્યાર્થી શીખવનાર પરત્વે ધ્યાન નથી આપતો ને ડાફરિયાં માર્યા કરતો હોય, તેવાને શિક્ષક ટકોરે છે તો ખરો, પરંતુ થોડી વાર પછી પાછો તે તો હતો તેવો ને તેવો. તો તેવો કેવી રીતે શીખી શકે ?

**સદ્‌ગુરુનાં લક્ષણો**

'તો હવે ગુરુ જ સાચા છે કે નહિ તેની પરીક્ષા કોણ કરી શકે ? આપણી કને તો એને ઓળખવાને કાજે ગજ નથી !'

એમ કહેતાં સાંભળ્યું છે, પરંતુ તે પણ યથાર્થ નથી. પ્રસંગે પ્રસંગે જે એની સમજણ પ્રવર્તતી હોય છે તે સમજણ, વહેવારવર્તન-પ્રસંગમાં તે બીજાને દોરવણી આપે છે તે હકીકત તથા એના કર્મનું કૌશલ્ય, એનો સૂક્ષ્મ વિવેક, એની જેમાં તેમાં સહજમેળે તારતમ્ય શોધી કાઢવાની આવડત, જરાક જેટલા પરિચયમાં આવતાં પણ કોઈની પ્રકૃતિની યોગ્ય સમજણ પ્રકટી જવી તથા તેના (પ્રકૃતિના) આકાર-પ્રકારને તે જેટલું સમજી શકે છે તેટલા પ્રમાણમાં સંસારના વહેવારકુશળ ગણાતા જીવો પણ સમજી શકતા હોતા નથી તે હકીકત, પ્રસંગને તેની યથાર્થતામાં સમજવાની તેની કળાશક્તિ, સર્વ મળતા જીવોને સમજવાની ને તેમના તેમના યથાર્થપણામાં સ્વીકારવાની શક્તિ, જુદી જુદી પ્રકૃતિ અને સ્વભાવના જીવો સાથે એનો વર્તનપ્રકારનો સુમેળભાવ ને તેવા તેવા જીવો સાથેની તેની સુમેળભાવના, વર્તનકળા- આવું આવું અનેક પ્રકારનું જે સદ્‌ગુરુમાં પ્રકટ હોય છે તે જો તેના યોગ્ય ભાવમાં જોઈ શકીને તેના (ગુરુના) જીવનની યથાસ્થિતિ કેવા પ્રકારની હોઈ શકે તે જો સદ્‌ભાવથી આપણાથી સમજી શકાય તો એ ભાવથી તે (ગુરુ) સાચી રીતે પરખાઈ શકે એવા હોય છે. વૃત્તિ, વિચાર, ભાવના આદિનું સૂક્ષ્મમાં સૂક્ષ્મનું સમતાપૂર્વકનું નિરીક્ષણ, અવલોકન, પૃથક્કરણ કરી કરી, તેનું તેનું યથાસ્થાને શું શું યથાયોગ્યપણું હોઈ શકે તેનું સ્પષ્ટ હકીકતપણામાં વર્ણન કરી બતાવવું, પ્રત્યેક મનાદિકરણના પ્રાકૃતિક ધર્મ અમુક અમુક કક્ષામાં કયા કયા ને કેવા કેવા હોઈ શકે, જીવનની અમુક અમુક સ્થિતિ પ્રકટતાં તેનાં શાં શાં માપલક્ષણો હોઈ શકે તેનું યોગ્ય આકલન કરીને તે આપણને સમજાવવાનું બની શકવું,

તેવાના જીવનની બીજી લાક્ષણિક ઢબો, એવાથી અનેક પ્રકારના જુદા જુદા થતા રહેતા અનુભવો, એવાના સંબંધ-સંપર્કના પરિચયથી થોડીઘણી પણ કોઈ કોઈ બદલાતી રહેતી પ્રકૃતિના દાખલાઓ વગેરે વગેરે બધાંથી કરી એની (સદ્‌ગુરુની) યથાયોગ્યતા સમજી શકાય એવું હોય છે.

## ગુરુને કસીને સ્વીકારો, પણ પછીથી તો હૃદયની પ્રેમભક્તિ જ રાખો

સદ્‌ગુરુને પણ પારખી પારખી સ્વીકારવાનો હોય છે. સ્વીકારતા પહેલાં જે કંઈ અંતરમાં જાણવું કરવું હોય, તે બુદ્ધિની, ભાવના આદિની મદદ વડે જાણી લેવાનું કરી શકાય, પણ એકવાર તેને હૃદયથી સ્વીકારાયા બાદ તેની સાથે ખાલી ખાલી ગતકડાં કરવાં, તેની સાથે અમથી રમત આદરવી, તે આપણા કાજે જરા પણ યોગ્ય નથી. તેને આપણા જ જેવો સમજવામાં, માનવામાં, જાણવામાં આપણો પ્રકૃતિદોષ રહેલો છે, તે નક્કી પ્રમાણવું. આપણા જીવનમાં જ્ઞાનનો અનુભવ પ્રકટાવવા, આપણા જીવનમાં તેના પરત્વે સન્માન-આદર, પ્રેમ, ભક્તિ આદિ ભાવનાની ઘણી ઘણી જરૂર રહે છે.

## પ્રેમભક્તિની જરૂરનાં કારણો

પ્રેમભક્તિ કંઈ તેને કાજે નથી રાખવાનાં. તેને તેવી કંઈ જરૂર પણ નથી. તે તો આપણે તેનો જીવનમાં યોગ્યપણામાં સ્વીકાર કરી શકીએ એવી ગ્રહણાત્મક જીવનની ભૂમિકા આપણામાં પ્રકટ્યા કરે, તેવા હેતુના જ્ઞાન કાજે તેના પરત્વે તે (પ્રેમભક્તિ) આપણે રાખ્યાં કરવાનાં હોય છે. તેનાં વચનો આપણા આધારમાં હૃદયમાં હૃદયથી આચરી શકાય તેવા પ્રકારની ભૂમિકા કેળવવાને કાજે તેવી તેવી ભાવના તેના પરત્વે રાખવાની આવશ્યકતા હોય છે. વળી, તે કરતાંયે તેના

હૃદયનો જીવતો ભાવ ઉપર જણાવ્યા તેવા ભાવોથી રંગાયેલા હૃદયમાં જ ઊતરી શકતો હોય છે. એવો એનો ભાવ ઊતરવા કાજે, પ્રકટવા કાજે, અવતરણ થવા કાજે તે માગી લે છે ભૂમિકા. તેવી અંતરની ભૂમિકા પાકે છે તેના પરત્વેના ઉપલા ઉપલા ગુણોના જ્ઞાનપૂર્વકના જીવતા અભ્યાસથી.

## સદ્‌ગુરુનાં બીજાં સુલક્ષણો

આપણને મળેલા ગુરુના ગુણોની પણ ખબર પડી શકતી હોય છે. એની અપાર નિઃસ્પૃહતા ને એની અપરંપાર સ્પૃહા, એનું આપણી સાથેનું ઘણું ઘણું પરવાપણું ને તે સાથે સાથે પાછું આપણી સાથેનું એનું બેપરવાપણું, એનો રાગ ને રાગનું અભાવપણું, પ્રસંગમાં સાથે હોવા છતાં પ્રસંગથી તરીને ઉચ્ચપણે પ્રવર્તાઈ શકાવું, જે તે કંઈમાં સોંસરવી ઊતરી જતી એની પારદર્શક દૃષ્ટિ આપમેળે જે તે કંઈ બન્યા કરે તે જ કર્મ એવી એની સમજણ ને વર્તન, કર્મને કે સંબંધને કદી પણ ખોળવા જવાની જરા સરખી પણ એનામાં વૃત્તિ જ જાગી ન શકે એવી એની દશા પ્રવર્તે છે. જેમ જેમ જે થતું જાય તેમ તેમ તેની યથાર્થતામાં તેમાંના ચેતનનાં દર્શન-અનુભવને એ પામતો રહે છે, એવા એવા અનેક પ્રકારના એના જીવન-અનુભવનાં પાસાંને જો આપણાથી તટસ્થતા અને સમતાથી અવલોકવાનું બની શક્યું, તો તો એવાની (સદ્‌ગુરુની) યથાયોગ્યતા આપણાથી સમજાયા કરે. અધીરાઈ ને અસ્વસ્થતા પ્રકટી શકે તેવે પ્રસંગે ધીરજ ને સ્વસ્થતા પ્રકટેલાં જેનામાં અનુભવી શકાય છે, જેના વડે કરીને જીવનમાં ધીરજ, હિંમત, સહનશીલતા, મતસહિષ્ણુતા, સર્વ પરત્વે સદ્‌ભાવ ને સમભાવ આદિ આદિ આપણામાં પ્રકટેલાં અનુભવી શકાય છે, જેના વડે કરીને આપણા સંસારવહેવારવર્તનમાં, પ્રસંગમાં, પ્રસંગને

યોગ્ય એવી ઉત્તમ પ્રકારની સમજણ આપણામાં પ્રકટતી અનુભવી શકાતી હોય છે, જેના વડે કરીને આડેઅવળે ભાગી જવાતાં દિલને સંકોચ જન્મતો, અનુભવાતો હોય છે, જેના વડે કરીને અણદીઠ, ઓચિંતી કંઈક કશા વિશે પ્રેરણા મળ્યા કરતી હોય છે, આપણને મળેલ કર્મના ક્ષેત્રમાં જેના વડે કરીને ન કલ્પી શકાય, આશા પણ રાખી ન શકાય એવી મોટી મોટી વ્યક્તિની આપોઆપ મદદ મળ્યા કરતી અનુભવાય, તે કર્મના ક્ષેત્રમાં ઊપજેલા જટિલ ગૂંચ-પ્રશ્નોનો સહજમેળે સરળતાથી ઉકેલ આવી જવાપણું બનવું, જે કર્મના ક્ષેત્રમાં આપણા અનુગામીઓથી જે બની જ ન શકતું હોય તે આપણાથી શક્ય થવું, જેના આધારથી કંઈક કંઈક કર્મની યોગ્ય સમજણ આપોઆપ જીવનમાં પ્રકટતી જતી અનુભવવી, તેવાં થતાં જતાં કર્મમાં જેની સૂક્ષ્મ હાજરી પરોક્ષ પણ વાસ્તવિકપણે જાણે કે હોય તેમ લાગ્યા કરવું, તેવાં કર્મના ક્ષેત્રમાં જાણે કે તે આપણી સાથે હોય તેવી ખરેખર લાગણી તે તે કાળે અનુભવવી, અનેક પ્રકારની સહજમેળે બધી જાતની યોગ્ય સરળતાઓ પ્રકટી જવી, તે તે કાળે જીવનના અમુક તબક્કામાં જોઈતી મદદ મળ્યા કરવાનું થવું, તેનું (ગુરુનું) એવું એવું અનેકના જીવનમાં અનુભવમાં આવવાપણું હોવું, તથા તેવા બીજા અનેક જાતના અનુભવો થવા, તેવું જો તેનું બધું આપણને તદ્દન વાસ્તવિક લાગતું હોય, તેવા લાગવાપણામાં સંપૂર્ણ યથાર્થતા હોય, ને ક્યાંય અતિશયોક્તિનો એક શબ્દ પણ ન હોય, તો પછી એવાને આપણે સ્વીકારવો તે યથાયોગ્યપણે છે, એમ માનવું ને જાણવું.

### સહજમેળે હૃદયથી ઉત્તમ સ્વીકાર

ગુરુના હૃદયભાવને સહજમેળે જો જીવનમાં આપણાથી

સ્વીકારાઈ શકાતો હોય તો તો તે સર્વથી ઉત્તમ છે. તર્કશક્તિથી, બુદ્ધિની મદદથી, વળી બીજી રીતે વિચારી વિચારીને એની (ગુરુની) યથાયોગ્યતાનું પારખું નિહાળી નિહાળીને તથા બીજી એવી બાહ્ય રીતિઓથી તપાસી તપાસીને એને લેવાનું બન્યું હોય છે, તે પણ ખોટું તો નથી, પરંતુ તેના કરતાંયે ઉત્તમ તો આપમેળે પોતાના હૃદયથી એને પ્રેમભક્તિથી સ્વીકારાઈ શકાયો હોય, તો તે ઘણું ઘણું ઉત્તમ કહી શકાય.

## સદ્‌ગુરુના ઉપયોગની શ્રેષ્ઠ રીત

સદ્‌ગુરુના ઉપયોગના ભાવમાં જેટલા પ્રમાણમાં ગણતરીઓ કરી કરી વર્તવાની ટેવ, તેમની સાથે તોલી તોલી વિચારી વિચારી આચરવાની પદ્ધતિ, જીવનમાં અમુક અમુક માન્યતા કરી બેઠેલી સમજણો અને માપો-એનાથી એને તોળ્યા કરવાની રીત, એને આપણી પેઠે જ કામ કરનારા જેવો માનીને એની સાથે એવો વર્તાવ કરવાની રીત, એને ચકાસી જોવાની આપણી આદત, આવું આવું જેટલા પ્રમાણમાં ઓછામાં ઓછું તે તે વેળાએ (એની સાથેના ઉપયોગના વર્તમાનકાળમાં) વાપરવાનું બને તે આપણા કાજે ઉત્તમ છે. આ વિશે એટલે ઉપલા સાધનને વાપરવા અંગેનો નિશ્ચય જેટલો બને તેટલો હૃદયમાં પાકો દઢાવી દઢાવીને આપણે વર્તવાનું છે. તે વર્તવાની વેળાએ આપણા હૃદયના ભવાનું એકાગ્ર ને કેંદ્રિત અનુસંધાન એની સાથે જ કર્યા કરવાનું છે.

## આપણે જ ભાવને ધક્કો મારી પાછો વાળીએ છીએ

એને ઉપલી રીતે જ્ઞાનપૂર્વક જીવનમાં વાપર્યા કરવાથી એનો ભાવ કામ કરી શકતો કરવાને યોગ્ય ભૂમિકા આપણામાં એ પોતે મેળવી શકે છે. બાકી એનો ભાવ તો ઘણીયે વેળા આપણામાં આવી આવીને આપણા જ વાંકે પાછો ચાલ્યો જતો

હોય છે. આવી આધ્યાત્મિક આંતરિક હકીકતને કોણ માની શકે તેમ છે ? પણ તે તદ્દન સાચી હકીકત છે. આપણે બધાં આપણી પોતાની આડે આવીને સ્વચ્છંદે વર્તનારા જીવો છીએ. માટે હજી ચેતવું હોય તો ચેતવાનું છે. આપણી પોતાની રીતે, સમજણે ને અહમ્‌થી ચાલનારા હોઈ આપણે યથાયોગ્યપણે ન પ્રવર્તીએ એવું આંધળાપણું આપણામાં ન પ્રકટે એવી સર્વ મળેલાં સ્વજનોને પ્રાર્થના છે.

*કુંભકોણમ્‌* *હરિઃૐ* *તા. ૧૩-૪-૧૯૫૩*

## માટી જેવા મુલાયમ બનો

સદ્‌ગુરુના હૃદયનો મૂળ ભાવ આપણામાં કામ કરતો બની શકે, તે કાજે આપણે પણ તૈયાર હોવાનું જરૂરનું છે. બહુ ખેંચી પકડીએ ને બહુ ઢીલું મૂકીએ-તે બંને દશા અયોગ્ય છે. 'બહુ ખેંચી પકડીએ' એટલે પુરુષાર્થથી કરી તંગ ને તંગ રહ્યા કરતા હોઈએ તે, ને 'બહુ ઢીલું મૂકી દઈએ' એટલે તો પ્રમાદ, આળસ ને તામસમાં જ પડ્યા રહ્યા કરતા હોઈએ તેવી દશા. આપણે તો તે પણ નથી થવાનું ને આ પણ નથી થવાનું. આપણે તો જ્ઞાનભક્તિપૂર્વક માટીના લોંદા જેવા મુલાયમ બન્યા કરવાનું છે.

## બધાં જ કાચાં

પ્રભુકૃપાથી મળેલા જીવોમાંથી કોઈ જીવ ઉપર કહ્યા પ્રમાણે માત્ર એકલા જ્ઞાનભક્તિના શૂરાતનથી પુરુષાર્થમાં પણ પડ્યો રહ્યા કર્યો હોય એવું અનુભવમાં તો આવતું નથી. બીજાં બધાં તો બસ પ્રમાદમાં જ ગળાબૂડ પડ્યા રહેલાં અનુભવાય છે. કોઈને પણ શા કાજે ગુરુને આપણે વળગેલાં છીએ, એનું ખરું જ્ઞાનભાન રોજિંદા જીવનવહેવારમાં હૃદયમાં હૃદયથી જાગતું તો રહ્યા કરતું નથી, ને પછી દોષ દેવો છે ગુરુને માથે !

## ભાવ બરાબર ન જાગવાનાં કારણ

'તમે જો મહાસમર્થ હો તો કેમ ભાવ જગાડી દેતા નથી ?' એમ પણ કેટલાંક તો કહે છે. 'ભાઈ સાહેબ ! એનો જવાબ તો ઉપર આપી જ દીધો છે. અમને તો તમારામાં પ્રવેશવા જતાં તમે બધાં લાત મારી મારીને ધુત્કારી કાઢતાં હો છો તેનું કેમ ? માટે કૃપા કરીને વળગવું હોય, તો એને કાજે યોગ્ય તૈયારી કરવાની રહે છે, તે સમજો તો ઉત્તમ. તૈયારી કરવાનું સામર્થ્ય ન હોય, તો એને કાજે હૃદયની જીવતીજાગતી ભાવનાની ધારણા જીવનના રોજિંદા વહેવારવર્તનમાં હૃદયમાં હૃદયથી પળેપળ જીવતી રહ્યા કરે, તેવો જ્ઞાનપૂર્વકનો અભ્યાસ કેળવ્યા કરો. એમ કરતાં કરતાં 'માંહેલો' જાગી જશે. પણ જો હૃદયની ભાવના જીવતી કરીને સાધનાનો પુરુષાર્થ પણ ન થઈ શકતો હોય, વળી એવી ભાવના પણ જો ન રહી શકતી હોય, એને કાજે હૃદયનો ભાવ ને પ્રેમ જીવતાંજાગતાં બનાવવામાં જીવનમાં ખબરદારી ન રાખી શકતાં હોઈએ, એણે બતાવેલાં કે સોંપેલાં કર્મમાં હૃદયની ભાવના ને તેનો હેતુ જો આપણે ચેતનાપૂર્વક જાગ્રત રાખવાને મથવાનું જ ન કર્યા કરતાં હોઈએ, એણે બતાવેલાં કર્મ કરવામાં હૃદયનો ઉલ્લાસ, ઉમંગ, ઉત્સાહ, પૂરા ઉમળકાભેર પ્રકટેલા અનુભવી ન શકાતા હોય, તો પછી પેલો બિચારો શું કરે ? એ કેવી રીતે ત્યાં પ્રવેશી શકે ? આપણે તો એ ઇચ્છે છે, તેનાથી ઊંધી જ દિશામાં વર્તવાનું કરવું છે ને એની મદદ ઇચ્છવી છે, તે તો કેમ બની શકશે ? આપણે તો આપણું જે તે બધું છે, તેને પૂરેપૂરું સાચવીને, એમાંથી કંઈક કશું ઓછું ન થઈ જાય, વળી, આપણું એ બધું સચવાઈ રહે, તેવી રીતે જો એની કનેથી લાભ મેળવવાનું ઇચ્છવાનું હોય, તો તો આપણું જીવન બસ જયાં છે ત્યાંનું

ત્યાં જ રહેવાનું છે. આપણને હજી તો રાગ, મોહ, કામ, લોભ ઈત્યાદિ ઈત્યાદિ સંસારમાં પૂરેપૂરા છે, એમાંથી હજી તો હઠવું નથી. એમાંથી ચસવાનું કરવું કારવવું નથી, જે તે બધો વહેવારવર્તાવ સાંસારિક પેઠે જ કરવો છે, આવા આવા તો આપણા રંગઢંગ છે ને આપણે જે તે બધું ઢોળવું છે એના પર તે કેમ બનવાનું ભલા !'

## કૃપાકાર્ય

તેમ છતાં એણે તો કૃપા કરી કરી આપણી આવી જીવદશાની ઊતરતી કક્ષા હોવા છતાં આપણને સમજણમાં, વર્તનમાં ને બીજી રીતે પણ ઊંચે આવવાને તેણે કેટકેટલું મથાવ્યા છે ! બીજું પણ કેટકેટલું એણે આપણામાં પ્રકટાવેલું છે ! એનાથી જીવનમાં આપણને થયેલા લાભ પણ જો પ્રત્યેક જીવ સમજવા બેસે તો એને તેની યથાર્થતા સમજાયા વિના રહી શકવાની નથી.

## સહુ કોઈને લાભ જ

છતાં પણ જ્યારે જીવે એને સ્વીકારવાનું કહેલું છે-માત્ર મોઢે મોઢેથી, હૃદયથી તો નહિ જ-ત્યારે કોઈ એમ પ્રશ્ન કરે, 'એ તો હતો બિચારો જીવ, પણ એણે કેવા આશયથી એને (ગુરુને) વળગવાનું કરેલું છે, તે તે (ગુરુ) તો જાણતા જ હતા, તો પછી એને તેવી રીતે આવવા જ શા કાજે દીધો ?' અરે ભલા ! એને શું છે ? એને તો જે જીવ પોતાની કને જે રીતે આવે તે રીતે ભલેને આવે ! એની કને આવીને કોઈને પણ કશું ખોવાનું તો હોતું નથી. કંઈક ને કંઈક કશું શીખવાનું જ હોય છે. ભલેને ઘણી ઊતરતી કક્ષાનો જીવ એની કને આવ્યો હોય, તોપણ એનાથી કરી પેલા જીવમાં અનેક પ્રકારની આંતરિક સમજણ પ્રકટ્યા કરતી હોય છે. બીજા પ્રકારની પણ આવડત પ્રકટે છે. સંસારવહેવારવર્તનની કળામાં તેની ગતાગમ

વધ્યા કરતી તે અનુભવી શકે છે. કર્મને યોગ્ય રીતે કરવાની આવડત પણ તેનામાં પ્રકટતી તે અનુભવી શકે છે. આમ, દરેક પ્રકારના જીવને તેવા કને આવવાથી તેમની તેમની રીતે લાભ, લાભ ને લાભ જ હોય છે. આ ઉપરાંત, જીવનવિકાસમાં જે ગુણોની અત્યંત આવશ્યકતા છે, એવા ગુણોની કિંમત ને મૂલ્યાંકન સમજતાં જીવો તેવા બને છે.

તેવા આવનારા જીવોમાં આંતરિક મંથન જાગે છે, તે વળી એક જુદી હકીકત છે.

## નવા જિજ્ઞાસુ પ્રતિ સદ્‌ગુરુનું વલણ

એવાને તો કોઈ આવે તોપણ ભલા ને કોઈ ન આવે તો તેની પણ પરવા નથી. કોઈ આવવાનું કરે તો તે શું કામ ના પાડે ? એ તો સમજે છે કે જે જીવ આવશે, તે ભલેને જીવનો જીવ રહે, પણ એનામાં સત્સંગથી કરીને કોઈ પ્રકારના સારા સંસ્કાર તો પડશે જને ? કોઈ બીજા સંસારી જીવના સમાગમના કરતાં પેલાના (ગુરુના) સંસ્કાર જે જે પેલા જીવકક્ષાવાળા જીવને પડશે ને પેલા જીવદશાવાળા જીવસાથેની સોબતથી કરી જે જે સંસ્કાર પડે, તે બે પ્રકારના સંસ્કારમાં તો સદ્‌ગુરુની સાથેના પડેલા સંસ્કાર વધારે ઉત્તમ પ્રકારના ને બળવાનપણાના હશે, તેટલી હકીકત તો નક્કી છે. પેલાને તો કશું જ કોઈ કનેથી મેળવવાનું નથી. કશું જ કોઈ કનેથી લૂંટીને ભોગવવાનું નથી કે નથી કંઈ કશું ખોવાનું. એ આવે છે તેને આવવા દે પણ ખરો. જતો હોય તેને જવા દે. તે જે જે આવે છે, તે તે બધાંને જ તે સ્વીકારી લેતો હોય છે, એવું પણ કશું જ હોતું નથી. એ તો જેમ હોય છે તેમ હોય છે.

## કૃપામાં માનનાર જીવ

સદ્‌ગુરુની કૃપાને સર્વસ્વ આધારરૂપે જે જીવો માનનારા

હોય છે, તેવા જીવોની તે સમજણ જો યોગ્ય પ્રકારની હોય તો તેમના હૃદયમાં સદ્‌ગુરુની ભાવનાની જીવતીજાગતી નિષ્ઠા પ્રકટેલી હોય જ. ગુરુ પરત્વેની કૃપામાં જ માનનારે-એટલે કે જે તે બધું તેનું ગુરુની કૃપાથી બન્યા કરવાનું છે ને પોતે કંઈ કશું કરવાનું નથી, એમ જે માને છે તેવા જીવે તેના ગુરુ વિશેની જ્ઞાનભક્તિપૂર્વકની ભાવના હૃદયમાં હૃદયથી તો પૂરેપૂરી પ્રકટેલી કરી દીધેલી હશે. ગુરુનામાં તેવો જીવાત્મા સાવ નિરાંત, નિશ્ચિંતતા અનુભવી શકતો તો બની ગયેલો હશે. આવા પ્રકારનો જે જીવાત્મા છે, તેવા જીવની સદ્‌ગુરુની કૃપા પરના મદારની સમજણ પણ જરૂર ફળી શકે ખરી.

**પણ દરેક જીવનું પરિવર્તન તો થયા જ કરવાનું**

આ માર્ગ પરત્વે જેણે ટકવું છે, એવો જીવ ગમે તે સાધનમાં માનતો હોય, ગમે તે સાધન કરતો હોય, પરંતુ તેવા જીવે પોતપોતાના જીવનની રીતરસમો, સ્વચ્છંદપણે વર્તવાની, ચાલવાની, માનવાની, જીવવાની આદત ટાળવી જ પડશે. આવા પ્રકારની વર્તવાની યોગ્યતા તેવા જીવમાં જો ઠસી જ નહિ હોય, તો તો પછી શું કહેવું ને શું લખવું ? આ માર્ગે જવા ઈચ્છનાર જીવે પ્રમાદ, આળસનો તો જાણી જાણીને ત્યાગ કર્યા કરવાની ખંત રાખી રાખીને આદત પાડ્યા કરવાની છે. 'પોતે જે ગતિમાં હોય, તેના કરતાં વધારે ઊંચી ગતિમાં કેમ કરીને પ્રકટીએ ને જીવીએ.' તેવી રીતે તેણે વર્તવાનું છે. પોતે જે સમજણમાં હોઈએ તેમાં ને તેમાં જો પડ્યા રહ્યા કરીએ, તેમાંથી તસુ જેટલું ચસવાનું દિલ ન થયા કરતું હોય, તો પછી એવા જીવને કોઈ પણ શું કરી શકવાનું છે ? જીવને જે જાતનો ચસકો લાગ્યો છે, તેવા ચસકાના સ્વાદના આકર્ષણમાં જ જીવે જો પડ્યા રહેવાનું કરવું હોય, તો તેણે કરેલા ગુરુ મિથ્યા છે. એવા

જીવે કરેલા ગુરુ તે તો માત્ર સાવ ઘરેડ પ્રકારના છે. એવા જીવથી આ માર્ગમાં વધારે કશી પ્રગતિ થઈ શકવાની નથી.

## નેક દાનતનું લક્ષણ

પોતે જ્યાં છીએ તેમાંથી જો ચસવાની ખરેખરી નેક દાનત જેને પ્રકટી હોય, તો શું તે કંઈ જણાયા વિના થોડી જ રહી શકે છે કે ? માટે જે જે જીવને પ્રભુને માર્ગે જવું હોય, તો તેવા જીવે પોતાની બધી હોડીઓ બાળી મૂકીને નદીમાં ઝંપલાવવાનું રહે છે. ત્યાં બૂડી મરશું કે શું થશે, એની પરવા કે ચિંતા આપણે કરવાની ન હોય. એ તો કરનારો જે છે, તે કરશે, પરંતુ તેમ એકદમ જીવથી તેવું થવું તે પણ શક્ય નથી. કાં તો એનામાં ધગધગતી જીવન પરત્વેની ઉત્કટ તમન્ના પ્રકટેલી હોય અથવા સદ્ગુરુ પરત્વે હૃદયની ભાવનાની એવી ઉત્કટ લગની પ્રકટેલી હોય, તે વિના એમનું એમ ફના થઈ શકાવું તે લગભગ અશક્ય છે.

## એમ તો આ માર્ગમાં લાભ જ

આ માર્ગે જેને જવું છે ને સાચી રીતે જવું છે, તે તે બધા જીવોની કસોટી-પરીક્ષા થઈ જતી હોય છે. કાં તો સ્વાંગ પૂરો કરવાનો રહેશે, કાં તો હતા ત્યાં ને ત્યાં હોવાનું બનશે. તોપણ એક સામાન્ય જીવકક્ષાનો જીવ, જે સંસારમાં રચ્યોપચ્યો રહ્યા કરેલો હશે ને પેલો બીજો સંસારી જીવ-જે ખરેખરા કોઈ જાગેલા આત્માના સંપર્કમાં આવેલો હશે, તેવો-જ્ઞાનદશામાં કશી પ્રગતિ ભલે ન કરી શકેલો હોય, તેમ છતાં તે બંને પ્રકારના જીવોમાં તેમની તેમની જીવની દશા પ્રવર્તવામાં પણ જરૂર ફરક તો પડવાનો જ. કોઈ ખરેખરા સંતાત્માનું જીવદશાથી સેવાયેલું પાસું પણ તેટલી રીતે તો ઉપયોગનું નીવડતું હોય છે, આ પણ એક નિશ્ચિત હકીકત છે. એનામાં

સાચી સમજણ તો તેથી એટલે કે તે આત્માના સંપર્કથી જન્મે છે તો ખરી, પણ પોતાની જીવ પ્રકારની નબળાઈને લીધે તેનાથી તેમ વર્તી શકાતું નથી, તે વળી જુદી હકીકત છે.

## કૃપામાં માનનાર પ્રાર્થના તો કરે જ

પરંતુ કોઈ જીવ, જો સ્વભાવવશ માત્ર પડી જ રહ્યા કરવાનું દિલ રાખે ને તેમ છતાં તેમાંથી પણ ગુરુકૃપા જ માત્ર એને તારવશે એમ માને, તો તે યથાયોગ્ય નથી. એવો જીવ પણ, પોતે જ્યાં છે તેવી ને તેવી દશામાં રહ્યા કરીને, કશું જ મેળવી શકનાર નથી. તેણે સમજવું તો ઘટારત છે કે પોતાની પારાવાર નબળાઈને કારણે આ માર્ગે જવાની જે જે રીત છે, તે તે પ્રકારે તેનાથી વર્તવાનું તો બની શકે તેવું નથી, એમાંથી ઊઠવા કે ઉઠાડવા કાજે તે પ્રકારની ભાવના એને ન હોય, તેથી તેણે અંતરથી એના પરત્વે (ગુરુ પરત્વે), એને જે હૃદયનો પ્રેમભાવ થોડો ઘણો પણ હોય તેના આધાર વડે, ભાવના પ્રકટાવી પ્રકટાવીને પ્રાર્થનાનો સાદ તેણે તેને (સદ્‌ગુરુને) પાડવો ઘટે છે. એને (સદ્‌ગુરુની ભાવનાને) પોતાના રોજિંદા વહેવારમાં જીવતી રાખ્યા કરવી ઘટે છે.

## પ્રજ્વલિતપણે ભાવના પ્રકટાવો

જીવનમાં જો ઊંચે આવવાનું કરવું હોય, તો તારા રોજિંદા વહેવારવર્તનમાં પ્રજ્વલિતપણે હૃદયની ઉત્કટ ભાવના જીવતી તારી પ્રકટાવવાની રહે છે. હાલમાં તો તું નમાલી નમાલી જીવે છે. એથી નથી તારો કશો દહાડો વળવાનો કે નથી તું ઊંચે આવી શકવાની. અમારો સથવારો કરવાનો હોય, તો તેવા પ્રકારનાં નેકદિલી, વફાદારી, પ્રમાણિકતા, તે પરત્વેની હૃદયની સંપૂર્ણ સચ્ચાઈ, તેવું ભાવભર્યું દિલ, ફનાગીરીની ભાવના, રોજિંદાં કર્મ, વહેવાર, વર્તન, સંપર્ક,

સંબંધ, વિચાર, વૃત્તિ આદિ આદિ સ્થૂળ ને સૂક્ષ્મ હકીકતોમાં જો જરાતરા પણ પ્રકટેલાં અનુભવાયાં કરે તો જીવને પોતાને તો પાકી ખાતરી થાયને ?

## 'પુનિત પ્રેમગાથા' તથા 'જીવનસોપાન'

એક ભાઈ લખે છે, 'પુનિત પ્રેમગાથા' વાંચું છું અને મારું હૈયું ડોલી ઊઠે છે. 'જીવનસોપાન' વાંચતાં વાંચતાં કોઈ અદ્‌ભુત બળ સંચારાતું અનુભવાય છે. આ બધી તમારી કૃપા અનુભવું છું. તમે ગમે તેટલા દૂર હોવા છતાં આટલા બધા સમીપ છો એવી શ્રદ્ધા જીવતી રહે છે.' સુરતવાળા પૂજ્ય કાકા 'જીવનસોપાન' અંગે લખે છે કે 'આ ચોપડી વાંચવામાં અને મનન કરવામાં આનંદ આવે છે. પહેલાંના વાંચનમાં ને અત્યારના વાંચનમાં બહુ ફેર છે, એ મારે કબૂલ કરવું જોઈએ. ફળ એક જ પણ તેના રસમાં નવો નવો સ્વાદ આવે છે.' એમના જેવા આવું વાંચન વાંચે છે, તે એક મોટો ફેરફાર થયો ગણાય. જીવનવિકાસને માર્ગે ચઢેલા પથિકને પણ અને ઉત્તમ સાધકને પણ 'જીવનસોપાન' ઘણું ગમેલું છે, એવા કાગળ પણ મળેલા છે. આ બધી હકીકતથી તારી જવાબદારી ઘણી વધી પડે છે, તે સમજજે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૪-૪-૧૯૫૩*

## પ્રકૃતિના થોડા રૂપાંતરના દાખલા

તારે કામ કરવાનું છે, કેવા કેવા જીવો વચ્ચે, કેવી કેવી પ્રકૃતિ સ્વભાવવાળા માનવીઓ વચ્ચે ! દરેકના સ્વભાવને સંભાળી સંભાળી વર્તવાનું હોય છે. કામની તો ના પાડવાનું તેં પોતે બંધ કરેલું છે. આગ જેવો સ્વભાવ હતો-ને તારો સ્વભાવ એવો હતો એ અંગે જે તે બધાં કહે છે, 'તું ભભૂકી ઊઠે તેવી છે.'-પણ તે તે બધું તેં જાણીબૂજીને ઓછું કરવા

માંડ્યું છે. કામ કરતાં કરતાં શરીરને ને બીજા જીવોના બોલવા-આચરવાથી મનને પણ થાક ચઢે, તો તે ન ગણકારવાની આ જીવની સલાહને તેં માથે ચઢાવેલી છે.

### કદરની ઈચ્છા રાખ્યા કરવી એટલી આધ્યાત્મિક ભૂખ ઓછી

આશ્વાસન-સહાનુભૂતિના હૃદયના બે શબ્દો-કોઈનાય સાંભળવાના તો હોય નહિ. આવી પરિસ્થિતિમાં પ્રસન્નવદને જીવીને વર્તવું એ કેટલું મુશ્કેલ હોઈ શકે, તેની મને પરવા નથી એમ તો નથી. તારું ચિત્ર ઉપરના વાક્યમાં લખ્યું છે તેના કરતાંય વિશેષ તાદૃશપણે ચીતરી શકું તેમ છું, પણ તેથી લાભ શો ને એનો અર્થ પણ શો ? આપણને કોઈનીયે સહાનુભૂતિની, ઓથની, હૂંફની, બે સારા બોલની હજી આપણને જો મનમાં ભૂખ જાગતી હોય તો જીવનવિકાસની સાચી ભૂખ હજી આપણને પ્રકટેલી જ નથી એમ ધારવું ને માનવું.

(શાર્દૂલવિક્રીડિત)

'માગું હું તુજ પાસ એટલું પ્રભો ! દો સાથ આ જીવને,
જેથી જીવનનો વિકાસ સઘળો સાધી શકું હું ખરે,
આવેગો કંઈ કૈં પડ્યા જીવનમાં, તે સર્વને ટાળજે,
સંસારી મળતાં દુઃખો જીવનમાં સુખો ગણી જીવજે.'

### ભાવ થતાં કવિતા પ્રકટે

આવી તારાથી સહજમેળે લખાયેલી પ્રાર્થના મને ઘણી ગમી છે. કવિતા કરતાં પહેલાં જેને ન આવડતી હોય, તેના હૃદયમાં ભાવ પ્રકટતાં કવિતા તે બનાવી શકે છે, તે પણ એક જાતનો અનુભવ છે. ભલે ઉપરની કવિતા તે ઊંચા

પ્રકારની ન હોય, પણ તે હૃદયનો ભાવ વ્યક્ત કરે છે એવી રીતની તો છે જ.

### દિલ પિગળાવવા જ

'તમારા છેલ્લા છેલ્લા લખાયેલા કાગળો દિલ પિગળાવી દે તેવા છે. તે વાંચતાં વાંચતાં આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે. તે વખતે એવી હૃદયભાવના જાગતાં એનો ઉપયોગ નામસ્મરણમાં કરું છું.' આ તારું ઉપરનું વાક્ય તદ્દન યથાર્થ છે. કાગળો લખવાનો હેતુ પણ દિલ પિગળાવવાનો છે. એવા કાગળો વાંચીને પણ જો કોઈનું દિલ ન પીગળે ને હૃદય-ભાવના ન પ્રકટે, તો પછી અમારે કંઈ કહેવાનું-કથવાનું રહેતું જ નથી.

### એક દ્વારા અનેકને માર્ગદર્શન

અમારા કાગળોમાં જે તે બધું લખવાનું બને છે, તે કંઈ કોઈ એક જ જીવને સંબોધીને તો હોતું નથી. પ્રભુકૃપાથી અમને જીવનવિકાસની સાધના કરતાં કરતાં જે સમજણ પ્રકટેલી છે, તે સમજણ અમે તો બધાંને કાજે કાગળમાં મૂકતા હોઈએ છીએ. તેમાંથી જે જીવને સમજવું હોય, તે સમજ્યા કરે. અમારી મનીષા તો એવી ખરી કે દરેક સ્વજન, તેમાંથી પોતપોતાનું દિલ વલોવી વલોવીને સમજવાનું કરી, તે પ્રમાણેનું વર્તન આચરવાનું કરી, પૂરેપૂરાં દિલ ને અંતરનો ભાવ જીવનવિકાસને યોગ્ય એવા વર્તનમાં તે રેડ્યા કરે, તો જ તેવા લખાયેલા કાગળનું યથાર્થપણું પ્રકટ્યું ગણાય.

### કૃપાની ગૂઢતા

તેવા કાગળોમાં જે પુરુષાર્થ પરત્વેનું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે, તે કોઈ એક જ જીવને ઉદ્દેશીને છે, એવું કોઈ માન્યા કરે તો તે તેવું નથી. જીવનની સાધના કરવાની જ હોય

તો પુરુષાર્થ-સ્વપ્રયત્ન કર્યા કરવાનો રહેશે એ હકીકતમાં મીનમેખનો પણ ફરક નથી તે જાણજે. કૃપાનું સ્થાન છે, પણ તે તો હૃદયની ભાવના કેવી કેવી, ને પોતાના જીવનના ઘડવૈયાની સાથે કેટકેટલી જીવતીજાગતી રહે છે, તેના પર પણ તેનો આધાર રહે છે. વળી, કૃપાનું સ્થાન તેનાથી પણ સ્વતંત્રપણે છે ખરું. એનું જડપણે ચોકઠામાં બેસી શકે એવું કોઈ નિયંત્રિત ચોક્કસ ધારાધોરણ નથી, ને હોય તો તેની મને ખબર નથી. તેમ પાછી તે (કૃપા) આપણા જીવની પેઠે સ્વચ્છંદીપણે પ્રવર્તે છે, એમ પણ નથી, તે કેમ છે તે તો તેનો વાપરનાર જાણે. આપણે બધાં તેનો ન્યાય કરવા બેસીએ તે તો કેમ કરીને બંધબેસતું ગણાય ?

## સર્વસામાન્ય રીત

માટે સર્વથી ઉત્તમ તો એ છે કે આપણે ભાગે આવેલ કર્મ આપણે ઉત્તમ રીતે પ્રભુપ્રીત્યર્થે કર્યા કરીએ. એવા કર્મના આચરણ-વર્તનમાં ઊઠતી દ્વંદ્વાદિ વૃત્તિઓ જેમ બને તેમ ઓછામાં ઓછી ભાગ લેતી હોય એવું બનતું રહે, તે વિશેની આપણી સર્વપ્રકારની ચેતનજ્ઞાનયુક્ત પૂરેપૂરી જાગૃતિ હોવી ઘટે. આવી તે સાધના કરવાની રીત છે, ને તે બધાંને લાગુ પડે છે.

જેને જીવનવિકાસ સાધવો છે, તેવા જીવે કોઈ ને કોઈ પ્રકારનું સાધન તો પકડવું જ પડશે. શરૂ શરૂનો સાધક એકલા કૃપાના સાધનને વળગી શકે તેવો તે હોઈ જ નથી શકતો, તે વાત પણ હકીકતપણાની છે. કોઈક જે તે બાબતમાં અપવાદ પણ હોઈ શકે છે. કોઈક ભગવાનનો ઉત્તમ પ્રકારનો સાચો ભક્ત હોય તો તેવો જીવ એની કૃપાનું સાધન પકડીને બેસી રહે તો તે પણ યથાર્થ છે. કૃપાનું સાધન રાખનાર જીવનાં કયાં કયાં લક્ષણો તે બાબતમાં હોવાં ઘટે તે **'જીવનસોપાન'**માં

સ્પષ્ટપણે લખેલું છે. કૃપા પણ તેની તેવા પ્રકારની યોગ્ય ભૂમિકા પ્રકટ્યા વિના એમ ને એમ મળતી હોતી નથી. સંસારવહેવારવર્તનમાં પણ જેની ગરજ જાગે છે, તો તેની સ્પૃહા આપણે કેટકેટલી રાખતા હોઈએ છીએ ! તેની ગરજ પતે નહિ, ત્યાં સુધી આપણામાં તેવા જીવ અંગેનું જે જે પડેલું હોય, ને તેના સંપર્ક અને સંબંધથી કરીને જાગતું હોય, તે બધું આપણે ગળી જઈને એને જરા પણ ખોટું ન લાગી જાય, એની તો કેવી ને કેટકેટલી કાળજી, જાગૃતિ આપણે સેવતા હોઈએ છીએ ! આ હકીકત તો સમજાય તેવી છે. તો પછી એના કરતાં આધ્યાત્મિક માર્ગ તો માગી લે છે અનેકગણી ચેતનજ્ઞાનયુક્ત હૃદયની જાગૃતિ. જીવનવિકાસની ભાવના કેળવવા માટે જ જ્યાં આપણાં સકળ કર્મમાત્ર છે, ત્યાં એને (ગુરુને) આપણાથી શીંગડાં મારી શકાય જ કેમ ? તેમ છતાં જીવ છીએ ને ભૂલથી કે અજ્ઞાનથી તેમ થઈ જાય, તો તેનું જ્ઞાનભાન જાગી જતાં આપણને એની પરત્વે હૃદયમાં પ્રેમભાવ હોય, તો તે ડંખ્યા વિના કેમ રહી શકે ? ને જો તેવું ખરેખરું ડંખ્યા કરે, તો ફરી વાર તેમ બનતાં ચેતી જ જવાયને ? જો એવું ચેતવાનું બની શકે, તો જ જાણવું કે આપણા હૃદયનો તેની પરત્વે પ્રેમભાવ છે, નહિતર તેવું ખાલી ખાલી માનવું તે મિથ્યા છે.

## સદ્‌ગુરુ પોતાનો ધર્મ પાળે છે

આ જીવના કાગળો દિલ પિગળાવી દે એવા છે, તે જો સાચેસાચી હકીકત હોય, તો તો તે પણ ઉત્તમ છે. તેથી જો કોઈ પણ જીવનું દિલ પીગળી શક્યું, તો તે તો, તે જીવની ઉત્તમ સેવાભક્તિ છે. અમારે તો જ્યાં ત્યાંથી સ્વજનોને ઊંઘી જવા દેવાં નથી. કોઈ ને કોઈ પ્રકારે તેમને જાગતાં જો રાખી

શકાતાં હોય, તો જ તે અમને ગમે. તે તો અમારે ભાગે આવેલ ધર્મ ए પળાવે છે તો અમારે એની જ કૃપાથી પાળવાનો રહ્યો છે ને તે પાળ્યે છૂટકો છે.

## અમે અમારું કરીએ, બાકીનું....

તને જેમ કાગળો લખીએ છીએ, તેમ દરેક જીવ જે સંપર્કમાં આવ્યો, તેને તેને તેવા તેવા કાગળો લખેલા છે. અમારા હૈયાના ભાવને જ્યાં ત્યાં તે રીતે રેડ્યા કરેલો છે. એ ક્યારે ઊગશે તેની તો અમને પરવા નથી, કારણ કે એને ઉગાડવો કે નહિ તે કામ પેલાં સ્વજનોનું છે. અમારે ભાગે આવેલ કર્મ પ્રભુએ અમને કરાવડાવ્યું છે, એટલો અમને પૂરો સંતોષ છે.

## સ્વીકારાત્મક ને ગ્રહણાત્મક ભૂમિકાની જરૂર

તો વળી ખંજવાળવાળી બુદ્ધિવાળા કહેશે, 'તો શું તમે જો ચેતેલા હો, તો તમારો ભાવ એળે જવાનો કે ?' તેનો જવાબ અમે શું આપીએ ? ચેતન તો અણુઅણુમાં છે. જે જે એને જે જે પ્રકારે સ્વીકારે તેનો મર્મ ત્યાં તે રીતે પ્રકટે છે. શું પથ્થરમાં ચેતન નથી ? શું ઝાડમાં નથી ? શું પાણીમાં નથી ? પણ દરેકમાં પ્રકટતું ચેતન તો તેના તેના આકાર-પ્રકારે જ રહેવાનું. માટે કૃપા કરી એવી ખોટી ભ્રમણામાં રહેશો નહિ કે કોઈ સંતાત્માની કને રહેવાથી કે એનો પ્રેમભાવ હોય કે તેવો પ્રેમભાવ પ્રવર્તતો દેખાય તો આપણો ઉદ્ધાર થઈ જવાનો. એના ભાવની સ્વીકારાત્મક ને ગ્રહણાત્મક ભૂમિકા જ્યાં સુધી આપણામાં નહિ પ્રકટી હોય, ત્યાં સુધી એનો ભાવ કંઈ કશું નહિ કરી શકે. તે તો આપણને સ્પર્શવા, સજીવન કરવા, ચેતનવંતાં પ્રકટાવવા કંઈ કંઈ વેળા આવી આવીને આપણે જ કારણે પાછો વળી જતો હોય છે. એવી નક્કર વાસ્તવિક હકીકતને કોણ સમજી શકે

એમ છે ? મને મળેલાં સ્વજનો પ્રભુકૃપાથી સમજે તે કારણે અનેક રીતે તેમને સમજાવવાનું કરેલું છે ને કર્યા કરાય છે. અનેક વાર ઊથલપાથલ જુદી જુદી રીતે પ્રકટાવ્યા કરાવેલ છે. સલામત સ્થિતિમાં જકડાઈને માત્ર ઘરેડની ઢબે જીવવાનું ન બને, તેની કાળજી રાખી રાખીને જીવનમાં તેમને તેમને પ્રવર્તવાનું એણે કૃપાથી કરાવ્યું છે, તો કરેલું છે, પરંતુ એમાં સ્વજનોનો જીવનવિકાસની ભૂમિકા કાજેનો જ્ઞાનભક્તિપૂર્વકનો હૃદયનો સહકાર ને ચેતનયુક્ત જાગ્રતિનો સાથ મળેલો નથી. એ પણ અમારી ફરિયાદ નથી. અમારી ફરિયાદ તો કંઈ કશા પરત્વે હોઈ શકતી જ નથી. અમારે કંઈ કશા વિશે ફરિયાદ કરવાપણું પણ નથી. માત્ર હકીકતપણે જે તે બધું છે તે છે. એવા લખાણને પણ જે તે જીવ જુદી જુદી રીતે જ સમજવાનો. અમારે શ્રીપ્રભુકૃપાથી તેમનામાંના અંતર્યામીને જગાડીને ચેતવવા કાજે અનેક પ્રકારની રીતરસમો અજમાવવાની રહે છે.

## કૃપા ને પુરુષાર્થને સુમેળ છે

એટલે મારા કહેવાનો અર્થ તો એ છે કે સ્વપ્રયત્ન (ને તે પણ કેવો ! એના હેતુના જ્ઞાનભાનની ચેતનયુક્ત જાગ્રતિ સાથેનો પળેપળ જીવતાજાગતાપણાનો ગર્જતો રહ્યા કરે તેવો) અને કૃપા એમ બંને પરસ્પર હળીમળીને રહે તેવાં છે. એકમેકને સુમેળ છે. એકમેકથી તે બંને પરસ્પર વિરોધી નથી.

## વિરોધાભાસી સલાહની યોગ્યતા

જે જીવમાં સાવ પ્રમાદ, આળસ ને ભરપૂર તામસ હોય તેવા જીવને સતત એકધારા પુરુષાર્થમાં રહ્યા કરવાની જરૂર છે. એટલે જે જીવ તામસ ગુણથી ભરપૂર છે, તેવા જીવે મરી મરીને પણ પુરુષાર્થ કરવાપણામાં તેનું જોમ દાખવ્યા કરવું, તેમાં તેનું યથાર્થપણું છે એવું અમારું દૃઢ માનવું છે. આ હકીકત

કોઈ પણ પ્રકારની સમજણના પક્ષપાત કે આગ્રહથી રહિત છે. વળી કોઈ રજસપ્રધાન હોય ને તેનાથી પુરુષાર્થ થતો હોય તો તેવો જીવ તંગ ને તંગ ન રહ્યા કરે તે તેને કાજે ઈષ્ટ છે. પુરુષાર્થ કરનાર જીવ પોતાના તેવા કરવાપણા પર મુસ્તાક ન રહે, તે તેને કાજે ઘણું ઘણું જરૂરનું છે. તેથી કોઈ ગુરુ, જો કોઈને પુરુષાર્થ કરવાનું કહે છે, તો તેમાં જીવનું કલ્યાણ છે એમ તેણે સમજવું ઘટે, નહિ કે એણે તેવાં વચનોને અવગણવાં. જ્યારે પેલા રજસપ્રધાન જીવવાળાને જો તે જ ગુરુ એમ કહે, 'ભાઈ ! કરી કરીને તમે શું કરી શકવાના છો ? જરા તમારી આગ્રહયુક્ત ખાલી ખાલી દોડધામો જવા દો. જે તે કંઈ ઘરેડયુક્ત જ બની જઈ નિષ્પ્રાણ ન થઈ જાય એની પૂરતી કાળજી સંભાળ રાખ્યા કરો, ને પોતાના કરતાં પ્રભુની કૃપાશક્તિ પર વધારે વિશ્વાસ દૃઢાવો.' તો એવા ગુરુનું આવું બે જુદી જુદી રીતનું બે જુદા જુદા જીવોને કહેવાયેલું વચન તદ્દન યથાર્થપણે છે. એવી રીતે એવા ભાવથી સમજવાની ને એના કથનને ન્યાય આપવાની હજી કેટલાના હૃદયમાં સદ્ભાવના પ્રકટેલી છે, તે કોઈ ઊંડું વિચારશો ખરાં કે ?

## સદાય અસંતોષ

આપણે તો જીવનમાં સર્વ બાબતમાં નિરાગ્રહી, નિરાસક્ત બન્યાં જ કરવાનું છે. તમે જેટલું કરી શકતા હો, ત્યાં એની હવે હદ આવી જાય છે, એમ રખે સમજતાં, જ્યાં જેટલું ગયા, ત્યાંથી હજી આગળની વાત તો છે જ. તેથી વળી કોઈક જીવ તો કહે છે કે 'તમારી માગણીને તો સંતોષાઈ શકાવાનું જ નથી.' જે જીવ આવું કહે છે તે જીવ સાધનાના ક્ષેત્રની સમજણને સમજે છે કે કેમ તેનો અમને દિલમાં વસવસો રહે છે ને વસવસો થાય છે પણ ખરો. જેટલું કંઈ થાય તે કંઈ સંપૂર્ણપણે યથાયોગ્યતાવાળું તો થતું જ હોયને ?

એટલે પણ એમાં હજી. ઘણી ઘણી કચાશ હોય જ. એટલે પણ અમારે તો કહેવું પડે. અમને તો શ્રીભગવાને ભંગીનું કામ આપ્યું છે, તે મેલું ઉપાડવાનું છે ને ઉપાડ્યું છે ને લીધું છે. તે તમારાં બધાંનામાં છે એમ બૂમો પાડીએ છીએ, ત્યારે તે તે જીવો નાકનાં ટેરવાં ચઢાવે છે, ને કબૂલ કરવાનું તો ક્યાં રહ્યું, પણ કહેવાનો મર્મ પણ ઊલટો ક્યાં સ્વીકારે છે ! એટલે આપણે જેટલી કંઈ મજલ કાપીએ તોય આ જીવને તો કહેવાનું રહેવાનું જ એ લક્ષમાં રાખશોજી.

## છુંદાવા-કચરાવાની તૈયારી રાખો

વસ્તુને નક્કર સ્વરૂપે કરી બતાવવાની છે, તે કંઈ એમનું એમ તો થવાવાનું નથી. તે કાજે મેદીની જેમ પથ્થર ઉપર પથ્થરથી ઘણા ઘણા ભારથી અવારનવાર આમથી તેમ વટાઈને નરમ લોંદા જેવું બની જવું પડશે. તો જ એમાંથી રંગ પ્રકટી શકવાનો છે. એવું થવાની જેની ઉમેદ ન હોય, તેવાને કાજે આ માર્ગ નથી તે નિશ્ચયની હકીકત છે.

## સદાય પોકાર

અમે તો જીવનનો પોકાર પાડ્યા જ કરવાના, અમારો તો તે ધંધો છે. ફળિયામાં જે કોઈ વેચવાનું લઈને આવે તે તેની વેચવાની ચીજની બૂમો પાડે, તેમાં વળી ખોટું શું હોઈ શકે ? જેને પાલવે તે લે, પણ એની બૂમો સાંભળીને ચીડ ચઢાવીએ તે કેમ પાલવે ?

## ચાલો ! પરસ્પરને શોભાવીએ

જો ગુરુ આપણે એને કર્યા, તો એને યોગ્ય રીતે સમજવાનો આપણો ધર્મ ખરો કે નહિ ? યોગ્ય રીતે ન યોગ્ય ભાવે આપણે એનું જો સાંભળવાનું જ ન કરી શકતાં હોઈએ તો પછી એને તે ભાવે (ગુરુભાવે) રાખી મૂકવાનો પણ શો અર્થ ?

માટે પરસ્પરને શોભાવીએ તેવું જીવતાં રહીએ, તેમાં શોભા છે. હજી તું નામસ્મરણ પણ બરાબર ક્યાં કરે છે ?

## કૃપાધોધમાં પુરુષાર્થધારા ભેળવ

જો આટલું પણ ગુરુના કહ્યા પ્રમાણે નહિ થાય, તો થશે શું ? હવે બાકીના જીવનમાં કરવાનું પણ શું છે ? સંસારમાં જીવીને જો સહ્યું હોય તો હવે જે આવે તે ઘણા ઘણા પ્રેમથી, સમજીને, સ્વીકારીને સહી લેજે. આ જીવન વેડફી નાખવા, હાહાઠીઠી કરવા નથી મળ્યું. એનો યોગ્ય ઉપયોગ કરી લે. દાંપત્યજીવન કરતાં આ તારું એકાકી જીવન અતિ ઉત્તમ છે. એનો સાચો હેતુ સમજ. પરમાત્માએ પોતે કૃપા કરીને તારી ખબર રાખવા માંડી છે. પરમાત્માએ પોતે કૃપા કરી ધોધ વરસાવવા માંડ્યો છે. એને પુરુષાર્થધારા સાથે ભેળવીને વહાવ. આવું સરળ સહજ જ્ઞાન પ્રેમથી તને કોણ આપશે ? તેણે તારા પર ટૂંક સમયમાં કેટલી બધી કૃપા કરી છે, તે તો વિચાર ! આમાં કોઈની સાથે સરખામણી આપણાથી ન થાય. આપણે તો જેમાં ને તેમાં આપણું જ જોવું.

## આંતરશોધ તો પ્રસરે જ

'અન્યાય થાય છે તે સમજાય છે, પણ એનો હેતુ ખોળવા મથું છું.' આવું જો સાચેસાચ થયા કરશે, તો પછી તે પ્રકારનો અભ્યાસ કંઈ કોઈ એક જ બાબતમાં અટકી જતો નથી. એ તો પ્રસરે છે બધાંમાં. It percolates.(એ તો પાણીની જેમ ઝમે છે.) જો તું લખે એવી તારી વૃત્તિ જીવતીજાગતી રહી શકતી હોય, તો તે જાગૃતિ બીજી બધી બાબતમાં કેમ યોગ્ય પ્રકારનું કામ નહિ આપી શકતી હોય ?

## યુદ્ધ કરીને સત્પ્રયત્નમાં જ રહો

જીવ પ્રકારના નકારાત્મક વલણને ઓળખવાનું તો ખરું

જ. એના હુમલાને તે વેળાએ જ, વળે તેટલા વાળવાને જાગૃતિપૂર્વક સત્પ્રયત્નમાં રહેવું. તે તેમ ન થાય, ને ન ફવાય તોપણ શ્રીપ્રભુની કૃપામદદ માગતાં માગતાં સત્પ્રયત્નને તો હૃદયથી વળગ્યા જ કરવું. એમ કરતાં કરતાં હરાય, તો તેનો વાંધો ન હોય. તે વેળાએ પ્રાર્થના તો થયા જ કરવી જોઈએ. તને એમ પ્રાર્થના કરવાનું દિલ થયું ને તે પ્રાર્થનામાંના ભાવ થકી એવી જીવસ્વભાવથી ભૂલ થઈ જાય છે, તેનું કારણ પણ સમજાયું કે 'જેમાં ને તેમાં હુંપણાનું અભિમાન પ્રવર્તતું હોવાથી પ્રકૃતિ સામે જ આવી ઊભી રહે છે,' તે સાવ સાચું છે. એ તો સામે બધુંય આવીને ઊભું રહે, પરંતુ આપણે મચક આપીએ તોને ? મન તો ઘણુંય ઘોડે ચઢાવે, પણ આપણે ઘોડે ચઢીએ તોને ? મનથી કે પ્રકૃતિથી સ્વભાવથી થતા દોષ કે ભૂલ યા વાંક કે નકારાત્મક વલણ-એ બધાં સામે તે વેળા, એના હેતુના જ્ઞાનભાન સાથે, જો તેવી જાગૃતિથી ટક્કર ઝીલવાનું બન્યું, તો એવા કેળવાયેલા જીવતાજાગતા અભ્યાસમાંથી એક એવા પ્રકારનું બળ જન્મશે કે જે બળની મદદથી કરી બાકીનું બીજું ઘણું આપણે કરી શકીશું. 'ટક્કર ઝીલવાનું' એટલે જીવપણાના વલણનો ઈન્કાર કરવાનો.

## સદ્‌ગુરુનું 'મા' જેવું કામ

માને બાળક ઉછેરવાનું હોય છે, તો એનાં મળમૂત્રનો એને સંગ કરવો જ પડે છે. બાળકના મૂત્રથી ભીના થયેલામાં સૂવું પડે છે ને એના મળથી પોતાને કદીક લીંપાવું પણ પડે છે. બાળકનું તેવું તેવું બધું સાફ કરવું પડે છે. બાળક પરત્વેની માની નૈસર્ગિક સહજ પ્રેરણા એને તે પ્રમાણે વર્તાવે છે. એવી જ રીતે સદ્‌ગુરુનું છે.

## સદ્‌ગુરુની કદરભક્તિ

'તમારા લાંબા પત્રો જીવનની પળેપળ કેમ વિતાવવી, તે બતાવી જાય છે. પત્રો ખૂબ ભાવવાળા, અનુભવના સત્યથી નીતરતા હોય છે. તેથી તે અસર કરી જાય છે. વાંચતાં વાંચતાં દિલ દ્રવી જાય છે. હૃદયમાં ભાવ ઊભરાય છે. ગદ્‌ગદ થઈ જવાય છે, એવા એવા અનેક ભાવો ઊભરાય છે અને હૃદયને ગુરુની અનુભવની વાણી સંભળાય છે. મોટા ! તમે સ્ત્રી થઈને જન્મ્યા નથી, વહુ થઈને કુટુંબમાં રહ્યા નથી, તે છતાં કુટુંબમાં-સંયુક્ત કુટુંબમાં-ઉત્તમમાં ઉત્તમ કઈ રીતે જિવાય તેનો જીવતો આદર્શ બતાવ્યા કરો છો.'

લલિત છંદ

જીવનસાર લુંટાવી વીર તેં
બની અસંગ જીવ્યા કર્યું ખરે !
પ્રભુ ! ઉદારતા શી અપાર આ !
બનવું અન્યથી શક્ય ના જરા.
(પ્ર. ઉ.)

ઉપરનું બધું આ જીવ અંગે લખી તેં આ જીવની જે યોગ્ય કદર બૂજી છે તે તો જાણે ઠીક, પણ એણે પોતે જુદા જુદા ઘરના રોટલા અને ટપલા ખાધા કરેલા છે. એમાંથી એ કંઈક કંઈક કળા પ્રભુકૃપાથી શીખેલો છે, જે સ્વજનને ચરણકમળે ધરાવ્યા કરું છું. **'જીવનપ્રવેશ'**માં કોઈક કાગળમાં તે જીવનને સ્પર્શતો એકાદ કાગળ છપાયેલો છે ખરો.

## પોતા પર આફત વહોરી લઈ બીજાને ઉગારે

આજના કાંતાબહેનના આવેલા કાગળમાં છે કે 'એકવાર પૂજ્ય બા, સિદ્ધાર્થ વગેરે સાથે શ્રીરંગમથી ઘોડાગાડીમાં પાછાં ફરતાં ઘોડાગાડી રસ્તામાં અકસ્માત છૂટી થઈ ગઈ, બરાબર તે

જ સમયે તે જ દિવસે તે અમદાવાદ શહેરમાંથી આશ્રમે સાઈકલ પર જતા હતા. તે પોતે, તેમનો (તેમનો એટલે પૂજ્ય બા વગેરેનો) તે પળે તેમને ગાડીના પ્રત્યક્ષ અકસ્માતના દૃશ્યનો પ્રત્યક્ષ ખ્યાલ પ્રકટતાં તે પણ પડી ગયા હતા. એ અકસ્માતની હકીકત અમારા કાગળથી તેઓ જાણી શકે તે પહેલાં, અકસ્માત બન્યો તે જ તારીખે તે બાબતમાં કવિતાના રૂપમાં ને તે કવિતાની કોઈક એકાદ બે લીટીમાં તે પ્રસંગ સૂચવેલો.'

## બીજાનું પોતાના શરીર પર લઈ લેવું

અમારે એક જીવાત્મા સાથે ઘણો જ નિકટનો પરિચય હતો ને છે. અમુક અમુક જીવના શરીરને જે કંઈક થતું તે, તે જીવાત્માના શરીરને થતું તે અમે જાતોજાત અનુભવ્યું છે. તે કંઈ એક બે વખત બન્યું નથી. નહિતર વળી કાગનું બેસવું ને ડાળનું પડવું એની જેમ પણ લોક તો ગણી કાઢે, પણ આ તો તેવા પ્રસંગોની પરંપરા બનેલી કે બનતી અનુભવી છે. અમારાં મનનાં વળાંકો ને વલણોને તે પારખી જતા, તે નક્કર હકીકત છે. તે અમને બધાંને સંસારવહેવારક્ષેત્રની બાબતમાં પણ ઊંચા પ્રકારની સમજણ પ્રેરવતા. શક્ય તેટલી ઊંચી ભાવનાથી જીવનમાં વર્તવાની સદ્‌ભાવપૂર્વકની પ્રેરણા તો આપ્યા જ કરતા, પણ અમે બધાં તેટલી હદ સુધી પહોંચી શકતાં ન હતાં એવા એમના કંઈક કંઈક અનુભવો છે.

## ચેતનાશક્તિના પ્રસંગો

હેમંતભાઈ જ્યારે તે જીવાત્માને માત્ર મિત્ર તરીકે ઓળખતા હતા, તે વેળા જ્યારે તે શિરોહીમાં માંદા થઈને રહેલા, ત્યારે તેમને નવસારીથી મળવા જવાનું તે જીવે કરેલું. માત્ર તે ત્યાં ત્રણ દિવસ રહેલા. એ ત્રણ જ દિવસમાં એમના (હેમંતભાઈના)

શરીરનું વજન દોઢ શેર વધેલું. (ને એમના જેવા માટે દોઢ શેર વધવું તે જેવું તેવું નથી) બીજા એક પ્રસંગે તેમનું શરીર માંદું હતું. તેઓ દવા લઈને તેમની સાથે આવેલા. પછીથી તો દવા લેવાનું જ ન કર્યું ને તેમની કને માત્ર રહેવાની જ દવાથી તેમના શરીરનું વજન ૧૦ શેર વધ્યું હતું. તેમના શરીરની સ્થિતિ કેટલી બધી ખરાબ હતી, ને કેટકેટલી નબળાઈ રહ્યા કરતી, તે તો પોતે જાણે છે. આજે તેમનું શરીર પહેલાંના પ્રમાણમાં તો ઘણું સારું ગણાય. એ આજે ૫-૬ માઈલ તો સહેજે ચાલી શકે છે. પહેલાં તો બે ફર્લાંગ ચાલવું શક્ય ન હતું. ૧૯૩૮ની સાલ કે તે પહેલાં તેમને આખે શરીરે ઘણી જ ખંજવાળ આવ્યા કરતી. જ્યારે જુઓ ત્યારે એમને ખંજવાળતા જ જોયા કરીએ. તેમના આ જીવનવિકાસના માર્ગ પરત્વેના વલણ પછી તેમના શરીરની તે ખંજવાળ ત્યારથી ગઈ છે તે ગઈ છે ને તેમના પેલા જીવાત્માના શરીરે તે ચઢેલી છે, તે કેવો મોટો નક્કર અનુભવ છે ! એક વેળા તે પોતે બનારસમાં હતા ને હેમંતભાઈને ખરજવાની પીડા વિશેષ હતી, એટલે તેણે પોતે હેમંતભાઈ માટે બે તાર કર્યા. એક ડૉક્ટરને ને બીજો બીજે. ડૉક્ટરે તેમની સેવા તો કરી પણ પૂજ્ય મોટીબાએ હેમંતભાઈની દવા કરી તેમને મટાડ્યું, પણ તે વેળા તે જીવાત્માના શરીરે તે પીડા ત્યાં ઉદ્ભવેલી, ને તેનું બાકી રહેલું ચિહ્ન આજે પણ તેમના ડાબા હાથની કોણી આગળ રહેલું છે. આવા બનાવોની હારમાળા છે. એણે પોતે પ્રભુકૃપાથી પોતાની જાતને જે પ્રમાણે વર્તવાપણું હતું તે પ્રેમભાવથી વર્તી જ બતાવ્યું છે. બીજા જીવોના સંબંધમાં પણ તેવા તેવા અનુભવો છે જ.

એકવાર તેઓ કિરાપટ્ટીમાં હતા (ટ્રિચિ નજીક). તેમના પેટમાં ઘણો દુખાવો શરૂ થયો ને તે ત્રણ દિવસ રહેલો. તે વેળા અમારા મિત્ર...નાં પત્ની અ.સૌ...બહેનને પ્રસવની

પીડા પ્રકટેલી, ને તે ત્રણ દિવસ પછી ઠીકઠીક બનેલું. તારીખો પણ મળતી જ આવેલી.

## સ્વજનોના રોગોના અસાધારણ ઈલાજ

જે જે જીવો એમના નજીકના સંબંધમાં આવ્યા છે, ને જેમની સાથેનો કંઈક હૃદયના સ્વજનના જેવો સંબંધ થયો છે, તે તે દરેક જીવનાં તેમનાં તેમનાં શરીરની માંદગી ને રોગ તે જીવાત્માના શરીરે પ્રેમભાવે ભોગવ્યા કરેલાં છે. તેવા ખરા ને સાચેસાચા અનુભવ તેમનાં ઘણાં સ્વજનોને થયેલા છે. કોઈ તેની ના પાડી શકે એવું નથી. દરેકની સાથે હૃદયની સહાનુભૂતિપૂર્વકની તાદાત્મ્ય-એકતાનો ભાવ સહજપણે પ્રકટતાં તેમનામાં તેમ બની જતું હોય છે. એના શરીરમાં તો એવું કેટલુંય બન્યા કરતું હોય છે ! કેટલીક વાર તો આવીને પસાર થઈ જતું હોય છે, કોઈક વાર શરીરના આધારમાં થોડોક સમય તે ટકે પણ ખરું.

## બધાં પર પ્રેમભાવ

એકવાર...બાને ત્યાં તે રહેતા હતા. પેઢીએ પૂજ્ય મામા અને મોટાભાઈ વગેરે રહેતા હતા. ઘરમાં એક નાની દીકરી, તે વેળા તો નાની, પણ રસોઈ વગેરેનું કામ શિખવાડવું જોઈએ તેટલી ઉંમરની તો ખરી. તેથી તેને રોજ વહેલી તે ઉઠાડે. ચૂલોબૂલો કેમ સળગાવવો તે બતાવે. રસોઈ તેની કને જ કરાવવાનું બનતું. સવારમાં તે તો વહેલી રસોઈ કરીને થોડુંક ખાઈ કરી મિશનની કૉન્વેન્ટની શાળામાં જતી રહેતી. એટલે ખાવાનું તો લગભગ ૮-૩૦ વાગ્યા સોરું વહેલુ થઈ જતું ને ૮-૪૫ પછીથી તો તે બસની રાહ જોતી, ઓટલા પાસે ઊભી ઊભી કે બેઠી બેઠી વાંચે. તે છોકરીના પિતા રોજ બપોરે ૧-૧૫ વાગ્યે પેઢીએથી ઘેર આવે. તે દીકરીનાં બા હાજર હોય

તો તેના પિતાને રોજ ઊનું જ જમાડેને ? ને ૮-૩૦ વાગ્યામાં ખાવાનું થયેલું હોય તે કંઈ ૧-૧૫ કે ૧-૩૦ સુધી ઊનું થોડું જ રહી શકે ? એટલે બપોરના પોણાએક વાગતાં ચૂલામાં કોલસાબોલસા નાખી તે સળગાવીને બધી રસોઈ ગરમ કરી લે કે જેથી તેમને જમવાનું ગરમાગરમ મળી શકે. તેઓ તો પેલા જીવાત્માને એમ જ કહે છે કે '...! એવી તકલીફ તમે લો છો, તે તો મુદ્દલે ગમતું નથી. મારે તો જે તે બધું જ જરૂર ચાલશે.' પરંતુ પેલા જીવાત્માને તો કામ કરવાનું હતું, ભાવનાની ખાતર, એથી કરીને જે તે જીવને ઊગવાપણું હોય તો ઊગે કે તેમના હૃદયનો પ્રેમભાવ બધાં પર કેવો છે ! બધાંને માટે તેઓ તો મથતા જ હોય છે. બીજાં વહાલાં ને અમુક અળખામણાં એવું તેમનામાં તો કશું જ નથી. તેથી તેમને એ કહેતા, 'ભાઈ ! ક્યાં કોઈની ખાતર કરવાનું બને છે ? જે તે બધું ભાવના ખાતર જ હોય છે. હૃદયની ભાવના જો સાચી હોય તો બધુંયે એની મેળે બન્યા કરે.'

## ગરમ રસોઈનો પ્રસંગ

હવે, એક દિવસ એવું બન્યું કે પૂજ્ય મામા ને મોટાભાઈ ૧૧-૩૦ વાગ્યાના સુમારે...બાને ત્યાં ઘેર આવ્યા ને વાતોમાં ને વાતોમાં ૧-૦૦ થવા આવ્યો ને ૧-૧૫ વાગ્યે તો પેલા ભાઈ પેઢીએથી ઘેર આવી ચઢ્યા ને અમે જમવા બેઠા, પણ કોઈ માનશે ? રસોઈ તો એવી ને એવી જ ઊની હતી. દાળ વગેરે પણ ઊનાં ને ઊનાં જ હતાં, ને તે પણ ઘણી સારી પેઠે ઊનાં જ હતાં. રસોઈ થઈ ગયેલી તો ૮-૩૦ વાગ્યા સોરી. જમવા બેઠા તો લગભગ દોઢેક વાગ્યે. ચૂલાબૂલા તો ટાઢાટપ-તદ્દન સપૂચા ટાઢાટપ કરીને પેલી નિશાળમાં જતી છોકરી જતી રહેતી. એટલા બધા કલાક રસોઈ એમની એમ વગર

ગરમીએ રહેવા છતાં ઘણી સારી પેઠે ઊની રહેલી, તે અમારા બંનેની પ્રત્યક્ષ અનુભવની હકીકત છે.

## ભાવનાના પ્રચંડ બળની એ બધી સાબિતી

માટે, ભાવનાનું બળ પ્રચંડ હોય છે. તેથી દરેક સમયે તેવું જ બની શકે, તેવો કંઈ તેનો કાયદો હોતો નથી. આ તો કંઈ કંઈ કેવી કેવી શક્યતાઓ આવા આધ્યાત્મિક જીવનમાં પડેલી છે, તે સમજવા પૂરતું જણાવેલું છે. આવી હકીકત માત્ર કલ્પના હોતી નથી એટલું તો નક્કી. ભાવનાના ઉત્કટપણાને લીધે આવી હકીકત સંપૂર્ણ વાસ્તવિકપણે એની નક્કરતામાં ખરેખરી બનતી હોય છે.

## એક જીવને પ્રકટેલી એકતાનતાની મંત્રમુગ્ધપણાની દશા

એક ઠેકાણે કોઈ એક જીવનું મૌનએકાંત ચાલતું હતું, એક દિવસે સાંજના ટાણા પછી ભાઈ કુમારને ત્યાં મૌનના ઓરડા આગળ, તેમણે જપ કરવાનું સૂચવ્યું. તે પછી તે ભાઈનું, તે ઓરડા આગળ, દસેક મિનિટ જપ બોલવાનું બન્યું. તે પછી તો એમને એવો ભાવ જાગેલો કે રસ્તામાં ઘેર જતાં જતાં જપ બોલતાં બોલતાં તેઓ ગયા. ઘેર ગયા પછી પણ અડધા પોણા કલાક સુધી એકતાનતાની મંત્રમુગ્ધ દશામાં તે રહ્યા કરેલા હતા. આ જીવ પણ તેમની પાછળ પાછળ તેમને ઘેર જઈને તેમની સ્થિતિ જોઈ આવેલો, પણ તેમને તે હકીકતની ખબર ન હતી.

## એક જીવને વિચારશૂન્ય દશાનો અનુભવ

એકવાર એક પૂજ્ય વડીલને એક એવા પ્રકારની દશા પ્રકટેલી રહ્યા કરેલી કે એક વિચાર સરખો પણ મનમાં ફરકી ન શકે.

## ઉચ્ચ ભૂમિકાની ખાતરી, પણ પછી....

આમ, જે જે જીવો તેમના સંબંધમાં આવેલા છે, તેમને

તેમને કોઈક રીતે એવા અનુભવો થયેલા છે કે જેથી તેમને પોતાની જીવદશાથી કોઈ ઉચ્ચતર ને ઉચ્ચતમ ભૂમિકાઓ છે જ, એવું નક્કી ખાતરીથી તેમના દિલમાં દઢપણે વસી જાય. જો એવા જીવો પ્રેમભક્તિજ્ઞાનયુક્ત ભાવથી જીવનવિકાસની ભાવનાના સાધનમાં જાગ્રતપણે તેમના રોજિંદા વહેવારવર્તનમાં જીવતા રહી શક્યા હોત, તો તેમને આ માર્ગની કંઈ વધારે ગતાગમ પડતી બની ગઈ હોત.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૫-૪-૧૯૫૩*

## મળેલા જીવોમાં પૂરતી યોગ્ય સાફદિલી નથી

તારા પર લખાયેલા કાગળો દ્વારા બધાં સ્વજનોને આ જીવ સંબોધી રહેલો છે. પ્રભુની કૃપા થાય, તો કોઈને પણ જંપીને ઠરીઠામ બેસવા જ ન દઉં. શ્રીહરિના પ્રેમભાવયુક્ત, મુગ્ધ કરી દે એવા સ્મરણભાવ વિના ક્યાંયે ચેન ન પડવા દઉં, કિંતુ આ જીવનું તેમાં કશું ચાલતું નથી. તેવા તેવા સ્વજનના દિલનો પણ તે તે બાબતમાં ખરેખરો સથવારો હૈયાના ઉમળકાભર્યો, થનગનતી ઝંખનાવાળો ક્યાં મળ્યા કરે છે ? હજી તો તેવી ખંજવાળ માત્ર પણ જરાતરા પ્રકટી હોય તો પ્રકટી હોય. આ જીવનું જો પ્રભુકૃપાથી ચાલી શકતું હોય, તો તો દરેક સ્વજનથી આ પરત્વેનું જે કંઈ કહેવા કરવાપણું બને છે, તે બાબતનું એટલું તો સ્પષ્ટ દર્શન પ્રભુકૃપાથી તેમને બતાવી દેવાય કે જેથી તેઓ પોતપોતાનાં સ્પષ્ટ દર્શન કરી લે, ને જાણે કે તેવા તેમના બોલવામાં તેમની પ્રકૃતિ-સ્વભાવનાં જોશ કેટલાં છે ને કેવો પ્રાણ તેમના તે બોલવાપણામાં રહેલો છે ! તે તેમનો બોલ જીભનો છે, ગળામાંનો છે કે હૈયામાંનો છે, તે બધું જ તેમને તેમને બતાવી દેવાય.

## વચનપાલન-આવા ભાવે થવું ઘટે

એમ પણ સંભવ છે કે જે જીવનું જે સમયે જેવું મનનું વલણ હોય તેમ તે બોલતો હોય, ને તે સમય પૂરતું એના મનનું જે વલણ, તેને સાનુકૂળ તેનું બોલવાપણું હોય, ને તે કાળ પૂરતું તે યથાર્થતાવાળું પણ હોય. એટલે તે ખોટું બોલતો હોય એવું ન પણ હોય, પરંતુ જીવનવિકાસના આદર્શથી જો જીવનને વિતાવવાનું હોય, તો તેવા પ્રકારના વહેવારવર્તનથી તે માર્ગમાં ચાલી શકે તેમ નથી. પોતે જે જે બોલ્યાં હોઈએ, તેને મૃત્યુને સ્વીકારીને પણ, યોગ્ય આચરણમાં પ્રકટાવીને, પૂરું પાલન કરવાની આપણામાં ધગશ પ્રકટેલી હોવી જોઈશે. વળી, એવું વચનપાલન કરવામાં ને આચરણ કરવામાં આપણા કોઈ પણ કરણની દશા અક્કડ ને અક્કડ, તંગ ને તંગ ન બન્યા કરેલી હોવી ઘટે. ઊલટું તે વચનને આકાર અપાવવાના સમયમાં પોતે પોતાનું દેવું ચૂકવ્યા કરે છે, એવું જ્ઞાનભાન પ્રકટતું જો પ્રત્યક્ષ જીવતું રહે, તો તો આપણે ઘણાં ઘણાં હળવાં બનેલાં લાગી જતાં હોઈશું. તે પળે તેમ થતું ન અનુભવાય, તેમ થયા કરતી વેળાએ જો ક્યાંક પણ કશો ભાર લાગ્યો કે અશાંતિ થાય કે કચવાટ ઊભો થાય, કંઈક અણગમો થતો લાગે, કંઈક અકળામણ થતી અનુભવાય, કંઈક અજંપો કે અઠીકપણું લાગે તો જાણવું કે વચનના પાલનમાં હૃદયની ભાવનાની પ્રાણચેતના તેની યથાર્થતામાં મુદ્દલે પ્રકટેલી નથી.

## કર્મમાંથી તો નિર્ભેળ આનંદ મળે

આમ, ગમે તેવું કષ્ટ વેઠીને લાખો મણ કર્મ કર્યા કરીએ, પણ જે કર્મમાં હૃદયનો ઉમળકાભર્યો આનંદ ન પ્રકટે, ન સ્ફુર્યા કરે, તો તેવાં કરોડો ખાંડી કર્મથી જીવન કદી ઘડાઈ શકાતું નથી. કર્મમાત્ર તો જીવનના ઘડતર કાજે છે. એટલે આપણે

વિચારવું ઘટે કે આપણને જે તે કર્મ કરતાં કરતાં તેમાં જીવન કાજેનું, તેના હેતુ કાજેનું, યોગ્ય જ્ઞાનભાન જીવતું રહે છે કે નહિ ? જો જીવતું રહેતું હોય, તો તે કર્મમાં આનંદ, ભાવના પ્રકટ્યા કરે છે કે કેમ તે આપણે સમજવું પડશે.

**બેળે બેળે કર્મ કરતાં તો જીવદશા વધારે નક્કર બને**

માત્ર ઘરેડની રીતે, એક ઘટમાળની રીતે, સવારથી ઊઠ્યા તે સાંજ સુધી એક ચાલુ કાર્યની હારમાળા જાણે પાર ઉતાર્યા કરતાં હોઈએ તેવી રીતે, કર્મ કર્યા કરવામાં સાર નથી. કર્મ કરતાં કરતાં બળાપો, બેળેબેળેપણું લાગવાનું અનુભવવું, ત્રાસ અનુભવાય, અશાંતિ લાગે, અજંપો, ક્લેશ, સંતાપ, અકળામણ, મૂંઝવણ વગેરે વગેરે બધું લાગે તો તેવી રીતે થતાં જતાં કર્મ તો સાવ મિથ્યા છે, ને ઊલટું જીવને જીવની દશામાં તેવી રીતે થતાં જતાં કર્મ વધારે મક્કમપણે જકડનારાં નીવડે છે તે નક્કી સમજજે.

**આપણાં કર્મો 'ઊલટાં બંધનકારક' હોવાનું કારણ**

આપણે કર્મમાત્ર જે કર્યા કરીએ છીએ, તેવું કર્મ તો જીવકક્ષાને ઊલટું વધારે દઢીભૂત કરનારું બનતું હોય છે. આપણે જે જે કંઈ કરીએ છીએ, તે આઘાતપ્રત્યાઘાતથી પ્રેરાઈને કરતાં હોઈએ છીએ અને આઘાતપ્રત્યાઘાતની ભૂમિકા એટલે તો કોઈ ને કોઈ પ્રકારની ક્ષુબ્ધતાની દશા અને એવી દશા તો જીવને વધારે બાંધનારી હોય છે. આ હકીકત સમજાય તેવી છે. રાગદ્વેષાદિ દ્વંદ્વોથી મુક્ત પમાયેલી દશાથી જે કર્મ બને તે સાચી રીતે તો કર્મ ગણી શકાય. જે કર્મ જીવનવિકાસના હેતુના જ્ઞાનથી ને તેવી ભાવનાથી આચરાય છે, તેવાં કર્મ પોતે જ યજ્ઞનારાયણ સ્વરૂપે પ્રકટીને તેવાં કર્મ શક્તિપ્રેરક જીવનમાં બની શકે છે. એવાં શક્તિપ્રેરક કર્મ તે

જ સાચી રીતે જીવનને પલટાવનારાં બની શકે છે. તેવાં પ્રકારનાં કર્મ એ માત્ર સ્થૂળ કર્મ નથી હોતાં, પણ જીવનમાં શક્તિને પ્રકટાવનારાં સંગીન આધારરૂપે બની જતાં હોય છે ને અંતે તો એવાં કર્મ એ જ શક્તિ છે.

## ભોગવવાની ઈચ્છા પણ બંધનકારક

વળી, તેવી જ રીતે કર્મનાં પરિણામોને જે જીવની ભોગવવાની વૃત્તિ રહ્યા કરે, કર્મ કરતાં કરતાં તે ભોગવવામાં જ, જે જીવનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ રહ્યા કરે છે, કર્મને માત્ર ભોગવવાપણાની જેને લાલસા ને મઝા રહે છે, તેવા જીવને તે તે કર્મ તે તે રીતે બંધનકારક છે.

## યોગ્ય કર્મનાં માપ

કર્મ ગમે તેટલાં ઉત્તમ પ્રકારનાં હોય, તેમ છતાં કર્મમાં કર્મના પ્રકારનું માત્ર જડ ભાન હોવું, તે જીવનવિકાસ કાજે અયોગ્ય છે. કર્મમાં કર્મના ક્ષેત્રનું જ્ઞાનભાન હોવા કરતાં કર્મ કરવાપણાનો મૂળ આશય ને તે આચરતી પળે જ્ઞાનયુક્ત ભાવના પ્રકટેલાં રહેવાં ઘટે. તથા શાંતિ, સમતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ તે તે કર્મ આચરવાની પળે આપણામાં પ્રકટેલાં હોય ને સમજણપૂર્વકનાં તે કર્મ થતા હોય, તો તેવાં કર્મ જીવનવિકાસ કાજે તો ખાસ જરૂરનાં છે. જીવનનો કોઈ પણ જે સાચો અભ્યાસી છે, જીવનનો યોગ્ય જાણકાર છે, તે ઉપલી હકીકતની ના નહિ જ પાડી શકે.

## જડસુ રીતનાં કર્મથી લાભ નથી

બાકી, જીવપ્રકારની વૃત્તિથી થતાં કર્મ તો જીવનને ઊલટાં વધારે કચડે છે, તે નક્કી જાણવું. એ રીતે તો કર્મને આપણે કદી પણ ન કરવાં. આપણે જીવનને તે ઉકેલવાનું છે કે જીવનને વધારે ને વધારે જટિલ, વક્ર, ગૂંચવાયેલું, મૂંઝવણવાળું

ને એવું એવું બનાવવું છે? અરે! સાધનાની વાત જ બાળોને! પણ જો જેને જીવનમાં એકમાત્ર શાંતિ જ અનુભવવી હોય તો તેવા પ્રકારના જીવને પણ કર્મને માત્ર જડસુ રીતે કરવાથી કશો જ લાભ નથી. ઊલટું તેથી તો જીવનને વધારે ઊંધી રીતે ફગાવવાનું બનતું હોય છે.

## સેવાકાર્યની યથાર્થતા

મારી તો હૃદયની પ્રાર્થના છે કે, આપણે બધા જે જીવો સેવાના ક્ષેત્રમાં પડેલા છીએ એવા જીવો પણ કર્મનું રહસ્ય, કર્મનું મહત્ત્વ ને કર્મ કરવાની કળા વગેરેને વિશે, કર્મ કરવાથી કરીને જીવનમાં વિકાસની યોગ્યતા પ્રકટે, તે રીતે કર્મને સમજીએ, તે ઘણું ઘણું જરૂરનું છે. કર્મને આચરતી પળે જીવનવિકાસને યોગ્ય પ્રકારની જીવંત ભાવના જીવતી રાખી શકાય, તો તે પણ એક જીવંત કળા છે. સેવાનાં કર્મથી પણ જો આપણા જીવનનો કે બીજાના જીવનનો વિકાસ થતો કોઈ ને કોઈ રીતે ન અનુભવી શકાયો, તો પછી કર્મ ગમે તેટલું ઉત્તમ હોય, તોપણ તે યથાર્થ નથી જ. સેવાનાં કર્મ શેને માટે? જેના થકી કરી આપણા જીવનમાંના રાગદ્વેષ મોળા પડે, જીવનમાંની આપણી નિમ્નગામી વૃત્તિઓની પકડમાંથી મુક્ત બનતાં જઈએ, જીવનમાં શાંતિ, સમતા, તટસ્થતા, પ્રસન્નતા, ધીરજ, વિવેક આદિ ગુણોની પ્રેરણાત્મક જીવતી સંચાલનપણાની શક્તિ તે તે કર્મ આચરતી વેળાએ પ્રકટતી જતી આપણે અનુભવી શકીએ, તો તો તેવાં કર્મ યથાર્થ પ્રકારનાં છે. કર્મમાંથી કર્મનું ઉત્તમ યોગ્ય જ્ઞાન પણ પ્રકટતું અનુભવી શકાતું હોવું જોઈશે. જીવનને માટે કર્મ છે, કર્મ, માત્ર કર્મને માટે નથી. કર્મ કંઈ કોઈ બીજાના ઉદ્ધાર કાજે નથી. કર્મ તો પોતાના જીવનના ઉદ્ધાર કાજે છે, તેવી

ભાવના પ્રધાનતઃ કર્મના આચરણમાં જ્ઞાનપૂર્વક આપણામાં જીવંત પ્રકટેલી હોવી જોઈશે. સેવાના ક્ષેત્રમાં પડેલાં આપણે બધા જીવો વર્ષોનાં વર્ષો સુધી તેમાં પડેલા છીએ. તેવા જીવોમાંથી એવા કેટલા છે કે જેઓ હૈયે હાથ મૂકીને કહે કે તેઓ રાગદ્વેષથી મોળા પડેલાં છે ? કર્મ કરતાં કરતાં ઉપર જણાવેલા છે એવા ગુણોની શક્તિ કેટલાએ પ્રકટેલી પોતાનામાં અનુભવેલી છે ? વળી, સેવાનું કર્મ તે ગાંધીજીએ બતાવેલા માર્ગમાંનું જ કોઈ ને કોઈ એક પ્રકારનું કર્મ કરતા હોઈએ તો જ તે કર્મ સેવાનું ગણાય એવું તો કશું જ નથી. જે કર્મ આપણા જીવનની સાચી સેવા કરી શકે તેવું હોય, તો તેવાં કર્મથી બીજાની પણ સેવા થઈ શકવાની છે. મારો હેતુ સેવા ન કરવાપણાનો નથી. તે તો કરવી જોઈએ. પણ સેવા શેને માટે, કયા હેતુને માટે, તેવા તેના કરવાપણાના ઉદ્દેશનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણામાં પૂરી રીતે પ્રકટેલું હોવું જોઈશે. જીવનને વધારે ઉદાત્ત, વધારે વિશાળ, વધારે ઉચ્ચતમ કક્ષાનું પ્રકટાવવા કાજે તેવાં તેવાં કર્મ છે. જીવનમાંના જીવ પ્રકારનાં વલણો ટળ્યાં કરે, એટલે કે દ્વંદ્વાદિ વૃત્તિ તદન મોળી પડ્યા કરે, દ્વંદ્વ જ અંતે તો હઠી જાય, તેવો જીવતોજાગતો હેતુ ને તેનું જીવતુંજાગતું પ્રત્યેક કર્મ આચરતી વેળાએ આપણને રણકાર ને પડકાર દેતાં જ્ઞાનભાન પ્રકટેલાં હોવાં જોઈશે.

**સેવા કરનારાઓનો ભ્રમણાત્મક આત્મસંતોષ**

અંતે અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા પણ રાગદ્વેષની મુક્તિ વિના કદી પણ થઈ શકવાની નથી, તે નિશ્ચયપણે માનવું ને સમજવું. 'અહિંસા' 'અહિંસા' કર્યે કંઈ અહિંસા કદી પ્રકટી જવાની નથી. અહિંસા પ્રકટવા ને પ્રકટાવવા કાજે પણ ભૂમિકાની જરૂર રહે છે. આ જીવે વીસ વીસ વર્ષ સેવાના ક્ષેત્રમાં

જ્ઞાનપૂર્વક સાવ મૂગા મૂગા રહી કામ કરેલું છે. સેવાનું કર્મ પણ પોતાના જીવનને કાજે છે, પોતાના જીવનના વિકાસ અર્થે છે. સેવાના ક્ષેત્રના કર્મને ખેડનારા જીવોનાં ઘણાં વર્ષોના પૂરા સહવાસ પછી, શ્રીપ્રભુકૃપાથી કહેવાની આજે હિંમત કરું છું કે તેવા જીવોને જીવન શું ને વળી જીવનનો ઉદ્ધાર શું, એવી કશી જ પડી હોતી નથી. એવાં તો સાવ કર્મના માત્ર ચોકઠાં પ્રમાણે જ કર્મ કર્યા કરતાં હોય છે. એવા કર્મમાંથી પ્રાણચેતના કેવી રીતે પ્રકટી શકવાની ? હા ! જરૂર કર્મ થયા કરે છે, એવો એક પ્રકારનો ખોટો આત્મસંતોષ પ્રકટ્યા કરે છે, જેનાથી કરી બધાં છેતરાયા કરે છે. વીસ વીસ વર્ષની સેવાવાળા સેવકો જીવનને પ્રમાણિકપણે તપાસે કે પોતે પોતાના જીવનમાં કેટલી શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા, વિવેક આદિ આદિ ગુણોની જીવંત શક્તિ પ્રકટાવી શકેલા છે ? હા, જરૂર એવાં થોડાંક તો હશે, હોય, તેની ના નથી, પરંતુ બહુ મોટા ભાગને જીવનની પડેલી હોય એવું લાગતું નથી.

### કર્મનો હેતુ જીવનને તારવાનો છે

સેવાનાં કર્મ તો સહુ કોઈએ કરવાનાં હોય છે, તેમાંયે જીવનવિકાસની ભાવના પ્રકટાવવા ઈચ્છતા જીવે તો, સકળ થતાં રહેતાં કર્મ જ્ઞાનભક્તિપૂર્વકનાં જ્ઞાનભાન સાથે પ્રભુપ્રીત્યર્થે જ કર્યા કરવાનાં હોય છે. ભલે પછી તે કર્મમાં પોતાની વ્યક્તિ સમાયેલી હોય કે બીજા જીવો સંકળાયેલા હોય.

આપણાં કર્મથી કરી જો જીવનમાંના રાગદ્વેષ મોળા પાડી શકાય ને બીજાને તેમ કરવામાં મદદરૂપ પ્રભુકૃપાથી જો નીવડી શક્યાં, ને કર્મમાત્રનો મૂળ હેતુ જીવનને કોઈ ને કોઈ રીતે ઊંચે તારવાપણામાં રહેલો છે, તેના વિના કર્મનો કશો જીવતો હેતુ જ ન હોઈ શકે. એવી સમજણ ને તે પ્રમાણેનું જીવનવર્તન

પ્રકટાવી શકાય, તો એવાં કર્મ યજ્ઞભાવે કરવા કરાવવામાં જો આપણે જરાતરા પણ એની કૃપાથી ઉપયોગી નીવડી શક્યાં હોઈએ તો શું તેવાં કર્મ 'સેવા' નથી ?

## સેવાનાં કર્મ તો હળવા થવા કાજે છે

કર્મમાં કર્મના ઉદય પ્રમાણે ને તેના હેત્વર્થે તે ફળ્યા કરે, ને કર્મમાંથી કર્મ આચરવાની યોગ્ય ઉત્તમ કળા પ્રકટ્યા કરે તે આપણે સમજતા રહેવાનું છે.

જે પોતે જ તેવાં કર્મોથી જો હળવા નથી થઈ શકતા, તો પછી તેવા જીવો બીજાને શું હળવા કરી શકવાના છે ? હા, જરૂર 'હોહા' થયા કરવાની ને પ્રચાર પણ થયા કરવાનો, પણ તે બધું માત્ર ઉપર ઉપરનું. રાગદ્વેષ વધવાના, ઘટવાના તો નહિ.

## અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા

અહિંસાની સાચી, જીવંત પ્રાણપ્રતિષ્ઠા તો રાગદ્વેષની મુક્તિના પ્રદેશની હકીકત છે. તેથી આપણે જો સાચેસાચ અહિંસાની જીવનમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાની હોય, તો જીવનમાંનાં વર્તન, વહેવાર વેળાએ આપણામાંથી દ્વંદ્વવૃત્તિ કેમ હઠ્યા કરે, તેના પર આપણાં સકળ દૃષ્ટિ, વૃત્તિ, વલણ જીવતાં રહ્યાં કરવાં ઘટે. સકળ કર્મ દ્વંદ્વાદિ પાશમાંથી મુક્તિ મેળવવા કાજે છે, એનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણાથી થતા જતા પ્રત્યેક કર્મમાં પ્રકટાવ્યા કરતાં રહીએ, તો જ તે તેમ બની શકે. રાગદ્વેષ ટાળવા પરત્વેનું મહત્ત્વ જ આપણા લોકના જીવનમાં જીવતાજાગતા પ્રમાણનું જ્યાં સભાનપણે પ્રકટેલું દેખાતું ન હોય, ત્યાં તેવાં આપણે કર્મ આચરતી પળે તેનું (રાગદ્વેષ ટાળવાનું) જ્ઞાનભાન તો કેમ કરીને રાખી શકવાનાં હતાં ? એવી કોને પડી છે ? જીવનના ધોરણને આમૂલાગ્રપણે ફેરવી શકે, ને જીવનમાં ખરેખરું કામ આપી શકે, તો તેવી

અહિંસા વાસ્તવિક રીતે સાચી હકીકત છે, પણ તેવા પ્રકારની ચેતનયુક્ત અહિંસા કંઈ તારા મારા જીવનમાં જે છે, તેને અહિંસા કહેવી તે જ આપણું તો નર્યું અજ્ઞાન સૂચવે છે. સાચી રીતે શક્તિપ્રેરક અહિંસા કેળવવાનું જ સાચું જ્ઞાનભાન ભાગ્યે જ કોઈકને પ્રકટેલું અનુભવાય છે.

## સેવા પોતાના જીવન ઉદ્ધાર કાજે

એટલે સેવાનાં કર્મ જરૂર કરવાનાં છે, પણ જેનાથી કરી આપણે પણ સાચેસાચ કેળવાતાં રહીએ, એ જ મહત્ત્વનો મૂળ હેતુ જીવતોજાગતો આપણાથી થતાં રહેતાં સેવાનાં કર્મમાં રહ્યા કરતો હોય, કર્મમાત્ર બીજાના ઉદ્ધાર કે સેવા કાજે નથી, પણ પોતાના ઉદ્ધાર કે સેવા કાજે છે, એવું પ્રચંડપણે મહત્ત્વ ઉત્કટ જ્ઞાનભાન સાથે જો પ્રકટેલું રહ્યા કરે, તો તો આપણે પોતે ચેતેલા પ્રભુકૃપાથી રહી શકીએ છીએ. આપ બધાંમાંનો જ આ જીવ પણ એક છે. સેવા શેને કાજે ? શું કરવા ? એનો હેતુ શો ? એવી સેવા કેવા કેવા ગુણોનું જીવનમાં સ્થાપન થવાથી ઉત્તમ રીતે બની શકે ? એવા ગુણો કેળવવા શી રીતે કર્મ કરવાં ઘટે ? એ આપણે બધાંએ વિચારવાનું છે ને શીખવાનું છે.

## જ્ઞાનપૂર્વક થતી સેવાથી પ્રકટવા ઘટતા ગુણો

એવી રીતે જો સેવાકર્મની યોગ્ય સાધના થયા કરતી રહે, તો આપણામાં આપમેળે મતસહિષ્ણુતા, પરસ્પર કાજે યોગ્ય પ્રકારની સહાનુભૂતિ, પરસ્પરને યોગ્ય રીતે સમજવાની શક્તિ, પરસ્પરને યોગ્ય ન્યાય આપવાની પ્રમાણિકતા ને વફાદારી, આપણા પોતાના જીવનમાંના નકારાત્મકપણાને એનાં સર્વ પાસાંમાંથી સમૂળગું ઉન્નયન કરવાની શક્તિ, આપણા ક્ષેત્રથી બીજી રીતે કર્મ કરવાવાળાના આદર્શને યોગ્ય રીતે સમજીને એનું પણ સાચું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિ વગેરે ગુણો આપણને

સાંપડે. સેવાની મૂળ ભાવનામાં તો ત્યાગ, બલિદાન, સમર્પણનો યજ્ઞ સહજ ચાલ્યા જ કરતો હોય છે, એમાં તો જીવપ્રકારની સર્વ વૃત્તિ જ્ઞાનપૂર્વક હોમાતી જતી હોય, પોતે નિષ્કામી બનતાં જતાં જતાં તેમાંથી જ્ઞાનશક્તિનું પ્રકટ થવું, આવું આવું બધું આપણા જીવનમાં કેળવાતું જતું આપણે અનુભવી શકીશું.

જો આમ બનેલું હોય તો તો આપણા સેવાના સંઘમાં ને તેવાં કાર્યોમાં સુમેળ, સંવાદિતા, પ્રાણચેતના, એકરાગ, તાદાત્મ્ય, એકભાવ પ્રકટેલાં રહ્યા કરવાનાં. બાકી તો કોઈ એક ચેતનવંતા પ્રાણચેતનાયુક્ત આત્માની બાંગ* જ્યાં સુધી પોકારાતી હશે, ત્યાં સુધી એને ને એની આજુબાજુ, ટોળાંની જેમ વળગેલા આપણે બધાં રહ્યા કરીશું.

## અહિંસાની સેવાભક્તિની અગત્ય

સ્વતંત્રપણે જીવનના પ્રશ્નને આમૂલાગ્ર વિચારવાની જીવંત શક્તિ કેટલાનામાં છે ? માટે આપણે બધાંએ સેવા કરવાની હોય, ને તે અહિંસા દ્વારા કરવાની હોય, તો અહિંસા જીવનને સાચી, ને એના યોગ્ય અર્થમાં વિકસાવે એવી રીતે કામ આપી શકે તેવી બની શકવા કાજે, એની (અહિંસાની) સેવાભક્તિ જીવનમાં કઈ રીતે આચરવાની હોય તેની સાધના-કળા પણ પૂરેપૂરી રીતે જાણી લેવી ઘટે છે. અહિંસાના પ્રકાર ને અહિંસાની ચેતનાત્મક શક્તિ જીવનના જુદા જુદા તબક્કામાં ને જીવનની જુદી જુદી કક્ષાઓમાં જુદા જુદા પ્રકારની પ્રવર્તતી હોય છે.

સેવાક્ષેત્રમાં કામ કરનારા સંસારના બીજા ક્ષેત્રના કર્મચારીઓને તેમના તેમના જીવનમાંના કંઈ કંઈ અવગુણોને

---

* હૃદયપોકાર

(દાખલા તરીકે વેપારીવર્ગના કે એવા ઈતર પ્રકારના જીવોના દોષોને) ચીંધવાનું કરે છે, તે હકીકતે ભલે સાચું હોય, પણ તેથી રાગદ્વેષ ઘટવાના નથી, ઊલટા વધવાના છે, તે નક્કી જાણશોજી.

## સ્વસુધારણા દ્વારા થતી ઉત્તમ સેવા

પણ તેના કરતાં આપણે પોતે આપણા પોતાના જ જીવનમાંના અવગુણોને ને દોષને વીણીવીણીને એનો મૂળચ્છેદ કરવામાં મશગૂલ રહ્યા કરીએ, તો તે ઉત્તમમાં ઉત્તમ સેવા છે. આપણે બધા આપણી પોતાની પંચાત કરતાં બીજાની પંચાતમાં ઘણા પડી ગયેલા છીએ. સેવા કરવાની સાચી, ખરેખરી, ઉત્કટ ધગશ આપણામાંથી કેટલામાં પ્રકટી છે ?

## પોતાના આચરણ દ્વારા જ સમાજસુધારણા થાય

જીવનના આદર્શને કર્મ દ્વારા જીવનમાં પ્રકટાવનાર જીવો જ તેવા આદર્શ ને તેની ભાવનાને બીજાનામાં જન્માવવા શક્તિવંત થઈ શકતા હોય છે. આદર્શની ભાવના કેવળ મોઢાના બોલવાથી ચેતનવંતી થતી કદી અનુભવી નથી. એ તો હૃદય દ્વારા જ પ્રકટી શકે છે. રાગદ્વેષથી મોકળા થતાં જતાં હૃદયનું પ્રકટવાનું બનતું હોય છે. જે આદર્શ ને તેની ભાવનાને સમાજમાં કોઈએ પ્રકટાવ્યાં હોય, તેમને ચેતનવંતાં તો તો જ રાખી શકાશે કે જ્યારે એવા આદર્શને ને તેની ભાવનાને સાંગોપાંગ, વધારેમાં વધારે પ્રમાણમાં, જેટલા જીવો જીવનમાં જીવતાં કરીને તે પ્રમાણે કર્મને આચરે, તેટલા ને તેવા જીવો જ તેવા આદર્શને જિવાડી શકવા સમર્થ બની શકે છે.

## કોઈવાર કાળ ભગવાન જ તેમ કરાવે

બાકી તો આદર્શ એવા મહાન આત્માના જીવન દ્વારા પ્રકટી એને યોગ્ય રીતે ઝીલનાર, સ્વીકારનાર ને ગ્રહણ કરનાર

કોઈ ન હોવાથી, થોડોક કાળ વ્યતીત થતાં તે આપોઆપ લય પામી જાય છે. કેટલીક વખતે काळ ભગવાન, નિમિત્ત પ્રકારના આત્માને પ્રકટાવીને સમાજના ચક્રને જેમ ચલાવવાનું કરાવતો હોય છે તેવી રીતે, જીવોને તે પ્રેર્યા કરાવતો રહે છે, તે પણ એક સમજવા જેવી હકીકત છે.

## આ લખવાનો હેતુ

આ બધી હકીકત કોઈના ઉપર ટીકારૂપે લખેલી નથી. બધા એક જ રથમાં બેઠેલા જીવમાંનો આ જીવ પણ એક છે. અમે બધાં અમારા જીવનઆદર્શની બાબતમાં સાચેસાચ જીવતાં બનીએ ને અમે ઊંડામાં ઊંડી રીતે જીવનનું વિવેકથી, સૂક્ષ્મતાથી, તટસ્થતા-સમતાથી, શાંતિથી, પૂરું યોગ્ય પૃથક્કરણ કરી કરી, અમારા જીવનઆદર્શને જીવનમાંનાં સર્વ પાસાંઓમાં પ્રકટાવીને તે પ્રમાણે જીવવાને કૃતનિશ્ચયી થઈ, તે કાજે જ જીવન છે એમ દૃઢ મરણિયો નિર્ધાર પ્રકટાવીને, એ અર્થે જ જે તે બધું છે એમ સમજીને જ જે તે વહેવારવર્તન કરતાં રહીએ, તો જ જીવી શકવાના છીએ. નહિતર તો મડદાલ જેવા અમે કેમ કરી જીવવાના ? આપણે જો મડદાલ જેવા હોઈશું, તો તેવા આપણે સમાજને નવચેતનવંતો શું કરી શકવાના છીએ ?

## કાળાનુસાર વર્તી શુભ ભવિષ્યને સત્વર ફળાવો

પણ काळ ભગવાન સમાજને ઘડવા માગતો હોય છે, ને આપણો સમાજ હવે મુશ્કેલીઓમાંથી પસાર થતો થતો, અથડાતો, કુટાતો, પછડાતો, ખોડંગાતો ખોડંગાતો આગળ ધપવાનો જ છે. આપણે પણ, काळ ભગવાન જેમ સમાજને ઘડવા માગે છે એનાં લક્ષણો પિછાણીને, તે પ્રમાણે ઘડાવાને હૈયાના ઉમળકાભેર તૈયાર થતાં જઈએ, તો આપણે કાળને

પણ ટુંકાવી શકીએ તે જરૂર સમજવું. આ બધું પ્રકરણ તો જીવનનો યોગ્ય વિકાસ થવા કાજે કર્મ કરવું ઘટે તે પરથી લખાઈ ગયું તેમ લખ્યે ગયો છું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૭-૪-૧૯૫૩*

## સંતને સેવતાં જીવોના ત્રણ પ્રકાર

જુદા જુદા પ્રકારના જીવો જુદા જુદા ભાવથી અને જુદી જુદી કામના-આશાથી સંતાત્મા પાસે જતાં હોય છે. જીવનવિકાસની ભાવના પ્રકટાવવાના ઉત્કટ હેતુથી જવાનું બને તે જ ઉત્તમ સ્થિતિ હોય છે. તે વિના બીજો કોઈ પ્રકારનો રસ એની સાથેના સમાગમનો તો ન હોવો ઘટે, પરંતુ કોઈ જીવ એટલી ને એવી ઉત્કટ ભાવનાથી, ને તે પણ જીવનવિકાસની એકલી માત્ર શુદ્ધ ભાવનાથી, સંતાત્મા પરત્વે ન વળેલો હોય, તે તેવાનામાં જીવ પ્રકારનો કોઈ ને કોઈ રસ તો હોવાનો જ. તેવી રીતે વળી જે પહેલા પ્રકારના જીવ સાધનાનો પ્રાણ પોતાના જીવનના રોજિંદા વહેવારવર્તનમાં પ્રકટાવવાના એકમાત્ર શુદ્ધ હેતુથી ભલે ભળેલા હોય, પરંતુ તેમનામાં હજી જીવપણું હોવાથી તેવા તેમના હેતુમાં પણ સંપૂર્ણ કક્ષાનું શુદ્ધ હોવાપણું તો જીવતું થયેલું હોતું નથી. બહુ બહુ તો તે કાળનાં તેવાં તે જીવનાં mood-મનોદશા, વળાંક ને વલણ હોય, ને તે કાળે તેનામાં તેવા પ્રકારની ભાવના હોય તેવો પૂરતો સંભવ હોય. બાકી જવલ્લે જ કોઈ જીવમાં જ્વાળામુખીના જેવી ધગધગતી તમન્ના પ્રકટેલી હોય છે. એવા પ્રકારના જીવમાં તેના સાધનાના થતા રહેતા પુરુષાર્થમાંથી તેવા જીવની તે પ્રકારની ભાવના પણ જણાઈ આવતી હોય છે.

## પોતાના ગુરુ પાસેથી જ સમજણ લેવી સારી

સાચી વસ્તુ ને તેનું હાર્દ સમજવા કાજે આપણે જેને

જીવનના ગુરુ સમજેલા છીએ તેની ને આપણી વચ્ચે કોઈ અંતર ન હોવું ઘટે. જે તે બધું એની કનેથી જ સમજી લેવાનું હોય તે જ યોગ્ય છે. કોઈ બીજા કનેથી જાણવાનું કે સમજી લેવાનું બને, તો તેમાં અજુગતું તો કશું જ ન હોય અને તેમાં સંપૂર્ણ યથાર્થતા ધારો કે હોય, તોપણ સમજ સમજમાં કક્ષાભેદ તો રહેવાનો. ધારો કે આપણો ગુરુ આપણે કંઈક સમજવા માગતાં હોઈએ તે તે વેળા જ સમજાવવાનું ન કરતો હોય, તો તેનું યથાયોગ્ય કારણ પણ હોવા સંભવ હોય છે. માટે આપણે તે કાળે ધીરજ ધરવી ઘટે. જ્યારે તેની જ કનેથી તે સમજવાનું કે જાણવાનું બને, તે ઉત્તમ છે. એવો પણ સંભવ છે કે તે કાળ દરમિયાન આપણે જ પૂછવા કે સમજવા માગતાં હોઈએ તે આપોઆપ આપણને સમજાઈ પણ જાય, પરંતુ તે સાથે સાથે કંઈ કશું સંદેહ કે શંકાના સ્વરૂપમાં તો મનમાં કશાને પડી રહેવા દેવું ન જ ઘટે. તેનું તો યોગ્ય સમાધાન કરી લેવું તદ્દન યોગ્ય છે.

## હૃદયની વાત તો હૃદયમાં જ

બીજા કોઈ જીવ સાથે હૃદયનો સંપૂર્ણ, ઉત્તમ પ્રકારનો સાત્ત્વિક પ્રેમભાવયુક્ત સુમેળ જામી ગયો હોય ને જીવન-વિકાસની ભાવનાની જેને ગતાગમ હોય, ને તે ને આપણે એકમાર્ગી હોઈએ, તો ત્યાં તેવા જીવન અંગેની વાત થવામાં વાંધો ન હોય, પરંતુ હૃદયની વાત હૃદયમાં હોય તે જ ઈષ્ટ છે. એક તો એને યથાર્થ રીતે આપણે સમજતાં ન હોઈએ, વળી, જીવનમાં શ્રેયની ભાવના પ્રકટાવવામાં એ (આપણા અનુભવોની વાત) આપણને જેટલી પ્રેરણાત્મક હોઈ શકે છે, તે ઉપરાંત આપણાં જેટલાં શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમભક્તિ હૃદયભાવ ને જીવનના ઘડનાર પરત્વેનું આપણું જે પ્રકારનું વલણ વગેરે

બધું જે હોય છે, તે તે બધું તેટલું ને તેવા પ્રકારનું બીજા જીવમાં હોય જ એમ કેમ કરીને જાણી શકાય ? વળી, કોઈ જીવ પણ તે તે બધામાં ઉચ્ચતમ કક્ષાનો હોવાનો પણ સંભવ.

**સાધનાની વાતને યોગ્ય પાત્ર**

વળી, આપણા વાત કરવાના હેતુમાં પણ શુદ્ધપણું કેટલું છે તેની પણ કોને જાણ હોય ? વાત કરવા કરવામાં પણ ફેર હોય છેને ? વાતનું હૃદય પરસ્પરમાં એકમાત્ર શુદ્ધ સત્સંગના હેતુથી પ્રકટેલું રહ્યા કરેલું હોય, તો તે ઉત્તમમાં ઉત્તમ છે. તેમાં વળી કોઈ જાતના બીજા જીવપ્રકારનાં વૃત્તિ, વિચાર, લાગણી વગેરે પ્રકટેલાં ન હોય, તો તે પણ વિશેષ ઉત્તમ. પરસ્પરની યોગ્ય પ્રકારની સમજણને અંગે જીવનમાં વધારે યોગ્ય પ્રકારની પ્રેરણા મળતી અનુભવાય, જે અભ્યાસ કેળવવાની ધારણા સેવતા હોઈએ તેમાં તેવા સમાગમથી વધારે ઉત્કટતા પ્રકટે અથવા વધારે ચેતનતા સ્ફુરતી અનુભવાય, તે ઉપરાંત તેનો અનુભવ થતાં આપણને તે જીવો કે જીવ યોગ્ય રીતે સમજી શકે તેમ છે કે કેમ અથવા સમાગમ થતાં યોગ્ય પ્રકારથી તે સમજી લે છે કે કેમ, તે બધું પણ આપણી સમજણમાં પ્રકટી ગયેલું હોવું જોઈશે. આપણી હકીકત યોગ્ય પ્રકારથી સમજાવવાની પૂરેપૂરી જ્યાં શક્યતા હોય, ને હૃદયનો એવો જ્ઞાનભક્તિપૂર્વકનો સદ્‌ભાવયુક્ત પરસ્પર સુમેળ પ્રકટેલો હોય, ત્યાં તો સહજમેળે જ હૃદય ખૂલે છે. એટલે આપણામાં ઊંચા પ્રકારની વિવેકબુદ્ધિ પ્રકટેલી હોય તો જ કોની સાથે સાધનાની વાત કરવી તે સમજાય. માટે આપણે તો સાધારણપણે મૌન સેવવું તે ઉત્તમ છે.

**યોગ્ય વર્તનની એક સમજણ**

‘ગઈ કાલે એક વિચાર એવો પણ આવ્યો કે કોઈના માટે

આંતરમાનસમાં વિરોધ પડ્યો હોય અને બાહ્ય વર્તન સુધારવા જઈએ, પણ પેલો અંતરમાંનો વિરોધ તો ફરી ફરીને અજાગૃતિનો લાભ ઉઠાવી જવાનો. કોઈને માટે આંતર-બાહ્ય જુદું વલણ હોય તો તેને દંભ ન કહેવાય કે ? પહેલાં તો આંતરપ્રેમયુક્ત સદ્ભાવ પૂરો અંતરનો અંદરથી જાગશે, તો પછી બાહ્ય વર્તનમાં આપમેળે ફેરફારો થશે. હવે બીજો પ્રશ્ન એ થાય કે અંદર જલદી ફેરફાર ન થાય ત્યાં સુધી બાહ્ય વર્તન તોછડું બતાવવું એ પણ યોગ્ય નથી લાગતું. બાહ્ય વર્તન તો પ્રેમભાવયુક્ત જ રાખવાનું હોય. તે પ્રેમભાવની, સદ્ભાવની પાછળનો હેતુ તો યોગ્ય પ્રકારનું આંતર પરિવર્તન પ્રકટાવવાનો હોવો જોઈશે. સમજણ રાખવા છતાં યોગ્યપણે વર્તી શકાતું નથી. જોકે ત્યાં પણ સમજણપૂર્વકની હેતુનું લક્ષ વર્તાવીને એક વાડ બાંધી લેવી જોઈશે.'

આ તારી ઉપર લખેલી બધી હકીકત ને સમજણ તો સાચી છે.

## સમજણના પ્રકાર

ઘણા જીવમાં યોગ્ય પ્રકારની સમજણ અનુભવમાં આવેલી છે, પણ વર્તન તેવા પ્રકારનું થતું જાણ્યું નથી. 'સમજણ હોય તો કોઈ કાળે વર્તન તેમ બને,' એ વાતમાં પૂરતી યોગ્ય પ્રકારની યથાર્થતા નથી. સમજણ સમજણના પણ પ્રકાર હોય છે. અમુક પ્રકારની ઉત્કટ સમજણ હોય તો વર્તનમાં તે પ્રકટી શકે. સમજણનો મધ્યમ પ્રકાર હોય કે કનિષ્ઠ પ્રકાર હોય તો તે સમજણ તેમની તેમ ગૂંચળું વળીને પડી રહે. સમજણ છેક ઉપરછલ્લા થરની પણ હોય ને ખાલી દેખાડવા કાજેની પણ હોય. સમજણમાં પણ એક પ્રકારનો દંભ પ્રકટી શકે છે. કેટલીક સમજણ અહમ્‌ના પ્રકારમાંથી

પણ ઉદ્‌ભવે છે. જીવનવિકાસ કાજેની ભાવના પ્રચંડપણે પ્રકટેલી હોય, તેવી ભાવનાના ઉત્કટપણાને અંગે તથા તેવી ભાવનાને વર્તનમાં પ્રકટાવવાના કૃપાયુક્ત સ્વપ્રયત્નથી જેમ જેમ વર્તવાનું બન્યા કરે છે, તેમાંથી જીવન પરત્વે તથા પ્રસંગો પરત્વે કેમ કેમ વર્ત્યા કરવાથી જીવનની ભાવનાનું પ્રાબલ્ય પ્રકટ્યા કરે તેવી બાબતની તે તે કાળે સમજણ પ્રકટ્યા કરે છે એવી સમજણ, ને બીજી એક-જીવન પરત્વેની તે પ્રકારની માત્ર અભિરુચિને લીધે પ્રકટતી સમજણ-તે બંને પ્રકારની સમજણમાં આકાશ-પાતાળનો ફરક હોય છે.

**અંતરમાંથી ઊગેલી સમજણમાંથી વિવેક પ્રકટે**

જીવનમાં ભાવના પ્રકટાવવા કાજેના જ્ઞાનભક્તિયુક્ત પુરુષાર્થમાંથી પ્રકટતી જીવનની સમજણનો પ્રકાર કોઈ અનોખો જ હોય છે. એવી સમજણમાં યોગ્ય વિવેક પ્રકટ્યા કરેલો રહે છે. એવી સમજણમાંથી પ્રકટતી લાગણીથી તે જીવ દોરવાઈ કે તણાઈ જઈ શકતો નથી. તેમાંથી પ્રકટતા તેવા તેવા વિચાર, વૃત્તિ કે લાગણીનો તે જ્ઞાનપૂર્વક ઉપયોગ કરી શકતો હોય છે. આથી કરી બીજા સંસારી જીવોની પેઠે તેની પાછળનો તેનો હેતુ કોઈ દાવપેચનો હોતો નથી કે પ્રપંચનો હોતો નથી. તેમાં ખાલી ખાલી વાતો કરવાપણું નથી હોતું. સમજણની કક્ષા કયા પ્રકારની છે, તેની સમજણ પણ સાધક જીવને પ્રકટેલી હોવી ઘટે છે. ક્યાં મૌન પળાય ને ક્યાં મૌન ન હોઈ શકે, એનો સૂક્ષ્મ વિવેક જડ નિયમોથી ન જ ઘડી શકાય. એ તો ખરા સાધક જીવને આપમેળે સૂઝ્યા કરવાનું. આપણી સમજણથી કરી, સામા જીવનું યોગ્ય પ્રકારનું થવાપણું અનુભવની સમજણથી લાગે, તો તેમાં મૌન સેવવું યોગ્ય ન પણ હોય.

## આમાં એક જ પંથ નથી

'મૌનથી થતા લાભ સમજાય છે, પણ મારાથી મૌન નથી લઈ શકાતું એ કારણે મને દુઃખ થાય છે, એવો તે અંગેનો જે તે બધાંનો મારા પરત્વેનો ખ્યાલ શું ખોટો નથી ? પહેલાં મને અસંતોષ હતો, પણ હવે એવું કંઈ નથી. મૌન લેવાથી આનંદ જરૂર થાય, પણ તે પરત્વેના મારા અસંતોષને સમજણપૂર્વક દૂર કરવાને પ્રયત્નવંત છું. માનવજીવનમાં સાધના કાજે મૌન જરૂરી છે, એકાંતવાસની જરૂર છે. એથી નમ્ર પણ થવાય છે, પણ તે તો તેટલા કાળ પૂરતું જને ? ત્યારે તમારા પત્રો એવી ભાવના વધારવાનું શું સાધન નથી કે ? મૌન તો મહિનો બે મહિના લેવાય, જ્યારે પત્રો તો ૭-૭ મહિના સતત ચાલુ જ રહ્યા કરે છે, ત્યારે પ્રભુપંથે જવાનું આ સાધન શું શ્રેષ્ઠ નથી ? એક જ પંથથી અથવા એક જ સાધનથી સાધ્ય પામી શકાય એવું ખરું ? મને ૭-૭ મહિના જે લાભ મળે છે, એ શું બધાં કરતાં ઓછો છે ? ઊલટો તે લાભ ઓછો નથી, એટલું જ નહિ પણ તે કંઈ જેવો તેવો લાભ નથી એવું મને તો લાગે છે. ઊલટું તમારું સ્મરણ આ રીતે પણ વિશેષ રહે છે. એટલે મૌન લઈ શકનાર કરતાં મારી સ્થિતિ ઊતરતી છે એમ હું તો માનતી નથી.'

## આવા પ્રકારનો પત્રવહેવાર મૌન-અનુષ્ઠાનની તૈયારી

'અને મૌન નહિ જ લઈ શકાય એમ કોણ કહી શકે છે ? ગમે તે કાળે એનો સુયોગ મળવાનો છે એ તો ચોક્કસ. અને ત્યાં સુધી હું મૌનની જરૂરિયાત, મૌનની ગંભીરતા ને તેનું મહત્ત્વ, મૌનનું રહસ્ય, મૌનથી થતા લાભ, મૌનમાંથી થતો જીવનવિકાસની ભાવનાનો ઉત્કર્ષ આવું આવું બધું જાણી લઉં, તો જ્યારે મૌન લેવાનો સુયોગ પ્રભુકૃપાથી પ્રાપ્ત થાય ત્યારે

તે બધું મને ઘણું ઘણું ઉપયોગનું નીવડવાનું. હું એમ કેમ ન માનું કે મારા જીવનનો આ ગાળો મૌનએકાંતના યજ્ઞની તૈયારીનો, ને તે ભાવમાં પ્રકટવા કાજે તે પ્રમાણે એની કૃપાથી જિવાઈ રહેલો છે ?'

**પ્રસંગો પરત્વે પત્રોમાંથી રચનાત્મક વલણની સમજણ**

'ને તમે અનેક કાગળમાં શું એમ નથી કહ્યું કે જેવા જેવા પ્રસંગો મળે, તે પ્રસંગમાંથી જીવે તેવા તેવા ભાવે વર્તવાનું છે ? તેમાંથી યોગ્ય આત્મસંતોષ પ્રકટ્યા કરે, એવા પ્રકારનું રચનાત્મક વલણ સ્વીકારવામાં જીવનો યોગ્ય સૂક્ષ્મ વિવેક રહેલો છે. નકામો નકામો અર્થ વગરનો અસંતોષ પ્રકટાવવાથી, કે તેમાં દોરવાયા કે તણાયા, કરવામાં તો ખરા જીવનનું ઊલટું આપણે પોતે જ હાથે કરીને મૃત્યુ પમાડતાં હોઈએ છીએ. એવા ખોટા અસંતોષથી કરી, અનેક પ્રકારનાં અશાંતિ, કઢાપો, બળાપો, ક્લેશ, અથડામણ, કંકાસ વગેરે વગેરે મનમાં ઊપજે છે. એટલે જે પ્રસંગો મને મળ્યા કરેલા છે, તેમાંથી કેમ કરીને જીવનને ઉઠાવવું એની રચનાત્મક પ્રેરણા તમારા પત્રોમાંથી તો મળ્યા જ કરે છે. હજી એ પ્રમાણે પૂરું જીવવાનું જ ક્યાં બને છે ? પણ તે પત્રોમાંથી નિત્ય નિત્ય તમારા સ્મરણભાવનાના બળે જીવનમાં કંઈક જાગૃતિ રાખ્યા કરવાનું જરાતરા પણ બને છે, તે તો હકીકત છે. તમારા સહવાસમાં આવેલા બીજા બધા જીવો મૌનએકાંત લઈ શકે, ને મારાથી નથી લઈ શકાતું તેવી બળતરા રાખ્યા કરવાથી શો લાભ ? મને એવો અભરખો હવે રહેતો નથી.'

**પત્રવહેવાર પણ સાધના જ**

'પ્રભુકૃપાથી જ્યારે જેમ સંજોગો મળ્યા કરશે, તેમાં તમારા કાગળોના ભાવ પ્રમાણે જીવનમાં વર્તવાનું સૂઝ્યા કરો

એ જ પ્રાર્થના છે. મારે કોઈ વાર મૌન વિશે અથવા બીજું મારે જાણવા જેવું કંઈ હોય, તો ભાઈના કાગળોમાંથી મને જાણવાનું મળે, માટે મારે જાણવા જેવું કંઈ હોય, તો તેઓ મને કહે કે લખે એમ તેમને લખજો. એ લોકોને કંઈક સંકોચ થતો હોય છે. કોઈકની કંઈ મૂડી હોય, તો કોઈકની પાસે બીજી કોઈ હોય. આવો સતત પત્રવહેવાર-એને ભાવથી વાંચવો. લાગણીથી ઉતાર્યા કરવો એ પણ શું એક પ્રકારની સાચી મૂડી નથી કે ? મૂળથી શરૂ શરૂમાં તમારા ત્રણ કે ચાર જ પત્રો આવ્યા હશે, તે મને ઉતારી લેવાની ઈચ્છા થઈ એ પણ મારાં સદ્ભાગ્ય ને સૌભાગ્યની વાત છે. તમે લખ્યું છે કે, 'હાલમાં તો તને જ આવા પત્રો લખું છું. મહત્ત્વ તું શોધજે.' ઉપરની હકીકતમાંથી એનો જવાબ મળી જાય છે. પત્ર દ્વારા મારી ભાવના તમારી પર વધે અને એ રીતે તમારા ઊતરી રહેલ કૃપાભાવને મારે જીવનમાં ઝીલવાનો છે. આ સિવાય તમારી તરફ ભાવ વધારવાનું અમૂલ્ય સાધન બીજું છે પણ શું ? નથી મારાથી હું ધારું ત્યારે દોડી આવું એવા સંજોગો, નથી પ્રત્યક્ષ રોજનો સહવાસ મળે તેવા સંજોગો, નથી મૌન લઈ શકાય તેવા સંજોગો. એટલે અરસપરસનો પત્રવહેવાર એ પણ સરસમાં સરસ ભાવ પ્રકટાવવાનું ને વધારવાનું સાધન છે. એટલે મને જે મળે તેનાથી સંતોષ છે. મને જે મળે તેના લાભ હું ઉઠાવું ને બીજાને જે મળે તેના લાભ તે ઉઠાવે. તમે મને નિમિત્ત બનાવીને પત્રો લખ્યા કરો છો, તેનું કારણ મને તો આ સમજાયું છે. કેટલીક વાર તો પત્રો લખતી વખતે જ સમજણના પડદા ઊઘડતા જાય છે તે પણ એક નવાઈ જ છેને ? એટલે જેને જેને જે જે જરૂરિયાત હોય તે ભગવાન પૂરી પાડે છે.'

## બીજાના વર્તનથી છંછેડાવું નહિ

ઉપર લખેલી તારી સમજણ તદ્દન યથાર્થ પ્રકારની છે, તેથી આ જીવને આનંદ થયો છે, પરંતુ તે મૌનનો કાગળ તને ન આપવામાં હેતુ તો શુભ જ હતો. તારાથી મૌન નથી લેવાઈ શકાતું-મતલબ કે તારા તેવા સંજોગો નથી-ને ઉપર મુજબની સમજણ તેં જે પત્રમાં લખી છે તેવી યોગ્ય પ્રકારની તે હકીકત અંગેની (મૌનએકાંતના યજ્ઞ અંગેની) સમાધાન-પૂર્વકની સમજણ પ્રકટી ગયેલી છે, એવું તે તે જીવો કેમ કરીને સમજી શકે ? એટલે તેમના કોઈ કર્મથી કે તેવા કોઈ વિચારથી કરી તને દુઃખ લગાડવાનું બને તો તે તેમને ન ગમે તે પણ સમજાય તેવું છે. આપણે કંઈ કશા કોઈના આમ કે તેમ વર્તવાથી કરી છંછેડાઈ પડવાની આપણી જૂની આદતને તો સંપૂર્ણ તિલાંજલિ આપવાની છે.

## ભૂમિકાને લીધે સમજણની સમર્થતામાં ફેર

આપણી દરેક જાતની સમજણમાં-તેના મૂળમાં-જ્ઞાનપ્રકારની યથાયોગ્યતા ખરેખરી પ્રકટેલી છે કે કેમ તેનું બરાબર પૃથક્કરણ કરતા રહેવાની ઘણી ઘણી જરૂર છે. કેટલીક વેળા જીવને, પોતે બીજા જીવો કરતાં કોઈ જ રીતે ઊતરતો નથી, એવા પ્રકારનું અહમ્‌પણું પણ એને તેવા પ્રકારની સમજણમાં પ્રેરાવી શકતું હોય છે. એક જ જાતની સમજણ કંઈ કંઈ જુદી જુદી ભૂમિકામાંથી પ્રકટતી હોય છે, ને તે સમજણ એક જ પ્રકારની હોવા છતાં તે સમજણનું સમર્થપણું ને તેનાથી જીવનમાં પ્રગટતાં બળ, ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ આદિ આદિ કેટલાં ને કેવાં જીવંતપણે પ્રકટેલાં રહે છે, તેનું તેના પરથી સાચું મૂલ્યાંકન પામી શકાતું હોય છે, તે જાણજે.

## અહમ્‌ની સમજણના પણ પ્રકાર

અહમ્‌ના પ્રકારમાંથી ઊઠેલી સમજણ તો ઝાંઝવાના જળ જેવી છે, ને શેખચલ્લીના તરંગ જેવી છે. એમાંથી કશું બળ ન પ્રકટી શકે. જોકે અહમ્‌ના પ્રકારો કેટલીક વાર ઉચ્ચ ભૂમિકાના પણ હોઈ શકે. ઉચ્ચ ભૂમિકામાં મુદ્દલે અહમ્ હોતું જ નથી, એવું તો નથી. જીવદશામાં જે પ્રકારનું અહમ્ હોય તેના ઘવાવાપણામાંથી પણ, પોતે સૌની બરોબરીમાં છીએ અથવા સવાયા છીએ એવા પ્રકારની એક સમજણ પ્રકટતી હોય છે. ત્યારે આધ્યાત્મિક ક્ષેત્રની ઉચ્ચતમ કક્ષામાં જે સાત્ત્વિક પ્રકારનું અહમ્ હોય છે, તેમાંથી જે સમજણ પ્રકટે છે તેનો પ્રકાર પણ નોખો છે. સાધક જીવ પોતે અંતઃકરણમાંથી એમ સમજે છે કે નકામા નકામા જેનાથી કશો જ અર્થ તો સરી શકતો નથી, એવા અસંતોષને પોષ્યા કરવાથી તો ઊલટું તે (અસંતોષ) વધારે અશાંત બનાવનાર, વધારે અકળામણ કરાવનાર, વધારે જીવ ઉકાળો કરાવનાર, વધારે ક્લેશ પ્રકટાવનાર, વધારે બળાપો જગાડનાર વગેરે એવું એવું આડાંફેલાં રૂપે જન્માવનાર બને છે. તેથી તેને તો તિલાંજલિ દેવી જ યોગ્ય છે.

## પ્રસંગનો ઉપયોગ એ જ મોટું સાધન

જીવનમાં એવા પ્રકારના અસંતોષથી સાચેસાચ પસ્તાઈને તેમાંથી જે બચી ગયેલ છે ને ઊગરી ગયેલ છે, ને જે જે પ્રસંગ મળે છે તે તે જીવનના યોગ્ય વિકાસ કાજે યથાસ્થાને યથાયોગ્યપણે છે એવી સમજણ જેને ગળે પૂરેપૂરી ઊતરી ગયેલી છે, ને તેથી નવી ચેતનવંતી સમજણની ભાવનાથી જેણે જીવનને ઘડવાનું નિશ્ચયપૂર્વક સ્વીકાર્યું છે, તેવાની જીવનની સમજણમાં તો એક પ્રકારનો સમાધાનપૂર્વકનો યોગ્ય

સંતોષ પ્રર્વતેલો તે અનુભવી શકે ખરો. પ્રસંગ તો જીવનને ઘડનારો છે, એવા પ્રકારની જ્ઞાનયુક્ત ભાવના તેવા તેવા પ્રસંગમાં જીવતી રાખીને જે જીવ પ્રસંગને તે ભાવે સ્વીકારીને વર્ત્યા કરતો હોય છે, તેને બીજાં કશાં જ સાધનની જરૂરિયાત રહેતી નથી. મૌનએકાંતનો યજ્ઞ પણ તેવી ચેતનયુક્ત સમજણ ને જાગૃતિ પ્રકટાવવા કાજે છે તે જાણજે. તારી સમજણ કાજે જરૂર માન ઊપજે છે ને તારી સમજણ જીવનમાં તને યોગ્યપણે ઘડાવાને કાજે પ્રભુકૃપાથી એવી પ્રકટ્યા કરો એ જ પ્રાર્થના છે.

## જીવદશાના અસંતોષને ટાળો

ક્યાંય કશે પરિસ્થિતિના જીવદશાના અસંતોષને સ્થાન જ ન આપવું એવા અસંતોષથી તો જીવન કારમું કારમું થઈ પડે છે. જોકે તેવા જાગેલા અસંતોષથી બળતા જીવને તેનું તેવું તે પ્રકારનું ભાન પણ જાગતું હોતું નથી. જીવ પ્રકારની દશામાંથી પ્રકટેલો અસંતોષ તો એકદમ પરખાઈ જતો હોય છે. એનાથી તો જીવ કકળાટ કરી ઊઠતો હોય છે. એનાથી કોઈક કોઈક જીવ તો ચીડિયા પણ બની જતા હોય છે. અમુક પ્રકારના માનસિક અસંતોષના પરિણામે જુદા જુદા રોગના ભોગ પણ કેટલાક થઈ પડતા હોય છે. જીવદશામાંથી પ્રકટતા અસંતોષના રાવણનાં માથાં કાપો એટલાં પાછાં નવાં નવાં પ્રકટતાં હોય છે. એ અસંતોષ જુદી જુદી રીતે પ્રકટ થયા કરે છે. ને જીવનમાં ન તો પોતાને જંપ વળવા દે ને ન તો જે પોતાની સાથે વળગેલા હોય તેને જંપ વળવા દે. પોતે જ અશાંત બન્યા કરે ને પોતાનાથી કરી પોતાની સાથેનાંને પણ અશાંત બનાવે છે. પછીથી કોઈ અશાંત ન બને તે વળી નોખી વાત છે. એવો અસંતોષ જે જીવમાં છે, તેને

પ્રસન્નતા ક્યાંથી હોય, તો એને વળી શાંતિ ક્યાંથી હોય ? એવાનામાં વળી ઠામઠેકાણાં શાં હોય ? એવા જીવવાળાની દશામાંથી ઉત્તમ પ્રકારની સમજણ પ્રકટે પણ શી રીતે ? એવા પ્રકારના અસંતોષથી પીડાતાં જીવો તો મહેણાંટોળા મારવામાં પણ કે સંભળાવવામાં પણ પાછા ન પડે. પોતે એનાથી બળતા હોય ને બીજાને પણ બાળવાને તેનો તે પ્રકારનો અસંતોષ તેને ઉશ્કેરાવે છે. એટલે તારી મૌન બાબતની સમજણ (એવા એવા પ્રકારના અસંતોષમાંથી કોઈ કોઈ જીવની બાબતમાં તો ઈર્ષા-અદેખાઈ પણ જન્મતાં હોય છે) છેક ઉપલા પ્રકારના થરના અસંતોષમાંથી પ્રકટેલી છે, એમ તો નથી જ. જીવનમાં પ્રકટેલી દશામાં તે દશાનું જ્ઞાનપૂર્વક સમાધાન પ્રકટાવીને જીવવામાં, વર્તવામાં ડહાપણ રહેલું છે.

## જીવદશાનો અસંતોષ ને સાધનાની ઉત્કંઠા

જીવવિકાસની ભાવના બળવત્તરપણે પ્રકટે, તે કાજેનું યોગ્ય સાધન હોય તે જો આપણાથી લઈ શકાય, તો યોગ્ય એવા પ્રકારની ઉત્કંઠા હૃદયમાં જીવતી પ્રવર્ત્યા કરતી રહે તો તે તદ્દન યથાર્થ છે. આવા પ્રકારની જે ઉત્કંઠા છે, તેમાં ઘણી અધીરાઈ હોય, ને જીવદશામાંથી પ્રકટેલો અસંતોષ ને તેમાં રહેલી અધીરાઈ-એ બંને પ્રકારની અધીરાઈમાં આભજમીનનો તફાવત છે. બંનેની ભૂમિકા જ જુદી જુદી દિશાની છે. તેથી તેમની વચ્ચે સરખામણીને તો સ્થાન જ નથી. યોગ્ય સ્થિતિ થવા કાજે સાધનના અભ્યાસથી થતી અનુભવદશા માટેની ઉત્કટ ઝંખના, ઉત્કંઠા, સદ્‌ભાવપૂર્વક આપણામાં હોવી તે તો ઘણું ઘણું જરૂરનું છે. એવા પ્રકારની ભભૂકતી ઉત્કંઠાએ કરીને કેટલાય સંતભક્તોએ પોતાનું સર્વસ્વ પળવારમાં સમર્પણ કરી દીધું છે, ને શ્રીભગવાનનાં ચરણકમળે દોડી ગયા છે.

## પ્રતિકૂળ સંજોગો પરત્વે વલણ

તેવું ન બની શકે તેવા સંજોગો હોય, તો તેથી નાસીપાસ થઈ જવાની જરૂર ન હોય, તેમ જ નાઉમેદ થઈ જવાની જરૂર ન હોય. ધીરજ તો પૂરતી રખાય. એવી ઉત્કંઠાથી જાગેલી ભાવનાથી જીવનના ચાલુ વર્તમાન સંજોગોમાં પ્રભુસ્મરણ-ભાવનાને પ્રકટાવવાને યોગ્ય રીતે મથ્યા કરવાને જીવતા રહ્યા કરીએ, તો તેવી જાગેલી ઉત્કંઠાનો યોગ્ય ઉપયોગ થયો ગણાય અથવા આપણને જે સાધન મળેલું હોય તેનાથી જીવનને ઉઠાવવા કાજેનો પૂરેપૂરો જીવતોજાગતો પ્રયત્ન એની કૃપાથી કરતાં રહીએ, તો જ તે મળેલું છે તેનાથી જરૂર કૃતાર્થ થતા રહીએ એ સત્ય હકીકત છે ને એની નિશ્ચિતતામાં જરા પણ ફરક નથી.

## સમર્થની ઓથનો પ્રચંડ આત્મવિશ્વાસ

પોતાને સમર્થ મળી ગયેલા છે એવો જેને આત્મવિશ્વાસ પ્રકટી ગયેલો છે, એવા જીવને સાધન મળી જ ચૂકેલાં છે એમ નિશ્ચયપૂર્વક સમજવું ને માનવું. એવો હૃદયનો પ્રકટેલો આત્મ-વિશ્વાસ જબરજસ્ત પરિણામ પ્રકટાવી શકે છે. આ જીવ વિશે તારા પોતાના ખરેખરા અનુભવની પાકી ખાતરી પાક્યા વિના એમનું એમ તારે કશું જ માની ન લેવું એવી મારી તને વારંવાર સલાહ છે. એવો તને અનુભવ થાય તો તો પછી એક બાજુ સારુંય જગત સામે હોય ને બીજી બાજુ તું એકલી જ ઊભી હોય છતાં તું તારા નિર્ધારમાંથી પાછી હઠી ન શકે તો તારો અનુભવ સાચો ઠરે. અનુભવમાંથી પ્રકટેલી સમજ એવી ચેતનવંતી મક્કમતાને પ્રેરે છે એવો આ જીવનો ચેતનવંતો અનુભવ છે.

## સાચું દુઃખ તો ગતિપ્રેરક ને ચેતનાપ્રેરક

સાધક જીવથી ભૂલો, દોષ, વાંક, અજુગતું વગેરે તો બનવાનું, પણ પ્રત્યેક તેવા પ્રકારના કર્મની બાબતમાં તેને તે

સારી રીતે ને યોગ્ય ભાવમાં કઠવાનું બનતું હોય તો દરેક તેવા પ્રકારના જીવસ્વભાવ પ્રમાણે (જીવનવિકાસની ભાવનાને અયોગ્યપણે) વર્તાઈ જવાનું થતાં, તેને વધારે ને વધારે કઠવાનું બન્યા કરે, એમ કઠવાની ને દુઃખની માત્રા વધ્યા કરતી અનુભવાય, તો એમ કરતાં કરતાં એની જાગૃતિ પણ વિશેષ વધવાની. જે જે કંઈ જેને ઉત્કટપણે કઠે, તેમાંથી પરાઙ્મુખ પણ થઈ શકતો હોય છે. દુઃખ આપણને જગાડે ને ગતિમાં પ્રેરાવે, તો તે દુઃખ સાચું. દુઃખ જો સાચેસાચ થતું હોય, તો જે બાબતનું દુઃખ થતું હોય, તેમાં ને તેમાં તે કદી પણ આપણને પડી ન રહેવા દે. દુઃખ જે અર્થે લાગે, તે અર્થના હેતુમાં તે લઈ જવાને આપણને મથાવ્યા કરે. જે દુઃખ કઠે તે સાચી સમજણ પ્રેરાવ્યા કરે છે. **'દુઃખની સાધના'** નામની ચોપડી તારે વાંચી જવા યોગ્ય છે. **'જીવનપગલે'**માં તે છે ને જુદી પણ છપાયેલી છે. ભાવનાને પ્રકટાવવા કાજે અથવા જીવનવિકાસની ભાવનાથી અયોગ્યપણે વર્તતાં તેમાંથી જે દુઃખ પ્રકટે, તે તો દુઃખ ચેતાવનારું હોય છે. દુઃખ તો પ્રેરાવનારું છે. દુઃખ જીવને સમજણના ઘરમાં પ્રકટાવે છે, સાચી રીતે લાગેલું દુઃખ તો જીવનને નવી ભાવનામાં પ્રેરાવે છે. દુઃખ એ તો નર્યું કંઈ દુઃખ જ નથી, પણ નવું પ્રકટાવવા કાજેની મંડાણભૂમિકા છે. દુઃખથી જે ચેતીને વર્તે છે, તે દુઃખથી લાભ પામી શકે છે. દુઃખના હાર્દને જે સમજે છે, તેને દુઃખ આશીર્વાદ છે. દુઃખથી જો યોગ્ય રીતે જગાય, તો તે સાચી રીતે જિવાડે છે. દુઃખ જેને અંતરમાં લાગે છે, તેને તો નવા પ્રાણ અર્પે છે, નવી જિંદગી બક્ષે છે, નવી દૃષ્ટિ ને નવી સમજણ તેનામાં તે પ્રકટાવે છે. તેથી જે જીવ દુઃખને પ્રેમભાવે, જીવનમાં ભાવના વિકસાવવા કાજેના જ્ઞાનના હેતુથી સ્વીકારી

શકે છે, તેવા જીવને દુઃખ તે દુઃખ નથી. તેવા જીવને તે દુઃખ તો કલ્યાણકારક નીવડે છે, તેમાં તે કદી પણ ડૂબી જઈ શકતો નથી. તે તો એની ઉપર તરતો રહી શકે છે. દુઃખથી દબાઈ જાય, તેને હૈયે જીવનની સાચી ભાવના હજી પ્રકટેલી નથી એમ સમજવું. દુઃખ તો તરવા કાજે છે. દુઃખ તો પ્રભુની પ્રસાદી છે. દુઃખ તો ઊગરવા કાજે, કસોટી ને પરીક્ષારૂપે છે. માનવી આત્મા કેટલો ઘડાયો છે, એની સદ્ભાવના, એનું સમત્વ ને એના હૈયાનો પ્રેમભાવ-તે બધાં દુઃખમાં કેવાં ટકે છે, તે જીવનમાં બીજા કયા પ્રસંગથી જાણી શકનારો છે ? દુઃખ પોતાને જાણવા સમજવા કાજેનું યોગ્ય દર્પણ છે. આપણે કેવાં છીએ, તે દુઃખમાં આપણાથી કેવી રીતે વર્તાઈ જવાય છે, તેના પરથી આપણને બરાબર સમજાઈ જતું હોય છે.

## દુઃખને આવકારી પ્રાર્થના કરો

તેથી દુઃખ આવી પડે તેને આવકારવું. તેનાથી કદી પણ આઘાત પામી ડૂબી તો ન જ જવું. એવી તકેદારી રાખી પ્રભુકૃપાથી તે પ્રમાણે જીવી જીવી આપણે દુઃખમાં જીવનને તરવવાનું છે. અયોગ્યપણે કશુંક આપણાથી થયાની જાણ થતાં દુઃખ લાગે તે યથાર્થ છે. તેવું અયોગ્યપણું થતાં, ત્યારે હૃદયમાં પ્રાર્થના કરી કરી પ્રભુને પોકારવો. જેમાં ને તેમાં પ્રાર્થનાના ભાવનો ઉપયોગ કરતાં રહેવાનું છે. પ્રાર્થનાના મહત્ત્વની બાબતમાં તો ઘણું ઘણું તને લખેલું છે.

## સ્વજનોની વિષપ્રસાદી

પણ બધા જીવો એનો આશ્રય જ ક્યાં લેતા હોય છે ? જે તે મને જ ઠપકારવાનું કરે છે. ધન્ય છે એમની લીલાને ! કહ્યા પ્રમાણે, સંપૂર્ણપણે હૃદયથી આચરી બતાવવાની તો પૂરી ઉત્કટ ઉત્કંઠા કોઈને પ્રકટતી નથી, ને મને ફાંસીને લાકડે

ચઢાવવાનું કરવું છે ! હા, તે પણ કબૂલમંજૂર છે. એ પણ વહાલાં સ્વજનોની ચરણકમળની પ્રેમપ્રસાદી છે, તે પ્રેમથી સ્વીકારવી ઘટે. કંઈ એકલા સોક્રેટીસે જ ઝેર પીધું હતું એવું થોડું જ છે ! એવું ઝેર તો અનેકવાર પીવું પડે છે. એમાં કોઈના ઉપર દુઃખ લગાડવાનું કારણ ન હોય કે ઓછું આણવાનું પણ ન હોય.

## ધીરજયુક્ત ઉતાવળની જરૂર

જે જેમ છે તે તેમનો તેમ છે, એમ તો કશું જ નથી. સર્વ કોઈની ગતિ થયા જ કરે છે, તો આપણી કેમ ન થાય ? માટે આપણે સભાન અવસ્થામાં રહેવાનું છે. દુઃખની લાગેલી વેણ નકામી તો ન જ જઈ શકે. માટે લાગેલું કાર્ય લાગી શકે, ત્યારે જ તે અમારે તો કામનું. અમને તો કશી જ ઉતાવળ નથી. પણ જે જેમ થવા માગે છે તેમ થવા માટે તેનામાં તો ધીરજયુક્ત ઉતાવળ પ્રકટવી ઘટે. તો જ તે તેમાં વિકાસ સાધી શકે.

## સ્વ-કેંદ્રિત રહો

આપણે આપણામાં છીએ, તેમ જ બીજાનામાં પણ છીએ. એટલે આપણે માત્ર આપણામાં જ પહેલાં રહ્યા કરીએ ને બીજાનામાંથી જ્ઞાનપૂર્વક સૂક્ષ્મપણે ખસી જઈએ તો તે ઉત્તમ. જે જે કંઈ કરવાનું છે તે આપણા પોતાના કાજે કરવાનું છે.

## આજ્ઞા તો પળાય જ

અમારે તો કોઈને હુકમ કરવાનો નથી. કદી તેમ કરેલું નથી. કંઈક કહેવાનું હોય તે પણ તેવું નિમિત્ત પ્રકટતાં સૂક્ષ્મપણે કહેવાનું બન્યા કરે છે, જેને બહુ બહુ તો સૂચના કહી શકાય. એવું તો કેટલાંય સ્વજનોને કહેલું છે, પણ તેને કયા જીવે પ્રેમભક્તિપૂર્વક જીવનને યોગ્યપણે મઠારવા આચરવાનું કરેલું

છે ? હુકમ કે આજ્ઞા જો એના અસલ સ્વરૂપમાં શ્રીપ્રભુકૃપાથી વછૂટે તો આપણાં બધાંથી તે પાળવાનું બને જ-ભલેને પછી ગમે તેટલો ને ગમે તેવો વિરોધ આપણામાં ભરેલો પડ્યો હોય ! ભલેને પછી તે આજ્ઞાના પાલન કરવાપણામાં આપણને અણગમો હોય કે પછી ગમે તે હોય પણ તે તો પળાયા જ કરાય.

### સદ્‌ગુરુમાં એકાગ્રતા ને કેંદ્રિતતા-સર્વશ્રેષ્ઠ સાધન

આ હકીકત કાંઈ નવી નથી કહેલી. પ્રત્યેક જો કંઈ કહેવા કથવામાં આવે, તે બધાયમાં જ્યારે તેની પૂરેપૂરી ખરેખરી યથાર્થતા આપણને સમજાયા કરે, ત્યારે જાણવું ને માનવું કે તેના (ગુરુના) પરત્વેની આપણા આધારની ભૂમિકા પાકવા માંડવાની અણી પર છે. તે વેળા આપણે છતાં થઈને સદ્‌ગુરુની ભાવનાની ધારણામાં, જીવનવિકાસની ભાવનાને શક્તિસ્વરૂપમાં પ્રકટાવવા કાજે પળેપળે ચેતનયુક્ત જાગૃતિથી એકાગ્ર ને કેંદ્રિત રહ્યા કરીએ, તો જે મળે તે અનુપમ છે એવો અનુભવ છે.

### બીજી સાધનામાં પણ ગુરુ-ચેતનાસ્મરણથી લાભ

જે સાધન કરીએ કે કરતાં હોઈએ, તેમાં પણ તે તે વેળા હૃદયમાં સદ્‌ગુરુની ભાવનાની ચેતનાત્મક ધારણા જીવતી રખાયા કરાય, તો સાધનના અભ્યાસમાં પ્રાણ વહેલા પ્રકટતા હોય છે, એવો પણ આ જીવનો અનુભવ છે. એટલે તને આવા આવા અનેક પ્રકારના ઉપાયો બતાવ્યા કરેલા છે, તેનો તું પ્રયોગ કર્યા કરી અનુભવ મેળવે તો જ કામનુંને ? પ્રયોગમાં ઊતર્યા વિના સાચું શું સમજાઈ શકાવાનું છે ?

### હૃદયના એકરાગની પરમાવશ્યકતા

સંસારવહેવારમાં પણ જો શાંતિથી, સુમેળથી કામ કરવાનું હોય છે, તો જે તે બધાં સાથે એકરાગ થયેલો હોય છે, તો જ

તેમ બની શકતું હોય છે. તેવી રીતે આધ્યાત્મિક ક્ષેત્રમાં સદ્‌ગુરુની સાથે કોઈ ને કોઈ રીતે ને ભાવે હૃદયનો એકરાગ તો જીવતો પ્રકટી ગયેલો હોવો જોઈશેને ? તે વિના આપણું કામ કેમ કરીને આગળ ધપવાનું ? સંસારવહેવારવર્તનમાં જે જે જીવ આપણને મળેલા છે, તેમની સાથે જેવો એકરાગ હોય છે, તેવો ને તેટલા પ્રકારનો એકરાગ અહીં નથી ચાલી શકવાનો તે પણ નક્કર હકીકત છે. અમે કહીએ છીએ કે જીવનવિકાસને કાજે મળેલાં સ્વજનોનો એટલો ને એવો હૃદયનો એકરાગ પણ હજી અમને મળેલો નથી, ને બધાં પ્રેરણાની ને એવી એવી ખાલી વાતો કર્યા કરે છે, તે અમને સાચું લાગતું નથી. તેમ છતાં જે અનુભવો મળેલાં સ્વજનોને થયેલા છે, તેની પણ તે ના પાડી શકે તેમ નથી. પોતાનાં ધનદોલત, માલમિલકત, બૈરાંછોકરાં, પ્રતિષ્ઠા, કીર્તિ, પોતાની સમજણો, માન્યતાઓ, આગ્રહો, ટેવો વગેરે વગેરે પરત્વે જીવને જેટલો રાગ છે, તેટલોય હૃદયનો રાગ સદ્‌ગુરુ પરત્વે જો પૂરો સાચો ને ખરેખરા હૃદયથી જાગેલો હોય, તો તેવા રાગથી કરી, જીવનમાં સાચેસાચું ચીટકી રહેવાનું કામ લાગી શકે. એનો અર્થ એવો નથી કે સ્વજનોએ આ જીવને મદદ કરી નથી, પણ એવી મદદ તો પ્રભુકૃપાથી આ જીવને મળી જ રહી હોત.

### મારે તો હૃદય જોઈએ છે

હું તો માગું છું તેમના તેમના હૃદયને. હૃદય મળ્યું હોય ને બીજું ન મળ્યું હોય તો તે ચાલી શકે છે. બધાં સ્વજનોએ કામ પણ કર્યું છે, પણ તે કામમાં ક્યાં તેમણે જીવતીજાગતી ચેતનયુક્ત હૃદયની ભાવના રાખેલી હોય છે ? અને આ જીવે તો પોકારી પોકારીને કહેલું છે કે જે કર્મમાં, અંતરની ભાવના, હેતુના જ્ઞાનભાન સાથેની, જો જીવતી રહેલી ન હોય તો તેવાં

કર્મથી કશું વળતર થઈ શકવાનું નથી. મારે તો બધુંય ખપનું છે-જો તેમાંથી ઊઠવાનું બનતું હોય તો.

## ચેત ! ચેત ! ચેત !

એટલે તું કરતી કારવતી બની જાય, તો જ ખપની છે. બાકી નકામી નકામી રેઢિયાળ છે એમ જ માનવાનુંને ? 'ફરે તે ચરે ને કરે તે પામે' એવી કહેવત પણ છે. તેમાં યથાર્થતા પણ છે. પ્રભુ કૃપા કરે, ને તું વધારે ને વધારે સજાગ બને ! પ્રભુ તારા હૃદયમાં જાગૃત થાય એવી પ્રાર્થના છે. ચેત્યા વિનાનું બધું નકામું છે. એક કર્મ ઉત્તમ કરેલું હોય પણ ચેત્યા વિનાની દશામાં તે કરેલું હોય, ને એક કર્મ ઉત્તમ હોય ને ચેતી ગયેલી દશામાંથી તે કરેલું હોય તો તે બે કરેલાં કર્મ એક જ પ્રકારનાં હોવા છતાં તેવાં કર્મનાં પરિણામ જુદાં જુદાં હોવાનાં. માટે જેમાં ને તેમાં ચેતીને વર્તવું તે ઉત્તમ છે. માટે ચેતો, ચેતો ને ચેતો. એ જ બધાંને પ્રાર્થના છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૮-૪-૧૯૫૩*

## કંઈ ને કંઈ સાધનમાં પરોવાઈ જાઓ

આ માર્ગમાં સ્વચ્છંદીપણું તો મુદલે ચાલી શકવાનું નથી, પણ તે એકદમ છૂટ્યું છૂટી શકતું નથી, તે આપણી કેવી લાચારી ! અરે, હું કહું છું કે આપણે જે લાચારી, પામરતાની વાત બધી કરીએ છીએ તે મિથ્યા છે ને ભ્રમણા છે, અજ્ઞાન-પણાની તે વાત છે. ખરી મૂળ એ વાત છે કે હજી આપણને કશું ખરું પૂરું લાગેલું નથી, લાગે તો કેવાં સફાળાં સફાળાં ઊઠીએ છીએ ! ને લાગી પણ કંઈ એમનું એમ જતું નથી. એ કાજે પણ સાધનનો કોઈ ને કોઈ પ્રકારનો અભ્યાસ હોવો જોઈશે, તે સાધન પછી ભલેને ભાવનાના પ્રકારનું હોય કે બીજી રીતનું હોય. માટે આપણે આપણી જાતને નિત્ય ને

નિત્ય બરાબર તપાસતા રહ્યા કરવું ઘટે કે, ‘ભલા જીવ! તેં કેટલું ને કેવી રીતનું સાધન કર્યું ?’રોજિંદા સંસારવહેવાર-વર્તનમાં જીવે જાગતા બની બની, સાબદા થઈ સાધનાના ભાવમાં પરોવાવાનું બન્યા કરે તે ઘણું જરૂરનું છે.

**સાધનાના અભ્યાસ વિના નવું જીવન ન પ્રકટે**

એ વિના નવાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જીવનમાં કદી પણ પ્રકટી શકવાનાં નથી તે નિશ્ચે કરીને જાણજે. પડી રહ્યે દહાડો વળવાનો નથી. એ તો ઊઠીને કરતે કરતે કામ પૂરું થઈ શકવાનું છે. ઊઠીને જે કરવા માંડે છે તે આખરે તો પરવારી શકતું હોય છે. એમ ને એમ મોં વકાસીને બેસી રહ્યે કદી પણ પાર આવી શકવાનો નથી. ક્યાં સુધી હજી અટવાયા કરવું છે? ક્યાં સુધી અથડામણમાં ભટકાયા કરવું છે ? જો હૃદયની સાચી ભાવનાથી જ્ઞાનભાવે કોઈને પકડવાનું થયું હોય તો આપણો જીવ તેમાં કેટલો રહે છે તેની આપણને ગતાગમ ન પડી શકે કે ?

**જીવનવિકાસ કાજે જ બધું મળ્યું છે**

પ્રભુકૃપાથી અમોને મળેલાં સ્વજનોની સ્મરણભાવના મોળી મોળી જોઈને અમને તો ચેન, જંપ, કળ વળતાં નથી. બધાં જે તે ‘પ્રેમ પ્રેમ’ની વાતો કરે છે, પણ અમને તે ખરી લાગતી નથી. પ્રેમ તો એકભાવે જેમાં તે લાગે તેમાં તેને પરોવી દે છે. પ્રેમનું તેવું માપલક્ષણ છે. આપણે તો જે તે બધું જીવનના વિકાસના ઉપયોગ કાજે જ ખપનું છે. સદ્‌ગુરુનો ખપ પણ તેટલા કાજે જ છે. તેમ આ મળેલું શરીર, તેનાં કરણો, પ્રભુકૃપાથી મળેલો આ સંસાર, સગાંવહાલાં-તે બધાં જ જીવનની વિકાસની ભાવના તે તે બધાંથી ઘડાય, કેળવાય,

રૂડું રૂપ લેતી પ્રકટતી બની જાય, તે તે કાજે તે તે બધાં જ છે. બાકી તો એનો બીજો કશો જ અર્થ નથી.

## પોતાની વેદનાથી સ્વજનની યાદ

અહીં પગે તોડ ઘણી જબરી પ્રકટેલી છે. કેટલાય દિવસથી રાતે પૂજ્ય મોટી બા, કાશીબા દબાવે છે, તોયે તે મટતી નથી. બાએ મને રોજ રાતે પગે કપડાં બાંધવાનું બતાવેલું છે, તે બાંધું છું. તોય તોડ તો ચાલુ જ છે. ત્યારે સ્વજન ઘણું ઘણું યાદ આવ્યા કરે કે તેને તે કેવું થતું હશે ! મને તો પ્રભુકૃપાથી કોઈ ને કોઈ સેવા કરનાર મળી રહેતું હોય છે. પણ તેને ત્યાં તેમ થતાં કોણ શું કરી શકે ? ને તોડ તો કેવી ! બામ પણ લગાડેલો, પણ પાંચ મિનિટ ઠીક, પછી પાછું એવું ને એવું.

## આવું જીવ્યું કામનું

તારામાં જે સમજણનો ઉદય થતો અનુભવું છું, તે પરથી જો તું પૂરતી જાગીને જીવનના સાધનના અભ્યાસમાં પૂરી મચેલી મથેલી રહ્યા કરે, તો કેવા ઉત્તમ પ્રકારની તું બની શકે ! એવું તારું સંસ્કારયુક્ત ચેતનયુક્ત બનેલું ચિત્ર જોવું અમને તો ઘણું ઘણું સુમધુર લાગે. આપણે તો જેવા બનવું છે તેમાં જ સમગ્રપણે, એકાગ્રપણે, કેંદ્રિતપણે ધ્યાન-લક્ષ પરોવી પરોવીને તે ભાવના પ્રમાણે જીવ્યા કરીએ તો જ શોભાવાળાં ને ખપનાં. બાકી તો જીવ્યાં તે જીવ્યાં નકામાં છે.

## કથાવાર્તા

કથાવાર્તા સંસારમાં કેટલેક ઠેકાણે ચાલતી અનુભવાય છે. તે સાંભળવા જતાં કેટલાંકનાં મન શાંતિ અનુભવી શકે છે. સંસારવહેવારનાં ધમાલ, અથડામણ, ક્લેશ, સંતાપ વગેરે વગેરે પ્રકારના વાતાવરણમાંથી તેટલો સમય મુક્તિ મળે ને

મનની મોકળાશ અનુભવાય તે સાચું છે, પણ ઘણાંખરાંને તેથી વિશેષ લાભ કશો થતો નથી. તે કથાવાર્તામાંની યોગ્ય પ્રકારની સમજણ ને ભાવના જીવનના પ્રત્યક્ષ વહેવારવર્તનમાં તો ઊતરતી હોતી નથી. તેથી કથા સાંભળનાર જીવો તો જેવા હોય છે તેવા ને તેવા જ રહેતા હોય છે. તેથી તેવી કથા સાંભળવા કરવાથી જીવનનો ખરેખરો, પૂરો, સાચો ઉદ્ધાર થવાની શક્યતા નથી. એમાંથી જાગવા મથતા જીવને જરૂર કંઈક મળી શકતું હોય છે, તે અનુભવની હકીકત છે. આ જીવનો તેવો પ્રત્યક્ષ અનુભવ છે. કદીક કદીક નડિયાદમાં શ્રીસંતરામ મહારાજના મંદિરમાં કથાપ્રસંગમાં જવાનું શ્રીપ્રભુકૃપાથી બનતું.

**ધર્મનું પાલન છે જ ક્યાં !**

કથાવાર્તા પણ આજકાલ તો એક પ્રકારની ઘરેડ જ છે. એમાં કશા ચેતનયુક્ત પ્રાણ રહેલા નથી. જેને લોક 'ધર્મ ધર્મ' કહ્યા કરે છે, તે સાચી રીતે ધર્મ તો નથી. ધર્મના યથાર્થ પાલનવર્તનમાંથી તો જીવ ટટાર બનીને ઊભો થતો હોય છે, ને પોતે મરદ બનતો હોય છે. શૌર્ય, સાહસ, ધીરજ, હિંમત આદિ આદિ સાત્ત્વિક ગુણોનું સામર્થ્ય તેનામાં પ્રકટતું જતું તે અનુભવી શકે છે. ધર્મથી જીવનમાં ટટારી અને શક્તિ પ્રકટતી અનુભવાય છે. આ જે અમે કહીએ છીએ કે ધર્મનું પાલન યથાર્થપણે સર્વસામાન્ય રીતે કોઈ કરતું નથી, પછી ભલે મોટા મોટા સાધુ, સંન્યાસી, વિદ્વાનો જ્યાં ત્યાં કથા કરતા દેખાતા હોય, તે કંઈ કોઈને નિંદવાને કાજે આ લખ્યું નથી, પરંતુ જીવનના પ્રત્યક્ષ આચરણમાં ધર્મભાવના જ્યારે પ્રવર્તતી હોય છે, ત્યારે તે કેવાં સ્વરૂપની હોઈ શકે છે, તે તને સમજણ પ્રકટાવવા લખેલું છે. અખાએ તો લખેલું છે કે :-

'કથા સૂણી સૂણી ફૂટ્યા કાન,
તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

## કથાનો નિર્દોષ આનંદ અને લાભ

આપણે કોઈની નિંદા કરવાની ન હોય. કોઈની અવગણના કરવાની ન હોય. કથા સાંભળવા જવાની શુભ ભાવના જે જીવમાં પ્રકટેલી હોય છે, તેને તેનાથી જરૂર લાભ થતો હોય છે, પરંતુ સમાજનો મોટો ભાગ તો માત્ર ગાડરિયા પ્રવાહની જેમ ભાગ લેતો હોય છે. એવી એવી કથા પણ જો કોઈ સદ્ભાવી આત્મા દ્વારા થતી હોય, તો સમાજમાં ધર્મની ભાવના કંઈક અંશે પણ જીવતી રાખવા કાજે તે જરૂરની છે. નાનપણમાં અમે બધાં રામાયણ-મહાભારતની માણભટ્ટની કથા સાંભળવા જતાં હતાં. તેમાં મોડી રાત સુધી જાગવાનું બનતું. એકધ્યાનથી તે સાંભળવામાં રસ પડતો. એવો નિર્દોષ આનંદ આજે ક્યાંય મળતો લાગતો નથી. એવી કથાનો લાભ બધાં જ-ધનવાન ને ગરીબ-એકસરખી રીતે લઈ શકતાં. તેથી મનને તાજગી મળ્યા કરતી. ઘણાં શ્રમજીવી લોક તે સાંભળી સાંભળી પોતાનો થાક ત્યાં ઉતારી શકતાં. સમાજ એવા નિર્દોષ આનંદનું સાધન આજે ગુમાવી બેઠો છે, કારણ કે એવા લોકનું ભરણપોષણ એમાંથી ન નીકળી શક્યું એમ તો નહિ પણ એને યોગ્ય રીતે ઉત્તેજનાર કોઈ મળ્યું નહિ. સમાજના ઘણાખરા મોટા ભાગને સિનેમા આદિ પ્રકારનો છંદ લાગી ગયો, ને પૈસા ખર્ચીને જીવનની બરબાદીને વહોરવાનું તેણે કરેલું છે, જેનું આપણને સાચું ભાન પણ પ્રકટેલું નથી. સિનેમાથી સમાજમાં નવાં પ્રાણચેતન પ્રકટી શકે એવો એનો ઉપયોગ જરૂર થઈ શકે એવું છે, કિંતુ આજે તો તેનો ઉપયોગ માત્ર પૈસા કેમ કરીને કમાવાય, એવા જ એકમાત્ર ઉદ્દેશથી જે

તે બધાં તેમાં પડેલાં છે. એટલે જે જીવ કથાવાર્તાનો નિર્દોષ આનંદ લઈ શકે એવી ભાવનાવાળા હોય તેમને તે કાજે ઘણું જ શ્રેયસ્કર છે. વળી, તેમાં જેને તેને બધાંને કાજે તેનાં બારણાં ખુલ્લાં હોય છે ને કંઈ જ કશું ખર્ચવાનું નથી હોતું. કોઈક ભક્તજન તે કથા બેસાડે ને લાભ લે બધાં જ, એ પ્રથા ઉત્તમ છે, પણ સાંભળનારના દિલમાં કથાનો રસ પ્રકટવા કે પ્રકટાવવાનો આધાર કથા કહેનારના પર પણ ઘણે ભાગે રહેતો હોય છે. કેટલાક કથાકાર તો સભાને મંત્રમુગ્ધ કરી શકે એવા હોય છે. કથામાંથી જીવનને સન્મુખ રાખીને કથામાં પ્રસંગો એવા એવા તે લોક મૂકતા હોય છે કે જે આપણને અચૂક લાગું પડતા હોય છે, ને કેટલાકને તો તે સચોટપણે દિલમાં ચોંટી જતા હોય છે. કથા કરનારનું હૃદય ચેતનાથી જીવતુંજાગતું હોય એવી કથાની ઉપયોગિતાની તો વાત જ શી કરવી ?

**રામાયણ-મહાભારતની કથા**

રામાયણ-મહાભારતની કથાએ તો સમાજને જીવતો રાખેલો છે. રામાયણ ઉત્તર હિંદમાં હજી જીવતું છે. ઉત્તરમાં તુલસીકૃત રામાયણ ઘણેખરે ઘેર હોય, ને સાંજ પડ્યે નવરાં થઈને ઘણાંખરાં વાંચે. તુલસીકૃત રામાયણનાં દોહરા-ચોપાઈ સાંભળતાં સાંભળતાં મન એકદમ રસથી તરબોળ બની જતું હોય છે. હરદ્વારમાં ગંગાના ઘાટ પર બે પ્રવાહોની વચ્ચે પથ્થરથી બાંધેલી એક મોટી જગા 'હરકી પેડી'ની સામે છે. ત્યાં સંધ્યા સમયે જે રામાયણનાં દોહરા ને ચોપાઈ સાંભળ્યાં છે, તેનું સ્મરણ થતાં કાનમાં તેનો સુમધુર, મનને મુગ્ધ કરી દે એવો અવાજ, રણકાર દેતો આજ પણ અનુભવાય છે.

**કથામાં એકદમ શાંતિ**

પહેલાંના વખતમાં છોકરાંઓ, સ્ત્રીઓ, પુરુષો, જવાનો,

ઘરડાં, અનેક પ્રકારની કક્ષાનાં ને જ્ઞાતિનાં લોક કથા સાંભળવા આવતાં, ને સંખ્યા પણ ઘણી હોય, પણ એકદમ શાંતિ પ્રવર્તેલી રહ્યા કરતી. એનો અર્થ તો એ છે કે કથામાં બધાંને રસ હતો. આજે પણ જે કથાવાર્તા ચાલે છે, ત્યાં શાંતિ હોય છે. કથામાં બોલાય કરાય નહિ, માંહેમાંહે વાતચીત તો ન થાય, એવો જૂનો પ્રચલિત સંસ્કાર છે, ને કથામાં તો શાંતિ જાળવવી જોઈએ એવો પણ સંસ્કાર હોય છે. તેથી ત્યાં શાંતિ જળવાતી હોય છે. કેટલેક ઠેકાણે તો કથા કરનારના પ્રભાવથી ને કથા કહેવાની ઉત્તમ પ્રકારની શૈલીથી કથા સાંભળનારમાં રસ પ્રકટતો હોવાથી કરી પણ કથામાં શાંતિ પ્રવર્તતી અનુભવાતી હોય છે, જોકે હાલમાં તો કથામાં તેવા રૂઢ સંસ્કારનો ઘણો ભંગ થતો પણ અનુભવાય છે.

## રામલીલા ગઈ ને બદલામાં કશું ન આવ્યું

રામલીલા આદિ પહેલાંના વખતમાં જે ભજવાતું તે પણ મફત હતું. જે તે બધાં જ જોઈ શકતાં હતાં. તેમાં વેગળે બેસી રહી હરિજનો પણ લાભ લઈ શકતાં. રાત પડ્યે નિર્દોષ આનંદ મેળવવાનાં તે બધાં સાધન હતાં. આજે તે બધું કશું દેખાતું નથી. તેથી સમાજે ખોયું છે, એના બદલામાં, તે સમૂહગત નિર્દોષ આનંદ મેળવવા કાજે કંઈ નવું તો ઉપજાવી શકેલ નથી. જે જૂનું હતું તેનામાં નવા સમાજ ને નવા કાળને સાનુકૂળ પડે તેવાં તેમાં પ્રાણચેતના પ્રકટાવી પ્રકટાવી તેને (જૂનાને) નવા પ્રાણસ્વરૂપમાં પ્રકટાવવાની જરૂર હતી. તે કોઈએ પણ કર્યું નહિ, એમાં દોષ આપણા સમાજનો છે.

આજે પણ હજી સાધુ-સંન્યાસીઓની કથાવાર્તા ચાલે છે ખરી, પણ તેમાં ધર્મની ભાવનાને સમગ્રતાથી સ્પર્શવા જીવતોજાગતો પ્રયત્ન થતો હોતો નથી. ધર્મની ભાવના જીવનના રોજિંદા વહેવારમાં કામ કરતી બની શકે, તે પ્રમાણેની

ભાવનાની સમજણ પ્રકટાવવા કાજે આજે તો તેવી તેવી કથાઓમાં તેની યથાર્થતાવાળું હોતું નથી.

## ઉપનિષદાદિ કથા

કેટલેક ઠેકાણે આપણાં શાસ્ત્રો જેવાં કે ઉપનિષદ, ગીતા આદિની કથા કેટલાક વિદ્વાન સાધુ-સંન્યાસીઓ કરે છે, તે સાંભળવા જેવી હોય છે, કારણ કે આપણે એકલા પોતે થઈને તો ઉપનિષદ, ગીતા આદિનો અભ્યાસ કરી શકીએ એવી શક્યતા તો નથી. તેથી એવી કથામાં જવાથી તે બધું સમજી શકાય એવું હોય છે. હિંદુધર્મની સંસ્કૃતિને જો માત્ર સમજવાની પણ ઇચ્છા હોય તો ઉપનિષદ, ગીતા આદિનો અભ્યાસ ઘણો જરૂરનો છે. ઉપનિષદમાં તો જુદી જુદી સાધન-પદ્ધતિની સાધનાથી જે જે અનુભવ જેને જેમ જેમ મળ્યા કરેલો તેમ તેમ તેને તેમણે તેમણે જુદી જુદી રીતે તેમની તેમની અનુભવભાષામાં મૂકેલો છે. માટે કથામાં જનારાની આજકાલ હાંસી કરવાનું જેને તેને દિલ થયા કરે છે, પણ તે તદ્દન અયોગ્ય છે. જેને તેને સ્થાને જે તે કંઈ યથાસ્થાને છે. સમજણથી જેમાં તેમાં પ્રવેશવાનું કરીએ છીએ, તો તેમાંથી લાભ મેળવાય છે. માટે આપણે કાજે તો જેમાં ને તેમાં સમજણ જીવતી રહે તે મોટામાં મોટી વાત છે, તે લક્ષમાં રાખજે.

## જ્યાં ત્યાંથી બોધ શીખો

જેમાં ને તેમાંથી આપણે શો બોધ લેવાનો છે, તે જ વારંવાર મન સમક્ષ પ્રકટાવ્યા કરવાનું છે, તે જાણજે. જો દિલ જાગેલું હોય છે, તો કોઈ વાત કરતું હોય છે તો તેની વાતચીતમાંના કોઈ વાક્યથી આપણને નવું જાણવાનું મળી આવે છે, એટલું જ નહિ પણ આપણી તે કાળની પ્રવર્તતી ગૂંચ, મુશ્કેલી વગેરેનો ઉકેલ થઈ જતો હોય છે, એવો અનુભવ

ઘણી વેળા આ જીવને પ્રભુકૃપાથી થયા કરેલો છે.

## પોતાના જીવનપ્રસંગ ટાંકવાનો હેતુ

કાગળમાં તેં સંયમ અંગે કંઈક લખ્યું હતું તેની તે શી વાત લખવી ? કહેવાથી કે લખવાથી તે બાબતમાં તો કશું જ વળતું હોતું નથી. આ જીવની શી વાત કહું ને લખું ? કોઈ સ્વજનને પૂરું તે પ્રમાણે સદ્ભાવથી આચરતાં અનુભવી શકાય તો તો આ જીવનું દિલ ખૂલી ને ફૂલી જ જાય. ત્યારે એમ કોઈ કહે કે 'હવે તમે તમારા જીવનની કંઈક કંઈક હકીકત લખવા માંડી છે. તો શું કોઈ સ્વજન તે પ્રમાણે સદ્ભાવથી આચરતું થઈ ગયું હશે ?' ના ભાઈ, ના ! અમે તેમ અનુભવ્યું નથી, પણ આ તો સ્વજનભક્તિ અમને તેમ કરવા પ્રેરાવે છે કે, પોતાના દાખલા આપવાથીયે જો આ જીવો પ્રેમભાવના માર્યા તેમ કરવાને ઉદ્યત તો થાય. અમારી કથની કથવાનો અમને શોખ નથી, કદી થયો નથી. આ તો સ્વજનને તેમ કહેવાથી પારો કે પાનો ચઢવાનો હોય તે જો ચઢે તો ઉત્તમ, તેવા હેતુની સમજણથી જે તે લખેલું છે. માટે કૃપા કરીને બધાંને વિનંતી છે કે એને યોગ્ય અર્થમાં સમજવા કૃપા કરો.

## સ્વજનો ગોદા મારે છે

જીવની અવળચંડાઈનો તો જાણે પાર નથી. જીવનવિકાસને અર્થે જે જે સ્વજનો મળેલાં છે, તેઓ તો હજી પણ આ જીવને વિશે કંઈ કંઈ વિચારી અન્યાય કરી રહેલાં છે, ને હજી પણ ગોદા માર્યા કરે છે. એમાં એમને કશો લાભ નથી. તેઓ કહેશે કે, 'ભાઈ ! તે કંઈ અમારા હાથની વાત છે ? એ તો એમ તો થઈ જતું હોય છે, તેને અમે શું કરીએ ? તમે જ અટકાવી શકો, તો તે અટકાવોને ! અમારાથી તો તેમ જ બનવાનું.' અમારે હવે શું કહેવું ? ભલે, ભાઈ ! જેમ તમારે

વર્તવું હોય તેમ વર્તવાનું કરો, પણ એવા સ્વચ્છંદથી વર્ત્યે કદી પણ કોઈનો જીવનવિકાસ થયો નથી, ને થવાનો નથી તે પણ નિશ્ચયપૂર્વકના અનુભવની વાત કહું છું.

**સાધન પ્રત્યે સ્નિગ્ધ ભાવના રાખો**

જીવે જો જીવનવિકાસ સાધવો હોય તો પોતે પોતાનો સ્વચ્છંદ છોડવો જ પડવાનો, તે નિઃસંદેહ અનુભવની હકીકત છે. સદ્‌ભાવથી પ્રેરિત, પ્રેમભાવયુક્ત, મુગ્ધ ને સ્નિગ્ધ ભાવના હૃદયમાં હૃદયથી આપણી જોડાયેલી ન હોય અથવા એવી કેળવણી પરત્વેનું જ્ઞાનભાન જાગ્યા કરેલું ન હોય ને આપણે આપણા રોજિંદા વહેવારવર્તનમાં મનસ્વીપણે જ વર્ત્યા કરવાનું હોય, તો તેમાં કોઈની પણ મદદ મળી શકવાની નથી.

**એકાગ્રભાવનાપૂર્ણ સ્મરણની અસર**

કેટલાંકને પત્ર લખતાં લખતાં સમજણનાં પડળો ઊઘડી જતાં અનુભવાય છે, તેનાં કેટલાંક કારણોમાંનું એક મહત્ત્વનું કારણ તો એ પણ હોય છે કે તે વખતે તે જીવ લખનાર વ્યક્તિના ભાવમાં એકાગ્રપણે તરબોળ બનેલો હોય છે, ને તેવા તેના સ્પર્શથી તેને તેમ થતું હોય છે. આ જીવને તો કંઈ એવા પત્રબત્ર તો લખવાના હતા નહિ, પરંતુ જીવનની સાધનામાં કંઈ કંઈ ગૂંચ, મુશ્કેલીઓ પ્રકટી હતી તેવી તેવી વેળા કંઈ કંઈ ઉપાયો પ્રભુકૃપાથી સૂઝ્યા કરતા. તે ઉપયોગમાં લીધા કરતો હતો. તેમાં એક મુખ્ય સાધન તો શ્રીસદ્‌ગુરુની ભાવનાની ધારણા હૃદયમાં હૃદયથી એકાગ્ર કર્યા કરી, સાધનામાં પ્રકટેલી ગૂંચ, મુશ્કેલી વગેરેના ઉકેલ માટે તે કાળે પ્રાર્થના કર્યા કરવાનું કરતો હતો. એવી પ્રાર્થનામાંથી મને તેનો તેનો એની કૃપાથી ઉકેલ પણ મળ્યા કરતો અનુભવેલો છે.

તો કોઈ કહેશે કે 'અમને તો અમુક અમુક અનુભવો થયા જ કરેલા છે, ને અમે તો કશું કરેલું નથી, તો તેનું કેમ? તો તેના કારણમાં એક તો એમ સમજાય કે તેવા જીવની ભૂમિકા તેવા પ્રકારના ભાવનાના વર્તનમાં મુકાયેલી હોય અથવા સદ્‌ગુરુની ભાવના પણ જડ જેવા જીવમાં પણ કદીક કદીક તો તેવું પ્રકટાવી જતી અનુભવી છે. આ જીવનો તેની શરૂ શરૂની સાધનામાં તેવો અનુભવ છે. મારી જાતને તેવા અનુભવો થતા હતા તેથી, મગરૂરીથી મોટી માનવાનું કર્યા કરતો. તેવું હુંપણું પણ પ્રકટેલું, પરંતુ શ્રીભગવાન કૃપાળુ છે. એણે તો લપડાક મારીને બધાં છોડાં ઊખડી જાય એવું પ્રચંડ ભાન પ્રેરાવીને આ જીવની હલકટ મૂર્ખાઈને ઉઘાડી પાડીને એને પાછો સીધે માર્ગે વાળ્યા કરેલો.

## આપણી ગુંજાશ ઉપરાંતના અનુભવ કરાવનાર પ્રત્યે વારી જાઓ

જો જીવની તેવા પ્રકારની સાધનાના ભાવનાનાં અનુશીલન, પરિશીલનના તેવા જીવતા અભ્યાસમાંથી કોઈક અનુભવ થયા કરતા હોય, તો તેવા થતા રહેતા અભ્યાસની ભાવનાનાં પણ પ્રત્યક્ષ લક્ષણો હોય. એટલે આપણે આપણી જાતને તપાસતા રહેવું અને તપાસતાં તપાસતાં લાગે કે સાધનાના માર્ગ પરત્વેના અનુભવ થવા કાજેની, આધારમાં યોગ્ય ભૂમિકા પ્રકટેલી નથી ને અનુભવ તો થાય છે એ વાસ્તવિક છે, જો તે સાચું હોય તો તે કોઈકના સ્પર્શભાવથી તેમ બને છે, તો તેના પરત્વે આપણને કેટકેટલો ભાવ પ્રકટવો ઘટે તે વિચારી વિચારી તેની સાથે હૃદયથી વર્તી શકાતું હોય તો જાણવું કે તેનાથી આપણને જે અનુભવ થયેલા છે, તેની ભાવના આપણામાં ઊતરેલી છે ખરી.

## અનુભવો પ્રસરે જ

અનુભવો થયા કરે છે તે હકીકત જો સાચી હોય, તો અનુભવથી સમજણ પણ ઘડાવાવી ઘટેને ? અનુભવ તો કંઈ સ્થિતિસ્થાપક નથી. એનો લાક્ષણિક ધર્મ તો પ્રસાર થયા કરવાનો છે. ક્રોધ, દયા, પ્રેમ, કરુણા, અપેક્ષા કે એવી લાગણી થતાં તે શરીરમાં ને મનમાં પ્રકટતી અનુભવાય છે, ને તે પ્રસર્યા કરે છે, તો અનુભવ કેમ પ્રસરતો ન હોય ? એનું તો લક્ષણ જ પ્રસરવાપણાનું છે. માટે જેમાં ને તેમાં સમજી સમજી, વિચારી વિચારી, માપ કાઢતાં રહેવાનું છે, તે નક્કી જાણજે. જેમ તેમ બધું કૂટી માર્યે કશું વળવાનું નથી. જેમાં ને તેમાં સમજણ પ્રેરાવી પ્રેરાવીને આપણે તો વર્તવાનું છે. ભાવનાની સમજણથી યોગ્ય વર્તેલું એવું જીવનને ઉગાડનારું છે.

## પત્રવહેવારની સાધના

આવા પત્રવહેવારની ભાવનાની કથા દ્વારા તારી સાથેનો જીવન સંબંધ કેળવવાનો આ એક પ્રકારનો તરીકો છે. જો તેનો સદુપયોગ થતો નહિ અનુભવાયો, તો તો પછી તેવો ભાવ તેવી રીતે કામ કરતો જરૂર અટકી જવાનો, આ કંઈ ભય બતાવવા લખેલું નથી. આવી તેની યોગ્ય હકીકત ને વાસ્તવિકતા છે. કાગળો આવે કરે તો તેનો જવાબ તો આજે પણ બધાંને આપું છું, પણ તેનો આટલો ને આવો વિસ્તાર હોતો નથી. એવું લંબાણથી વિગતવાર લખવાથી વાંચનારને લાભ પણ થવાનો હોય તો થાય ને કોઈ પણ જીવ તેનાથી કરી સમજણની કક્ષામાં પ્રકટે, તો તે પણ પ્રભુભક્તિસેવા છે એમ માનીને કર્યે જાઉં છું. **'જીવનપગથી', 'જીવનમંડાણ' 'જીવનસોપાન'**-એને દરેક વાંચનાર વખાણે છે. તેવા તેવા તેની કદર કરતા કાગળો પણ આવેલા છે. એમાં અંતરનો

ભાવ રેડાયેલો છે. એમાંનું લખાણ જે જે વાંચે છે, તેને તેને સ્પર્શતું હોય છે.

## સાધન તો વાપર્યે જ લાભ

પત્રવહેવાર એ કંઈ અનંત કાળની રમત નથી, એ પણ સાધનરૂપે છે. અમુક કાળ સુધી તેની મર્યાદા યોગ્ય ગણાય. પછીથી એની મહત્તા પણ સાધકના દિલથી ઘટતી જતી અનુભવાય છે. જે તે સાધનનું સાચું મહત્ત્વ તો એને ભાવથી સ્વીકારી એને પોતાના જીવનના યોગ્યપણામાં પ્રકટાવ્યા કરવું, તેમાં રહેલું છે. વાપર્યા વિનાનું સાધન પણ બુઠ્ઠું બની જતું હોય છે. સાધનનો ઉપયોગ યોગ્ય રીતે વાપર્યા કરવાથી તેજસ્વીપણે થયા કરતો રહે છે. વાપર્યા કરવાથી સાધનનું યોગ્યપણું જીવતું રહ્યા કરે છે. એનું ઉપયોગીપણું પણ જળવાતું રહે છે. પડ્યું પડ્યું તો કાટ ખાઈ જતું હોય છે, ને તેવું થતાં ઉપયોગમાં તો મુદ્દલે આવી શકતું નથી. માટે સાધન જો લીધું હોય, તો તો એને યોગ્ય રીતે જ્ઞાનપૂર્વક વાપર્યા કરવામાં ડહાપણ ને વિવેક છે.

## સાધનની અનિવાર્યતા

સાધન વિના કશું જ બનતું હોતું નથી. સંસાર-વહેવારવર્તનમાં પણ તેમ જ છેને ? કંઈ પણ કશામાં સાધન વિના શું થઈ શકે તેમ છે ? સાધન વડે કરીને જ જે તે કંઈ બનતું હોય છે. એવો સાધનનો તો ભારે મહિમા છે. સાધનનું તો એવું પ્રત્યક્ષ પ્રકટપણું છે. એને પ્રકટ બનાવવાપણું કશું રહેલું નથી. એને સાચી રીતે-સાચી, ખરી, પૂરી, રીતે-ને તેવા ભાવે હૃદયમાં હૃદયથી સમજીને એનો ખરો ઉપયોગ જે કર્યા કરે છે, તેવાના દિલમાં સાધનની ચોટ લાગતી હોય છે. એવા જીવ પછીથી કદી પણ તેવા લીધેલા સાધનને અને ઉપયોગમાં

પ્રવર્તેલા સાધનને મૂકી દઈ શકતા નથી, તે પણ અનુભવની હકીકત છે, તે જાણજે.

## પ્રબળ ભાવના પ્રકટાવો

હમણાં થોડા જ દિવસની વાત છે. દાતણ થઈ રહેલાં. આશ્રમની જમીનમાં કંબોઈ ગઈ સાલ જોયેલી. તેથી 'તે જો હોય તો ત્યાંથી કાપી લાવું એમ કરી ચપ્પુ લઈ ત્યાં જવા નીકળ્યો, સાથે ઇંદુબા પણ આવી. હરિ વગેરે છોકરાં જે ઠેકાણે રમતાં હતાં, તે જગાએથી તે સ્થળ લગભગ ૪૦૦ ફૂટ દૂર હશે. ઇંદુબાને કહ્યું કે 'હરિ રડે છે ને તે પડી ગયો છે.' તો તે કહે, 'ના, ના, મને કોઈનું રડવું-કરવું સંભળાતું નથી.' પછી તો અમે દાતણ કાપીને આવ્યાં, તો હરિ તો રડતો હતો ને તે પડી ગયો હતો, તે હકીકત સાચી નીકળી. આ લખવાનો ભાવાર્થ તો એ છે કે જેનામાં આપણી ખરેખરી સાચી, વાસ્તવિકતાયુક્ત હૃદયની ઉત્કટ ભાવના પરોવાતી હોય છે, તેને આપણી સમક્ષ પ્રકટતાં શી વાર લાગે ? માટે આપણે હૃદયમાં હૃદયની ખરેખરી તેવી ભાવના પ્રકટાવ્યા કરવાનું શીખીએ, તે આપણે કાજે ઉત્તમ હકીકત છે. ભાવનાનું પ્રાબલ્ય કંઈ જેવું તેવું નથી. એ તો એના તેવા પ્રકારના અનેક પ્રયોગો કરી જોવાથી સાચી સમજણ પડેને ?

## ભાવના અને કલ્પના

ભાવનામાં નરી કલ્પના હોય છે એમ કેટલાક ગણે છે, તે સાચું નથી. કલ્પના જુદી હકીકત છે ને ભાવના જુદી હકીકત છે. ભાવનામાં વાસ્તવિકતા હોય છે. કશું અધ્ધર અધ્ધર હોતું નથી. પાયા કે આધાર વિનાની તે હોઈ શકતી નથી. જ્યારે કલ્પનામાં કોઈક વાર વાસ્તવિકતા હોય પણ ખરી ને તે ન પણ હોય. ઘણા મોટા ભાગે તો વાસ્તવિકપણું

તેમાં ઓછું હોય છે. સાધારણતઃ કલ્પનામાં તો ખાલી ખાલી તરંગોનું નકામું યદ્વાતદ્વાપણે ઉડ્ડયન હોય છે. જીવનવિકાસની ભાવનાના ઘડતરમાં એકલી નરી કલ્પના નિરુપયોગી નીવડે છે. તેમ છતાં કોઈક વેળા ખરેખરા કોઈક સાધક જીવને એવી કલ્પનામાંથી પણ કંઈક મળી જતું અનુભવેલું છે. જ્યારે આપણે જીવનની પ્રખર સાધનાના મહાભાવમાં પ્રકટેલાં હોઈ, તે ભાવે તેમ પ્રત્યક્ષ જીવતાં બની ચૂકેલાં હોઈએ છીએ, તેવી વેળા કલ્પનામાંથી પણ વાસ્તવિકપણું પ્રકટેલું અનુભવેલું છે.

## ભાવનાપ્રાબલ્ય પ્રકટતાં....

આ સાચી અનુભવની હકીકત છે. એને કઈ રીતે સમજાવી શકાય તે સમજાતું નથી. ભાવનાનું પ્રાબલ્ય જીવનમાં પ્રકટતાં જીવનના આકાર ને પ્રકાર તદ્દન નવા જ પ્રકટી જતા હોય છે. જેમાં ને તેમાં નવું દર્શન ને નવો ભાવ અનુભવાતાં હોય છે. એવાને પ્રકૃતિમાં માત્ર પ્રકૃતિનું દર્શન નથી થતું, પણ એમાં એને અંતરંગપણે ભાવ-લીલાની રમત અનુભવાય છે. એમ જીવનમાં ભાવમાં ભાવથી એકાકાર થતાં ને ભાવનો સમગ્રપણે વિસ્તાર થતો રહેતો અનુભવતાં, તેવો પ્રખર સાધક પ્રકૃતિનો ઉપયોગ પણ કરી શકતો હોય છે.

## ત્યારે જ સાધનની ધન્યતા

અમારે તો લખવું છે તે ચેતાવવા કાજે. તે પ્રમાણે સ્વજનો જીવનમાં આચર્યા કરવાની ભાવના પ્રકટાવ્યા કરે તેવો તે લખવા પાછળનો અમારો જીવતોજાગતો ઉદ્દેશ છે. બાકી તો લખ લખ કર્યા કરવામાં કશો સાર નથી. જીવનમાં જીવનથી કોઈ ઊભાં થાય, ત્યારે અમને ખુમારી પ્રકટે છે. અમારી આંખમાં નશાનો સુરમો અંજાતો અનુભવાય છે. અમારી ધન્યતા ને કૃતાર્થતા તેવા તેવા જીવોના જીવનમાં ઊભાં

થવાપણામાં રહ્યા કરેલાં છે અને રાજીપો ને સંતોષ પમાડવાનો તો તે જ એકમાત્ર સાચો ઉપાય છે. તે વિનાનું બધું તો આળપંપાળ છે, તે જાણજો. એવી રીતે એને રાજી કરીને જે જીવે છે, તે જીવી જાણે છે, બાકીના તો ગાંગડું જેવા રહ્યા કરવાના તે જાણજે.

## બાળક જેવા નિર્દોષ થાઓ

વારંવાર આ કાગળ લખવાની પ્રવૃત્તિમાં હરિ આવી આવી કંઈક કંઈક કરવાનું કહી અમને અંતરાય નાખવાનું કર્યા કરે છે, પણ તેવું અમને મુદ્દલે લાગતું નથી, કારણ કે તેની પાછળની તેની પ્રવૃત્તિમાં એકમાત્ર રમતની, નિર્દોષ આનંદની રમતની, લીલાની ભાવના જ પ્રકટેલી હોય છે. તેવી રીતે સ્વજન તરફથી જે આડખીલી ને ત્રાસ નડ્યા કરે છે, તેમાં તેવું નિર્દોષપણું પ્રકટેલું હોય, તો તે અમને ત્રાસ કે દુઃખરૂપ કદી પણ ન નીવડે. અમને થતાં રહેતાં ત્રાસ ને દુઃખની હકીકત પણ બધાં સ્વજનને હજી તેની તેવી યથાર્થતામાં સમજાણી નથી. તે પણ એક આશ્ચર્યકારક ઘટના છેને ? હમણાં મૌનએકાંતમાં ભાઈ, શ્રીમદ્ રાજચંદ્રજીના લખેલા કાગળની એક નાની ચોપડી રોજ કલાક કલાક વાંચે છે. શ્રીમદ્ રાજચંદ્રજીને પણ તેમને સ્વીકારનારાં સ્વજનોથી એવું થતું હતું એવું તે ચોપડીમાં આવે છે. શ્રીઅરવિંદના તેવા પત્રોમાં તેમ આવે છે કે કેમ તે જાણતો નથી. બીજા અનુભવીઓને પણ જરૂર તેમ થતું હશે.

થોડાક દિવસથી મરડા જેવું થયું છે. ને વળી માથું તો એવું ફાટે છે કે ન પૂછો વાત.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૮-૪-૧૯૫૩*

'પત્ર લખતી વખતે સમજણ પ્રકટી જતી હોય છે.' તે

વિશે તેવું કેમ બનતું હોય છે, તે અંગે તને હું ગઈ કાલના કાગળમાં લખી ગયો છું. 'સમજણ પ્રગટી તેથી શું થયું ? બુદ્ધિની કોરી સમજણ કરતાં પ્રત્યક્ષ ભાવનાપૂર્વકના વર્તનનો આનંદ તો જુદો જ હોયને ?' આવું તારું લખવું તદ્દન યોગ્ય છે. તને થયેલા અનુભવની હકીકત પણ સાચી છે.

### સાધકોની અજાગ્રતિ

'મેં હમણાં હેમંતભાઈને પણ પૂછેલું કે '.....' આપણા ઘણા ઘણા વિચાર કહી આપે છે. અરે ! કેટલીક વખત તો ત્યાંથી લખાયા પછી, વિચાર ઊપજે કે પ્રસંગ ઊપજે છે. તો તે વખતે '....'ની હાજરી આપણી પાસે હોય છે, તો આખો વખત '....' આપણી પાસે જ છે, એવી જ્ઞાનપૂર્વકની જાગૃતિ કેમ નથી રહેતી ?'' ત્યારે તેમણે કહેલું કે 'એ જ આપણી ખાટલે ખોડ છે.' મને તો આ પ્રશ્ન ઘણી વાર ઊઠે છે કે આવું જાગ્રત ભાન આપણને કેમ ન રહે ? અને એવું ભાન રહેશે, તો જ આગળ વધીશું.'

### પ્રભુકૃપાનું ભાન તત્કાળ થવું ઘટે

વળી, તું લખે છે કે 'અમુક પ્રસંગમાં તો પ્રભુએ જ સહાય કરી હતી,' પણ ખરી રીતે બધા પ્રસંગોમાં એનો જ હાથ, એનો જ હેતુ હોય છે, પરંતુ તે તે વેળા પ્રસંગમાં તેનું તેવું પ્રત્યક્ષ જ્ઞાનભાન રહેતું નથી. જો આવી બધી હકીકત જીવનમાં પ્રત્યક્ષ તે તે કાળે કામ કરતી બની જાય, કે કામ આપતી બની જાય, તો તો જીવન પાકવા જ મંડી જાય.

### અન્યાય-દુઃખ દ્વારા વિકાસની સમજૂતી

'અન્યાય ને દુઃખ માટે ત્રણચાર દિવસથી એક વિચાર વારંવાર ઊઠે છે તે એ છે કે મને જે દુઃખ કે અન્યાય લાગે છે, તે જ પ્રસંગ કે કર્મ બીજાને સુખકારક લાગે છે. હવે જો

આપણને જેમાં દુઃખ લાગે, તે બીજાને જો સુખકર લાગતું હોય તો તો તે કરવામાં આપણને આનંદ જ પ્રકટવો જોઈએ. બીજાને દુઃખ લાગતું હોય અને આપણને જો સુખ લાગે ત્યારે તે આપણને કેવું ગમે છે ! તો સંસારમાં જ્યાં ઘણા જીવોને સાથે રહેવાનું હોય છે ત્યાં તો આવો જ ક્રમ લગભગ ચાલુ હોય છે, તો આપણાથી કરી બીજા જો સુખી થતા હોય, અને તે રીતે પણ શ્રીપ્રભુની સેવાભક્તિ કરી શકાતી હોય, તો તેવાં અન્યાય ને દુઃખ એક હરફ પણ કાઢ્યા વિના, પ્રેમભક્તિના આનંદથી, તપશ્ચર્યાભાવે સહન કરવામાં જ વિકાસ છે.'

**પ્રભુની સેવાભક્તિ સમજીને જ કર્મ**

આ તારો વિચાર ઉત્તમ છે. એનો પૂરેપૂરો અમલ પ્રભુકૃપાબળથી જ્ઞાનભક્તિપૂર્વક વર્તનમાં ઉતાર્યા કરજે. એના યોગ્ય પાલનવર્તનથી જીવનમાં જીવનની સાચી પ્રાણપ્રતિષ્ઠા થવાની છે, ને એમાંથી તને બળ મળતું અનુભવી શકાવાનું છે. જુદા જુદા જીવો પરત્વેના જે આડાઅવળા સંસ્કાર પડેલા હશે, તે તેવી રીતના ને તેવી ભાવનાથી કરી જીવનના યોગ્ય પાલનવર્તનથી નિર્મૂળ થતા જવાના છે. મમતા ટાળ્યા વિના મોહ નષ્ટ થઈ શકવાનો નથી. આપણે તો કર્મ જે કરવાનાં છે, તે કંઈ સંસારની અમુક કોઈ વ્યક્તિ માટે તો કરવાનાં જ નથીને ? પછી કર્મમાંથી વ્યક્તિનો છેદ તો સમૂળગો ટળી જતો હોય છે. કર્મમાત્ર આપણે તો જીવનવિકાસની ભાવનાના ઘડતર કાજે ને શ્રીપ્રભુની સેવાભક્તિ કાજે સમજીને જ કર્યા કરવાનાં છે. જો તે તે કર્મ રાગદ્વેષ રહિત બન્યા કરે, તો તો તેથી કરી શ્રીપ્રભુની પ્રસન્નતા મેળવી શકવાનાં છીએ, તે જાણજે. **'જીવનપ્રવેશ'**નાં ૧૯૧ થી ૧૯૫ સુધીનાં પાનાં તું વાંચી જજે. કર્મમાંથી જો વ્યક્તિનો છેદ જ ઉડાડી દઈએ, તો

તો સર્વ જીવો પરત્વે કંઈ કશું આપણા દિલમાં તો ઊઠી જ ન શકેને ?

## દુર્લભતાની નિસરણી

ચેતનમાં પ્રકટેલા ઉચ્ચાત્મામાં જીવનો મોહ થાય, રાગ થાય, મમતા થાય, આસક્તિ થાય, તો તે તે બધું આપણું કોઈ જીવ સાથે થવાનું બને તેના કરતાં ઉચ્ચાત્મામાં તેવું થાય, તો તેનાં પરિણામ જીવ સાથેનાં રાગ, મોહ, મમતા, આસક્તિ જે રખાયાં હોય તેના કરતાં તો જુદાં નીપજે. તેવા આત્મા એક તો મળી શકવા દુર્લભ હોય છે. હોય છે તો તેની સાચી ઓળખ થવી દુર્લભ હોય છે. પ્રભુકૃપાથી તેવા મળી આવે ને તે જાણમાં આવે, તોપણ તેમના પર મોહ, રાગ, મમતા, આસક્તિ થવાં તે પણ મુશ્કેલ હકીકત છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૯-૪-૧૯૫૩*

## અહમ્પ્રેરિત સમજણને ફટકા મરાવો

આપણી સમજણનો ફાંકો પહેલાં તો જરાતરા નરમ ભલે પડ્યો હોય, પણ તે તો સમૂળગો જ જવો ઘટે. સાધક જીવે પોતે જે સમજતો હોય, તેના ધોરણમાપે સમજવાનું, માનવાનું, ગણવાનું, સ્વીકારવાનું, અનુભવવાનું-તે તે બધું પ્રયત્ન કરી કરીને છોડ્યા કરવાની જ્ઞાનપૂર્વકની આદત કેળવવાની રહે છે, તે જાણજે. કોઈ પણ પ્રકારની આમ કે તેમ જે સમજણ રાખ્યા કરવાની બને છે, તેમાં અહમ્ પણ મોટો ભાગ ભજવતું હોય છે. તેથી અહમ્‌ને વારંવાર ફટકા પડે તેવી સ્થિતિમાં જાણી જોઈને મુકાઈ જવાનું સાધકે કદી કદી તો કરવું ઘટે છે. ઘણો ઘણો ક્રોધ ચઢે એવું કોઈનું અપમાન વહોરી લેવાનું પણ પોતે જ્ઞાનપૂર્વક કરવું ઘટે છે. તેવું અપમાન વહોરી લેવાના પ્રસંગ વેળાએ તે ઘડતરનો પ્રસંગ છે, એમ જ્ઞાનપૂર્વક સમજી

તે સહેવામાં જો હૃદયના ભાવ ને આનંદ પ્રગટે, તો તેવું સહેવામાં ઉત્તમ પ્રકારની યથાર્થતા પણ પ્રગટી શકે. આવા પ્રકારના પ્રસંગો આ જીવે તો સમજી સમજીને જાણી જોઈને આદરેલા છે. આપણા અહમ્‌ને તો જ્ઞાનપૂર્વક ફટકા મારવાની ઘણી જરૂર છે.

## આ પણ અહમ્ જ

આપણને કોઈક કંઈક કરવાનું કહે, તો ફટાક દેતાંક ને આપણે એમાં એના પર સુધારો કે સૂચનો કરવાનું કરી દેતાં હોઈએ, તો ભલેને પછી આપણી તેવી સૂચના તે કર્મના ઉત્તમપણા કાજે યોગ્ય પ્રકારની હોય, પણ આપણા કાજે તેમ ટપકી પડવું તે ઉત્તમ નથી, તે જાણજે. એમનું એમ પણ, બીજાનાં કામમાં પણ જો કંઈક જરા આમ કે તેમ પ્રવેશવાનું પ્રકટ્યું, તો તેમાં આપણાથી જાણેઅજાણે કંઈક સૂચવવાનું બની જતું હોય છે. એવું સૂચવવાપણું બનવું એ પણ એક પ્રકારનું આપણું અહમ્ જ છે. પહેલાંના કરતાં આમાં આપણી માત્રા હળવી બનેલી હોય એટલું બન્યું હોય તો બન્યું હોય.

## ગમે તે સાધનથી સૂક્ષ્મ વહેવારોમાં પણ 'માંહ્યલો' જગાડો

તેમ છતાં મનમાં તો તે પાછું પ્રકટ્યા કરે છે, ને કદીક કદીક બહાર તે ટપકી નથી પડતું, તેમ છતાં સ્થૂળમાં તે બંધ કરાવીને તેનો હેતુ તો મનમાં પણ તે પ્રગટતું અટકે તે પ્રકારનો છે. માટે મન, બુદ્ધિ, પ્રાણના અંદરના વહેવારોમાં સૂક્ષ્મતા પ્રગટાવી તેમાં ચેતનયુક્ત જાગ્રતિ પ્રગટે ને ત્યાં શાંતિ, તટસ્થતા, સમતા, પ્રસન્નતા, ધીરજ, સહિષ્ણુતા વગેરે વગેરે જળવાયા કરે તે ઘણું ઘણું જરૂરનું છે. આમ જો જ્ઞાનપૂર્વકનો જીવતો અભ્યાસ થયા કરે, તો 'માંહ્યલો' જાગી જતાં વાર જ ન લાગે. માટે ગમે તે સાધનને જ્ઞાનભક્તિપૂર્વક એકધારું

પકડીને જીવનમાં તેમ કર્યા વિના જીવનનો આરો આવી શકવાનો નથી, તે નિશ્ચે કરીને જાણવાનું છે.

## જાગૃતિનાં પડો

જાગૃતિ, જાગૃતિનાં પણ પડ હોય છે ને કક્ષા હોય છે. એક પ્રકારની જાગૃતિ છેક માત્ર સપાટી પરની હોય છે, જે પ્રકૃતિની બાહ્ય પ્રવૃત્તિમાં રમ્યા કરતી હોય છે. તેનાથી ઊંડી બીજા પ્રકારની પણ જાગૃતિ હોય છે, ને તેનાથીયે પણ ઊંડી જાગૃતિ હોય છે. તેવી તેવી જુદા જુદા પ્રકારની કક્ષામાં જુદા જુદા પ્રકારની સમજણો પ્રગટતી હોય છે.

## કર્મની ઉત્તમતાનું નવું માપ

આપણાથી સૂચના કરી દેવાનું એકદમ બને છે, તેનો અર્થ તો એ કે તે પરત્વેની આપણી તેવા પ્રકારની સમજણને માથું ઊંચું કરવાનું હજી ઘણું ઘણું દિલ રહ્યા કરે છે. આપણામાં પ્રકટતી રહેલી સમજણની ઉત્તમતા વિશેનું ભાન હજી આપણને રહેલું છે જ, ને તે પણ સમૂળગું જવું ઘટે છે. માત્ર સ્થૂળ વહેવાર વગેરેની બાબતમાં તે જરૂરનું હોય, તોપણ તેની ઉત્તમતાનો ખ્યાલ મનમાં ભરાયેલો રહ્યા કરતો હોય તો તો તે જવો જ ઘટે. તેની તે પ્રકારની યોગ્યતા કાજે સંસારવહેવારવર્તનનું ક્ષેત્ર ભલે જરૂરનું હોય, પણ આપણે તો જે યોગ્યતા જીવનમાં પ્રગટાવી છે, તેના જ પરત્વે આપણું એકમાત્ર જીવતુંજાગતું લક્ષ રહેવું ઘટે છે. કર્મમાત્ર જો શ્રીપ્રભુને રીઝવવા શ્રીપ્રભુપ્રીત્યર્થની જ્ઞાનપૂર્વકની ભાવનાથી થયાં કરવાનાં હોય તો તો પછી એ જેમ કરાવે તેમ થયાં કરવાં ઘટેને ?

## કર્મ એને સોંપો, એ કબજો લેશે

જોકે શરૂ શરૂમાં તો કર્મમાં તેવો સ્વભાવ, પ્રકૃતિ પ્રમાણે

જ પ્રગટ્યા કરવાનો, પરંતુ તેમાં તેમાં જેમ જેમ જ્ઞાનપૂર્વકની અંતરની તેવી તેવી જાગૃતિ આપણે રાખ્યા કરવાનો મહાવરો કેળવતા રહીશું, ને એને જ સોંપ્યા કરીને તે તે બધાં કર્મ એને જ કાજે કર્યા કરવાની હૃદયની ભાવના તે આચરતી પળે જીવતી રાખ્યા કરતા હોઈશું, તેમ તેમ તે આપણો કબજો લેવાનો છે, તે અનુભવની હકીકત છે. આવી ભાવનાથી ને આવી રીતે સાધના કરનારને તેવા અનુભવો પ્રગટેલા છે. આપણે તો જે તે કરતી વખતે તે તે તેને સોંપ્યા કરવાની ભાવના મનમાં જાગ્રતપણે રાખ્યા કરવાની હોય છે.

## જીવનની અખંડ અવિરત સાધના

આમ, આ માર્ગની સાધના તો જેમાં ને તેમાં અખંડપણે જીવતી પ્રવર્ત્યા કરે એવા પ્રકારની છે. સતત રોજિંદા વહેવારવર્તનમાં તેનો ભાવ ઉપયોગપણે જેમ જેમ પ્રવેશતો બની શકે તેટલું તે ઉત્તમ છે. માટે જે તે કંઈ કરીએ, તેમાં હૃદયમાં ઊંડા ઊતરી ઊતરી અંતરનો ભાવ પ્રગટાવી પ્રગટાવી તે કર્યા કરવાની ઘણી ઘણી જરૂર છે. એને માટે યોગ્ય ભૂમિકા કેળવાતી બની જાય, તે કાજે આપણા આધારમાં સંપૂર્ણ સમતાયુક્ત શાંતિ ને તટસ્થતાપૂર્વકનો જ્ઞાનયુક્ત સાક્ષીભાવ કેળવાયા જાય તો તે ઉત્તમ ગણાય. તેમ જો બરાબર તેની યોગ્ય રીતે ને તેના યોગ્ય ભાવે થતું જાય, તો 'માંહ્યલા'ને જાગી જતાં શી વાર ? સાધનામાં ઊંડા ખરા પ્રાણ પ્રગટાવવાને માટે ઉપર પ્રમાણેનું વર્તવાનું ઘણું ઘણું જરૂરનું છે, તે જાણશોજી.

## પ્રભુ પર જ ભાર મૂકીને સાધના

વળી, સાધનાના ભાવનું મહત્ત્વ ઘણું ઘણું વધારે સમજપૂર્વકનું જાગ્યા કરે, તે તો જરૂરનું હોય જ. હજી આપણા રોજિંદા વહેવારવર્તનમાં સ્વભાવ, પ્રકૃતિ ને આપણી પ્રકૃતિની

પ્રકારનાં જ રીતરસમો, ધારાધોરણો, સમજણો વગેરે વગેરે પ્રવર્ત્યા કરતાં હોય છે, તે આપણા કાજે અનિષ્ટ છે, તે જાણશોજી. બુદ્ધિમાં સાચી સમજ પ્રગટાવી પ્રગટાવી એને સાધનાની વધારે ને વધારે ગરજ લગાડવાની જરૂર છે. સાધના એના (પ્રભુના) પર જેટલો વધારે ભાર મૂકીને થયા કરે તેટલું ઉત્તમ છે.

## હું નહિ, આંતરચેતન

આ જીવ સૂચના-સલાહ માગે કરે, ત્યારે તે આનંદથી તેમ કરવું. તે પળે તે 'હું તેમ કરું છું' તેમ ન જાણવું, પણ 'મારામાંનું ચેતન તેમ કરાવે છે તો તેમ કરું છું,' એવી પ્રત્યક્ષ જીવતીજાગતી ચેતનપૂર્વકની જાગૃતિ પ્રત્યક્ષ તે તે પળે સેવાયા કરાય, તો તે વધારે ઉત્તમ.

## શ્રદ્ધા બઢાવવાની રીત

હજી પણ મોહ, રાગ, મમતા ઈત્યાદિ ડોકિયાં કરી કરી કામ કરી જતાં જણાયાં કરે છે. તો તમે તો કહેશો કે 'મારે તમને તે તે ટાંકણે ટોકવાં,' પણ તે શક્ય નથી, ને તેમ હું કરી પણ ન શકું. એને તો એવા કશા કોઈ જડ કાયદા નથી કે અમુક સમયે તે આમ જ વર્તે ને અમુક સમયે તે તેમ જ વર્તે. કોઈ કહે કે સૂચવે તેમ કાંઈ તે જ પ્રમાણે વર્તવાનું ન પણ બની શકે. વળી, પહેલાં કોઈની જે તે સૂચના-સલાહ તુરત માનતો હોય, પણ હવે પછી તેની સમજણની મડાગાંઠો ને અહમ્‌ને તોડવાને કારણે તેનું કહેવું વગેરે તે ન પણ માનતો હોય. એવું કરવાપણામાં એનો જ્ઞાનપૂર્વકનો ઊંડો હેતુ પણ હોય. માટે એણે જે કહેલું હોય કે કરેલું હોય તે યથાર્થ છે એમ અંતરમાં જાગૃતિપૂર્વક સ્વીકારી લઈને તેમાં જેટલો યોગ્ય વિવેક પ્રગટાવીને, ચેતીને યોગ્ય પ્રકારનું જીવવાનું ને વર્તવાનું જેટલું બને તેટલું તે ઉત્તમ છે. તેજીને તો ટકોરો બસ હોય.

## ગરજ જાગવી જોઈએ

હૃદયમાંના રામને આપણે જો પ્રગટાવવો હોય, તો આપણે જેમાં ને તેમાં એને મોખરે કરવાનો રહે છે. જે કામ આપણે કરવાનું રહે છે, તે જ કર્યા કરતાં હોઈએ છીએ એવું શું અનુભવ્યું નથી ? તો આપણે હવે જે કામ કરવાનું છે, તેને મોખરે કેમ નથી રાખી શકાતું ? એનું શું કારણ હોઈ શકે ? એનો આપણે દિલ સાથે પૂરેપૂરો વિચાર કરવો ઘટે. આપણે આપણને પૂરેપૂરાં તપાસવાં ઘટે કે એમાં આપણાં પૂરેપૂરાં વફાદારી, પ્રમાણિકતા, નેકદિલી, સચ્ચાઈ ને તે કાજે પ્રાણ પણ સમર્પણ કરવાની નેક દાનત વગેરે વગેરે બધું આપણા તેવા નિશ્ચયમાં પ્રગટેલું છે કે કેમ ? જો તેવી પૂરેપૂરી જીવનની ગરજ નહિ જાગેલી હોય, તો તો આપણાથી કશું આ માર્ગમાંનું થઈ શકવાનું નથી.

## જ્ઞાનાત્મક પ્રેમભક્તિ એ જ શ્રેષ્ઠ સાધન

કોઈ ને કોઈ સાધન કંઈ એમનું એમ તે કેમ કરીને પકડાઈ શકાવાનું છે ? કાં તો સદ્‌ગુરુમાં સંપૂર્ણ શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા, પ્રેમભાવ, જ્ઞાનાત્મક ભક્તિ આદિ આદિ જીવતા પ્રમાણનાં પ્રગટી ગયાં હોય ને જીવનના વિકાસના હેતુના જ્ઞાનભાન સાથે રોજિંદા વહેવારવર્તનમાં એનો ઉપયોગ કર્યા કરવા કાજે જો એની ભાવનાની ધારણા હૃદયમાં હૃદયથી રહ્યા કરતી હોય, તો તેવું એકલું સાધન પણ બસ છે ને ઉત્તમ છે. કોઈ ને કોઈ સતત એકધારા સાધનના કેળવાયેલા પૂરેપૂરા જીવતા અભ્યાસ વિના આપણો આરો આવવાનો નથી, તે નિશ્ચે જાણવું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૦-૪-૧૯૫૩*

## ફાંકા નિર્મૂળ થવાના ઉપાય

જીવનમાં અનેક પ્રકારના ફાંકાઓ હોય છે. સમજણનો

ફાંકો, બુદ્ધિનો ફાંકો, આવડતનો ફાંકો, પોતાની શક્તિનો ફાંકો, ધનનો ફાંકો, ગર્વનો ફાંકો, ડહાપણનો ફાંકો, વૈભવવિલાસનો ફાંકો, રૂપનો ફાંકો, વહેવારકુશળતાનો ફાંકો, આમ અનેક અનેક પ્રકારના ફાંકા હોય છે. આ બધા ફાંકાઓ આપણા જીવનમાંથી નિર્મૂળ થવા જોઈશે. તે કંઈ એની મેળે તો થોડા જ નિર્મૂળ થઈ જતા હોય છે ? એ તો આપણે જે માર્ગે જવું છે, તેમાં તે સાચેસાચ આડખીલીરૂપ છે, એવું ખરેખરું આડખીલીરૂપે પ્રત્યક્ષ જીવનમાં જે અનુભવાય ને તેની અપરંપાર હૃદયમાં ઉત્કટ વેદના અનુભવાય, ને તેવી તેવી વેળાએ પ્રભુને તેનાથી મુક્ત કરાવવા પ્રાર્થના થયા કરે તો તે તેમ બની પણ શકે છે. આવા બધા પ્રકારના ફાંકાઓમાં અહમ્ ઘણો મોટો ભાગ ભજવતું હોય છે. તેના વડે કરીને તો ફાંકાઓ ફાંકા તરીકે જીવતા રહે છે.

## અહમ્ પર ફટકો પડે ત્યારની દશાની કસોટી

તેથી અહમ્ પર ફટકા પડે તે વેળા જે જીવને ઘણો ઘણો આનંદ પ્રગટે છે, તેવા જીવથી તે બધામાંથી કોઈક વેળા તો જરૂર મુક્ત થઈ શકાવાનું છે, એમ નિશ્ચે કરીને જાણવું. અહમ્‌ને ફટકો પડે તે વેળા જે જીવને આનંદ વિના બીજું કશું જીવ પ્રકારનું લાગતું હોય છે, ને જેથી કરી એ જીવના મનને અશાંતિ, ક્‌લેશ, સંતાપ, ત્રાસ, અકળામણ વગેરે વગેરે લાગે છે, તો જરૂર જાણવું કે હજી એ જીવ તો ઘણો ઘણો કાચો છે.

## પ્રાર્થનાભાવ સાથે ખાસ તો 'સૂક્ષ્મ' આપો

આ જીવના કાંઈ પણ કશાથી કરી કોઈને પણ ક્ષુબ્ધ કરવાપણાનો આ જીવનો હેતુ નથી. શ્રીપ્રભુકૃપાથી સર્વ કોઈને જગાડવાનો હેતુ છે. એને તો સર્વ કંઈ હરી લેવાનું દિલ

છે, પણ તે બળાત્કારે હરી લેવાતું નથી. જીવની તેવી તેવી જ્ઞાનભક્તિપૂર્વકની હૃદયની સહકારપૂર્વકની ભૂમિકા પ્રગટવી ઘટે છે. એણે આપવાની વિધિ જાણવી જોઈશે. આપ્યા કરવાનો હૈયાનો ઉમળકો ને તેવો જ્ઞાનપૂર્વકનો ભાવ તેનામાં તે વેળા પ્રગટેલો હોવો જોઈશે. જે જે કંઈ આપો, તેમાં તે તે બધું પોતાના જીવનને મુક્ત થવા માટેના હેતુનું ચોક્કસ જ્ઞાનભાન તેમાં પ્રગટાવી પ્રગટાવીને તે આપવાનું કર્યા કરવાનું હોય. સ્થૂળ આપવાનું તો કંઈ જ હિસાબમાં નથી. સૂક્ષ્મ જ ખરું તો આપ્યા કરવાનું હોય. એનો બધો જ કબજો આપણે એને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક સમજી સમજીને, જે જે વેળા તેવું તેવું ઊગે તે તે વેળા, તેનું યોગ્ય જ્ઞાનભાન પ્રગટાવી પ્રગટાવી, તેને તે તે સોંપ્યા કરો. તે સોંપતી પળે તેનાથી મુક્ત થવા કાજે હૃદયમાં હૃદયથી પ્રાર્થના કર્યા કરો.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૦-૪-૧૯૫૩*

## દૈનિક પ્રાર્થના

સવારસાંજ લોકો પ્રાર્થના વગેરે કરે છે, તે તો માત્ર ઘરેડ પ્રમાણેની હોય છે. જે કંઈ જ કશું ન કરતાં હોય તેના કરતાં તેવી પ્રાર્થના પણ જે કરતાં હોય તે ઠીક છે. એનાથી કરી દિવસનો જેટલો ગાળો જીવ ગમે તેવી બીજી કોઈ ક્ષુલ્લક બાબતમાં સમય ગાળે, તેના કરતાં આવા પ્રકારની પ્રાર્થનાના ભાવ વગેરેમાં સમય ગાળે તો તે ઈષ્ટ ગણાય.

પ્રતિકૂળ વાતાવરણમાં અખંડ શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા આદિ આદિ ગુણો જીવતા રહી શકે તો જ એની ખરી કિંમત છેને ?

## ચેતન સ્વરૂપે અનુભવાય તો....

આ જીવથી ભૂલ ન જ થઈ શકે એમ માનવાનું કશું

કારણ ન હોય. આ જીવમાં જે હોય તે ભલે હો. પરંતુ એ પણ માનવી છે. સર્વ કોઈને ચેતન પ્રકારે તો કોણ અનુભવી શકે છે ? કોઈને તેવા ભાવે અનુભવે કરીને કોઈ જાણી જાય, તો તો એનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જરૂર ફેરવાઈ જ જાય.

## રાગનું લક્ષણ

તને આવેલ સ્વપ્નની હકીકત વાંચી, કોઈ જીવનાં વારંવાર સ્વપ્ન અનેક પ્રકારનાં આવે, તેમાં વારંવાર એનું મનન ચિંતવન થયા કરે, વારંવાર એના વિચાર પ્રગટ્યા કરે, વારંવાર એને કાજે ઊર્મિ પ્રગટ્યા કરે, વારંવાર હૃદયમાં ભાવ જાગ્યા કરે, તો તો જાણવું કે તેના પર રાગ થવા માંડ્યો છે. તે વિના રાગ પણ થયો નથી એમ જાણવું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૨-૪-૧૯૫૩*

## ઉત્તમપણાની આશા સાધક કને દરેક જણ રાખે

કોઈની સાથેનાં તારાં ક્રોધ, દુઃખ આદિ લાગણીથી યુક્ત વર્તન અંગે અમારે નીચે જોવાપણું બને તે પણ અહો બલિહારી છે.

આપણે જ્યાં સુધી બીજા જીવો જેવા હતા ત્યાં સુધી આપણી કને કોઈ વધારે આશા રાખતા ન હતા, પણ જરાતરા પણ આ (ભગવાનને) માર્ગે વળવાનું કર્યું કે લોક આપણી કને વધારે ને વધારે ઉત્તમપણાની આશાની ધારણા સેવતા હોય છે. એમને એમ ખબર નથી રહેતી કે કોઈ કંઈ એકદમ પ્રકૃતિ કે સ્વભાવ થોડો જ સુધારી શકતું હોય છે ? પરંતુ આના ઉપરથી આપણને સમજવાનું મળે છે કે હવે આપણાથી યદ્વાતદ્વા વર્ત્યે નભી શકાવાનું નથી. તેમ છતાં પાછું આપણે કંઈ લોકને માટે જીવવાનું નથી. લોક તો બેઠક વિનાના ઢોળવા જેવા છે. આજે એક બોલે તો કાલે બીજું પણ બોલે. જેને વખાણે તેને નિંદે પણ ખરા. એટલે તેમના પરત્વે આપણાં

મોં, નજર ને હૃદય આપણે કદી પણ રાખવાનાં નથી. તેમ છતાં તેમની અવગણના તો કદી પણ ભૂલેચૂકી આપણાથી થઈ જ ન શકે. લોકમાં પણ આપણો વહાલો રમી રહેલો છે. તે દ્વારા તે આપણને ચેતાવતો પણ હોય. એ રીતે આપણે તો લોકના બોલવાપણામાંથી શીખવાનું પણ હોય છે. તેમ છતાં લોક અને તે (ભગવાન) બંને એક નથી, તે હકીકતનો જીવતો ખ્યાલ આપણે રાખવાનો છે. **લોકોમાં ભગવાન છે, પણ લોકો ભગવાન નથી.**

## તટસ્થતાથી જાતને તપાસો

હાલનું આપણું ઘરેડ પ્રમાણેનું જે જીવવાનું ચાલી રહેલું છે, તેનું તે જ જો ચાલ્યા કરવાનું હોય તો તો આપણને ઊગરવાનો કદી પણ આરો આવી શકવાનો નથી, તે નક્કી જાણજો. જે રીતે જીવ્યા કરીએ, તેનો પ્રકાર, તેની સમજણ, તેનો હેતુ, તેની ધારણા, તેની તે પ્રકારની કૌશલ્યયુક્ત ભાવના-આ બધાં જ આપણામાં તે તે પ્રસંગમાં થોડાંઘણાં પણ અનુભવાતાં હોય, તો પૂરતી આશા છે એમ જરૂર પ્રમાણવું. આપણા પહેલાંના જીવવાની રીતભાતમાં ને હાલના જીવવાપણાની રીતભાતમાં-એ બે વચ્ચે આપણું બદલાયેલાપણાનું વર્તવાનું અનુભવાતું હોય તો પૂરતી આશા છે. આવી રીતે આપણે આપણને અવારનવાર તટસ્થતાપૂર્વક પૂરેપૂરાં તપાસતાં રહેવું ઘટે. આવું કામ ઘણું જરૂરનું છે. કશું પણ અંધારામાં થવા દીધા ન જ કરવું.

## જ્ઞાનીની ઝીણી નજર

જ્ઞાની ને અનુભવી પુરુષો પોતાની આંખ આગળથી ગમે તેમ યદ્વાતદ્વાપણે કશું પણ પસાર થવા દેતા હોતા નથી. એની

વિવેકસરની યોગ્ય ચકાસણી તે સહજપણે કરી લેવાનું કરતા હોય છે, ને તેમાં કશું ખોટું પણ નથી. ઘણી વાર તો તેઓ બોલતા હોતા નથી, તે વળી જુદી હકીકત છે. આપણું બોલવું, આપણાં વર્તન-વર્તણૂક, આપણાં પ્રકૃતિ, સ્વભાવ, વહેવાર વગેરે વગેરે તથા આપણાં પ્રકૃતિનાં વલણો-એ બધું તેનાથી અજાણ્યું રહેતું હોય છે એવું તો કશું જ નથી.

## જ્ઞાનીનું ગૂઢ વર્તન

એના આપણી સાથેના વર્તાવમાં પણ જુદા જુદા વર્તનના પ્રકારના હેતુ હોય છે. તેણે અમુક કર્યું, માટે તે અમુક કાજે જ કર્યું એમ કલ્પી લઈ શકાતું નથી. એની ધારણા ને આપણી ધારણા તે બેમાં આસમાન જમીનનો તફાવત હોય છે. માટે એવાને મારા તારા જેવો સમજીને ભૂલેચૂકે પણ વર્તવાનું કરીશું, તો તેમાં પેલાને તો કશું જ નથી, પણ ગેરલાભ આપણે ભાગે આવતો હોય છે.

## હવે આપણાથી આવું તે જિવાય !

સર્વ કોઈને, તેના તેના સ્થાનની સમજણપૂર્વકની યોગ્યતા આપણાથી વિવેકપૂર્વક જો અપાતી હોય છે, તો તે જ યથાર્થ છે. જેમ કે માતાપિતા હોય, તેમની સાથે અણઘટિત રીતે વર્તવાનું બને તો તેથી માબાપ તો કશું મનમાં ન આણે, પણ તેમાં આપણી શી શોભા ? આપણે કેવાં તુચ્છ ગણાઈએ ! એટલે આપણે જે રીતે હાલમાં જીવતા હોઈએ તે અયોગ્ય પ્રકારનું છે, ને જે જીવન પ્રગટાવવા માગીએ છીએ, તેના પ્રમાણમાં તો તે ત્યાજ્ય જ છે, એવી જીવતી સમજણ જીવનમાં જાગી ગયા વિના, ને તે પરત્વેનું આપણું પૂરતું યોગ્ય ધ્યાન પ્રગટ્યા વિના, આપણાથી જે રીતે જિવાયા કરાતું હોય ને વર્ત્યા કરાતું હોય તેનાથી બીજી ઊંચી રીતનું સમજણથી ને

બીજા ઉચ્ચ પ્રકારના હેતુના જ્ઞાનભાનથી જિવાઈ શકાવું શક્ય નથી, તે નક્કી જાણજે. માટે હાલના આપણા જિવાતા જીવનના ધોરણ ને સમજણની રીત વિશે પૂરું વિચારવું ઘટે. વળી સમજવું ઘટે છે કે જે જીવન આપણે જીવવાને વિચાર્યું છે, તે આવા પ્રકારના જીવન જીવવામાંથી પ્રગટી શકવાનું છે કે કેમ ? જીવનવિકાસના માર્ગમાં બુદ્ધિની આવી રીતની મદદ જ્ઞાનપૂર્વક લીધા જ કરવાની છે.

## મૌન લેજે-પણ આવું

જેટલું ઓછામાં ઓછું બોલાય તેટલું ઉત્તમ છે. અઠવાડિયાના એક બે દિવસ મૌન લેવાય તો ઉત્તમ. મૌન લેવું પણ તે બેળે બેળે નહિ, પણ મૌન પાળવાથી કરીને દિલને વધારે શાંતિ, આનંદ મળ્યાં કરતાં અનુભવાતાં હોય તો જ તેમ કરવાનું રાખજે. શરૂ શરૂમાં કંઈક વાંધાવચકા જેવું લાગશે, માટે મક્કમતાથી નિશ્ચય કરજે ને તે બરાબર પાળજે. મૌનમાં જપ-નામસ્મરણ થઈ શકે. વારંવાર કંઈક મનમાં ગ્લાનિ લાગતાં કે એવું એવું લાગતાં પ્રભુની કૃપામદદ કાજે પ્રાર્થના કર્યા જ કરવાની છે, તે ધ્યાનમાં રાખજે. એમ કર્યા કરવાથી વધારે સાચી સમજણ પ્રગટવાની છે, ને એમ અનુભવથી જે સમજણ મળે છે, તે જ સાચી રીતે વધારે ટકતી હોય છે.

## વૈરાગ્યના પ્રકાર

હાલનું જીવન જે આપણે જીવી રહેલા છીએ, તેવું જીવવાનું મુદ્દલે આપણને રુચતું ન લાગી શકે એવું બની જાય, એવી વેળાથી એવા જીવવાપણામાં આપણાં સમજણ ને હેતુ તદ્દન જુદા જ પ્રકારનાં બની જવાનાં. આવા પ્રકારના વલણને એક પ્રકારનો વૈરાગ્ય પણ કહી શકાય. આપણે જે ખરેખરું કરવાનું છે, તેના કરતાં બીજી કોઈ બાબતમાં આપણાં મનાદિકરણો

ફરકવાનું દિલ ન કરે, એને પણ વૈરાગ્યની ભાવના જરૂર કહી શકાય છે અને તે ઉત્તમ પ્રકારની ગણાય. વૈરાગ્યને અને જીવનના પ્રાપ્ત થયેલ ધર્મ્ય કર્તવ્યને ક્યાંયે વિરોધ નથી.

## જાગો, જીવો અને અનુભવો

પણ હવે તું જાગીને, બેઠી થઈને જ્ઞાનભક્તિભાવે જીવનમાં જીવનનો પ્રયોગ કરતી કરતી જીવવા કરવાનું રાખે, તો તને એવો એવો અનુભવ મળ્યા કરે, કે જેથી તારામાં શ્રદ્ધા, વિશ્વાસ વધારે જીવતા પ્રમાણનાં પ્રગટી શકે. માટે તારે અમારા પર કૃપા કરવાની છે. અમારાં સ્વજન જીવનવિકાસની ભાવના પ્રગટાવવા કાજે જીવતા રહીને જીવવાનું કરે તે જ અમને તો ગમે છે. તે જ અમારી સાચી ગુરુદક્ષિણા છે. માટે તે આપ્યા કરવાનું દિલ પ્રેરવજે.

## કાર્યો પાછળનો ભાવ

કૃત્રિમ રીતે પકવેલાં ફળોનો સ્વાદ ને કુદરતી રીતે પાકેલાં ફળોનો સ્વાદ-એ બંને પ્રકારના સ્વાદમાં ઘણો ઘણો તફાવત રહેતો હોય છે. એવી રીતે આપમેળે આનંદથી સમજણના હેતુથી જે કર્યા કરીએ, ને કરવું જ પડતું હોય ને કર્યા વિના છૂટકો જ નથી, એવી રીતે તેનું તે જ કર્મ કર્યા કરતાં હોઈએ, તો તે બંનેનાં પરિણામમાં પણ ભેદ હોય છે. આપણે તો જે તે આનંદથી, જીવનની કેળવણીના હેતુનો જીવતો ખ્યાલ ઉગાડી ઉગાડીને કર્યા કરવાનું છે. કરતાં પહેલાં પણ એને હૃદયમાં નોતરીએ, કર્યા પછી એને તે તે બધું સોંપી સોંપી નિશ્ચિંત બન્યા કરીએ. આ પ્રમાણે જીવ્યા કરવાનું છે, તે લક્ષમાં તું લેજે.

## સ્વજન કાજે પ્રાર્થના

શ્રીભગવાન કૃપા કરી આ શરીરમાં એવું ઉપજાવે, કે જેથી મળેલાં સ્વજનોનું લક્ષ જીવન પરત્વે વધારે ચેતન પ્રકારની

જાગૃતિવાળું દોરાયા કરે ! હે પ્રભો ! હે દયાસાગર ! હે કરુણાળુ ! હે કૃપાસિંધુ ! હે પતિતપાવન ! હે પતિતોદ્ધારક ! હે શરણાગતવત્સલ પ્રભુ ! દયા કરો, કૃપા કરો ! ગમે તે કોઈ રીતે અમને મળેલાં સ્વજનોને દિલમાં ઊંડું દર્દ પ્રગટે એવી રીતે જીવનમાં પ્રવર્તાવીને તારાં ચરણકમળમાં તેઓ જીવતા બન્યા કરે એવી તને હે ભગવાન ! વારંવાર હૃદયની પ્રાર્થના છે. જે હેતુ કાજે તેઓ મળ્યાં, તે હેતુને જ તેઓ યાદ રાખતાં નથી, ને જીવતો રહેવા દેતાં નથી, પછીથી તું પણ શું કરે ! માટે હે પ્રભો ! તું કૃપા કર કે જેથી તેઓ તેમના જીવનના હેતુનું જ્ઞાનભાન બરાબર જાગતું રાખી શકે. જો એટલું જ થઈ જાય, તો તો તેમને જીવતાં રહેતાં પછીથી વાર ન લાગે. માટે હે દીનાનાથ ! હે દીનબંધુ ! હે પ્રભુ ! અમારાથી હાલ જે રીતનું જીવન જિવાય છે, તે તને પામવા કાજેનું યથાર્થતાવાળું નથી, એવો એનો ઊંડો ઊંડો પ્રચંડ અંતરમાં બળ્યા કરતો અસંતોષ તું પ્રગટાવજે. એવી રીતનું જીવવાપણામાં અમને ક્યાંય સખ ન વળે, ક્યાંયે ચેન ન પડે, ક્યાંયે કળ ન વળે, એવું તું અમને કરાવ. અમારામાં તારી ભાવના ન પ્રકટી શકે એવું જે જે કંઈ હોય, તેના પરત્વે ઊંડો ઊંડો, ઘણો અણગમો પ્રગટાવ. હે પ્રભો ! અમે જે હેતુ કાજે સદ્‌ગુરુને જીવનમાં મળવાનું કરેલું તે કેવી રીતે ફળી શકે- અમે જ જ્યાં ઊંધું જ જીવતાં હોઈએ ત્યાં ? અમે અમારા રોજિંદા વહેવારવર્તનમાં તો તને સપૂચાં જ ભૂલીને, જાણે કે તું હોય જ નહિ એમ માથે અંધારપિછોડો ઓઢીને વર્તતાં હોઈએ છીએ. પછી દોષ તો માત્ર અમારો જ છે. તેવા દોષનું પણ અમને તો પૂરેપૂરું, યોગ્ય પ્રકારનું ભાન જાગતું નથી, એવાં અમે પામર પ્રાણી છીએ. માટે હે પ્રભુ ! કંઈક

કરીને અમારી સામે જો, અમને તું જગાડ, જગાડ ને બસ જગાડ. ધિક્કાર છે અમને કે તને પામવાના હેતુ કાજે વળગવાનું તો કરેલું, પણ તે જ અમે, તને ભૂલ્યાં. તને મેળવવાને કાજે તો જીવનમાં તેવી રીતનું જીવવાનું વર્તવાનું થાય. તે કાજેની યોગ્ય સમજણ પ્રગટે તે કાજે તો ગુરુને મેળવ્યા. ગુરુ પરત્વેની સદ્‌ભાવના પણ ન કશામાં ઠેરવવાનું કર્યું કે ન તેના સૂચવ્યા પ્રમાણે જ્ઞાનભક્તિપૂર્વક જીવવાનું કર્યું. પ્રભો ! અમે તો એવાં છીએ. પછી અમારી પ્રાર્થનામાં પણ બળ ક્યાંથી હોય ? ક્યાંથી, કેવી રીતે, પ્રગટે ? કારણ કે હાલ જીવી રહેલા જીવનનું હજી ઊંડું ઊંડું લાગતું દર્દ તો અમને થતું નથી ! તો પછી અમે એવા જીવનથી કેમ કરીને જુદી રીતે જીવી શકવાનાં છીએ ! તો પ્રભુ ! અમને હાલના તેવા જીવવાપણામાં, તું ઊંડું વેદનાભર્યું દર્દ પ્રગટાવજે. હે પ્રભુ ! અમે તો સાવ જૂઠાં નીવડેલાં છીએ, તો હે પ્રભુ ! અમે તો જેવા છીએ તેવા છીએ, છતાં તું જ અમારો તારણહાર છે. તું જ અમારો મદદગાર છે. તું જ અમારો સાચો રક્ષક છે. તો હે પ્રભો !

'અમે જૂઠા જગદીશ ! લજ્જા મારી રાખ્યેથી ર્‌હેશે.'

## સ્વજન-પ્રભુને પ્રાર્થના

આવી આવી પ્રાર્થના આજે તો સવારથી જ કર્યા કરું છું. પ્રભુને તો કંઈ કહેવાય છે થોડું ? એને તો જ્યારે સાંભળવું હોય ત્યારે ભલે તે સાંભળે, પણ સ્વજનોનાં દિલમાં મારો જે પ્રભુ પડેલો છે, તે જો કૃપા કરીને સાંભળે તો કહું કે,

'હે વહાલાં સ્વજનો ! તમે તો દયા કરજો, કૃપા કરજો ને જાગજો. જે હેતુ કાજે મળેલાં તે હેતુને વિચારજો, ને તે હેતુને યોગ્ય જીવવાનું કરશો તો મોટો ઉપકાર. આ એક, દિલની, પ્રેમયુક્ત, દર્દભરી વિનંતી છે.'

## પ્રભુસહાયનો એક જીવનપ્રસંગ

આ જીવના શરીરને બતાવવા અહીં આવવાનું થયું છે. આ સદ્‌ભાવી ડૉક્‌ટરની સાથેનો આ જીવનો સંબંધ જાણવા જેવો છે ને રસિક છે.

એકવાર હેમંતભાઈ અને આ જીવ બંને ચોરવાડ ગયેલા. ચોરવાડ કાઠિયાવાડમાં (સૌરાષ્ટ્ર) આવેલું છે. તે તો તું જાણતી હશે. ત્યાં એક સદ્‌ભાવી સજ્જન શ્રી હરખચંદભાઈ કરીને છે. તેઓ શ્રી જીવણલાલ ઍલ્યુમિનિયમવાળાના સગા ભાઈ થાય. ઘણા સેવાભાવી ને ગાંધીજીની આદર્શભાવનાથી જીવનમાં રંગાયેલા છે. પૂજ્ય શ્રી ઠક્કરબાપાને માટે તેમને ઘણો ઘણો પ્રેમભાવ ને ભક્તિ હતાં. સ્વર્ગસ્થ શ્રી અમૃતલાલ પઢિયાર, જેમણે 'સ્વર્ગની સીડી' વગેરે પ્રકારનાં ઘણાં પુસ્તકો લખેલાં છે, (તેમનાં બધાં પુસ્તકોનાં નામ પહેલાં 'સ્વર્ગ' શબ્દથી શરૂ થતાં જેમ આ જીવને 'જીવન' દરેક પુસ્તકના નામમાં પ્રથમ મૂકવું ગમે છે તેમ) તે શ્રી અમૃતલાલ પઢિયારને અને તેમને ઘણો નિકટનો સમાગમ હતો. તેમને રહેવા કરવા માટે તેમણે એક ઘર પણ બાંધી દીધેલું. હજી તે તેમના નામથી જાણીતું છે. જે કોઈએ જપાદિ સાધન વગેરે કરવું હોય તો ત્યાં બેસીને તે નિરાંતે કરી શકે તે કાજે જે સરળતા જોઈએ, તે તે સગવડ ને સરળતા ત્યાં મળી શકે છે.

### ખેડૂત સાથે સુમેળ

તે શ્રી હરખચંદભાઈએ આ જીવને તાર કરીને અમને ત્યાં રહેવાને આમંત્રણ આપેલું. ત્યાં બેત્રણ દિવસ રહ્યા હોઈશું. એમને ચોરવાડમાં જમીન-જાગીર પણ ઘણી. વાડી-બગીચાના ભારે રસવાળા. ખેડૂતો ને એમનો સંબંધ પણ કોઈ હૃદયના

અનોખા ભાવનો. એમનાં પત્ની જાતે, આવેલા ખેડૂતો માટે રોટલા-શાક આદિ બનાવે. શ્રી હરખચંદભાઈ તેમને જાતે પોતે જ પ્રેમથી પીરસે. એક દિવસ તો ઓચિંતા ૧૨-૧૪ ખેડૂતો આવી ચઢેલા. તે વેળા આ જીવે પણ પીરસવાનું કામ તેમની સાથે કરેલું. શ્રી હરખચંદભાઈનો તે લોકોને જમાડવામાં જે પ્રેમભાવ હૈયામાં પ્રકટેલો નીરખ્યો છે, તે જીવનમાં યાદ રહી જાય તેવો હતો.

## કમળી છતાં પ્રવાસનો નિર્ણય

ત્યાં આ જીવને કમળો થયો ને તેમાંથી સખત કમળી થઈ. અમે ત્યાં હતા, ત્યારે જૂનાગઢના નવાબ સાહેબ વગેરે પણ ત્યાં હતા. તેમના દાક્તર પણ ત્યાં હતા. તેમની કને યોગ્ય સારવાર આદિ કરાવવાનું તેમણે પણ ઘણું ઘણું કહ્યું, પરંતુ આ જીવનો તો જે જીવ બસ ઊઠ્યો તે ઊઠ્યો જ. એમણે તો ઘણોય આગ્રહ કર્યો કે 'આવી દશામાં જવું, ને તે પણ છેક ટ્રિચિ સુધી ૧૫૦૦ માઈલ દૂર જવું, ને તે પણ ક્યાંય આરામ લીધા વિના-એકધારું આટલા બધા માઈલો આગગાડીમાં જવું. ને તે પણ આવા શરીરે-ઘણું જોખમકારક છે. કોઈ તેવું કરી પણ ન શકે. આવી રીતે જવું તે મુદ્દલે સલાહ ભરેલું નથી.'

## પ્રભુકૃપાથી બધું સુતરું બને

પણ આ મૂર્ખાનંદ કંઈ માને તેવા થોડા જ હતા ! એ તો નીકળ્યા તે નીકળ્યા. વીરમગામ તો આવી પહોંચ્યા. તે જમાનામાં (૧૯૪૪) બીજા વર્ગની ટિકિટ ઓચિંતી મળવી તે તો અશક્ય ઘટના હતી. બલકે મળી જ ન શકે ! વીરમગામ પર એક ટિકિટ ઈન્સ્પેક્ટર મળી ગયા. તેમણે જ આ જીવને ઓળખ્યો. તેઓ નડિયાદના હતા. તેમને આ જીવના શરીરની દશા ને છેક ટ્રિચિ

સુધી જવાના નિર્ણયની હકીકત વગેરે બધી વાત કરી. તેમણે બીજા વર્ગની ટિકિટ લઈ આપી ને એવી સગવડ થઈ ગઈ. પ્રભુની કૃપા થતાં સર્વ કંઈ સુતરું સુતરું વહે છે. ને મુંબઈ પહોંચી, તે જ દિવસે બપોરે ૧-૩૦ વાગ્યે ઊપડતી ગાડીમાં મદ્રાસ. બીજા વર્ગની ટિકિટ તો ન જ મળી. ઈન્ટરની મળી, તે પણ મહા મુશ્કેલીથી. મુંબઈથી મદ્રાસ પહોંચી, મદ્રાસમાં ક્યાંયે ઊતર્યા વિના, ત્યાં તે ને તે રાત્રે ટ્રિચિ જવાની ગાડી પકડેલી. વહેલી સવારે ટ્રિચિનાપલ્લી જંકશને પહોંચીને બળદગાડી કરાવીને કેરાપટ્ટી (ટ્રિચિ શહેર પાસેનું નાનકડું ખ્રિસ્તી લોકનું પરું) પહોંચેલો. શરીરની કમળીની દશામાં આવી રીતે છેક ચોરવાડથી ટ્રિચિ આવી શકવાનું બનવું, તે હકીકત શ્રીભગવાનની પ્રત્યક્ષ કૃપા જ હતી.

## વિના દવાએ કમળીનું મટવું

તે વેળા શરીરની દવા વગેરે કરાવવાનું પૂજ્ય મામાએ અને ભાઈએ ઘણું જ આગ્રહપૂર્વક કહેલું. તેમને જણાવેલું, 'હમણાં નહિ. આ રોગ એની મેળે મટી જશે, ત્યાર પછી આ શરીરમાં જે જે બધું થાય છે, તે બધું જ લખાવીશ. તે પછીથી દવા કરાવવાનું રાખીશું.' થોડાક દિવસો બાદ તે રોગ તો મટી ગયો. પછીથી ભાઈ કને આ શરીરમાં જે જે બધું થતું હતું, તે લખાવેલું. બેચાર પાનાં ભરીને તે લખાણ થયેલું.કદાચ તે લખાણ હજી ભાઈ કને હોય તો હોય પણ ખરું. ભાઈએ તો આ શરીરમાં જે જે થતું હતું, તે બાબતનું લખેલું કાગળિયું તેમના (ડૉક્ટરના) હાથમાં મૂકી દીધેલું. તે વાંચી તેઓ તો કદાચ આભા જ બની ગયા હશે ! પછી તેમણે કહ્યું, 'આ કાગળિયું હું મારી કને રાખું છું, આનો હું બરાબર અભ્યાસ

કરીશ. તે પછી જે કંઈ કરવા જેવું લાગશે, તો તે કરીશ. તમે કાલે આવજો. એટલે દવાબવા કરવાનું શરૂ કરીશું.' બીજે દિવસે શરીર જોયું ને દવા શરૂ કરી. ભાઈએ ડૉક્ટરને ત્યાં જવા કાજે એક બળદગાડી મારે માટે રાખેલી. એમ રોજ ત્યાં જતો. દરેક ચારપાંચ દિવસે તો કોઈક વેળા ત્રણચાર દિવસે શરીરમાં જુદાં જુદાં લક્ષણો પ્રવર્તતાં હતાં તેમ તેમ તે દવામાં પણ ફેરફાર કર્યા કરે.

## 'મને રાહ જોવાની ટેવ નથી'

એક દિવસ દવાખાને અડધા કલાક ઉપરાંત મારે ખોટી થવું પડ્યું. જવાનો વારો આવતાં ડૉક્ટરને મેં કહ્યું, 'Well, Doctor saheb ! I am not in the habit of waiting.' (ડૉક્ટર સાહેબ, મને રાહ જોયા કરવાની આદત નથી.) ડૉક્ટરે તુરત જ મારી સામે જોઈને કહ્યું કે 'હા ! હા ! હા ! તે હકીકત જાણું છું. તેથી હવેથી જ્યારે તમે આવો ત્યારે તરત જ જરા પણ સંકોચ પામ્યા વિના મારી કને તમારે આવી પહોંચવું. તુરતાતુરત તમારું શરીર જોઈ લઈશ, તમને જવાને માટે સવેળા જ મુક્ત કરી દઈશું.'

## 'તમારી દવા કરવી અશક્ય ને અજુગતું'

પછી દાક્તરે કહ્યું, 'સામિયાર !* તમારે દવા લેવાની જરૂર જ નથી. દવા શેની કરું ? આજ અમુક હોય તો કાલે વળી બીજું ને અમુક વેળાએ ત્રીજું હોય.' તે પછી ખાસ ગંભીર વદને એમણે કહ્યું, 'મારે તમારી આગળ આવીને મારા જીવનની સઘળી આડી, અવળી, ઊભી કથની કહી સંભળાવીને મને ખાલી થઈ જવાનું દિલ આ બેત્રણ દિવસથી થયા જ કરે છે. જો તેવી ને તેવી લાગણી-ભાવના રહ્યા કરશે, ને તે

* દક્ષિણમાં સ્વામી, સાધુસંત માટે વપરાતો શબ્દ.

પ્રેરણા અદમ્ય નીવડશે, તો કોઈક દિવસે તમારી પાસે આવીને બધુંયે કહી દઈને શાંત બનીશ. આવું કદી મને થયું નથી. તમારી કને જ હૃદય ઠાલવવાનું દિલ થયા કરે છે.' તે હકીકત ભાઈને જણાવેલી.

## ખુલ્લા દિલની વાત

તે પછી તે બારેક વાગ્યા પછી એક દિવસે તેમની મોટરમાં ભાઈ રહેતા હતા, તે જગાએ આવી પહોંચ્યા ને કહેવા લાગ્યા, 'તમારી કને આવ્યા વિના આખરે તો રહેવાઈ જ શકાયું નથી, તેથી આવ્યો છું.' ને પોતાના જીવનની બધી હકીકત ઉઘાડી રીતે જણાવી. તે વેળા ભાઈએ જણાવ્યું કે, 'અમે બંને (એક બીજા ભાઈ, કાંતિભાઈ નામે ત્યારે ત્યાં હતા) જતા રહીએ.' ત્યારે તેઓ કહે, 'જ્યારે આજે જીવનની ચોપડી ઉઘાડવા જ બેઠો છું, ત્યારે આજે મને કોઈ જાતનોય સંકોચ નથી થતો. તમે પણ ભલે સાંભળો. એ હકીકત કંઈ સીધી સાદી તો ન હતી જ. એમના જીવનની કથનીમાં કંઈક કંઈક અવનવી જાતભાતો હતી, અવનવું આડાઅવળાપણું પણ હતું જ. તે બધું જ એકધારું મુદ્દલે ખચકાયા વિના તેઓ બસ કહ્યે જ ગયા. તે કહી રહ્યા બાદ તેમને શાંતિ થઈ હોય એમ તેમને જરૂર લાગેલું.

## ત્યારથી નિકટ સંબંધ

તે સંબંધ ત્યારથી જે જીવતો થયેલો છે, તે સંબંધ આજે પણ કાયમ છે. મારા શરીરની દવાબવાના પૈસા હજી તે લેતા કરતા નથી. હમણાં અહીં આવ્યો છું દવા કરાવવા. લોહી વગેરે તપાસવાનું છે. ઈન્જેક્ષશન વગેરે વગેરે આપવાનાં હોય ને દવા પણ. તો તે બધાના પણ તે પૈસા આગ્રહપૂર્વક નથી જ લેતા.

**હૃદયપૂર્વક આત્મનિવેદન કરનાર કાયમનું સ્વજન બને.**

જીવનની તેવી બધી હકીકત તેમના દિલમાં કંઈક ભારે વેદના પ્રગટાવતી હોવી જોઈએ. જો તેમ ન હોત તો આ જીવ પરત્વેનું આકર્ષણ પ્રગટ્યા વિના એટલા નજીવા પરિચયે અને તે પણ ડૉક્ટર અને દર્દીના ઉપરછલ્લા પરિચયે, તેમનાથી કંઈ એવી રીતે જીવનનું તેવું તેવું બધું બોલી શકાયું ન હોત. એમનું નિવેદન બિલકુલ ખચકાયા વિનાનું હતું ને આરપારદર્શક હતું. પૂરેપૂરી તેમાં સ્પષ્ટતા હતી. કંઈ પણ તેમણે સંતાડેલું ન હતું. જ્યારે તે કહેવા બેઠેલા, ત્યારે તેમણે બસ બધું જ ઠાલવી દીધેલું. તે તે કહેવામાં તેમનું હૃદય ઠલવાતું હતું. એવું હૈયાથી કરેલ ને ખચકાયા વિના કરેલ સાફ, પૂરું ઠલવાયેલ હૈયું (આત્મનિવેદન)-એ અમને ઘણું ઘણું વહાલું લાગે છે. એવો જીવ તે કાળથી પછી અમારું સ્વજન થઈ ચૂકે છે. એવાને પછી ભલેને મળવા જવાનું બનો કે ન બનો, ભલેને તેવો જીવ પોતાની ઘટમાળમાં અમને ભૂલી ગયો હોય, પરંતુ તે અમારામાંથી ભુલાઈ શકાતો નથી.

**અમારી માગણી-ભાવ નીતરતું હૈયું**

અમે તો જ્યાં ત્યાંથી માગીએ છીએ સ્ફટિક સમું, પારદર્શક, ભાવથી પ્રેરાયેલું ને નીતરતું હૈયું. એવા હૈયા વિનાનું ગમે તેટલુંયે ભલેને હો, પણ અમારે મન તે અર્થ વિનાનું હોય છે. કોઈ પણ ઉચ્ચ આત્માની આગળ શુદ્ધ નીતરતા ભાવથી ઠલવાયેલું હૈયું કદી પણ નકામું જતું નથી. કંઈક પણ આશા, કામના, ઈચ્છા, કલ્પના કે ગણતરીથી ખચકાઈને, હિસાબી રીતે, વિચારી વિચારી, ગણતરી કરી કરી, કોઈક અંતરની બીજી સમજણથી કે એવી રીતિએ અપાયેલું જે હોય, તે અમારે મન અપાયેલું હોતું જ નથી. અમે તો જેમાં ને

તેમાં બધી રીતમાં શુદ્ધ ભાવથી નીતરતું હૈયું જ વાંછતા હોઈએ છીએ. મનના, બુદ્ધિના, પ્રાણના કે અહમ્‌ના સ્વભાવ પ્રમાણે અપાયેલું અમારે ખપનું હોતું નથી. ભલેને તે 'અપાયેલું' ગણાય, ને દેખીતી રીતે અપાયેલું પણ હોય, પરંતુ તે શ્રીપ્રભુને ચરણકમળે જઈને નિરાંતે બેઠું છે એવા ભાવની ધારણા જીવતીજાગતી જેમાં હોતી નથી, તેવું તેવું બધું ભલે જેમ હો તેમ હો, તેવું દેખીતી રીતે સ્વીકારાયેલું પણ લાગે, કિંતુ જેવું, પૂરેપૂરા સ્વચ્છ, શુદ્ધ ભાવથી નીતરતું હૈયું-જે એને ચરણકમળે ઉમળકાથી જ્ઞાનભક્તિપૂર્વક અર્પાતું હોય છે, તે જ એને યોગ્યપણે સ્વીકાર્ય હોય છે.

## એવો હૈયાના ભાવનો ખોરાક આપો

એવી રીતે ને એવા ભાવે અપાયેલાં કે અપાતાં હૈયાં, તે તો એને એનામાં જીવવા કાજેનો ખોરાક છે. તેથી આપવું હોય તો હૈયાના પૂરેપૂરા ઉમળકાથી, પોતાના જીવનવિકાસના હેતુ કાજે, કોઈ પણ જાતની, અંદરની કે બહારની (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ) શરત વિના બસ આપજો. જેમાં પારદર્શક ભાવથી નીતરતું, ઉમળકાથી છલકાતું હૈયું નથી, તે અમને ખપતું નથી.

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૨૪-૪-૧૯૫૩*

## સ્વપ્નમાં આગાહી

આ જીવને પ્રભુકૃપાથી સાધનામાં પડવાનું થયું, ને શરૂઆતમાં બેએક વર્ષમાં આ તામિલનાડુ પ્રદેશનાં દશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં હતાં ને હિમાલયનાં પણ. હિમાલયનાં તો છેક નાનપણથી જ આવ્યાં કરતાં હતાં. આ દેશનાં દશ્યો સ્વપ્નમાં આવ્યાં કરતાં, પણ તે કયા દેશનાં છે, તેની કશી ગતાગમ તે વેળા લાગે જ નહિ. કોઈ ઠેકાણેનાં દશ્ય તે હશે,

એમ લાગતું. જ્યારે ૧૯૪૧ની સાલમાં પહેલવહેલો આ બાજુ આવેલો, ત્યારે તે બધું એકાએક તાજું થયેલું.

## સાધનાનું લક્ષણ-સ્વપ્નમાં જાગૃતિ

સ્વપ્નમાં જ્યારે ચેતનયુક્ત જ્ઞાનભાવની જાગૃતિ પ્રગટે ને ત્યારે શાંતિ, સમતા, તટસ્થતા આદિ જળવાયા કરાય ને તે પણ છાપ પાડ્યા વિના વહી જાય ત્યારે જીવ સાધનામાં ખૂંપેલો છે એમ ગણી શકાય. સ્વપ્નની દશામાં ચેતનયુક્ત જાગૃતિ ટકી શકવી એ કંઈ મારા તારા જેવા જીવથી એકદમ થઈ શકવું શક્ય નથી. જીવતીજાગતી ચેતનયુક્ત જાગૃતિ ને તે પણ પ્રખર ઉત્તમ કક્ષાની પ્રગટેલી હોય છે, તો જ સ્વપ્નની દશામાં સમતા, તટસ્થતા, શાંતિ, વિવેક આદિ સાબદાં બનેલાં ને યોગ્ય કામ આપતાં અનુભવી શકાય છે.

## પોતાની ઊંઘમાં જાગૃતિ

સાધનામાં આગળ ધપાયું છે કે કેમ, તેનું એક બીજું લક્ષણ-તે ઊંઘનો પ્રકાર છે. સાધનામાં આગળ ને આગળ ડગલાં ભરવાનું થતાં, ઊંઘના પ્રકારનું બદલાવાનું બનતું હોય છે. ઊંઘ જડસુ જેવી પછી નથી હોતી. ઊંઘ લેવાતી હોય પણ તે જાણે કે અંદર જાગતાં હોઈએ એવા પ્રકારની. આવા પ્રકારની ઊંઘ થતાં કે બની જતાં, તે વેળાએ મારા જેવાને તો સાધનામાં લક્ષણની કશી જ ગતાગમ ઊગેલી ન હતી. ઊંઘમાં સ્વસ્થતા તો પૂરેપૂરી હોય. જાણે ઊંઘતા જ હોઈએ, બીજા લોકને પણ તેમ લાગે, નસકોરાં પણ બોલતાં હોય, શરીર પણ નિશ્ચેષ્ટપણે પડેલું હોય, પણ માંહેથી જાગૃતિ રહ્યા કરે. દિવસના કામકાજમાં તો એકદમ જીવતી સ્ફૂર્તિ રહ્યા જ કરતી હતી, ને ઊંઘમાં પણ એવી જાગૃતિને લીધે આગળપાછળનું બધું સમજાયા કરે, તેથી

આ જીવને એમ લાગ્યા કરેલું કે જાણે ઊંઘ જ આવતી નથી. સાધનામાં આગળ જતાં જતાં ઊંઘનો આવો પ્રકાર બદલાય છે, તે તો છેક ૧૯૩૭ની સાલમાં एणे સમજણ પ્રગટાવી ત્યારે પ્રગટેલી. તે પછીથી તો ઊંઘ ઘણી ઘાડી હોય ને મડદાના જેવી ઊંઘ પણ હોય, તેમ છતાં માંહેલી ચેતનયુક્ત જાગૃતિ તો જીવતીજાગતી જ હોય છે. આ જીવની તેવા પ્રકારની ઊંઘની ભાઈ તથા બીજા બધાંને, નિકટના પરિચયમાં આવનારને ખબર છે. ભાઈને તો તે જાતમાહિતીની હકીકત છે.

## બે પ્રકારની જાગૃતિ

વળી, સાધનામાં પૂરું ખૂંપાઈ જવાયું છે, તેનું ત્રીજા પ્રકારનું લક્ષણ છે, તે તો સાધકને પોતાને જ તેની ખબર પડી શકે તેવું હોય છે. એ બે પ્રકારની જાગૃતિમાં જીવતો હોય તેમ તેને લાગે છે. એ એની બાહ્ય પ્રવૃત્તિમાં કામ કરતો હોવા છતાં, ત્યાં બાહ્ય પ્રકારે એની જાગૃતિ એને કામ આપતી હોય છે, ને સાથે સાથે અંતરમાંની જાગૃતિ અંતરના પ્રકારના કામમાં (સાધનાથી પ્રગટતા રહેતા અચળ ભાવના કામમાં) પરોવાયેલા આપણને રાખ્યા કરે છે.

## એથી પણ આગળની જાગૃતિ

વળી, એક એવા પ્રકારની એનાથી પણ ઊંડી ચેતન પ્રકારની જાગૃતિ પણ છે, તેને ઉપલા પ્રકારની જાગૃતિ-તેનું પ્રમાણ, ઉત્કટતા, ઊંડાણ, સૂક્ષ્મતા વધતાં વધતાં ભેદે છે, તેમાં છેદ પાડે છે. (એ તો સમજાવવા ખાતર આમ લખવું પડે છે, બાકી એ તો છે સહજ ક્રિયા) એ જ્યારે ભેદાય છે, ત્યારે સાધકનું કામ પૂરું પાકી જતું હોય છે. આમ, એક પ્રકારની જાગેલી જાગૃતિથી બીજી જાગૃતિમાં છેદ પડી કંઈક નવાનું જ આપણને જ્ઞાન થાય છે. આ ક્રિયા જ્યારે થાય છે, ત્યારે

સાધકના જીવનને કોઈ હાથ પકડીને દોરવતું હોય, પ્રેરવતું હોય, ચલવતું હોય એવું એને પ્રત્યક્ષ લાગ્યા કરે છે. આવા અનુભવની હકીકત કોઈને કહેલી નથી અને તે કોના દિલમાં ઊતરી શકે ? ને એને કોણ સમજી શકે ? કોઈ મહાન જ્ઞાની મહાત્માઓના અનુભવ આવી હકીકત સાથે મળતા આવે, તો તો મળેલાં સ્વજનને ઉપલી હકીકતની યથાર્થતા લાગ્યા કરે. આ જીવના જીવનની કેટલીયે એવી અનુભવની હકીકતો બીજા મહાન આત્માઓના જીવનના એવા પ્રકારના અનુભવોની હકીકતો સાથે મળતા આવવાપણાનું વાંચતાં, આ જીવના જીવની તેવી હકીકતોનું જે પ્રકારનું યોગ્ય, ઉત્કટપણે, ઉદ્દીપન સ્વજનના હૃદયમાં થવું ઘટે તે પ્રમાણે પણ થયેલું નથી. એવા અનુભવોની હકીકતો મળતી આવે તેમ છતાં એનું ઊંડું તારતમ્ય ને એની મહત્તા સાધનાના હેતુ કાજે મળેલાં સ્વજનોનાં દિલમાં પ્રગટેલાં નથી, એવું પણ આ જીવે અનુભવેલું છે.

### પોતાને આવા અનુભવથી મનમાં લાગેલી વિચિત્રતા

આ જીવને વધારે તો જ્યારે તેને એવા બે પ્રકારની જાગૃતિમાં રહ્યા કરવાનું બનેલું, તે વેળા થોડોક કાળ વિચિત્ર પ્રકારનું લાગ્યા કરતું. આવી હકીકત ક્યાં જઈને ને કોને પૂછવી તેની કશી જ ખબર પડતી ન હતી. એક વડીલ સદ્‌ભાવી સાધુપુરુષનો પ્રભુકૃપાથી સમાગમ થઈ ગયેલો. તેમને ઉપલી આ બધી હકીકત જણાવતાં કૃપા કરીને તેમણે બધી હકીકતનું યોગ્યતાપૂર્વકનું તારતમ્ય મને સમજાવ્યું. આ જીવની તેવી તેવી બધી હકીકત જાણીને તેમને ઘણો ઘણો આનંદ પ્રગટેલો.

### આ લખવાનો હેતુ

આવાં બધાં લક્ષણો તારા પરના કાગળો દ્વારા એટલા માટે

લખી રહ્યો છું કે મારા જેવા મથતા કોઈ જીવને તેની ખબર પડ્યા કરે.

## નામસ્મરણની અદ્‌ભુત શક્તિ

સને ૧૯૪૪ની સાલ હશે. ભાઈ કેરાપટ્ટી રહેતા હતા. આ જીવ તેમની ટ્રિચિની પેઢીએ થોડાક દિવસ રહેવા ગયેલો. ત્યાં તેમના કોઈ સગાંનું શરીર ઠીક રહેતું ન હતું. તેથી ત્યાં પૂજ્ય મામાને જણાવ્યું કે 'અહીં મોટેથી નામસ્મરણનો જપયજ્ઞ ચાલુ કરી શકાય કે કેમ ? કારણ કે બહાર ઘરાક વગેરે આવે કરે, ને મોટેથી નામસ્મરણ થયા કરતું હોય, તો તેથી તેમને અડવું નહિ લાગ્યા કરેને ?' તેમણે જણાવ્યું, 'અહીંના લોકોને તો ઊલટું તે ઘણું સારું લાગશે.' મેં કહ્યું, 'આજે આ જીવથી નામસ્મરણ થયા કરે તેમાં મારી બહેન પોતાનાં મન-દિલ રાખ્યાં કરે ને ધીમે ધીમે નામસ્મરણ કર્યા કરે. ચાર દિવસમાં બશેર-ત્રણશેર વજન વધવાનું હોય તો વધે.' એવી રીતે પ્રભુકૃપાથી આ જીવે ત્યાં પેઢીએ સતત મોટેથી નામસ્મરણનો જપયજ્ઞ આરંભેલો. તેમાં આ જીવનો જે સંકલ્પ હોય તે હોય. એથી કરી તે બહેનનું વજન ત્રણેક શેર જરૂર વધેલું, અંદાજ ૮૮નું ૯૧ થયેલું, એટલું જ નહિ પણ બીજા જે જીવો તે વાતાવરણમાં હતા, ને જેણે જેણે તે સાંભળ્યા કરેલું, તેમનું વજન પણ વધેલું. તેમાંનો એક જીવ આપણી...બહેન પણ હતી.

## સ્વજનોએ અદ્‌ભુત પ્રસંગોનો લાભ લીધો નથી

પરંતુ જે તે સાથે આવું કરી બતાવવાના અખતરા જ્યાં ને ત્યાં આ જીવથી કંઈ થઈ શકે નહિ. પ્રભુકૃપાએ આ જીવને જે જે જીવો મળેલા છે, તેમને તેમને તેમનામાં શ્રદ્ધા પ્રગટી શકે તેવી રીતે પ્રભુકૃપાથી જ્ઞાનપૂર્વક, તેના હેતુ સાથે, કંઈક ને કંઈક કરેલું છે. કિંતુ તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ જીવ લઈ

શકેલો નથી, તે તેમના ભાગ્યની વાત છે. તેનું કારણ એ છે કે તે તે જીવોને આ માર્ગની હજી સાચી ભૂખ, ખરેખરી ઝંખના પ્રગટેલાં જ ન હતાં. ઉપલી એવી હકીકતોને પણ તેના યોગ્ય ભાવમાં ને યોગ્ય વાસ્તવિકતામાં ભાગ્યે જ કોઈ જીવ સ્વીકારી શક્યો હશે. કોઈને પણ પોતાની સાચી રીતે પડી જ હોતી નથી. સહુ કોઈ એક પ્રકારનો જીવનનો ઢસરડો જાણે બસ તાણ્યા જ કરતા હોય એવું લાગે છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૭-૪-૧૯૫૩*

ગયા શનિવારથી તાવ છે, ને આજે પણ છે. શનિવારે આખી રાત બધાંને ઉજાગરો થયેલ. રવિવાર પણ તેવી રીતે ગયો. વિગતથી લખવાનો સમય નથી ને શરીરની દશા પણ નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૯-૪-૧૯૫૩*

શરીરને કંઈક થયું છે. ચિંતા કરવાની કંઈ જરૂર ન હોય. એવી ચિંતા કરીને જો ખરેખરો હૃદયમાં એના પરત્વે સાચેસાચો પ્રેમભાવ હોય, ને એને વિશે કંઈ લાગતું હોય, ને એની એવી દશા જાણીને જો કંઈ લાગણી થાય, તો એ લાગણીથી જાગૃતિથી રાખીને નામસ્મરણ થઈ શકે તો ઉત્તમ. બાકી તો બળેલાંજળેલાં રહેવાથી શું વળી શકવાનું છે ?

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૨૫-૪-૧૯૫૩*

જત, આ જીવનું શરીર પણ ઠીક નથી. અહીં ડૉક્ટરને શરીર બતાવવા બુધવારે સાંજે આવેલો હતો. શરીરની કાળજી પૂરતી રાખવી. શરીરની ચિંતા તો ન જ કરીએ, પણ એની પૂરેપૂરી સંભાળ રાખવાનો તો ધર્મ છે. એના પરત્વે કોઈ પણ રીતે બેદરકાર રહી ન શકાય. એ તો આપણું મોટામાં મોટું સાધન છે. માનવના શરીરની કિંમત કશાથીય આંકી શકાય તેવું નથી. એનું તો પ્રેમથી જતન કરવાનું હોય. સાથે સાથે

ઝાઝી એની આળપંપાળ પણ કરવાની ન હોય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨-૫-૧૯૫૩*

## સ્થૂળને પણ અવગણાય નહિ

પૂજ્યશ્રી...નો કાગળ વાંચ્યો, તેમાં વાત સાચી લખેલી છે કે 'સ્થૂળમાં તો દુઃખ જ છે. સૂક્ષ્મમાં દેવનો આનંદ મળી શકે છે.' સૂક્ષ્મ દ્વારા સાધનાનો વિકાસ પણ જલદી થઈ શકે, પણ સૂક્ષ્મમાં પ્રવેશવું કઈ રીતે ? એવી જીવનકળા જો તને એમની કનેથી શીખવાની મળી શકે, તો તારે જરૂર શીખી લેવી. તેમાં મારી ભક્તિપૂર્વકની તૈયારી છે. 'તેમાં' એટલે તે પ્રમાણે શીખી લેવાની તું હૃદયની દાનતને પ્રકટાવે, ને તે પ્રમાણે શીખવાનું કરે તેમાં. આપણે તેમનું ભક્તિપૂર્વક પૂરેપૂરું સાંભળવું. જે મદદ મળી શકે, તે તો જરૂર લેવાની હોય. સ્થૂળને પણ સૂક્ષ્મમાં પ્રવેશવા કાજેનું સાધન ગણવાનું છે. સ્થૂળ દ્વારા સૂક્ષ્મમાં જવાય છે, પરંતુ તે કાજે સ્થૂળના જ્ઞાનભક્તિપૂર્વકના જીવતાજાગતા હેતુના ખ્યાલ સાથેના તેવા ઉપયોગની કળા આપણે જીવનમાં પ્રગટાવવાની રહે છે. જીવનમાં જે જે મળેલું છે, તેમાંનું કશું જ નકામું નથી, તો સ્થૂળ તો હોય જ ક્યાંથી ? સ્થૂળને પણ અવગણવાનું તો નથી.

## વિકાસ કાજે ધોકાની પણ યોગ્યતા

સાધકના અહમ્‌ને, અને તેના પ્રાણને, અને તેની બુદ્ધિને અને તેની સમજણના ફાંકાઓને, જેટલા ભારેમાં ભારે આઘાતજનક ધોકા પડે તેટલું ઉત્તમમાં ઉત્તમ છે-જો તેમાંથી શીખીને જાગીને ઊઠવાનું કરે તો.

आ જીવને પણ લોહી પડ્યા કરેલું હતું. મસા હતા કે હરસ તેની પાકી તપાસ કરાવેલી ન હતી, પણ વધારે છોલાતું નથી તેમ લાગવાથી પેઢીએથી વૅસેલાઈન મંગાવેલું હતું. હજી

પણ મસાની અસર થોડી નહિ જેવી હશે ખરી. તને તેવું હતું, તે હકીકત હવે તારા કાગળથી જાણી છે.

### એમનો યોગ્ય મર્યાદામાં સત્સંગ સાધો

'મારા વિચારો સૂક્ષ્મ છે. સ્થૂળમાં ઘણું દુઃખ મેં અનુભવ્યું છે. સૂક્ષ્મમાં શ્રીપ્રભુ પાસે જવાશે ને ગઈ છું. દેવો તરફથી શાંતિ સન્મુખ મળે છે. વધુ નહિ લખું.' આ હકીકત તદ્દન વાસ્તવિક છે. જે વાતચીત થઈ હોય તે જરૂર લખી જણાવજે. હજી આપણે તો એકડો પણ ઘૂંટ્યો નથી. તેમનાં મર્દાનગી, સાહસ, હિંમત, ધીરજ, શાંતિ, નીડરતા આદિ ગુણો કાજે હૃદયમાં જીવતો સદ્‌ભાવ અહીં તો પ્રગટ્યા કરેલો છે. આધ્યાત્મિક માર્ગનો અનુભવ કદી સંપૂર્ણ હોઈ શકતો નથી. આપણે જ્યાં છીએ ત્યાં રહેવાનું હોવાથી, એનાથી બીજી કોઈ રીતે રહેવાનું શક્ય ન હોવાથી, ત્યાં સુમેળ જળવાય તેવા ભાવે ને તેવી રીતે, એમનો સત્સંગ જરૂર સાધવાનો છે. આ જીવને જો વધારે રહેવાનું બન્યું હોત તો તો અવારનવાર મળવાનું પ્રભુકૃપાથી રાખી શકાયું હોત.

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૪-૫-૧૯૫૩*

શરીરે ચિંતા કરવા જેવું કશું પણ નથી. આ જીવના શરીરને કંઈ કશું થવાપણાથી, જો તમને બધાંને કંઈક હૃદયમાં ચિંતવનભાવના જાગી શકે, તો જ તે અર્થવાળું ગણાય. માટે સચેત રહી પ્રભુભાવનામાં સમય વીતી શકે એમ જિવાય, તો જ ધન્યતા છે.

### સંસાર મળવાનો હેતુ

સદાય પ્રસન્નચિત્ત રહેવું. સંસાર મળેલો છે, તે ડૂબી મરવા કાજે નથી મળ્યો. સંસાર તેની ઉપાધિમાં ને અથડામણમાં ને સંસારના જ વાતાવરણમાં જીવવા તે મળેલો નથી. એ તો મળેલો

છે, એની ચેતનપૂર્વકની વિવિધતા ને વિસ્તારનાં દર્શન કરવાપણા માટે. એથી કરીને જે ચેતે ને જાગૃતિ રાખી શકે, તે જીવી શકે.

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૬-૪-૧૯૫૩*

## આર્ત અને આર્દ્ર પ્રાર્થના જરૂર બચાવે

જીવનમાં તણાતાં આપણને જોઈએ, તેવી વેળા યુદ્ધ ન આપી શકાતું હોય, પણ તણાતાં જવાનું થતાં તેવું જો દિલને ગમતું ન હોય, તે કાજે જો ખરા દિલથી પ્રભુને કે સદ્‌ગુરુને આર્ત ભાવે સાદ પડાયા જવાય, તોપણ જીવ જરૂર ઊગરી શકે છે. જીવનની એવી પળોનો અનુભવ તે તો જીવનના સાચા મૂલ્યાંકનની કસોટી છે.

## દિલ સાફ તો તો બધું સુધરે

સાચા દિલને પ્રભુ કદી પડતું મૂકી શકતો નથી. સાચાનો બેલી તો શ્રીરામ છે. આભમાંથી પડેલું પાણી પાછું ફરી ફરીને આભમાં ચઢે છે ને ત્યાંથી પાછું હેઠે પડે છે, પણ તે પાછું ઉપર ચઢવા જ કાજે. માનવીના જીવનની એવી ચઢઊતરની જીવનકળામાં, જો તે પોતાના દિલને સલામત રાખી શકતો હોય છે, તો બીજું બધું બગડેલું તે સુધારી શકતો હોય છે, પરંતુ દિલ સલામત, સાજું, પૂરેપૂરું નિખાલસ, પ્રમાણિક, વફાદાર નેક દાનતવાળું રહ્યા કરેલું હોવું જોઈશે. સાધનાના માર્ગમાં આ શરત અનિવાર્ય છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૯-૫-૧૯૫૩*

## પ્રભુસ્મરણ વિના કશું ન ઉગારે

ભગવાનનું નામસ્મરણ અને એની કૃપામદદની, હૃદયથી થતી રહેતી પ્રાર્થના-તેટલું સાધન જો યોગ્ય પ્રકારથી ને તેવા ભાવથી ન થયા કર્યું, તો તો પછી બધું બસ પતી ગયું સમજવું. કૃપા કરીને એને સંભાર્યા કે સાંભર્યા કરવાનું ન બન્યું, તો

આપણને કોઈ ઉગારી શકવાનું નથી. પ્રભુને જેમાં ને તેમાં યાદ કરવાનો છે. એ જ સાચો છે. સંસાર મળેલો છે, તે તેમાં અટવાઈ મરવા માટે નથી મળ્યો. બધા જીવો તેમાં ખદબદ્યા કરે છે. પ્રભુકૃપાથી આપણે સંસારમાં ખદબદ્યા કરવું નથી. આપણે તો જે તે બધું એને જ પ્રીત્યર્થે કરવાનું છે. માટે એને જ જેમાં ને તેમાં પ્રથમ મોખરે રાખીને આપણે વર્તવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૫-૧૯૫૩*

'અંતઃકરણ જેની ખાણ છે એ આ જન્મસંબંધ તો ઋણાનુબંધની ઋજુગરવી કવિતા છે.' એવું એક વાક્ય હમણાં વાંચ્યું છે. જાણે એના પર એક માહાત્મ્યનું કાવ્ય લખી નાખું ! કેટલું ઉત્તમ પ્રકારનું ને ઉત્તમ ભાવનું મૌક્તિકમણિ છે ! કોઈ કલમ પાસે નથી. હવે લખવા જેટલી શરીરની સ્વસ્થતા નથી.

## આટલું તો કરો !

આપણે બધા જીવો સંસારવહેવારના જાતજાતના વમળમાં ડૂબી મરીએ છીએ, તેનું મૂળ કારણ તો એ છે કે તે સંસાર આપણામાં ભર્યો પડેલો છે. તેનાથી અતિરિક્તપણે આપણે ભગવાનમાં રાચતાં થઈ શકતાં નથી. હૃદયનું સાચું પુરુષાતન પ્રગટ્યા વિના શું થઈ શકવાનું છે ? જો સાચું હૃદયથી જગાતું ન હોય તો પછી દિલમાં તે પરત્વે ઉત્કટ ઝંખના તો ભલાં જગાડવાનું કરો ! સ્મરણભાવના જીવતી રાખી શકવા તો જોમ પ્રગટાવો !

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૫-૫-૧૯૫૩*

## ગુરુનું આશ્વાસન ત્યારે મળે

આશ્વાસન આપ્યું આપી શકાતું નથી. લેવાની કળા તે કાજે જીવે શીખવાની રહે છે. હૃદય હૃદય મળેલાં હોય, ને તે

પણ જીવતા સદ્ભાવથી તારોતાર સંધાયેલાં હોય ને તેવી દશામાં તેને જો પ્રાર્થનાભાવે હૃદયમાં હૃદયથી પોકારવાનું બને, તો મદદ, આશ્વાસન વગેરે મળી જતું તુરત અનુભવી શકાય. આ જીવને તેના શ્રીગુરુમહારાજનો તેવો અનુભવ છે.

## નરમ થયે કંઈ ન વળે

તને કેવી રીતે ને શું લખવું ? હિંમત, ધીરજ, આશા, હૂંફ, ઓથ, સહાનુભૂતિ વગેરે વગેરે તારે તારા અંતરમાંથી મેળવવાનાં છે. અમે તો સાવ મરેલા પડેલા છીએ. એને તો કોણ ઉઠાવે છે ને કોણ જગાડે છે ? એની હજી કોઈને પૂરેપૂરી પડી પણ નથી. માટે કૃપા કરીને સચેતન બનીને જે જીવે છે, જેને જીવનમાં જીવનને પ્રભુમાં ભેળવવાની દિલની સાચી, ખરી, પૂરી, નેક દાનત પ્રગટેલી છે, તેને તે વળી લાચારી શી ! માટે ટટાર થજે ને મરદ બનીને જીવજે. રોદણાં રડવાથી તો ઊલટી કાયરતા વધવાની. પરિસ્થિતિ તો ગમે તેવી પ્રગટે પણ તે આપણને નમાવી ને દબાવી ન દે, તે જોવાનું કામ આપણું છે. એને માટે સાવધ બનવાનું છે તે જાણજે. વધારે લખવાનું દિલ થતું નથી. જે કરે છે તેને જ સમજણ પડે છે. જેને મદદ લેવાની ગરજ જાગેલી હોય છે, તે તો તે પ્રમાણે વર્તવામાં સાર માને છે. માટે હૃદયમાં હૃદયથી મદદ મેળવી લેવાનું દિલ ઝંખનાવાળું કરી કરી, હૃદય હૃદય મેળવી, તાર જોડી, પ્રેમભક્તિભાવે પ્રાર્થના કરવાથી સહુ કંઈ ઠીક થઈ જશે. માટે કૃપા કરી બેઠા થઈ જવું. એમ નરમ થઈ જવાથી શું વળે ?

અહીં શરીર ઠીક ન હોય, તે વેળા સ્વજનો તરફના ઉત્તમ ભાવવાળા કાગળો મળે તો અમને હૃદયમાં હાશ વળે, પરંતુ કોણ એવું સ્વજન છે કે જેમને અમારી પડી છે ?

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૬-૫-૧૯૫૩*

## પ્રકૃતિના હુમલા સાથે સંગ્રામ કરો

જીવનને પલટાવવાને કાજે ખરી નેક દિલની ઉત્કટ મહત્ત્વાકાંક્ષા અભિલાષા જે જીવને પ્રગટે છે તેને કશાથી આવરાઈ જવાનું થતાં, તે તો સફાળો જાગી, પ્રભુને પોકારી પાછો સચેત બને છે. તે કદી મડદાલ થઈ જતો નથી. જીવન મળ્યું છે, તે ખોઈ નાખવા મળ્યું નથી. જીવન તો મળ્યું છે રત્ન-ચિંતામણિ ખોળવા, તે લેવા ને તે લઈને તેને પોતાનું કરી લેવા. માટે કૃપા કરીને સચેત બનીને જીવવામાં સાર હોય. જે હુમલાને સત્કારે અથવા આવવા દે, તેની તે ખરાબખસ્ત (અત્યંત ખરાબ) દશા કરી નાખે. જીવ પ્રકૃતિના તામસાદિ હુમલા પ્રગટે ત્યારે વધારે સચેત બની જીવવાનું હોય. એને તો ઝાટકી ઝાટકીને નકારવા ઘટે. 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં' એવું એક ભજન **'આશ્રમ ભજનાવલિ'**માં છે.

*કુંભકોણમ્,* *હરિઃૐ* *તા. ૧૮-૫-૧૯૫૩*

## અંતરમાં જ ઊંડા ઊતરોને !

'અંતઃકરણ જેની ખાણ છે એટલે કે જે જીવનું અંતઃકરણ પૂરેપૂરું જાગ્રત અને ચેતનવંતું બનેલું છે, તેવા ચેતનમાં જાગેલા આત્માનો સંબંધ કોઈ ઋણાનુબંધના કારણે સાંપડતો હોય, એવા સંબંધ જે જીવ પ્રેમભક્તિભાવે, જીવનવિકાસ કરવાને કાજે, પ્રેમપૂર્વક જાળવવાનું કરી શકે છે, તે એવા સંબંધને હૃદયના ભાવે જીવતો કરી શકે છે, એનો મહિમા અનંત છે ને આત્માથી અનુભવી શકાય તેવો છે.' હવે તો સમજવા કરવાનું મૂકીને પ્રભુના સ્મરણમાં, એની ભક્તિમાં દિલને પરોવવાનું કરી શકીશું તો જ કંઈક દિલને સંતોષ વળવાનો છે. માટે જેને જે તે યોગ્ય થયા કરે છે, તેને બહાર જોવા જવાની જરૂર નથી. એને અંતરમાં જોવા મથવાની જરૂર છે. બહાર કોણ છે ? આપણે

જ પોતાની વૃત્તિથી કરી ત્યાં વિસ્તારને પામેલાં છીએ. હમણાં આ જીવ કનેથી પત્રની અપેક્ષા રાખવાની મુદ્દલે જરૂર નથી. કૃપા કરીને દિલમાં ઊંડા ઊતરી એમાં રાચવાનું શીખવાનું છે. એમ જો નહિ કરી શક્યાં, તો બારે વાંસ ડૂબવાનાં છીએ. નકામું નકામું લખ્યા કરવાથી પણ શું ! ઘણું ઘણું લખ્યું છે. એટલાનો પણ જો યોગ્ય ઉપયોગ થઈ શક્યો, તો પ્રભુકૃપાથી તરી પાર જવાય એમ છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૧-૫-૧૯૫૩*

## અઘટિત કર્મ પરત્વે પૂરી નફરત જગાડો

માનસની અવલોકનકળાની પ્રસાદી પ્રભુકૃપાથી જે મળી છે, તે પરથી લાગે છે કે આપણને એક બાબત પરત્વે હૃદયથી જો પૂરેપૂરી ઉત્કટ નફરત જાગે છે, તો તેવાં કર્મ પરત્વે ધારો કે નબળાઈથી પણ ડગ ભરાઈ જાય, તો તેની વેદના આપણને હૃદયથી પ્રકટેલી તેના પરત્વેની તેવી નફરતના કારણે અસહ્ય બને છે ને ભૂલ, દોષ, પાપનો બોજો પણ સહેવાઈ શકાતો નથી. આપણને તેવાં કર્મ પરત્વે હૃદયથી ખરેખરી ઉત્કટ નફરત પ્રગટી હોય છે, તો તેવાં કર્મ પરત્વે તણાવાનું થતાં થતાં પણ અટકી પડાતું હોય છે. મહામુશ્કેલીના સંજોગોમાં ડૂબતાં ડૂબતાં જો બચવું હોય છે, તો જીવ તરફડિયાં માર્યા વિના રહી શકતો નથી. અગ્નિમાં બળતો માનવી બહાર નીકળવા કૂદકો માર્યા વિના રહી શકતો નથી. હમણાં જ વિમાનમાંથી (દિલ્હીની પાસે તે વિમાન બળવા માંડેલું) એક ભાઈએ ઉપરથી કૂદકો મારેલો, જોકે તે મરી ગયા, તે જુદી હકીકત છે. જો આપણાથી અજુગતાં કર્મ પરત્વેથી ભાગી છુટાતું ન હોય, તો જરૂર જાણવું કે તે કર્મ પરત્વેની હૃદયની ઉત્કટ નફરત આપણને લાગી નથી. તે પરત્વેની સાચેસાચી અરુચિ હજી

આપણને પૂરી લાગી નથી, તે હકીકત મને સાચી લાગે છે.

## હૃદયનો પૂરેપૂરો રાગ જોઈએ

તે ઉપરાંત, આમાંથી મને એક બીજી હકીકત પણ સમજાય છે કે હજી જેને આપણે વળગવાનું ચાહેલું છે, તેના માટેનો હૃદયનો ભાવ, એના પરત્વેની વફાદારી, એના પરત્વેની આપણા હૃદયની પ્રમાણિક ભાવના, એના પરત્વેનો હૃદયનો ચાહ વગેરે વગેરે બધું આપણામાં હજી પ્રગટેલું નથી, એના પરત્વેનો હજી હૃદયનો પૂરો એકરાગ પણ પ્રગટ્યો લાગ્યો નથી, નહિતર એનું આકર્ષણ આપણને જગાડ્યા વિના, ચેતવ્યા વિના રહે નહિ, તેમાં પડતાં પડતાં, આપણને જતાં જતાં પણ, તે રોકે જ રોકે. જીવનમાં હૃદયની વફાદારીનો ભાવ કોઈ અનોખો છે. હશે ! તું ગમે તે હોવા છતાં અમારે મન તો જે છે તે છે. અમને તો તોયે હૃદયમાં કંઈ જ કશી ન્યૂનતા નથી, નિખાલસતા કાજે ધન્યવાદ દઈ શકાય, પણ જેમાં ચેતનાશક્તિજનક મર્દાનગી પ્રગટેલી નથી, તેવું કર્મ ઉત્તમ ભલેને હોય, પણ તે અમને સ્પર્શતું નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૨-૫-૧૯૫૩*

## ગરજ જાગવી, પાકવી જોઈશે

અમારે તો, જે કોઈ જેવું હોય ને જેવું આવ્યું, તેની સાથેનો જે તે સંબંધ છે. તે સાથે હોય કે ન હોય. સાથે રહેતો હોય કે ન રહેતો હોય, છતાંયે અમારા ભાવમાં તો ફરક પડ્યો નથી. બોલવા ન બોલવા સાથે પણ સંબંધ નથી રહેતો. એ તો જેમ હોય તેમ રહે. પોતે દરેકે કેમ વર્તવું, કેમ રહેવું, કેમ જીવવું એ તેનો તેનો જીવનપ્રશ્ન છે. જેને જેમ પડી હશે, જેવી ગરજ જાગી હશે, તેમ તે વર્તવાનું છે, તે પણ નક્કર અનુભવની હકીકત છે. ગરજ પાક્યા વિના કંઈ કશું બનતું હોતું નથી.

કાગળો કંઈ લખ્યા નથી લખાતા. એ તો દિલ જ તેમ કહે ને તેમ વર્તાવે. હાલમાં તો કશું લખાય તેવું લાગતું નથી. શરીર છેક કંઈ પથારીવશ તો કદી થયું નથી, પણ લખવા કાજે એનીમેળે જે સ્વયં ઊર્મિ પ્રગટવી ઘટે તે પ્રગટે તો તો લખાયા જવાય.

તા. ૧૮-૫-૧૯૫૩ના સોમવારના પોસ્ટકાર્ડમાં, તને લખવાનું હતું તે ટૂંકમાં કહી દીધેલ છે. કંઈ પણ કશું બેળે બેળે કરવાથી અંતે તો બળાપો, કઢાપો, ત્રાસ, અશાંતિ વગેરે જ ઉદ્ભવે. સંસાર સંબંધીની હકીકત બેત્રણ પોસ્ટકાર્ડોમાં લખી લખીને તને ચેતાવવા પ્રભુકૃપાથી પ્રયત્ન કરેલો જ હતો.

## ગરજ જાગે તો બધું થાય

પ્રભુનું સ્મરણ પ્રગટ્યા વિના જીવને ઊગર્યાનો બીજો કોઈ સરળ, સહજ માર્ગ નથી. એ તો એ લેવાની જેને ઉત્કટ ગરજ જાગે છે, તેને માટે તે સુગમ છે. જેને જ્યાં જવું હોય છે, તેને ત્યાં જતાં કોઈ પણ અટકાવી શકતું નથી. જેને જે કરવું હોય છે, તે તેમ કરે છે. શું આ-આટલું-તને દિલમાં સમજાતું નથી ? તેથી શ્રીપ્રભુને માર્ગે જવાનું દિલ કરવાથી, ને તેની ગરજ લગાડવાના પ્રયત્નમાં રહેવાથી જે તે કંઈ જો થઈ શકવાનું હોય તે થઈ શકે તેમ છે, બાકી તો નહિ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૫-૫-૧૯૫૩*

જે તે રીતે પ્રભુકૃપાથી મન દઢ કરી, જે જીવ એનામાં જીવતો મથી મથી પણ ટકી રહે છે, એવો મથતો જીવ શ્રીપ્રભુની ચેતનાને પામી શકે છે.

## પણ હૃદયની ઉત્કટ તાલાવેલી જોઈશે

પરંતુ એની ખરેખરી હૃદયની ઉત્કટ તાલાવેલી ને ઝંખના હૃદયમાં હૃદયથી જાગ્યા વિના પ્રભુનામાં મન રહી શકવું દુર્લભ

છે, કારણ કે જીવ પોતે મન દઈને તે માર્ગનું કશું સાધન કરવામાં લગાતાર તો રહી શકતો નથી. જે કર્મમાં લગની લાગે છે, તે કર્મમાં તે એકરાગ ને તદાકાર બની શકે છે. કર્મનો હેતુ, માત્ર કંઈ તે કર્મ કરવાપણામાં જ નથી રહેતો, પણ તે કરતાં કરતાં હૃદયસ્થ કેવી, કેટલી, ઊંડી ભાવના પ્રગટીને જીવતી રહ્યા કરે છે, તે જ ખરેખરો તો સાચો કર્મ કરવાપણાનો મુદ્દો છે.

## સાચી ભક્તિ

સાધનામય (ભક્તિમય) જીવન એટલે કલ્પના નથી. ઊર્મિમય જીવન પણ તે નથી. ભક્તિ એટલે પોકળતા પણ નહિ. ભક્તિનો પાયો તો જ્ઞાનની વાસ્તવિકતાભરી હકીકતના નક્કર પાયા પર રચાયેલો હોય છે. ભક્તિ એટલે તો મનાદિ કરણોને સતત એકધારાં એના પ્રિય ચિંતવનમાં ગુંદર કે સરેશની જેમ ચીટકાવીને રખાવે ત્યારે તેને ભક્તિ કહી શકાય. એવી ભક્તિને કાજે હૃદયના કો ઉન્માદ અને ઉત્કટતાભર્યા અફાટ ને અપાર ભાવની જરૂર રહે છે. એવો હૈયાનો ઉન્મત્ત પ્રેમભાવ જીવતો પ્રગટ્યા વિના ભક્તિ પ્રગટવી દુર્લભ છે. ભક્તિ તો પરમ પરાક્રમથી ને શૌર્યથી ભરેલી છે. ભક્તિનાં સાહસ ને હિંમત એની ધીરજ, સહનશક્તિ વગેરે વગેરે કોઈની સાથે સરખાવી શકાય તેવાં નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૩૦-૫-૧૯૫૩*

## અમારો અજેય નિર્ણય

તારા સોમવારના લખેલા કાગળે તો આંખમાંથી આંસુની અખંડ ધારા ચાલી છે. અમે કોઈનેય તરછોડી શકતા નથી. અમને જ જે તે કોઈ તરછોડ્યા કરે છે, ને ઉપરથી તેઓ અમને કહે છે કે અમારે તેમને ન તરછોડવા ! આવી હકીકત

તો ઊલટી ઊંધી વાત છે. અમારા હૈયામાં જે પ્રગટેલાં છે, તે તો ત્યાંના ત્યાં જ રહેવાનાં છે. ભલેને તેવા જીવો અમને લાતો મારે, અમને જંપ કે નિરાંત ન વળવા દે, અમારે તો એમના જીવનમાં પ્રભુકૃપાથી ભળવું છે, તે ભળવું છે જ, પણ તેઓ અમને અંદર પેસવાની મોકળાશ કરી આપતાં નથી. આ હકીકત તદ્દન સાચી છે. અમારી જે તેમના પરત્વેની વફાદારી છે, તેને કોણ ઓળખે ને કોણ સમજે ? અમારે કોઈ વાતે તેનો બચાવ કરવાની જરૂર ન હોય. અમને કોઈ ચાહે કે ન ચાહે. છતાં જેમને પ્રભુકૃપાથી અમારાં ગણેલાં કે માનેલાં છે, તેમને તેમને અમારાં કર્યા વિના અમને જંપ કેમેય વળવાનો નથી. પ્રભુના ભાવ વિના બીજે ક્યાંય તરી ઊતરવા આરો નથી. એ જ મહાન છે, સમર્થ છે. એ જ આપણો તારણહાર છે, એ જ સર્વસ્વ છે, પણ એને કોણ લેખામાં ગણે છે ?

**સાધન જો લીધું છે, તો એને હૃદયથી વળગી પડો**

અમને જો કોઈ વફાદાર ને પ્રમાણિક ન રહેતું હોય તો શું અમારે તેને તેટલું યાદ પણ ન દેવરાવવું ? તો તેમ પણ ભલે હો. અમારે તો કોઈને પણ કશી વાતે દુઃખી કરવાં નથી. તેમ દુઃખી જોવાં પણ નથી. કિંતુ જેઓ પોતાની મેળે દુઃખના ગર્તમાં પડ્યા કરતા હોય છે, ત્યાં પણ કોને દોષ દેવો ભલાં ? માટે કૃપા કરીને જાગી જવામાં સાર છે. ચેતેલાં રહેવામાં ડહાપણ છે. પ્રભુના સ્મરણ વિના કશું બની શકવાનું નથી. માટે કૃપા કરીને હૃદયમાં સાધનને સાધનથી વળગી રહેવાનું કરીશું, તો તો કંઈક આરો આવી શકવાનો હોય તો આવી શકે. માટે કૃપા કરીને હૃદયથી સાધનને પકડવામાં વિવેક છે, જીવન છે, બધું જ છે. પણ હજી તો તે પકડ્યું જ ક્યાં છે ? પકડીને એને વળગી રહ્યા કરો, એનામાં એકભાવે રમ્યા કરો,

એને હૃદયમાં જીવતું રાખો, એને પ્રમાણિક રહો, વફાદાર રહો. એનામાં જ પ્રેમભક્તિપૂર્વક સમાઈ જાઓ, એનામાં જ દિલને ઓગાળી દ્યો. તો તો કંઈક પત્તો ખાય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧-૬-૧૯૫૩*

## નિરપેક્ષ પ્રેમભાવનો આનંદ

**'હૃદે ચાહેલાંને મુજ કરીશ, જંપીશ તવ હું.'**

એમ કોક ઠેકાણે લખેલું છે. અહીં 'તવ' એટલે 'ત્યારે'ના અર્થમાં છે. એટલે અમને કોઈએ તે બાબતમાં કહેવા જેવું નથી રહ્યું. અહીં તો પ્રભુકૃપાએ જીવનમાં ચાહ્યા કરવાનો ભેખ ધારણ થઈ ચૂકેલો છે. એમાંથી અમને કોઈ ચલિત કરી શકે તેવું નથી. ઘણાંઓએ અન્યાય કર્યા છે, કોકે ગાળો પણ દીધી છે, અપમાન કર્યા છે, અપકાર કરેલા છે, મનમાં કંઈ કંઈ વિચારેલું છે, અન્યથાપણે પણ ધારેલું છે, છતાં શ્રીપ્રભુકૃપાથી દિલમાં તે તે સર્વ પરત્વે એકમાત્ર સદ્ભાવ ને પ્રેમની ભાવના જ વહ્યા કરેલી છે. એવા કારણથી જ જીવ્યામાં આનંદ પ્રગટે છે. એવા ભાવે જીવવાથી કરી જીવનનું ખમીર ને જીવનનું નૂર એમાંથી પરખાય છે ને અનુભવાય છે. માટે કૃપા કરીને અમને કહેવાને બદલે દરેકે પોતપોતે પોતપોતાનું જોવાનું ને કહેવાનું રહે છે.

## દોષ તો ગુરુ બની શકે

આપણે તો જીવનમાં શ્રીભગવાનને પ્રગટાવવાને જીવનનું ધ્યેય રાખેલું છે, તો એવા ધ્યેયને હૃદયથી પ્રમાણિક, વફાદાર જ્ઞાનભક્તિપૂર્વક રહ્યા કરીએ છીએ કે કેમ, તે આપણે આપણા નિત્યના વર્તનવહેવારમાં તપાસતા રહેવાનું છે. દોષ થાય, ભૂલ થાય, કારણ કે હજી આપણે જીવ છીએ, પણ દોષ થતાં, જેને ચઢવું છે એવા માનવીનો હૃદયભાવ તો વધારે

સજાગ બને. દોષ દોષનો પણ પ્રકાર હોય છે. જેને જે માર્ગે જવું છે, તે માર્ગ પરત્વેના ચઢાણને રૂંધી નાખે એવાં કર્મ તો તેવા જીવથી થાય જ કેમ ? ને જો થઈ જાય, તો તેને કેટકેટલું લાગે ? હૃદયમાં હૃદયથી ખરેખર એવા લાગવાપણામાંથી જીવનું સાચી રીતનું પાછા વળવાપણું પ્રગટે છે. તેથી દોષ કે ભૂલ તો જીવનને પલટો ખવરાવનાર ગુરુ બની જાય છે. દોષથી જો જીવનમાં જીવનને પલટાવવા કાજે શીખી શક્યાં, તો તેવો દોષ થયો તે પણ પ્રમાણ થયો ગણાય. પ્રભુના સ્મરણમાં તારાં, મન, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને પરોવી દેવામાં બસ મથ્યા જ કર. નામસ્મરણ સતત એકધારું ચલાવ્યે જ રાખ.

## નક્કર હમદર્દી

'મુરબ્બી ભાઈના સાબરમતી આશ્રમમાં લેવાયેલા મૌન વખતે તમને જે માંદગી આવેલી, તેનું નિમિત્ત તો હું હતી. મારે કાજે થઈને તમે એ જાતે માંદગી વહોરી લીધેલી. તમારા શરીરની દશા મેં નજરે જોયેલી અને તાવ પણ ખૂબ. આ બધું તમે મારા માટે વેઠેલું. પગની વેદના પણ તમે વેઠેલી. આ વખતે મારા મસાનું દરદ પણ તમે લીધું ને પગ ભાંગ્યો ત્યારે તમારા હૃદયનો ભાવ જે જોયો છે, તે તો ભુલાય તેમ નથી.'

આવું આવું બધું તું આ જીવ વિશે લખે છે, તો હૃદયમાં જેના વિશે ખરેખરો સદ્‌ભાવ જાગે તો તેવો જીવ સદ્‌ભાવના ખૂબ ભાવમાં જ આકર્ષાયા વિના કેમ રહી શકે ?

## ભાગે આવેલાં કર્મ-ધર્મ કરો

આ માર્ગમાં જેમ તેમ કરીને નભી શકાવાનું નથી. પરાક્રમી મરદનું ખમીર જોઈશે. મહાન સમરાંગણો જીતનાર સેનાપતિ મનને પણ જીતી લઈ શકે તેવું કંઈ નથી. આપણે તો કશું

જીતવું-બીતવું નથી. આપણે તો જે તે બધું એનું જ કરી દેવાનું છે. આપણે તો માત્ર પ્રભુપરાયણ થવું છે. આપણું તે બધું યોગક્ષેમ ચલાવે, તેમ પણ ઇચ્છવું તે પણ અયોગ્ય ગણાય. તેવું વિચારવાનું થતાં આપણે નાલાયક ઠરી જઈએ છીએ. આપણે ભાગે આવેલ કર્મ, ને ભાગે આવેલ જીવનનો ધર્મ જો હૃદયથી જ્ઞાનપ્રેમભક્તિભાવે એકનિષ્ઠાથી આચર્યા કરીશું, તો તેવા યોગ્ય પ્રકારના આચરવાપણામાંથી જ સાચા જીવનની ખુમારી ને ટટારી પ્રગટી જવાની છે.

## હૃદયની સચ્ચાઈની જરૂર

જે સાચું જીવે છે, તેનામાં જીવન પ્રગટે છે, તે આ જીવ કાજે ઉપર જે બધું લખ્યું છે, તેમાં જો હૃદયની પૂરેપૂરી સચ્ચાઈ પ્રગટેલી હોય તો તો આપણું હૃદય કેમ તેનામાં એકધારું ન રહી શકે તે આપણે વિચારવાનું રહે છે. કૃપા કરીને જીવનનું જે ધ્યેય પકડેલું છે, તેમાં રચ્યાપચ્યા રહેવામાં સાર છે. અમારા દિલમાં કોઈના વિશે કશું નથી. તેની ભડક કે ફડક કોઈએ રાખવાની જરૂર ન હોય.

*કુંભકોણમ્     હરિઃૐ     તા. ૩-૯-૧૯૫૩*

## સાધનને સંભાળો તો જ બચશો

જીવનવિકાસ કંઈ એમનો એમ થઈ શકવાનો નથી. સાધન કર્યા વિના પડી રહ્યા કરી, ખાલી ફૂંફાડા માર્યા કર્યે શું દહાડો વળવાનો છે ? ને અત્યાર લગી સાધન પણ શું કર્યું ? સાધનમાં પ્રેમભક્તિથી લગાતાર મંડ્યા રહેવાયા વિના, તેમાં હેતુનું જીવતું જ્ઞાન રાખ્યા વિના, યદ્વાતદ્વા જીવન જીવ્યે જીવનમાં રામ કદી પ્રગટી શકવાના નથી. માટે એ તો જે પ્રભુકૃપાથી હાથમાં લીધું હોય તેને ભાવથી વળગી રહી એમાં જો પ્રાણ પ્રગટાવીશું, તો તો આજ કે કાલ પ્રભુકૃપાથી

જાગવાના હોઈશું તો જાગી શકીશું. માટે એને જ સંભાળવામાં ડહાપણ છે. સંસાર તો આજ છે ને કાલ નથી, તેમ છતાં તે તો પાછો ગળે વળગેલો રહ્યા કરશે. માટે ભગવાનને શરણે જો ગયા તો જ આરો આવે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૬-૬-૧૯૫૩*

## પ્રભુકૃપા મળે પણ તાવણી પછી

પ્રભુ આપણને સદ્‌બુદ્ધિ પ્રેરાવે ને આપણામાં પ્રવર્તી રહેલા અવરોધોનું ઊંડું ભાન પ્રેરાવે, તેનો અત્યંત કારમો ડંખ પ્રગટાવે, ને એની વેદના સાલે એવી પ્રાર્થના તે પરમ કૃપાળુને અમારી છે. શ્રીભગવાનની કૃપા પણ રેઢી પડી નથી. શ્રીભગવાનની કૃપાથી આપણે એના થયેલા હોઈએ છીએ. તેવી વેળાએ પણ તેની અગ્નિપરીક્ષામાં કેટલાય તેના ભક્તસંતાત્મા આકરા તવાયા છે, તે જોવા જતાં તો તેની આગળ આપણી વાત કશી પણ વિસાતમાં નથી. એટલે તેની કૃપા, તેના થઈ જવાતાં પણ, તેની કસોટીમાંથી પાર ઊતરતાં ઊતરતાં મળતી હોય છે. કૃપાનું સ્વતંત્ર અસ્તિત્વ છે ને બધું છે, પણ પહેલાં તો આપણું જ અસ્તિત્વ ક્યાં છે તેનું ભાન કોને છે ? માટે જે જાગે તે જીવે, પણ જાગવાનું જ ક્યાં બને છે ? જેને કંઈ કશું કરવું નથી, તેને પ્રભુનું સ્મરણ એ જ એક તરવાનો સાચો આધાર છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૮-૬-૧૯૫૩*

## મથનારને તો નિરાશામાંય આશા

જીવનમાં હજારો વાર ભલેને નિરાશા મળે, પરંતુ જે સાચી રીતે મથનાર છે, જેના મથવામાં હૃદય છે, જેના મથવામાં પ્રમાણિકપણું ને વફાદારીનો ભાવ છે, જેના મથવાપણામાં નેક દાનત છે, જેના મથવાપણામાં જીવનના ધ્યેયનું દૃષ્ટિબિંદુ

જીવતુંજાગતું રહેલું છે, એવો જીવ ભલેને નિરાશા પામે, છતાં તેવા જીવનો આશાવાદ એવો ને એવો પ્રચંડ રહ્યા કરે છે. પ્રચંડ નિરાશાના વાતાવરણમાં તે કદી મૂંઝાતો નથી કે નથી અકળામણ સેવતો.

## પૂજ્ય ગાંધીજીનો દાખલો

મહાત્મા ગાંધીજીનો દાખલો તાજો જ છે. એમણે જે ધ્યેય મેળવવાનું ધારેલું તેની પ્રાપ્તિ થવા કાજે કેટકેટલી કારમી નિરાશાના વાતાવરણણાં એમને પગલાં ભરવાં પડ્યાં હતાં ! અનેક વાર નિરાશ થવાપણું થતાં એમાંથી તેમણે કદી પાછા પડવાપણું કર્યું નથી. તેવી વેળાએ તેમના જીવનનો આશાવાદ લૂલો બનેલો નથી. તેવી વેળાએ તેઓ જીવનમાં વધારે તેજસ્વીપણે પ્રગટેલા છે ને વર્તેલા છે. એમણે આગળ જ પગલાં ભરેલાં છે. જીવન તો સંગ્રામ છે. એવા સંગ્રામને પ્રેમથી સ્વીકારીને પોતાના ધ્યેયને ફળાવવાને જે જીવ મથે છે, તેવો જીવ જ જીવનમાં ટકી શકે છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૦-૬-૧૯૫૩*

## પૂરી નેક દાનતથી આત્મનિવેદન કરો

છુપાવ્યા વગર જે જે કંઈ હોય, તે પછી નકારાત્મક હોય કે રચનાત્મક હોય, તે તું અમને ભલેને લખ્યા કરે, તેથી અમારે તારા પર નારાજ થવાપણું ન હોય. ખુલ્લા દિલથી લખે તે તો ઉત્તમ છે. કોઈ જીવ બધું જ ખુલ્લું લખે, તેમાં જો હૃદયનાં નેક દાનત, સચ્ચાઈ, પૂરી પ્રમાણિક્તા, પૂરી વફાદારી, ખરેખરી ભાવના-એ બધાં તરબોળપણે નર્યા પ્રગટતા હોય, તો તો તે તે બધું કંઈ એક ઠેકાણે જ પડ્યું નથી રહેતું. તે તો બધાં જ કરણોમાં પ્રસરવા માંડે છે. એમ કરતાં કરતાં તે તે બધાંની માત્રા એટલી તો ઉત્કટ પ્રમાણમાં વધ્યા કરતી રહે છે, કે ભેદમાં

અભેદપણાના માર્ગમાં તેવો જીવ પ્રગટતો જતો હોય છે.

## લક્ષણ વડે પારખો

અમને અમારા ગુરુમહારાજે જે તે બધું લક્ષણથી પરખવાનું કહેલું છે, કોઈને પણ એનાં તે તે પ્રકારનાં યોગ્ય લક્ષણથી પરખવાનું કરવું અથવા પરખવાનું જ સમૂળગુંયે સહજપણે મૂકી દેવાય તો તો તે ઉત્તમ છે, અમને પણ પ્રભુકૃપાથી લક્ષણ વડે કરીને જ પરખી પરખી સ્વીકારવા યોગ્ય હોય તો જ તેમ કરવાનું હોય, જેથી દિલને પછીથી કંઈ પણ આમ કે તેમ વિચારવાનું ન રહી શકે.

## અમારી નિરાંત

અમે કોઈને પણ અમને વળગવાનું કહેતા નથી. જે જે એમની મેળે એમને કાજે આવ્યા તે તે રહ્યા છે, તો તે પણ ભલે. સમય જતાં જતાં પ્રભુની પરમ કૃપાએ તેમને તેમને જે જે અનુભવ આ જીવ દ્વારા થવા ઘટતા હતા, તે તે થયા કરેલ છે, એટલે અમે તો પ્રભુકૃપાથી સાવ નિરાંતવાળા છીએ ને નિશ્ચિંતતાવાળા છીએ.

## કરનારો તો એ જ

અમારાથી જીવની ગતિ ઊંચી થવાની છે, એમ માનવામાં તો નર્યું અજ્ઞાન છે. અમારાથી તો શું બને ? બનાવવાવાળો તો એક શ્રીહરિ જ સમર્થ છે. શ્રીહરિ જ જે તે કંઈ છે. માટે આ માર્ગમાં જો ડગલાં ભરવાનાં હોય તો દિલમાં દિલનાં પૂરેપૂરાં સચ્ચાઈ, નેક દાનત, પ્રમાણિકતા, વફાદારી વગેરે વગેરે બધું સો ટચનાં સોના જેવું જીવતું પ્રગટેલું હોવું જોઈશે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૬-૧૯૫૩*

## હૃદયમાંથી પ્રગટેલી સમજણ જ સાચી

સંસાર, વહેવાર, વર્તન, સંબંધ આદિ આદિમાં મનને

તેના તેના તે પ્રકારના, તે તે કાળના વલણની પ્રમાણે જે તે બધું લાગતું હોય છે. માનવાપણાના પ્રકારની સમજણ પણ સાચી નથી હોઈ શકતી. સમજણપણાના પ્રકારની સમજણ પણ સાચી નથી ઠરી શકતી. એકમાત્ર હૃદયમાં થયેલા સાચા અનુભવમાંથી પ્રગટેલી સમજણ હંમેશાં સાચા સ્વરૂપે ટકે છે. તે સમજણમાંથી પાછા હઠવાપણું કદી બનતું નથી.

## વૃત્તિ, લાગણી, વિચાર વગેરેના સંસ્કાર

આ જીવના સાધનાના શરૂઆતના ગાળામાં મનનાં વલણ, વિચાર, બુદ્ધિની તર્કપરંપરા, દલીલો, પ્રાણના આવેગ ને આવેશ, અહમ્‌તાના અનેક આકાર પ્રકારો એ બધાંને યંત્રવત્ શ્રીપ્રભુકૃપાના બળથી ટાળ્યા કરવાનું સૂઝ્યા કરેલું. તેથી પણ કશો દહાડો વળતો ન લાગ્યો. જોકે પ્રભુકૃપાથી તે તે બધું ટાળ્યા કરવામાં ઘણી વાર ફતેહમંદ પણ થવાતું. પણ એથી આગળ ડગલું મંડાતું જતું અનુભવાઈ શકાતું ન હતું ને અહીં તો સદ્‌ગુરુનો હુકમ હતો કે વસ્તુને લક્ષણથી ઓળખો, એટલે એવી રીતે ઉપરનું જે તે બધું ઊપજતું તેને યંત્રવત્ ટાળવામાં લાભ નથી. એ કેટલાય સમયની કડીતોડ મહેનત પછી પ્રભુકૃપાથી સમજાયું. જોકે તેથી કરી કંઈ કશો લાભ થયો જ ન હતો એવું તો ન હતું. તેથી તેવા ગુણોની કક્ષામાં તો પ્રવર્તાવાનું બની શકેલું, પરંતુ તે તે બધું ટાળવા કરવાની પાછળ પ્રત્યક્ષ તે તે પળે જીવનના ધ્યેય પરત્વેના હેતુનું જીવતુંજાગતું જ્ઞાન, તેની સમજણ ને તે કર્મના હાર્દમાં તેવા પ્રકારની તે તે આચરતી પળે સમજણની ભાવના પ્રગટવાં ઘટે. તે તે રીતે તે તે બધું જો ફેંકાતું જાય, તો તો યોગ્ય અર્થ સરતો હોય છે.

## હૃદયનો પોકાર-પ્રાર્થના જ-બચાવે

અને આવો જે અંતરમાં અંતરથી સંગ્રામ ખેલાતો હોય છે, તેમાં તો કેટલીયે વાર વેદનાની શૂળીએ અધવચ લટકવાનું આવે છે. ત્યાં જ ખરી કસોટી થતી હોય છે, તે કસોટી છે, તે પરીક્ષાકાળ છે ને ત્યાં એકમાત્ર શ્રીપ્રભુસ્મરણની કૃપાથી જ બચાવાનું છે એવું કૃપાજ્ઞાન એની એક કૃપાથી તે તે કાળે જાગતું રહેતું હતું. તેવે સમયે હૃદયમાં હૃદયથી શ્રીગુરુમહારાજને વારંવાર રડી રડી, નમ્રતાની હદની પેલે પાર પહોંચાઈ જઈને, તે કક્ષામાંથી એને પ્રાર્થનાનો હૃદયથી પોકાર પાડ્યા કરતો. તેવી રીતના પ્રાર્થનાના પોકારના ભાવથી ઘણીયે વાર એનો સાદ સંભળાતો અનુભવાયો છે ને અચાનક મદદ મળતી અનુભવાઈ છે.

## આમ ઘણી વાર થતાં આત્મવિશ્વાસ પ્રકટે

અનેક વેળા આપણે વધસ્થંભે ચઢ્યા જ કરવાનું રહે છે. તેવી વેળાએ જ ખરા ખમીરની ચકાસણી, તપાસણી થતી રહે છે. એમાં, એવા સમયની ચકાસણી, તપાસણીમાં જે જીવ પોતાની ભૂલને પોતાના જીવનના સ્વામીને હૃદયમાં હૃદયથી ખરેખરો જે જીવતો કરી શકે છે, તેવો જીવાત્મા પોતાના તેવા કળણમાંથી એની કૃપાથી ઉપર આવી શકતો પોતાને અનુભવી શકે છે. એથી એવા અનેક વારના થતા રહેતા અનુભવથી એને પ્રભુની કૃપાનાં દર્શન થતાં રહે છે, તેથી એના પરનાં આત્મવિશ્વાસ ને શ્રદ્ધા જીવનમાં એને જીવતાં બનતાં રહે છે. આત્મવિશ્વાસ ને શ્રદ્ધાના પણ પ્રકાર કક્ષાએ કક્ષાએ બદલાતા જ રહેતા હોય છે. એક એકથી એની કક્ષા પણ ચઢિયાતી થતી રહે છે.

## સદ્‌ભાવની કસોટી થવાની જ

કસોટીમાં સહીસલામત પસાર થયા વિનાનો સદ્‌ભાવ

પણ શા કામનો ? કોઈ પણ પરત્વે હૃદયમાં હૃદયથી જાગેલો સદ્ભાવ સમો આવ્યે પરખાયા વિના રહી શકતો કે શકાતો નથી. જગતવહેવારમાં લોક પણ પારખીને નાણું લેતાં હોય છે, ત્યારે કંઈ અમારો શ્રીભગવાન સામાન્ય લોક કરતાં ઊતરતો તો ન જ હોઈ શકેને ?

### એને સ્મર્યા કરો, પ્રાપ્ત કર્મને અવગણવાં નહિ

માટે કૃપા કરીને એનું શરણ ગ્રહો. એને જ જેમાં ને તેમાં ગણકારો. એનું જ સ્મરણ પળેપળ જીવતું કર્યા કરો. પ્રાપ્ત કર્તવ્ય-કર્મને અવગણવાં નહિ. તે તો એની ભાવનાને મૂર્ત સ્વરૂપ દેવા કાજેની અમૂલ્ય તક છે એમ સ્વીકારી હૃદયના ભાવને ત્યાં ઉતારો. એ રીતે કર્મને કરતાં રહેવાથી પ્રભુની ભક્તિ સાચા સ્વરૂપમાં પ્રગટી શકવાની છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૩-૬-૧૯૫૩*

### એક સથવારો રામ

જીવનમાં કેટલીયે એવી ભયંકર નિરાશાની પળો પ્રગટેલી ત્યારે ક્યાંયે કોઈ મદદગાર મળે જ નહિ, કે કોઈનોયે સાથ ન હતો કે ન હતી કોઈની લગીર જેટલીયે સહાનુભૂતિ, ન હતો એવો કોઈ હૃદયનો ખરો સાથી, કે ન હતું ખરી હૂંફ દેનારું, કોઈ કરતાં કોઈ પણ નજરે પડતું ન હતું કે જેના ઈશારાથી કંઈક પણ જરાતરા આસાએશ મળે ! જીવનમાં બસ બધું જ સૂમસામ હતું. તેવી વેળાએ પણ એના નામના મધુરા પ્રિય સ્મરણનો એક સથવારો હૃદયમાં હતો, કે જેની ઓથે ભયંકરમાં ભયંકર અંધારાને એની કૃપાથી વટાવવાનું બની શક્યું છે.

### આ માર્ગમાં ફાવનારનાં લક્ષણ

એવી અપાર મુશ્કેલીના ગાળામાં, હૃદયમાં એનું નામ લીધા કરી, એના પર જે તે બધું સોંપ્યા કરી, એની ઓથની

બાંય પકડી, બસ હોય તેટલું બળ કરી, હિંમત, સાહસ, ધીરજ ને દઢતા ધારણ કરી, તે વેળાએ એની કૃપાથી બસ જો ઝુકાવ્યે રાખવાનું બની શક્યું, તો જ આજે એની કૃપાથી ઊભું રહી શકવાનું બની શકેલું છે. ખરી મર્દાનગી દાખવવાનો અવસર જ જીવનમાં એવો કાળ હોય છે. એવી કારમી પળોમાં જે ટકીને ઊભો રહી શકે છે, તે જ મરદ છે. આ માર્ગમાં કાચાપોચાનું કામ નથી. મરણાંતે પણ જેનો સાથ ન છૂટી શકે એવી હૃદયમાં જેને અદમ્ય પ્રેરણા પ્રગટેલી હોય, એકમાત્ર તેવાનું જ આ માર્ગમાં કામ છે. તેવા પ્રકારના જીવો જ આ માર્ગમાં ટકી શકે છે.

## એની શરતોએ કસાયેલા ભક્તોને અચૂક સહાય

શ્રીપરમ કૃપાળુ પ્રભુ કંઈ આપણા પર એમની એમ તો કૃપા વરસાવી દેતો હોતો નથી. એ પણ આપણાં શ્રદ્ધા, વિશ્વાસ ને ભક્તિની કારમામાં કારમી કસોટી પણ કરી લેતો હોય છે. જે જીવનાં શ્રદ્ધા, પ્રેમ, ભક્તિ પોતાનું ગમે તે થતાંયે પણ પ્રભુ પરનાં જીવતાં ટકી રહે છે, એની વહારે ચઢવાને શ્રીભગવાન ગરુડે ચઢીને આવતા હોય છે. આ હકીકત જીવનમાં એક બે વાર નહિ પણ કેટલીય વાર અનુભવી છે. તે સદાયે આપણી પડખે જ રહેતો હોય છે, પણ તે આપણી શરતોએ નહિ પણ એની શરતોએ, તે ધ્યાનમાં લેવાનું છે.

## કારમી કસોટીમાંથી કૃપાઝરણું

જીવનની ઘણી એવી કટોકટીની પળોમાં ને તે પણ છેક અણીની વેળાએ, મને એણે છેક છોડી દીધો હોય એવું કદી પણ અનુભવ્યું નથી. છેક છેલ્લામાં છેલ્લી અંતની પળ સુધી એણે બાથોડિયાં મરાવ્યા કર્યા હોય છે ને હવે જાણે કે નથી ફવાતું ને તેમ છતાં હિંમત, સાહસ, ધીરજ, બળ-બધુંયે એની

કૃપાથી તેવી દશામાં પણ વાપર્યા જ કરવાનું સૂઝ્યા કરતું, પણ નિવેડો તો કેમે કર્યો હાથ લાગે જ શેનો ? ને એક બાજુ અંતરમાં હૃદયથી હૃદયમાં હૃદયની પ્રાર્થનાનો સાદ તો ચાલુ જ રહ્યા કરેલો હોય-ત્યાં જાણે ક્યાંયથી એની ઓચિંતી કૃપામદદ ફૂટી નીકળતી ! આ જીવ તો એના પર કૃતજ્ઞતાભર્યો તે વેળા ગદ્‌ગદ થઈ જતો. એના પર બસ વારી વારી જતો. એ જ મારું સર્વસ્વ હતો ને હજીયે છે.

**આપણે એનાં થયેલાં હોતાં જ નથી**

એના ભક્તને જવાબ વાળવામાં શ્રીપ્રભુએ કદી પાછી પાની કરી હોય, એવું અનુભવમાં તો આવ્યું નથી, પરંતુ દુઃખ જ એ છે કે આપણે એનાં થઈ ગયેલાં હોતાં નથી ને ખાલી ખાલી બરાડા પાડતા હોઈએ છીએ. આપણને એનું કશું જ લાગેલું તો હોતું નથી. ને ઉપરથી આપણને એની કશી પૂરી પડેલી હોતી નથી. ને ઉપરથી અજ્ઞાનથી ને સાવ મૂર્ખતાથી આપણને આપણે एનાં કહેવડાવવા માગતાં હોઈએ છીએ. કંઈ જ કરવું કારવવાનું નહિ ને કહેવડાવવું છે વરની મા ! એવા હાલ આપણા બધાના છે.

**સાચો સાધક હારમાંથી જીતે**

જેણે જીવનનું ધ્યેય નક્કી કર્યું છે, તેવો જીવ મથતાં મથતાં, અથડાતાં, કુટાતાંયે, પડતાં આખડતાંયે, ધ્યેય ભણી જ એનાં તો દૃષ્ટિ, વૃત્તિ, વલણ રહ્યા જ કરવાનાં. એવા જીવને પડવાનું થતાં, ધ્યેય પરત્વેની દૃષ્ટિની ચોટ કંઈ ઓછી થતી હોતી નથી, પરંતુ ધ્યેય પરત્વેની એની ગતિમાં પડવાથી કરી, ક્યાંય મંદતા પ્રગટી જાય છે ખરી, પણ અંતરનો ઉત્સાહ અદમ્ય જ રહે છે. એને તો તે સંકોરી સંકોરી પ્રજ્વલિત કર્યા કરે છે. એમ તે હારતો ભલે દેખાય પણ એના ધ્યેય પરત્વેની

શ્રદ્ધા તો અણનમ જ રહ્યા કરે છે. તેથી તો વારંવાર પડતાં પછડાતાં જતાં અનેક વાર પાછો તેવી દશામાંથી ઉન્નત મસ્તકે તે ઊભો થાય છે અને ફરી વાર જીવનસંગ્રામમાં બમણા, તમણા, ચોગણા બળથી એની કૃપાથી ઝઝૂમવા મંડ્યો રહે છે. એવાને મન થતી હારમાંથી પણ બળ મેળવવાનું તે એક જ્ઞાનભક્તિપૂર્વકનું સાધન બની જતું હોય છે. હાર એ હાર નથી, પણ પોતાને એમાંથી આગળનું નવું ડગલું કેમ ભરવું તે શીખવાની કળા એને તેમાંથી પ્રાપ્ત થતી હોય છે. આગળ પાછળના જોનારા એને ભલે તેની હાર થતી ગણે, પણ સાધક પોતે એવી અનેક પ્રકારની હારમાંથી પોતાને એની કૃપાથી ચઢતો અનુભવે છે, ને વધારે બળ, પ્રેરણા વગેરે મેળવતો મેળવતો તે આગળ બસ ધપ્યો જ જતો હોય છે. એને અટકાવવા કોઈ પણ સમર્થ નથી, એવી એની ખુમારી એના જીવનમાં પ્રગટેલી હોય છે. એવા જીવનને મસ્તપણે જીવવાથી કરી, જીવનમાં તે પ્રકારના જીવનનો નશો એવો તો પ્રગટે છે કે, જેથી તેવો જીવ જીવનમાં જે કંઈ આડુંતેડું પ્રગટતું હોય છે, તેને તે ક્યાંયે ફગાવી દઈ શકે છે-જેમ પ્રચંડ વંટોળિયામાં તો અણનમ, અડીખમ, ભારે વૃક્ષો પણ મૂળિયાં સાથે ક્યાંયે ઊખડી જાય કે આપણને તેથી ભારે અચંબો થાય !

## નિરાસક્ત સંગ્રહ

એમ સાધક એની કૃપાથી કરી પ્રત્યેક ડગલે ડગલે બળ મેળવતો જાય છે, એ સંગ્રહે છે ખરો પણ એનો સંગ્રહ એ કંઈ જીવ પ્રકારનો સંગ્રહ નથી. એ સંગ્રહને નિરાસક્ત, નિરાગ્રહી, નિષ્કામ એવા પ્રકારનો સંગ્રહ કહી શકાય. એવા સંગ્રહનો ઉપયોગ તે જીવનને મેળવવામાં જ કર્યા કરે છે, ને તે પણ એને હૃદયમાં હૃદયથી પોકારી પોકારીને.

## એની એકમાત્ર ઝંખના

જે જીવ સાચી રીતે મથનાર છે, એવાને કંઈ આંધીની પળો નથી જ આવતી એવું તો કંઈ થોડું જ હોય છે ! પણ એવી પળોમાં તેની જાગૃતિ અખંડ રહેતી હોય છે. એ કદીક હારે, તોપણ એનો જીવન પરત્વેનો આશાવાદ મરી પરવારતો નથી, એ ફરીથી હિંમતભેર ઊઠે છે, ધૂળ ખંખેરી નાખે છે, ફરીથી નવાં ડગલાં ભરવા મંડે છે. એનાં શ્રદ્ધા, ધીરજ જરા પણ ખૂટ્યાં ખૂટી શકતાં નથી. એ પડતો હોવા છતાં સદાય એની કૃપાથી અણનમ રહે છે. એ સદાય ઝંખે છે ધ્યેયને સાકાર કરવાને. એનાં મન, દિલ, પ્રાણ, અહમ્ આદિની એકમાત્ર ઝંખના હોય છે, એના ધ્યેયના ચિંતવન-મનનની જ. એ સદાય એના ધ્યેયના કોયડાના ઉકેલના ચિંતવનમાં જ રમમાણ બસ રહ્યા કરે છે. એના જીવનની તે વેળાની દૃષ્ટિ ને સૃષ્ટિ કોઈ અનોખા પ્રકારની બની જતી હોય છે.

## એવાનું આંતરમંથન

એવો જીવ કદી પણ માથે હાથ દઈને બેસી રહેતો હોતો નથી અથવા તો તેવો જીવ કદી પણ પરિસ્થિતિનો દોષ કાઢતો નથી. પોતાની અશક્તિ હોય, નબળાઈ હોય કે ગમે તેવું હોય તોપણ તેને તે તે રૂપે જ સ્વીકારી લે છે. તેમાં તે કોઈ પણ જાતનાં ગલ્લાંતલ્લાં કરતો નથી. ‘અમુક થયું તેથી તેમ થયું ને આમ હતું તેથી તેમ બન્યું,’ તેવું તે કદી કહેતો નથી. તે તો અચકાયા વિનાનો સ્પષ્ટ, ખુલ્લો, હૃદયનો એકરાર કરી દે છે. જે જીવ પરિસ્થિતિથી લાચાર બન્યો એમ ગણાવે છે, તેવો જીવ પોતાની લાચારીને, પરિસ્થિતિને નિમિત્તે સંતાડે છે. એટલે જે જીવ સાવ ખુલ્લો નથી. તે કશાક નિમિત્તને પાછળ ઊભું કરતો હોય છે. તેવો જીવ ક્યાંક ને ક્યાંક જરૂર અટવાઈ પડવાનો.

## ભગવાનની સહાયની નિશ્ચિતતા

જ્યારે જ્યારે જીવનમાં કસોટીની પળો આવેલી છે (ને તે કસોટી કંઈ જેવી તેવી નહિ. એ કસોટીઓના પ્રકારને આપણે બધાં નહિ સમજી શકીએ, એટલે પછી લખવાનો કશો અર્થ નથી, તો પછી બધાંને જણાવવાનો તો અર્થ હોય જ ક્યાંથી ?) ત્યારે ત્યારે એને હૃદયમાં હૃદયથી સાદ દેતાં, એણે પ્રત્યક્ષ મદદ કર્યા કરેલી છે એવો તે પ્રત્યક્ષ છે ને તારણહાર છે. હાથ આપવામાં ને સાથ દેવામાં તેના જેવો બીજો કોઈ સાથીદાર નથી. એના તરફ મદદ કાજે પોકાર પાડીને આપણે જરાક હાથ લાંબો કર્યો છે કે તુરત જ આપણો હાથ એણે પકડ્યો જ છે, તેવો અનુભવ જીવનના પથિકને થયા વિના રહેતો નથી.

## વાંક તો આપણો જ છે

મુશ્કેલી તો એ છે કે આપણું મોં હજી એના ભણી પૂરેપૂરું વળી ગયેલું હોતું નથી. આપણે એના ભણી ખરો પોકાર પાડી એના તરફ હાથ લાંબો પણ કરતાં હોતાં નથી, ને ખૂબી તો એ છે કે વળી પાછી એની મદદની આશા રાખતાં હોઈએ છીએ ! ને પાછી તે ન મળતાં, પાછાં બૂમો પાડી ઊઠીએ છીએ. ભાઈસાહેબ ! आ માર્ગ તો છે मरजीवानो. પહેલાં સંસારમાં મરતાં શીખી લ્યો. ને ત્યાં મરતાં મરતાં એનું પ્રેમભક્તિપૂર્વકનું, મુગ્ધ અને સ્નિગ્ધ સ્મરણ હૈયામાં જીવતું પ્રગટાવ્યા કરો. તેને જ જ્યાં ત્યાં મહત્ત્વ દીધા કરો. સંસાર, સગાંસંબંધી પણ એ, ને પુત્રપરિવાર-જે કહો તે-પણ એ જ બધું. ને તેમની તેમની સાથેના વહેવારવર્તનમાં હૃદયની એવી ભાવના પ્રગટાવતા રહેવાની જાગૃતિ જો આપણે હૃદયથી રાખી શક્યાં, તો સમસ્ત સંસાર આપણો પ્રભુ ને તારણહાર-રક્ષણહાર-બની જવાનો છે, પરંતુ ખાટલે ખોડ તો આપણા

બધાંની હોય છે. માટે આપણે બધાંએ પહેલાં તો તે ખોડ યોગ્યપણે સુધારવાની છે. જે છે તે છે. જો કંઈ કરવું હોય, તો તે કરવામાં લાગી જવું ઘટે. નહિતર નાહકના આમતેમ ઘૂઘરમાળ ફર્યા કરવામાં તો શો દહાડો વળ્યા કરવાનો છે ?

## હજી તો અટવાઈએ છીએ

હજી તો વાણી, વહેવાર, વર્તન, સંબંધ વગેરે વગેરેમાં સાચી ગંભીરતા, યથાર્થતા, સચોટતા, એકવાક્યતા, આરપારદર્શકતા વગેરે વગેરે બધું પૂરું તો પ્રગટ્યું નથી ને હજી તો આપણે આમતેમ અથડાયા કરીએ છીએ. જે ખરું કરવાનું છે તેનું હજી નામનિશાન તો રોપાયું નથી, ત્યાં પછી બીજી શી વાત કરવાની હોય ? કૃપા કરીને જે કરવાનું હોય, તે કરવામાં લગાતાર મંડી પડવામાં સાર છે. તે વિના તો બીજું બધું જ ધૂળધાણી સમજવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૫-૬-૧૯૫૩*

## હૃદયસ્થ ભાવ જન્માવો

પ્રાર્થના કરી હૃદયસ્થ ભાવને જન્માવી જન્માવી પ્રભુના કૃપાસ્મરણમાં મસ્ત જીવ્યા કરવાનું જે જીવ રાખે, તેને કશી આધિઉપાધિ નડી શકતી નથી.

## બહારનું કારણ-અંદરનો સંસાર

સંસાર આપણને કદી પણ વળગતો હોતો નથી. આપણે સંસારને વળગીને પડેલા હોઈએ છીએ. સંસાર તો અંતરમાં જડાઈ ગયેલો હોય છે. બહારનો સંસાર ને તેની ઘટના તે તો માત્ર અંતરનાનું વ્યક્ત સ્વરૂપ છે. તેથી સંસારમાં જે કંઈ બને છે, તેનું કારણ તો પોતાના અંતરમાં પડી રહેલો જે સંસાર છે, તે જ તેનું કારણ છે, જો એમ સમજીને મનને દૃઢાવવાનું બની શકે, તો બહારના સંસારના ગમે તેવા વ્યક્ત

થવાપણામાં આપણને કંઈ જ કશું આડુંતેડું લાગે નહિ.

## પ્રાર્થનાનાદથી કૃપામદદ-એ જ શ્રેષ્ઠ ઉપાય

પ્રભુકૃપાથી જો મનને ભાવમાં રાખી શકાયું, તો તો કંઈ જ કશું લાગતું હોતું નથી. મન પરનો જીવતો કાબૂ બીજા કશા નીતિનિયમોના પાલનથી કે બીજા સદાચારના આચરણથી પણ, પૂરેપૂરો આવી શકતો નથી એવો મારો પોતાનો અનુભવ છે. તેથી એકલા મનને કાબૂમાં ને સંયમમાં લાવવાના પ્રયત્ન કરતાં એનાથી જે ઊંચેની શક્તિ છે, તે શક્તિને પ્રેમ-ભક્તિજ્ઞાનભાવે શરણે ગયા કરી, એને પ્રાર્થનાનો નાદ પોકારી પોકારી, મન, પ્રાણ આદિને આપણે એની કૃપામદદશક્તિ વડે એમના યોગ્યપણામાં સરળતાથી જેટલાં પ્રગટાવી શકીશું તેટલું બીજાં કશાથી તેમ બનવું શક્ય નથી.

## પ્રભુને બધું સોંપો-પણ સહજ રીતે

જેમાં ને તેમાં સહજનું ધોરણ પ્રગટાવો. પ્રભુને જે તે બધું સોંપ્યા કરીને, મનાદિકરણોને પ્રભુના સ્મરણભાવમાં પ્રાર્થનાભાવથી રોક્યાં કરવાનું બની શકે, તો તો કામ સરળ બની શકે, પણ તે તે બધું તેની તેની યોગ્ય સહજતામાં ને સરળતામાં બન્યા કરવું ઘટે. એના પર કોઈ પણ જાતનો કશો બળાત્કાર લાદેલો ન હોવો ઘટે.

## કેવળ પ્રભુકૃપા જ

પ્રભુની અંતરની શક્તિથી જે બને છે, તે કશાથી નથી બનતું. જે કરવાને કેટલાંયે વર્ષ આ જીવે જહેમત (ને તે પણ જેવી તેવી નહિ) ઉઠાવેલી, તે કામ એની કૃપાશક્તિથી થોડાક સમયમાં બની શક્યું. કોઈક દલીલ કરે કે આગળ જે જહેમત ઉઠાવેલી, તે જરૂર ખપમાં લાગેલી હોવી જોઈએ. ના, તેમ નથી. બીજાં બધાં ક્ષેત્રમાં તે ક્ષેત્રને કાજે કરેલી મહેનત જો

યોગ્ય દશાથી ને યોગ્ય દિશામાં થઈ હોય તો તેમાં ફતેહમંદ ન થવાતાં, ફરીથી શરૂ કરતાં આગળની ઉઠાવેલી જહેમત, તેવા ફરીથી શરૂ થતા ચઢાણના માર્ગમાં ખપમાં લાગે છે-જ્યારે આમાં તાણી તાણીને, તણાઈ તણાઈને, બેળે બેળે, તવાઈ તવાઈને જે કરેલું હોય છે, તેથી ઊલટું વક્રતા પણ પેદા થવાનો સંભવ રહે છે.

## તેથી પ્રેમભક્તિમાં જ શ્રેય

તેથી પહેલાં તો બીજું બધું જ મૂકી દઈને (મનાદિ-કરણોમાંનું) જો આ માર્ગે જવું હોય તો, શ્રીહરિને ચરણકમળે, પ્રેમભક્તિ લગાડીને જ્ઞાનપૂર્વક એનાં ચરણકમળનો એકમાત્ર આશ્રય શોધવામાં, ને ત્યાં જ પડી રહેવામાં, જીવનું જેટલું શ્રેય છે તેટલું બીજા કશામાં નથી.

## એકાગ્ર હૃદયનો પ્રેમભાવ ફળે જ ફળે

સદ્‌ગુરુ કરીને જો તેનો ઉપયોગ ન થતો હોય, તો તે કશું જ નહિ કરી શકે. એનામાં હૃદય એકાગ્ર ને કેંદ્રિત થયા કરે, ત્યાં પ્રેમભક્તિથી હૃદયમાં હૃદયથી હૃદયની પ્રાર્થના થયા કરે, તો પ્રભુકૃપાથી કંઈક થવું શક્ય બને જ બને. રામથી કામ ને કામથી રામ-એમ આપણે એની કૃપાથી કર્યા કરવાનું છે. ચોટીલા જાય તો પરમ પૂજ્ય શ્રીમહારાજ સાહેબશ્રીને મારા પ્રેમભક્તિપૂર્વકના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કહેજે.

*કુંભકોણમ્*　　　　*હરિઃૐ*　　　　*તા. ૧૭-૬-૧૯૫૩*

## કેવળ સમજણ નકામી

ઘણાં મને પૂછે છે કે 'ઈશ્વરનો સાક્ષાત્કાર એટલે શું ?' એ વિશે છૂટું છવાયું ક્યાંક ક્યાંક કોઈક પરના કાગળોમાં તો લખ્યું છે, પણ કોઈ પૂરતું લક્ષ દઈને વાંચતું હોતું નથી. ને વાંચવાથી વળે પણ શું ? સમજણ ને તે પણ જે ઉપરછલ્લી હોય તેનાથી પણ કશું વળતું હોતું નથી.

## સાક્ષાત્કાર એટલે...

સાક્ષાત્કાર એટલે જીવનમાં એવું તે શું થઈ જતું હશે, કે જેની અદમ્ય ને અગમ્ય કલ્પના ને આકર્ષણના ઉડ્ડયનથી કંઈક યુગોથી માનવી એ પરત્વે મીટ માંડી માંડી દોડ્યા કરતો હોય છે? માનવીના જીવનમાં જે અવ્યક્ત ઈશ્વરનું સ્વરૂપ છે, તેને એકાગ્ર ને કેંદ્રિત સાધનાના ભાવ વડે છતું કરીને, એને ક્રિયાના પ્રવાહસ્વરૂપમાં એની કૃપાથી વહેતું મૂકવાનું કરવું, તેનું જ નામ સાક્ષાત્કાર.

શું આપણામાં ચેતન નથી ? ચેતન તો છે જ. તે ન હોત તો આ બધું કેમ બની શક્યું હોત ? આપણાં સકળ કરણોને તેમના તેમના વિષયનાં કર્મોમાં પ્રેરાવનાર પણ તે ચેતન જ છેને ! પણ તે ચેતન, જીવની પ્રકૃતિના ઢાળમાં વહેતું હોવાથી, તે તે સ્વરૂપે લાગ્યા કરે છે. બાકી, આપણામાં જે અવ્યક્ત પ્રભુમય જીવન છે, તેને પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકની ચેતનયુક્ત જાગૃતિમય સાધનાના પળેપળના અભ્યાસ વડે, જીવનમાં પ્રત્યક્ષ કામ કરતું અનુભવવું-તે જ છે સાક્ષાત્કાર.

## આપણામાં ને પ્રભુને પામેલાઓમાં ફરક

પ્રભુની આ શક્તિ શું અત્યારે કામ કરી રહેલી નથી ? કરી તો રહેલી છે, પણ તેનું આપણને સાચી, ખરી, પૂરી રીતે પ્રત્યક્ષ જ્ઞાનભાન પ્રગટેલું નથી. આપણે તો પ્રકૃતિની રીતે ને સ્વભાવે, જેમાં ને તેમાં પ્રેરાતાં હોઈએ છીએ. આપણે બધા જીવ પ્રકૃતિમાં છીએ ને પ્રકૃતિવશ કર્મમાં પ્રેરાયેલા રહ્યા કરીએ છીએ, જ્યારે પ્રભુને પામેલા આત્મા તો તેવા નથી હોતા.

## એવી દશાનું વર્ણન

પ્રકૃતિની દ્વારા આપણામાં ને બધાંમાં જે ચેતન સર્વત્ર વ્યાપી રહેલું છે, તે મૂળ ચેતનનો અનુભવ થયા પછી તો તે

આત્મા પ્રકૃતિનો સાક્ષી, સ્વામી, પ્રભુ, ભર્તા, ભોક્તા બનેલો હોય છે. એવું પોતે પોતાની સકળ પ્રકારની પ્રવૃત્તિમાં સહજ ભાવે અનુભવ્યા કરે છે. એમ કરતાં કરતાં, થતાં થતાં, તે માત્ર તેટલો જ છે, તેવું પણ નથી. વળી, તે પોતે પ્રકૃતિનો ઈશ્વર પણ છે, એવું પણ તેના અનુભવમાં એની કૃપાથી તેને જ્ઞાન પ્રકટે છે, તેવી વેળાથી તે અનુભવનું સત્ય કંઈ માત્ર એક ઠેકાણે જ પડી રહ્યા કરતું હોતું નથી.

### તેવાની પ્રકૃતિ તેમનું સાધન છે

આપણી જીવપ્રકૃતિ ને તેનો સ્વભાવ આપણાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ, અહમ્‌માં તેવી તેવી રીતે જ વ્યક્ત થતા હોય છે, પણ તેવી વેળાએ તે તે કરણોનો પ્રાકૃતિક ધર્મ જીવ પ્રકારનો એટલે કે પ્રકૃતિપણાનો તો નથી રહેતો, વળી તેથી પ્રકૃતિ ઊડી જતી નથી હોતી, તે રહેતી હોય છે ને કામ પણ કરતી હોય છે, પણ શેઠ તરીકે નહિ. તે રહે છે ચેતનના એક જ્ઞાનપૂર્વકના કરણ તરીકે.

### સાધના ફળ્યાનું લક્ષણ

જીવની પ્રકૃતિમાં ચેતનનું તત્ત્વ અજ્ઞાત તરીકે રહેલું તો છે જ, એને સાધના વડે કરી કરીને વધારે ને વધારે જીવનમાં મોખરે પ્રગટાવીને, પ્રકૃતિ પર વિજય મેળવતું અનુભવવાની કક્ષામાં પ્રવર્તવાનું થાય, ત્યારે જ સાધના ફળી શકી ગણાય.

### ઘણાખરાની એક કરણ દ્વારા સાધના

પ્રકૃતિનાં સકળ કરણોના પૂર્ણ પ્રેમમય સહકાર પર સાધનાની સફળતાનો ઘણો આધાર રહે છે. ભાગ્યે જ કોઈ આત્મા બધાં જ કરણો વડે સાધના કરી શકતો હોય છે. એવો આત્મા તો અપવાદ જ ગણાય. દરેક સાધક જીવ કોઈ ને કોઈ એકાદ કરણનો આશ્રય લઈને તે દ્વારા સાધના

કરતો હોય છે, ને તે દ્વારા તે પ્રભુને મેળવી પણ શકતો હોય છે. જોકે એવા પણ આ જગતમાં ઝાઝા જીવો નથી, બલકે જવલ્લે જ, બહુ થોડા હોય છે.

### બધાં કરણોની શુદ્ધિ ને પ્રભુશરણની ઉત્તમતા

સાધનામાં સાથે સાથે પ્રાણની, મનની, અહમ્‌ની, બુદ્ધિની વગેરે વગેરે બધાં કરણોની પૂરી શુદ્ધિ થતી રહે, ને તે પણ શ્રીભગવાનનો આશરો સ્વીકારતાં ને લેતાં રહે, તો જ સાધનામાં ઉત્તમ રીતે પ્રત્યક્ષ મળતી મદદ અનુભવી શકાય છે, એવું આ જીવને તો એની કૃપાથી લાગેલું છે.

### બુદ્ધિયોગ પછીની દશા

તેથી જે જે કાળે જેમ જેમ બુદ્ધિની સૂક્ષ્મતાની જરૂરિયાત ઉદ્‌ભવી, તેમ તેમ એણે તે પ્રમાણે પ્રકાશને સાથ આપ્યા કરેલો છે. ગીતાજીમાં જે એક ઠેકાણે કહેવાયું છે : 'બુદ્ધિયોગ પણ એવાને હું આપું છું.' તેવો જ્ઞાનપૂર્વકનો જીવનમાં સાધકને અનુભવ થતાં પછી શું બાકી રહે ? એવી મહોર જીવનમાં થતા રહેતા અનુભવમાં વાગેલી જ્યારે પોતે અનુભવે છે, ત્યારે તેવા અનુભવને તે સાધક જીવ પોતાનાં બીજાં કરણોની પ્રકૃતિમાં પણ રેડી રેડી, ત્યાં પોતે તેના પર પ્રભુત્વ મેળવવાને પણ સજ્જ થતો હોય છે. એમ એની કૃપાથી તેમ કરતાં કરતાં તે ફાવતો પણ હોય છે. આમ મનથી માંડી છેક સ્થૂળ શરીર સુધી પણ તે પ્રભુકૃપાથી પહોંચી શકે છે.

### શરીરની ભારે અડચણ છતાં હિમાલય ચઢી શકાયું

સ્થૂળ શરીરમાં ને રોમેરોમમાં પ્રભુચેતનનો જીવંત સંચાર થઈ જવો, એ કંઈ જેવું તેવું કામ નથી. સાક્ષાત્કારના અનુભવની પણ કક્ષાઓ પ્રવર્તે છે. અમુક પ્રકારનો જ્ઞાનાત્મક

અનુભવ થતાં તેની અવિચળ દશા પ્રગટે છે તે વાત સાચી, પણ તેનાથી પાછું આગળનું ડગલું કશું હોતું જ નથી, તેવી હકીકત યોગ્ય નથી. શરીરપણામાં અસલ ચેતનના પ્રકારને પહોંચતું કરી ત્યાં તે કામ કરતું અનુભવાય, તે જ્ઞાનના અનુભવની દશાને તો કોક વિરલા જ પહોંચી શકે. એને સમજવાવાળું કોણ છે ?

આ જીવને એકીસાથે કેટકેટલા રોગ પ્રવર્તતા હોય છે ! ને કેટકેટલું શરીરને થતું હોય છે ! તેમ છતાં તેનું શરીર તેના ખોડંગાતાપણામાં હોવા છતાં-પ્રસંગ પડ્યે હિમાલય પણ ચઢી શકે છે. હિમાલય જવાનું હતું તે પહેલાં એના શરીરના ડાબા પગે વાગેલું. હાડકામાં પણ ખાડો પડેલો હતો. તે પગ ઘણો દુઃખતો હતો. તેનો કરાંચીમાં એક્સ-રે ફોટો લેવરાવેલ. હજી પણ ત્યાં આગળ માત્ર જરાક ગાંઠ બાઝી ગયા જેવું રહેલું છે. તેવા પગે તુરત જ હિમાલય ચઢવાનો હતો. વાગ્યું હતું સાબરમતીમાં ને કરાંચી તુરત જવાનું થયેલું. એક્સ-રે વગેરેની હકીકત ભાઈ પર તે વેળા લખેલા કાગળમાંથી જરૂર નીકળે ખરી. વળી, તે વેળા સાથે સાથે આ જીવના શરીરને ઝાડાનો રોગ લાગુ પડેલો. સાથે ચાલનાર એક બહેનને તે વિશેની શંકા પણ ઉત્પન્ન થયેલી. તેથી તેને તેવું તેવું બતાવવાની જરૂર પડેલી. તેમ છતાં એની કૃપાથી ત્યાં ચાલી શકાયેલું. મતલબ કે સામાન્ય સંજોગોમાં ને આ જીવના શરીરની જેવી સ્થિતિ હતી તેવી દશામાં, બીજા જીવનું શરીર તેમ ન કરી શકે.

તેવાના શરીરમાંથી કેટકેટલું પ્રગટીને સહજમેળે પસાર થઈ જતું હોય છે, એની તો કોને ગતાગમ હોય છે ?

'Vicarious Suffering'ની હકીકત તો જાણીતી છે. એવી રીતે આત્મનિષ્ઠની ઉચ્ચતમ કક્ષા થતાં બીજા જીવોમાં

થતા રોગો કે બીજી કોઈ પ્રક્રિયાઓ પેલા આત્મનિષ્ઠમાં તાદાત્મ્યભાવને કારણે પ્રગટે છે. તેવું તેની સાથેના નિકટના પરિચયમાં આવેલા અને પેલા આત્મનિષ્ઠના આંતરજીવનના સાચેસાચા અભ્યાસી જો હોય તો પેલા આત્મનિષ્ઠમાં જે જે એવું પ્રગટતું હોય તો તેઓ પરખી શકે છે. બાકીનાંને તો એવા વિશેની કશી ગતાગમ પડતી હોતી નથી. તે પછીથી તેની દશા તેનાથી પણ ઉચ્ચતમ કક્ષાની બનતાં તેનામાં તેવું નથી પણ હોતું. કેટલીક વાર પ્રગટીને પસાર થઈ જાય અને કેટલીક વાર બારોબાર અદૃશ્ય રીતે પસાર થઈ જતું હોય છે. તેની સામા જીવને તો કશી ગતાગમ પડી શકે જ નહિ.

## એનાથી પણ ઊંચી દિવ્ય કક્ષાઓ

શરીરની એનાથી પણ ઊંચી જુદા જુદા પ્રકારની દિવ્ય કક્ષાઓ છે. જેમ બુદ્ધિમાં યોગ પ્રગટે છે તેમ મનમાં, ચિત્તમાં, પ્રાણમાં ને અહમ્‌માં પણ બનતું હોય છે. જેમણે જેમણે શ્રીભગવાનનો અનુભવ કર્યો છે, તેવા તેવા બધા જ જીવાત્માનાં મન, પ્રાણ, બુદ્ધિ, અહમ્ આદિ સંપૂર્ણ દિવ્ય રૂપાંતર પામી જ ગયેલાં હોય છે, એવું કશું નથી. તેથી તે પાછાં મારા તારા જેવા સામાન્ય જીવ કક્ષાનાં માનવીના જેવાં તો તે કરણો તો હોતાં જ નથી, તે તો નક્કી પ્રમાણવું.

## એક કરણમાં સિદ્ધિ દ્વારા બધાંમાં સિદ્ધિ

જે જીવને ચેતનનો અનુભવ થયો હોય, ને ગમે તે કરણ દ્વારા તેની સાધના થયેલી હોય, તોપણ જ્યારે તે સિદ્ધિના વિજયને પામે છે, ત્યારે તે કરણ એકલું જ તેનાથી રંગાયેલું રહે છે ને બીજાં કરણો સાવ કોરાં જ રહે છે, એવું માનવાની જરૂર નથી. જેમ ગીતાજીના બીજા અધ્યાયમાં લખ્યું

છે કે કામ થાય તો ક્રોધ થાય, ક્રોધ થાય તો સ્મૃતિભ્રંશ થાય, સ્મૃતિભ્રંશ થાય એનો બુદ્ધિનાશ થાય, ને બુદ્ધિનાશ થાય તેનો સમૂળગોયે નાશ થયો સમજવો. આ સમજણને જો વિચારવા બેસીએ, તો પ્રાણના ક્ષેત્રની અસર એટલે પ્રાણમાં જે થયું તેની અસર, જેમ જીવની પ્રકૃતિની દશામાં બુદ્ધિના ક્ષેત્રને પણ પહોંચે છે, તેમ ચેતનના અનુભવવાળી દશામાં શું એક કરણ દ્વારા જે અનુભવ સધાયો, તો તે સાધનાની ભાવના બીજાં કરણોમાં ઓછાવત્તા પ્રમાણમાં પ્રસરેલી શું નહિ હોય ? શું આપણી લાગણીઓ ને તેવાની લાગણીઓની કક્ષામાં ફરક નહિ હોય ?

## તેમ છતાં વિશિષ્ટતા હોય

જે જે આત્મનિષ્ઠ થયા છે, તેમના તેમનામાં કંઈક કંઈક અમુક પ્રકારની વિચિત્રતાઓ જોવામાં આવેલી છે, તો તેવી વિચિત્રતાઓ શેને કાજે એમ કોઈ પૂછે ખરું, તો એનો જવાબ એ હોય, 'સામાન્ય માનવીમાં અને આત્મનિષ્ઠ બંનેમાં વિચિત્રતાઓ હોઈ શકે, કિંતુ સામાન્ય માનવી પ્રકૃતિવશ હોઈ વિચિત્રતાઓનો દાસ હોય છે, જ્યારે આત્મનિષ્ઠ તેનો સ્વામી હોય છે.' જો જોવા જઈએ તો દરેકનામાં કંઈક ને કંઈક વિચિત્રપણું પ્રવર્તેલું જણાયા વિના રહી શકતું નથી, પરંતુ પેલાની વિચિત્રતાઓની પાછળ હેતુ હોય છે, અમુક પ્રકારની સમજણ પડેલી હોય છે. એને કોણ સમજવા જાય ! દાખલા તરીકે આ જીવ તેવા મહાન આત્માઓનાં ચરણરજની કણનીયે કણ નથી, ને કંઈ જ કશી સરખામણીમાં તો હોઈ જ કેવી રીતે શકે ? કારણ કે કોઈ કોઈની સરખામણી જ થવી શક્ય ન હોય. આ જીવને માથામાં એક પ્રકારનો ભારે એવો તો રોગ થયેલો છે કે થોડોક પવન એને અડતાં જાણે ચપ્પુની ધાર

વાગેલી હોય એમ થયા કરી, ભારે સણકા માર્યા કરે છે, તેથી માથે ટોપી, ફાળિયું કે એવું વીંટાળી જ રાખ્યા કરવું પડે છે. હવે દરેકને કંઈ એની સમજણ પાડવા થોડું જ જવાય છે ? દરેકને તે વિચિત્ર લાગે તે સ્વાભાવિક છે. જેમ આ વિચિત્રતા પાછળ કારણ છે, તેમ તેમને તેમને પણ હોવા સંભવ છે.

## પુરુષ સૂતેલો ને પ્રકૃતિ દ્વંદ્વમાં બંધાયેલી

મૂળ ચેતનમાં તો ક્યાંય અશુદ્ધિ છે જ નહિ. પુરુષ ને પ્રકૃતિ બંને આપણામાં છે. પુરુષને તો આપણે સમજતા પણ નથી, તો અનુભવી તો કેવી રીતે શકીએ ? તે તો સુષુપ્ત દશામાં પછવાડે પડી રહેલો જ હોય છે. જે તે બધું પ્રકૃતિ જ કર્યા કરતી હોય છે. પ્રકૃતિ પણ એના ખરા અસલ સ્વરૂપમાં તો અશુદ્ધિવાળી નથી. પ્રકૃતિ તો દ્વંદ્વની રમતમાં પડેલી છે. દ્વંદ્વ એ એનું લક્ષણ છે. એના ચણતરમાં જ દ્વંદ્વ રહેલું છે. એને (પ્રકૃતિને) એના મૂળનું જ્ઞાન, શક્તિ, પ્રકાશ, સમતા આદિનું જીવતું ભાન પ્રકટેલું રહ્યા કરેલું નથી, તે તો જે પ્રવૃત્તિમાં પડે છે, તેના રૂપ જ બની જતી હોય છે. તેના વડે રંગાયા કરે છે, એટલે કે દ્વંદ્વનાં સામસામાં પાસાંઓમાં અથડાયા કરે છે, જકડાયા કરે છે, ને ત્યાંથી આમતેમ ઠેલાયા કરે છે, ને એમ તે જીવરૂપે રહ્યા કરે છે.

## પુરુષ જાગી જાય છે ત્યારે

હવે જ્યારે 'માંહેલો રામ' છતો થાય છે, ત્યારે આ જે ઉપર પ્રકૃતિ કહી તે પ્રકૃતિ ઉપર તેની મહોર વગાડવાની રહે છે. પ્રકૃતિને જ્ઞાન જગાડવું પડે છે કે તેની પણ ઉપરવટ જઈ શકાય છે. તે કંઈ એમનું એમ થોડું જ બનતું હશે કે ? કોઈ કંઈ એમનું એમ થોડું માનતું બની શકતું હોય છે ! નક્કર અનુભવ થયા વિના કોઈ પણ પોતાની સ્થિતિમાંથી ચસી શકતું નથી. પ્રકૃતિ

સાથે પણ આમ આંતરિક સંગ્રામ સાધકને અમુક કક્ષાએ આવતાં ખેલવો જ પડે છે. પુરુષ ધારે ત્યારે પ્રકૃતિના કર્મમાંથી પોતાની સત્તા પાછી ખેંચી શકે છે ને એને નિર્માલ્ય પણ બનાવી શકે છે. પોતાની (પુરુષની) સંમતિ વિના તે કંઈ કરી ન શકે એમ પણ એને (પ્રકૃતિને) અનુભવમાં પ્રગટી જાય છે. એમ પ્રકૃતિથી ભિન્ન, તટસ્થ થવાથી અને તેના ઈશ્વરભાવને મોખરે આણવાથી અથવા પ્રત્યક્ષ જ્ઞાનાત્મક અનુભવાત્મક દશામાં પ્રેરાઈ પ્રેરાઈને પ્રકૃતિમાં પણ આત્માની જ્ઞાનમય, પ્રકાશમય ને શક્તિમય શુદ્ધિ પ્રગટાવવાની છે. આ શુદ્ધિ તે આપણે સામાન્ય રીતે જેને નીતિ-સદાચારથી ઉદ્ભવતી શુદ્ધિ જાણીએ છીએ તેવી શુદ્ધિ નથી. તે શુદ્ધિનો પ્રકાર તો કોઈ વળી ઑર જ છે. શુદ્ધિને બદલે સ્વરૂપ શબ્દ લખ્યો હોત તો વધારે યોગ્ય થાત.

### જીવ પ્રકૃતિને વિશુદ્ધપણે ચેતનવંતી કરવાની છે.

આપણે જીવ છીએ એટલે દ્વંદ્વની રમતમાં છીએ, અજ્ઞાનમય અવિદ્યામાં છીએ. આમ, અવિદ્યાની અશુદ્ધિઓ તો અનેક પ્રકારની છે ને એની કક્ષા જુદી જુદી હોય છે. જુદી જુદી કક્ષાએ અશુદ્ધિના પ્રકાર પણ જુદા જુદા હોય છે. એટલે અવિદ્યાની કેટકેટલી અશુદ્ધિઓથી પ્રકૃતિને વિશુદ્ધ કરવાની રહે છે ! ને તે જાગતાં જાગતાં જ થતું હોય છે, પણ ઊર્ધ્વ માર્ગના સાધકને માત્ર કંઈ તેટલાથી જ કામ પતી જતું હોતું નથી. આટલું લખવાનું તો ચાર લીટીમાં પતી જાય છે, જ્યારે ઉપરની દશા મેળવતાં મેળવતાં તો જીવને જન્મના જન્મ પણ લેવા પડે ને કોઈક જન્મજન્માંતરનો સદ્ભાગી જીવ આ જન્મે પણ તેમ કરી શકે.

### મૂળે તો શુદ્ધિ જ છે એમ પ્રકૃતિ અનુભવે

આપણા પ્રત્યેક કરણમાં (સ્થૂળ, સૂક્ષ્મ, કારણ) જ્યાં

અત્યાર સુધી પ્રકૃતિનો જ વિજયધ્વજ ફરકતો હતો, ત્યાં હવે ચૈતન્યશક્તિનો ધ્વજ આપણે ફરકતો કરવાનો રહે છે. પ્રત્યેક કરણની મૂળ શક્તિ ચેતનમાં પ્રતિષ્ઠિત થયેલી છે. એ દ્વારા તે પ્રકૃતિના નોકર તરીકે નહિ અથવા એના સંચાલન કે નિયમન દ્વારા નહિ, પણ એના જ્ઞાનાત્મક દશાના ચલણમાં પ્રકાશમય સ્થિતિમાં, જીવને એટલે કે પ્રકૃતિને એનો એવો સત્તામય ને શક્તિમય અનુભવ કરાવવાનો રહે છે. મૂળ સ્વરૂપમાં તો અશુદ્ધિ છે જ નહિ, એવા હકીકતપણાના અનુભવના જ્ઞાનાત્મક દશાના સત્યનો સ્વીકાર પ્રકૃતિને આપણે કરાવવો પડે છે જ. પુરુષ સ્વયં શુદ્ધ છે એવો અનુભવ ત્યાં પ્રકૃતિને થાય છે.

## પછી એનાં કાર્યો જુદા જ પ્રકારનાં

ત્યાર પછી કરણોમાં એની અનુભૂતિ કેમ થયા વિના રહી શકે ? અલબત્ત, આ એક ઘણી ઉચ્ચ, દિવ્ય કક્ષાના સૂક્ષ્મ ને કારણમય સંગ્રામની હકીકત છે. તે આપણી માત્ર જીવ કક્ષાની બુદ્ધિથી સમજાઈ શકાવી દુર્લભ છે, પણ તે પછીથી તેનાં એક એક કરણ, પ્રકૃતિમાં હોવા છતાં તેની પાછળનો હેતુ, તેની સમજણ, તેની પ્રેરણાત્મક શક્તિ, તેની પાછળનું જ્ઞાન કોઈ જુદા જ પ્રકારનું રહ્યા કરે છે. તે કંઈ મારા તારા જેવાંનાં નથી હોતાં.

*ત્રિચિ* *હરિઃૐ* *તા. ૨૨-૬-૧૯૫૩*

## શ્રદ્ધાળુને નિરાંત

જે જીવનો ભરોસો ભગવાન પર છે, તે તો એના ભરોસે જ્યાં ત્યાં પ્રભુકૃપાથી નિરાંત અનુભવી શકે છે. સંસાર કંઈ ભગવાનથી વિખૂટો નથી. એ તો સંસારમાં છે ને સંસારની બહાર પણ છે. સંસાર જીવનનું સાફલ્ય કેળવવા મળેલો છે.

સંસાર મળેલો છે સંસારમાં ખૂંદાઈ મરવા કાજે નહિ, પણ સંસાર મળેલો છે, જીવનનું જ્ઞાનાત્મક તારતમ્ય કેળવવા માટે ને મેળવવા માટે. કેળવવાનું તો કંઈ એમનું એમ થોડું જ બની શકે છે ? સંસાર એ તો કેળવવા કાજેની ને મેળવવા કાજેની ઉત્તમમાં ઉત્તમ પાઠશાળા છે. જીવનવિકાસની ભાવનાના ઘડતર કાજેની સંસાર એ તો યોગ્ય ભૂમિકા છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૪-૬-૧૯૫૩*

અહીં તો મડદા જેવા છીએ. જીવન કાજે કોઈક જેમ પ્રવર્તાવે તેમ એની કૃપાથી પ્રવર્તાઈએ છીએ. અમારે તો જ્યાં ત્યાં એના ઉપયોગ અર્થે વર્તવાનું હોય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૬-૬-૧૯૫૩*

## મનબુદ્ધિની મર્યાદિત શક્તિ

વ્યક્તિગત જીવનમાં શું કે સમગ્ર જીવનમાં શું, કે સારાયે સમાજ કે સૃષ્ટિના જીવનમાં શું, મનબુદ્ધિ વગેરેથી જીવનના બધા પ્રશ્નો ઉકેલાઈ જવાના છે એમ અનુભવ તો બતાવી આપતો નથી. મનબુદ્ધિ કંઈ કશાનું સમગ્રપણું તોલવાને, માપવાને, સમજવાને, અનુભવવાને કદી પણ શક્તિમાન થયેલ નથી ને થવાનાં નથી.

## એકલી કોરી બુદ્ધિથી પ્રાણને કાબૂમાં ન લેવાય

મનબુદ્ધિથી પ્રાણ કે અહમ્ પર કાબૂ લાવી શકાય છે, તે હકીકત પણ યોગ્ય નથી. તે કાબૂ આણેલો જીવતો નથી હોતો. ધારો કે એક જીવ ચા પીવે છે. તેને એણે બૂરી ટેવ માની લીધી ને તે છોડી દે છે. તેને ઠેકાણે વળી તે ઉકાળો કે કૉફી લે છે. આમ, પ્રાણના ક્ષેત્રની ઈચ્છા, વાસના, કામના વગેરે વગેરે તો તેનાં તે જ રહે છે. એના આકારપ્રકાર ભલે

બદલાતાં હોય. અસહકારની ચળવળ વેળાએ ઘણા ઘણા જીવોએ જુદાં જુદાં વ્રતો લીધેલાં આ જીવે જાણેલાં છે. તેવાં વ્રત લેવાં તે ખોટું છે, એવું કહેવું નથી. એવાં વ્રતને લીધે કંઈક મૂકવાનું થયું, તો તેને બદલે બીજું કંઈક પાછું પેસતું અનુભવેલું હતું. મારા કહેવાનો ભાવાર્થ ને હેતુ તો એ છે કે મનબુદ્ધિની સમજણથી કે નિશ્ચયથી પ્રાણ પર સારો, ટકી શકે એવો, જીવતો, ચેતનમય સંયમ પ્રગટી શકતો નથી. એવા ચેતનામય અને જ્ઞાનાત્મક સંયમ કાજે તો એનાથી પર જે શક્તિ છે તે દ્વારા જ યોગ્ય રીતે સાધી શકાય. પ્રભુની કૃપાશક્તિમાં જે જીવને શ્રદ્ધાભક્તિ પ્રગટેલાં છે, એવા જીવો જ્યારે પોતાનાં કરણોની શુદ્ધિ કાજે શ્રીહરિને હૃદયમાં હૃદયથી હૃદયનો આર્ત ને આર્દ્ર પોકાર પાડે છે, ત્યારે તેવા પોકારથી જે કામ બને છે, તેવા પ્રકારનું કામ (કે શક્તિ), નીતિ કે સદાચારના નિયમો માત્ર પાળવાથી બની શકતું હોતું નથી, નીતિ કે સદાચારના નિયમો પાળવાની જરૂર છે, તે હકીકત સાચી છે, પણ તે એટલું ને એકલું જ સાચું છે, એવો જે ઝોક તે બાબતમાં દેવાય છે, ત્યાં પ્રભુકૃપાથી આ જીવની સમજણમાં ફરક છે.

## મનબુદ્ધિનાં પરાક્રમો

જેમ જેમ મન કે બુદ્ધિની એકલી કોરી કોરી મદદથી માનવી પોતાના જીવનના પ્રશ્નોને ઉકેલવા મથતો હોય છે, તેમ તેમ તે વધારે ને વધારે ગૂંચવાતો હોય છે એમ અનુભવેલું છે. દુઃખ, યાતના, વેદના, કળણમાં ગરકાવ થવું, નીચે ગબડવું-એ બધું માનવીની બુદ્ધિની મદદ વડે કરીને એણે સર્જાવેલું છે. રાગ, દ્વેષ, ઈર્ષા, અદેખાઈ આદિ માનવી માનવી વચ્ચે ઘટવાને બદલે વધ્યાં છે. માનવી માનવીને ઇન્સાન

સમજવાનું મૂકીને, એકમેકને કેમ કરીને લૂંટવાં, કેમ કરીને એના પર નભવું-એવી સંસ્કૃતિએ માનવીના મનબુદ્ધિમાં ઘર કરેલું છે. જુદા જુદા પ્રકારની જાતોમાં એકબીજા પર વર્ચસ્વ જમાવી જમાવી, તેના વડે ને તેના પર જીવવાનું લોક ઈચ્છે છે ને હંમેશને માટે નબળાંને નબળાં રાખવા માગે છે. માનવીની અમુક જાતોની તેવી તેવી ચોક્કસપણે વિચારેલી ને ઘડી કાઢેલી યોજનાને કુદરતે ધૂળમાં મેળવી દીધેલી છે. એવું શું આપણે આ કાળમાં અનુભવ્યું નથી ? જે જાપાનને અમેરિકાએ નિઃશસ્ત્ર કર્યું, તે જ જાપાને રશિયાના ભયને લીધે પાછું સશસ્ત્ર કરવાનો વારો આવ્યો છે. એવી જ રીતે જર્મનીનું.

## કુદરતી બળો કબજે તો કર્યાં પણ....

માનવીએ મનબુદ્ધિની મદદ વડે કુદરતી બળોને કબજે કર્યાં. એની શક્તિ જોતરીને એની કનેથી કામ લેવાનું કર્યું. એમાંથી બધાંનું જ સુખ થાય, બધાંના જીવનને શાંતિ મળે, બધાંને આસાએશ થાય, બધાંને જીવનમાં આનંદ-સંતોષ પ્રગટે-એવું બધું હજી પૂરેપૂરું યોજી શકાયું નથી. બલકે એવી જોતરેલી શક્તિ કનેથી એવા પ્રકારનું સર્જન થયા કરેલું છે, કે જેના વડે એક પ્રજા બીજી પ્રજાને પરસ્પર ઘુરકિયાં કરતી અનુભવાય છે. આવા ઘમસાણમાંથી કોણ જાણે ભવિષ્યમાં કેવુંક યુદ્ધ ફાટી નીકળશે !

## વાંદરાને નિસરણી મળી

માનવીના હાથમાં શક્તિ આવી પડેલી છે, પણ તેનામાં સ્વાર્થપરાયણતા હજી ઘટેલી નથી. બલકે વિશેષ હોવાથી એનો ઉપયોગ તે કાજે જ થયા કરવાનો. જ્યાં પરસ્પર સ્વાર્થ હોય, ને પરસ્પરના સ્વાર્થ જ્યાં ટકરાય, ત્યાં તો ઘર્ષણ જ ઊભું

થવાનું, તે વાત પણ નક્કી. આમ, ઘણું તપ કરીને બુદ્ધિથી મેળવેલી શક્તિ માનવીનું ભલું કરવા શક્તિશાળી થઈ શકતી નથી, એ તો આપણાં બધાંનો જાતઅનુભવ છે. તેથી સાચું તારતમ્ય તો એ નીકળે છે કે મન, બુદ્ધિ આદિમાં નિષ્કામતા, નિર્મમત્વ, નિરાસક્તભાવ, નિરાગ્રહીપણું, સમતા આદિ આદિ ગુણો પ્રગટેલા હોય તો જ તે મેળવેલી કે મળેલી શક્તિનો જીવનના સમગ્ર વિકાસને અર્થે સદુપયોગ થઈ શકે.

**માનવીએ ભારે ગરબડ કરી છે**

આ યુગના માનવીએ શક્તિનાં બળોને કબજે તો કર્યાં, પણ જીવનનું રચનાત્મક સર્જન એણે કેટલું ને શું કર્યું ? માનવી માનવીને, દેશ દેશને, સ્થળકાળને, એણે નજીક તો આણ્યાં, પણ તે એક કરવા નહિ, પણ વધારે જુદાં જુદાં પાડ્યાં કરવાં.

**પરિસ્થિતિ અંતરનો ભારે ફેરફાર માગી લે છે**

હાલ વ્યક્તિ શું કે સમાજ શું, કે પૃથ્વી પરની જુદી જુદી જાતો અને પ્રજાઓ શું, સમગ્ર જીવનમાં એક એવી કટોકટીની પળ આવેલી છે, કે જે એક મોટો ભારે ફેરફાર થાય એવું માગી રહેલી છે. તેવા ખરા, અંતરના સહજ ફેરફાર પ્રગટ્યા વિના માનવીના જીવનનું ભાવિ ઊજળું દેખાતું નથી. એવો ફેરફાર માત્ર કંઈ મનબુદ્ધિની મદદથી કે કોઈ સંસ્કૃતિથી કે કોઈ સદાચાર કે એવાં બીજાં બળોથી કે કોઈ અમુક પ્રકારની કે ચોકઠાના પ્રકારની વૈજ્ઞાનિક શક્તિથી કે કોઈ એકાદ આધ્યાત્મિક જીવાત્માની શક્તિથી થઈ શકવાનો નથી. ફેરફાર થવો જરૂરનો છે એમ તો દરેક કબૂલે છે, કિંતુ સહુ કોઈ, પોતપોતાની, રીતે ને શરતોએ, ને તેમના તેમના જીવનની રીતરસમની સમજણની રૂએ, ને પોતાના એકલાના જ સુખની

કલ્પનાને પ્રમાણે તે ફેરફાર માગે છે. એમ પ્રત્યેકના ફેરફારની સમજણ પણ જુદા જુદા પ્રકારની હોય છે. એવા ફેરફાર જુદી જુદી પ્રજાના જીવનમાં અવારનવાર થયા જ કરે છે. તેવા ફેરફાર તે તે પ્રજાને જીવનના ઘડતરને કાજે જરૂરના પણ હોય છે, પરંતુ દુર્ભાગ્યની હકીકત તો એ છે કે એવા ફેરફારના પ્રસંગની વેળાએ, તે ફેરફાર જીવનના ઘડતર કાજે પ્રગટેલો છે તે ભાવે, તે પ્રકારના જ્ઞાનભાન સાથે તેનો ઉપયોગ કરવાનો છે, એવું કોઈ સમજતું હોતું નથી, ને તેથી તેનો યોગ્ય પૂરતો લાભ કોઈ લઈ શકતું નથી.

## યોગ્ય જીવન જીવવાનો યોગ

જીવનમાં તડકોછાંયડો તો આવવાના જ, પણ તે બંને પાસાંનો હેતુ તો ઘડતર થવાવા કાજેનો છે. વિષનો કડવો ઘૂંટડો પીવા વારો આવે તો તેને અમૃત તરીકે સ્વીકારીને જે જીવ જીવનસંગ્રામ ખેલે છે, તે જીવન જીવી જાણે છે. એમાં પરાક્રમીની સાચી મર્દાનગી છે. સાચું પુરુષાતન તો એવા કારમા જીવનના સંગ્રામ ખેલવાપણામાંથી પ્રગટતું હોય છે. પ્રજા શું કે વ્યક્તિ શું, કોઈ સમજતું નથી કે જીવન જીવવા કાજે છે. મુસીબતોનો, જ્ઞાનભક્તિપૂર્વક જીવનના ધ્યેયને મેળવવા કાજે સામનો કરી કરીને જીવનને આનંદમય રળિયામણું બનાવવું, ને પોતે તેમ જીવી બીજાને પ્રેરણાત્મક બનવું ને બનાવવું, એ કંઈ જેવું તેવું કર્મ નથી કે જેવો તેવો યોગ નથી. તેવું જીવી જાણનારથી તો લોક ભાગે છે. પ્રજા કે વ્યક્તિ, જીવનના આદર્શની વાતો કરે છે, પરંતુ આદર્શ પ્રમાણે યોગ્ય પ્રકારનું જીવન જીવનારમાં એક પ્રકારનું એવું તો પ્રચંડ ખમીર પ્રગટતું હોય છે કે એનાથી સંસાર તો વેગળો વેગળો ભાગતો ફરે છે. એને છંછેડીને કશો કોઈ લાભ મેળવી

શકનાર નથી, એવી પ્રતીતિ લોકને થઈ ગયેલી હોય છે.

## પણ તાવણી થયા વિના જીવતાં આવડતું નથી

પરંતુ એમ થતાં પહેલાં તો એવા જીવને સંસારની આકરામાં આકરી તાવણીમાંથી પસાર થવું પડે છે. તેવી તાવણીના પ્રસંગને, જે જીવ જીવનઆદર્શ પ્રમાણે જીવન જીવવાને ને જીવન ઘડવાને દૃઢતાપૂર્વક ઇચ્છતો હોય છે, તેવો જીવ તો હૃદયના ઉમળકાથી સ્વીકારી લેવાના હેતુના જ્ઞાનભાન સાથે તેને આવકારી લે છે. એવો વિરલ વીર જ જીવનને ઘડી શકતો હોય છે. મુશ્કેલીઓ, ગૂંચો, વિઘ્ન, અકળામણના પ્રસંગો, મૂંઝવણના પ્રશ્નો, અથડામણ, ઘર્ષણ, અનેક પ્રકારના જુદા જુદા આઘાતો પ્રત્યાઘાતો વગેરે વગેરેને જે જીવ જીવનના ઘડતરની તકો સમજે છે, તેવાને તેમાં તેમાંથી સામાન્ય જીવને જે પારાવાર લાગવાપણું બને છે, તે પેલા જીવને થતું હોતું નથી. એનો તો દૃષ્ટિકોણ બદલાઈ જતો હોય છે.

## ફેરફારને ગુરુ ગણો

જીવનમાં, સંસારમાં ફેરફાર કોઈ ઇચ્છે કે ન ઇચ્છે તોપણ ઊપજ્યા જ કરવાના. તેને કોઈ પણ રોકી શકે તેમ નથી, તો એવા પ્રગટેલા ફેરફારને જીવનના ઘડવૈયા તરીકે, સદ્‌ગુરુ તરીકે સ્વીકારવાની હૃદયની નેમ જે જીવની જાગ્યા કરે છે, તે જ જીવનવીર છે. તેથી કોઈ પણ જીવે જીવનઆદર્શ પ્રમાણે જીવવાનું સ્વીકાર્યું છે કે કેમ તે, એને એના જીવનમાં આવતા પ્રસંગોને તે કેવા ભાવથી સ્વીકારે છે, તેના પરથી અમે તો તેવા જીવને પારખી લેવાનું કરી લેતા હોઈએ છીએ.

## આપણો સમૂળો ફેરફાર

આપણે તો જીવનનો એવો સમૂળો ફેરફાર માગીએ છીએ

કે જેનાથી આપણા સંસારના ને જેના તેના ગતિકારક ને પ્રેરણાત્મક બળનું જે મૂળ છે, તેને ખરેખરું અનુભવી શકીએ, ને તે દ્વારા જે તે બધું કરી શકીએ, તો તો ક્યાંયે આપણને કશું આડુંતેડું લાગવાનો અવકાશ રહેતો નથી. એવા પ્રકારનો જીવનને આમૂલાગ્ર પલટાવી નાખનારો ફેરફાર, તે તો કાળ અને સ્થળ બંનેની પેલી પાર જોઈ શકનારો બની શકે છે. એમાં કોઈ પણ જાતનાં ઘડી રાખેલાં કે યોજેલાં, મુકરર કરેલાં ચોકઠાં નથી, કે ત્યાં નથી અમુક ચોક્કસ પ્રકારનાં ધારાધોરણ, માપ, સમજણ, ટેવ આદિ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૭-૬-૧૯૫૩*

## આપણાં તો સુધારાનાં થીંગડાં

આપણે બધાં તો સામાન્યપણે જ્યાં ત્યાં આમતેમ જરાતરા સુધારાનાં થીંગડાં મારનારાં છીએ. કોઈ પણ ઊંડું મૂળમાં તો ઊતરતું હોતું નથી. જે તે બધાં ઉપર ઉપરના સુધારાની બુમરાણમાં લાગી પડતાં જણાય છે. જીવન સમૂળગુંયે પરિવર્તન પામે, જીવનમાં કોઈ પારલૌકિક દૃષ્ટિ પ્રાપ્ત થાય, તે રીતે જે તે જોવાનું, તે રીતે જ સમજવાનું જે કરે છે, તે જીવનને સાચી રીતે સમજી શકે છે. તેવો આત્મા જ જીવનનો સાચો યોગ્ય સમન્વય કરી શકે છે. વિસંવાદમાં સંવાદ તેવો આત્મા જ અનુભવી શકે છે.

જીવનઆદર્શ પ્રમાણેનાં દૃષ્ટિ, વૃત્તિ, વલણ જે જીવ જીવનમાં પ્રગટતા પ્રસંગોમાં જીવતાં રાખી શકે છે, તેવી વેળા તેને અંતરમાંથી હિંમત, ધીરજ, હૂંફ, ઓથ, સહાનુભૂતિ, વહાલપ વગેરે મળ્યાં કરતાં તે અનુભવી શકે છે.

## આપણે વિરલ વીર બનવું

'માનવી દુનિયાની નાશવંત વસ્તુઓ તરફ જેટલાં

વિશ્વાસ, શ્રદ્ધા રાખે છે, તેટલાં શ્રદ્ધા, વિશ્વાસ પ્રભુ પર રાખતો થઈ જાય તો ? પણ તેવું તો કોઈ વિરલ વીરને જ સૂઝે છે.' તેવું તું લખે છે, પણ આપણે એવાં વિરલ વીર કાં ન બની શકીએ ? આપણે શું એવો જીવનનો આદર્શ નથી ઘડ્યો ?

## શક્તિનો અનુભવ

'ચોટીલામાં પૂજ્ય શ્રીનાનચંદ્રજી મહારાજને સાક્ષાત્કાર કોને કહેવાય એમ પૂછેલું. મહારાજ સાહેબે કહ્યું, 'જીવમાં આત્માનું જાગૃત જ્ઞાન પ્રગટવું એટલે કે એનું જાગૃત થવું એને સાક્ષાત્કાર કહેવાય.' એટલી વાતચીત થઈ ને એમની પાસે કોઈ આવ્યું, એટલે અમારી વાતચીત અધૂરી રહી તે રહી જ ગઈ. અને એ પ્રશ્નનો જવાબ તમે મને લખ્યો. પૂછ્યું હતું મેં ત્યાં અને જવાબ મળ્યો તમારી તરફથી ! આવું તો કેટલુંયે બનતું હોય છે.' એવા નાના નાના અનુભવોને જે જીવ માથા પરથી ખાલી ખાલી વહી જવા દે છે, તેવા અનુભવોનું મહત્ત્વ જે જીવ સ્વીકારતા નથી હોતા, એવા અનુભવોને જે જીવ કશું ગણકારતા નથી, એના યોગ્ય ભાવાર્થમાં ને એની યોગ્ય યથાર્થતામાં એનું મૂલ્યાંકન જે જીવોને સૂઝતું કે ઊગતું જ નથી. એવા જીવને એવા થતા અનુભવો માથા પરથી વહી જતા હોય છે. પરંતુ જે જીવ એવા થતા રહેતા અનુભવોથી પોતાનાં શ્રદ્ધા વિશ્વાસ, પ્રેમભક્તિજ્ઞાનપૂર્વક જીવનમાં જીવતાં થતાં જતાં, અનુભવી શકવાનું કરે છે, તેને તેવા અનુભવો પ્રેરણાત્મક બની શકે છે.

## જીવતી માન્યતા

એવા અનુભવોથી જો શ્રદ્ધા-વિશ્વાસ જીવતાં બનીને તે જીવનને વિકસાવી ન શકે, એને જ્ઞાનાત્મક, યોગ્ય વિવેકયુક્ત, સમતાયુક્ત સમજણ ન પ્રેરી શકતા હોય, તો તેવા અનુભવો

હોય તોયે શું ને ન હોય તોયે શું ? અનુભવો વિશેની એવી માન્યતા તે માન્યતા નથી. જે માન્યતાનો પ્રકાર આજે હોય ને કાલે ન હોય, તે માન્યતા નથી. જે માન્યતાનો પ્રકાર આજે હોય, ને કાલે ન હોય, તે માન્યતા શા ખપની ? જે માન્યતામાં પૂરેપૂરી, સાચી, ખરી પ્રમાણિકતા, ઋજુતા, મૃદુતાયુક્ત હૃદયસ્થ ભાવના, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ, ભક્તિ વગેરે વગેરે જીવતાં થયેલાં હોય છે, તેમાંથી પ્રગટેલી માન્યતા જીવનને કંઈ ઠેરનું ઠેર રખાવી શકતી નથી. એવા પ્રકારની જીવતી માન્યતા તો જીવનને અનેક પ્રકારના ફેરફારોમાં જીવતા રખાવે છે, બળ પ્રેરે છે, હૂંફ પ્રેરે છે, ઓથ બને છે, પ્રેરણા આપે છે, ને જીવતાજાગતા સાથીની પાકી પૂરી ગરજ સારે છે. એવી માન્યતા તે કોઈ પ્રકારની માન્યતાના ચોકઠાના પ્રકારની ખાલી કલ્પનાત્મક માન્યતા નથી, એ તો અંતરમાંથી પ્રગટેલા અનુભવમાંથી પાકેલી જીવતી સ્થિતિ છે. એ ચલિત થતી નથી, ને ભાવનાની નિષ્ઠામાં તેનું મૂળ હોય છે. 'માન્યતા' કરતાં એને માટે કોઈ બીજો શબ્દ વપરાયો હોય, તો યોગ્ય થાય. એને અંગ્રેજીમાં courage of conviction કહી શકાય.

## જીવનનો વીર

જીવનનો લડવૈયો કદી નામર્દ નથી. જે જીવનનો વીર છે, તે એકલો હોવા છતાં એકલો નથી હોતો. મંકોડાની પેઠે તે ભલે ભાંગીને ભૂકો થઈ જાય, પણ જે આદર્શને તે વળગ્યો તેને મરણાંતે છોડે તો નહિ જ. જીવનના આદર્શને ભાવનાની વાસ્તવિકતામાં પ્રગટાવનાર જીવને તેવા થવાનું રહે છે.

## માત્ર સમજણથી કશો દી ન વળે

કેટકેટલા કાગળોમાં મરદ બનવાનું કેટકેટલી વાર તને લખ્યું છે ! તે ખપમાં લાગતું જો ન અનુભવી શકાય, તો પછી

કાગળોનો શો અર્થ ? અમને પછી કાગળો લખવાની ઊર્મિ પ્રગટે શી રીતે ? સાચી રીતે આ માર્ગમાં આવી સમજણ બહુ ઓછો ભાગ ભજવે છે. હૃદય હૃદયના ઐક્યભાવ વિના-ને તે પણ પ્રેમભક્તિજ્ઞાનાત્મક ભાવ પ્રગટ્યા વિના-કશું પૂરું વળતું હોતું નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૯-૬-૧૯૫૩*

## અમારાં હૈયાં

અમારાં હૈયાં સૂકાં લાકડાનાં બની ગયેલાં હોતાં નથી. જે કંઈ થાય તે કહેવામાં ને લખવામાં પણ સાર શો હોય ?

આ જીવનમાં જો કોઈકનાં દિલ સહૃદયતાથી, વફાદારીથી, પ્રેમભક્તિથી, સમર્પણભાવથી ચેતનવાળાં ન બની શક્યાં, તો તો પછી ઊંચે લઈ જવાની વાતો તે ખાલી થૂંકે પૂડા ઉતારવા બરાબર છે. તેમ છતાં અમને તો જે મળ્યું, તે અમારે તો દિલમાં અમૃત છે. અમારે તો કોઈને વખોડવા નથી, તેમ કોઈનેય નિરાશ કરવાના નથી. જીવનનો પ્રેમભાવ એની કસોટીના ગાળામાં પણ જો ન ટકી શક્યો, તો તે પછી તે પણ ક્ષુલ્લક, ને અમારી તો વાત જ શી કરવાની ? પડાય કરાય તેનોય વાંધો ન હોય, પણ તેથી કરીને જો કૃતનિશ્ચયી પાકું થવાતું જવાય, ઊર્ધ્વ ભાવનાની દિશામાં જીવનને ઉપયોગીપણામાં પ્રવર્તાવી શકાતું હોય, તો તો કશો વાંધો ન હોય.

## અમારાં આત્મવિશ્વાસ ને વફાદારી

કળણમાંથી નીકળવું એ દુર્ઘટ છે. હૃદયમાં ખરેખરું ઉત્કટપણું તેમાંથી નીકળવા કાજેનું પ્રગટેલું જો હોય, તે કાજે જો યોગ્ય સહારો મેળવાય, તો તેમાંથી ઊગરી જવાય છે. અમને તો ભગવાને જે આપેલ છે, તેનામાં અમારું તો દિલ છે. સદાય અમર રહો ! જેવાં હો તેવાં સ્વજન અમને જીવનમાં

ખપતાં નથી, પણ અમારા હૃદયનો ભાવ જો સાચો હશે તો તેવા જીવ આજ નહિ તો કાલ પણ જીવનના યોગ્યપણામાં પ્રગટવાનાં છે, એવો પ્રભુકૃપાથી આત્મવિશ્વાસ છે. અમને બેવફાઈ મુદ્દલ ગમતી નથી. અમારો ધરમ તો તેની તેની સાથે રહેવાપણાનો છે, પણ અમને સાથે જ કોણ રાખે છે? જે હો તે હો. હવે શું છે ? હવે તો ટટાર થઈને વળગી જવું ઘટેને?

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧-૭-૧૯૫૩*

આવતી કાલે ભાઈ મૌનમાંથી બહાર નીકળવાના. તારા ભક્તિપૂર્વકના પ્રણામ તેમને પહોંચાડીશ.

## સાચી અભિમુખપણાની ભૂમિકા

જીવનની સકળ પ્રવૃત્તિ જ્યારે અંતર્મુખપણાના ભાવથી બને છે, ને તે જ્યારે સાંસારિક વૃત્તિથી બને છે, તે બંને પ્રકારની પ્રવૃત્તિમાં ઘણો તફાવત પડી જતો હોય છે. પોતાની સકળ પ્રકારની વૃત્તિઓને, લાગણીઓને, વિચારોને, ભાવનાને, ભાવને અને બધીય જાતના આપણા માનવી પ્રકારના સંપર્કને અને સંબંધોને જ્યારે ખરેખરા હૃદયથી પ્રભુ પ્રત્યે આપણે વાળી દીધા હોય છે, ત્યારે જ અંતરની અભિમુખતાની ભૂમિકા તૈયાર થઈ ગયેલી ગણાય છે.

## આંતરિક સાધના હૃદયસંબંધ પછી જ

એમ થાય છે તો જ આંતરિક સાધના થઈ શકવાની સાચી શરૂઆત મંડાતી હોય છે, પરંતુ તેમ બની જવું સામાન્ય જીવ કાજે એટલું સહેલું હોતું નથી, કારણ કે જે જીવને એની લગની લાગેલી હોય છે, ખરી ગરજ જાગેલી હોય છે, તેને પણ એનામાં તેવી દશા રચાતાં રચાતાં કેટકેટલી યુદ્ધની પરંપરાઓમાંથી પસાર થવું પડેલું હોય છે ! તે કેટલીક વાર અટક્યો રહે છે ને આંતરિક શત્રુઓની ભીંસમાંયે કેટલીક

વાર પુરાઈ જતો હોય છે, તેમ છતાં એને લગની લાગેલી હોવાથી શ્રીભગવાન સાથેનો એના હૃદયનો જીવતો સંબંધ કદી પણ અટવાઈ પડેલો હોતો નથી. એનો હૃદયનો સંબંધ તો સદાય જાગ્રત હોઈ, તે દ્વારા તે તેના અંતર્યામીને મદદ કાજે હૃદયમાં હૃદયથી સાદ પાડ્યા કરતો હોય છે. એવા લગનીવાળા જીવને જરાક આડું બનતાં કે થઈ જતાં તે તેને લાખોગણું સાલતું હોય છે. તેને તે વેળા જે સાલતું હોય છે, તેનું દર્દ પણ તેની પ્રાર્થનાના સૂરમાં ને ભાવમાં પ્રવેશ પામે છે. દર્દનો પોકાર કોઈ ઑર પ્રકારનો હોય છે અને તે ઘણો ઊંડો પ્રવર્તતો હોય છે. તે અંતરથી બોલતો-પોકારતો-હોય છે.

## ભક્તની આંતર્વેદના

ભક્તના હૃદયના એ પોકારમાં આર્તનાદ ને આર્દ્રનાદ સહજમેળે પ્રગટે છે. તેથી તેવો જીવ પોતાને અનેક વિશેષણોથી નવાજે છે. તેવાને આપણે આપણા જીવનના સમજણના ધોરણથી કે તેવાપણાથી તેમ ન સમજવો ઘટે. શ્રી સુરદાસ જેવા ભક્તો કહે છે, 'સબ પતિતન મેં નામી' 'મારા જેવો બીજો કોણ પાપી છે ?' હવે તેમનો જીવતો સંબંધ તો શ્રીભગવાનની સાથે છે. તેઓ પોતાની જાતને સતત શ્રીભગવાનના ભાવ સાથે સરખાવતા રહેતા હોય છે. પોતાની કક્ષામાં રાઈના દાણા જેટલી ઊણપ તેવા લોકને પર્વત જેટલી લાગે છે. જેમ હૃદયના ઉત્કટ પ્રેમભાવવાળા સાચા વિરહીને એક પળ તે એક દિવસ કરતાં પણ વધારે મોટી ને સહેવા કાજે કારમી લાગે છે, તેવી રીતે એવા સંત-ભક્ત-જ્ઞાની પોતાની જરાક જેટલી ઊણપો (આપણે હિસાબે તો તદ્દન નજીવી ગણાય, અરે ! ગણાય પણ નહિ તેવી) તેમને

અકળાવી મૂકે છે. તેને તે સહી શકતા નથી ને પ્રભુને તે વેળા પોતે ઘણું ઘણું પોકારે છે.

**ક્યાં એવા ભક્તો ને ક્યાં આપણે !**

એટલે એવી પ્રાર્થના આપણે ગાઈએ તે બરાબર છે, પરંતુ આપણે આપણું દિલ તે પહેલાં સમજી લઈએ. કેટલાક જીવોને તેવી તેવી પ્રાર્થના તેમના તેવા તેવા પતનકાળમાં ગાતા જાણ્યા છે, પણ ક્યાં પેલા ભક્તજ્ઞાની સંતાત્માની હૃદયની વાણી ને ક્યાં આપણા જેવા પામરની વાણી, કે જેને કંઈ કશા વિશે કશું સાલતું નથી ! આપણને તો પાઠ પણ બરાબર ભજવતા ક્યાં આવડે છે !

**દાનત તો સાફ રાખો**

આપણે માત્ર જો પ્રમાણિક થતાં શીખીએ, નેક દાનત રાખતાં શીખીએ, સાચી રીતે વફાદાર થતાં શીખીએ, આપણા જીવનઆદર્શને પ્રેમભાવથી જ્ઞાનપૂર્વક વળગી રહેતાં શીખીએ, તો તો જીવનને મહાન ભયંકર કળણમાંથી પણ બહાર કઢાવી શકીએ. કોઈ જાણે કે આપણે એકરાર કરેલો હોય છે, પણ કોઈ આપણને ગોદાટતું હોય છે ત્યારે તેમ થયું હોય છે. તા. ૨૪-૬-૧૯૫૩નો કાગળ તેનો પુરાવો છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૪-૭-૧૯૫૩*

**સાચો સાધક**

નકામું બોલવું વ્યર્થ, નકામું જીવવું વ્યર્થ,
નમાલા રાગ સૌ વ્યર્થ, નમાલી ભાવના વ્યર્થ.

આપણું તો જે તે બધું નમાલું નમાલું હોય છે. જે જીવ ઊંચે ચઢવા ખરેખર ઈચ્છતો હોય છે, એની નીચલી કોટિની લાગણીમાં, ભાવનામાં, એના જીવપણાના રાગમાં પણ કંઈક વીર્ય, કંઈક પરાક્રમ, કંઈક ધન્યતાનો પમરાટ, કંઈક હૃદયનું

બહેલામણ વગેરે બધું જેને જોવાને આંખ છે, તેવું સમજવાને હૃદય છે, તેને તેવું તેની પરખમાં આવ્યા વિના રહી શકતું નથી તે જાણજે. સુખદુ:ખ, આશાનિરાશા આ બધાં દ્વંદ્વનાં જોડકાં જીવનના ઘડતર કાજે નિર્માયેલાં છે. એવા એવા પ્રસંગોમાં જીવનનો વિકાસ છે, એવી ભાવનાની જીવતીજાગતી સમજણ તેવા પ્રસંગોમાં પ્રવર્ત્યા કરે તો જીવ ક્યાંય કશે અટવાઈ ન મરે.

*કુંભકોણમ્* *હરિ:ૐ* *તા. ૬-૭-૧૯૫૩*

## ગરજ હોય તો જ ગુરુને વળગી શકાય

જીવનવિકાસ કાજેની ખરેખરી જ્યાં સુધી ગરજ પ્રગટેલી નથી, ત્યાં સુધી તે પરત્વેના પુરુષાર્થમાં સાચા પ્રાણ પ્રગટી શકતા નથી. વળી, કોઈને પણ તેવી ભાવનાના હેતુથી વળગવાની પાકી ગરજ પ્રગટ્યા વિના તેને અંતરથી વળગી પણ નથી શકાતું. જીવનનો વિકાસ કંઈ એમનો એમ તો નથી થઈ જવાનો. એ કાજે જહેમત તો ઉઠાવવી જ પડવાની.

## સાધના પણ વિશ્વ સાથે સંકળાયેલી

સંસારનું ક્ષેત્ર જીવનવિકાસની સાધના કાજે ઉત્તમ પ્રકારનું છે. આ સમસ્ત વિશ્વની રચનાનો હેતુ જોતાં કંઈ જ કશું એકબીજાથી વિખૂટાપણે નથી. જે તે બધું એકબીજા સાથે પરસ્પર સંકળાયેલું છે, જેથી સમગ્ર વિશ્વના હેતુથી અલગપણે કંઈ જ કશું થઈ શકે નહિ. ગીતાજીમાં અર્જુનને યુદ્ધમાં શ્રીભગવાન એનું મન ન હોવા છતાં દોરવે છે. એટલે જે જે પ્રાપ્ત ધર્મ છે એને તો છોડાય જ નહિ. તે તે બધા ધર્મો સાંસારિક વૃત્તિથી કરવાના, આચરવાના ન હોય. પ્રાપ્ત ધર્મો તો ભગવદ્ભાવથી આચરવાના હોય. તે ધર્મોના આચરણમાં જીવનવિકાસની ભાવનાનો જ સુદૃઢપણે એકમાત્ર ખ્યાલ એની કૃપાથી જો રાખી શકાય, તો તે તે ધર્મનો હેતુ સાચી રીતે ફળી શકે. માટે

સંસાર એ તો વૃત્તિઓથી તરવા કાજેની મુક્તિનાવ છે. માટે એમાં સાવધ થઈ મરદ બનીને જીવવાનું છે, તે જાણજે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૭-૧૯૫૩*

## પ્રથમ ધગશ પછી પુરુષાર્થ

'મુશ્કેલીનો હવે અંત આવી ગયો છે,' એ વાક્ય વાંચી તને ઘણું ઘણું લખવાનું દિલ થયેલું. કલમને ગોદે ઘણી વાર આપણે ઊંધું ઘાલીને લખ્યે જતાં હોઈએ છીએ, હવે લખવા કરવામાં આ જીવની શ્રદ્ધા ખપમાં લાગતી નથી. જીવનવિકાસની સાધનામાં પ્રથમ તો મૂળમાં જે ધગશ, તમન્ના ઉત્કટ પ્રકારનાં હોવાં ઘટે, તે ભાગ્યે, બહુ જવલ્લે જ, કોઈક જીવમાં જોવામાં આવે છે. બાકીનાને અભ્યાસમાં એકધારું, ચીવટાઈથી વળગી રહેવા કાજેનાં ખંત, ઉત્સાહ, ધીરજ, સાહસ, હિંમત, સહનશીલતા આદિ જે ગુણોની તેમાં જરૂર હોય છે, તેવી ગુણશક્તિ બહુ ઓછા જીવમાં હોય છે, તે હોવા છતાં પણ એકલા માત્ર પુરુષાર્થથી આ માર્ગમાં પતતું નથી. આ માર્ગ તો માગી લે છે, શ્રદ્ધા, ભક્તિ, ત્યાગ, વિશ્વાસ, બલિદાન, સમર્પણ, ખુલ્લા થવાપણું (ને તે પણ હૃદયનું સોએ સો ટકાનું) ને તે પણ બધું પાછું હોવું ઘટે જ્ઞાનપૂર્વકની ભૂમિકાવાળું.

મારા લખાણથી ઓછું મનમાં આણ્યું તો તો ઊલટું બિડાઈ જવાનું બનવાનું. લખવાનો હેતુ સમજવો ને બોલવાનો હેતુ સમજવો. એની પાછળની કોઈક પ્રેરણા છે તેનો ખ્યાલ કરવો. એના અંતર્ગતપણાના હાર્દને સમજવું. કૃપા કરીને અકળાઈ જઈ, મૂંઝાઈ જઈ, ગૂંગળામણના માર્યા કે ઉશ્કેરાટના માર્યા અથવા તો સ્વસ્થતાથી ખસી જઈ, કોઈ નિર્ણય, અનુમાન, માન્યતા, મત કદી પણ બાંધી ન લેવા. કાયરતા, મળેલી પરિસ્થિતિથી ભાગી છૂટવું, એને ગીતામાતા જીવનમાં

સ્વીકારવાનું કદી સૂચવતાં નથી. જીવનમાં સર્વ કંઈનો સ્વીકાર છે. સ્વીકારની પાછળની ભાવના જીવનવિકાસ કાજેની જ્ઞાનભક્તિપૂર્વકની જે જીવની ખરેખરી પ્રચંડ રહે છે, તેને સારું કે નરસું કશું જ નથી રહેતું. તે સદાય પ્રસન્નતા ને શાંતિને પ્રથમ પસંદગી આપીને કષ્ટને તપ સમજી સમજી, ખીલતા પુષ્પ જેવો તે જીવ સહેવામાં, જીવવામાં ધન્યતા, કૃતાર્થતા અનુભવે છે. માટે કૃપા કરીને સમજજે. હાથે દાઝવાનું કારણ મનની જ દશાનું પરિણામ હોઈ શકે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૭-૧૯૫૩*

## ગીતાનો સંન્યાસ તથા ગીતાનો ધર્મ

તને જે કાગળો લખ્યા છે, તેના અર્થ ને મર્મ પૂરેપૂરા તને હજી દિલમાં સમજાયા નથી લાગતા. વારંવાર એકનું એક તને અંતરમાં ઠસાવવા કાજે સમજાવવું પડે છે, એ અમારી શરમની કથની છે. હૃદયની હૃદયથી ગ્રહણ કરી શકવાની આપણી ભૂમિકા પાકેલી નથી, એમ તે બતાવે છે. મળેલી પરિસ્થિતિ અને મળેલો ધર્મ એ જીવનવિકાસ કાજેની યોગ્ય ભૂમિકા છે. મળેલા ધર્મને છોડીને એને જે બીજે શોધે છે, તે બધાં મિથ્યા ફાંફાં છે, શાસ્ત્રોમાં વર્ણવાયેલો સંન્યાસીનો ધર્મ ને હમણાં સંસારમાં સાધારણપણે આચરાતો સંન્યસ્ત ધર્મ-એ બંનેના પ્રકારમાં આસમાન જમીનનો ફરક છે. ગીતાનો સંન્યાસ તે વૃત્તિનો સંન્યાસ છે. ગીતાનો ધર્મ મળેલી પરિસ્થિતિ અને મળેલા ધર્મથી ભાગવાની સ્પષ્ટ ના પાડે છે. તેને તે કાયરતા ગણે છે. જે કંટાળીને, ત્રાસીને ભાગે, તે ધર્મના હૃદયને પામી શકતો નથી.

## નિષ્ઠા પ્રગટે તેની રીત

આ જીવને અનેક પ્રકારની પારાવાર લાચારીમાં જીવન

જીવવાનું બનેલું છે, પરંતુ તેમાંથી તેણે જીવનવિકાસ કાજેનો લાભ મેળવ્યો છે. પ્રત્યેક પરિસ્થિતિ, પ્રત્યેક સંજોગ, પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક વ્યક્તિનો સંબંધ ને સંપર્ક વગેરે વગેરે-એ બધાં સાથેનાં જવાબદારી, પ્રમાણિકતા, વફાદારી, સચ્ચાઈ, સહૃદયતા, નેકદિલીનાં અનુશીલન પરિશીલનમાંથી એકનિષ્ઠાનો જે ભાવ જન્મે છે, તેવી એકનિષ્ઠા જીવનને સર્વ પ્રકારના આડા, અવળા, ઊભા, વાંકા, વળાંકોમાંથી ચઢાણઊતરાણની ખીણોમાંથી, અનેક પ્રકારના વળાંક લેતા પથમાંથી પસાર કરાવીને જીવનને સાંગોપાંગ તે પાર ઊતરાવે છે. પ્રભુકૃપાથી જીવનમાં જ્યારે સાધનામાં પડવાનું બનેલું, ત્યારે વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, પ્રેરણા વગેરેના મૂળમાં જવાની એક પ્રકારની સમતા, શાંતિયુક્ત તટસ્થતાભરી કેળવાયેલી આદત પ્રકટેલી. એકનિષ્ઠાનું મૂળ શેમાં હોઈ શકે, તે વિચારતાં વિચારતાં ઉપરનો અનુભવ લાધેલો. સાચે જ એકનિષ્ઠ થવાયા વિના વસ્તુના હાર્દમાં કોઈ પ્રવેશી શકતું નથી, એટલા માટે જ અને સાધનાનું હાર્દ પ્રભુકૃપાથી અનુભવાયાથી, દરેકને લક્ષણ વડે જ ઓળખવાની ટેવ પડેલી છે. જો આપણાથી એકનિષ્ઠ ન થવાયું હોય તો જરૂર સમજી લેવું કે આપણને હજી ધ્યેય પરત્વેની જવાબદારી, સચ્ચાઈ, સહૃદયતા વગેરે વગેરે ખરા પ્રમાણમાં પ્રગટેલાં નથી, તો તે પ્રગટાવવાં તે આપણું કામ છે. એકનિષ્ઠા પ્રગટ્યા વિના જીવનની સાધનાના પુરુષાર્થમાં નવચેતન, પ્રાણ પ્રગટી શકવાનાં નથી. જો ઉચ્ચ આદર્શવાળું જીવન જીવવું જ હોય, તો તે પરત્વેની એકનિષ્ઠા કાવેરી મૈયાનાં વહેતાં પાણીની પેઠે આપણા જીવનમાં જીવતી થઈ ગયેલી હોવી જોઈશે. એકનિષ્ઠા વિના સાધનાના એકડાનું પણ મંડાણ થઈ શકવાનું નથી. એકનિષ્ઠા વિના ધ્યેયના માર્ગ પરત્વેનાં ઉત્સાહ, ખંત,

સાહસ, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા વગેરે વગેરે ગુણો ટકી પણ શકતા નથી. અરે ! સાધનાની વાત તો જવા દો, પરંતુ સંસારવહેવારના માર્ગમાંયે સફળ થવાને કાજે એ પરત્વેની એકનિષ્ઠાની તેટલી જ જરૂર રહે છે. એકનિષ્ઠા પ્રગટ્યા વિના એકાગ્રતા અને કેંદ્રિતતા જન્મી જ ન શકે. સાધનાનું હૃદય એકનિષ્ઠામાં રહેલું છે.

## દમન અને સંયમ

આપણી સંસ્કૃતિમાં જે અનેક પ્રકારના સાંપ્રદાયિક મતો પ્રસર્યા તે ત્યાગ અને ભોગ એ બેની વચ્ચેના તે બધા ફાંટાઓ છે, ત્યાગ કે ભોગ બંને પ્રેમભક્તિજ્ઞાનયોગની ભૂમિકાવાળા જ હોવા ઘટે, તો જ તે શોભે. જ્ઞાનભક્તિ વિનાનો ત્યાગ એ ત્યાગ નથી પણ જીવનને બેળે બેળે કચડી નાખનાર અને જીવનની કુમાશને હણી નાખનાર તે નકારાત્મક તત્ત્વ છે. આપણી સંસ્કૃતિમાં દમન ઉપર ઝોક દેવાયેલો છે. તેથી કરીને જીવનના પ્રાણ ઊલટા કચડાઈ ગયેલા છે. આપણી સંસ્કૃતિમાં સંયમને પૂરતું સ્થાન છે, પરંતુ સંયમ અને દમન એ બંનેમાં તો ઘણો તફાવત છે. દમનમાં તો બધાં કરણોનું રૂંધાઈ જવાનું બને છે. એ બધાંને રૂંધી નાખીને આગળ જવાનું પણ કોઈકે કરેલું છે. આવી આગળની દશાએ પહોંચ્યા પછીથી પણ તેમનામાં મન, બુદ્ધિ, પ્રાણ, અહમ્ આદિ કરણોમાં જીવદશાની ને જીવ પ્રકારની વૃત્તિઓ જાગેલી હશે એવું કહેવાનો આશય નથી. તે કરણોમાં અનુભવના નવચેતનથી નવપલ્લવિત થયેલું, ફરીથી ઉષ્માપ્રેરિત જીવન ફૂલેલું ફાલેલું બનેલું છે, તે એક અપવાદની હકીકત છે. કિંતુ દમન તે એક જ માર્ગ ન હતો કે નથી. દમનની જરૂર છે ખરી પણ તે જ્ઞાનભક્તિપૂર્વકનાં ત્યાગ, બલિદાન ને સમર્પણની ભાવનાએ કરીને જે થાય છે

ને હાલમાં જેને દમન માનવામાં આવે છે તેમાં અને પેલા બીજા પ્રકારમાં ઘણો ફરક છે. દમનથી બુદ્ધિપ્રાણાદિ કુંઠિત બની જાય છે. જેમ નપુંસક માનવીમાં વાસના હોતી નથી એવું નથી હોતું, એવી રીતે કરણોનું કુંઠિત બનાવીને આગળ વધવાના માર્ગને આપણી સંસ્કૃતિના અનુભવીઓએ નકાર્યો છે. કેટલાક ધાર્મિક સંપ્રદાયોમાં હજી આ દમનનો મત પ્રચલિત છે. દમનને તેની આત્યંતિક અવસ્થાએ પણ પહોંચાડેલો છે, પરંતુ તેમાંથી ઉત્તમ પ્રકારનો જ્ઞાનાત્મક અનુભવ જીવનમાં પ્રગટી શકે નહિ, એવું આ જીવનું નમ્રપણે માનવું છે. એવા દમનનો પ્રકાર જીવનને ઠેરનું ઠેર રાખે છે, જીવનને સમૂળગું કચડી પણ નાખે છે. જીવનવિકાસનો એ યોગ્ય માર્ગ નથી.

## ભોગપ્રધાન સંસ્કૃતિ

તેની સામે બાજુએ બીજા કેટલાક સાંપ્રદાયિક પંથો આપણી સંસ્કૃતિમાં પ્રગટેલા છે, જેઓ જીવનને સ્વીકારે છે ને ભોગપ્રધાન છે. એ ભોગ મૂળે તો હોવો ઘટે પ્રેમભક્તિ- જ્ઞાનના યોગપૂર્વકની ભૂમિકાવાળો, પરંતુ તેની તેવી સ્થિતિ ન રહેતાં, તેવી સંસ્કૃતિનું પણ પતન થયેલું છે, જીવનમાં ભોગને સ્થાન છે, પરંતુ તે ક્યારે તે એક વિચારવાયોગ્ય સ્થિતિ છે. અજ્ઞાનમય જીવનમાં તો નર્યો ભોગ જ ભોગ છે. જ્યારે જ્ઞાનની અવસ્થામાં જીવનનો યજ્ઞ સંપૂર્ણપણે પરિપૂર્ણ થયા બાદ, જે કંઈ બાકી રહે તેવા ભોગને યથાર્થ ગણેલો છે. સંસારવહેવાર અને અજ્ઞાનની જીવદશાની કક્ષાનો ભોગ અને જ્ઞાનનો અનુભવની દશામાં યજ્ઞ કર્યા પછી જે બાકી રહે તે પ્રકારનો ભોગ તે બંને પ્રકારના ભોગમાં ઘણો તફાવત છે. જીવનમાં ત્યાગ અને ભોગ બંને છે.

## ત્યાગ અને ભોગ

ત્યાગ કરવો ને ત્યાગ ભોગવવો એ બંનેના ભાવાર્થમાં આસમાન જમીનનો ફરક છે. ત્યાગ ભોગવવાનો આનંદ જે છે, તે ત્યાગ કરવાના આનંદ કરતાં ક્યાંયે વિશેષ ચઢિયાતો છે. ત્યાગ કરવાનો આનંદ એ જીવનવિકાસની નીચલી શ્રેણીનો માર્ગ છે. ત્યાગ ભોગવવાનો આનંદ એ જીવનવિકાસની સહજ સાધનાનો આનંદ છે અથવા વધારે યોગ્યપણે કહીએ તો તે સહજ અવસ્થાનો આનંદ છે. ત્યાગ ભોગવવાના આનંદમાં સહજપણું છે. ત્યાગ કરવાના આનંદમાં સહજપણું નથી. એક છે નૈસર્ગિક સ્થિતિ, જ્યારે બીજી છે સહજપણાને પ્રાપ્ત કરવાનું સાધન.

## જ્ઞાનપૂર્વકની ત્યાગભાવના

પરંતુ આપણે જ્યારે જીવનને ઊંચી કક્ષાએ પ્રગટાવવાને મથવું છે અને અજ્ઞાનની દશામાંથી જ્ઞાનની દશામાં જવાની પગલીઓ પાડવી છે, તેવી દશામાં તો આપણે વધારે ને વધારે જ્ઞાનપૂર્વકની ત્યાગભાવનાવાળા જ બન્યા કરવું જોઈશે. એ ત્યાગભાવના સંસારમાં અને સંસારનાં કર્તવ્યોમાં કેળવવાની ઘણી ઘણી તકો આપણને મળે છે. આપણને જો આપણા ધ્યેય પરત્વેની જવાબદારીનું જ્ઞાનભાન પ્રગટી ગયું હોય, તો એ જવાબદારીનું જ્ઞાન જીવનમાં એકનિષ્ઠા પ્રગટાવ્યા વિના રહી શકવાનું નથી, તે નક્કી જાણજે.

## પ્રેમ એટલે શૌર્ય

પ્રભુકૃપાથી આ જીવે કાયરતાને કદી પણ જીવનમાં સાથ દીધેલો નથી. તે ક્યાંયે કશાથી ભાગેડુ બન્યો નથી, કેટલાંયે વર્ષોના એટલે કે લગભગ ૩૦ વર્ષના મિત્રને ખરી વાત કહેવામાં કદી પણ મચક આપેલી નથી. તેને તેથી ખોટું લાગશે અથવા આ જીવને તે છોડી દેશે, એવો ભય ક્યાંયે ખૂણેખાંચરે

રહેલો નથી. પ્રેમનો ભાવ જેટલો કઠણ છે, તેટલો જ કોમળ છે. પ્રેમની કુમળાશને સહુ કોઈ સમજે ને સ્વીકારે, પણ પ્રેમની કઠણાશને જ્યારે પ્રેમભક્તિથી સ્વીકારાય ત્યારે જ સાચો પ્રેમ પમાય. જીવનવિકાસને કાજે જે સ્વજનો પ્રભુકૃપાથી આ જીવ સાથે સંકળાયેલા છે, તેમના કોઈ અવગુણને આ જીવ ઉત્તેજન આપી શકે તેમ નથી. હા, તે કોઈ જીવના અવગુણને સ્વીકારી લે ખરો, જેમ સાધક પોતાના દોષો સ્વીકારે છે, પણ તે તેને યોગ્ય રીતે મઠારવાના હેતુ કાજે, તેવી રીતે સ્વજનનો અવગુણ સ્વીકારવાનો ધર્મ છે, પરંતુ તેમાંથી તેને તારવીને યોગ્ય સ્થળે મૂકવાને કાજે. જીવનનો ધર્મ સાંપ્રદાયિકતાનો નથી. જીવનનો વાસ્તવિક ધર્મ વિસ્તારપણાનો છે. જીવનની સાધનાનો મર્મ ને અર્થ એ માત્ર ભાષાના શબ્દભંડોળથી નથી મળી શકવાનો. એ તો એવા પ્રકારનું યોગ્યપણે જીવન જીવવાથી જ મળી શકવાનો છે.

## જીવન ઘડવામાં ભાષાની મંદ શક્તિ

શબ્દથી કે એવા પ્રકારના કાગળના લખાણથી આશ્વાસન આપવાની રીત એ જીવનવિકાસની ભાવનાને સાચી રીતે પ્રેરનારી નથી, એથી તો ઊલટું જીવન કે લાગણી વધારે લૂલી લૂલી બને છે. શબ્દની લાગણીમાં જ મન રમ્યા કરે છે. ભાષા એ તો જીવનને આકાર પમાડવાને લૂલામાં લૂલું સાધન છે. જીવનને આકાર પમાડવાનું સાચું સાધન તો પ્રેમભક્તિ-જ્ઞાનયોગપૂર્વકની જીવનની તપશ્ચર્યા છે. શબ્દમાં, શબ્દ-લાલિત્યમાં, વિચારમાં ને લાગણીમાં રાચનારો જીવ જીવન-વિકાસને સાચી રીતે સાધી શકવાનો નથી. 'શબ્દ' મૂળ અર્થમાં તો ચેતનાવાચક છે, પરંતુ આપણે બધાં જીવકક્ષાનાં હોઈ આપણા બોલેલા શબ્દમાં ચેતનના અનુભવનો ટંકાર નથી, તો

રણકાર તો હોય જ ક્યાંથી ? એટલે ખાલી ખાલી આશ્વાસન આપવામાં આ જીવ કદી માનતો નથી.

### પ્રહારની અગત્ય

પ્રહાર આપવામાં તે જરૂર માને છે. જીવનના આદર્શની જે જીવને તમન્ના લાગેલી છે, તે તો તેવા પ્રકારના પ્રહારમાંથી પોતાને જાણવાપણા માટેનો તે ટંકાર છે, રણકાર છે, એમ પોતે હૃદયથી તે વેળા સમજી લે છે. પ્રહાર એ તો ઘડાવા માટેનો હથોડાનો ઘા છે. પ્રહારને યોગ્ય સ્થિતિ પ્રગટાવવાને માટે પહેલાં તો એને ઘણું ઘણું લાલચોળ તપાવવામાં આવે છે. કોઈ જાણી જોઈને પ્રહાર કરતું હોતું નથી. સંસારવહેવારમાં પણ કોઈ પ્રહાર કરે છે, તો તે પ્રહારના પ્રેરકપણામાં કોઈ લાગણીનો આઘાત પ્રત્યાઘાત હોય છે, તો અજ્ઞાનદશામાં જેમ પ્રહારની પાછળ કોઈ લાગણી કે વિચારનો આઘાત પ્રત્યાઘાત હોય છે, તો જ્ઞાનની દશામાં એવા પ્રકારની પાછળ કોઈ હેતુ તો હોવો ઘટે જ, પરંતુ હેતુના જ્ઞાનને કયો જીવ તે વેળા જગાડે છે ?

કાગળોમાં જીવનની ફિલસૂફીને વ્યક્ત કરવી એવી જીવનની ભાવના પણ પ્રભુકૃપાથી મોળી પડતી અનુભવું છું. પ્રભુની કૃપા થાય અને એ પાછી નવપલ્લવિત બની સચેત બને ત્યારે તેમ પણ થાય. જીવનમાં ઊર્મિ પ્રગટાવીને તેને જીવતી રાખવી, તેને વધારે ચેતનવંતી બનાવવી ને તેને પાછી જીવનના ઘડતરમાં જ્ઞાનપૂર્વક ઉપયોગમાં લેવી, તેવી જીવન-કળાનું કર્મ તો કોઈ મહાન વીરલા વિરલ આત્માનું છે. માટે મરદ બનવાનું બિરુદ રાખવું હોય તો જ સંગ-સંઘ કામના છે, બાકી તો તે બંનેને વેગળેથી રામ રામ કરવા તે જ યોગ્ય છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૩-૭-૧૯૫૩*

કેમ દાઝી ? શાથી દાઝી ? દિલની અકળામણ આ જ રીતે વ્યક્ત થઈને ?

કુંભકોણમ્ હરિઃૐ તા. ૧૫-૭-૧૯૫૩

## મારે હાથે કદી અન્યાય ન થશો !

કોઈને પણ જાણેઅજાણે અન્યાય ન થઈ બેસજો એવી હૃદયની ભાવના પ્રભુકૃપાથી પ્રવર્તે છે. હમણાંનું કેટલાયે સમયથી જેમ તેમ કાગળ વાંચવા લઉં કે પ્રભુકૃપાથી સાર ખ્યાલમાં આવી જાય. તે પ્રમાણે ઉત્તર પણ લખી દઉં. જાગ્રત, ચોકીદાર ભાઈ, બહાર હોય, તો તો પ્રભુકૃપાથી ચેતવે. કોઈકના કાગળમાં, બીજા કોઈકે કંઈક લખ્યું હોય, તો તેને લખવાનું જ રહી જાય. ભાઈ સૂચવે ને વળી લખી દઉં.

ઉત્કટ પ્રેમભક્તિજ્ઞાનયોગની ધગધગતી તમન્ના પ્રગટેલી હોય તેવા મસ્ત ભાવથી જ્ઞાનપૂર્વક તું આવે તો જગતની નિંદાથી ડરીને તને ન સંઘરું, એવો કાયર જીવ આ નથી એવું પ્રભુકૃપાથી તો લાગે છે, પરંતુ પરિસ્થિતિથી પાછા પડવાનું કરે તે તો પોષાય જ કેમ ? તેમ છતાં તને અન્યાય જો કર્યો હોય તો તેની ક્ષમા કરજે. આ જીવનું કશું ઠામઠેકાણું નથી, ને કશા ઢંગધડા નથી. તમે બધાં પ્રેમભક્તિભાવે તેને નિભાવો અને નભાવો તો તે નિભશે અને નભશે. માટે તમે બધાં સ્વજનો એને કૃપા કરીને યોગ્ય ભાવે પાળવાનું, સંભાળવાનું, સંભારવાનું હૃદયથી કર્યા કરશો.

કુંભકોણમ્ હરિઃૐ તા. ૧૮-૭-૧૯૫૩

## આપણે સાચી રીતે બાળક નથી

'બાળક એવું થાય પણ મા એવી થઈ શકે ખરી ?' ઘણી વાર આપણે શું લખતાં હોઈએ એનું આપણને સાચું ભાન હોતું નથી. આપણે સાચી રીતે બાળક જેવા ક્યાં હોઈએ છીએ ? બાળક જેવી નિર્દોષતા, સરળતા, સહજતા વગેરે વગેરે આપણામાં ક્યાં હોય છે ? બાળક તો જેમ ગમે ત્યાં અઘીમૂતરી

બેસે, તેમ જો આપણામાંનું મોટું કરવા બેસે તો કોઈ એને સાંખી લેશે ખરું કે ?

## યોગ્ય ભૂમિકાની જરૂર

વળી, ખરામાં ખરો ને ઉત્તમમાં ઉત્તમ શિલ્પકાર હોય તેમ છતાં તેણે જેમ ઘડવા ધાર્યું હોય તેમ, ઉત્તમ રીતે, ગમે તે પથ્થરને તે ઘડી ન શકે. એને તો જે સર્જન કરવાનું હોય છે તે તો માગી લે છે અમુક પ્રકારની શરતોવાળો જ પથ્થર. તો જ તેમાંથી સર્જન, તેના અંતરની તે પરત્વેની પ્રગટેલી ભાવનાની સમજણ પ્રમાણેનું નીપજી શકે.

પ્રભુકૃપાથી અમારી આશા તો અમર છે. અમને તો સારાય બ્રહ્માંડના પુનર્જીવનમાં અમર આશા છે, કારણ કે એની પાછળ એના અંતરમાં પ્રભુનો ભાવ જ કામ કરી રહેલ છે. દ્વંદ્વની રચનાનો હેતુ જ તે છે, પ્રત્યેક કંઈ જે જીવનમાં બને છે, તેની પાછળ જીવનવિકાસનો જ હેતુ છે, પરંતુ આપણે મૂર્ખ અને અજ્ઞાની જીવો તે તે પળે તેવું જ્ઞાનભાન રાખી શકતા નથી, એ જ મોટી ખાટલે ખોડ છે.

## ગરજ પ્રકટ્યા વિના બધું નકામું

સદ્‌ગુરુ ન કરવા એ જ ઉત્તમ છે. જીવનવિકાસની ઉત્કટ તમન્ના પ્રગટ્યા વિના, એવી ખરેખરી સમજણપૂર્વકની ઉત્કટ તાલાવેલીયુક્ત અંતરની ગરજ પ્રગટ્યા વિના, ઉત્તમ વસ્તુ મળે તોપણ તેનો અર્થ સરી શકતો નથી. મારા આટલા જીવનકાળ દરમિયાનનો તેવો અનુભવ છે. તેથી બીજી રીતનો અનુભવ નહિ જ પ્રગટે એમ કહેવાનું તાત્પર્ય નથી. કાળ પાકતાં જે અશક્ય લાગતું હોય, તે પળવારમાં શક્ય બની જતું હોય છે. જેમ આપણા દેશમાંથી રાજાઓનું રાજાપણું ને તેમનું વર્ચસ્વ ગયું તેમ. તેથી એવી ધીરજ ધરીને પ્રભુકૃપાથી

જીવ્યા કરીએ છીએ. તેથી સદ્‌ગુરુરૂપી સાધનનો જીવનમાં પ્રેમભક્તિજ્ઞાનભાવે જીવન ઘડવાના હેતુ કાજે, વારંવાર ઉપયોગ કરવાની હૃદયની દાનત પ્રગટાવવાની કળા, આપણે રોજિંદા જીવનવહેવારવર્તનમાં વાપર્યા કરવાની છે. સદ્‌ગુરુની ભાવના જીવનમાં ખરેખરા ઉપયોગમાં આવે છે કે કેમ, તેના પણ હૃદયમાં હૃદયથી ખરા પ્રાર્થનાભાવે સાચા પ્રયોગ કરી જાણવા ઘટે છે તો જ તેની ખબર પડેને ? ને તો જ આત્મવિશ્વાસ પ્રગટી શકે. અમે તો પ્રભુકૃપાથી કહીએ છીએ કે **અમે ખપમાં આવી શકીએ તેવા છીએ**, પણ એની ખાતરી તો સામો જીવ કરી લે ત્યારેને ? બાકી તો અમારી તે ખાલી ખાલી બાંગ પણ હોય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૦-૭-૧૯૫૩*

## સદ્‌ગુરુ ન કંટાળે

'એકડો શીખનાર કંટાળે, પણ એકડો શીખવનાર કંટાળે તો કેમ ચાલે ? માટે કૃપા કરજો.' એવું તેં લખ્યું છે. અહીં તો કંટાળી જવાનું કશું કારણ નથી, પરંતુ જીવનવિકાસની સાધનાની ભાવનાને કેવી રીતે યોગ્યપણે ફળાવી શકાય, તે તે બધું સ્પષ્ટ જણાવવાને કાજે અમારે જે તે બધું લખવું પડે છે. ને એવી રીતે જેમાં જેમાં જેવું જેવું હોય છે તે તે બધું, તથા જીવનવિકાસની ભાવનાને ફળવવાને કાજે શું શું કરવું ઘટે ને શું શું હોવું ઘટે, તે બધું અમારે ચીતરવું પડે છે. તેવું બધું ચીતરવા જતાં, તમે લોકો બધા 'અમે કંટાળી ગયા છીએ' એમ માનો છો. તે પણ એક નવાઈની વાત છે. માત્ર લખ્યા કરવાથી કશું વળતું હોતું નથી. આ જીવનવિકાસના માર્ગમાં ખરી ખાંખત, જે જીવને સાધના કરવી છે, તેના દિલમાં પૂરેપૂરી પ્રગટેલી હોવી ઘટે. જે જીવને એવી પોતાના

જીવનવિકાસ પરત્વે મુદ્દલે ખાંખત નથી, તેવા જીવનું આ માર્ગમાં કામ નથી, પણ ખાંખત કેળવવાનું ને તે પ્રમાણે વર્તવાનું દિલ પ્રગટેલું હોય, તો તે પણ સાધન જ ગણાય. આમાં એક હાથે તાળી નથી પડી શકતી.

## ભાવના સત્કારનાર હૃદય જોઈએ

હા, પડી પણ શકે છે. જો સાધકનામાં પ્રચંડ ઉત્કટ જ્વાળામુખી સમી તમન્ના પ્રગટેલી હોય, તો તેને સમર્થનો સહારો મળી જ રહે છે. જીવતાજાગતા પ્રયત્ન વિના કશું બની શકવાનું નથી. વળી, કાગળોમાં લખી લખી લખવાનું પણ શું ? હૃદયની પ્રગટેલી ભાવનાને સત્કારનાર હૃદય પણ એટલું જ ઉત્સુક હોય, તો જ તેવી ભાવના આકાર લઈ શકતી હોય છે. માત્ર કાગળની સમજણથી જીવન કદી ઘડાઈ શકાતું નથી. એ તો જીવનમંડાણ કરવાના મરણિયા નિર્ધારથી ને એ પ્રકારના જીવન જીવવાના આધારથી ઘડાવું શક્ય બને.

## આધ્યાત્મિક જીવનની પ્રતિષ્ઠા

એકનિષ્ઠા તો પ્રગટે છે, જીવનમાંના જવાબદારીના પ્રમાણિક, જ્ઞાનપૂર્વકના યોગ્ય વર્તનમાંથી. સંસાર, વહેવાર, વર્તન, સંબંધ વગેરે વગેરેમાં જીવનના ધ્યેય પરત્વેની હૃદયની સાચી નેક દાનત જેમાં ને તેમાં પ્રત્યક્ષ પ્રગટેલી તેવા તેવા વર્તનમાં જીવતી થયા કરેલી જોઈશે. તે વિના આપણા વિશે બધાંને ઇતબાર કેવી રીતે બેસી શકવાનો છે ? આપણે આપણી પ્રતિષ્ઠા ખાતર ભલે ન જીવવાનું હોય, પણ જીવનની પ્રતિષ્ઠા ખાતર જીવવાનું હોય, તોપણ આપણા જીવનમાર્ગની દાનત આપણામાં પ્રગટેલી જે તે કોઈ અનુભવે, એટલે કે જીવનવિકાસની ભાવનાથી જુદી, નકારાત્મક રીતે વળાઈ જવાતાં આપણને કોઈ પણ ન અનુભવી શકે, તો જ આપણા

વિશે જે તે બધાંને યોગ્યપણું લાગ્યા કરે, નહિ તો નાહકના હાંસીપાત્ર જ ઠરવાના. પોતાની પ્રતિષ્ઠા જાય તેનો વાંધો ન હોય, પરંતુ જીવનવિકાસના ધ્યેયની પ્રતિષ્ઠાને આપણા તેવા વર્તનવહેવારથી વિરુદ્ધ ઠરાવવાનું બને, તો પછી જગતને આપણા કાજેનો સમૂળગો ઈતબાર જ ઊઠી જાયને ? ને તે તો ધારે કે આ તો બધું જ સાવ પોલંપોલ છે, તો જગતનું તેવું ધારવું ખોટું છે, એમ આપણાથી કેવી રીતે કહી શકાય ? આપણા જીવનવિકાસના ધ્યેય પરત્વેની હૃદયની પ્રમાણિકતા, સાચી દાનત, એની પરત્વેની પાકી મક્કમતા એ બધાંનો તો, આપણા રોજિંદા વહેવારવર્તનમાં બધાંને પૂરો અનુભવ થઈ ચૂકવો જોઈશે, પણ જો તેનો રણકાર બોદા રૂપિયાના જેવો હોય, તો તે નહિ ચાલી શકે, ને આપણે પણ તેવા ઠરીશું. માટે જીવનમાં ધ્યેયની પ્રાણપ્રતિષ્ઠા પ્રગટાવવાની છે, તે જાણજે. તો જ સાથ, સંબંધ, બધું ખપનું છે. અમારે તો એની કૃપાથી જે તે બધું ઉપયોગને અર્થે છે. અમારે તારો ખપ પણ તારા જીવનવિકાસને અર્થે હોય.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૩-૭-૧૯૫૩*

જીવન આનંદ કાજે છે. રડાકૂટા માટે નથી. જીવનમાં જીવનને સમજીને જીવવાનું છે. જીવન વેડફી દેવા કાજે નથી. જીવન તો પ્રભુમાં શમાવી ને સમાવી દેવા કાજે જીવવાનું છે.

પ્રત્યેક જીવમાં ચેતન પરત્વેની શક્યતા રહેલી જ છે. માત્ર ચેતન પરત્વેની અભિમુખતા એના હૃદયમાં પ્રગટેલી હોતી નથી, એ જ મોટામાં મોટો વાંધો છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૭-૭-૧૯૫૩*

**કર્મ ભાવના કાજે જ છે.**

આપણા લોકોને ભાવનાનું યથાયોગ્ય સ્વરૂપજાણમાં નથી,

ને સમજણમાં પણ નથી. ભાવનાને કર્મમાં જીવતી કરવાનો જ્ઞાનભક્તિપૂર્વકનો હૃદયમાં હૃદયથી હૃદયનો અભ્યાસ જો પડ્યા કરતો હોય, તો તો તે કર્મનું મહત્ત્વ જ કોઈ ઑર પ્રકારનું પ્રગટ્યા કરે છે. તેમાં જો જીવનવિકાસના પૂરા જીવતા હેતુથી તે સમર્પણનું જ્ઞાન, તેમાં વળી જીવતુંજાગતું થઈને ઉમેરાતું હોય, તો તેવાં કર્મમાં એક એવા પ્રકારની ભાવનાશક્તિનો ઓઘ પ્રગટે છે કે, જેથી જીવનની આખી કાયાપલટ જ થઈ જતી હોય છે. ભાવના વિનાનું થયેલું સર્વ કાંઈ, સાધનાના વિકાસ કાજે મિથ્યા છે. ભાવ મુખ્ય છે. હરિસ્મરણની ભાવનાનો સંસ્કાર એ કંઈ જેવી તેવી હકીકત નથી. પ્રત્યેક થતા રહેતા વહેવાર, વર્તન, સંબંધ, સંપર્ક, સંસારનાં સકળ કર્મ વગેરે વગેરે બધાંમાં જો જીવનના વિકાસનું જીવતુંજાગતું સ્મરણ રાખ્યા કરવાનો અભ્યાસ પાડવાનું દિલથી સૂઝ્યા જ કરે, તે તે પળે હરિસ્મરણની પ્રેમભક્તિ જો પ્રગટ્યાં કરતી હોય, તે તે કર્મ ને તેનો હેતુ પ્રગટ્યાં કરતાં હોય, તે તે બધું જો પ્રભુપ્રીત્યર્થે થયા કરતું હોય, ને પાછું તે તે બધું યજ્ઞની ભાવનાથી સમર્પણ થયા કરતું હોય, તો તેવું કર્મ જીવનનો ઉઠાવ કેવો કરી શકતું હોય છે, એ તો એક તેવા ક્ષેત્રનો અનુભવી સમજી શકે. બાકીના જીવોને તેની કલ્પના પણ થવી શક્ય નથી.

## જ્ઞાનીનું ને અજ્ઞાનીનું કર્મ

એક કર્મ અજ્ઞાની, સંસારી, સામાન્ય જીવનું હોય ને તેવું જ કર્મ પેલા જીવનવિકાસની ઉપર કહ્યા પ્રમાણેની જ્ઞાનભક્તિ-યોગપૂર્વકની હકીકતવાળું હોય, તો તે બંને કર્મોનો બાહ્ય આકાર ભલે એકસરખો હોય, તેમ છતાં બંનેના મૂલ્યાંકનમાં ને બંનેના પરિણામમાં ઘણો ઘણો તફાવત હોય છે, તે વાત નક્કી છે. પ્રેમભક્તિજ્ઞાનપૂર્વકના ખરેખરા સમર્પણયજ્ઞથી આદરાયેલાં

સકળ કર્મ, તે માત્ર સ્થૂળ પ્રકારનાં કર્મ નથી હોતાં, તે તો પ્રગટાવે છે આંતરજ્ઞાનદીપની જ્વાળાઓ. એટલે એવા અભ્યાસમાંથી તો ભાવનાના ઓઘ પ્રગટવા ઘટે, પણ પહેલાં આપણે તો અભ્યાસ જ ક્યાં કરતાં હોઈએ છીએ ? માટે કૃપા કરીને અભ્યાસનો એકડો ઘૂંટવા માંડીએ તો ઉત્તમ. બીજી બધી ડહાપણની વાતો મેલો દૂર, હરિસ્મરણનો પ્રચંડ સંસ્કાર જીવનમાં કેવાં પગલાં પાડે છે, તેને અનુભવથી જીવ સમજે તો સમજે. માટે જીવતરને યોગ્ય ઠેરવવા, યોગ્યપણે કેળવવા, કંઈક સાચી ચાનકવાળા પ્રભુકૃપાથી બનીએ તો જ દિલમાં જંપ વળે. સમર્પણયજ્ઞની જ્ઞાનપૂર્વકની સમજણથી અને તે પ્રકારની ભક્તિથી આદરેલાં જે કર્મ હોય, તે જ કર્મ જીવનને તારનારાં નીવડી શકે છે. એવાં કર્મમાંથી શક્તિ ને જ્ઞાનનો ઉદ્‌ભવ થતો હોય છે. બાકીનાં કર્મ તો જીવનને કચડનારાં હોય છે, યજ્ઞની ભાવનાથી થયેલાં કર્મમાં જીવનની કાયાપલટ કરવાની શક્તિ પ્રગટતી હોય છે. સમર્પણયજ્ઞની જીવતીજાગતી ભાવના જે કર્મના હૃદયમાં સાંગોપાંગ પરોવાયેલી હોય છે, તેવાં કર્મ તે જ સાચાં કર્મ છે. બાકીનાંને તો જીવનવિકાસના દ્યોતક કે ચેતનાત્મક કર્મ કહી જ શકાય નહિ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૮-૭-૧૯૫૩*

## સોંપાયેલું કામ પ્રેમથી કરો

કામ આનંદથી કરવામાં લાભ છે. બેળે બેળે કરવાથી તો ત્રાસ, કંટાળો, સંતાપ, ક્લેશ, અકળામણ, મૂંઝવણ આવું બધું થતું હોય છે. તેથી જે કરવું તે પ્રેમથી કરવું. મારું કામ ન થઈ શકે એવું હોય, તો સ્પષ્ટ ના લખવી. તેનો વાંધો નથી, પરંતુ કામ સોંપ્યા કેડે તેમાં જો ગલ્લાંતલ્લાં થાય, તે ગમે તેમ બને, તો પછી મારાં તેવાં સોંપાયેલાં કામનો કશો

અર્થ સરી શકતો નથી, ને તેથી મને તો ઘણી ભાંજઘડ થાય છે. કર્મ સોંપાયેલું છે કેળવાવા કાજે. તેવાં એટલે મળેલાં કર્મમાં જ્યારે કોઈની નરી અજ્ઞાનયુક્ત કાયરતા પ્રગટે છે, ત્યારે અમારાથી તે શેં બેસી રહેવાય ? ને તેવી વેળા બોલીએ કરીએ તો ભૂંડા લાગીએ છીએ. માટે તારે તો જેમ હોય તેમ સ્પષ્ટ કહેવું ને લખવું, અચકાતે ખચકાતે નહિ, એક ઘાએ બે કટકા થાય તેમ કહેવાનું કરવું. કહેવામાં પણ કળા હોય છે, પણ હૃદયના ખુલ્લાપણાની તેવી કળા હોય તો જ તે શોભે. ને સાથે સાથે પૂરેપૂરાં સદ્‌ભાવ ને નમ્રતા પ્રગટેલાં હોવાં જોઈએ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૩૧-૭-૧૯૫૩*

## દૃઢ સંકલ્પબળ કેળવો

દૃઢ સંકલ્પબળ કેટલું કામ કરે છે, ને જીવનને તે કેટલું ને કેવું ઘડે છે, તે તો એવો દૃઢ સંકલ્પ જે જીવે કેળવ્યો છે તે જાણે છે. દૃઢ સંકલ્પબળની મક્કમતા કોઈ ઑર પ્રકારની હોય છે. એનું નિશ્ચયપણું અટલ રહે છે. આપણે બધા જીવો તો અજ્ઞાનમાં અટવાયેલા રહ્યા કરીએ છીએ. વળી, અજ્ઞાનની વૃત્તિઓ જીવનમાં પ્રવેશીને જીવનની વાડીને ખેદાનમેદાન કરી નાખે છે, બધું અસ્તવ્યસ્ત કરી નાખે છે, તેવી વેળાએ જો સંકલ્પનું દૃઢ બળ જીવનમાં પ્રગટેલું હોય, તો માનવીને તે તેમાંથી બચાવી લે છે. જેણે જીવનના ઉચ્ચ માર્ગે પ્રયાણ કરવાનું વિચાર્યું છે, એવા જીવે એવો દૃઢ સંકલ્પ કરવો તે જરૂરી છે, એટલું જ નહિ પણ એના નિશ્ચયપણાને વધારે ને વધારે જીવતું કર્યા કરીને જીવનવિકાસની ભાવનામાં યોગ્ય ઉપયોગીપણામાં તેને પ્રવર્તાવવાનું છે. દૃઢ સંકલ્પની શક્તિ જીવનને ધાર્યા પરિણામમાં પ્રગટાવી શકે છે.

સદ્‌ભાવ તો વધાર્યા કરવાને છે. નહિતર કોઈનાય પરત્વે જો જીવતો સદ્‌ભાવ ન રહી શક્યો, તો આપણાથી યોગ્ય સદ્‌ભાવયુક્ત વર્તાવ થઈ શકવાનો નથી. સદ્‌ભાવ પ્રગટ્યા વિના જીવનવિકાસની સાધનાનો જીવનસંગ્રામ ખેલવો એ લગભગ અશક્ય છે. એ તો મહાપરાક્રમી યોદ્ધાની શૂરવીરતાને પણ પડકાર દે તેમ છે. માટે આપણે તો જીવનમાં અડગતા દાખવવાની જરૂર છે, ને તેનાથી જ આપણને બળ મળ્યા કરે છે. તારામાં નવા પ્રાણ પ્રગટો ને તેમાં તું જીવતીજાગતી રહે એવી પ્રભુને પ્રાર્થના છે.

*કુંભકોણમ્*　　　　　　*હરિઃૐ*　　　　　　*તા. ૩-૮-૧૯૫૩*

## કર્મ ને જ્ઞાન

ગીતાજીનો કોઈ અભ્યાસ કરીને વિચારે તો એને સ્પષ્ટ જણાય કે દરેકને પોતાને ભાગે જે જે આવેલ કર્મ છે, તેને પ્રભુપ્રીત્યર્થે જીવનવિકાસના હેતુ કાજે ઉત્તમમાં ઉત્તમ રીતે કરવાથી ને તે પણ શાંતિ-સમતાથી, અનાસક્તિથી ને હૈયાના આનંદ-ઉમળકાથી કરવાથી, તેવાં તેવાં કર્મમાંથી જ્ઞાનનો અનુભવ પ્રગટતો રહે છે. કર્મ વિના જ્ઞાન નથી ને જ્ઞાનના અનુભવ વિના કર્મથી મુક્તિ પણ નથી. માટે જે કરવાનું આવે તે પ્રેમથી સ્વીકારી લેવાનું હોય છે. તે પ્રેમથી કરવાનું બની શકે, તો જીવના તેવા પ્રકારના વર્તનવહેવારથી સાધકમાં સાધનાનો ભાવ જીવતો બને છે. ઊડઝૂડિયા રીતે કર્મ કરવાથી જીવન કદી ઘડાતું નથી, બલકે જીવનનો હ્રાસ થતો હોય છે, પણ તેવું જ્ઞાનભાન કયા જીવને પ્રગટતું હોય છે ? કર્મ તો જેટલું પ્રેમભક્તિથી થયા કરે, ને તે કર્મ કરતી પળે જો તેમાં હેતુનો જ્ઞાનનો ખ્યાલ જીવતોજાગતો રહ્યા કરે, તો તેવું કર્મ તો અનુભવના જ્ઞાનની ભૂમિકા છે. એવી પ્રતિષ્ઠાની ભૂમિકા

આધારમાં પ્રગટ્યા વિના સાધનામાં પ્રાણચેતન કદી પણ પ્રકટી શકતું નથી.

## ગરજની અનિવાર્યતા

પણ ખરી હકીકત જ ગરજની છે. જેને ગરજ જાગે છે, ગરજ લાગે છે, તે તો બેસી રહી શકતો નથી. એ તો મથ્યા જ કરવાનો. ગરજ જગાડવાનું કર્મ કોઈ કરી આપવાનું નથી. તે તો જીવને પોતાનામાં જો જાગ્યું હોય છે, તો જ તેનું થોડુંઘણું ચાલ્યા કરે છે. બાકી, જીવ પ્રકારનાં વલણથી જે કર્મ થયા કરે, તેનાથી તો કશું વળવાનું નથી. હૃદયની સાચી ગરજ લાગ્યા વિના કોઈને પણ વળગી શકાતું પણ નથી. જેમાં ને તેમાં ગરજ મુખ્ય વાત છે. સંસારવહેવારમાં પણ જ્યારે પાકી, પૂરી ગરજ જેને વિશે લાગેલી હોય છે, તેની સાથે ગમે તેટલો વિરોધ હોય છે, તેને (વિરોધને) પણ ત્યારે જતો કરી શકાય છે, ને જેને કાજે ગરજ લાગી હોય છે, હેતુ સરાવી લેવા કાજે એને વળગવાનું બની શકતું હોય છે. એવાનું કશું આડુંઅવળું જોવાનું ત્યારે બનતું હોતું નથી અને કદાચ જો જોવાઈ જવાનું બન્યું, તો તેને સમૂળગું જતું કરવામાં સંસારી લોક માનતા હોય છે. ઊલટું એવી વેળાએ એને રાજી રાખવામાં જ સંસારી લોક તો માનતા હોય છે.

## પ્રેમભાવ વગેરેની પણ અનિવાર્ય જરૂર

સંસારવહેવારનાં કર્મમાં એકલી ગરજથી ચાલી શકે છે. તે પ્રકારની ગરજમાં પ્રેમ તો મુદ્દલે હોતો નથી. તેમાં હૃદય પણ નથી હોતું. સંસારવહેવારમાં કર્મમાં પ્રગટેલી ગરજમાં તો પ્રચંડ, દંભ, દાવપેચ વગેરે વગેરે પણ જરૂર હોય છે. જ્યારે જીવનના ઊર્ધ્વ માર્ગ પરત્વેના આરોહણમાં તો ગરજ પણ પાકી જોઈશે, ને તે સાથે હૃદયનો પ્રેમભાવ પ્રગટેલો હોવો

જોઈશે, વળી, તેમાં સાચેસાચી નેકદિલી પ્રગટેલી હોવી જોઈશે. જે કાજે ગરજ જાગેલી હોય છે, તે ફળીભૂત કરવા માટે મરી ફીટવાની આત્યંતિક તૈયારી પણ હોવી જોઈશે.

કંઈ કશા પર તિરસ્કાર કરવાથી તેમાંથી નીકળી શકાતું નથી, પણ ઊલટું કળણમાં વધારે ખૂંપી જવાય છે. જીવનવિકાસના માર્ગમાં તિરસ્કાર, ઘૃણા, વેર, નિંદા, અવમાનના, અવગણના વગેરે વૃત્તિને સ્થાન જ નથી. ઘણાને એમ કહેતા જાણ્યા છે કે 'પાપની નફરત કરતાં શીખો, પાપીની નહિ.' પરંતુ પાપ ને પાપી તે બંનેને એકબીજાથી જુદાં જુદાં સમજી તેમ ગણી શકવાની ને ખપમાં લાગી શકે એવી વિવેકશક્તિ સામાન્ય જીવમાં તો નથી હોતી. એટલે પાપની નફરત કરવાની સાથે આપણું મન પાપીને પણ તેમાં સમાવી દેતું હોય છે. માટે આપણે તો સર્વ પરત્વે, સારા કે નરસા પરત્વે, એકમાત્ર જીવતો સદ્ભાવ જ રાખ્યા કરવાનો છે. જો આપણા જીવનમાં જીવનવિકાસની ભાવનાનું મહત્ત્વ પ્રગટેલું હશે, તો તો નરતાની પરત્વે આપણે વળતાં વળતાં જાગી જઈને બચી શકવાના છીએ, તે નક્કી જાણવું.

## પ્રેમભક્તિથી તરબોળ હૃદય જોઈએ

સદ્ગુરુનાં વચનનો વર્તાવ કરતાં કરતાં મૃત્યુ આવે, તો તેને પણ પ્રેમથી સ્વીકારવાની તૈયારી સાધકનામાં પ્રગટેલી હોવી જોઈશે. આ જીવને સદ્ગુરુની કૃપાથી એવી પરીક્ષામાં ઊતરવું પડેલ છે. એવી આકરી પરીક્ષામાંથી પાર ઊતરવું, તે કંઈ એમનું એમ બની શકતું નથી. હૃદય, હૃદય સાથે પ્રેમભક્તિથી તરબોળ થઈ ગયેલ હોય, જીવનવિકાસના માર્ગ કાજેની ભાવનાને આકાર દેવાની જીવનની જ્વાળામુખીના

સમી ધગધગતી તાલાવેલીપૂર્વકની જ્ઞાનયુક્ત ગરજ લાગેલી હોય, તો જ તેમ બની શકે છે.

**સદ્‌ગુરુના હૃદયનો ભાવ એ એક એવું બળ છે કે જેનો જો જીવનમાં અનુભવ થાય છે, તો પછી તે કદી અદૃશ્ય થઈ શકતો નથી.** એના આધારે પછી જીવનમાં ઘણું કરી શકાતું હોય છે, શ્રીભગવાનની પર જે તે બધું મૂકી શકવાની, છોડી દેવાની, પ્રેમભક્તિજ્ઞાનયુક્ત શરણાગતિ જીવનમાં જ્યારે પ્રગટે છે, ત્યારે જ એના આધારની સાચી સમજણ આપણામાં પ્રગટે છે. ત્યાં સુધી તો જે તે બધું માત્ર બોલવામાં રહે છે. જીવન પરત્વેનો અને જીવનવિકાસની ભાવના કેળવવા કાજેના સાધન પરત્વેનો, યોગ્ય ઊંડો પ્રેમ પ્રગટ્યા વિના કશું બની શકતું નથી. એવો હૃદયનો પ્રેમભાવ પ્રગટતાં પ્રગટતાં તેમાંથી જીવનમાં સહજતા ને મૌલિકતા આપોઆપ પ્રગટે છે. કંઈક કશા કાજે જો ખરેખરો સ્વાર્થ લાગેલો હોય છે, તો તેની પાછળ ને પાછળ આપણે ફર્યા કરતાં હોઈએ છીએ, એવો સંસારનો નિત્યનો અનુભવ છે. એવો સ્વાર્થ પણ આપણને આપણા કામ કાજે હજી ક્યાં પ્રગટ્યો છે ? મને તો સમજાતું નથી કે આગળની વસમી વેળાએ કેવી રીતે સાથ રહી શકવાનો છે ! માટે કૃપા કરીને જાગીને સમજવાની ઘણી ઘણી જરૂર છે.

ત્યાંથી શ્રી..... એ અમને કાગળ લખેલ, 'જ્યાં જવાનું ન હોવું ઘટે, ત્યાં પણ જવાનું આકર્ષણ થયા કરે છે, ને તેમ થઈ જાય છે તો શું કરવું ?' એનો તો શ્રી... ને જવાબ લખેલ, 'સદ્‌ભાવ, આદર, માન તે વ્યક્તિ માટે હૃદયમાં ઊપજે તો કંઈક દહાડો વળે.' **જે જીવ બાળકના જીવનને કચરી નાખે, તે અમારે મન રાક્ષસી પ્રકૃતિનો છે.**

## શૂર સંગ્રામ કો દેખ ભાગે નહિ

જીવનવિકાસના હેતુથી જે જે સ્વજન પ્રભુકૃપાથી મળેલાં છે, તેમને જ્યારે જ્યારે જીવનથી ભાગતાં કાયર બનેલાં જોઉં છું, ત્યારે મારા દિલમાં એક પ્રકારના સંતાપ, ત્રાસની ભયંકર કંપારી વછૂટે છે. દિલમાં થાય છે, 'આ બધા જીવો ચેતનને અનુભવવા જીવનને ઘડવા ઈચ્છે છે, પણ એમને જીવન-સંગ્રામ ખેલદિલીથી ખેલવાનું તો ગમતું નથી ! એ તો ડગલે ને પગલે પીછેહઠ જ્યાં ત્યાંથી કરતાં હોય છે. એવાં તે ચેતનને અનુભવવાની વાત શેં કરતાં હશે ?' સાચા સાધક જીવને તો જીવનસંગ્રામની કઠણાશ ઘણી ગમવી ઘટે. જીવનમાં સંગ્રામને પ્રગટેલો જોઈને, તેના શહૂરને કોઈ મર્યાદા ન રહેવી ઘટે. સાધકના જીવનનું ખમીર તેવી વેળા કોઈ અનોખા પ્રકારનું જ્વાળામુખીની પેઠે પ્રગટી ઊઠે છે. એને રોમેરોમ પરાક્રમ ઝળહળી ઊઠે છે. એના નયનમાં કોઈ અવનવું નૂર પ્રગટે છે. એના હૃદયમાં સાહસ, હિંમત, બળ પ્રગટેલાં અનુભવાય છે. તે વેળા એની નસેનસમાં જે શૌર્ય પ્રગટે છે, તેનાથી તે રાતોમાતો થતો હોય છે. એ મુશ્કેલીઓને ગણકારતો નથી. એના જીવનધ્યેયની મહત્ત્વાકાંક્ષાની ખુમારી એના હૃદયમાં જે પ્રગટેલી હોય છે, તે ખુમારી, તેનો નશો-એના બળ વડે ગમે તેવા ભયંકર ખૂનખાર સંગ્રામને પણ જીતી એની પેલી પાર પહોંચી જવા એ સદાય ઉદ્યત બન્યા કરતો હોય છે. મહત્ત્વાકાંક્ષાની ખુમારી કોઈ ઑર હોય છે. જેનામાં એવી ખુમારી પ્રગટેલી ન હોય તેણે સમજી લેવું ઘટે કે તેનામાં હજી સાચી મહત્ત્વાકાંક્ષા જન્મેલી નથી.

## એકલતા નહિ જ

જીવનવિકાસને કાજે મળેલાં સ્વજન જ્યારે એકલતાની વાત કરે છે, ત્યારે આંખમાં કણ જેમ ખૂંચે ને કેવું દર્દ થાય, તેમ તેવાં સ્વજનની તે હકીકત મને ખૂંચતી હોય છે. શું તેઓ જીવનવિકાસને કાજે મળેલાં છે, તે હકીકત જ જૂઠી છે ? જે જીવને જીવનની ઊર્ધ્વગતિ કરવી છે, જેને તેવા જીવનની ઊંડી મહત્ત્વાકાંક્ષા છે, તેને વળી એકલતા સાલે કેવી રીતે તે જ મને તો સમજમાં આવી શકતું નથી. જેના દિલમાં ભાવના છે, જેને કોઈના વિશે હૃદયમાં ઉત્કટ પ્રેમભાવ છે, તેને વળી એકલતા કેવી ! જીવનને જે ઘડવા માગતો હોય, તેને તો જીવનની પુનર્રચનાના જ ખ્યાલો જીવનને ભાવાત્મકપણે રચનાત્મક કરવાનાં સ્વપ્નો જાગે છે. જે જીવનને આ પારથી પેલે પાર લઈ જવા ઇચ્છે છે, તેને વળી એકલતા કેવી ?

## જીવન કાજે મરી ફીટો

જ્યારે જ્યારે સ્વજનોને એકલતા, નિરાશા, ગ્લાનિ, શોક, દિલગીરી, સંતાપ-એવી એવી વૃત્તિમાં પડીને ખાલી ખાલી બૂમબરાડા પાડતાં સાંભળું છું, ત્યારે દિલમાં થાય છે, ‘આ બધાં ખાલી ખાલી જીવનવિકાસની કંઈ પણ ધગશ પ્રકટ્યા વિનાનાં જે તે બધાં મળેલાં છે, એમને કશી જીવનની પડેલી નથી.’ જીવન કાજે મરી ફીટવાની તમન્ના હજી જ્યાં સુધી હૃદયમાં પૂરી પ્રગટેલી નથી, ત્યાં સુધી જીવનવિકાસની વાતો એ તો હવામાં બાચકા ભરવા જેવું છે.

## પ્રેમભાવ તો પરખાય જ

જીવનમાં વિકાસ કાજે મળેલાં સ્વજનને, તેમના જીવનના ઘડવૈયા અને જીવનને પ્રેરવનાર કાજે દિલમાં જો સાચો,

ખરેખરો પ્રેમભાવ પ્રગટેલો હોય, તો તો તે પણ પરખાયા વિના કેમ રહી શકે ? હૈયામાંના પ્રેમભાવનું આકર્ષણ કોઈ ઑર હોય છે. પ્રેમનું પ્રત્યક્ષ લક્ષણ આકર્ષણ છે. વળી, હૃદયના પ્રગટેલા પ્રેમભાવનું લક્ષણ જ એકમેક, એકરસ થઈ જવાનું હોય છે. એવો હૃદયનો પ્રગટેલો પ્રેમભાવ તો દોષને ઘોળીને અમૃતના સ્વાદે પી જતો હોય છે. દોષ પી જઈને એને મઠારવા કાજે તેનામાં અમૃત પ્રગટાવવા તે તેને ઠપકારે છે પણ ખરો.

## આ તો ઘણું ઓછું છે

મારાં સ્વપ્નોને જીવનવિકાસની ભાવનાના ગજે સમજવાનું થતાં હજી તેમને અનેક રીતે અધૂરા જોઈને દિલમાં આગ પ્રગટેલી છે. એ આગમાં તરફડ્યા કરું છું. આ બધું કંઈ કલમને ગોદે લખેલું નથી. બધાંને પ્રાર્થનાભાવે સાદ કરું છું, 'તમારે પનારે પડેલાને મદદ કરો !' સ્વજનને પરસ્પરના દોષ નિહાળતા દેખું છું, ત્યારે તેમના પરત્વેનો હૈયાનો પ્રેમ પ્રભુકૃપાથી ડોકિયું કરી કહેતો હોય છે, 'આટલા ને આવા તમારા બધાંના જીવપણાથી જીવનના હિમાલયના ગૌરીશંકર શિખર પર કેમ ચઢી શકાશે ! જીવનમાં તેજસ્વી ઓજસ કેવી રીતે પ્રગટી શકવાનું છે !' હૈયાના ભાવની ઉદાત્તતા, વિશાળતા, ઉદારતા, મહાનતા, એ બધું ભલે પ્રયત્ન થતાં થતાં પ્રગટ્યા કરે, પણ કોઈ મહાન કર્મ હાથમાં લેતાં પહેલાં તેના કાજેનો જે જુસ્સો જીવનમાં પ્રગટેલો હોવો ઘટે તે જુસ્સો જ્યારે સ્વજનના દિલમાં અનુભવાતો નથી, ત્યારે હવે મૂગું બેસી નથી રહેવાતું. ને એથી કરી જ્યારે બોલું છું ત્યારે કોઈ કોઈ સ્વજન 'આ જીવ હવે કંટાળ્યો છે,' એમ પણ બોલી દે છે, એ પણ બલિહારી છે. અદમ્ય

જુસ્સો પ્રગટ્યા વિના આ માર્ગ પર ચાલી શકવાનું કદાપિ શક્ય નથી. ભલે બધાં મૂકી દે તેની મને પરવા નથી, પણ બધાં સાચી હકીકત સમજી લે, તે તો ઘણું ઘણું જરૂરનું છે.

## બળતા હૃદયના ઉદ્‌ગારોનો હેતુ

તો કોઈ કહેશે કે 'તમે ત્યારે એમની એવી શક્તિ જોયા કર્યા વિના શેને કાજે તેમને સ્વીકારવાનું કર્યું ? મેં તો આ માર્ગની ગંભીરતાની હકીકત પહેલેથી જેને તેને જણાવી છે. કોઈને પણ આંધળિયાં ન કરવાની સલાહ આપેલી છે. વળી, આપણને તો આંધળિયાં કરતાં પણ ક્યાં આવડે છે ? હૃદયમાં ઊંડો ઉત્કટ ભાવ પ્રગટેલો હોય છે ત્યારે જ જીવનને ખરેખરો રંગ ચઢતો હોય છે. એવા રંગની મસ્તી પણ કોઈ અનોખી હોય છે. એવા જીવનની ધૂન કોઈ ન્યારી ન્યારી જ હોય છે. જીવનનો વિકાસ કરવા નીકળેલ સ્વજનના જીવનમાં એવી ધૂન પણ હું તો જોઈ શકતો નથી. આ કંઈ મારા નિરાશાના ઉદ્‌ગારો નથી, પરંતુ સ્વજનના જીવનમાંની જે જે સાચી હકીકત છે, તેનું તેમને સાચું જ્ઞાન પ્રગટાવવાને કાજે બળતા હૃદયે લખેલા આ ઉદ્‌ગારો છે. પ્રભુકૃપાથી જો સ્વજન ચેતે તો તેમને ચેતાવવા કાજે તેમનાં ચરણકમળમાં આ ઉદ્‌ગારોની ભાવ અંજલિ મૂકેલી છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૮-૮-૧૯૫૩*

પુસ્તકના પૈસા અંગે તને ત્યાં વિચાર પ્રગટેલો તો તે જ અંગે તને તે વિશે લખેલું છે. વિચારોની કેવી ભેટ થતી હોય છે !

## સારું સારું જ નહિ લખું

તને જે કાગળ લખું, દાખલા તરીકે તા. ૫-૮-૧૯૫૩ના રોજ અહીંથી જે કાગળ લખ્યો છે, તે કડક લાગે તેવો છે,

પણ જો જીવનવિકાસના વિજ્ઞાનશાસ્ત્રની દૃષ્ટિએ તેનો ભાવાર્થ સમજીએ તો તે કાગળ તો ઘણો સુંદર છે. જો જીવનમાં જીવનની સાચી મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી હોય, તો તેનું પ્રત્યક્ષ લક્ષણ તો ખુમારી છે. જો અમુક અમુક હોય તો તે તે અંગેનું બીજું શું શું હોય તે આપણી સમજમાં ઊતરે તેટલા કાજે હું તો આ બધું લખી રહેલો છું. કોઈને નિરુત્સાહ કરવા કાજે તે નથી. મારાથી માત્ર એકલું સારું જ લગાડવા કશું લખી શકાતું નથી. ભાવનાને તેજસ્વિતપણે પ્રગટાવવા કદીક તેવું લખવાનું બને છે ને તે પ્રમાણે તને લખ્યું પણ છે, પરંતુ જો સાધક જીવનામાં પોતાનામાં કશા પ્રાણ પ્રગટેલા ન હોય, તો તેમાંથી સાચો ઉઠાવ થઈ શકતો નથી તેવું અનુભવેલું છે. જીવનને સામે રાખીને તેને યોગ્ય ઉઠાવ આપવા કાજે, જે તે વર્તાવ કર્યા કરવો તે શ્રેયસ્કર છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૭-૮-૧૯૫૩*

## મહત્ત્વાકાંક્ષાની જરૂર

પ્રભુકૃપાથી જીવનના સદ્‌ગુરુએ લક્ષણોથી જે તે ઓળખવાનું કહેલ, ને તે પ્રમાણે આ જીવે પોતાને પણ માપ્યા કરેલો છે. પ્રભુકૃપાથી એ જીવની જ્યારે સાધના થયા કરતી હતી તે વેળા પણ તે તપાસતો હતો કે, જીવમાં જીવનને પલટાવવા કાજે જે પ્રચંડ મહત્ત્વાકાંક્ષા પ્રગટેલી હોવી ઘટે તેવી મહત્ત્વાકાંક્ષાનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે કે કેમ ? એવી મહત્ત્વાકાંક્ષાનાં પણ પ્રત્યક્ષ લક્ષણો-એક તો તેની ખુમારી, એક પ્રકારની ધ્યેયની દિશા પરત્વેની ધૂન ને એની મસ્તીનો નશો, એના પરત્વેનું પ્રગટેલું એકરાગપણું, એના પરત્વેની તન્મયતા, એકતાનતા-આ બધાં જો જીવનમાં આપણને પ્રગટેલાં નહિ હોય, તો તો સંસાર, સંસારનું વાતાવરણ, આપણું પોતાનું

મન, પોતાના જ પ્રાણ, પોતાનું અહમ્ આપણા ધ્યેયના આદર્શોને ક્યાંય ઉથલાવી નંખાવશે.

## એ તો નોખો જ તરી આવે

જીવનમાં જો ઊર્ધ્વવિકાસ કરવાની ઉત્કટ ઝંખના જેને છે, તેણે તેની મહત્ત્વાકાંક્ષાને સળગતી ને ઝળહળતી રાખ્યા કરવાની રહેશે. જે જીવને પોતાના ધ્યેયના આદર્શની પડી છે, તેની આખી જાતભાત સર્વથી કોઈ નોખા પ્રકારની તરી આવતી અનુભવાય છે. એની વાણીમાં, એના વર્તાવમાં, એના સંપર્કમાં, સંબંધોમાં, વહેવારવર્તનમાં એના ધ્યેયના આદર્શને વર્તનમાં ઉતારવાની ઝલક વર્તાયા વિના રહી શકતી નથી.

## મને કોઈ બોલાવે છે !

આપણને કોઈ જાણે આકર્ષતું હોય છે, આપણને કોઈ જાણે દોરી લઈ જઈ રહ્યું છે, એમ લાગવું ઘટે. આપણને જાણે કોઈ આઘે આઘે ક્ષિતિજની પેલી પાર બૂમ પાડી પાડી પોકાર દઈ બોલાવી રહ્યું હોય ને તેના સાદને આપણે નકારી ન શકતાં હોઈએ, આવા અનુભવ જિંદગીના વિકાસની ભાવનાવાળા સાધકને થયા વિના રહી શકતા નથી.

## જીવનઆદર્શનું આકર્ષણ અને પ્રકૃતિ વચ્ચેનો સંગ્રામ

એના ધ્યેયના આદર્શનું આકર્ષણ એક બાજુ થતું રહે છે, એનો જાદુભર્યો સ્પર્શ દિલમાં ઑર પ્રકારની તાજગી, નૂતન થનગનાટ પ્રગટાવે છે, ને એના ભાવને લીધે નૂતન જીવન પ્રેરાયા કરતું હોય છે. અને તે સાથે સાથે પોતાની પ્રકૃતિ અનેક પ્રકારની સૂક્ષ્મ રમતો એને પાછો પાડવાને કારણે રમ્યા કરતી હોય છે.

જીવનવિકાસનો માર્ગ જેટલો કઠોર ને તપશ્ચર્યાભર્યો હોય છે, તેવો બીજો કોઈ નહિ હોય, પરંતુ તે સાથે સાથે એનું ખેંચાણ પણ દિલને હલમલાવી, મુગ્ધ ને સ્નિગ્ધ કરી નાખે તેવું છે. દિલના થનગનાટ, તનમનાટ, તરવરાટ વગેરે એને કોઈ પણ એકની એક પ્રકારની સ્થિતિચુસ્ત દશામાં પડી રહેવા દઈ શકતાં નથી. એને કંઈક આડુંઅવળું થતાં ચેન પડી શકતું નથી. એની સાથે ઝનૂનથી ને દિલથી સંગ્રામમાં ઊતરે છે, એને હરાવ્યા વિના દિલમાં એને જંપ વળતો નથી. એમ કરતાં કરતાં કદાચ તે હારે છે, તો તે માથે હાથ દઈને પડી રહી શકતો નથી. વારંવાર એના પ્રયત્ન (એના માર્ગ પરત્વેના આરોહણની દશામાં) સતત ચાલુ રહ્યા કરતા જ હોય છે.

## તમન્નાવાળાનો ઑર અજંપો

જેમ જેમ એની આવી જાગૃતિ જીવતી થતી જાય છે ને એમાં ચેતન પ્રગટતું જતું હોય છે, તે પછી આવાં યુદ્ધોના આકાર પ્રકાર પણ બદલાતા રહે છે. જે જીવને આદર્શના શિખરે પહોંચવાની ઉત્કટ તમન્ના જાગે છે, તે ટૂંટિયું વાળીને કદી પણ પડી રહી શકતો નથી. એનો અજંપો કોઈ જુદા પ્રકારનો હોય છે. જેને જે દિશામાં જવું છે, તે દિશામાં જવાનું તે ભૂલી કેમ શકે ?

## હૃદયભાવના વિનાના પ્રયત્ન નકામા

જેને જવાનું જો ભાન જ રહેતું નથી, તો જાણવું કે જીવનના આદર્શને આકાર પમાડવાનું હજુ પૂરું દિલ પ્રગટેલું નથી, તો તેણે હજી વધારે પ્રયત્ન કરવાના રહે છે. પ્રયત્નમાં જ્યારે હૃદયભાવના ભળે છે, ત્યારે પ્રયત્ન વધારે યોગ્ય પ્રકારનો થતો હોય છે. ખાલી ખાલી, એકલા લૂખા લૂખા,

કોરા પ્રયત્નથી પણ કશું વળી શકતું નથી. કેટલાકમાં પ્રયત્ન થયા કરતા હોય પરંતુ એના urgeનું (પ્રેરણાત્મક જુસ્સાનું) મૂળ કોઈ જીવ પ્રકારનું હોય છે. વળી, કોઈકનામાં તેનું મૂળ બુદ્ધિમાં, કોઈકનું મનમાં, કોઈકનું નિમ્ન પ્રાણમાં, કોઈકનું અહમ્‌માં એમ જુદું જુદું હોયા કરે છે. કેટલાકમાં તો માત્ર જીવન અને જીવનની કઠોરતા અને જીવનના ઘોર સંગ્રામમાંથી ભાગી છૂટવાની વૃત્તિ કામ કરી રહેલી હોય છે. દિલથી લાગેલી તમન્નાનો પ્રકાર કોઈ જુદો હોય છે.

**દિલની પ્રાર્થના પણ તમન્ના વિના અશક્ય છે**

આ માર્ગમાં એ પ્રકારની ઉત્કટ તમન્ના હોય, તો એમાં આપોઆપ સહજતા, સરળતા પ્રગટ્યા કરે છે. આ દશા જો આપણી ન પ્રવર્તતી હોય, તો આપણામાં ક્યાંક વિકૃતિ છે એમ સમજવું. થતા રહેતા પ્રયત્નમાં સદ્‌ભાવના ન પ્રગટતી હોય, તો આપણે પોતાને લાખ વાર વિચારવું. સાચા દિલના થતા રહેતા પ્રયત્નમાં સદ્‌ભાવ પ્રગટે છે, તો પ્રયત્નમાં સહૃદયતા કેમ કરીને પ્રગટે તે આપણે શોધી કાઢવું. જો ખરેખરી ઉત્કટ તમન્ના પ્રગટેલી હોય, તો તેમાંથી સહૃદયતા પ્રગટવી ઘટે. પ્રત્યેક પળ જીવતી બન્યા કરે, એવી જાગૃતિ પ્રયત્નપૂર્વક, જ્ઞાનપૂર્વક એની કૃપાથી કેળવ્યા કરવાની રહે છે. જે કાજે આપણને લાગી આવવાનું બનતું હોય છે, તે કાજે હૃદયથી પ્રાર્થના પણ થઈ શકતી હોય છે. જેમાં ખરું ઊંડું લાગવાપણું પ્રગટે છે, તેવા પ્રકારની દશામાં પ્રાર્થનાનો સૂર પણ અંદરથી ઊઠે છે. દર્દ વિના ભાવ પ્રગટવો મુશ્કેલ છે. તે વિના પ્રાર્થના તો થતી હોય છે, પણ તે માત્ર ઉપર ઉપરથી. એમાં એનું ઊંડાણ ન જ હોય. સાધકને જે તે બધું હૃદયમાં હૃદયથી ઊંડું ઊંડું લાગવું જોઈશે. લાગ્યા વિના લગાડી

શકાતું નથી. ચેતવું હોય તો અગ્નિનો સ્પર્શ જરૂરનો છે. એનાથી કરી દાઝવાનું બને ને તેનાથી જે ભડકે એવા જીવનું આ માર્ગમાં કામ નથી. દાઝવાનું પણ શુદ્ધિ કાજે છે, એવો અનુભવ જ્ઞાનપૂર્વક થાય તો જ તે ખપનું, બાકી નહિ. જીવનના ધ્યેયના આદર્શનું ભલે જે કંઈ સ્વપ્ન છે, ને જેવું છે, એવું તે ભલે હોય, પણ ઉત્કટ દશાના સ્વપ્નનું પણ એક પ્રકારનું ઘેન રહેતું હોય છે. એવું ઘેન પણ જો હોય, તો તેમાંથી જ-તેનાથી પણ-ને તેને પણ સાધન બનાવીને. જીવનધ્યેયને જીવતું કરાવી શકાય છે.

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૮-૮-૧૯૫૩*

## દિલ રેડીને લખ્યું છે

પેલાં કલકત્તાવાળાં બહેનનો કાગળ વાંચી હૈયું ગદ્ગદ થયું. પ્રભુની કેવી કૃપાકળા છે ! કોઈકના પરનું લખેલું લખાણ તે વળી કોઈકને પિગળાવી શકે છે ! એ પરથી તને એટલી તો ખાતરી થશે જ કે આ જીવે તને જે લખ્યું છે, તે બીજાં સદ્ભાવી હૈયાંને પણ સ્પર્શ કરી શકે એવું છે. **મને તો દૃઢ આત્મવિશ્વાસ છે કે મેં મારાં સ્વજનોને દિલ રેડીને લખ્યું છે,** આમ, જે લખાણો છપાયાં છે, તેમાંથી જો કોઈક જીવને સ્પર્શ થયો, તો પ્રભુકૃપાએ લેવરાવેલ સકળ શ્રમ સફળ થઈ કૃતકૃત્ય થઈ શકવાનો છે. એ બહેનનો કાગળ પરમ પૂજ્ય શ્રીનાનચંદ્રજી મહારાજ સાહેબને મોકલેલો છે. એમની (તે બહેન) સાથે પત્રવહેવાર કરતી રહેજે.

ચોપડી કાજે પૈસા ઉઘરાવવાની બાબતમાં તને તા. ૩-૮-૧૯૫૩ને રોજ ટ્રિચિથી લખેલું, ને તેં તે હકીકત તારા ત્યાંથી લખેલ તા. ૪-૮-૧૯૫૩ના કાગળમાં લખેલી છે. આવું પ્રભુકૃપાથી બની જાય છે.

પથ્થરમાં શિલ્પકળાને ઉતારવી હોય તો ટાંકણું જોરથી જ ઠોકવું પડે.

## પ્રેમભાવથી ને પોતાના વિકાસને માટે જે તે કંઈ કરો

તને જે કંઈ ચીંધવાનું બને, તે કામ મારું ગણવાનું ન હોય, પણ પોતાના જ વિકાસ કાજે સોંપાયેલું છે, એવી ભાવનાથી ને હૃદયના ઉમળકાથી તે થાય-થઈ શકે-તેવું લાગે તો જ કરવું. બેળે બેળે કે ત્રાસથી કદી ન કરવું. તેવાં કર્મ કાજે, કદી પણ આ જીવને દોષ દેવા આવે એવું સહેજ પણ લાગે, તો તેવું કામ ન કરવું તે ન જ કરવું. એમ ના કહેવાથી આ જીવ નારાજ થશે, એવું કદી પણ મનમાં લાવવું નહિ. મને કેટલાકના અનુભવ આવા થયા છે, માટે મારે તને કહેવું પડે છે, માટે કૃપા કરીને હું તો પહેલેથી સ્પષ્ટતા કરી લેતો હોઉં છું. જેને હૃદયમાં હૃદયથી ભળવાનું દિલ જાગેલું હોય, તેનું જ આ કામ છે.

## તમન્નામાં ઊણપ

જેને મથવાનું જ ન રુચતું હોય, તેને કાજે આ માર્ગ નથી ને મથવું શેમાં નથી પડતું ? જ્યાં જ્યાં નજર પડે છે, ત્યાં ત્યાં મથવાનું તો પ્રગટે છે જ. તો પછી અહીં કેમ જીવ પાછો પડતો હોય છે ? કારણ કે તેમાં કેટલાક કહે છે કે તાત્કાલિક પરિણામ દેખાતું નથી. ના, તે ખરું કારણ નથી. ખરું કારણ તો આપણને ખરેખરો રણકો દેતો urge (ઉત્કટ તમન્ના) પ્રગટેલ નથી.

## સાચાને તો યુદ્ધ ચાલુ જ હોય

સાચા માનવીને અને તે રીતે મથનારને જ વધારે મુશ્કેલી નડવાની. બાકીનાને તો જેમ ગબડવું પડે, તેમ ગબડ્યે જ જવાનું હોય છેને ? સાચા માનવીને તો ડગલે ને પગલે

વિચારવાનું હોય છે. એને તો પળેપળ યુદ્ધની જતી હોય છે. એને તો આંતરબાહ્ય, બધે જ, જ્યાં ત્યાં સંગ્રામ પ્રગટેલો રહ્યા કરે છે. આવી પળે જે જીવ તેમાં સમજી સમજીને જેટલાં હૃદયથી શાંતિ, સ્થિરતા, સમતા, પ્રસન્નતા, ધીરજ, હિંમત વગેરે વગેરે ચેતનપૂર્વકની જાગૃતિથી રાખી શકે છે, તેટલા પ્રમાણમાં તે તેમાં જીવતો ટટાર પ્રભુકૃપાથી ઊભો રહી શકે છે.

## હૃદયની ધા કદી નિષ્ફળ ન જાય

પ્રભુને ચરણકમળે જે હૃદયથી ધા નાખે છે, એવી એની ધા મિથ્યા જઈ શકતી નથી, પણ આપણને હજી ધા નાખતાં પણ ક્યાં આવડે છે ? પણ તેથી નિરાશ થવાની જરૂર નથી. **જો કોઈ પણ જીવનું હૃદય ચેતન પામેલા આત્માના હૃદય સાથે મળી જઈને એકરસ થઈ જાય, તો તેને ધ્યેયની સિદ્ધિ તે હસ્તામલકવત્ છે,** તે નિશ્ચે કરી જાણજે. માટે હિંમત ધારીને, પોતાનામાં જ મગ્ન રહ્યા કરવામાં સાર સમજીએ.

## યજ્ઞભાવે કર્મનાં શુભ પરિણામ

નિરપેક્ષ બનીને યજ્ઞભાવનાથી જ્ઞાનપૂર્વક કર્મ કરતાં રહીએ, તો જ તેવાં તેવાં કર્મમાં ગૌરવ જન્મે છે. એવું ગૌરવ જીવનમાં માદકપણું પ્રગટાવે છે. એવું ગૌરવ જીવનને જીવવા લાયક બનાવે છે, જીવનમાં મધુરપ પેદા કરે છે, જીવન જીવવાના ઉમંગ, ઉત્સાહ પ્રગટાવે છે, જીવનમાં મુશ્કેલી વગેરેને તે કદી પણ ન ગણકારવાને આંખ આડે હાથ દઈ દેતું હોય છે. એને તે નકારે છે, ને તેથી પણ તે ન જતું રહે, તો કમર કસી બેઠું થઈ એની સામે પણ થતું હોય છે. તેવા ગૌરવનો એવો ઉન્માદ જીવનમાં પ્રગટેલો હોય છે.

## દ્વંદ્વાતીત થવાનો ઉપાય

આપણે બધા જીવપ્રકૃતિના છીએ ત્યાં સુધી કોઈ ને કોઈ જીવ પ્રકારનું આકર્ષણ, ઘર્ષણ, ગડમથલ, ખેંચાણ, તંગપણું, દ્વિધાપણું વગેરે વગેરે આપણામાં પેદા થયા જ કરવાનું. એને નિવારવાને કાજે ઉપાય શો ? એકલા વિચારના બળે, એકલી બુદ્ધિના બળે કે તેવા પ્રકારની સમજણની ઉત્કટતાને કારણે, તે બધાં ટાળ્યાં ટાળી શકાતાં નથી. અથવા તો તે તે બધાં નકારાત્મક વલણો છે, ને જીવને જીવપણામાં જ રાખવાવાળાં છે, ને તેથી જીવને વધારે જકડાઈ જવાનું બનતું હોય છે, એવી સમજણ પણ જીવને તેવા પ્રકારનાં વલણમાંથી ઉગારી શકવાને સમર્થ નીવડી શકતી નથી. તે શક્ય બનવા કાજે તો દૃઢ મરણિયો, તે કાજેનો હૃદયનો હૃદયથી હૃદયમાં જીવતો પ્રગટેલો નિર્ધાર જ ખપમાં લાગે છે. એવા નિર્ધારનું પ્રત્યક્ષ લક્ષણ તે પ્રકારની ચેતનયુક્ત જાગૃતિ છે. તેવી જાગૃતિ જો રહ્યા કરતી હોય, તો નિર્ધાર પાકો થયો છે, તે નક્કી સમજવું.

## સંસારી સાંકળમાં કેદ પુરાઈ ન રહેવા કાજે પ્રાર્થના કરો

આધ્યાત્મિક જીવનમાં-જો તે સાચેસાચ તેના ભાવનાના પ્રકારનું જીવન હોય તો તેમાં-જીવપ્રકારની કામના, આશા, તૃષ્ણા વગેરેને તાબે થઈ જતાં, આધ્યાત્મિક જીવનને કશો અવકાશ હોતો નથી. તેવો સાધક કદી તણાય, પણ તેની ચોકીદાર સમી હૃદયની જાગૃતિ તેને તેમાંથી કાઢીને ઘસડી લાવી ઉપર ખેંચી આણે છે. સાંસારિક જીવનની સાંકળથી મુક્ત થઈ જ ન શકાતું હોય, ને બીજી બાજુ તેની મહેચ્છા

આધ્યાત્મિક જીવન પરત્વેની થોડી ઘણી પણ હોય, તો તેવા જીવે પ્રાર્થના કરી કરી શ્રીભગવાનની મદદ માગવી રહી.

**પ્રાર્થના ના ફળે તો.....**

તેનાથી (સાંસારિક પ્રકારના જીવપ્રકારનાં વલણમાંથી) નીકળી શકવાને તે મદદ માગ્યા જ કરતો હોય, છતાં ધારો કે કારી ન ફાવી શકતી હોય, ને હાર ને હાર જ મળ્યા કરતી હોય તો શું સમજવું ? તો તેવા જીવે એમ સમજવું કે હજી એને પ્રાણના ક્ષેત્રની લોલુપતા ટળેલી નથી. એમાં એનો જીવ લપેટાયેલો છે. એનાથી મુક્ત થવાનું એનું દિલ બળ્યું બળ્યું થઈ ગયેલું નથી. એની ઝંખના પ્રચંડ જ્વાળામુખીના જેવી ધગધગતી બની ગયેલી નથી.

**જાગૃતિની અનિવાર્યતા**

કોઈ જીવને બંને પ્રકારના માર્ગનું આકર્ષણ હોય- આધ્યાત્મિક જીવન પરત્વેની થોડીક રુચિ હોય, ને સાંસારિક જીવનની લતોમાંથી છૂટી ન શકાતું હોય, તો તેવા જીવે શું કરવું ? પહેલાં તો એવા જીવને સાંસારિક જીવનના નકારાત્મક, એટલે કે જીવપ્રકૃતિનાં વલણના કળણવાળા જીવન પરત્વેની અયોગ્યતા ખૂબ ખૂબ ઊંડી સાલતી હોય એવું અંતરમાં અંતરથી લાગી ગયેલું હોવું જોઈશે. એના તરફ એટલે કે સાંસારિક વલણ તરફ વળવાનું થતાં જ એનું મન જાણે પાછું પડતું હોય, એમ એને અનુભવથી લાગે, ત્યારે જ તેવા જીવની તેવા પ્રકારનાં વલણમાંથી પાછા વળવાની સદ્‌વૃત્તિ પાકવા માંડવાની અણી પર છે એમ ગણી શકાય. એવું થતાં તેની તે પ્રકારની જાગૃતિ, એનામાં તે વેળા પ્રગટેલી રહ્યા કરતી હોય છે. જે પ્રકારની જાગૃતિ હોય છે, તેવા પ્રકારના જીવન પરત્વે તેવા જીવની મીટ મંડાયા જતી હોય છે. જાગૃતિ એ સાધનામાં

ઘણી ઘણી આવશ્યક છે. તેના વિનાની સાધના જ શક્ય નથી. સંસારવહેવારમાં પણ જે કામ પાર પાડવાનું હોય છે, તે કામના પ્રકારની જાગૃતિ તે તે જીવને ત્યારે રહેતી હોય છે, એવો તો રોજનો દરેકનો અનુભવ છે.

## પ્રેમભક્તિ ફળે જ

ભલેને આપણે જીવદશાવાળા હોઈએ, તેમ છતાં ખરેખરા હૃદયની આપણી પ્રેમભક્તિ જો જીવનવિકાસના યોગ્ય સાધનમાં લાગી ગયેલી હોય છે, તો તે આપણને તેવાં તેવાં વલણમાંથી બચાવવાને તેની મદદ, આર્ત ને આર્દ્ર ભાવે હૃદયમાં હૃદયથી પોકારતાં મળ્યા કરે છે, આ જીવનો તેવો પ્રત્યક્ષ અનુભવ છે. એણે પ્રભુકૃપાથી સાધનામાં જ્યારથી પગલાં ભરવા માંડ્યાં, ત્યારે ઊંડું ઊંડું તટસ્થતાપૂર્વકનું પૃથક્કરણ શું, એની તેને ક્યાં ગતાગમ હતી ? એ કળા પણ પ્રભુકૃપાથી ઊગતાં ઊગતાં ઊગી. કંઈ કંઈ વલણો મનનો કબજો લઈ લેતાં ! તે વેળા બીજો કશો ઉપાય કે શક્તિ તો હાથમાં ન હતાં. હતું એકમાત્ર સાધન, તે સદ્‌ગુરુ. એમના પરત્વેનો હૃદયનો ઘણો ઘણો પ્રેમભાવ હતો. તેમની ચેતનામાં દૃઢ ભરોસો ને વિશ્વાસ પાકેપાકા હતા. ખરેખરી રીતે બોલાવ્યે સાથ દઈ શકે તેવા છે, એવું આ જીવને તે વેળા પણ તેમના વિશે દિલમાં લાગેલું હતું. સાધનાના કાળમાં જીવનમાં કેવા કેવા પ્રકારના કળણમાં કળી જવાનું બનતાં, એના પરત્વે મન, પ્રાણ, અહમ્, બુદ્ધિ એનામાં ભેળવી મેળવીને એનાથી કરી આર્ત અને આર્દ્ર હૃદયની ભાવના પ્રગટાવીને તે સાધનથી તેને પોકારતાં, હૃદયે તેનું લક્ષ તે વેળા રહી શકે એવા ઉત્કટ ભાવનાપૂર્વકના પ્રયત્નમાં એકાગ્ર ને કેંદ્રિત રહ્યા કરી, તેવાં વલણમાંથી ઉગારવાને એને બસ સાદ આ જીવે પાડ્યા જ કરેલો. ને કોણ જાણે કેમ

એકદમ ઓચિંતું ઉપર તરી અવાતું ! આ જીવે તો તેવું પ્રભુકૃપાથી અનેક વાર કરેલું છે, ને એમની મદદ મળતી અનુભવેલી છે.

### પ્રાર્થનાની પણ કારી ન લાગી

એક વેળા એવી તો કટોકટીની પળ જીવનમાં પ્રગટેલી કે પ્રાર્થના, બીજાં સાધન ને એવું એવું બીજું કશું જ કામમાં ન આવી શકે. કંઈ જ કશી કારી ન ફાવી શકે. રાતની રાત રડ્યા કરતો, પ્રાર્થના પોકાર્યા કરતો. સ્મશાનમાં પાસે જ તળાવ હતું. તેમાં ઊભો રહી પ્રભુને મોટેથી પોકાર પાડતો, નામસ્મરણ તો બસ ગંગાની ધારની પેઠે ચાલ્યા જ કરતું. તે વલણ નિવારવા કાજે બીજા સ્થૂળ પ્રકારના ઉપાયો જાણતો તે બધા પણ લીધા કરતો હતો. તે વેળા સદ્ગુરુને સૂક્ષ્મ રીતે હૃદયમાં પ્રગટાવવાની કળા તો સાંપડી ન હતી. એટલે તેમની પાસે જઈ તેમને સાધનાગાળાની તે ગૂંચની વાત જાતોજાત કરવી અને તેનો ઉકેલ તેમની પાસેથી મેળવવો એમ દિલમાં થયું. એટલે એમને ખોળવા જવાનું દિલ બસ તલપાપડ બન્યું. સાધુનું પિયેર કુંભમેળો. તે સમયે કુંભમેળો હરદ્વારમાં ભરાવાનો હતો. મહામુશ્કેલીએ ત્યાં ગયો. ચાર દિવસ સુધી જ્યાં ત્યાં બધે ઊંઘ્યા વિના, એમને પોકાર પાડતાં પાડતાં, બસ શોધ્યા જ કર્યું. છેવટે મળી ગયા ત્યારે છેક પાસે જ ! મળવાની લગની એવી તો લાગેલી હતી કે એમને મળ્યા વિના બસ ચેન ન પડે. ભૂખતરસનું ભાન તે આગે રહેતું નથી, એવી એમને મળવાની હૃદયમાં હૃદયથી ખરેખરી ઉત્કટ ઝંખના પ્રગટેલી હતી. એમનાં ચરણકમળમાં માથું મૂકી બસ ક્યાંય સુધી પડ્યો રહ્યો. તે વેળા રડવાનું નહિ કરેલું, પણ તે સમયે જેમાંથી ઊગરવું હતું, તે જ કાજે હૃદયમાં હૃદયથી

પ્રાર્થના જ બસ કર્યા કરવાની પ્રભુકૃપાથી ચેતનપૂર્વકની જાગૃતિ હતી. એવા પ્રકારના પ્રાર્થનાભાવમાં લગભગ પોણોએક કલાક પડી રહ્યો હોઈશ. તે પછી એમણે આ જીવને ઉઠાડ્યો. મેં એમને કહ્યું, 'હું તો ચાર દિવસથી લાંઘ્યા કરું છું. પણ મને તમે અહીં નજીક જ છો, તે તો દેખાયું જ નહિ !' **'હું તો તને જોતો હતો, પણ જ્યાં સુધી તું મને જુએ નહિ, ત્યાં સુધીનું બધું નકામું.'** 'અરે બાપ ! મને જરાક બોલાવવો તો હતો ! આપને એમ પણ ન થયું કે આ છોકરો બિચારો ભૂખ્યોતરસ્યો એના ગુરુને ખોળ્યા જ કરે છે ને સાનભાન વિનાનો થઈ ગયેલો છે !' **'તને બોલાવવાનું કામ મારું નથી, મને બોલાવવાનું કામ તારું છે. તું મને જુએ નહિ, ત્યાં લગી બોલાવવું એ ફોગટ થતું હોય છે.'** ત્યારે આનો સૂક્ષ્મ અર્થ સમજવા જેટલી શક્તિ તો ન હતી, પણ એમના વિશે જે સદ્ભાવ અને શ્રદ્ધા આ જીવમાં હતાં તેથી તે વચન સ્વીકારાયું. કાળ જતાં એના મર્મ ને અર્થ પણ સમજાયા. જે કારણ કાજે ગયો હતો તે કારણથી મુક્ત થવાની સૂક્ષ્મ કળા અને સાધન કૃપા કરીને એમણે પછીથી આ જીવને બક્ષ્યાં. તે સાધન કરતાં કરતાં (પણ જેવું તેવું કર્યે ચાલી શકે એવું ન હતું) કંઠે પ્રાણ આવી જાય એવું હતું, પણ જે કરવું છે તે બસ કરવું જ છે. ને શ્રીસદ્ગુરુનાં વચનમાં જીવતો વિશ્વાસ હતો, તેથી તેમાં યાહોમ કરીને ઝંપલાવવાનું બની શક્યું. એવી રીતે અનેક વેળા આ જીવ જીવપ્રકારની પ્રકૃતિમાં હતો, તે વેળા શ્રીસદ્ગુરુની મદદ તેણે મેળવેલી છે.

## ગુરુની આજ્ઞાપાલનનો સાચો અર્થ

સદ્ગુરુનાં વચન ગમે તે ભોગે પાળવાની હૈયાની દાનત

તે વેળા જીવનમાં પાકી પ્રગટેલી હતી. તેમાં આમ કે તેમ કશું ન હતું. કશી સગડગ રહેતી ન હતી. બસ કહ્યું એટલે કરવાપણું હતું, એવી દશા થયેલી હતી. શરૂ શરૂમાં બેએક વર્ષ સુધી તેવી સ્થિરતા નહિ પ્રગટેલી. તે વેળા પણ તેમનું વચન તો પૂરેપૂરું પાળતો, પણ તેમાં વચનના અંતરસ્થ ભાવ વિનાના બીજા વિચારો આમતેમ પ્રગટ્યા કરતા હતા, તે પણ ખોટું હતું એવું તે વેળા જરૂર દિલમાં લાગતું હતું. તે વચન પાળતી પળે તેના ભાવ-હેતુ વિનાની કશી જ ઈતર પ્રવૃત્તિ ન ઊઠી શકે, તો જ તે વચન ફળદાઈ નીવડી શકે એવો અનુભવ કેટલાક તેવા પ્રયોગોને અંતે એની કૃપાથી મળી જવાનું થતાં, પછીથી તો તે પ્રમાણે વર્તવાનું એની કૃપાથી બની જતું.

## ઉત્કટ દુઃખમાંથી બળ ને આનંદ પ્રગટે

લખવાનું તાત્પર્ય તો એ છે કે આપણા-ભલેને જીવપ્રકારનાં વલણમાંથી ઊઠવાનો દૃઢ સંકલ્પ, ને તેવાં વલણમાં આપણને જીવતો ડંખ-ને તે પણ જેવો તેવો નહિ, પણ ઉત્કટમાં ઉત્કટ ડંખ-જીવને લાગવો ઘટે છે. સાચું લાગેલું ઉત્કટ દુઃખ જીવને જાગતો રાખે છે. તેની મર્મવેધક વેદના એને તેમાં પડી જતાં વારે છે. જીવપ્રકારનાં આશા, કામના, વાસના, તૃષ્ણા, લોલુપતા વગેરેને વશ ન થઈ જવાનું બળ સાધનાના એકધારા જીવતા અભ્યાસમાંથી પ્રગટતું હોય છે અને તે અનુભવથી ઉપયોગમાં આવતું આપણે પ્રત્યક્ષપણે તે તે વેળા સમજી શકીએ છીએ. એવું જીવન જીવવામાં જે આનંદ પ્રગટે છે, તેવો આનંદ કદી પણ જીવપ્રકારનાં વલણને ભોગવવાપણામાં સાંપડી શકતો નથી. આ માત્ર કંઈ કલ્પના

નથી, પણ કેટલાયે સાધક જીવોના જીવનની તે અનુભવની નક્કર કથની છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૫-૮-૧૯૫૩*

## સાંસારિક ને આધ્યાત્મિક જીવનના સ્વીકાર વચ્ચેનો ફરક

સંસારવહેવારવર્તનમાં પણ જીવનને સ્વીકારીને જ લોક વર્તતા હોય છે. તેવી રીતે આધ્યાત્મિક જીવન પણ કંઈક કશાથી નોખું હોઈ શકતું નથી. આધ્યાત્મિક જીવનમાં પણ જીવનનો સ્વીકાર કરવાનો હોય છે. સ્વીકારનો અર્થ જીવન જેવું છે તેવું, તેને સ્વીકારીને, આધ્યાત્મિક ભાવનાની આત્યંતિક દશા ને કક્ષાએ, તેને પહોંચાડવાનો તેમાં હેતુ રહેલો હોય છે. પહેલાં તો જીવનને ચેતનામાં પ્રાણપ્રતિષ્ઠાનો અનુભવ થઈ જવાની જરૂર હોય છે, ને તે તેની પરાકાષ્ઠાએ પહોંચ્યા બાદ, તેનો વિસ્તાર પણ થવા માંડતો હોય છે. જીવપ્રકારના માનવીઆધારમાં જે કરણો છે, તેમાં પ્રતિષ્ઠા છે જીવપણાનાં અહંપ્રધાન આદિ પ્રકૃતિપણાની, જ્યારે ચેતનના અનુભવના માનવીઆધારનાં કરણોમાં અહંપ્રધાન, પ્રાણપ્રધાન પ્રકૃતિપણાની પ્રતિષ્ઠા નથી હોતી, તેટલો માત્ર ફરક હોય છે. બાકી તો કરણો તો તેનાં તે જ હોય છે, ને કર્મ પણ એક જ પ્રકારનું કરતાં તે બંને દેખાતાં હોય છે. પણ તેના પાછળના મૂળ અધિષ્ઠાનની ભૂમિકામાં જ માત્ર ફરક હોય છે. જીવપ્રકારની પ્રકૃતિનાં કર્મમાં પણ પસારો તો થયા કરતો હોય છે ને ચેતનાધિષ્ઠાન-ભૂમિકાની પ્રકૃતિથી થતાં કર્મમાં પણ પસારો તો થયા કરે છે. બંનેનું કરણ તો પ્રકૃતિ જ હોય છે, પરંતુ પહેલામાં તો પ્રકૃતિ પોતે જ કર્તાહર્તા હોય છે, જ્યારે બીજા પ્રકારનાં કર્મોમાં પ્રકૃતિ ખાલી ખાલી કરણરૂપે

હોય છે ને જાતે કર્તા, હર્તા, ભર્તા, ભોક્તા આદિ નથી. બીજા પ્રકારનાં કર્મ પણ પ્રકૃતિથી થયા કરતાં લાગે છે ખરાં, પણ તેમાં જીવપ્રકારની પ્રકૃતિનું જોશ નથી હોતું. પ્રકૃતિનું સ્વાધિષ્ઠાન ચેતનમાં થઈ જતાં, પ્રકૃતિ પછીથી પોતાની રીતે વર્તી શકતી નથી. તે એની મેળે જ વહ્યા કરે છે ખરી, પણ મૂળ અધિષ્ઠાનના (ચેતનના) ગુણધર્મના ભાન સાથે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૭-૮-૧૯૫૩*

## સદ્‌ગુરુમાં જ એકલક્ષ થાઓ

આપણે જેવા થવું છે, તેનું જ એકલક્ષ રહ્યા કરે ને સંસારવહેવારવર્તનમાં એની જ ધારણા જીવતી રહ્યા કરે તો બીજા કંઈ કશામાં મન ન જાય. લક્ષ લાગવું ઘણું જરૂરી છે. લક્ષ લાગ્યા વિના ધ્યાન ચોંટી પણ ન શકે. ધ્યાન વિના એકાગ્રતા પણ ન થાય ને એકાગ્રતા ન હોય તો કેંદ્રિતતા પ્રગટી જ કેવી રીતે શકે ? માટે લક્ષની ઘણી ઘણી જરૂર છે. येन केन प्रकारेण લક્ષ લગાડ્યા કરવું. સદ્‌ગુરુને પ્રેમભક્તિથી વારંવાર હૃદયમાં હૃદયથી પ્રગટાવ્યા કરી, એની કૃપામદદ માગ્યા કરવી. સદ્‌ગુરુ સ્થૂળ નથી, પણ ભાવાત્મક છે. એનામાં મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ ને અહમ્‌ને લય પમાડ્યાં કરવાં.

## ખરી સાધના-હરિનામની લગની

એવી સાધના થવી ભલે સહેલ ન હોય પણ કરનારને દિલ તો તે જરૂર સહેલી છે. જેણે જવાને નિર્ધાર્યું તે તો જવાનો જ. સંસારવહેવારમાં તેવું ક્યાં નથી જોતાં ? માટે મનને હરિનામની લગની લગાડવી. મન બીજા કશામાં ભમતું ન રહે, ને વળી વળી હરિનામસ્મરણમાં પરોવાયેલું રહે, તો

તો કામ પાકી જાય. માટે હૃદયના તેવા જીવતાજાગતા અભ્યાસમાં મથ્યા કરવાનું થાય તે જ ઉત્તમ.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૨-૮-૧૯૫૩*

આપણે આપણા પોતાનામાં જ જો પૂરેપરાં સાચી રીતે જીવતાં થઈ ઠામ થઈ જઈએ, તો તેવી વેળા કોઈ પ્રશ્ન ઊભા થતા હોતા નથી. મૂળ પ્રશ્ન તો ઠામ થયેલા હોતા નથી, તેનો જ છે.

તમન્નાપૂર્વકનો જીવનવિકાસ કાજેનો હૃદયમાં તે જ એક આદર્શ ખરેખરો છે, એમ સાચી રીતે હૃદયથી મનાયું હોય તો પછી જીવનમાં એ જ પરમ, ભવ્ય, રમ્ય, આદર્શની અસર સિવાય બીજા કશાની જ અસર ન પડ્યા કરે, એવી જાગૃતિ-યુક્ત સચેતનતા જીવનમાં પ્રગટેલી પ્રવર્ત્યા કરે, એનું જ નામ પવિત્રતા છે.

## સદ્‌ગુરુ

વળી, તેવી જ રીતે સદ્‌ગુરુ એટલે એનું સ્થૂળ શરીર તો નહિ. જીવનવિકાસ પરત્વે પ્રેરવનારી એક પ્રકારની જે ભાવના દિલમાં પ્રગટ્યા કરી ઝળહળતી બળ્યા કરે છે, તેવી અંતરસ્થ ભાવના તે સદ્‌ગુરુ છે. સદ્‌ગુરુનો આકાર પ્રકાર નથી. એ કોઈ એક પ્રકારની ચોકઠામાં પુરાઈ શકે એવી સમજણ પણ નથી. એ મર્યાદા નથી તેમ તે બંધન નથી ને મુક્તિ પણ નથી. તે તો જે છે તે છે.

જેને છે તેને છે ને જેને નથી તેને નથી. જેના હૃદયમાં તે જાગે છે, ત્યાંથી તે ઓલવાઈ જતો નથી. એકવાર જગાડીને જીવતો જો એને કરી શક્યાં, તો એના નવા નવા અવતારનો અનુભવ જીવનના અવનવા પ્રસંગોમાં આપણને

થયા જ કરતો હોય છે. સદ્‌ગુરુ એટલે તો હૃદયનો હૃદયમાંથી જીવન પરત્વેનો નીતરતો સદ્‌ભાવ છે. એનાથી જે રંગાયા કરે છે, તેનામાં તે છતો થાય છે. સદ્‌ગુરુને અમુક પ્રકારે જ સમજવો તે તો અજ્ઞાન છે.

## પ્રથમ પહેલું મસ્તક મૂકો

ચેતનાના અનુભવનું કામ તે મારા તારા જેવા વેવલાનું કામ ન હોય. એને કાજે તો માથું વેગળું મૂકી હિંમત, સાહસ, શહૂર પ્રગટાવી જેને ઝઝૂમવું છે ને તે કાજે ફના થવું છે, તેવાનું તે કામ છે. નામર્દનું આમાં કામ નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૩-૮-૧૯૫૩*

## આપણને જીવનની તમા ક્યાં છે !

આ સંસારવહેવારમાં તો જે તે બધા જીવો પોતાનું જીવન વેડફી રહેલા છે. એમને કોઈનેય જીવનની કશી પડી નથી. આપણને પણ જો જીવનની તમા હોય, ને જો જીવનની પડી હોય, તો તે જણાયા વિના કેમ રહી શકે? જીવનવિકાસ કાજેની ખરેખરી દાનતવાળી નેકદિલની પૂરી ઉત્કટ તમન્ના વિના સાધના થઈ શકવી એ લગભગ દુર્લભ ઘટના છે. માટે, જો સાચી રીતે જીવવું જ હોય, તો ગલ્લાંતલ્લાં કર્યે પાલવવાનું નથી. નામસ્મરણ, જપયજ્ઞ આ કાળમાં ઉત્તમ સફળ સાધન છે. તે પણ જો ન લઈ શકાતું હોય, તો પછી તેવો જીવ બીજું શું કરી શકવાનો છે ! જીવને આ માર્ગે જવું છે, તેણે પોતાના દિલને પારદર્શક બનાવવાનું રહે છે. દિલમાં એક ને બહાર બીજું, એવું વર્તન ચાલી શકે એમ નથી. ધીરજ, ખામોશીની ઘણી ઘણી જરૂર રહે છે. દિલથી દિલની ભાવના પ્રગટતાં જેમાં જેમાંથી આનંદ નીતરતો

અનુભવી શકાતો હોય છે. આ માર્ગ પરત્વેનો હૃદયભાવ પ્રગટતાં પ્રગટતાં, ફના થતાં થતાં મરજીવાપણું આપમેળે પ્રગટે છે. જે મરજીવા બનેલા છે તે જ તત્ત્વને પામે છે ને અનુભવે છે. મરીને ફરીથી જન્મવાનો આ માર્ગ છે. જીવપ્રકૃતિને ચેતનપણામાં જ્ઞાનપૂર્વક લય પમાડી દેવી તેનું નામ મરીને જન્મવું. આવા જીવનના મરજીવાપણાના હૃદયના ભાવમાં દંભ, અહમ્ કે એવી જીવપ્રકૃતિની વૃત્તિઓને ત્યાં સ્થાન રહેતું નથી. જે જીવ અહમ્ તથા દંભને જાણેઅજાણે પોષે છે, તેના જીવનનું ચેતનમાં પ્રગટવું કદી શક્ય નથી. જીવન એ કંઈ ભવાઈવેડા નથી કે નાટારંગ પણ નથી. એ તો મર્દાનગીના ખેલ છે. એવી મર્દાનગી જીવનના બનતા પ્રસંગોમાંયે પ્રભુકૃપાથી છતી ન થઈ શકી તો જાણવું કે જીવનનું દેવાળું આપણે કાઢેલું છે. અહીં તો જાગીને જીવવું હોય તો જીવવાનું છે, જીવનને શોભાવવા કાજે જે તે બધું હોય. એ ભાવે જેમાં ને તેમાં ચેતીને વર્તવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૬-૮-૧૯૫૩*

## પ્રેમભક્તિ વિના પ્રભુ મળવો દોહ્યલો

ગઈ કાલે સાંજે અહીં આશ્રમમાં એક ભાટિયા વૃદ્ધ માજી, પૂજ્ય મોટીબાને મળવા પધારેલાં. તેઓ ઘણાં સુંદર ભજન ગાય. મને હવે તેટલાથી મુદ્દલે સંતોષ થતો નથી, જે કોઈ ભજન ગાતાં હોય, તે વખતે તે ભજનનો અંતરસ્થ ભાવ તો તેમના મનમાં કે કશામાં જાગેલો ન હોય. મન તો ભરપૂર સંસારથી ભર્યું હોય ને ભજનો ગાય કે રામનામ લે તો તેથી કશો પત્તો ખાવાનો નથી. પ્રભુને કાજે રોમેરોમ આગ પ્રગટ્યા વિના, એવી પ્રેમભક્તિનું શૌર્ય હૈયામાં

પ્રગટ્યા વિના પ્રભુને મેળવવો દોહ્યલો છે. એવી પ્રેમભક્તિ પ્રગટ્યા વિનાના બોલ તે તો ખાલી પોકળ છે, 'પ્રેમશૌર્યઅંકિત' હૃદયની ભક્તિ પ્રગટતાં આધાર પણ બદલાઈ જાય. કરણો દ્વારા કામ કરતી પ્રકૃતિ પણ બદલાઈ જતી અનુભવાઈ છે. ભગવાન કાજેનો એવો નૈસર્ગિક પ્રેમભાવ જ્યારે ઉત્કટપણે પ્રગટે છે, ત્યારે તે જે તે બધું વાળીઝૂડીને સ્વચ્છ, શુદ્ધ કરી દે છે ને શ્રીભગવાનની પ્રાણપ્રતિષ્ઠા થવા કાજે આંતરિક ભૂમિકાને તેવી યોગ્યતાવાળી બનાવી દે છે.

## ઉત્કટ જિજ્ઞાસાનો પ્રત્યુત્તર મળે જ

આપણી ઉચ્ચ જીવન કાજેની ખરેખરી ઉત્કટ જિજ્ઞાસા એના સાચા ભાવ ને અર્થમાં, મૂળમાં જીવનમાં પ્રગટેલી હોતી નથી. ને તે ખરેખરા ભાવમાં પ્રગટેલી હોય, તો 'માંહેલો' એને યોગ્ય પ્રત્યુત્તર વાળ્યા વગર કેમ રહી શકે? આ જીવને જે પ્રેરણા મળ્યા કરતી હતી, જે ઉત્સાહ, અદમ્ય હિંમત, સાહસ, ધીરજ વગેરે મળ્યાં કરતાં હતાં, (જોકે એને બધી જ બાબતમાં બધી જ રીતે સરળતા હતી, તેવું તો મુદ્દલે કંઈ ન હતું) એવું હોવા છતાં દોષ, ભૂલ કંઈ થયાં ન હતાં એમ નથી. જો સાચેસાચી, પૂરી, ખરી જિજ્ઞાસા પ્રગટેલી હોય છે, તો તેવી જિજ્ઞાસાની ભૂમિકામાં થયેલાં ભૂલ, દોષ વગેરે તો આપણને આંખ ઊઘડાવનાર સદ્ગુરુ બની જતા હોય છે. એનાથી પોતે ચેતીને, સફાળો જાગીને ધ્યેય પરત્વે વધારે એકાગ્ર ને કેંદ્રિત થયા કરવાને તે તેમાંથી પ્રેરણાબળ મેળવે છે. પ્રભુના પ્રેમ વિના બીજા કશા પણ હેતુનો સંપૂર્ણ અભાવ, દંભ, અહમાદિ વૃત્તિનો સંપૂર્ણ અભાવ, વેપારીવૃત્તિભરી કશી

ગણતરીભરેલી માગણીનો (Calculating demands) પણ અભાવ, પ્રભુની ખાતર જ પ્રભુ, અંતઃકરણની ભાવનાથી સજ્જ થયેલી એવી પવિત્રતા-આ બધું આપણા આધારમાં સાધકે જીવતું કરવાનું છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૬-૮-૧૯૫૩*

## જીવનવિકાસને બાધક તત્ત્વો

જીવનવિકાસ કાજે જો સાધના કરવાનું ખરેખર દિલ હોય, તો તેવા જીવે સર્વ પ્રકારનાં મમતા, મોહ, આસક્તિ, કામ, ક્રોધ, લોભ, મદ વગેરે વગેરે પ્રેમભક્તિભાવ વડે કરીને ટાળવાનાં રહે છે, તે તે બધાં જીવનવિકાસપંથે જરૂર બાધક છે. મનના સંકલ્પવિકલ્પો, મનની આમતેમ લહેરાતી વૃત્તિઓ, મનનું સગડગપણું, મનનું દ્વિધાપણું, તેવી જ રીતે બુદ્ધિની અનેક પ્રકારની સમજણો, તેની મડાગાંઠો, તેની વિવિધરંગી તર્કયુક્ત દલીલબાજી, અનેક પ્રકારના આગ્રહનું કંઈ કંઈ યુક્તિપ્રયુક્તિ બુદ્ધિ દ્વારા પ્રેરાવી એકનિષ્ઠામાં બાધા પ્રગટાવવાનું અને તેવી જ રીતે પ્રાણની અનેક પ્રકારની અશુદ્ધિ, કામના, લાલસા, લોલુપતા, વાંછના, ઘૃણા વગેરે વગેરે બધું સાધનાના પંથમાં અડચણરૂપ છે ને તે આડખીલી બને છે. તે બધાં એવાં તો જાળાં રચે છે કે સાધક જીવ બિચારો એમાં ને એમાં ભેરવાઈ પડે છે. એની દૃષ્ટિમર્યાદા તે બધાંને ભેદી પાર જવાને ભાગ્યે જ શક્તિશાળી બને છે. સાધક જો ખરેખર ઉત્કટમાં ઉત્કટ હૃદયની નેક દાનતવાળો હોય છે, તો તેને આ બધાંનો પ્રેમભાવથી, જાગૃતિથી સામનો કરવામાં ખરેખરો ઉત્સાહ પ્રગટે છે. તે નમારમૂંડો બનીને બેસી રહી શકતો નથી. અભ્યાસ

થતાં થતાં તો તેમાંથી જરૂર ગતિમાં વેગ પ્રગટે છે. જે જીવ કશું જ કરી શકતો નથી કે કરતો નથી, તેનાથી કશું બનવાનું નથી. ખાલી ખાલી મોઢાની વાતોથી કે ઉપરછલ્લી ભાવનાથી કશું વળી શકવાનું નથી. કેટલાય જીવો પોતાની અશક્તિનો, પ્રકૃતિનો, તામસનો અથવા ખાલી ખાલી પડી રહી એળે સમય ગુમાવવાપણાની નિષ્ક્રિયતાનો ઉપર ઉપરથી તો દોષ કાઢતા જાણેલા છે, પણ અંતરમાં અંતરથી તેવી પોતાની દશાને નિર્મૂળ કરવાને મુદ્દલે તેઓ સાચી રીતે ઉત્કટ તમન્નાથી હૃદયમાં ઝંખતા હોતા નથી. આવા જીવો પોતાનાં સ્થૂળ કર્તવ્યો પણ બરાબર કરી શકતા નથી, એટલું જ નહિ પણ મળેલાં કર્મમાં પોતાના સ્વભાવને વણી લઈને પોતાની પ્રકૃતિને તેવાં તેવાં કર્મમાં ઉતારી દેતાં હોય છે ને એમ મળેલાં કર્મના હેતુને પણ તે લોક અફળ બનાવી દેતાં હોય છે. એમને એમની તંદ્રામાંથી ને એમની પ્રકૃતિના સકંચામાંથી છોડાવવા ઘણુંયે કરવામાં આવે, પણ તે તે બધી કળાને તે જીવો ઊલટું કે ઊંધું સમજીને દોષારોપણ પેલા પર કરે છે, ને પોતે પોતાની પ્રકૃતિના સકંચામાં વધારે જકડાઈને જીવવાનું પસંદ કરે છે.

## જગાડનારને ઊલટા નિંદે છે

હવે, એવા જીવને કોણ ચેતવી શકે ? ચેતાવવાનું, જગાડવાનું કરાવવાનું થતું હોવા છતાં એમના નિષ્ક્રિયતાયુક્ત તામસના જડ પડદાને તોડવા કંઈક કંઈક કર્મ સોંપાતાં તેમાંથી ભાગી જ છૂટવાનું તે કરતા હોય છે અથવા જે સોંપાયેલ કર્મ હોય છે, તેમાં પણ તેના હેતુનું જ્ઞાનભાન

દિલમાં જાગ્રત રાખી શકવાનું પણ તે જીવ કરતા નથી ને તેવાં કર્મથી ત્રાસી, સંતાપ પામી, તે કર્મમાં પ્રેરાવનાર પર ઊલટા તૂટી પડે છે. આવા પ્રકારના જીવો સાચે જ જીવનવિકાસ કરવા ઈચ્છતા હશે કે કેમ તે પણ એક વિચારવા લાયક પ્રશ્ન છે. જો તેઓ તેમ કરવા સાચે જ ઈચ્છતા હોય, તો તેમણે પોતાની તેવી પ્રકૃતિથી મુક્ત થવાને કાજે કર્મને પ્રેમભાવે હૃદયના ઉમળકાથી સ્વીકારવાનું થવા દેવું જોઈશે. કર્મના હેતુનું જ્ઞાન હૃદયમાં જીવતું જાગવા દેવું જોઈશે. તેવાં તેવાં કર્મ કરતાં કરતાં તેવાં કર્મના હેતુ ફળી શકે એવી ભૂમિકા આધારમાં રચાવાનું થવા દેવું જોઈશે. આ બધું પ્રભુકૃપાથી આપણે કરવું પડશે. 'એ બધું થઈ રહેશે' 'પ્રભુ કરી દેશે,' 'એનીમેળે થશે,' 'એની કૃપા કરી દેશે'-જો આવી આવી કલ્પનાની ભ્રમણામાં પડી રહેવાનું થયું, તો તો તેમાંથી કદી પણ મુક્ત થઈ શકાવાનું નથી, તે નિશ્ચે કરીને જાણશોજી.

## પ્રભુપ્રીત્યર્થ કર્મ તો યજ્ઞનારાયણ છે

જે કર્મ જીવનવિકાસની ભાવનાથી થયાં કરતાં હોય છે, તે કર્મ કરતી પળે હૃદયમાં તેવાં કર્મના હેતુનું જ્ઞાન જીવતું રહ્યા કરતું હોય, ને તેવાં કર્મ પાછાં શ્રીપ્રભુપ્રીત્યર્થે થયાં કરતાં હોય, ને પાછાં શ્રીપ્રભુને ચરણકમળે સમર્પણ ભાવનાથી સોંપાયાં જતાં હોય તો તેવાં થતાં રહેલાં કર્મ, તે માત્ર ખાલી ખાલી કર્મ નથી હોતાં, પરંતુ તેવાં કર્મ તો સાક્ષાત્ પોતે યજ્ઞનારાયણ બની શકે છે. એવાં કર્મમાંથી જે શક્તિ પ્રગટે છે, એ શક્તિ કંઈ છાની પડી રહી શકતી નથી. એવાં કર્મના આચરણથી આપણો આધાર શુદ્ધ થતો રહે છે, ને કોઈ નવી ચેતનવંતી શક્તિ આધારનાં કરણોમાં પ્રગટતી

આપણે અનુભવી શકતાં હોઈએ છીએ. આપણાં આત્મવિશ્વાસ, શ્રદ્ધા વગેરે વધારે ને વધારે પ્રમાણમાં જીવતાં બનતાં જતાં અનુભવીએ છીએ. એવાં થતાં રહેતાં કર્મ તે જ ખરી સાધના છે. કર્મવિહોણી સાધના ઘણું ખરું તો માત્ર કલ્પનામાં જ રહી જતી હોય છે. સાધનાના ભાવને આપણા આધારનાં કરણોમાં પ્રતિષ્ઠિત કરવા-કરાવવા કાજે યજ્ઞભાવનાયુક્ત ભૂમિકાની ઘણી ઘણી જરૂર રહે છે.

## તેથી કર્મ જ્ઞાનભાવનાપૂર્વક થવાં ઘટે

તેથી જે જીવે જીવનવિકાસ સાધવો છે, તેવા જીવે જે કંઈ પોતાનાથી થયા જતું હોય, તેમાં તેમાં જીવનને ઘડવાની જ આદર્શની ભાવના જીવતી દૃઢાવવાની છે. મળેલું કર્મ પોતાની પ્રકૃતિનું ઉન્મિલન-ઉન્નયન કરાવવા કાજેની આંતરિક ભૂમિકા છે એમ સમજવાનું છે. પ્રત્યેક સાધકે પોતે પોતાના અંતર્યામી સાથેનો આંતરિક ભાવાત્મક સંબંધ કોઈ ને કોઈ સાધનથી કરી, સતત પળેપળ એકધારો જીવતો થઈ શકે ને તેવા ભાવમાં આપણે તેના હૃદયમાં હૃદયથી એકરસ થઈ શકતાં રહીએ એવા જ્ઞાનભક્તિપૂર્વકના પ્રયત્નમાં રહ્યા કરવાનું છે. એવા પ્રકારની આંતરિક ભાવનાનો ધોધ એના અંતરમાંથી સતત વહ્યા કરવો જોઈશે. સાધક પોતાના સારાય જીવનને પરિવર્તન કરાવવા બેઠેલો છે. જો તે હકીકત સાચી હોય, તો એનામાં કેટલી ને કેવી શક્તિ એણે જન્માવવાની રહે છે એનું એને (સાધકને) સાચું જ્ઞાન થઈ ગયેલું હોવું જોઈશે. ગમે તેવા, આમતેમ અડધાપડધા પ્રયત્ન કર્યે કશું જ વળી શકવાનું નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૮-૮-૧૯૫૩*

## આશાવાદની નિશ્ચલ મતિગતિ

પરિસ્થિતિમાં ભળી જવું, ગળી જવું ને પાછું એને તાબે થઈને જીવવું, એવો આપણો બધાંનો જીવનનો દેખીતો ક્રમ છે. જીવન પરત્વેનો આશાવાદ તો શક્તિપ્રેરક છે. સાધના કરનાર સાધકના જીવનનો આશાવાદ એ કંઈ માત્ર કલ્પનાજનક નથી હોતો. જીવનને ઘડવાનું જ હોય તો તે ઘડવા કાજેનાં સાધનો પણ હોવાં જ જોઈશે ને એ કાજેનાં ઓજારો આપણી કને ન હોય અને તેને મેળવવાનું પણ દિલ ન થયું કે ન કર્યું, તો પછી જીવનની ઘડવાની વાતને નેવે મૂકવાની રહે છે. જીવનવિકાસ પરત્વેનો જે આશાવાદ છે, તે તો જ્યાં ને ત્યાં અને જેમાં ને તેમાં બાથોડિયાં મારતો હોતો નથી. એનો માર્ગ તો નિશ્ચલ હોય છે ને એની મતિગતિ પણ નિશ્ચલ હોય છે. એનો નિર્ણય પણ નિશ્ચલ હોય છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૩૧-૮-૧૯૫૩*

## ધીરજનાં ફળ મીઠાં

રજા ન મળી શકે, તો કૃપા કરીને ઉતાવળ ન કરવી. ધીરજનાં ફળ મીઠાં. માતાપિતા આદિ વડીલ સ્વજનોના હૃદયના આશીર્વાદ આપણે મેળવવાના છે. વડીલો પરત્વેના આપણા વર્તાવથી તેમને પૂરો સંતોષ થાય તેમ વર્તવાનું કરજે. તેવું પ્રેમભક્તિપૂર્વકનું વર્તવું, એ આપણા જીવનની તપશ્ચર્યા છે. જો તેમને તેવો સંતોષ ન લાગ્યો, તો પછી આ જીવને તો મરવા જેવું લાગશે. જો તેમને સંતોષ થયો, તો મને થયો. તેમને ન થયો, તો તને મળતો આનંદ કેમ કરીને પ્રગટવાનો ?

ભાઈને આશ્રમમાં મળવા જઈ આવી હોઈશ. ભાઈ વિના હવે એકલું ત્યાં કેવી રીતે અવાશે ? હવે હું તો સાવ લૂલો પાંગળો જ થઈ ગયો છું. પ્રવૃત્તિ માત્ર શમી ગયેલી લાગે છે.

*કુંભકોણમ્ હરિઃૐ તા. ૫-૯-૧૯૫૩*

પૂજ્ય બાએ જે તને કહ્યું છે, તે હકીકત સાચી હોય તો તો તેમનું કહેવું યથાર્થ છે. આપણે તો જેટલા નમ્રમાં નમ્ર હોઈએ તેટલા જ વધુ દીપીએ. માટે કૃપા કરીને ધૂળમાં જ મળી જવાનું છે.

**જીવનનો આનંદ-સ્વજન કાજે ખપી જવામાં**

જીવનવિકાસને કાજે જો સાચા દિલથી, સાચા મનથી, નેક દાનતથી, હૃદયની સચ્ચાઈથી, પ્રેમભાવથી સદ્‌ગુરુ કર્યા હોય, તો એને કાજે હૃદયમાં એવો ભાવ પ્રગટેલો રહે છે કે તેને કાજે મરવું પણ ઘણું ઘણું વહાલું લાગે. તેનો બોલ પાળવામાં ને તે પ્રમાણે વર્તી બતાવતાં જીવનમાં આઠે કોઠે દીવા પ્રગટતા હોય છે. એણે બતાવેલું પ્રેમથી હૃદયના ઉમળકાથી પૂરેપૂરું આચરી બતાવતાં આપણા કાજે જે આનંદ પ્રગટે છે, તેવો તેનામાં આપણા કાજે પ્રગટેલો આનંદ તે આપણા જીવનનું કલ્યાણ પ્રેરાવવા કાજે યોગ્ય નિમિત્ત-સાધન બની જતો હોય છે. તેથી તેનાં વચનોના જ્ઞાનભક્તિપૂર્વકના પાલનમાં જીવનનો યથાર્થ વિકાસ રહેલો છે. જીવનનો આનંદ તો સ્વજનને કાજે ખપમાં આવીને ખપી જવામાં રહેલો છે.

**અભેદાનુભવી કોને ક્ષમા કરે !**

પ્રભુકૃપાથી મળેલાં સ્વજનને આ જીવથી ભિન્ન માની શકાતાં નથી. આ જીવ પણ તેમને જ કાજે છે. તેમનાં કાજે

જ જીવે છે. પછી એને ક્ષમા કરવાપણું રહ્યું હોય ? એ તો જે છે, તેમનો તેમ છે. એનો ભાવ, એના હૈયાનો આપણા કાજેનો તલસાટ, એ તો ભડભડ બળ્યા જ કરતો રહેલો છે. એને તો જીવવું છે સ્વજનનાં જીવન વડે. એને નભવું છે સ્વજનના જીવનવિકાસના સત્ત્વના નિષ્ઠામય જીવન વડે. એને શોભવું છે ને દીપવું છે સ્વજનના જીવનવિકાસથી પ્રગટતી દીપ્તિઓ વડે.

## એ હેતુ ફળાવનારા

જે સ્વજનને રોમેરોમ તે પ્રગટેલો હોય, ત્યારે તેમ તે કરી શકે છે. આ કાળમાં એવું કોઈથી ન જ બની શકે એમ તો કેમ બને ? આ કાળ ઘણો કઠણ કાળ છે. એમાં ઉત્તરાધિકારી જીવો જવલ્લે જ હોય છે. જે ધારે છે તે બની શકે છે. ને ધારવાનું પણ કેવું ! મરણિયા નિર્ધારપૂર્વકનું હોય કે બસ આ પાર કે પેલે પાર. એમ જે જીવ હૃદયના સાચા ટેકથી પળેપળ જાગૃતિ ધરાવીને જીવનના આદર્શને જીવતો રાખ્યા કરે છે, તેવો જીવ સદ્‌ગુરુને પ્રસન્ન કરી શકે છે. જે પ્રભુકૃપાથી કરી બતાવ્યું છે, તે જ કહેલું છે ને તેથી તે સ્વાનુભવનું જ કથન છે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૮-૯-૧૯૫૩*

## લક્ષણથી જ સર્વ કંઈ કસી જોવું

ચેતન પામેલા આત્માનું કંઈક પ્રત્યક્ષ લક્ષણ તો હોવું ઘટેને ? લક્ષણ વિના કશું જ કંઈ ન સ્વીકારવાનો આ જીવને ગુરુમહારાજનો હુકમ હતો, તેથી મને ઘણો લાભ થયો છે. એમનું એમ કશું જ માની લીધેલું નથી. આ જીવથી, પ્રભુના કૃપાબળથી, જે કંઈક સાધના બન્યા કરતી હતી, તે વેળા પણ સમતા, શાંતિ, તટસ્થતાથી પ્રવર્તીને એની જાગૃતિ રાખી

રાખીને પોતે પોતાને નીરખ્યા જ કરવાનું થતું. એમ કરતાં કરતાં તો એનો જીવતો અભ્યાસ પડતાં પડતાં એમાંથી સાક્ષીભાવ પ્રત્યેક કરણના પ્રાકૃતિક ધર્મમાં પ્રગટતો જતો અનુભવી શકાતો હતો. તેમ થતું લાગે ત્યારે જ સમજવું કે સાધનાનો પ્રકાર યોગ્યપણાનો છે. જે કંઈ થયા કરે, તેની પાછળનો હેતુ જ્ઞાનપૂર્વક જીવતોજાગતો રહ્યા કરતો હોય, તો તે સાધનાના એવા પ્રેમભક્તિયુક્ત અભ્યાસથી આપણામાંની જીવન પરત્વેની જાગૃતિમાં વિશેષ ને વિશેષ ચેતનપણું પ્રગટ્યા વિના રહી શકતું નથી. એવું થતું અનુભવાય તો જ સમજવું, માનવું, જાણવું કે આપણે એની કૃપાથી સાચા માર્ગ પર છીએ. આપણામાં પ્રસન્નતાની માત્રામાં ને કક્ષામાં પણ ફરક પડતો અનુભવી શકાતો હોય છે. 'શાંતિ, 'શાંતિ' આપણે બોલ્યા તો કરતા હોઈએ છીએ, પણ શાંતિના પ્રકાર પણ નોખા નોખા હોય છે. સાધનામાં સાધનાથી સાધનાનું હૃદય પ્રાપ્ત થતાં શાંતિ, સમતા આદિ ગુણોનો પ્રકાર જ કોઈ અનોખો અનોખો થતો જતો ને એક એકથી ચઢિયાતી કક્ષાનો બનતો જતો અનુભવી શકાતો હોય છે. આવું આવું અનેક રીતે આપમેળે આ માર્ગમાં પોતે પોતાને સમતાથી, શાંતિથી, તટસ્થતાથી વગેરેથી સમજ્યા કરવાનું રહે છે,

## ગુણાતીતના ગુણો

એમ થતાં થતાં તો એની ઉત્તરોત્તર કક્ષાઓમાં 'ગુણ'નો પણ વિલય થયા કરે છે. સત્ત્વગુણ જેવો આપણામાં જીવ કોટિમાં હોય છે, તેવો ને તેવો કંઈ તે ચેતનપણાની કક્ષામાં નથી હોતો. એની ભૂમિકા તે હોવા છતાં તેનાં પ્રકાર ને કક્ષા

તો તદ્દન જુદી જ રીતનાં હોય છે. સાધનાની પરિપક્વ ભાવનાથી પ્રગટેલો સત્ત્વગુણ જ્ઞાનના અનુભવપણામાં પ્રગટતો રહ્યા કરે છે, રજસ તેવી કક્ષામાં જીવનમાં શક્તિના સ્વરૂપમાં પ્રગટતો રહ્યા કરે છે. ને તમસ-તે ગુણ-કોઈ પરમ શાંતિમાં, કોઈ અવર્ણનીય શાંતિમાં, કોઈ પરમ વિમલ એવી સ્થિરતામાં પરિણામ પામતો જતો અનુભવાય છે.

**સાચું વળગવાપણું**

સાધના જો સાચી રીતે થયા કરતી હોય છે, તો જીવનમાં જીવન પરત્વેની જાગૃતિ ટક્યા જ કરે છે. એવી જાગૃતિ ટક્યા કરતી અનુભવાય તો જ સમજવું કે ઠીક રસ્તા પર છીએ. એવી જાગૃતિ પ્રગટ્યા વિના ને ટક્યા વિના સાધના થઈ શકવી અશક્ય છે. સાધનામાં નપુંસકપણું રાખ્યે નહિ ચાલે. મારા એક મિત્ર લખે છે, ‘મને તમારા પર પ્રેમ નથી એમ નથી કહી શકતો, તેમ જ પ્રેમ છે એમ પણ નથી કહી શકતો.’ મેં તેમને લખેલું, ‘ભાઈ ! કાં તો તે હોય તે ઉત્તમ, કાં તો તે ન હોય તે ઠીક, પણ આ જે તમે ઉપરનું લખો છો, તે તો નપુંસકપણાની હકીકત લાગે છે ને નપુંસકપણું તો જરૂર કઠે. આપણે જો જીવનઆદર્શના માર્ગે જવાનું નિર્ધાર્યું હોય, તો જેમાં ને તેમાં આપણું વલણ નિશ્ચયાત્મક સ્વરૂપનું પ્રગટેલું હોવું ઘટે. આમ હોય તોય ચાલે ને તેમ હોય તોય ચાલે, એવા પ્રકારનું ઢંગધડા વિનાનું, જીવદશાના વલણવાળું, આપણું તેવું વર્તન જીવનને ઘડી શકશે નહિ. ઊલટું તે તો જીવનની સ્થિતિને ડામાડોળપણામાં જ રખાવ્યા કરશે.’ જો કોઈ જીવાત્મા

પરત્વે આપણા જીવનવિકાસ કાજેના હેતુ માટેના સદ્‌ભાવ ને પ્રેમભાવ જો એમના એમ પડી રહેલા જણાય તો જરૂર જાણવું કે તેના પરત્વેની આપણી ભાવના સાચી રીતે પ્રકટેલી નથી. ખાલી ખાલી વળગવું, એનાથી તો કશું જ વળી શકનાર નથી. બકરીને ગળે આંચળ હોય છે, પણ એમાંથી કંઈ દૂધ ન નીકળી શકે. જો વળગવાનું થયું હોય, તો એવું વળગવું કે જીવનમાં જે હેતુ અર્થે તેમ થવાનું બન્યું હોય, તે હેતુપૂર્વક ફળતું જતું અનુભવાય. તેમ બને છે કે નહિ, તે પણ આપણે જોતાં રહેવું જ ઘટે. જો તેમ થતું ન હોય, તો આપણે પોતે પોતાનું તટસ્થતાપૂર્વકનું ઊંડામાં ઊંડું પૃથક્કરણ કરીને વિચારવું ને તપાસવું રહ્યું. દોષ ક્યાં છે તે તો ખોળી કાઢવો જ રહ્યો. વળગવું જ હોય તો એના હેત્વર્થના જ્ઞાનભાવ હૃદયમાં હૃદયથી રાખીને વળગવું. વળગવાનું છે, તે જીવનને સાર્થક કરવા. તે જો થતું હોય તો જ તે ખપનું. બાકી ખાલી ખાલી કલ્પનાના મહેલ રચવાથી તો કશું જ ન વળે.

શ્રીભગવાનની કૃપાથી જેમ આ જીવ એને પોતાને એના સાધનાકાળમાં એનાં તે તે કાળનાં લક્ષણોથી તટસ્થતાથી તપાસ્યા કરવાનું રાખેલું હતું, તે લક્ષણો પરખાયા વિના કશું જ સ્વીકાર થવાનું બની શકતું નહિ. તેવી જ રીતે પ્રભુકૃપાથી મળેલ સ્વજનોનાં લક્ષણો પણ પરખાયા વિના થોડાં જ રહી શકતાં હોય છે ? સૌ કોઈને ખપે છે નગદ નાણું. કોઈ પણ ખોટો સિક્કો લેતું હોતું નથી. તેવી રીતે આ જીવ પણ ઉપયોગમાં આવી શકતો હોય તો જ તેનો તે ભાવે સ્વીકાર કરવાનો રહે છે.

## હૃદય હોય તો જ કામનું

મારા ગુરુમહારાજને કોઈ પગે પડે, ફૂલહાર ચઢાવવા જાય, તેની પ્રાર્થના કરતો હોય કે કંઈ કહેતો હોય, તો તેવી વેળા જ તેને તેઓ કહેતા, 'તારા દિલમાં આ તું જે બોલી રહેલ છે, તેની વાચા પ્રમાણેનો ભાવ જેવો યોગ્યપણાનો ને જેટલો ઉત્કટ ને ઉત્તમપણાનો હોવો ઘટે, તેટલો તો મુદ્દલે તારામાં દેખાતો નથી. તારામાં નર્યો સંસાર ભર્યો છે, તારો વેશ, તે તારા બોલવા પ્રમાણેનો જરાકે નથી. પછી તારું બોલવું મારે ગળે કેવી રીતે ઊતરે? જેની કને જે કામ કરાવવાનું ઇચ્છે છે તેની પૂરતી ગરજ પણ તને જાગેલી નથી! તું જેની કનેથી કામ લેવા ચાહે છે, તેના અંગે પણ તને શ્રદ્ધાવિશ્વાસ પોતાના કામને ફળાવી શકે એવા યોગ્ય પ્રમાણમાં ને પ્રમાણનાં ક્યાં તને જાગી શક્યાં છે ! જેનાથી જીવનને ઘડવાની વાત કરે છે, જે તારા પૂરા હિતમાં છે, તેની ને તારી વચ્ચે તો મોટો પહાડ ઊભો રાખીને, તેને તું 'ગુરુ' 'ગુરુ' કરીને ખાલી ખાલી નકામો નકામો પોકારે છે. એવું તારું પોકારવું નાહકનું છે ને મિથ્યા છે. તારાં ફૂલો ચઢાવવાં, માળા પહેરાવવી ને એવું એવું કરવું તદ્દન વાહિયાત છે. એનાથી કશું જ ન વળી શકે. તારામાં એના પરત્વે હૃદય જ ક્યાં જાગેલું છે? તારામાં એના પરત્વેનો ભાવ જ ક્યાં છે ? જેની કનેથી કામ કરાવી લેવા તું ઇચ્છે છે, એને તો તું જરાતરામાં હડફેટમાં ચઢાવે છે. એનો કક્કોયે સ્વીકારવાનું તને દિલ જાગતું નથી. જે કામ કરવું છે, તેની જાગૃતિ, ચીવટ, ખંત, કાળજી વગેરે હજી તને ક્યાં પ્રકટ્યાં છે ? તને

તારા કામનું જીવતું રટણ તારા રોજિંદા વહેવાવર્તનમાં ક્યાં રહે છે ? ખાલી ‘ગુરુ’ ‘ગુરુ’ કર્યે કશું જ વળવાનું નથી. ગુરુના સમર્થપણાનો અનુભવ જીવને ભલેને થાય, આખું વિશ્વ એને સમર્થમાં તરીકે ભલે લેખતું હોય, પણ જ્યાં સુધી જીવ જાગીને એને પોતાના જીવનવિકાસના કર્મમાં જ્ઞાનભક્તિપૂર્વક ઉપયોગમાં લેવાનું કરી શકતો નથી, ત્યાં સુધી ખાલી ગુરુ કર્યે કશું જ વળનાર નથી. તેની સાથે આપણા હૃદયના તારનું જ્ઞાનભક્તિપૂર્વકનું હૃદયમાં હૃદયથી અનુસંધાન પળેપળ સંપૂર્ણ ચેતનયુક્ત જાગૃતિમાં રહ્યા કરવું ઘટે. એવું અનુસંધાન જ્યારે જીવતી દશામાં હૃદયમાં પ્રગટે છે, ત્યારે જ સાધના સહજમેળે થયા કરે એવી કક્ષામાં તે પ્રવેશે છે. ગુરુના વિશેનો ભાવ જ હજી જ્યાં જીવનના કાજે ઉપયોગમાં લેવા કાજેની સૂઝ પ્રગટેલી નથી, ત્યાં બીજી તે શી વાત કરવી ? ગુરુને કામમાં ન લેવાનું સૂઝતું હોય તો તે ભલે, પરંતુ તેટલાથી કેટલાક જીવો તો અટકતા નથી. એને પોતાનાં વૃત્તિ, વિચાર વડે કરીને ગોદા મારીને એને છંછેડવામાં પોતાની પ્રકૃતિથી પ્રેરાતા હોય છે. એવા જીવો ગુરુ કરે તે તેમને લાભકારક નથી. બલકે તેમનું અકલ્યાણ તેનાથી થતું હોય છે. એમ કહીને તેમના જીવનના અન્યથાપણાની કેટલીયે હકીકતો તેના મોઢામોઢ મારા ગુરુમહારાજ કહેતા. તે વેળા પેલો બિચારો ચૂપ જ બની જતો, મૂઢ બની જતો ને એને એમ થતું, ‘આને છેતરી શકાય તેવું નથી.’

### જાગૃતિની અનિવાર્યતા

પ્રત્યેક પ્રકારનું કામ થવા કે ન થવાનો આધાર તે કામની

તે તે પ્રકારની પ્રગટતી જાગૃતિ પર રહેતો હોય છે. જાગૃતિ તેથી અનિવાર્ય છે. એ જ જો હજી ન રહી શકતી હોય, તો આપણે વધારે ને વધારે મથવું, ચોંકવું. જીવનના આદર્શની ગરજ-લગની લગાડવાને હૃદયથી, મનમાં બુદ્ધિ દ્વારા ચિંતવ્યા કરવું. રોજિંદા વહેવારવર્તનની ધમાલમાં પોતે પોતાનું અંતરનું કામ તો ન ભૂલવું ને ન ચૂકવું. એ ભૂલ્યા ને ચૂક્યા તો બધું જ ભૂલ્યા ને બધું જ ચૂક્યા. જાગૃતિ અંગે તો જે જે કોઈ આ જીવના સંબંધમાં છે, તેને ૧૯૩૯ની સાલથી કહ્યા કરેલું છે. સાધનાના માર્ગમાં જાગૃતિ એ તો મોટામાં મોટું સાધન ને લક્ષણ છે. જેવી ને જેટલી જાગૃતિ તેટલું ને તેવું કામ થવાનું. આધ્યાત્મિક માર્ગનું પણ ચોક્કસ વૈજ્ઞાનિક શાસ્ત્ર છે. એમાં કશું યદ્વાતદ્વાપણે નથી. તેથી જીવનમાંનું જે તે ફેરવાયા જતું અનુભવાયા કરાય, તો જાગૃતિ પણ જરૂર રહી શકતી હોવી જોઈએ. પોતે નક્કર આધાર પર ટકવાનું છે, નહિતર તો ક્યારેક એવા તૂટી પડીશું કે કળણમાં ડૂબતા જ ગયા કરીશું.

*કુંભકોણમ્* *હરિઃૐ* *૯-૯'૫૩*

## આપણે જ આપણા શત્રુ-મીરાંનો દાખલો

શ્રીભગવાનની ચેતનશક્તિ સકળ બ્રહ્માંડમાં એની રીતે કામ કરી રહેલી છે. એનો સ્પષ્ટ હેતુ પણ હોય છે. માનવી એની કૃપા માગે છે, પણ એની શરતો-રીતો પ્રમાણે જીવન જીવવાની હૃદયના ઉમળકાભેરની એની તૈયારી તો હોતી નથી. જે જીવને શ્રીભગવાનમાં ભળી જવું છે, ગળી જવું છે, મળી જવું છે, તેવા જીવને સંસારમાં કે કંઈ કશે કોઈ આડે આવી શકતું નથી. મીરાં એવા દાખલારૂપે જીવતીજાગતી પ્રત્યક્ષ

ભાવનારૂપે છે. એ મધ્યકાલીન યુગમાં જ્યારે પડદાનો રિવાજ પ્રચંડમાં પ્રચંડ સ્વરૂપે પ્રચલિત હતો, તેવા કાળે રાજ્યકુટુંબમાં ઉચ્ચ પદે હોઈ, પડદાને ફગાવી દેવો, ખુલ્લે ચોક સાધુસંતો સાથે ભળવું, મળવું, નાચવું, કૂદવું, ભજનો ગાવાં-એ બધું કંઈ બાળકના ખેલ ન હતા. મીરાંએ તો જીવનને ખાંડાની ધારે ખેલ્યું છે. એવા જીવનમાં જ્યારે પ્રચંડ ભાવનાનો ઓઘ પ્રગટે છે, ત્યારે જ જીવનને પલટાવવાનું દૈવી પરાક્રમ પ્રગટે છે. મીરાંએ કોઈને કે કંઈ કશાને પણ અવગણ્યું નથી. એણે જે કર્યું છે, તે સુધારાના હેતુથી કરેલું નથી. એની ને એના પ્રભુની વચ્ચે જે જે આડું આવ્યું તે તે તેણે શ્રીપ્રભુને ચરણકમળે પ્રેમભક્તિજ્ઞાનભાવે સમર્પણ જ કર્યા કર્યું. એના જીવનમાં ક્યાંય સ્વચ્છંદતા કે ઉચ્છૃંખલતા ન હતી. એની સર્વસ્વ સ્વાર્પણ કરવાની હૃદયની તૈયારી સર્વ રીતે ને સર્વ ભાવે જાગેલી હતી. એ તો શ્રીહરિને વરી જ ચૂકેલી હતી. શ્રીહરિ કાજેની હૃદયમાંની એની આતુરતા એટલી પ્રચંડ ભાવે બળ્યા કરતી હતી કે એની આગળ સંસાર પોતે જ શૂન્યવત્ બની ગયેલો હતો. આપણે એની આગળ વેંતિયા જેવા પણ નથી.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૧-૯-૧૯૫૩*

## સદ્‌ભાવ ટકાવવા કાજે પ્રાર્થના

પ્રભુનો માર્ગ સદ્‌ભાવ કેળવવાપણાનો છે. પોતાનું ગમે તે થાય, કોઈ તરફથી આપણને હેરાન પરેશાન થવા વારો આવે-ધારો કે આવતો હોય, તોપણ આપણો ધર્મ તો તેમના પરત્વે હૃદયમાં એકમાત્ર સદ્‌ભાવ જ પ્રવર્ત્યા કરે ને બીજું કશું જ અન્યથાપણે ન જાગે તે જ ઉત્તમ ગણાય. મનમાં કંઈક કશું

કોઈ પરત્વે તેમ થવાપણું પ્રગટતાં પ્રભુનું સ્મરણ પ્રેમભાવથી હૃદયમાં હૃદયથી કર્યા કરવું. એને પ્રાર્થના કરવી, એને ચરણકમળે ધા નાખવી. પોતે જાગૃત બનવું. જ્યાં ત્યાં ચેતીને જ વર્તવું, ચાલવું, જીવવું. આ સંસાર તો આપણને ગળી જાય એવો છે. સંસારમાં ભાવમાં ભાવથી જીવતો રહીને પ્રભુને શરણે સાચા ભાવે ને સાચી રીતે જે જીવી શકે છે, તે જ ખરો નર. સદ્‌ભાવ વિનાનું જીવન એ જીવન નથી, પણ જાણે નર્કથી રગદોળાયેલું હોય તેના જેવું જીવન છે. ઘણા જીવો તો એમાંયે ઘણું રાચે છે. કેટલાય જીવોને લડતા ને ઝઘડતા જોયા છે. કેવી કેવી ક્ષુલ્લકતામાં કેટલી હદ સુધી નીચે ઊતરીને જીવનના કળણમાં ખદબદ્યા કરતા હોય છે ! આપણાથી તેવું ન થાય, સંસારનો સ્વીકાર તેમાં ડૂબી મરવા, તણાઈ જવા, ખેંચાઈ જવાને કરવાનો ન હોય. તેમાંથી ઊંચે આવવા કાજે, તરવા કાજે તેનો સ્વીકાર હોય. સંસારનો સ્વીકાર આપણા આધારને સંપૂર્ણ શુદ્ધ કરવાને તેમાં જે પ્રસંગો મળે છે, તેને કાજે છે. પ્રેમભક્તિજ્ઞાનયોગ વડે જીવનની ભાવના કેળવી કેળવી એના યંત્રરૂપ એની કૃપાથી બની, એની સેવાભક્તિમાં એકરસ ને એકરૂપ બની જવા કાજે સંસારનો સ્વીકાર છે. જીવનના એકેએક કર્મ દ્વારા, જીવનવિકાસનો ભાવનાપૂર્વકનો હેતુ જ્ઞાનપૂર્વક જિવાતો રાખી રાખી, એવી જાગૃતિ સચેતન સેવી સેવી, જીવનની તમન્ના ઉત્કટપણે સચેતન પ્રગટાવી પ્રગટાવી, ઘણું એકાગ્ર બળ, મરણિયો નિર્ધાર, પ્રેમભક્તિયુક્ત હૃદયની પૂરેપૂરી નિષ્ઠા, જીવનમાં પેટાવવા કાજે સંસારનો સ્વીકાર છે, અશાંતિમાંથી શાંતિમાં જવા કાજે છે.

## સાધન ત્યારે જ કામમાં

જીવનમાં શાંતિ, પ્રસન્નતા એ ઘણી મહત્ત્વની હકીકત છે. આપણે સંસારમાં રહેવાનું છે, પણ તે રાગદ્વેષમાં અટવાઈ જવા કાજે નહિ, રાગદ્વેષમાંથી ઊગરવાને કાજે આપણે કંઈ મથામણ કરવાની નથી, પણ મથામણ તો કરવાની છે પ્રભુમય જીવન જીવવાને કાજે. તેવું જીવન જીવવાની કળા જો પ્રભુકૃપાથી પ્રાપ્ત થઈ શકી, તો રાગદ્વેષનો વંટોળિયો જીવનમાંથી આપમેળે અદૃશ્ય થઈ શકવાનો છે. રાગદ્વેષ ને દ્વંદ્વાદિથી મુક્તિ મેળવવાને જીવ જે જહેમત ઉઠાવવાનું કરે છે, એવી જહેમતમાં જીવનનું કલ્યાણ નથી એમ કહેવાનો આશય નથી, પરંતુ તેવા પ્રયત્નમાં જે અદમ્ય પ્રેરણા પ્રગટવી ઘટે, તે પ્રગટતી નથી એવું આ જીવને લાગેલું. ને જ્યારે પ્રભુમય જીવનવિકાસની પ્રચંડ ભાવના ને તેવી ઉત્કટ જિજ્ઞાસા જીવનમાં જ્યારે પ્રગટેલી, ત્યારે તેવું જીવન જીવવાને કાજે મનાદિકરણોનું, તટસ્થતા ને શાંતિપૂર્વક, ઊંડું ઊંડું પૃથક્કરણ કરતાં કરતાં, તેવું જીવન ફળાવવાને કાજે જે આડખીલીરૂપ લાગ્યું, તેને હોમી દેતાં ઊલટો ઉમળકો પ્રગટેલો. જીવનમાં એક ઉચ્ચ, રમ્ય, ભવ્ય ને દિવ્ય પ્રકારની પ્રચંડ મહત્ત્વાકાંક્ષા પ્રગટે ને તેવી મહત્ત્વાકાંક્ષાનો હેતુ જેટલો વધારેમાં વધારે ઊંચામાં ઊંચો હોય, તેટલો આપણા કાજે ઉત્તમ છે. વળી, મહત્ત્વાકાંક્ષાના ઉચ્ચતમ શિખરે પહોંચીને જે સ્થિતિ અનુભવવાની છે, તે સ્થિતિની કંઈક સમજણ ને ચોખવટનો ખ્યાલ તે કાળના જીવનમાં પણ આ જીવમાં પ્રગટેલો હતો

અને તે કાજે જે મથામણ કરવાની શરૂ થયેલી, તે **'મનને'** દ્વારા વ્યક્ત થયેલી છે. ને જે આદર્શ જીવનમાં પ્રભુકૃપાથી સ્વીકારાયેલો તે આદર્શની આછી છાયા **'તુજ ચરણે'**માં છે. જીવનમાં શું શું થતું અને જીવ પ્રકારનું કેવું કેવું ઊભું થતું ને તેને કાજે કેવી કેવી પ્રાર્થનાઓ થયા કરતી તેનું સ્પષ્ટ દર્શન **'હૃદયપોકાર', 'કેશવચરણકમળે'** વગેરેમાં છે. રાગદ્વેષાદિથી મુક્તિ મેળવવાની જે જહેમત કરે છે, તે તેમને કાજે પૂરતી યથાર્થ છે, પણ આ જીવને તો એવા આદર્શમાં સંતોષ ન હતો. જીવનના રચનાત્મકપણાની કોઈ પણ શુદ્ધ ભાવનાથી આદરાયેલી પ્રવૃત્તિને આપણાં સહાનુભૂતિ, સદ્‌ભાવ ને હૃદય મળ્યા કરે તે આપણે કાજે યોગ્ય પ્રકારનું છે. કોઈનું કશું ઓછું એટલે કે ઊતરતા પ્રકારનું કે કોઈનું કશું ઊંચા પ્રકારનું છે, એવું માનવામાં આપણું અહમ્ રહેલું છે તે સ્પષ્ટ જાણવું. સહુ કોઈ તેમની તેમની કક્ષામાં યોગ્યપણે છે. જે તે કોઈ પોતપોતાની પ્રમાણે તેમની યોગ્યતામાં પ્રગટે એ જ યથાર્થ છે.

## આદર્શ પ્રમાણે જીવી જાણો

નામસ્મરણનો હેતુ જ્ઞાનપૂર્વક હૃદયમાં હૃદયથી જીવતો રહ્યા કરે તો જ તેનો અર્થ સરી શકે. બાકી ખાલી નામ લીધા કર્યે ને ભજન, કીર્તન ગાયા કર્યે કશો દહાડો ન વળે. મનમાં મનથી તો આપણે સંસારમાં રમ્યા કરતા હોઈએ ને સંસારના વિચારોમાં રસ પ્રગટાવતા રહીએ, તો તે નહિ ચાલી શકે. તેવી તેવી વેળાએ ચેતીને તેમાંથી અળગા થવાનો પ્રભુકૃપાથી આપણે જીવતોજાગતો પ્રયત્ન કર્યા કરવાનો છે. કાં તો સંસારને ભજો, કાં તો પ્રભુને ભજો. દૂધ અને દહીંમાં-બંનેમાં પગ રાખી નહિ શકીએ. જે રાખવા જશે, તે પછડાશે, કારણ કે

હજી આપણે જીવદશામાં છીએ. ભગવાનનો પૂર્ણ ભક્ત બંનેમાં સમભાવે એકરસ રહી શકે છે. આપણે જો જીવનમાં જીવનવિકાસની ભાવનાને ને સમજણને તેની સંપૂર્ણ યથાર્થતામાં પ્રગટાવીને, તેની પ્રેરણાનુસાર જીવવાને ખરેખરી રીતે ઈચ્છતાં હોઈએ, તો જીવનમાં જેમાં ને તેમાં જીવનના તેવા હેતુને અને તેવા હેતુની સમજણને પ્રથમ મહત્ત્વ આપણે આપ્યા કરવાનું રહે છે. આપણે પ્રથમ શેને મહત્ત્વ આપીએ છીએ, તેના પરથી આપણી મનાદિની વૃત્તિ સમજાઈ જતી હોય છે.

નદી પાર તરવા કાજે નાવડું હોય છે. નાવડું લીધું ખરું, જો તે ત્યાંનું ત્યાં જ ભમ્યા કરતું હોય ને ડગલું પણ આગળ લઈ જતું ન હોય, તો તેમાં નાવડાનો કશો દોષ નથી. નદીનાં વહેતાં પાણીમાં આમથી તેમ યોગ્ય ઠેકાણે નાવડાને લઈ જવાને કાજેની યોગ્ય ઉપયોગ કરવાની કળા આપણને આવડતી હોવી ઘટે. માટે સંસારમાં તરતાં રહી શકીએ, તો જ સંસારમાં શાંતિ મળી શકે. તરતાં રહેવા કાજે તો પ્રભુની પાસે જીવનની ભાવનાથી રમ્યા કરીએ, તો તેમ બની શકે. બાકી સંસારમાં તો જીવો બધા નર્યા ખદબદ્યા કરે છે. ઘણા જીવ સંતમહાત્માઓને ચરણે પગે લાગે છે, ફૂલહાર ચઢાવે છે, માથે પુષ્પ ચઢાવે છે, તેમની પ્રતિમા આગળ ધૂપ, દીપ, અગરબત્તી આદિ પ્રગટાવે છે, પણ તેમના વર્તનવહેવારમાં તેની પરત્વે તેવો આદરભાવ પ્રવર્તતો હોતો નથી. તેથી તેમના ઉપલા વલણનો ખાસ કશો અર્થ નથી. જે તે કંઈ કર્યા કરીએ તેનો રોજિંદા વહેવારવર્તનમાં જ્ઞાનભક્તિપૂર્વકનો હેતુ જીવતોજાગતો હૃદયમાં હૃદયથી રહ્યા કરવો ઘટે, તો જ કર્મમાં

ભાવ, શક્તિ, જ્ઞાન, પ્રગટ્યાં કરે છે. કર્મમાં જો ભાવ ન પ્રગટતો હોય ને જીવનવિકાસના હેતુ કાજે છે એવું જ્ઞાન તે તે પળે ન રહેતું હોય, તો તો તે બધું જીવદશાને તેવી ને તેવી દશામાં જ પ્રવર્તાવ્યા કરશે. આ જીવને કેટલાક જીવ 'ગુરુ' માને છે, પરંતુ તેની સલાહ પ્રમાણે, સૂચના પ્રમાણે, ને તેની ભાવના પ્રમાણે, તેની જીવનની સમજણ પ્રમાણે, કોઈનેય સડસડાટ વર્તવાનું કે ચાલવાનું કરવું નથી. એવું એવું જોઈને અમારા દિલમાં કેમ કરીને પછી રાજીપો પ્રગટી શકે ?

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૧૭-૯-૧૯૫૩*

## ભાવનાથી જીવન પમાય

આ સંસારવહેવારમાં કોઈનેયે જીવનની પડેલી નથી. સહુ કોઈ પોતપોતાના રડાકૂટામાંથી ઊંચા જ નથી આવી શકતા. જીવનની જેને પડી છે, તેનાં શહૂર ને ખમીર તદ્દન જુદાં જ પડી આવ્યા વિના, નોખા તરી આવ્યા વિના રહેતાં નથી. 'જીવન', 'જીવન' કર્યે જીવન મળી શકતું નથી. એને તો તેવી ભાવનાથી સમજી સમજીને જીવવું પડે છે. એવું જીવતાં જીવતાં એક પછી એક ઉચ્ચતર ને ઉચ્ચતર જીવનના પ્રકારની સમજણ પ્રગટતી જતી હોય છે. જીવન કાંઈ એક પ્રકારનું નથી, પણ અનંત પ્રકારનું છે. એની સમગ્રતાને જે પામે, તે જ જ્ઞાની-ભક્ત.

*ટ્રિચિ* *હરિઃૐ* *તા. ૧૯-૯-૧૯૫૩*

## પ્રાર્થના-જીવનમાં તાણાવાણાની જેમ

શ્રી કાકાસાહેબ કાલેલકર રચિત **'બાપુની ઝાંખી'** નામની ચોપડી, પાનું-૪૨, 'સવારે ચાર વાગ્યે અમે પ્રાર્થના કરવા

ઊઠ્યા. હાથમોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ, તે પહેલાં બાપુએ (ગાંધીજીએ) મને પૂછ્યું, રાતે સૂતાં પહેલાં તમે પ્રાર્થના કરેલી કે ?' મેં કહ્યું, 'રાતે આવ્યો ત્યારે એટલો તો થાકી ગયો હતો કે પડ્યો તેવો ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું, ત્યારે યાદ આવ્યું કે રાતની પ્રાર્થના રહી ગઈ.'

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો. પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું. એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ કહ્યું, 'હું કલાક દોઢ કલાક કાંતવાની હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમ ને એમ ઊંઘી ગયો. બે અઢી વાગ્યે આંખ ઊઘડી ગઈ ત્યારે યાદ આવ્યું કે સાંજની પ્રાર્થના કરી નથી. મને એવો તો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. જેની કૃપાથી જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત ! ભગવાનની ક્ષમા માગી, પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બસ બેસી રહ્યો છું.'

એકવાર ગાંધીજી પ્રાર્થના ભૂલી ગયા તેથી તેમને કેટકેટલું ઊંડું દર્દ પ્રગટ્યું હતું. તે તેમની ઉપરની વાણીમાંથી સમજાય છે. જોકે તેઓ સતત દરિદ્રનારાયણની એકમાત્ર સેવામાં જ લગાતાર પરોવાયેલા રહ્યા કરતા હતા, જ્યારે આપણે તો ગળાબૂડ સંસારના રગડાઝઘડામાં ડૂબેલા રહ્યા કરીએ છીએ. ને એવા આપણે જીવો ચેતનનો અનુભવ કરવા યા જીવન-

વિકાસના ઊંચા આદર્શને સિદ્ધ કરવાને નીકળેલા છીએ ! ને આપણા વેશ તો જુઓ ! એને ભૂલી જવાતાં એટલી કારમી વેદના આપણને થાય છે ખરી ? જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે એવા જીવને, ગાંધીજીની વાણીમાં પ્રાર્થના કાજેની વેદનાયુક્ત જે ભાવના ઉપર પ્રગટેલી છે, તેટલા પ્રમાણની જાગૃતિથી પણ ચાલી શકવાનું નથી. એવા જીવની પ્રાર્થના તો પળેપળ એના જીવનના તાણાવાણામાં સતત એકધારી જીવ્યા કરતી વણાઈ ગયેલી હોવી જોઈશે, એવું બની ગયું હોય, તો જ તેવો જીવ ચેતનનો અનુભવ કરી શકવાની શક્યતાની મર્યાદામાં પ્રગટી શકે છે. આ છે તેનું લક્ષણ ને તેની યથાર્થતાવાળું માપ.

એવાની પ્રાર્થના તો-દરેક એના રોજિંદા વહેવાર, વર્તન, સંપર્ક, સંબંધ, કર્મ, વાતચીત, વિચાર, લાગણી, વૃત્તિ-તે તે બધાંયમાં એનો હૃદયનો જીવતોજાગતો પ્રેમભક્તિયુક્ત તાર તો એની સાથેના અનુસંધાનમાં સતત જોડાયેલો જ રહ્યા કરતાં કરતાં-થયા કરતી હોય છે, એવી છે એની પ્રાર્થનાની દિલચસ્પી. એવા જીવાત્માની પ્રાર્થનામાં ભાષાના વ્યક્ત શબ્દો હોતા નથી. તે મોઢામાંથી નીકળતી હોતી નથી. એની પ્રાર્થના તો એનું હૃદય કર્યા કરતું રહે છે, એવી પ્રાર્થના ચેતનપ્રેરક હોય છે. પ્રાણપૂરક હોય છે. એવી પ્રાર્થના તે પોતે જ શક્તિસ્વરૂપે બની જતી હોય છે.

## પળેપળનો સ્મરણભાવ

આપણે ભલે એટલી ટોચે હજી ન ચઢી શક્યાં હોઈએ પણ અવારનવાર જે તે કંઈ કર્યા કરીએ, તે એને સંભારી સંભારી એને પ્રસન્ન કરવા કાજે જીવતી ભાવના સેવી

સેવીને એની પ્રાર્થનાનો ભાવ જે તે કર્યા કરવામાં સળંગ હૃદયમાં હૃદયથી પરોવ્યા કરીને કર્યા કરવાનું કરીએ, તો જ કંઈ દહાડો વળવાનો હોય તો વળે. એને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં તે આપણને ઘણું ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે કોઈક દિવસ પણ જરૂર એને પામી શકવાના છીએ. આપણે આશા રાખવી પણ છે ઊંચામાં ઊંચી, ને વર્તન તેવા પ્રકારનું કરવાનું લેશમાત્ર જો દિલ નથી થતું, તો જાણવું ને માનવું કે, આપણે હજી Fool's Paradiseમાં (કલ્પનાના સ્વર્ગમાં) વસી રહેલા છીએ. આપણે આદર્શ સેવીએ, તે આદર્શ ને તેની ભાવના રોજિંદા વહેવારવર્તનમાં જાગ્યાં કરતાં ન રહે તો નિશ્ચે જાણવું, કે હજી આપણને જીવનના આદર્શની કશી પડી નથી. આદર્શને અનુભવવાનું સાચું પ્રગટ સ્વરૂપ હજી જીવનમાં પ્રગટેલું નથી. જે जीवને પોતાના જીવનનો આદર્શ સિદ્ધ કરવો છે, તેણે પોતાને સ્પષ્ટપણે નિશ્ચયાત્મકપણે સમજી લેવાની ઘણી ઘણી જરૂર છે. પોતાની પ્રકૃતિની દશા ગમે તેવી કક્ષાની હોય તેનો વાંધો નથી, પણ તેવી દશામાં ને દશામાં પડ્યા રહ્યા કરી, આપણે ભગવાનને ભજવાની વાતો કરવી, એ તો પોતે પોતાને છેતરવાની હકીકત છે. તે મારે નમ્રભાવે, પ્રાર્થનાભાવે, બધાં સ્વજનોનાં અંતરમાંના તેમના વલણને ચેતાવવાને, ચોખ્ખું જણાવી દેવું ઘટે છે. જો ઊઠવું છે, તો તેવા પ્રકારનાં વહેવારવર્તન પ્રગટવા દ્યો. તેવા પ્રકારની ભાવના પ્રગટપણે પ્રગટવા દ્યો. સામસામેનાં વલણો જીવનમાં પ્રગટે, તે વેળા જાગૃતિપૂર્વકનો જબરજસ્ત સામનો કર્યા કરો.

તે વેળા હૃદયથી એને પ્રાર્થના કરી કરી પોકાર પાડ્યા કરો, એને ચરણકમળે હૃદયની ધા નાખો. ગમે તેમ કરીને પણ સંસાર આદિના ક્ષેત્રનાં વલણમાંના કળણમાં ડૂબ્યા ન કરો. તેવા કળણમાં આપણે બધાં ગરકી જઈએ છીએ, એનું પ્રત્યક્ષ જ્ઞાનભાન તો, પ્રભુ અવારનવાર આપણને એની કૃપાથી કરાવતો રહ્યો છે. જીવનમાં એવું પ્રત્યક્ષ બનતું હોવાનો એ આપણને અનુભવ કરાવે છે, પરંતુ તેવા અનુભવને તે રીતે ને તેના હેત્વર્થને ભાવે આપણે તેને સ્વીકારી પણ શકતાં નથી. સ્વીકારી ન શકીએ એનો પણ વાંધો ન હોય, પરંતુ ઊલટાં તેવી વેળાએ આપણે તેના પર ક્રોધ કરીને એને નકારીએ છીએ, એવા જીવનું તો શું થાય ? આમ થતાં સફાળા જાગવાનું પણ જો બની શકે, ને જરાતરા સળવળાટ થાય ને તે પ્રમાણે જીવતુંજાગતું વર્તવાનું બને તો ઉત્તમ. પણ પાછાં તેવા સળવળાટથી હતાં તેવાં ને તેવાં, ઠેરના ઠેર રહેવાનું હોય, તો તેવા સળવળાટનો પણ કશો અર્થ ન હોય.

## સાચી ભાવનાવાળાનાં લક્ષણો

પોતે કેવાં છીએ ને કેવાં બનવાનું છે એનું જેને તીવ્રમાં તીવ્ર જ્ઞાનભાન રહે છે અને તે ભાવના જેના રોજિંદા વહેવારવર્તનમાં અમલી બન્યા કરતી રહે છે, તેવો જીવ ખરેખરી સાચી ભાવનાવાળો છે એમ જાણવું, સમજવું ને માનવું. જે ભાવનામાં પ્રમાણિકતા છે, દૃઢ મક્કમતાવાળું નિશ્ચયીપણું છે, પાછી હૃદયની જેમાં માર્દવતા છે, પાકી ને ખરી વફાદારીપૂર્વક વળગી વળગીને જેમાં પોતાના ટેકને પાર ઉતારવાકેરી હૃદયની નેમ છે, જેમાં હૃદયની આરપાર નરી

દેખાઈને નોખી તરી આવે એવી સચ્ચાઈ છે, એવી ભાવના કદી પણ ઠેરની ઠેર રહી શકતી નથી. એવા પ્રકારના જીવનમાં પ્રગટેલી ભાવના આધારના પ્રત્યેક કરણના પ્રાકૃતિક ધર્મમાં પ્રસરે છે ને તેવી રીતે ફેલાતી ફેલાતી વિસ્તાર પામતી રહે છે. તેથી જ ખુલ્લા, સરળ, નેક હૃદયના પ્રેમભક્તિભાવથી કરાયેલા આત્મનિવેદનમાં તો જીવનને પલટાવી નાખવાની પ્રચંડ શક્તિ રહેલી છે તે જાણજે.

## આદર્શ દશાના ખ્યાલ મુજબ હાલમાં વર્તો

દરેક પ્રસંગ ને હકીકતને એક પાસું હોય છે એમ નથી, ઘણાં પાસાં હોય છે. તેથી તેના સમગ્રપણાનો જીવતો ખ્યાલ ન પ્રગટી શકે, ત્યાં સુધી કંઈ કશા વિશે બુદ્ધિ એના નિર્ણયાત્મકપણામાં ન પ્રવેશે એ જ ઉત્તમ ગણાય. 'સારું કે નરસું' એ તો માત્ર માનવીના મનની સીમાનું લક્ષણ છે. એનાથી પર જવાતાં એ રીતે કશાનું મૂલ્યાંકન ટકી શકતું નથી. એટલે એ સ્થિતિએ પહોંચવાની જેની મુરાદ છે એણે પોતાની જે દશા પ્રવર્તતી હોય એમાં પણ એવી આદર્શ સ્થિતિને પહોંચવાનો જીવતો દૃઢ ખ્યાલ રાખીને, તે વેળાની પ્રત્યેક પરિસ્થિતિમાં મનને આદર્શ દશાના ખ્યાલ મુજબ કેળવવાની જિજ્ઞાસાવૃત્તિ સેવવાનું જીવતું વલણ રાખ્યા કરવું ઘટે.

*કુંભકોણમ્* *હરિઃૐ* *તા. ૨૧-૯-૧૯૫૩*

## જગતમાં સદ્ભાવપૂર્વક જ વર્તો

જે માર્ગે આપણે જવું જ નથી, તેના દૃઢ નિશ્ચયવાળું અંતરમાંનું વલણ જો પાકું થઈ ગયેલું હોય છે, તેનો જેને જેને તેવા વલણ સાથે સંબંધ હોય છે, તેવા જીવને આપણા

મક્કમપણાના નિર્ધારથી ને તેવા પ્રકારના તેના પરત્વેના આપણા વર્તાવથી પાછા પડવાપણું બને છે. સદ્ભાવથી જ સદ્ભાવ પ્રગટે છે. જોકે સદ્ભાવ રાખીએ તેથી સામી વ્યક્તિ સદ્ભાવ રાખે જ એવું નથી પણ બનતું. દા.ત., મહાત્મા ગાંધીજી અને કાયદે આઝમ ઝીણાસાહેબ. ગાંધીજી સદાય વિવેકી, સદ્ભાવવાળા જ રહ્યા કરેલા, પરંતુ સામેથી એવા વર્તનનો જવાબ ન મળ્યા કર્યો તે ન જ મળ્યો. આપણા હૃદયના સદ્ભાવની પાકી ભૂમિકાની ખાતરી આપણે પોતે તો કેમ કરી આપી શકીએ, પરંતુ એવી સ્થિતિ પરત્વેનો આપણને પોતાને આત્મસંતોષ પ્રગટી જવે ઘટેને ? વળી, આપણે પોતે આપણા તેવા પ્રયત્નમાં પ્રવર્તતાં હોઈએ. તેનો તો ખ્યાલ જાગી જવો ઘટેને ? કોઈ પરત્વે સદ્ભાવ હોય, એટલે સામા જીવના જીવ પ્રકારના વલણને ટેકો દેવો જ ઘટે એવું કશું ન હોય. સદ્ભાવ હોવા છતાં અયોગ્ય વલણનો સામનો થઈ શકે છે. પ્રહ્લાદ, ધ્રુવના દાખલા મોજૂદ છે. મીરાંબાઈ પણ મધ્યયુગમાં થઈ ગયાં. જગત તો જગતની રીતિએ વર્તીએ ત્યાં સુધી તે આપણું જે તે બધું કદાચ જતું પણ કરે. જગતના આચારવિચાર એ જ એકમાત્ર સત્ય છે, એવું કશું નથી હોતું. જગતની રાહે ન ચાલનારાઓને, ચેતનને માર્ગે વળેલા જીવોને જગતે-સમાજે ત્રાસ આપવામાં, હેરાનગતિ પમાડવામાં ઠીક ભાગ ભજવેલો છે. જે જીવે જેમ જીવવાનો નિશ્ચય કરેલો છે તેવા ભાવે તે જીવવામાં મક્કમ રહ્યા કરશે, તો અંતે તેને શ્રીભગવાન કૃપામદદ કરે છે જ. પ્રભુની કૃપાયાચનાની પ્રાર્થના પોતાના તેવા પ્રકારના

પુરુષાર્થમાં તેણે હૃદયથી કર્યા કરવાની રહે છે. તો કોઈક દિવસ અવળચંડાઈ ઓગળી જશે. આપણો નિર્ધાર એટલો ને એવો તો નિશ્ચયપૂર્વક એની કૃપાથી મક્કમ હોય, કે જેથી સામા જીવને તેની તેવી પ્રતીતિ થયા વિના રહી જ ન શકે.

*કુંભકોણમ્ હરિઃૐ તા. ૨૬-૯-૧૯૫૩*

## અભિરુચિ, ભાવના, ત્યારે શક્તિ બને

તારી અભિરુચિને જો ભાવનામાં પ્રગટાવી, તે ભાવનાથી કર્મ જ્ઞાનભાવે થયા કરે, તો તેવી અભિરુચિ જીવતી બને છે ને તેવી અભિરુચિ શક્તિરૂપે બની જાય છે. ભાવના હોવા છતાં જો તેવી ભાવના માત્ર ઠેરની ઠેર રહ્યા કરે, તો તેવી ભાવના જીવનને ઊંચે લાવી શકતી નથી. ભાવના હોય તો તે ભાવનાને કર્મમાં પ્રવેશ કરાવવી ઘટે. કર્મનું પરિણામ ને તેની કક્ષા-ભાવના જો કર્મમાં હોય ને તે હેતુના જ્ઞાનપૂર્વકની હોય તો બદલાતાં રહે છે. આમ, કર્મ અતિ ઉત્તમ કક્ષાનું હોવા છતાં, જો ભાવના જ્ઞાનપૂર્વકની ઉત્તમ કક્ષાની તેમાં જીવતી રહ્યા કરેલી ન હોય તો ગમે તેવું ઉત્તમ કર્મ હોય તોપણ તેનું પરિણામ ઉત્તમ પ્રકારનું ન પ્રગટી શકે, માટે કૃપા કરીને ભાવનાનું જ્ઞાનપૂર્વકનું, તેના હેતુના સભાનપણાથી સેવન થયા કરે તો જીવન આપોઆપ ફળતું રહ્યા કરે. પેટલાદની સાથે આ જીવના જીવનનાં કેટકેટલાં ને કેવાં કેવાં સ્મરણો છે !

*કુંભકોણમ્ હરિઃૐ તા. ૨૮-૯-૧૯૫૩*

## કર્મ કરવાની રીત

તું પેટલાદથી આવી ગઈ હશે. ને કામ હાથમાં લીધું હોય તેમાં ફતેહમંદી ધારો કે ન મળે, તોપણ તે કામ પરત્વેનો

ઉત્સાહ હૃદયમાં જીવતો રાખ્યા કરવો. આપણે તો જ્યાં ત્યાંથી કરીને કામ કરવાનું છે. કામના પરિણામ સાથે કશી નિસ્બત નથી. કામ કર્યેથી ને કામ કરતાં રહેવાથી પરિણામ તો નિશ્ચિત છે. સંકલ્પની શક્તિ ઘણી મોટી શક્તિ છે. આત્મવિશ્વાસ પ્રગટ્યા વિના સંકલ્પમાં શક્તિ જીવતી થઈ શકતી નથી. માટે જે કામ હાથમાં લઈએ, તે સંપૂર્ણ આત્મવિશ્વાસ દઢાવીને હાથમાં લઈએ અને પૂરું કરીને જ જંપીએ. કામ કરતાં કરતાં તે કામથી ક્યાંય પણ રાગદ્વેષ ન પ્રગટે તેની તો પૂરેપૂરી જીવતી ચોકીદારી રાખ્યા કરીએ. સાધકનું પ્રત્યેક કર્મ રાગદ્વેષ ઘટાડનારું હોવું ઘટે, એવી જાગૃતિ રાખીને આપણે સંસારમાં વર્તવાનું છે. અવગુણ કે દોષનો સ્વીકાર જેમ તેનાથી પર થવા કાજે છે, તેવી રીતે કર્મનો સ્વીકાર તેમાંથી રાગદ્વેષાદિની મુક્તિ કાજે છે. એવી ભાવનાથી ને તેવા હેતુના જ્ઞાનથી કર્મ કરાતાં કરાતાં તેમાંથી ગુણશક્તિ આપોઆપ પ્રગટે છે. કર્મને સેવવાનું જીવનવિકાસના હેતુ ફળાવવા કાજે છે. એવાં કર્મમાં હાર નથી ને જીત પણ નથી, આશા પણ નથી ને નિરાશા પણ નથી, પરંતુ તે તે બધું આપણને લાગેવળગે છે, કારણ કે તે તે કામની તેવી તેવી વૃત્તિ તે કર્મ પરત્વેની આપણને રહ્યા કરતી હોય છે. એટલે વૃત્તિને કારણે હારજીત, આશાનિરાશા વગેરે વગેરે છે. એટલે કામ કરતાં કરતાં તેમાં તેમાં પ્રગટતી કે રહેતી વૃત્તિનો મૂળચ્છેદ આપણે ઉડાડી દેવાનો રહે છે, ને તે જ રીતે બને, તેનું નામ સાધના છે.

*મદ્રાસ* *હરિઃૐ* *તા. ૯-૧૦-૧૯૫૩*

તને કોઈ કાગળમાં આ જીવે ભાવનો એક અક્ષર લખ્યો નથી, તેમ તને ઉમળકો પ્રગટે એવું પણ લખ્યું નથી. ને પ્રેમભાવથી કશું ઉદ્દીપન થાય એવું પણ લખ્યું નથી. તેમ છતાં તને આ માર્ગ પરત્વેનું વલણ પ્રગટે એવી ભાવના હરરોજ તારા પરત્વે હૃદયથી પ્રભુકૃપાબળે સેવ્યા કરેલી છે.

આ જીવનમાંના ચેતનપણાના અનુભવો તો કોઈક કોઈક જીવને છે, તેમ છતાં તેઓ ઊંચા આવેલા નથી, તેથી જ્યાં સુધી તે તે જીવમાં પ્રત્યક્ષ, પ્રચંડ, ધગધગતી તમન્ના હૃદયમાં જન્મતી હોતી નથી, ત્યાં સુધી બીજું કશું ખપમાં લાગતું હોતું નથી. માટે તેવી પ્રચંડ ધગધગતી તમન્ના કેળવજે.

*મદ્રાસ* *હરિઃૐ* *તા. ૧૦-૧૦-૧૯૫૩*

...બહેનને જે રીતે સમજાવવાનું બન્યું છે તે યોગ્ય છે, પણ પ્રભુકૃપાથી એક કાળ એવો આવશે કે જ્યારે તે પણ પોતાની જગ્યાએથી જરૂર ખસશે. મનની વૃત્તિ, ભાવના જુદી ઑર-જુદી તરફ હોય, તો હૃદયનો ભાવ સાધનામાર્ગે વળી શકવાની શક્યતા ન હોય. તારે પણ એમાંથી શીખવાનું છે. સાધનાનો ભાવ જાળવી રાખવા પ્રભુકૃપાથી તનતોડ પ્રયત્ન ન થયા, તો એવી તો આંધી ચઢી આવવાની કે તે વેળા કોઈ આશરો આપણને રહેવાનો નથી, એવા તો ભાંગી પડીશું કે ન પૂછો વાત. જીવનમાં નિરાશા વિના કશું બીજું નહિ દેખાય. આ જીવનો દોષ કાઢવાનું મન જરૂર કરાવશે, માટે અત્યારથી ચેતવાની ચેતવણી આપું છું. ઝુકાવ્યા વિના આ માર્ગમાં જીવતું થઈ શકાવાનું નથી. જે તે બધું કરવાનું હોય તેમાં વિચારપૂર્વકનો

હેતુ દઢાવતાં રહેવું. વિચાર વિના ઘરેડની પેઠે કરેલું કર્મ ધારેલું પરિણામ નિપજાવી શકતું નથી. માટે જેમાં ને તેમાં હેતુનું જ્ઞાનભાન રાખ્યા કરવાનું છે. તે રહ્યું તો બધું જ ફળવાનું. ઊંઘની દુનિયા જુદી છે ને જાગતી દશાની દુનિયા જુદી છે. ઊંઘની દશામાં જીવીને જાગતી દશાની દુનિયાને મેળવવાની વાત કરવી તે સાવ વાહિયાત છે.

અમને જીવનમાં તું ઉપયોગમાં આવી શકે, એવી ભાવનાને જીવનમાં ઉતારતી ઉતારતી સદાય સંસારમાં ઉન્નત મસ્તકે જીવવાનું કર્યા કરે અને તે સાથે સાથે પોતાની સ્થિતિનું ભાન પ્રગટાવીને તેની વાસ્તવિકતા સમજી આપણે જ્યાં જવાનું છે, તેનું જીવતું ભાવનાપૂર્વકનું જ્ઞાન આપણી હાલની દશામાં પ્રવર્તાવ્યા કરીએ, તો જ શીખીશું. માટે ચેતતી રહેજે ને જાગતી રહેજે. જેની તેની સાથે સદ્ભાવથી, સુમેળથી ને નમ્રતાથી વર્તજે. આ બધા કાગળો દ્વારા અમારે જે તને કહેવાનું હતું તે કહેલું છે, પરંતુ વધારે મહત્ત્વનું તો એ છે કે એ પત્રો દ્વારા અમારા હૃદયનો ભાવ તેમાં રેડેલો છે, એવો આ હૃદયમાંનો સ્વજન વિશેનો ભાવ સ્વજનના જીવનમાં પ્રગટાવવાનું કામ તે તે સ્વજન કરે એવી પ્રભુને પ્રાર્થના છે.

*ઘાટકોપર* *હરિઃૐ* *તા. ૬-૧૦-૧૯૫૩*

## લેખકની કોઈ ચેતનાની શક્તિ

જત, ભાઈ હેમંતકુમારને પરમ પૂજ્ય શ્રીનાનચંદ્રજી મહારાજ સાહેબ પાસે **'જીવનસોપાન'**નું હાથે લખેલું બધું લખાણ તેમને વાંચી સંભળાવીને તેમની (મહારાજશ્રીની) પ્રસ્તાવના લેવાને કાજે જવાનું બનેલું. તે ત્યાં પહોંચ્યા ને એક

દિવસ તો સારી રીતે વાંચવાનું બન્યું, પરંતુ બીજે દિવસે ગામ બહાર શૌચ જવાનું થતાં તેમનાં વાંચવાનાં ચશ્માં ક્યાંક પડી ગયાં. પાંચ છ દિવસ સુધી રોજના આશરે છ કલાક ચશ્માં વિના વાંચવાનું બન્યું. તેવું વાંચવાનું એટલે કે દિવસના આટલા બધા કલાક અને તે પણ પાંચછ દિવસ સુધી આવી રીતે વાંચવાનું બન્યું, તે એક આશ્ચર્યકારક ઘટના હતી. ચશ્માં પહેર્યા વિના તેમણે વાંચી જોવાનો પ્રયોગ કરી જોયો હતો, પણ બરાબર ફાવેલું નહિ. એકલા નામસ્મરણના ભાવથી કે પ્રાર્થનાથી સાયલામાં તેવી રીતે તે બધું લખાણ વાંચી શકવાનું બન્યું, તે હકીકત જો સાચી હોય, તો કોઈ બીજા સમયે પણ તેવા જ સાધનથી તેમ બની શકવું ઘટે, પરંતુ સાચી હકીકત તો એ છે કે જેનું લખાણ હતું, તેની કોઈ ચેતનાની શક્તિએ તેમને પ્રેરાવીને તે કામ કરાવેલું હતું. આ હકીકતની તેઓ પોતે જ સાક્ષી પૂરે છે.

તે ઉપરાંત, તેઓ મારા પરના એક કાગળમાં લખે છે, 'હિમાલયમાં કેદાર-બદરી જવા સારુ રોજના ૧૦-૧૧ માઈલ ચઢી શકવાનું મારાથી બન્યું, તે મારા જેવાના શરીરની સ્થિતિથી બનવું કદી પણ શક્ય ન હતું ને હજી પણ નથી. વળી, ત્યાંની કડકડતી ને શરીર ઠરી જાય એવી ઠંડીમાં શરીર સારી રીતે ટકી શક્યું તે હકીકત, મારા જેવાને કાજે એક ચમત્કારિક ઘટના છે. હિમાલયની મુસાફરીમાં ચાલી શકવાનું બન્યું ને આખી યાત્રામાં પ્રત્યેક સ્થળે જે અણધારી, છક કરી નાખે એવી સગવડો મળ્યા કરી, તે કોઈકની ચેતનાત્મક શક્તિને આભારી હતું, એના વિશે મારા મનમાં લવલેશ પણ સંદેહ

નથી. મારા જીવનમાં આવા એક બે અટૂલા કંઈ પ્રસંગો નથી, એવા કેટલાય પ્રસંગોનું વર્ણન લખી શકું એમ છું, પરંતુ ઘણી દિલગીરીની ને દુઃખની હકીકત તો એ છે કે એવા પ્રસંગોથી કરીને જીવનવિકાસના માર્ગમાં જે ઉડ્ડયનની ગતિ પ્રગટવી ઘટે, તેમાં હજી પૂરેપૂરા ચેતનાત્મકપણે પ્રાણ પ્રગટેલા અનુભવી શકતો નથી. બાકી, ઉપલા પ્રસંગોના જેવી ચમત્કારિક ઘટનાઓ મારા જીવનમાં બનેલી જાતોજાત અનુભવેલી છે.'

આવા બનાવો આંખ ઉઘાડનારા ને હૃદયને સ્પર્શે એવા હોવા છતાં જીવન ચેતનાત્મક પૂરેપૂરું બનતું નથી, એ પણ એક તાજુબીભરી હકીકત છે. એનું મૂળ ને ખરું કારણ તો એ છે કે હજી આપણને એ માર્ગ પરત્વેની સાચી, ખરેખરી ને પૂરેપૂરી જિજ્ઞાસા પ્રગટેલી નથી.

॥ હરિઃૐ ॥

# સૂચિ


અગમ્ય વર્તન - ૩
અગ્નિપરીક્ષા - ૨૦૮
અદ્ભુત પ્રસંગ - ૧, ૪૦, ૪૫, ૩૨૨
અનુભવ - ૪૦, ૬૫, ૧૫૮, ૨૦૦, ૨૦૧, ૨૮૯, ૨૯૦, ૩૨૦, ૩૨૧, ૩૪૫, ૩૬૮
અનેકપંથ - ૨૬૬
અન્યાય - ૧૨૧, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૨૯૫, ૩૮૩
અન્યાયથી લાભ - ૧૨૦, ૧૨૩, ૧૨૪, ૧૨૫, ૨૯૫
અભિમાન - ૧૫૨
અભિમુખપણું - ૩૭૧
અભિરુચિ - ૪૪૩
અભેદાનુભવી - ૪૨૩
અભ્યાસ નકામો ન જાય - ૧૫૩, ૧૬૩, ૧૭૯, ૨૧૬
અમારાં હૈયાં - ૩૭૦
અવગણના - ૩૨૪
અવતાર પ્રાગટ્ય - ૬૪
અસંતોષ - ૨૩૯, ૨૭૧, ૨૭૨,
અહંભાવ - હુંપણું - ૧૨૬,૧૨૭, ૧૫૫, ૧૯૪, ૧૯૫, ૨૧૨, ૨૭૦, ૨૯૭, ૨૯૮, ૩૦૨, ૩૦૩, ૩૨૪
અહિંસા - ૨૫૬, ૨૫૮
અંતર તપાસો - ૫૭, ૭૬, ૧૩૦, ૨૪૧, ૩૨૯
અંતર પરિવર્તન - ૩૬૪, ૩૬૭,
અંતર્યામી - ૨૦૩
આકસ્મિક પ્રાગટ્ય - વિલોપન - ૬૮
આત્મનિવેદન - ૨૧૭, ૩૩૯,
આત્મપરીક્ષા - ૧૧૪
આત્મવિશ્વાસ - ૨૭૩, ૩૪૨, ૩૧૭, ૩૭૦
આદરભાવ - ૧૨
આધ્યાત્મિક ભૂખ - ૨૩૩
આધ્યાત્મિક જીવન-૩૮૬, ૪૧૨,
આનંદ - ૭, ૪૧, ૪૫, ૨૦૧,
આનંદપૂર્વક - ૭
આપણામાં ને પ્રભુ પામેલાઓમાં ફરક - ૩૫૨
આપણો વાંક - ૬૪, ૩૪૮
આપવામાં રાચો - ૪૨, ૪૯
આશાવાદ - ૪૨૨
આજ્ઞાપાલન - ૨૭૬, ૪૧૦, ૪૨૨
આંતરચેતન - ૩૦૧
આંતર મંથન - ૩૪૭
આંતરશોધ - ૨૪૧
આંતરિક વૃત્તિઓનો સામનો - ૯, ૧૦, ૩૭૧
ઉત્કટ દુ:ખમાંથી બળ - ૪૧૧
ઉત્સાહ - ૧૯૪
ઊગેલું જ્ઞાન શ્રેષ્ઠ - ૧૧૬
ઊંચી સાધક અવસ્થામાં મનની દશા

- ૩૩
ઊંઘમાં જાગૃતિ - ૩૧૯
ઊંઘમાં સેવા - ૧૮
ઉપભોગ નહિ પણ ઉપયોગ - ૨૮, ૧૮૧
ઉપયોગની દૃષ્ટિ - ૧૦, ૨૯, ૪૦, ૧૦૫, ૧૩૪, ૨૨૪, ૨૭૦
એકતાનતા - ૨૪૮
એકલતા - ૩૯૬
ઓથ - ૨૭૩
કથાવાર્તા - ૨૮૧, ૨૮૨, ૨૮૩, ૨૮૪, ૨૮૬
કદરની ભૂખ - ૨૩૩
કમળી - ૩૧૩, ૩૧૪
કરણોની શુદ્ધિ - ૧૧૫, ૧૪૪, ૩૫૪
કર્મ - ૪૬, ૪૮, ૯૩, ૧૧૦, ૧૪૩, ૧૪૪, ૨૧૮, ૨૨૭, ૨૪૨, ૨૫૦, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૫, ૨૯૬, ૨૯૯, ૩૦૯, ૩૩૦, ૩૩૬, ૩૪૩, ૩૮૭, ૩૮૮, ૩૮૯, ૩૯૧, ૪૦૫, ૪૨૦, ૪૨૧, ૪૪૩
કવિતા - ૨૩૩
કસોટીમાં વર્તન દૃષ્ટિ - ૨૦૪, ૨૦૫, ૨૦૬, ૨૦૮, ૨૧૦, ૨૧૧, ૨૧૫, ૩૪૨, ૩૪૪
કામનો થાક - ૨૦૧
કાયાપલટો - ૧૫૪
કાળપુરુષ - ૧૩૩, ૨૫૯, ૨૬૦
કુદરત પર કાબૂ - ૩૬૧
કૃપા અને પુરુષાર્થ - ૬૩, ૧૭૭, ૧૯૫, ૧૯૬, ૧૯૯, ૨૧૨,
કોઈ માનતું નથી - ૮૭
ક્ષમા પ્રાર્થના - ૧૦૪
ખપ - ૪૨
ખરા દિલનો પ્રયત્ન - ૧૫
ખુદાનો બંદો - ૨૦૭
ખુલ્લા દિલની વાત - ૩૧૬
ખેડૂત સાથે સુમેળ - ૩૧૨
ખેતીનો પાક - ૧૪૫
ગરજ - ૩૦૨, ૩૩૧, ૩૩૨, ૩૭૪, ૩૯૨
ગરીબ - ૨૧૪, ૨૧૫
ગરીબની સેવા - ૨૧૩
ગાંધીજી - ૩૩૯, ૪૩૬, ૪૩૭
ગિરધર વિના માથું નહિ નમે - ૧૧૯
ગીતાજી, સંન્યાસ ધર્મ - ૩૫૪, ૩૫૬, ૩૭૬
ગુણ વિકાસ - ૧૨૭, ૧૯૧
ગુણાતીત - ૪૨૫
ગુણો (સત્ત્વ, રજ, તમ) - ૯૬, ૯૭, ૯૮, ૧૯૧
ગુરુદક્ષિણા - ૨૧
ગુરુની કસોટીની શરતો - ૧૧, ૧૩૬, ૨૨૧
ગુરુનું આશ્વાસન - ૩૨૭
ગુરુનું સેવા કાર્ય - ૫૦, ૨૧૮

ગુરુ પણ સાધન - ૧૧, ૧૩૨
ગુરુ પ્રથા પર પ્રહાર - ૧૩૨, ૧૪૯
ગુરુભાવનાના પ્રત્યક્ષ ઉપયોગથી સહાય - ૧૩૪
ગુરુ ભક્તિ - ૮૯, ૧૯૦, ૨૧૬
ગુરુસ્મરણની ચમત્કારી શક્તિ - ૧૬
ચમત્કાર - ૧, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૭૦, ૭૧, ૭૪, ૨૪૭
ચાહ આપો - ૧૭૫
ચિત્તદશા - ૩૫
ચેતન - ૨૧૦, ૩૦૪
ચેતનમય થા - ૧૩૬
ચેતનલક્ષણ સાક્ષીભાવ - ૪૨૫
ચેતવું - ૨૭૮
છાવરવું - ૧૭૬
છેતરપિંડી - ૨૧૧
છેવટે જય જયકાર - ૫૨
જગાડનારની નિંદા - ૪૧૯
જાતને ઓળખી મથવું - ૨૧૧
જાગૃતિ - ૪૦, ૮૦, ૯૬, ૧૭૨, ૨૯૯, ૩૦૯, ૩૧૯, ૩૨૦, ૩૨૧,૪૦૭, ૪૨૯
જિજ્ઞાસા - ૪૧૭
જિજ્ઞાસુ - ૨૨૮
જીવ કક્ષાનું પુણ્ય બંધનકારક - ૨૫, ૧૪૩
જીવતા થવું - ૧૮૦
જીવની માન્યતા - ૩૬૮
જીવન આદર્શ ને પ્રકૃતિનો સંગ્રામ - ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૪૦૦, ૪૦૧
જીવન આદર્શ સ્વીકાર - ૭૮, ૪૦૦, ૪૩૪
જીવન આનંદ - ૪૨૩
જીવન ઉષાનાં લક્ષણ - ૮૦
જીવન કાજે મરી ફીટો - ૩૯૬
જીવન ઘડવામાં ભાષાની મંદશક્તિ - ૩૮૧
જીવન તમા - ૪૧૫
જીવન તમા ધ્યેય માટે વ્યાકુળતા - ૧૯૨
જીવન પ્રસંગ ટાંકવાનો હેતુ - ૨૮૭
જીવન વિકાસ - ૧૩, ૪૧, ૧૯૦, ૨૦૪, ૨૮૦, ૩૨૪, ૩૯૭, ૪૦૦, ૪૧૮
જીવનનો વીર - ૩૬૯
જીવનનો સાથી - ૧૯૬
જીવન સોપાન - ૨૩૨
જીવ દશા-પ્રકૃતિ - ૨૫૧, ૩૫૯
જીવ ભાવે દયા એટલે અહંકાર - ૬
જીવ સ્વભાવ - ૧૭૪, ૧૮૧
ઝઘડાનું કારણ - ૧૫૯
ઝડપી પ્રગતિ - ૨૭
ઝંખના - ૨૦૯, ૩૪૭
તટસ્થતા - ૩૦૬
તમન્ના - ૪૦૧, ૪૦૨, ૪૦૪
તર્કો છોડો - ૧૬૩
તાલાવેલી - ૩૩૨

તાવણી - ૩૬૫
ત્યાગ, ભોગ - ૭, ૩૮૦
થીંગડાં - ૩૫૭
દમન અને સંયમ - ૩૭૮
દર્દભરી અપીલ - ૯૧
દાખલો - ૭૭
દાનત - ૨૩૦
દવા કરવી અશક્ય ને અજુગતું - ૩૧૫
દિલ રેડેલ લખાણ - ૪૦૩
દિલ સાફ - ૩૨૬
દુર્લભતા - ૨૯૭
દુઃખમય પ્રસંગો પ્રભુકૃપા - ૭૩
દોષ - ૩૩૫
દ્વંદ્વાતીત થવાના ઉપાય - ૪૦૬
ધગશ - ૩૭૫
ધર્મપાલન - ૧૧૦, ૨૮૨
ધા - ૪૦૫
ધીરજ - ૧૭, ૨૭૬, ૪૨૨
ધ્યેય માટે વ્યાકુળ - ૧૯૨
નમ્રતા - ૭૪, ૧૬૯, ૨૦૨
નવા જિજ્ઞાસુ પ્રતિ - ૨૨૯
નામસ્મરણ - ૪૪, ૧૭૨,૨૮૮, ૩૨૨, ૩૨૬, ૩૪૩, ૩૫૦, ૪૩૮
નિદ્રા - ૧૦૬
નિરાગપણું અને મૌન - ૫
નિરાગ્રહ - ૪૩, ૧૫૫, ૧૬૨
નિરાશામાં આશા - ૩૩૮
નિષ્કામ ભક્તિ - ૫૨
નિષ્ઠા - ૩૭૬
નોકર પ્રત્યે માણસાઈ - ૨૧૪
નોખાપણું - ૪૦૦
પક્ષપાત - ૧૭૩
પત્રવહેવાર - ૨૩૪, ૨૬૭, ૨૯૦
પસ્તાવો - ૧૫૮
પરિવર્તન - ૧૮, ૨૨૯
પુનિત પ્રેમગાથા - ૨૩૨
પુરુષ જાગ્રતિ લક્ષણ - ૯૬, ૧૪૨, ૩૫૮
પુરુષ સૂતેલો પ્રકૃતિ બંધાયેલી - ૩૫૮
પુરુષાર્થ - ૧૯૬, ૩૭૫
પોકાર - ૧૦૦, ૨૪૦
પ્રકૃતિ રૂપાંતર - ૧૦૨, ૨૩૨
પ્રકૃતિના હુમલા - ૩૨૯
પ્રતિકૂળ સંજોગો - ૨૭૩
પ્રભુકૃપાનો અનુભવ - ૪૦, ૩૧૩, ૩૩૮, ૩૫૦
પ્રભુની લીલા - ૧૧૭
પ્રભુની સેવાભક્તિ - ૨૯૬
પ્રભુ પામેલાની દશાનું વર્ણન - ૩૫૨
પ્રભુપ્રસાદી - ૮૦
પ્રભુશરણના - ૩૫૪
પ્રભુ સહાયનો પ્રસંગ - ૩૧૨
પ્રહાર - ૩૮૨
પ્રાણ - ૩૦, ૩૪, ૩૬૧
પ્રાણશુદ્ધિ - ૩૧, ૩૪

પ્રાર્થના - ૫૮, ૫૯, ૭૨, ૭૩, ૯૯, ૧૦૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૩૫, ૧૩૮, ૧૪૦, ૧૭૮, ૨૧૩, ૨૩૧, ૨૭૫, ૩૦૩, ૩૦૪, ૩૦૯, ૩૧૧, ૩૨૬, ૩૨૮, ૩૪૨, ૩૫૦, ૪૦૨, ૪૦૬, ૪૦૭, ૪૦૯, ૪૩૧, ૪૩૬
પ્રેમ - ૪૧, ૫૯, ૧૬૦, ૧૭૪,૨૪૬, ૩૮૦
પ્રેમભાવની મહાશક્તિ - ૯૩, ૧૬૧, ૧૬૮, ૩૩૫, ૩૯૨, ૩૯૬, ૪૦૪
પ્રેમભક્તિ - ૨૨૧, ૩૫૧, ૩૯૩, ૪૦૮, ૪૧૬
પ્રેમમય આનંદમય ચિત્તદશા - ૩૫
ફકીરી - ૨૦૬
ફનાગીરી - ૪૩, ૧૫૭
ફરક આપણામાં ને પ્રભુ પામેલામાં - ૩૫૨
ફાવનારનાં લક્ષણ - ૩૫૩
ફાંકો નિર્મૂળ - ૩૦૨
ફેરફાર - ૪૯, ૩૬૪, ૩૬૬
બહારનું કારણ અંદરનો સંસાર - ૩૪૯
બાળક જેવા - ૨૯૪, ૩૮૩
બાળયોગી - ૧૮૫, ૧૯૭
બીજાની આપદા ખેંચી લે - ૬૭, ૨૪૪
બુદ્ધિ - ૩૫, ૩૬૧
બુદ્ધિયોગ - ૩૫૪
બોધ - ૨૮૬
ભક્તની આંતર્વેદના - ૩૭૨
ભક્તિ - ૧૬૬, ૧૬૭, ૩૩૩
ભક્તોને ભગવાનની સહાય - ૩૪૪, ૩૪૮
ભગવાનનો મંત્ર - ૪૫
ભગવાનનો ભાવ-આધાર - ૨૫, ૧૩૮
ભાવ - ૨૨૪, ૨૨૬, ૨૩૩, ૨૪૮, ૩૦૯, ૩૪૯
ભાવના - ૯૨, ૯૫, ૧૨૯, ૧૩૦, ૧૬૩, ૧૬૫, ૨૧૭, ૨૧૮, ૨૩૧, ૨૪૮, ૨૮૫, ૨૯૨, ૨૯૩, ૩૮૬, ૪૩૬
ભાષાની શક્તિ - ૩૮૧
ભૂમિકા - ૧૬૬, ૨૩૭, ૨૬૯, ૩૭૧, ૩૮૪
ભૂલનો ડંખ - ૧૭૧
ભોગપ્રધાન સંસ્કૃતિ - ૩૭૯
ભોગેચ્છા બંધન - ૨૫૨
ભ્રમણાત્મક આત્મસંતોષ - ૨૫૪
મન બુદ્ધિ - ૩૩, ૨૦૩, ૨૦૫, ૩૬૧, ૩૬૨
મરણિયો નિર્ધાર - ૧૯૮
મસ્તક મૂકો - ૪૧૫
મહત્ત્વકાંક્ષા - ૩૯૯
મળી જાણવું - ૮

માર્ગદર્શન - ૨૩૪
માંહ્યલો જગાડો - ૨૯૮
મિથ્યાસંસારનો અર્થ - ૧૧૭
મીરાંબાઈ - ૪૩૦
મુક્તનાં લક્ષણ - ૩૮
મુક્ત હૃદયે આપો - ૪૧૮
મુલાયમ બનો - ૨૨૫
મૂર્તિપૂજા - ૧૩૩
મૌન - ૫, ૨૬૬, ૩૦૮
યજ્ઞકર્મ - ૪૨૦
યજ્ઞાર્થેજીવન - ૨૧
યજ્ઞભાવના - ૪૮, ૪૦૫
યુદ્ધ - ૭૬, ૨૪૧, ૪૦૪
રાગદ્વેષ મુક્તિ - ૪૩૩
રાગનું લક્ષણ - ૩૦૫
રાગ, મોહ, ત્યાગ - ૩૩૧
રોગોના અસાધારણ ઈલાજ - ૨૪૬
લખવાનો હેતુ - ૩૨૧
લક્ષણથી પારખો - ૧૩૦, ૩૪૦, ૩૪૧, ૩૪૩, ૩૫૩, ૪૨૪, ૪૪૦
લાચારી પ્રભુ પાસે - ૭૨
લાજ - ૧૧૧
લાભ - ૧૧૦, ૧૨૦, ૧૨૪,
લેખકનું સર્વસમર્પણ - ૧૮૫, ૧૮૮, ૧૮૯, ૨૮૯, ૩૧૨, ૩૩૩, ૩૮૩, ૪૪૬
વચનપાલન - ૧૦૩, ૧૫૦, ૧૮૬, ૧૮૯, ૨૫૦
વડીલોની આજ્ઞાનું પાલન - ૪
વાણી નમ્રતાભરી - ૨૪
વાણી-વર્તન-વહેવાર - ૪, ૫૩, ૧૫૧
વાણી સંયમ - ૨૨
વાતચીતની કળા - ૮૩
વાંદરાને નિસરણી - ૩૬૩
વાંધો લાગે તે સંબંધ છોડે - ૧૫૪
વિકાસ કાજે ધોકો - ૩૨૪
વિદાયવ્યથા - ૧
વિરલ વીર - ૩૬૭
વિવેકશક્તિ - ૩૪, ૩૫, ૩૯
વિવેકાનંદ - ૧૮૨
વેદના - ૧૫૮, ૨૮૧
વૈરાગ્ય - ૩૭, ૩૮, ૩૦૮
વૈરાગ્ય મુક્ત માટે સંસાર ગુરુ - ૩૯
શક્તિનો અનુભવ - ૬૫, ૬૬, ૩૬૮
શબપૂજા - ૧૩૬
શરીરની અડચણ છતાં હિમાલય ચઢાણ - ૩૫૪
શૂરસંગ્રામ - ૩૯૫
શેઠની દૃષ્ટિ - ૨૧૫
શૌર્ય - ૩૮૦
શ્રદ્ધા - ૪૩, ૩૦૧
શ્રદ્ધાળુ - ૩૬૦
શ્રેષ્ઠ સાધન - ૨૭૭, ૩૫૦
સગાંને પણ પ્રભુને રીઝવવા જ વળગવું - ૧૧૭

સચ્ચિદાનંદ - ૧૪૩
સથવારો રામ - ૩૪૩
સદ્‌ગુરુ - ૨૩૬, ૩૮૫, ૪૧૪
સદ્‌ગુરુની કદરભક્તિ - ૨૪૩
સદ્‌ગુરુની કૃપા - ૧૪૬
સદ્‌ગુરુની દુઃખદ કથા - ૬૧
સદ્‌ગુરુની બળતરાનો પ્રવાહ- ૧૭૫
સદ્‌ગુરુની લાચારી - ૫૫, ૬૦
સદ્‌ગુરુની સ્મરણશક્તિ - ૧૬
સદ્‌ગુરુની સાચી પિછાન - ૧૯૭
સદ્‌ગુરુનું આજ્ઞાપાલન - ૩, ૪, ૧૫૦, ૧૮૫, ૧૮૮, ૧૮૯, ૨૧૬, ૨૭૬, ૪૧૦
સદ્‌ગુરુનું પ્રત્યક્ષ દર્શન - ૨૦૦
સદ્‌ગુરુનું ભાવસ્મરણ - ૨૬, ૧૩૦, ૨૧૭
સદ્‌ગુરુનું કાર્ય - ૨૧૮, ૨૪૨
સદ્‌ગુરુનું ભંગીકાર્ય - ૫
સદ્‌ગુરુનું લક્ષણ - ૧૩૬, ૨૧૯, ૨૨૨
સદ્‌ગુરુને ત્રાસનાં પરિણામ - ૮૮
સદ્‌ગુરુનો આધાર - ૧૪
સદ્‌ગુરુનો અનુભવ -૧૯૮
સદ્‌ગુરુનો ઉપયોગ સહારો - ૨૯, ૧૩૧, ૧૪૮, ૨૦૩, ૨૨૪
સદ્‌ગુરુ પ્રત્યે આદરભાવમાં એકલક્ષ - ૪૧૩
સચ્ચિદાનંદને તેનાં બે તત્ત્વો - ૧૪૧
સદ્‌ભાવ - ૧૪, ૨૦, ૨૨, ૧૮૭, ૨૧૪
સબૂરી - ૪૪
સમજણ - ૭૯, ૧૮૧, ૧૮૩, ૨૬૧, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૭, ૨૭૦, ૨૯૭, ૩૦૦, ૩૫૨, ૩૬૯
સમતા - ૧૭૩, ૧૮૦, ૧૮૧
સમર્થની ઓથ - ૨૭૩
સમાજ સુધારણા - ૨૫૯
સહકાર - ૫૬
સહજ સ્વીકાર - ૨૨૩
સંકલ્પબળ - ૩૯૦
સંગ-સત્સંગ - ૩૨૫
સંગ્રહ - ૩૪૬
સંતનું જ્ઞાન - ૨
સંતસેવા - ૨૬૧
સંપૂર્ણતાનો દાવો - ૧૭૦
સંયમ - ૧૦૫
સંસાર ટાળવાની રીતો - ૮૬, ૧૯૧
સંસારના રંગઢંગ - ૧૧૮, ૩૨૫
સંસારનો હેતુ અને મર્યાદા - ૮૨, ૧૧૮, ૧૫૭, ૩૨૫
સર્વ સામાન્ય રીત - ૨૩૫
સાક્ષાત્કાર - ૩૫૨, ૩૫૪, ૩૬૮
સાક્ષીભાવ - ૯૬, ૧૪૩
સાચું દુઃખ ગતિપ્રેરક - ૨૭૩
સાચું વળગવાપણું - ૪૨૬
સાચું સ્વજન - ૬
સાચો સાધક - ૩૭૩

સાધકના મનની દશા - ૩૩, ૩૪, ૧૩૪, ૨૯૫
સાધકનું મંથન - ૧૯
સાધકની અગ્નિ પરીક્ષા - ૨૦૮
સાધકનું વર્તન - ૪૫, ૫૪, ૧૦૬, ૧૧૭, ૧૧૮, ૧૩૪, ૧૩૭, ૧૬૬, ૧૮૪, ૨૦૨, ૨૬૩, ૨૬૯, ૩૪૫, ૪૪૧
સાધકનો ગુરુને ખપ - ૨૯
સાધકને સંસારી નહિ સમજે - ૧૦૬
સાધક સંગ્રામવીર - ૧૧૧
સાધકને સાદ - ૩૯૭
સાધકનો ગુરુને ખપ - ૨૯, ૧૩૭
સાધન - ૯૫, ૧૩૨, ૧૭૯, ૨૧૨, ૨૭૮, ૨૮૮, ૨૯૧, ૨૯૩, ૩૩૪, ૩૩૭
સાધના - ૯, ૧૨૮, ૧૪૫, ૧૬૧, ૧૭૬, ૧૮૫, ૨૮૦, ૨૯૦, ૩૦૦, ૩૦૨, ૩૫૩, ૩૭૧, ૩૭૪, ૪૧૩, ૪૩૩
સાધના મૂડી વિશેની ગૂંચને ઉકેલ - ૧૨૮
સાવધાન - ૨૦
સાંભળવું - ૮૫
સિદ્ધિ - ૩૫૬
સૂક્ષ્મ અર્પણ - ૩૦૩
સૂચનો (ભાવ ટકાવવાનાં) - ૯
સેવાકાર્ય - ૧૮, ૫૦, ૨૫૩, ૨૫૬, ૨૫૭
સ્વજન - ૫૯, ૧૯૩, ૧૯૪, ૨૩૭, ૨૪૬, ૨૭૫, ૨૮૭, ૩૧૧
સ્વપ્નાં - ૧૦૬, ૧૦૮, ૩૧૮, ૩૧૯
સ્વભાવકથન - ૫૦
સ્વાર્થપરાયણતા - ૩૬૩
હમદર્દી - ૩૩૬
હરિનામની લગની - ૪૧૩
હુંપણું ટાળવું - ૧૨૬, ૧૯૪, ૧૯૫
હૃદય ઉદ્‌ગાર - ૨૬૨, ૩૯૮
હૃદયની ભાવના - ૨૮, ૩૩૨, ૪૦૧, ૪૨૮
હૃદયની સચ્ચાઈ - ૩૩૭
હૃદયનો પ્રેમભાવ, રાગ - ૧૬૧, ૨૭૭, ૨૭૮, ૩૫૧
હૃદયપૂર્વક સમર્પણ - ૬૩
હૃદયપોકાર - ૩૪૨, ૪૦૦
હેતુ ફળાવનાર - ૪૨૪
હૈયાના ભાવનો ખોરાક - ૩૧૮
હૈયું ભાવ નીતરતું - ૩૧૭
જ્ઞાનપૂર્વક ત્યાગભાવના - ૩૮૦
જ્ઞાનપૂર્વક વળગવું-ખૂંપવું - ૮૧
જ્ઞાનભક્તિ કર્મ સમન્વય - ૧૪૪, ૧૬૭, ૧૬૯
જ્ઞાનાત્મક પ્રેમભક્તિ શ્રેષ્ઠ સાધન - ૩૦૨
જ્ઞાન શક્તિ - ૬૦
જ્ઞાની - ૩૦૬, ૩૦૭

## સાધનામર્મ

૧. મુખથી કે મનમાં જાગૃતપણે જપ, સાથે સાથે હૃદયપ્રદેશે ધ્યાન તથા ચેતનના ચિંતન સહ ભાવાત્મક ભાવનું રટણ.

૨. પ્રત્યેક પળે સતત સમર્પણ, સારું તેમ જ નરસું-બંનેનું.

૩. સાક્ષીભાવ, જાગૃતિ, વિચારોની સાંકળ ન જોડો.

૪. બને તેટલું વધુ વાચિક અને માનસિક મૌન રાખો, કેળવો અને ખૂબખૂબ શરણભાવ જીવનમાં ચેતનાપૂર્વકની જાગૃતિથી કેળવ્યા કરો.

૫. આગ્રહો—પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડો, નમ્રતા કેળવો, શૂન્ય થવાનું ધ્યેય રાખો.

૬. ખૂબ ભાવપૂર્વક હૃદયસ્થ રહીને આર્દ્ર અને આર્તભાવથી પ્રાર્થના કરો, ભગવાનને સર્વ સુખદુઃખ જણાવતા રહો, તેની સાથે આત્મનિવેદન દ્વારા અંગત ખૂબ ગાઢો સંબંધ બાંધો, મનમાં કશુંયે ઘોળાવા ન દો. ખાલી રહો.

૭. આવી પડતાં કામો પ્રભુનાં સમજો, જરાયે કચવાટ વિના ખૂબ પ્રેમપૂર્વક તે કરો. પ્રત્યેક પ્રસંગ-બનાવ આપણા કલ્યાણ અર્થે જ છે અને પ્રત્યેક પ્રવૃત્તિ આપણા પોતાના જ વિકાસાર્થે થવી ઘટે. પ્રત્યેક પ્રસંગ પાછળ પ્રભુનો ગૂઢ, શુભ સંકેત રહેલો છે.

૮. આત્મલક્ષી-અંતર્મુખી થાઓ, માત્ર પોતાની દુનિયામાં વસો. જાણી-જોઈને જાતને સંડોવવા દો નહિ.

૯. પર (પારકાંની) સેવા પ્રભુની સેવા સમજો, સેવા લેનાર, સેવા દેનાર ઉપર, સેવા કરવાની તક આપીને ઉપકાર કરે છે. રામે આપ્યું છે અને રામને દઈએ છીએ, ત્યાં 'મારું મારું ' ક્યાં રહ્યું ? તારું આ જગતમાં છે શું ?

૧૦. પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત, વહેવાર આપણા ધ્યેયને વેગ આપે એવા ખાસ હેતુસર, હેતુનું લક્ષ જીવતું રાખીને કરવાં. વાંચતી-લખતી વખતે અને પ્રત્યેક કર્મ કરતી પળે ભાવની સ્મરણ ધારણાનો અભ્યાસ કેળવ્યા કરો.

૧૧. વૃત્તિનું મૂળ શોધો, તેનું પૃથક્કરણ કરો. તેમાં ભેળવાયા વિના તેને તટસ્થતાપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક નિહાળો.

૧૨. પ્રભુની પ્રત્યેક કળા, સૌંદર્ય, રમ્યતા, વિશુદ્ધતા આદિ પ્રસાદીઓમાં

રહેલા ભાવનું, તેને તેને અનુરૂપ ભાવનું, આપણામાં ત્યારે અવતરણ થવા પ્રાર્થના કરવી.

૧૩. ઊર્મિ, આવેશ અને લાગણીને એમ ને એમ વહી જવા ન દો, તેમ જ તેમાં ભેળવાઈ પણ ન જાઓ. તેનો સાધનામાં ઉપયોગ કરો, તાટસ્થ્ય કેળવો.

૧૪. જમતી વખતે અને પાણી પીતી વખતે જીવનમાં ચેતનશક્તિના અવતરણ-ભાવની પ્રાર્થના કરવી, શૌચ, પેશાબ આદિ ક્રિયાઓ સમયે વિકારો, નબળાઈઓ ઇત્યાદિના વિસર્જનભાવની પ્રાર્થના કરવી.

૧૫. સ્થૂળનો ખ્યાલ ત્યજીને સૂક્ષ્મતત્ત્વને નજર સામે રાખો. વૃત્તિની શુદ્ધિ કરો, ભાવની વૃદ્ધિ કરો.

૧૬. પ્રભુ સચરાચર છે. आत्मवत् सर्वभूतेषुની ભાવના કેળવો.

૧૭. પ્રત્યેક વ્યક્તિ અને વસ્તુની ઊજળી બાજુ જુઓ. કોઈનાય કાજી ન થાઓ, કશાય ઉપર ઝટ અભિપ્રાય ન આપો, વાદવિવાદ ના કરો, પોતાનો આગ્રહ ન રાખો, બીજાઓમાં શુભ હેતુઓનું આરોપણ કરો, માનસિક અને સાર્વત્રિક ઉદારતા જીવનમાં પ્રગટાવો, ખૂબ પ્રેમભાવ કેળવો, પ્રકૃતિનું રૂપાંતર કરવાનું છે, તે લક્ષમાં રાખીને પ્રકૃતિવશ ન થતાં કર્મોની ઉપરવટ વર્તો. ફળની આસક્તિ છોડો. પોતાને થતા અન્યાયો-આવી પડતાં દુઃખો-આદિનું મૂળ પોતામાં જ છે એમ દૃઢાવો, ગુરુમાં પ્રેમભક્તિભાવ દૃઢતર કર્યા કરો. અભીપ્સા, ઈન્કાર અને સમર્પણનો ત્રિવેણીસંગમ ઉદ્‌ભવાવો, સદાય પ્રસન્નતા પ્રવર્તાવો, કૃપા અને પુરુષાર્થના યુગલને જીવનમાં ઉતારો, પ્રત્યેક કર્મના આદિ, મધ્ય અને અંતમાં પ્રભુની સ્મૃતિ પ્રગટાવો, મન નિઃસ્પંદ કરો, રાગદ્વેષ નિર્મૂળ કરવાની જાગૃતિ રાખો, થયેલા આધ્યાત્મિક અનુભવો પ્રત્યક્ષ રોજિંદા વહેવારમાં જીવતા કરો, ક્યાંયે કશામાંથી ભાગવાનું ના હોય, યદચ્છા જે આવી મળે તે પ્રભુપ્રસાદી ગણીને તેને વધાવી લો. ક્યાંય કોઈની સરખામણી ના કરો, અનુકૂળ પ્રતિકૂળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે, જીવનસાધના સારુ સર્વ કંઈ સાનુકૂળ જ હોય છે, પ્રભુમય-તેના મૂક યંત્ર-થવાની જ બસ એક ઉત્તેજના હવે જીવનમાં રાખો.

૧૮. કર્મમાં, કર્મનું મહત્ત્વ નથી, પરંતુ જીવનના ભાવનું સતત એકધારું, જીવતું ચિંતન રહ્યા કરે એ સવિશેષપણે મહત્ત્વનું છે. તેવો જીવતો અભ્યાસ કર્મ કરતી પળે કેળવવો. - **શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૧૯-૨૦:** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૧:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૧ :** ગૂજરાત વિદ્યાપીઠ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૩ :** 'તુજ ચરણે' તથા 'મનને'ની રચના.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૮ :** પહેલી હિમાલય યાત્રા.

**૧૯૨૮ :** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

૧૯૩૪થી ૧૯૩૯ દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં ૨૧ છાણાંની ૨૧ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪** થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

॥ હરિ:ૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિશે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**-શ્રીમોટા**

# પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો

૧. મનને (પદ્ય)
૨. તુજ ચરણે (પદ્ય)
૩. હૃદયપોકાર (પદ્ય)
૪. જીવનપગલે (પદ્ય)
૫. શ્રીગંગાચરણે (પદ્ય)
૬. કેશવચરણકમળે (પદ્ય)
૭. કર્મગાથા (પદ્ય)
૮. પ્રણામપ્રલાપ (પદ્ય)
૯. પુનિત પ્રેમગાથા (પદ્ય)
૧૦. જીવનસંગ્રામ (પત્રો)
૧૧. જીવનસંદેશ (પત્રો)
૧૨. જીવનપાથેય (પત્રો)
૧૩. AT THY LOTUS FEET ('તુજ ચરણે'નો અનુવાદ)
૧૪. જીવનપ્રેરણા (પત્રો)
૧૫. TO THE MIND ('મનને'નો અનુવાદ)
૧૬. જીવનપગરણ (પત્રો)
૧૭. જીવનપગથી (પત્રો)
૧૮. જીવનમંડાણ (પત્રો)
૧૯. જીવનસોપાન (પત્રો)
૨૦. જીવનપ્રવેશ (પત્રો)
૨૧. જીવનગીતા (ગદ્ય-પદ્ય)
૨૨. જીવનપોકાર (પત્રો)
૨૩. આર્તપોકાર (પ્રાર્થના)
૨૪. હરિજન સંતો (ગદ્ય-પદ્ય)
૨૫. Life's Struggle ('જીવનસંગ્રામ'નો અનુવાદ)
૨૬. જીવનમંથન (પત્રો)
૨૭. જીવનસંશોધન (પત્રો)
૨૮. નર્મદાપદે (પદ્ય)
૨૯. જીવનદર્શન (પત્રો)
૩૦. જીવનપરાગ (સારસંચય)
૩૧. અભ્યાસીને (પદ્ય)
૩૨. જિજ્ઞાસા (પદ્ય)
૩૩. જીવન અનુભવ ગીત (પદ્ય)
૩૪. જીવનઝલક (પદ્ય)
૩૫. જીવનલહરિ (પદ્ય)
૩૬. જીવનસ્મરણ (પદ્ય)
૩૭. શ્રદ્ધા (પદ્ય)
૩૮. ભાવ (પદ્ય)
૩૯. જીવનરસાયણ (પદ્ય)
૪૦. નિમિત્ત (પદ્ય)
૪૧. રાગદ્વેષ (પદ્ય)
૪૨. જીવનઆહ્લાદ (પદ્ય)
૪૩. જીવનતપ (પદ્ય)
૪૪. જીવનસૌરભ (પદ્ય)
૪૫. જીવનસ્મરણ સાધના (પદ્ય)
૪૬. જીવનરંગત (પદ્ય)
૪૭. જીવનમથામણ (પદ્ય)
૪૮. કૃપા (પદ્ય)
૪૯. સ્વાર્થ (પદ્ય)
૫૦. શ્રીસદ્ગુરુ (પદ્ય)
૫૧. જીવનકથની (પદ્ય)
૫૨. પ્રેમ (પદ્ય)
૫૩. જીવનસ્પંદન (પદ્ય)
૫૪. મોહ (પદ્ય)
૫૫. ગુણવિમર્શ (પદ્ય)
૫૬. જીવનપગદંડી (પદ્ય)
૫૭. જીવનકેડી (પદ્ય)
૫૮. જીવનચણતર (પદ્ય)
૫૯. જીવનઘડતર (પદ્ય)
૬૦. ભાવકણિકા (પદ્ય)
૬૧. ભાવરેણુ (પદ્ય)
૬૨. ભાવજ્યોતિ (પદ્ય)
૬૩. ભાવપુષ્પ (પદ્ય)
૬૪. ભાવહર્ષા (પદ્ય)
૬૫. જીવનપ્રવાહ (પદ્ય)
૬૬. જીવનપ્રભાત (પદ્ય)
૬૭. કર્મઉપાસના (પદ્ય)
૬૮. મૌનએકાંતની કેડીએ (પ્રવચન)
૬૯. મૌનમંદિરનું હરિદ્વાર (પ્રવચન)
૭૦. મૌનમંદિરનો મર્મ (પ્રવચન)
૭૧. મૌનમંદિરમાં પ્રભુ (પ્રવચન)
૭૨. મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા(પ્રવચન)
૭૩. શેષ-વિશેષ (સત્સંગ)
૭૪. જન્મ-પુનર્જન્મ (સત્સંગ)
૭૫. તદ્રૂપ-સર્વરૂપ (સત્સંગ)
૭૬. અગ્રતા-એકાગ્રતા (સત્સંગ)
૭૭. જોડાજોડ (સત્સંગ)
૭૮. અન્વય-સમન્વય (સત્સંગ)
૭૯. ગ્રહગ્રહણ (સત્સંગ)
૮૦. એકીકરણ-સમીકરણ (સત્સંગ)
૮૧. પગલે પગલે પ્રકાશ (પત્રો)
૮૨. કૅન્સરની સામે (પત્રો)
૮૩. ધનનો યોગ
૮૪. મુક્તાત્માનો પ્રેમસ્પર્શ (પત્રો)
૮૫. સંતહૃદય (પત્રો)
૮૬. સમય સાથે સમાધાન (પત્રો)

આ ઉપરાંત ઉપરનાં પુસ્તકોમાંથી થયેલાં ૧૫ સંકલનો.

# પછીથી વ્યર્થ પસ્તાશો

એક કાળ એવો પણ આવશે કે જે વેળા આવાં બધાં સ્વજનો પસ્તાશે કે 'મળેલા પુરુષને આપણે અવગણ્યો. એનો યોગ્ય સાથ ન રાખી શક્યાં. આપણે જે અર્થે એને સ્વીકારવાનું કરેલું, તે અર્થે યોગ્ય ઉપયોગ કરવાનું આપણને સૂઝ્યું જ નહિ ! હાય ! હાય ! કેવાં હતભાગી ! એને પૂરું આપણે સમજી પણ શક્યાં નહિ ! એ હતો તો પાસે ને પાસે પણ એને સાચો ને પૂરો જોયો પણ નહિ, તો અનુભવી તો ક્યાંથી જ શકાય ? ' આવું કંઈક કંઈક સ્વજનોને જરૂર થવાનું છે, તે નક્કી માનજો. તે વેળા જે પસ્તાવો થશે તેનાથી કશું જ વળવાનું નથી. જે કોઈ જીવતાને માનતા નથી કે માની શકેલાં નથી, તે તેના ગયા પછી તેને શું માની શકવાનાં છે ? રામ રામ કરો.

\- શ્રીમોટા

*'જીવનપોકાર', છઠ્ઠી આ., પૃ . ૧૩૫*